SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. TBP
195
·I8A5 G.9299

આ અમારી કિતાબ છે કે જે તમારા વિષે સત્યપણે બોલે છે. અરબ્બર એક્રીબ્ટ
ઉતારો લીધો છે કે જે તમો અમલ કરતા હતા. (કુરઆન-[illegible] ૨૯).

SMT. HANSA MEHTA LIBRARY
M. S. UNIVERSITY OF BARODA

અખબારૂદ-દોઆતિલ યમન

— યાને —

યમન, સિંધ અને હિંદના દાઆતો

નો

— ટુંક એહવાલ. —

ખુદા ફરમાવે છે કે:—

પછી અમે કિતાબ (કોરઆન) નો વારસો તેઓને આપ્યો કે જેઓ (નબીયો, ઇમામો તથા દાઆતો) ને અમે આરા બંદાઓમાંથી પસંદ કર્યા, પછી તેઓમાંના કેટલાક પોતાના પંડ ઉપર ઝુલમગાર છે, (દુઃખ સહન કરે છે) અને તેઓમાંના કેટલાક મધ્યમ રસ્તે ચાલે છે, અને તેઓમાંના કેટલાક સારા કામ કરવા ખુદાના હુકમથી આગળ વધે છે. આ તેજ મોહટી કૃપા છે. (મુસ્તુફા-ફાતેર, આયત ૩૨.)

અનુવાદકઃ—" તીલમીઝ "

ઇસ્વી ૧૯૬૬. પ્રત ૨૦૦૦. હીજરી ૧૩૫૬.

સર્વહક્ક સ્વાધિન.

છાપી પ્રસિદ્ધ કરનાર

ઇસમાઇલિજી હસનઅલી બદરીપ્રેસવાળા.

રાજકોટ.—(કાઠીયાવાડ).

કિમત ૨-૦-૦.

Kazi. S.N. Husein.
PURCHASED
Date 1 SEP 1959
Initial V.H.V.
G. 9299
Rs. 4.00
7BP
195
.IE45
SMT. HANSA MEHTA LIBRARY. BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

ધી "બદરી પ્રિ. પ્રેસ" માં
વોહરા ઈસમાઈલજી હસનઅલીએ છાપ્યું.
સર લાખાજીરાજ રોડ—રાજકોટ.

પ્રસ્તાવના.

આ "અખબારૂદ-દોઆતિલ-અકરમીન" અમોએ એટલા માટે બહાર પાડવાની કોશિષ કરી છે કે ૪૨મા ઈમામ અ.તૈયબ અ. સ. હી. ૫૨૬ માં પરદે થયા. તેમના વખતમાં તેમના તરફથી હી. ૫૩૨ માં યમનમાં પહેલા **દાઈયુલ મુતલક** તરીકે સૈયદના ઝોએબ બીન મુસા નીમાયા ને તેમના મારફત દાઅવતે હાદીયાહનો બાને-ખુદાના દીનનો સીલસીલો જારી રહ્યો. એટલે કે હી. ૫૩૨ થી એક બાદ એક જે દાઈઓ ખુદાનું દીન અને નબી સ. અ. વ. ની શરીયતપર ચાલવા ચલાવવા, હકનો રસ્તો બતાવવા અને લોકોના અખલાકો સુધારવા માટે મુકર્રર થયા તે સાહેબોમાંના ઘણા દાઈઓ પર દુનિયાની અનેક તરેહની મુસિબતો વિધર્મીઓ તરફથી પહોંચતી છતાં પણ તેઓએ દીનને વળગી રહી મુસિબતો વેઠી, પોતાની જાતની જરા પણ પરવાહ કર્યા વગર સચ્ચાઈ પર કાયમ રહ્યા ને પોતે હક પર ચાલી દરેક મોમીન ભાઈઓને નેક રસ્તો બતાવી આપ્યો.

આ દોઆતુલ અકરમીનમાંહેના ૨૩ દાઈઓ યમનમાં થયા છે, જેમાં સૈ. હાતીમ બીન ઈબ્રાહીમની ગરીબ પ્રત્યેની લાગણી, સૈ. અલી બીન સૈ. હુસેનના વખતમાં ઝેદી શીરકાવાળાની ચઢાઈ વખતે તેમની સહનશીલતા, સૈયદના ઇબ્રાહીમ બીન સૈયદના હુસેનના વખતમાં ઝેદી શીરકાની શીકસ્ત, સૈયદના અલી બીન સૈયદના ઇબ્રાહીમના વખતમાં **જાફરનો** દાવો, હિન્દની દાઅવતના વાલીઓએ કટારી બખતીયાર કરી લોકોને દઅવતથી કરી જતા અટકાવવાની કોશિશો તથા તેઓનો ઇતિહાસ, **હિન્દના પહેલા** દાઈ સૈયદના યુસુફ નજમુદ્દીન બીન સુલેમાનનું જાણવા જોગ બયાન, સૈયદના દાઉદ બીન અજબશાહના વખતમાં રાજ્ય તરફની મુસિબતો ને તેમની સહનશીલતાનું બયાન, સૈયદના દાઉદ બીન કુતુબશાહના વખતમાં સુલેમાની શીરકાની શરૂઆત, દાઉદી અને સુલેમાની શીરકાઓ જુદા થયા તે તથા સૈયદી ઓજ બીન મલકની વખાણવા લાયક સેવા, સૈયદના અબ્દુલ્તૈયબ બીન સૈયદના દાઉદ બીન કુતુબશાહના વખતમાં **અલીયા** શીરકાની શરૂઆત, સૈયદના કુતુબખાન કુતબુદ્દીન **શહીદનું** જાણવા જોગ બયાન, સૈયદના શીરખાન સુજાઉદ્દીનની દીન પર જાંફેસાની, સૈયદના હીબતુલ્લાહ મોઅૈયદના વખતમાં હિમ્તીઆહ શીરકો સ્થપાયો તેનું બયાન, સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબની દુકાળ વખતે મોમિન ભાઈઓ પ્રત્યેની જનકેશાની, સૈયદના મહમદ બદરૂદ્દીન સાહેબની દીન પ્રત્યેની દાઝ ને અચાનક વફાત, સૈયદના નજમુદ્દીન સાહેબના વખતમાં દુકાળમાં મદદ ને સર આદમજી પીરભાઇની બીદમત, સૈયદના હુસામુદ્દીન સાહેબે સર આદમજીના કરેલાં વખાણ, સૈયદના મહમદ બુરહાનુદ્દીન સાહેબના વખતમાં દસ્તુરૂલ અમલ સ્થપાયો, ચર્ની રોડ ખુલ્લો મુકાયો, ૧૯૫૬ ના ભયંકર દુકાળમાં મોમિનોને રાહત અને નાગપુર મેંહદીબાગની ઉત્પતી, તેમાં આપની કોશિષથી આવેલી નરમાઇ, સૈયદના અબદુલ્લાહ બદરૂદ્દીનના વખતમાં મદ્રસાઓને મદદ, બદરી મહેલ ખુલ્લો મુકાયો વિગેરે. તેમજ માનવંતા દોઆતોની વંશાવળીઓ પણ આપવામાં આવેલ છે.

છેવટ ગુજરાતી જાણનારા અમારા ભાઇઓને અમો અપીલ કરીએ છીએ કે આ કિતાબ પોતે બરાબર મનન કરી સમજીને વાંચે અને બીજા ભાઇઓને તે વાંચવા ભલામણ કરે અને જેમ બને તેમ તેને વધુ પ્રકાશમાં લાવે એવી ઉમેદ છે તે રબ્બુલઆલમીન બર લાવે. આમીન!

સેવક, ઈસમાઈલજી હસનઅલી.

બે બોલઃ—

મારા અલ્પ જ્ઞાનથી મેં આ "અખ્બારૂદ્દ-દોઆતિલ-અકરમીન" ગુજરાતીમાં આમી કોમની સેવામાં રજુ કરવાની હિમ્મત કરી છે તેનો માત્ર એજ હેતુ છે કે ઇમામો પછી કાતેમી દાઅવતને દુનિયામાં રોશન રાખનાર કાતેમી **દાઇઓની** જીંદગી, તેઓની તવારીખ, કારકીર્દી, વિચારો અને મકસુદોને જાણવાનું સહેલ થઇ પડે.

તવારીખનો અભ્યાસ દરેક ભાઇઓ માટે ઉત્તમ છે. **પોતાના ધર્મનું અસ્લ રૂપ કયું ?** તે જાણવાને મદદ કરતા થઇ પડે તે માટે અમોએ કેટલીક અરબી, ઉરદુ લીપીને ગુજરાતી ભાષામાં લખાયેલાં કિતાબોમાંથી ગુજરાતીમાં તરજુમો કરી કોમની સનમુખ રજુ કર્યો છે જેથી દાઇઓનો ઇતિહાસ જાણવા માટે આ કિતાબ ઘણોજ અગત્યનો થઈ પડશે.

ખાસ કરી કાતેમી ઇમામો તરફથી દુનિયામાં ઇલ્મ ફેલાવવાની કોશિશ અને જુદી જુદી જાતના સાયન્સ (ઇલ્મ) નો અભ્યાસ દાખલ કરવા તેમજ નવી નવી શોધખોળને ઉત્તેજન આપી દુનિયામાં ઇલ્મ વધારવા અને દેશ પરદેશ, ધર્મ પરધર્મ તથા જુદા જુદા આચાર વિચારના વિદ્યાર્થિઓને ઉત્તેજન આપવા. મઝહબી (ધાર્મિક) વિરોધને બાજુએ મુકી કેવી રીતે મદદ કરતા તે બતાવવામાં આવેલ છે. અમો આશા રાખીએ છીએ કે આ કિતાબનો દરેક ભાઇઓ લાભ લે, તેમાં આપવામાં આવેલ બયાનોને વાંચી ગોર કરે તેમજ આપણા મુરશીદોને પગલે ચાલે અને આપણા માટે તેઓ જે હિદાયતના રસ્તાઓ બતાવી ગયા છે તે પ્રમાણે ચાલી અમલ કરે એવી પાક પરવરદીગાર પાસે દોઆ છે.

ભાઇઓમાંના જેઓ અરબી જાણતા નથી તેઓને સમજવાનું સહેલ થાય તે માટે આ કિતાબ સાદી ગુજરાતી ભાષામાં તરજુમો કરી સમજાવવાની કોશિશ કરી છે. આ કિતાબમાં સરતચુકથી અગર પ્રેસની ગફલતથી કોઈ ભુલ રહી જવા પામી હોય તો તે બનવા જોગ છે. ઇન્સાન ભુલને પાત્ર છે તો તેવી થએલ ભુલો માટે અમો વાંચનાર ભાઇઓ પાસે માફી તલબ કરીએ છીએ અને ઉમેદ રાખીએ છીએ કે જો કોઈ ભાઇને આ કિતાબમાં કંઈ ભુલ નજરે પડે તો તે સાહેબ અમોને લખી મોકલવા મહેરબાની કરશે તો અમો તે સાહેબનો ઉપકાર માની તેવી થએલ ભુલો સુધારવાની બનતી તજવીજ કરીશું એજ વિનંતિ.

આ ભાષાન્તર કરવામાં જે સદ્‌ગ્રહસ્થોએ તન, મન અને ધનથી મદદ કરી છે તેઓનો ઉપકાર સહીત આભાર માનું છું અને તેનો નેક બદલો ખુદાવંદકરીમ આપે એવી મારા અંતઃકરણની દુવા છે. આમીન ! ! !

ખાદીમે કોમ,

ડસમાઇલજી હસનઅલી.

અનુક્રમણિકા.

નંબર	વિષય.	પાનું.
૧.	ખુદાનો હમ્દ.	૧
૨.	૨૧ ઇમામો.	૩
૩.	ઇમામ પછીના દરજ્જાઓ.	૪
૪.	દાઇઓના નામો.	૫
૫.	દાઇઓની અખબારની શરૂઆત.	૭
૬.	સુલેહી કબિલાના દોઆતોનો શજરો	૮
૭.	સૈયદના ઝોએબ બીન મુસા યમન.	૯
૮.	,, ઇબ્રાહીમ બીન હસન યમન.	૧૧
૯.	,, હાતિમ બીન ઇબ્રાહીમ ,, ...	૧૨
૧૦.	,, અલી બીન સૈયદના હાતિમ ,, ...	૧૮
૧૧.	,, અલી બીન મોહમ્મદ બીન વલીદ યમન. ...	૨૦
૧૨.	,, અલી બીન હનઝલા અલવાદેઇ ,, ...	૨૩
	(મજ્દીયાહ પીરકાનો અંત) ...	૨૪
૧૩.	,, આહમદ બીન મુબારક ,, ...	૨૫
૧૪.	,, હુસેન બીન સૈયદના અલી બીન મોહમ્મદ ,, ...	૨૫
૧૫.	,, અલી બીન સૈયદના હુસેન ,, ...	૩૦
	(ઝેદીયાહ પીરકાની ચઢાઈ) ...	૩૧
૧૬.	,, અલી બીન હુસૈન બીન સૈ. અલી બીન સૈ. હનઝલા યમન	૩૩
૧૭.	,, ઇબ્રાહીમ બીન સૈ. હુસેન બીન સૈ. અલી યમન. ..	૩૪
	(ઝેદી ઇમામની ચઢાઈ ને પડતી). ...	૩૫
૧૮.	,, મોહમ્મદ બીન હાતિમ બીન હુસેન ,, ...	૩૬
૧૯.	,, અલી બીન ઇબ્રાહીમ બીન હુસૈન ,, ...	૩૯
૨૦.	,, અબ્દુલ મુત્તલીબ બીન સૈયદના મોહમ્મદ યમન ...	૪૧
૨૧.	,, અબ્બાસ બીન સૈયદના મોહમ્મદ યમન. ...	૪૩
૨૨.	,, અબ્દુલ્લાહ બીન અલી બીન સૈ. મોહમ્મદ ,, ...	૪૪
૨૩.	,, અબ્દુલ્લાહ બીન અલીનો શજરો ,, ...	૪૮
૨૪.	,, હસન બીન અબ્દુલ્લાહ બીન અલી ,, ...	૪૯
૨૪.	,, અલી બીન સૈયદના અબ્દુલ્લાહ ,, ...	૫૨
	૧. હિન્દની દાઅવત ૪૫૩ થી ૯૪૬ હીજરી સુધી ...	૫૩
	૨. હિન્દના શરૂઆતના વાલીઓ ...	૫૬
	૩. દાઅવતની શરૂઆત ...	૫૮

૪. જાફર ઇબ્ને શેખ ખ્વાજા (જાફરીયા ફીરકો) ૬૦
૫. મોલાઇ મુલ્લાં હસન હુસામુદીન ઇબ્ને આદમ. ... ૬૬
૬. મુલ્લા રાજાસાહેબ જમાલુદીન ઇબ્ને મુલ્લા હસન ૬૭
૭. મુલ્લા જાફરજી બીન મુલ્લા રાજસાહેબ ... ૬૯
૨૫. ,, ઇદરીસ બીન સૈ. હસન બીન સૈ. અબ્દુલ્લાહ યમન. ૭૦
૨૬. ,, હસન બીન સૈયદના ઇદરીસ ... ,, ૭૫
૨૭. ,, હુસેન બીન સૈયદના ઇદરીસ એમાદુદીન ,, ૭૬
૨૮. ,, અલી બીન ,, હુસેન ... ,, ૭૮
૨૯. ,, મોહમ્મદ બીન સૈયદના ઇદરીસ ... ,, ૮૨
૩૦. ,, યુસુફ નજમુદીન બીન સુલેમાનજી ... હીન્દ ૮૫
૩૧. ,, ,, ,, નો શજરો. ... ૯૧
૩૨. ,, જલાલ બીન હસન ... ,, ૯૨
૩૩. ,, દાઉદ બીન અજબશાહ. ... ,, ૯૩
૩૪. ,, દાઉદ બીન કુતુબશાહ. ... ,, ૧૦૨
૧. સુલેમાનની તાબત. ... ૧૦૭
૨. સુલેમાનનો દાબડાનો દાવો. ... ૧૧૦
૩. દાઉદી વોહરા કોમ કયારે કહેવાયા ? ... ૧૧૫
૪. ઇમામત નમાજ ... ૧૨૭
૫. મુલ્લાં આદમ સાહેબ. ... ૧૩૮
૬. સૈયદી અમીનજી બીન જલાલ. ... ૧૪૦
૭. સૈયદી બોજ બીન મલક. ... ૧૪૪
૮. પીરના દિકરા પીર ન કહેવાય. ... ૧૫૪
૯. અમદાવાદના મોહલ્લાઓ અને વાલી મુલ્લાઓ ... ૧૬૩
૩૫. ,, શેખ આદમ સફીયુદીન બીન તૈયબશાહ. હીન્દ ૧૬૯
૩૬. ,, અબ્દુતૈયબ બીન સૈ. દાઉદ બીન કુતુબશાહ. ,, ... ૧૭૫
અલીયા ફીરકો સ્થપાયો. ... ૧૭૬
૩૭. ,, અલી બીન મોલાઇ હસન. ,, ... ૧૭૯
૩૮. ,, કાસીમ ઝૈનુદીન ઇબ્ને સૈ. ફીરખાન. ,, ... ૧૮૩
૩૯. સૈયદી ફખરૂદીન ઇબ્ને તારમલનો શજરો (વંશાવળી) ... ૧૮૭
૪૦. સૈયદના કુતુબખાન કુતબુદીન શહીદ બીને દાઉદ બીન કુતુબશાહ. હીન્દ ૧૮૮
૪૧. ,, ફીરખાન સુબ્બુદીન બીન અહમદજી. હીન્દ ... ૨૦૭
દાઇનો ખુલાસો. ... ૨૧૭
૪૨ ,, મોટા આવા ઇસમાઇલજી બદરૂદીન બીન મુલ્લાં રાજ હીન્દ. ૨૨૧
૧. મુલ્લાંઓની સીરત. ... ૨૨૧
૨. મોલાઇ રાજ બીન મોલાઇ દાઉદ. ... ૨૨૩
૩. મુલ્લાં દાઉદ બીન રાજ—મોરબી. ... ૨૨૪

૪. મુલ્લાં આદમ ઇબ્ને મુલ્લાં દાઉદ. ... ૨૨૬
૫. મુલ્લાં રાજ ઇબ્ને મુલ્લાં આદમ. ... ૨૨૬
૬. હજુમીયા ફીરકો. ... ૨૩૦
૪૩. ,, અબ્દુતૈયબ ઝકીયુદીન બીન સૈ. ઇસમાઇલજી બદરૂદીન. હીન્દ. ૨૩૭
૪૪. ,, મુસા કલીમુદીન બીન સૈ. ઝકીયુદીન. ... ,, ૨૪૩
૪૫. ,, નુરમોહમ્મદ નુરૂદીન બીન સૈ. મુસા કલીમુદીન ... ,, ૨૪૬
૪૬. ,, ,, શજરો (વંશાવળી) ... ૨૫૧–૫૨
૪૭. ,, ઇસમાઇલજી બદરૂદીન (નાના) ઇબ્ને શેખ આદમ સફીયુદીન હીન્દ ૨૫૩
૧. મામુન સૈયદી હકીમુદીન સાહેબ બીન બાવા મુલ્લાં ખાન ૨૫૭
૨. મુલ્લાં ખાન સાહેબની નસલનો શજરો (વંશાવળી) ૨૬૦
૪૮. ,, ઇબ્રાહીમ વજીહુદીન બીન સૈયદી હકીમુદીન સાહેબ હીન્દ. ૨૬૧
૧. સૈયદી હકીમુદીન સાહેબ. ... ૨૬૩
૨. મસજીદની હુરમત વિષે. ... ૨૭૩
૩. શજરો. ... ૨૭૬
૪૯. ,, હિબ્તુલ્લાહ મોઅૈયદ બીન સૈયદના ઇબ્રાહીમ વજીહુદીન હીન્દ. ૨૮૦
૧. હદીયો લેવા ના પાડી. ... ૨૮૪
૨. સૈયદી લુકમાનજી સાહેબ ... ૨૮૫
૩. હિમિયા ફીરકો. ... ૨૮૭
૪. બદ કામોથી બચો ને ખુદાપર ભરોસો રાખો. ... ૨૮૯
૫. શેખ અલી બીન સઇદની નસલનો શજરો. ... ૩૦૦
૬. સૈયદના હિબ્તુલ્લાહ મોઅૈયદની નસલનો શજરો ... ૩૦૫–૬
૫૦. ,, અબ્દુતૈયબ ઝકીયુદીન બીન સૈ. ઇસમાઇલજી બદરૂદીન... ૩૦૭
આપનો નસલનો શજરો. ... ૩૧૭
૫૧. ,, મોહમ્મદ યુસુફ નજમુદીન બીન સૈ. ઝકીયુદીન હીન્દ. ... ૩૧૮
૫૨. ,, અબ્દેઅલી સૈફુદીન બીન સૈ. અબ્દુતૈયબ ઝકીયુદીન... ૩૨૩
આગેલોને લખાયેલ કાગળો. ... ૩૨૬
૫૩. ,, મોહમ્મદ ઇઝઝુદીન બીન શેખ જીવણજી ઔરંગાબાદી હીન્દ. ૩૩૪
૫૪. ,, તૈયબ ઝૈનુદીન બીન શેખ જીવણજી હીન્દ. ... ૩૩૮
૫૫. ,, મોહમ્મદ બદરૂદીન બીન સૈયદના અબ્દેઅલી સૈફુદીન... ,, ૩૪૭
૫૬. ,, અબ્દુલકાદર નજમુદીન બીન સૈ તૈયબ ઝૈનુદીન. ,, ૩૫૩
૫૭. ,, અબ્દુલહુસેન હુસામુદીન બીન સૈ. તૈયબ ઝૈનુદીન. ,, ૩૬૬
૫૮. ,, મોહમ્મદ બુરહાનુદીન બીન સૈયદના અબ્દુલકાદર નજમુદીન ,, ૩૭૧
૧. નાગપુર મેંહદીબાગ સ્થપાયો. ...
૫૯. ,, અબ્દુલ્લાહ બદરૂદીન બીન સૈ. ,, ૩૮૦
૬૦. ,, તાહેર સૈફુદીન બીન સૈ. મહમદ બુરહાનુદીન ... ,, ૩૮૧
૬૧. શજરો ... ...



તમામ તઅરીફ અને સના (વખાણ) સઝાવાર છે. વેાહ કાદીરે મુતલકને કે, જેણે પેાતાની હિકમતથી દુનિયાને એક એવી જગેા બનાવેલી છે કે, જ્યાં નવી નવી કિસમના વાકેઆતેા (બનાવેા) જાહેર બનતા રહે છે.

આપણે જોઇએ છીએ કે, અહિયાં કદિ સવાર (ફજ્ર) થાય છે, તેા કદિ સાંજ થાય છે, કાઈ વખત ગરમી તેા કાઈ વખત શરદી, કાઈ વખત સુકાળ તેા, કાઈ વખત દુકાળ–કદિ સઆદતનેા (ખુશબખ્તીનેા) ઝમાન તેા કદિ નહુસતનેા, (બદનસીબીનેા) ગરઝ કે આ દુનિયાના રહેનારાઓને કાઈ પણ હાલતમાં કરાર (રાહત) નથી. કાઇ વખત તેઓ પેાતાના ઝમાનાનેા ઇકબાલ જોઇ ખુશ થાય છે અને કાઇ વખત પેાતાના વક્તના ઇદબારને (પડતી) જોઈ અને પેાતાને જે લાગણીઓ મહેસુસ (જાહેર) થાય છે, તેથી રંજીદા થઈ હસરતેા (પસ્તાવેા) વાવયલાના (અફસેાસ) નઅરાએા (અવાજો) બુલંદ કરે છે.

બનાવ એકજ છે, મગર તેથી કાઇને ફાયદેા થાય છે, તેા કાઇને નુકસાન; એકજ હાલત હેાય છે, મગર તે કેાઇને મસરૂર (ખુશી) કરે છે, તેા કેાઇને મગમુમ (દુઃખી). કેટલીક વખત બનાવેા એવા પણ બને છે કે, જેથી ઇન્સાનને જાહેરમાં એમ લાગે છે કે, મને નુકસાન પેાહચી રહ્યું છે, મગર હિલ–હકીકત એ એવા બનાવેા છે કે. જેમાં હિકમતે ઇલાહી–યાને ઇનસાનનેા ફાયદેા મદ્દે (નીચે) નઝર હેાય છે, ગરઝ કે દુનિયા એક અજીબેા ગરીબ આલમ છે. તગય્યુર (હેરફેર) અને ઇસતેહાલા (મુશકેલી) આ ઘરનેા (દુનિયા) ખાસ્સેા છે. દુનિયાનેા તાલેઅ (ચેાઘડીયું) "સરતાન" (કરક–રાશી) જે મુતકલિબ (ફરતેા) છે. અહિયાં હંમેશાં એકજ હાલતનું બરકરાર (કાયમ) રહેવું મહાલ (મુહકેલ) છે.

સૈયદના વ મેાલાના અહમદ હમીદુદ્દીન કીરમાની અ. કુ. પેાતાના રીસાલા નામે "અરરીસાલતુલ વઝીયાહ" માં ફરમાવે છે કે, જેમ આલમે તબીયત એક હાલત પર બાકી નથી રહેતી તેવી તરેહ આલમે દીનમાં એકજ સુરતપર કાયમ નથી રહેતું. ખુદ જનાબ રીસાલત સરવરે કાએનાત રસુલે ખુદા (સ. અ.) નેા પણ કેાલ છે કેઃ—

"ઇન્નલ્લાહા અરસલા દીનહુ અલામિસાલે ખલકેહી" યાને ખુદાતઆલાએ દીનને દુનિયાની મિસાલ બનાવેલું છે યાને જે મુજબ આલમે તબીયતમાં કદિ

સવાર થાય છે અને કદિ સાંજ. તેજ મોઆફિક આલમે દીનમાં પણ કદિ દોરે કશફ હોય છે અને કદિ દોરે સતર. કદિ વલીયુલ્લાહ જાહેર હોય છે અને કદિ ઝાલીમોના ઝુલમને લીધે મખ્ફી.

દીનમાં કદિ કુવત હોય છે અને કદિ ફિતરત તથા ઓઓફ. કદિ બરકાતે રબ્બાનીયાહ અને ફયુઝાતે ઈલાહીયાહ જારી હોય છે અને કદિ મુનકતેઅ. (ટુટી જવું) આ મુજબના ફેરફારો મનશાએ (મરજી) બારીતઆલાના મોઆફિક હોય છે, કોઇને પણ તેમાં હું હાં કરવાનો દખલ નથી રહેતો.

(લાયુસઅલો અમ્મા યફઅલો વહુમ યુસઅલૂન) ખુદાના કામમાં કોઇ સવાલ પુછનાર નથી મગર બંદાઓના કામનો ખુદા સવાલ પુછનાર છે. કોઇ વખત એવો ઝમાન આવે છે કે, જેમાં દીનના તમામ હુદુદ ઈમામ, બાબ, હુજજત, દાઇયુલમલાગ, દાઇયુલઈતલાક, માઝુન અને મુકાસિર સર્વે મોજુદ હોય છે અને કદિ એવો મનહુસ વખત આવે છે કે, ઉપર જણાવેલા હુદુદના રતબાઓમાંથી ફકત ઇમામ સિવાય કોઇ હદ બાકી રહેતી નથી અને ઈમામ બનફસે ખુદ મુકાસિરનું કામ કરે છે.

આ મસઅલાને સૈયદના વ મોલાના કાઝીયુન નોઅમાન બિન મહમદે પોતાના કિતાબ અસાસુત તઅવીલમાં ઘણી સારી રીતે સમજાવેલું છે. આમ હોવાથી હરગિઝ એમ ન સમજવું કે, રહેમતે ઇલાહી કદિ ફઝલો સખાસી કામ લે છે, અને કદિ બખીલાઇથી. નહિ, નહિ એમ હરગિઝ નથી. બારીતઆલાનો તો એજ ઇરાદો છે કે હંમેશાં મખ્લુકાત એના ફએઝથી મુસતફિઝ (જારી) થાતાજ રહે. અને રહેમતે ઇલાહીયાના અલતાફ (મહેરબાની) હમેશાં જારી રહે. લેકિન જે કંઇ થાય છે, તે ફકત મઅદાની કાબેલીયત-યા અદમ (અછત) કાબેલીયતને લીધેજ થાય છે. કોલ હકીમ (વલઅજઝો ફિલ કાબિલે લાફિલ મુફઅેલી) જે અજઝ (આજીઝ થવું) છે તે કુબુલના કરનારમાં છે, નહિ કે ફઝલના કરનારમાં. આ કારી દલીલ છે.

હઝાર હઝાર દરૂદ વોહ રસુલે પાકપર, જે ખતમુલ મુરસલીન સૈયદુન નબીઇન અને શફીયુલ મુઝનબીન છે. આ જનાબે એવી શરીયત ઝાહેર કીધી છે જે કયામત તક બની રહેશે; અને હઝાર હઝાર દરૂદ આપની આલે મઅસુમપર, કે જેની ઝુરરીયતથી ઇમામોનો સિલસિલો એક બાદ એક કયામતના દિનતક જારી રહેશે; અને મઝકુર સાહેબોના ઇકરાર અને મઅરેફતથી મોઅમિનીનના નુકૂસ (જનો) નજાત હાંસલ કરશે. બાદ આ અખબારૂદ દોઆતિલ અકરમીનમાં સતરના ઝમાનમાં યાને ઈમામ તૈયબ અ. સ. બાદ યમન, સિંધ અને હીન્દમાં જે દાઇઓ થયા તેનો ટુંક અહેવાલ શરૂ કરીએ.

રસુલુલ્લાહ સ. અ. અને તેના વસી હ. અલી સ. અ. ની પાક ઝુરરીયતથી ૨૧ ઇમામો થયા તેના મુબારક નામ.

	નામ.			નેમાણું-વફાત.	મઝાર.
૧.	મોલાના હસન ઈબ્ને અલી	સ. અ.*	હી. સ.	૪૧—૫૧.	મદીના.
૨.	,, હુસેન ઇબ્ને અલી	,,	,,	૫૧—૬૧.	કરબલા.
૩.	,, અલી ઝૈનુલ આબેદીન ઇબ્ને હુસેન	,,	,,	૬૧—૯૪.	મદીના.
૪.	,, મોહમ્મદબુલબાકીર ઇબ્ને અલી	,,	,,	૯૪-૧૧૪.	,,
૫.	,, જાઅફરસ્સાદીક ઇબ્ને મોહમ્મદબુલબાકીર	,,	,,	૧૧૪-૧૪૮.	,,
૬.	,, ઇસ્માઇલુલ વફી ઇબ્ને જાઅફરસ્સાદીક	,,	,,	૧૪૮-૧૪૯.	,,
૭.	,, મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલુલવફી	,,	,,	૧૪૯-૧૯૫	કેરો મીસર.
૮.	,, અબ્દુલ્લાહીલ મસ્તુર ઇબ્ને મોહમ્મદ	,,	,,	૧૯૫-૨૨૫.	સલમીયા.
૯.	,, અહમદુલ મસ્તુર ઇબ્ને અબ્દુલ્લાહ	,,	,,	૨૨૫-૨૪૦.	,,
૧૦.	,, હુસૈનુલ મસ્તુર ઇબ્ને અહમદુલમસ્તુર	,,	,,	૨૪૦-૨૯૦.	મીસર.
૧૧.	,, અબ્દુલ્લાહીલ મેંહદી ઇબ્ને હુસેન	,,	,,	૨૯૦-૩૨૨.×	મેહદીયા ,,
૧૨.	,, મોહમ્મદબુલ કાઇમ ઇબ્ને અબ્દુલ્લાહ	,,	,,	૩૨૨-૩૩૪.	,,
૧૩.	,, ઇસમાઇલુલ મનસુર ઇબ્ને મોહમ્મદ	,,	,,	૩૩૪-૩૪૧	,,
૧૪.	,, માઅદેનીલ મોઇઝ ઇબ્ને ઇસમાઇલ	,,	,,	૩૪૧-૩૬૫	કેરો
૧૫.	,, નિઝારેનીલ અઝીઝ ઇબ્ને માઅદ	,,	,,	૩૬૫-૩૮૬	,,
૧૬.	,, હુસેનીલ હાકીમ ઇબ્ને નિઝાર	,,	,,	૩૮૬-૪૧૧	આસમાન તરફ ચઢી ગયા.
૧૭.	,, અલીય્યેનીઝ્ઝાહીર ઇબ્ને હુસેન	,,	,,	૪૧૧-૪૨૭	કેરો મીસર
૧૮.	,, માઅદેનીલ મુસ્તનસીર ઇબ્ને અલી	,,	,,	૪૨૭-૪૮૭.	,, ,,
૧૯.	,, એહમદુલ મુસ્તાઅલી ઇબ્ને માઅદ	,,	,,	૪૮૭-૪૯૫.	,, ,,
૨૦.	,, મનસુરેનીલ આમીર ઇબ્ને એહમદ	,,	,,	૪૯૫-૫૨૬.	,, ,,
૨૧.	,, અબુલ કાસીમ અતતૈયબ	,,	,,	૫૨૬-૫૨૬.	પરદે થયા છે.

૧૧ થી ૨૧ સુધીના ઇમામો ઇજીપ્તના ખલીફા કીંવા પ્રજાસત્તાક રાજ્યના હાકેમો હતા. ૨૧ મા ઈમામ અતતૈયબ તેના નિમકહરામ કારભારી અબ્દુલમજીદ, જેણે ઇજીપ્તનો રાજ્ય કારોબાર પચાવી પાડ્યો હતો તેની સતાવણીના લીધે પરદે થયા. આ કારભારી, જે

* સ. અ. એટલે "સલવાતુલ્લાહે અલૈહે" યાને "તેની ઉપર ખુદાની શાંતી હોજો"
× હી. સ. ૨૯૦ થી ૨૯૭ સુધી પરદે રહ્યા હતા.

અબ્દુલમજીદ માઅમુન-અલ-હારીઝ લે દિનીલ્લાહના નામથી ઓળખાતો હતો, તેણે હી. સ. ૫૨૬ થી ૫૪૪ સુધી રાજ્ય કર્યું. ૨૦ મા ઇમામ આમીર બિલ્લાહનું નિઝારીયા બંડખોરોએ કેરોમાં ખુન કર્યું ત્યારે બે વરસના ઇમામ અતતૈયબને ઇજીપ્તના ખલીફા અને ઇમામ તરીકે, અબ્દુલમજીદ કે જેને આ કારણ માટે અલ-હારીઝ લેદિનીલ્લાહ (ખુદાના દિનને બચાવનાર) નો ઇલકાબ આપ્યો હતો તેની રખેવાળી નીચે ઇમામના નિમેલા બરા હકદાર વારસ મુકી ગયા. ત્યાર બાદ હારીઝ નીમકહરામ બન્યો, તેથી ૨૧ મા ઇમામ અ. તૈયબના બચાવ માટે તેમના હુજ્જતો ઇજીપ્તથી બહાર લઇ ચાલ્યા ગયા ને અલઆમીર કબીલાના નજીકના **હુજ્જત હુરરતુલ મલેકા** કે જેઓ યમનમાં હતા તેમને સોંપ્યા જ્યાં ઇમામ તૈયબ, ૨૧ મા ઇમામ મેંહદી બિલ્લાહના અગાઉના ત્રણ ઇમામો જેમ છુપી જીંદગી ગુજારવા લાગ્યા, અને તેના દાઇઓ તેના પવિત્ર નામથી યમનમાં ઉપદેશ કરવા લાગ્યા. તે તથા ત્યાર પછી હિન્દુસ્તાનમાં જે દાઇઓ થયા, તેમનું વર્ણન આ કિતાબમાં આપવામાં આવેલ છે.

૨૧ મા ઇમામ મોલાના અતતૈયબ સ. અ. જેઓ હી. સ. ૫૨૬ માં પરદે થયા, તેની દાઅવત ચલાવવા માટે તેમના તરફથી નીચે બતાવેલા ફતમાઓ છે જેની મારફત દાઅવતે હાદીઆનો કારોબાર ચલાવવામાં આવે છે અને તેઓની જગ્યે એક બાદ બીજા, નસના કાયદા પ્રમાણે ચુંટાએલા તથા ખુદાઇ નેમણુંકના કાયદા પ્રમાણે, તેના બરા હકદાર મારફત દાઅવતની ગાદી સાચવવામાં આવે છે અને આખી મુસ્લિમ દુનિયામાં જ્યાં **ઇસ્માઇલી** ધર્મ ફેલાએલો છે ત્યાં આ ઇમામોનો દાઇઓ સાથે સંબંધ છે. એવી ચોક્કસ માન્યતા છે કે, મોલાના ઇમામ તૈયબ (સ. અ.) ના એક હકદાર વારસ કોઈ જગ્યાએ છુપી રીતે ઇમામના લોકોને સાહેરાસ્ત બતાવી રહ્યા છે.

ઇમામ પછીના સાત દરજ્જાઓ નીચે મુજબ છે:—

(૧) બાબુલ અબવાબ, યાને વડા પ્રધાન.
(૨) હુજ્જતે નહારી યાને જાહેરમાં રહી કામ કરનાર. (૧૨ દરજ્જા છે).
(૩) હુજ્જતે લઇલી યાને છુપી રીતે કામ કરનાર. (૧૨ દરજ્જા છે).
(૪) દાઇ યુલ બલાગ યાને મીશન ફેલાવનાર. (જોઇતા પ્રમાણમાં હોય છે).
(૫) દાઇ યુલ મુતલક યાને નસ કરવાની પરવાનગી મેળવનાર, ૨૮ મો ફતમો.
(૬) માઝુન યાને ઇલમ પડાવવા માટે મનદવાળા.
(૭) મુકાસીર યાને વિરૂદ્ધિ બહેસમાં તોડી તેનો શીકાર કરનાર.

ઇમામ તૈયબ સ. અ. હી. સ. ૫૨૬ માં પરદે થયા ત્યાર પછી દાઅવતનો કારોબાર તેમના હુજ્જત મોલાતેના હુરરતુલ મલેકા અને દાઇયુલ બલાગ મારફત ૭ વરસ ચાલુ રહ્યો. ત્યાર પછી તા. ૨૨ મી શાબાન હી. ૫૩૨ માં યમનના હોશબ ગામમાં દાઇ સૈયદના **ઝોએબ** દાઇયુલ મુતલક તરીકે કાયમ થયા ત્યારથી હકની દાઅવતનો સીલસીલો દોઆતો મારફત ચાલુ રહ્યો છે જેના મુબારક નામો નીચે આપવામાં આવેલ છે.:—

૫૧ દાઇઓના નામો નિચે પ્રમાણે છેઃ—

			કબીલો.	નેમણુંક-વફાત. હી. સ.
૧	સૈયદના ઝોએબ	બીન મુસા ...	ક. રૂ. હમદાની	૫૩૨–૫૪૬
૨	,,	ઇબ્રાહીમ બીન હસન અલહામેદી ...	,, વાદઇ	૫૪૬–૫૫૭
૩	,,	હાતીમ બીન ઇબ્રાહીમ અલહામેદી ...	,, ,,	૫૫૭–૫૯૬
૪	,,	અલી બીન હાતીમ શમસુદ્દીન ...	,, ,,	૫૯૬–૬૦૫
૫	,,	અલી બીન મોલાના મોહમ્મદ બીન વલીદ	,, કુરેશ	૬૦૫–૬૧૨
૬	,,	અલી બીન હનઝલા ...	,, હમદાન	૬૧૨–૬૨૬
૭	,,	એહમદ બીન મુબારીક ...	,, કુરેશ	૬૨૬–૬૨૭
૮	,,	હુસેન બીન અલી બીન મોહમ્મદ ...	,, ,,	૬૨૭–૬૬૭
૯	,,	અલી બીન હુસેન બીન અલી ...	,, ,,	૬૬૭–૬૮૨
૧૦	,,	અલી બીન હુસેન બીન હનઝલા. ...	,, ,,	૬૮૨–૬૮૬
૧૧	,,	ઇબ્રાહીમ બીન હુસેન બીન અલી બીન મોહમ્મદ	,, ,,	૬૮૬–૭૨૮
૧૨	,,	મોહમ્મદ બીન હાતીમ બીન હુસેન ...	,, ,,	૭૨૮–૭૨૯
૧૩	,,	અલી શમસુદ્દીન બીન ઇબ્રાહીમ ...	,, ,,	૭૨૯–૭૪૬
૧૪	,,	અબ્દુલ મુત્તલીબ નજમુદ્દીન બીન મોહમ્મદ	,, ,,	૭૪૬–૭૫૫
૧૫	,,	અબ્બાસ બીન મોહમ્મદ બીન હાતીમ	,, ,,	૭૫૫–૭૭૯
૧૬	,,	અબ્દુલ્લાહ ફખરૂદ્દીન બીન અલી ...	,, ,,	૭૭૯–૮૦૯
૧૭	,,	હસન બદરૂદ્દીન બીન અબ્દુલ્લાહ ...	,, ,,	૮૦૯–૮૨૧
૧૮	,,	અલી શમસુદ્દીન બીન અબ્દુલ્લાહ ...	,, ,,	૮૨૧–૮૩૨
૧૯	,,	ઇદરીસ ઇમાદુદ્દીન બીન હસન ...	,, ,,	૮૩૨–૮૭૨
૨૦	,,	હસન બદરૂદ્દીન બીન ઇદરીસ ઇમાદુદ્દીન	,, ,,	૮૭૨–૯૧૮
૨૧	,,	હુસેન હુસામુદ્દીન બીન ઇદરીસ ઇમાદુદ્દીન	,, ,,	૯૧૮–૯૩૩
૨૨	,,	અલી શમસુદ્દીન બીન હુસેન ...	,, ,,	૯૩૩–૧ માસ
૨૩	,,	મહમદ ઇઝઝુદ્દીન બીન હસન બદરૂદ્દીન	,, ,,	૯૩૩–૯૪૬
૨૪	,,	યુસુફ નજમુદ્દીન બીન સુલેમાન ...	(સિદ્ધપુરના) અમદાવાદી	૯૪૬–૯૭૪
૨૫	,,	જલાલ શમસુદ્દીન બીન હસન ...	,, ,,	૯૭૪–૯૭૫
૨૬	,,	દાઉદજી બુરહાનુદ્દીન બીન અજમશાહ...	,, ,,	૯૭૫–૯૯૭
૨૭	,,	દાઉદજી બુરહાનુદ્દીન બીન કુતુબશાહ ...	,, ,,	૯૯૭–૧૦૨૧
૨૮	,,	શેખ આદમ સફીયુદ્દીન બીન તૈયબશાહ	,, ,,	૧૦૨૧–૧૦૩૦
૨૯	,,	અબ્દુતતૈયબ ઝકીયુદ્દીન બીન દાઉદ કુતુબશાહ	,, ,,	૧૦૩૦–૧૦૪૧
૩૦	,,	અલી શમસુદ્દીન બીન હુસેન બીન ઇદરીસ	,, કુરેશ	૧૦૪૧–૧૦૪૨
૩૧	,,	કાસમ ઝૈનુદ્દીન બીન પીરખાન ...	,, અમદાવાદી	૧૦૪૨–૧૦૫૪
૩૨	,,	કુતુબખાન કુતબુદ્દીન બીન દાઉદજી શહીદ	,, ,,	૧૦૫૪–૧૦૫૬
૩૩	,,	પીરખાન સુજાઉદ્દીન બીન એહમદજી...	,, ,,	૧૦૫૬–૧૦૬૫

૩૪	,,	ઇસમાઇલજી બદરૂદીન બીન મુલ્લાસાજ	,,	નગરી	૧૦૬૫-૧૦૮૫
૩૫	,,	અબ્દુલ્તૈયબ ઝકીયુદીન બીન બદરૂદીન	,,	,,	૧૦૮૫-૧૧૧૦
૩૬	,,	મુસા કલીમુદીન બીન ઝકીયુદીન ..	,,	,,	૧૧૧૦-૧૧૨૨
૩૭	,,	નુરમોહમ્મદ નુરૂદીન બીન કલીમુદીન...	,,	,,	૧૧૨૨-૧૧૩૦
૩૮	,,	ઇસમાઇલજી બદરૂદીન બીન શેખ આદમ	,,	,,	૧૧૩૦-૧૧૫૦
૩૯	,,	ઇબ્રાહીમ વજીહુદીનબીનઅબ્દુલકાદરહકીમુદીન	,,	હકીમી	૧૧૫૦-૧૧૬૮
૪૦	,,	હેબ્તુલ્લાહ મોઅૈયદ શીરાઝી બીન વજીહુદીન	,,	,,	૧૧૬૮-૧૧૯૩
૪૧	,,	અબ્દુતૈયબ ઝકીયુદીન બીન બદરૂદીન...	,,	નગરી	૧૧૯૩-૧૨૦૦
૪૨	,,	મુસુફ નજમુદીન બીન ઝકીયુદીન ...	,,	,,	૧૨૦૦-૧૨૧૩
૪૩	,,	અબ્દેઅલી સૈફુદીન બીન ઝકીયુદીન ...	,,	,,	૧૨૧૩-૧૨૩૨
૪૪	,,	મોહમ્મદ ઇઝુદીન બીન શેખ જીવણજી	,,	ઔરંગાબાદી	૧૨૩૨-૧૨૩૬
૪૫	,,	તૈયબ ઝૈનુદીન બીન શેખ જીવણજી ..	,,	,,	૧૨૩૬-૧૨૫૨
૪૬	,,	મહમદ બદરૂદીન બીન સૈફુદીન* ...	,,	નગરી	૧૨૫૨-૧૨૫૬
૪૭	,,	અબ્દુલકાદર નજમુદીન બીન તૈયબ ઝૈનુદીન	,,	ઔરંગાબાદી	૧૨૫૬-૧૩૦૨
૪૮	,,	અબ્દુલહુસેન હુસામુદીન બીન તૈયબ ઝૈનુદીન	,,	,,	૧૩૦૨-૧૩૦૮
૪૯	,,	મોહમ્મદ બુરહાનુદીન બીન નજમુદીન	,,	,,	૧૩૦૮-૧૩૨૩
૫૦	,,	અબ્દુલ્લા બદરૂદીન બીન હુસામુદીન	,,	,,	૧૩૨૩-૧૩૩૩
૫૧	,,	તાહેર સૈફુદીન બીન મહમદ બુરહાનુદીન	ત. ઉ.	,,	૧૩૩૩ મૌજુદ.

ઇમામ અત તૈયબ અ. સ. પછી સતરના આજ દિવસ સુધીમાં કબીલાવાર નીચે મુજબ દાઇઓ થયા છે.:—

૩. હમદાન કબીલાના.
૩. વાદેઅ મહફુઝી કબીલાના.
૧૮. કુરેશ કબીલાના. (વલીદ બીન અકબ્બાની નસલના).
૯. અમદાવાદી (ગુજરાત)
૯. બદરી (નગરી).
૨. હકીમી.
૭. ઔરંગાબાદી.

૫૧

અખ્બારૂદ્દ-દોઆતિલ-અકરમીન.

— યાને —

યમન, સીંધ તથા હીંદમાં ઇમામોની દાઅવત ચલાવનારા દોઆતોની ટુંકી ખબર.

Read by:- Moiz. Barodawalla.

સૈયદના ઝોએબ યમનના પહેલા દાઇની ઝીકર કરવા પહેલાં આપણે દાઇનો ફતએ કયાંથી અને કઇ રીતે મળ્યો તેનું ટુંક વર્ણન કરીએઃ—

ઇમામ મુસ્તનસિર બિલ્લાહ મિસરમાં જ્યારે ઝાહેર સલ્તનત ચલાવી રહ્યા હતા અને ચારે બાજુ આપનું અદલ ઝાહેર હતું, ત્યારે મુસ્લિમોને દિનદાર બનાવવા માટે તેના તરફથી ચારે બાજુએ પોતાના દાઇઓને હિદાયત વાસ્તે મોકલવામાં આવ્યા હતા. તે વખતમાં યમનમાં સૈયદના અલી બીન મોહમ્મદ બીન સુલૈહી ઇમામ તરફથી દાઅવત ચલાવી રહેલ હતા કે જે દાઈ આમીર બીન અબ્દુલ્લાહના શાગીર્દ છે.

ઇમામ—મુસ્તનસિર બિલ્લાહની હજુરમાં યમનના દાઈ અલી બીન મોહમ્મદે સૈયદના લમકને ઇલ્મ વાસ્તે મોકલ્યા. ત્યાં ઇમામે સૈયદના લમકને સૈયદના મોઅૈયદ શીરાઝીની ખિદમતમાં રહેવાનો અમર ફરમાવ્યો. આપે પાંચ વરસ ત્યાં રહી સૈયદના મોઅૈયદ પાસેથી ઇલ્મ હાસિલ કીધું.

તા. ૧૨ જીલ્કાદ હી. ૪૭૩. જે વખત સૈયદના અલી બીન મોહમ્મદ મક્કએ-મોઅ-ઝઝમાના રસ્તામાં શહીદ થયા તે વખત ઇમામે મિસરથી દાઇ લમકને બોલાવ્યા અને દાઇયુલ બલાગનો ફતએ ઇનાયત કરી યમન તરફ પાછા રવાના કર્યા.

યમનમાં આપે ઇમામી દાઅવતની પાબંદી કીધી અને આપના મદદગાર તરીકે મોલાના મુકર્રમ સૈ. અલી બીન મોહમ્મદના ફરઝંદને નિમ્યા તે પછી આપે પોતાના ફરઝંદ યાહયાને પોતાના બાદ દાઈ બલાગનો ફતએ સોંપ્યો. આ અરસામાં આપે સૈયદના ઝોએબને ઇલ્મ પડાવી કામયાબ કીધા અને ઇમામના હુજ્જત હુરરતુલમલેકાની હજરતમાં સોંપ્યા.

હુરરતુલ મલેકાઃ—

" મજાલિસે સયફીયાહ " માં મોલાતેના હુરરતુલ મલેકાની ઘણી તારીફ લખવામાં આવી છે. એમ કહેવાય છે કે, આપ મોલાતેના હુરરતુલ મલેકા યાને અરવા બીન્તે અહમદ ઇમામ **આમીર** અ. સ. ના હુજ્જતના મકામમાં હતા. તે સાહેબા ધર્મજ્ઞાનમાં તેમજ બીજા દરેક ઇલ્મમાં સંપૂર્ણ હતા અને મોટા મોટા દાઇઓ તેમની પાસેથી છુપી રીતે ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરતા હતા, એટલુંજ નહિ પણ ધર્મની દરેક કઠણ બાબતોનો તોડ તેઓ પાસે કરાવતા હતા. તેમણે ધાર્મિક જ્ઞાન સાથે રાજ્યકીય બાબતમાં પણ અજોડતા પ્રાપ્ત કરી હતી. તેમના વખતમાં કોઇ વખત રાજકીય કે ધાર્મિક બાબતમાં ગેરવ્યવસ્થા થઇજ નથી. આપને લોકો ઇસ્લામના બિલકીસ તરીકે માનતા હતા.


મોલાના આમીરે મોલાતેના હુરરતુલ મલેકાને ઘણુંજ માન આપ્યું હતું અને હુકમ કર્યો હતો કે તે સાહેબા મોલાના તૈયબ અબુલકાસીમ તરફથી દાઅવત કરે અને આ દાઅવત તેની અને તે અબ્રમ્મત તરફ જે તેની ઓલાદમાંથી હોય તેના તરફ બરાબર ચાલુ રાખે. તેજ પ્રમાણે મોલાતેના હુરરતુલ મલેકાએ અમર ચાલુ રાખ્યો.

મોલાતેના હુરરતુલ મલેકાએ ઇમામના હુકમથી સૈયદના ઝોએબને દાઇયુલ મુતલક નિમ્યા કે જે સાહેબ આપના નાયબ હતા.

મોલાતેના હુરરતુલ મલેકા આ રીતે તેમની પાછળ ખુદાના નાયબ નીમીને શાબાનની તા. ૨૨ મી હીજરી સન ૫૩૨ માં ૬૨ વર્ષની વયે વફાત થયા. આપનું મઝાર ઝી-જબલાની જુમ્મા મસજીદમાં છે. ક. ૩.

મોલાતેના હુરરતુલ મલેકાના કુટુંબીઓ ઇમામોના ખાસ અમલદારો હતા. (યાને સાહેબુસ સૈફ કહેવાતા) તેનો શજરો નીચે મુજબ આપેલ છેઃ—

મો. ઇમામ મુસ્તનસિર બિલ્લાહના વખતના સુલૈહી કબિલાના દોઆતોનો શજરો.



૧. સૈયદના ઝોએબ બીન મુસા (યમન) ની ટુંક ઝીકર.

મોલાતેના હુરરતુલ મલેકાના વફાત બાદ સૈયદના ઝોએબ મોમિનોને હિદાયત આપવા વાસ્તે યમનના હોશેબ ગામમાં શાબાનની તા. ૨૨ મી હીજરી ૫૩૨ માં કાયમ થયા. આપે ઇમામ અ. સ. ની સતરની અંધેરીમાંથી હકના નુરને ઝાહેર કર્યું. શરિઅતના દઆઇમને મજબૂત કર્યા, અને હકની દાઅવતને હિદાયતથી આબાદ કરી.

ઇમામ અ. સ. પરદે થયા ત્યારથી જગેજગે ઝઘડા ઉભા થયા હતા, ખુશામતીયાઓ અને મુનાફીકોનું ઝોર વધ્યું હતું અને ખાલિસ મોમેનિન વાસ્તે **શરીઅત** ઉપર કે જે મીરાતુલ મુસ્તકીમ યાને તલવારની ધાર કરતાં બારીક તથા તેજ છે, તે પર કેમ ચાલવું તેનો વિચાર થઈ પડયો હતો, તેવા બારિક સમયમાં સૈયદના **ઝોએબે** બલોહર બની મોમેનિનને ગુમરાહીથી બચાવી એહસાન કર્યું અને દરેક ઇનસાનને બસીરતથી દેખતા કર્યા, ઇમામની ઇમામતમાં સબળાને ઓળખતા કર્યા અને ઇમામની ઇમામત સમજાવી.

આપે આપના માજુન અને યારીદિન સૈયદના બત્તાબ બીન હસન હમદાનીને બનાવ્યા કે જે હુરરતુલ મલેકાના દુધભાઈ હતા અને બહેનનો ભાઇપર ઘણોજ પ્રેમ હતો. સૈયદના બત્તાબ છેવટ સુધી આપના યારીદિન રહ્યા. આપ આપના વતન **જરીબ**માંજ રહેતા, પરંતુ આપ હમેશાં દાઇ તરફ પુરો ખ્યાલ રાખતા. સૈયદનલ બત્તાબ કંઇક ગુમરાહ, રસ્તો ભુલેલાના જનોને બચાવતા અને સૈયદનાની મોહબ્બતપર મીનારા જેમ હતા. મોમિનો વાસ્તે જન્નતની રાહ બતાવનાર **બશીર** (જન્નતની વધામણી આપનાર) હતા અને મુનાફેકો વાસ્તે જહન્નમની રાહથી બચાવવા **નઝીર** (જહન્નમથી ડરાવનાર) હતા.

આપે મોમિનીનની હિદાયત વાસ્તે નીચે મુજબ કિતાબો બનાવ્યા છેઃ—

૧. મુનીરતુલ બસાઇર.
૨. અસ્સાઇમ.
૩. રિસાલા-ફી-બયાને ઇજ્તઝીલ કુરઆન.
૪. કિતાબુલ્કસ.
૫. ગાયતુલ મવાલીદ.
૬. અદદિવાન.
૭. મિમિયાહ.

સૈ. ઝોએબને મોહમ્મદ નામના એક ફરઝંદ હતા અને મોહમ્મદના ફરઝંદ મુજલ્લી હસન બીન મોહમ્મદે અમુક વખત પછી દાઇનો દાવો કર્યો હતો, જેનો રદીઓ સૈ. મોહમ્મદ બીન તાહેરે આપેલ છે, જેનું બયાન "રિસાલતુલ હાતેમિયાહ" માં આપેલું છે.

આપના વખતમાં સૈયદના બત્તાબનો ભાઈ સુલેમાન બેફરમાન થયો, તે સૈયદના ઝોએબ અને સૈયદના બત્તાબના મુખાલીફ બની મોમિનીનને દુઃખ દેતો. સૈયદના બત્તાબ

અને સુલેમાન વચ્ચે કઇક વખત લડાઇ થઈ પરંતુ દરેક વખત સૈયદના ખત્તાબનીજ ફતેહ થઇ હતી છતાં સૈયદના ખત્તાબ હમેશાં પોતાના દુશ્મન સુલેમાનની તરફ માયાળુ રહી તેને સુલેહ તરફજ બોલાવતા રહ્યા પણ તેણે છેવટ સુધી માન્યું નહિ.

આપના દુશ્મન સુલેમાનની મદદે શરીફ (કબીલાના વડા) અલી બીન યાહયા તથા નજદ બીન બેદ હતા. સુલેમાનને ફસાદ સિવાય રાહેરાસ્ત ગમતો નહીં છતાં સૈયદના ખત્તાબ પોતાની ભલાઈ છોડતા નહીં. છેવટે સૈ. ના ખત્તાબે સુલેમાનનો **રઝમના** મેદાનમાં ભાલાથી અંત આણ્યો. આવો જોરાવર દુશ્મન કે જે હજારો તોહીદના કરનારાઓને તોહીદથી લપસાવનાર અને અટકાવનાર હતો તેને મારી સૈ. ના ખત્તાબે અજરે અઝીમ (સવાબ) લીધું. તે પછી (કાબીલેઇજરત) સૈ. ના ખત્તાબે પોતાના દુશ્મન સુલેમાનના ફરઝંદોને પોતાના આશરામાં લઇ તરબીયત કીધા, પણ "સાંપના બચ્ચા સાંપ" વાળી કહેવત પ્રમાણે સુલેમાનના એક દીકરાએ સૈ. ના ખત્તાબને રાત્રે દગાથી આપની આરામગાહમાં શહીદ કીધા. તા. ૮ માહે સફર હીજરી ૫૩૩ માં તેઓએ શહાદતનો પ્યાલો પીધો. ખુદાતઆલાની રાહમાં, ખુદાનું દીન આબાદ કરવામાં પોતાનો જાન ખુદાને અર્પણ કરી દીનદુન્યામાં નસીબવંતા થયા. આપનું વફાત આપના બહેન હુરતુલ મલેકા બાદ છ મહીને થયું. સૈ. ઝોએબને સૈ. ના ખત્તાબની શહાદતના સબબથી ઘણોજ સદમો થયો તે બાદ સૈ. ના ઝોએબએ આપના માઝુનના વફાત બાદ માઝુન તરીકે સૈ. ના ઇબ્રાહીમ બીન હુસેન હામેદીને નીમ્યા.

સૈ. ના ઇબ્રાહીમ સૈ. ના ઝોએબના છેવટ સુધી મદદગાર રહ્યા અને આપની રહેલત વખતે બોલોમાઓના રૂબરૂ સૈ. ના ઇબ્રાહીમ પર નસ્સે જલી કીધી.

સૈ. ના ઝોએબે બે કીતાબ બનાવ્યા છે ૧. કીતાબુન્નકસે ફીમાઅરેફતીલ જુસ્સતે ૨. રીસાલુત દુર્જ ફી મઆરેફતીલ મવજુદાત.

આપ ૪૪૬ હીજરી મોહરમ તા. ૧૦ મી. યમનના **હેરાશ** ગામમાં વફાત થયા. આપ દાઅવતે હાદીયાના તખ્તપર ૧૩ વરસ ૪ મહીના ૧૮ દીવસ ઇરવી. તા. ૨૦-૪-૧૧૫૧ સુધી રહ્યા. કબ ૩૦

૨. સૈયદના ઇબ્રાહીમ બીન હસન (યમન) અલહામેદીની ટુંક ઝીકર.

સૈયદના ઝોએબના વફાત પછી સૈયદના ઇબ્રાહીમ દાઅવતે હાદીઆના તખ્તપર બીરાજમાન થયા.

આપે મોમિનીનને શરીઅતના કુલ કાયદાથી વાકેફગાર કર્યા અને દાઅવતનો કારોબાર શરીઅતના કાયદા પ્રમાણે શરૂ કર્યો. આપના વખતમાં કોઇ પણ જાતની મુસીબત કે આફત મોમિનોપર આવી નહિ, એટલુંજ નહિ પણ દાઅવતના જે વિરોધિઓ હતા તેઓને પણ આપે હિદાયતથી હકના રસ્તાપર લીધા અને કેટલાક જેઓ ગુમરાહીમાં હતા તેઓનું જોર ઓછું થયું.

આપના વખતમાં લોકોમાં ઘણુંજ અમાન રહ્યું. ઇમામીઝુમાતની બરકતો આપ તરફ ચાલુ રહી. આપે મોમિનોને ઇલ્મ પઢાવવામાં પૂરતી કોશિષ કીધી, અને ઇલ્મ પઢનારા તાલેબુનને લાયકાત માફક દરજ્જા આપતા. આપ શરીઅત, તરીકત, (ચાલુ ઇલ્મ) હકીકત, (તત્વજ્ઞાન) વિગેરે ઇલ્મો દરેકને તેની કદર મુજબ આપતા. દરેક ફત (હિસાબ, નજુમ, ભુગોળ વિગેરેનું ઇલ્મ) લેનારાઓ માટે આપ દીવા સમાન બન્યા.

આપે આપના મદદગાર માઝુન સૈયદના અલી બીન હુસેન બીન વલીદને બનાવ્યા. જે ઇલ્મ, અમલ અને ઇબાદતની ફઝીલતમાં કમાલ હતા, જેમની બુઝુર્ગી આસમાન સમાન હતી, સૈયદના ઇબ્રાહીમના દરેક કામમાં આપ ખેરખાહ તથા યારદોસ્ત હતા. ખુદાની કુદરતથી એકાએક રમઝાનની તા. ૫ મી હી૦ ૫૫૪ માં આપ વફાત થયા. આપના વફાતથી સૈયદના ઇબ્રાહીમને ઘણોજ સદમો પહોંચ્યો, એટલુંજ નહિ પણ આપની આંખમાંથી કદી આંસુ ન સુકાયાં. આપે ત્રણ કીતાબો બનાવ્યા છે. ૧. રીસાલતુલ અબ્બાસ. ૨. બહેજે અલલતરીકતીન નીઝારીયાહ. ૩. તોહફતુત્તાલીમ.

તે પછી આપે માઝુનના રૂતબાપર આપના ફરઝંદે આરઝુમંદ સૈયદના હાતીમને નિમ્યા તથા મુકાસીરના રૂતબામાં સૈયદના મોહમ્મદ બીન તાહીર (કે જે સાહેબ બાવીસાની દુઆના કર્તા છે) ને નિમ્યા.

માશા અલ્લાહ ! દાઅવતે હાદિઆના તખ્તપર ઇતલાક (મુતલક) ના ઘણી દાઇ સૈયદના ઇબ્રાહીમ તથા માઝુન પોતાના ફરઝંદ સૈયદના હાતિમ તથા મુકાસીર સૈયદના મોહમ્મદ બીન તાહેર થયા, તેઓની કોશિષથી દાઅવતના કામકાજ ખૂબી સાથે હિદાયતના નુરથી ઝળકતાં થયાં.

આપે ત્રણ કિતાબ બનાવેલા છે. (૧) અલ ઇખ્તેદા વલ ઇન્તેહા. ૨. રીસાલતુસ્શરીફા ફી માઅનીલ ઇતીફા. ૩. કનઝુલવલદ (જેનાં ૧૪ રિસાલા છે).

૧. તોહીદ. (ખુદાની વહેદાનીયતનું બયાન).
૨. ઇબ્તેદા (દુનિયાની શરૂઆતનું બયાન).
૩. મબ્દઅમ (કયામતનું બયાન).
૪. મબ્દઅસુલ અવ્વલ (પહેલું ઉદ્‌ભવું).
૫. ,, સાની (બીજું ,,).
૬. હયુલા (પૃથ્વીનું બયાન).
૭. ઝુહુરૂલ અવાલીદ (માદીન, નબાત, હેવાનના વિષયનું બયાન).
૮. ઝુહુરીલ શખ્સીલ બસરી (ઈનસાનની જાત વિશેનું બયાન).
૯. ,, ,, ફાઝીલ (ઇનસાનના ઉંચા વિચારોનું બયાન).
૧૦. મરતેકા (દરજ્જા ઉપર ચડવાનું બયાન).
૧૧. માઅરેફતુલ હુદુદ (હુદુદોની ઓળખાણ).
૧૨. સવાલુલ મરિતેકા (ઉંચા દરજ્જે ચડવાનું બયાન).
૧૩. મરતેસાલુલ મુસ્તરીદ બીલમુફીદ (મુરીદો પાસેથી કામ લેવા બાબત).
૧૪. અઝાબ (સઝા).

ઉપરના કિતાબો આપે મોમિનના ફાયદા માટે બનાવ્યા છે.

આપની રેહલત (મોત) નઝદીક થઇ ત્યારે આપે સઘળા હુદુદોને બોલાવ્યા અને સઘળાના રૂબરૂ આપે આપના ફરઝંદ સૈયદના હાતિમને બોલાવી નસ્સેજલી કરી, (નસનું જાહેર કરવું) સઘળા મોમિનીનને ખુશ કીધા. તે બાદ આપ શાબાનની તા. ૧૬ હી૰ ૫૫૭ ઈસ્વી તા. ૩૧-૭-૧૧૬૨ માં જન્નતનશીન થયા. આપનું મઝાર **સના** શહેરમાં છે. ક૰ ૩૦

૩. સૈયદના હાતીમ બીન સૈ. ઇબ્રાહીમ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના હાતીમ પોતાના બાવાજીના વફાત બાદ દાઅવતની ગાદીપર જલ્વાનુમા થયા. ઇમામની દાઅવતના નાયબ થયા. યમનના જઝીરાઓમાં આપે હીદાયતને શરૂ કરી અને આપના હુદુદોને જઝીરાઓમાં હીદાયત વાસ્તે મોકલ્યા. આપે હકના તરીકા અને હીદાયતના નુરને દલીલોથી ચોતરફ ફેલાવ્યું. ઓલોમાઓ અને ફેલોસોફાઓની આપે ઘણીજ કદર કરી, જાહેલોને આપે દુર કર્યા, ગરીબોના પાલનહાર બન્યા, અને આ રીતે આપ અમીરૂલ મોઅમેનીનના આશીક, સાદીક બની તેના નાયબ થયા.

રીવાયતમાં છે કે સૈયદના હાતીમ ઘણીજ સાદાઇથી રહેતા હતા, કપડા ઘણુજ સાદા પહેરતા, હમેશાં રાત્રે ઇબાદતમાં મશગુલ રહેતા, અને દિવસે તલબતોને ઇલ્મ પઢાવતા. આપનું જીવન દાઅવતે હદીઆ વાસ્તે ઘણુંજ ઉપયોગી બન્યું. આપ હમેશાં મોમીનને

સુધારવા અને આબાદ કરવાની કોશીશ કરતા, અગર કોઇ મોમીન બીજા મોમીનની બદ-ગોઇ કરે તો આપને ઘણોજ રંજ પહોંચતો. એક વખત આપને આપના મોમીનનો એક ગામથી કાગળ આવ્યો જે અરબીમાં નીચે મુજબ છે.:—

રાએતો કસીરન મીનલ ઇખ્વાને યુદમેરૂના બયનહુમુત્તહાસોદા વત્તબાગોદા વયુઝ હેરૂનત્તકાબોરા વત્તનાપુરા વત્તઆરોદા હત્તા એલલઅમરે બેહીમ એલા અન સારૂ યલઅનો બાઅદોહુમ બાઅદન વયોબાઅબોહુ વયલસેબોહુ એબુલ્લે ફોહશીન વયગતાબોહુ વરૂબ્બમા બાનહુ શી માલેહી વ દારેહી વ ઇખ્લાબેહી શીસાબેરે એહવાલેહી લયતજરા શીબ્લેકા ઝનબન અમરન વલા યબાફો મીનલ્લાહે, તબાલા હુબન વલા બીઝરા.

તરજુમો:—

સાહેબ ! મેં ઘણા ભાઇઓમાં જોયું છે કે " જેઓ આપસ આપસમાં પ્રીતો રાખે છે, અદાવત રાખે છે, એક બીજાથી ડીપર (મોહતાજ) રાખે છે, એક બીજાથી નફરત કરે છે, એકબીજાથી દુર રહે છે. ત્યાં સુધી કે એકબીજાને લાનત મલામત કરે છે, એક બીજાના ઐબો નીકાલે છે, એકબીજાને સાંપના માફક ડંસે છે, હમેશાં ગાળાગલોચ કરે છે, એકબીજાની ગીબત કરે છે અને કોઇ કોઇ તો એકબીજાની માલમિલકત ઉચાપત કરે છે, એકબીજાના કામમાં ખલલ પાડે છે અને આવા કામોને ગુનાહ સમજતા નથી. એટલુંજ નહિ પણ આવા ગુનાહ બદલ ખુદાથી પણ ડરતા નથી.

મોલાના ! આ પ્રમાણેની ચાલચલગત રાખવી એ દાવતે હાદિઆના ભાઇચારાને છાજે છે ? અને આવાં કામો સાર્વજનીક મના કરવા લાયક નથી ? મોલાના ! આવાં કામો દાઅવતના હરમમાં દાખલ થયા પછી કરે તેના મઆદ (આખેરત) નો શું હાલ ?

જવાબમાં:—સૈયદના હાતિમ મજકુર કાગળના લખનાર ભાઇને સંબોધીને ફરમાવે છે કે, " એ મારા કરીમ, નેક, માયાળુ, દયાવંત, મુરવ્વતવાળા સગા ભાઇ ! તમે જાણો કે તમારા લખાણથી હું વાકીફ થયો. ખુદાતઆલા તમારી જાગૃતિ ને બહેતરીપર, તમારી સુરતની સફાઇપર તોફીક આપજો, અને મને અને તમને હિદાયતની તાબેદારીના કરનાર કરજો ". આ મુજબનો દિબાચો બાંધી કાગળ લખે છે, પરંતુ તે કાગળનો જવાબ એક બે પાનાનો કાગળ નથી, પણ એક કિતાબ લખી જવાબ આપ્યો છે જેનું નામ **" તંબીહુલ ગાફેલીન "** રાખવામાં આવેલ છે.

આપ ગરીબોનો બહુજ ખ્યાલ રાખતા, મોમિનીન અને દરેક માટે ખરા ન્યાયી બાદશાહ હતા, આપનો અદલ તથા ફઝલ બેશુમાર છે, આપ ગરીબો પ્રત્યે કેટલા માયાળુ હતા તેનો એક દાખલો અને આપનો સુનાસબ બારી નીચે આપ્યો છે.:—

રિવાયતમાં છે કે:—અરબસ્તાનના યમન પ્રાંતના એક ગામડામાં ગરીબ બેહદ મોમિ-નનું એક કુટુંબ રહેતું હતું. આપસમાં વાત દરમ્યાન એક વખત **ઘઉં**ની વાત નીકળી,

ત્યાં ઘઉં પાકતા નહોતા એટલે તે ગરીબ ભાઇને તથા તેની ઓરતને આ વાતની નવાઇ લાગી અને ઘઉં કેવી જાતનું અનાજ છે અને તેનો સ્વાદ કેવો હશે તે જાણવાની ઇંતેજારી થઇ. અમુક વખત બાદ મજકુર મોમિન બેહુતની બૈરીને પેલા ઘઉં ખાવાની ઇચ્છા થઇ તેથી તેણીએ પોતાના ખાવિંદ પાસે આ વાત મુકી અને ઘઉંની માગણી કરી. લાચારીના સબબ તે ગરીબ ભાઇ પોતાની હેસીઅતની બહારની વાત હોવાથી ચુપ રહ્યો, પણ પોતાની બૈરીની ઇચ્છા પુરી કરવાનો વસવસો તેને રહ્યા કરતો અને પરવરદિગારથી ઇસ્તેજા કરતો. ઇત્તેફાક તેને સૈયદના હાતિમ યાદ આવ્યા અને ત્યાં મારી ઉમેદ પુરી થશે એવી ખાત્રીથી બૈરીને કહ્યું કે, તને જે ઘઉં ખાવાની ઇચ્છા છે તે આપણા મોલા સૈયદના હાતિમ નજદિકના ગામમાં રહે છે ત્યાં જઇ લઇ આવીશ.

થોડા વખત પછી તે ભાઇ પોતાની બૈરીની ઇચ્છા પુરી કરવા માટે ઘઉંની તલબમાં વતનથી સૈયદના હાતિમના ગામ તરફ રવાના થયો, આપ જે ગામમાં રહેતા હતા તે ગામમાં જઇ પહોંચ્યો, ગામમાં જઇ દાઇના મકાનની તલાશ કરવા લાગ્યો, રસ્તામાં પુછતાં એક મકાનના ઘોડાના તબેલા પાસે ગયો. તબેલામાં કામ કરતા હતા તે માણસને પુછ્યું કે ભાઇ! "સૈયદના હાતિમ કયાં રહે છે? તે ભાઇએ જવાબ આપ્યો કે ભાઇ એ કલાક પછી આ સામેનું મકાન સૈયદના હાતિમનું છે ત્યાં તે તમને મળશે.

વહાલા ભાઇ! આપ જાણો છો કે ઘોડાની ચાકરી કરનાર કોણ છે? ખુદ પોતે સૈયદના હાતિમ સાહેબ. આપ જાનવરો પ્રત્યે કેટલી મોહબ્બત રાખતા અને બેતુલમાલની કેટલી રખેવાલી કરતા તે આ (ઘોડાઓ) જાનવરો કે જે બેતુલમાલના છે તેની સંભાળ દિલો જાનથી કરતા હતા તે બતાવી આપે છે.

આપ હમેશાં દાઅવતને મઝબુત કરવા ગામેગામ મુસાફરી કરી પોતાના નાજુક જીસ્મને જેહમત આપતા, એટલુંજ નહિ પણ દાઅવતની ખિજમત ખુદ પોતાની જોહદ (કોશિષ) થી કરતા કે જે પ્રમાણે મોલાના આકાએ નામદાર અમીરૂલ મોઅમેનીન **અલી** ઇબ્ને અબીતાલીબ સ. અ. પોતાના હાથમાં પાવડો લઇને વાડીની જમીન બરાબર કરતા હતા. આપ ખાસ મહેનત કરીને ખજુરી વાવતા અને ઇસ્લામ અને ઇમાનની રસમોને મજબુત કરતા, બેતુલમાલમાં જે હક્ક ગુલામોને મળતો તેટલોજ હક્ક પોતે લેતા, તો પછી સૈયદના હાતિમ કે જે અમિરૂલ મોઅમેનિનના દિલબંદોના નાયબ છે તે કેમ જુદી ચાલ ચાલે?

હવે મજકુર મોમિન બે કલાક બાદ સૈયદના હાતિમ જે મકાનમાં રહેતા હતા ત્યાં આવ્યો. મકાનમાં દાખલ થયો, સલામ બોલી આપ નામદારની ખિદમતમાં હાજર થયો. આપ હંમેશાંની રીત મુજબ તલબતોને ઇલ્મનો સબક પઢાવતા હતા, તે જોઇ તે ખડો રહ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ જનાબ તો મેં જે શખ્સને ઘોડાના તબેલામાં કામ કરતા જોયા હતા તેજ છે.

આ દ્રશ્ય નજરે જોઇ તેને શંકા થઇ કે આ દાઇ મારી ઉમેદ કઇ રીતે પાર પાડી શકશે તેનો વિચાર થયો છતાં તે પોતાના જનને તસલ્લી આપી થોડી વાર સબર કરી ખુદા ઉપર ભરોસો રાખી ઉભો રહ્યો.

આપનો સબક આપવાનો વખત પુરો થયો, તે પછી આપે અરજદારોની અરજ સાંભળવાનું કામ શરૂ કર્યું અને તે બેહુત મોમિનભાઇ જે બહાર ગામથી આવેલ હતા તેને બોલાવ્યો. અરજમાં તે ભાઇએ પોતાના ઘરની બનેલ બધી હકીકતથી આપને વાકેફ કર્યા અને ઘઉં સંબંધી બનેલી વાત કહી સંભળાવી. આ અરજ સાંભળી આપે તેને બેસવાનો હુકમ ફરમાવ્યો.

તરતજ આપ મોલાનાના હુકમથી દસ્તરખાન બિછાવવામાં આવ્યું અને તે બેહુત મોમિનભાઇને સાથે બેસવાનું ફરમાન થયું. આપની સાથે તલબતોના થાલો પણ થયા, સઘળા સાથે જમી રહ્યા બાદ આપ આવનાર બેહુત મોમિનની ખબર પુછે છે કે ભાઇ! "આપ બરાબર જમ્યાને"? ત્યારે બેહુતે સવાલ કર્યો કે, આમાં ઘઉંનું કયું જમણ હતું? આપે જવાબ આપ્યો કે ભાઇ! અમો સઘળા તો જવ ખાઇએ છીએ. પરંતુ તમોને અમારી પાસે બેતુલમાલના ઘઉં છે તેમાંથી આપશું. જાઓ તમારૂં વાહન લાવો અને તમો લઇ શકો તેટલા ઘઉં લ્યો. તે સિવાય બેતુલમાલમાંનો બીજો જે કંઇ સામાન જોઇતો હોય તે પણ લેજો. બેહુત મોમિનને બેતુલમાલનો કોઠાર બોલી આપ્યો અને એક માસ ચાલે તેટલા ઘઉં તથા બીજો માલ આપ્યો. અને ફરમાવ્યું કે, ભાઇ! તમોને જ્યારે જોઇએ ત્યારે અહીં આવજો. આ સઘળો માલ તમારા જેવા ભાઇઓનાજ હક્કનો છે. આ ઉપરાંત તે ભાઇને સૈયદના હાતિમે ચાવલ, તમરા વિગેરે આપી તેના દિલને ખુશ કીધું અને તેની ઉમેદને પુરી કરી. ખરેખર હકના દાઇની સીરત આવીજ હોય છે.

આપના નેક કામોથી સૈયદના હાતિમનું કબલ દુનિયામાં મશહુર થયું, આપે ઇલ્મની નહેરો જારી કરી, મોમિનોને સેરાબ કરી આબાદ કીધા, આપનું ઇજતેહાદ[1] દુનિયામાં રોશન થયું અને ઘણા યમની કબિલાઓએ આપની દાઅવતને કબુલ કીધી અને હોમેર તથા હમદાની, કબીલો આખો આપના મુરીદો બન્યા, અને હીસ્ન[2] કોકબાનના આપને માલીક બનાવ્યા. લોકોએ ખુદાની તાઅતનો મિસાક દીધો. આ ખબર સનઆ શહેરના સુલતાન અલી બીન હાતિમને પહોંચી કે મજકુર બન્ને કબિલાવાળા તથા બીજાઓ આપને માનવા લાગ્યા છે તથા દાઇની ખિજમતમાં દરેક વખતે હાજર રહી જાનને કુરબાન કરવા તૈયાર છે, ત્યારે સના શહેરનો સુલતાન ઘણોજ પરેશાન થયો અને દાઇનો દુશ્મન બની હસદની આગમાં બળવા લાગ્યો.

આ અદાવતના સબબ સુલતાને સૈયદના હાતિમપર ચઢાઇ કરી, દુશ્મન સાથે સૈયદનાના હુદુદોમાંનો એક કે જેનું નામ આહમદ બીન જુબેર છે તે સુલતાનના પક્ષમાં ભળી ગયો અને સૈયદનાની સામે લડ્યો. આ કારણસર આપને કોકબાનથી હિજરત કરી હરા-

૧. કોશીષ, ૨. કિલ્લો.

ઝમાં આવ્યું પડ્યું, હરાઝમાં આપની મદદે સના બીન યુસુફ થયા, સના બહાદુર લડવૈયા હતા, શુજાઅતમાં એક્કા હતા, તે દાઇની તરફમાં છેવટ સુધી રહ્યા, આપે સના બીન યુસુફને લશકરના સેનાપતિ બનાવી સુલતાન સામે લડવા મોકલ્યા, સુલતાનના લશકરમાંથી ઘણા લડવૈયાઓને હરાવી મુલ્ક અને લશકરનો કબ્જો લીધો અને તેમને વશ કર્યા. તે પછી બહાદુર સેનાપતિ સનાએ લોહાજનો મજબૂત કિલ્લો જે પહાડ ઉપર છે તે સર કર્યો. શહેરના લોકો સનાની બહાદુરીથી ખુશ થઈ અમાન સાથે આપને તાબે થયા અને આપે સર્વે લોકોને હિદાયત આપી સમજાવી મોમિન બનાવ્યા.

બહાદુર સેનાપતિ સનાનું તેના દુશ્મન બનુ હકમના કબીલાવાળાઓમાંથી કેટલાક ધર્મઝનુની બદમાશોએ રસ્તામાં દગાથી ખુન કર્યું. સનાના ખુનથી આપને તેમજ મોમિનીનને ઘણુંજ દુઃખ થયું.

સૈયદના હાતિમ યાઅબુર કબીલાનું લશકર લઇ બનુ હકમના કબિલાવાળાઓ જેઓ અફઘાનીસ્તાનના બહાદુર લડવૈયા જેવા બહાદુર અને કદાવર હતા, તેની સામે લડાઈ કરી, લશકરને તાબે કર્યું. શબામનો કિલ્લો સર કર્યો. આ કિલ્લો મરામત કરાવી યાઅબુર કબિલાવાળાઓને સોંપ્યો, તે પછી હતીબ નામનો મજબૂત કિલ્લો સર કર્યો. આ કિલ્લામાં આપે એક મજબૂત ભોંયરૂં બનાવ્યું તેમાં આપ દરબાર ભરતા, તલબતોનો પડાવતા, મોમિનોની અરજો સાંભળતા અને રાત્રે પોતાના મકાનપર તશરીફ લઇ જતા. આ ભોંયરૂં હાલ સુધી મોજુદ છે. હજ પર જનારા દરેક મુસાફરો તેને જોવા જાય છે. આ ભોંયરામાં આપે સતર કિતાબો લખ્યા છે જેના નામો નિચે મુજબ છે.—

૧. તંબીહુ-લ-ગાફેલીન.*
૨. મફાખીર વલ મઆશીર.
૩. મફાતીહુલ કુનુઝ.
૪. શુમુસુઝ ઝહીરા.
૫. તોહફતુલ કુલુબ.
૬. તોહફતુલ કોલુબ ફી તરતીબીલહોદુદ.
૭. મફાતીહુન નેઅમાત,
૮. જામેઉલ હકાયક.
૯. તઝકીરા.
૧૦. અન નકદ.
૧૧. મજાલીસુલ અઝહાર.
૧૨. અલ એહસાન ફી ખાલેકીલ ઇન્સાન.
૧૩. અલ-મસાલીક.
૧૪. મજાલેસુલ હાતિમિયાહ.
૧૫. મજાલીસ કબીર.
૧૬. ઝહરો બઝરીલ હકાઇક
૧૭. મસાબી હુ-લ-હકાઇક.

આપે સૈયદના મોહમ્મદ બીન તાહેરને આપના માઝુનનો રૂતબો આપી સના શહેરમાં મોમિનોને હિદાયત આપવા રાખ્યા, આપ હમેશાં મોમિનીનને હિદાયત આપતા, ઇલ્મ પડાવતા અને શરીઅતના અહકામો બરાબર સમજાવી મોમિનીનના દિલોને રોશન

* આ કિતાબનો ગુજરાતીમાં તરજુમા થયો છે, જે મોમિનો માટે ઘણોજ ઉપયોગી અને હિદાયત લેવા જોગ છે.

કરતા. તે વખતમાં સનામાં આપના ઘણા દુશ્મનો હતા, લોકોમાં વખતો વખત ઝઘડાઓ થતા છતાં આપ મોમિનીનના રહબર બની મુખાલેફુન સાથે બહેસ કરી તેમને સમજાવતા અને રાહેરાસ્તપર લાવતા. આપના વખતમાં કોઇ મુખાલેફુન બહેસ વાસ્તે આવતો તો તેને પ્રેમથી બોલાવતા, હિદાયત આપી સમજાવતા, કોઇ વખત મુખાલેફુન તરફ આપે અપશબ્દ કે તાના ઝની કરીજ નથી, એટલુંજ નહિ પણ હમેશાં આપ રીસાલાઓ બહાર પાડી લોકોને સમજાવતા અને મુખાલેફુનને જવાબ આપતા. આપે સના શહેર કે જ્યાં દુશ્મનોનું ઘણું જોર હતું ત્યાં રહી સાત રિસાલા બહાર પાડેલા છે, જેના નામ નીચે મુજબ છે.:—

૧. મજમુઉત તરબીયત બે ભાગ.
૨. રીસાલએ હકાએક.
૩. લુમાઉલ અનવાર.
૪. અનવારૂલ લતીફા.
૫. મુઝીહત લીરરશાદ.
૬. અલહાતેગીયાહ ફી રદ્દીલ મારેકીન.
૭. હકાએકુલ અલબાબ.

ઉપરના સાત રીસાલા આપે (માઝુન સાહેબે) બહાર પાડી મોમીન ઉપર અહેસાન કીધું છે. આપને વખતે ચારી આપી નહીં, આપ બીમાર થયા અને હીજરી ૫૮૪ શવ્વાલ તા. ૨૯ મી ઇરવી. ૬૬૮૮ માં વફાત થયા.

તે બાદ સૈયદના હાતીમે માઝુનના રૂતબામાં અલી બીન મોહમ્મદ બીન વલીદને કાયમ કીધા. આ માઝુન સાહેબે પણ સના શહેરમાંજ રહેવાનું કાયમ રાખ્યું અને વખતો વખત આપ સૈયદના હાતીમ પાસે સનાથી હરાઝ તરફ પધારતા અને મોમીનની હાલતથી આપને વાકેફ કરતા.

આપે આપના ફરઝંદ અરજ્જેમંદ સૈયદના અલીને આપના માઝુન સૈયદના અલી બીન વલીદના હાથમાં ઇલ્મની તરબીયત વાસ્તે સોંપ્યા. સૈયદના અલી ઇબ્ને સૈ. હાતીમ, સૈયદના અલી બીન વલીદ પાસે ઇલ્મ પઢવામાં કમાલ દરજ્જે પહોંચ્યા અને એટલી હદ સુધીનું ઇલ્મ હાંસીલ કર્યું કે આપના ઉસ્તાદ પોતાના શાગીર્દની ઇલ્મીયતના સમથ રાવી બન્યા અને ઇલ્મીયતનો કમાલ દરજ્જે હાંસીલ કર્યો.

જ્યારે આપની રહેલતનો વખત નજીક થયો ત્યારે આપે ચાહ્યું કે આપના માઝુન અલી બીન વલીદને આપની જગ્યા પર કાયમ કરે તેથી આપે આ ઇશારાને પોતાના માઝુનને જાહેર કર્યો. તરતજ માઝુન સાહેબે એક અરજી પેશ કરી કે મોલાના ! મારા આકા ! આપના દીલબંદ સૈયદના **અલી** મુજ ફકીરના ઇલ્મો આમાલમાં બરાબર છે તે ઉપરાંત સૈયદના અલી આપના ફરઝંદ હોઈ ફઝીલતમાં બરતર છે તે વાસ્તે ખુશાતઆત્મા નઝદીક મારી ઇલ્તેજા છે કે આપના ફરઝંદ આપના મનસુબા બને અને હું આપની ઝબાન મુબારકથી તે નસના અમરને સુનો ખુશ થાઉં.

ઉપરની આપના માઝુન સાહેબની અરજથી સૈયદના હાતિમ ઘણોજ ખુશ થયા અને ફરમાવ્યું કે જ્યારે આદમ અ. સ. ની તાઅતના અમરથી દરેક શરીરતાઓને ભારે લાગ્યું ત્યારે આપ મારા ફરઝંદની તાઅતનો શોખ બતાવી મલાએકતથી વધીને થયા. અજબ આપની હીમ્મત ને સખાવત. મતલબ કે દાઈ સૈ. હાતીમે પોતાના માઝુન સૈયદના અલી બીન વલીદની ખાહીશ મુજબ દરેક ઓલોમા ફોઝોલાઓને બોલાવી પોતાના ફરઝંદ સૈયદના અલી પર નસ્સે જલી કરી દાઅવતનો કારોબાર સોંપ્યો.

સૈયદના હાતીમ હીસ્તે હતીમમાં હીજરી સન ૫૯૬ મોહરમની તા. ૧૬ મી ઠરવી. તા. ૭-૧-૧૧૯૯ માં વફાત થયા આપના વફાતથી મોમેનુન તથા મુખાલેફુન દરેક કોમમાં ઘણોજ ગમ થયો કારણ આપ દરેકના મદદગાર યારીદિન હતા અને દરેક પ્રત્યે આપની અત્યંત લાગણી રહેતી મુખાલેફુનના દીલોમાં પણ આપના વફાતથી ઘણોજ સદમો પહોંચ્યો છે, આપનું કુટુંબ મોટુ હતું આપના બાવાજીનું નામ દાઇ સૈયદના ઇસ્માહીમ બીન હુસેન બીન અબીલ મસઉદ બીન યાઅકુબ અલહામેદી છે.

આપની દાઅવત ૩૮ વરસ ૫, મહીના છે. ક. ૩.

૪. સૈયદના અલી બીન સૈયદના હાતિમ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના હાતિમના બાદ આપના ફરઝંદ સૈયદના અલી દાઅવતે હાદિયાના તખ્તપર જલ્વાનુમા થયા. આમ આપના બાવાજીના દાઇલ હિજરત હિસ્તે હતીમ નામના કિલ્લામાં રહ્યા, ત્યાં આપ હંમેશાં મોમિનીનને શરીઅતની પાબંદીની તાકીદ કરતા, નાહિ* (ન કરવાના કામો) કરવાથી લોકોને ડરાવતા અને નેક કામ કરવાનો માઅરૂફનો **અમર** ફરમાવતા. આપનો શરીઅતના એહકામપર ચાલવાનો અમર કેટલાક મોમિનોને ભારે લાગતો તેથી આપસમાં મતભેદ ઉભો થતો, કજીઆઓ થતા ઉપરાંત યાઅબૂર કબિલામાં પણ જહાલતના સબબ નામના મોમિન બાકી રહ્યા જેઓ હમેશાં ઝગડાઓ કરતા હતા.

* **નાહિ** અને **માઅરૂફનો અમર** શરીઅતે ગરજના બાસ શબ્દ છે. નબી સાહેબ હર વખત શરીઅતના બેરના કામો કરવા માટે **માઅરૂફનો અમર** અને બદીના કામો ન કરવા માટે **નાહિ** શબ્દ વાપરતા. દાખલા તરીકે કુરઆન શરીફ સુરતુતૌબા આયાત ૧૧૨ માં છે કે "અલઆમેરૂના બીલ માઅરૂફે વન્નાહુના અનીલ મુનકરે વલહાફેઝુના લેહોદુદીલ્લાહે વબ્શ્શેરીલ મોઅમેનિન". તેઓ (ઇમામો અથવા દોઆતો) કેવા છે ? અર્થ:-સારા કામનો હુકમ કરનાર, દુષ્ટ કામની મના કરનાર અને ખુદાના નિયમો સાચવનાર છે અને આવા મોમિનોને સારા સમાચાર આપ્યા.

આવી હાલતમાં સૈયદના અલીને હરાઝમાં રહેવું મુસ્કીલ થયું, ચારે બાજુએથી મુખાલેફુન તથા કહેવાતા મોમિનીન આપને સતાવવા લાગ્યા, તેથી આપને સના શહેર તરફ હિજરત કરવી પડી. ત્યાર બાદ આપના માઝુન સૈયદના અલી બીન મોહમ્મદના મુકામ પર આપે પોતાનું દાઇલ હિજરત રાખ્યું. સૈયદના અલી બીન મોહમ્મદ માઝુન સાહેબે દાઇની ખુબ હીફાઝત કીધી અને આપે ત્યાં રહી કિસાલાઓ બહાર પાડી અને વાએઝો સંભળાવી, હિદાયત આપી કુલ મોમિનોને બખબરદાર કર્યા અને બાસ કરીને યાઅબુર કબિલાના મોમિનોમાં જ્યાં નામનુંજ ઇમાન બાકી રહેલ હતું ત્યાં રસુલો મોકલ્યા, લોકોને ઇમાનની સલામતી વાસ્તે ચેતવ્યા; પણ જે દિલોમાં નીફાકીનો કાટ ચડેલો હોય તે કયાંથી નીકળે ? " અલ્લાહો યાહદી મંય યશા " (ખુદા જેને ચાહે તેને હિદાયત આપે) આ હાલત યાઅબૂર કબિલાના લોકોની થઇ તેથી તેઓને હિદાયતની કાંઇ અસર થઇ નહિ. સમજતા અને પાછા જેવાને તેવા થઇ જતા. જાહેલ અને બુગઝ દિલોને કયાંથી અસર થાય ?

અસ્તગરઝ ઘણી તકરારો અને ખુનરેજી બાદ યાઅબૂર કબિલાવાળાઓએ હાતિમ બીન સબા કે જે તે વખતે સના શહેરનો સુલતાન હતો તેને કતલ કર્યો. અને આપે જ્યારે મોમિનીનમાં ઘણોજ ઇખ્તેલાફ જોયો ત્યારે આપે સનામાં દાઅવતે હાદિઆને મજબુત કરવા વાસ્તે કલ્મની તરેજ જારી કીધી. કલ્મથીજ મોમિનીનને સમજાવતા રહ્યા. આપના માઝુન સૈયદના અલીને આપે મોમિનીનની તરબીયત વાસ્તે કુલ પાવર આપ્યો અને ત્યાંના શરીફોને તાબે કરવાનો અમર પણ સૈયદના અલી (માઝુન) સાહેબને ફરમાવ્યો.

આ મુજબ દાઅવતની રખેવાલી કરવામાં આપે ઘણી જાતનો મુસિબતો સહન કરી દાઅવતને આબાદ કીધી તે અરસામાં ત્યાં આપસમાં કુટુંબ કલેશ ઘણોજ વધેલ હોવાથી સૈયદના અલી બીન હાતિમના ભાઇઓમાં સલાહ કરાવવા વાસ્તે આપ હિસ્તે ઝમરમુર કિલ્લામાં પધાર્યા અને સલ્તનત સંભાળવા આપસમાં કોલકરાર કરવામાં આવ્યા. આપ અહિંઆ ઘણો વખત તન્દુરસ્તી સાથે અમાનમાં રહ્યા. આપે રોઝતુલ એહકામ નામનો કીતાબ તસનીફ કર્યો છે. બાદ અહિં આપ બિમાર થયા એટલે આપને હીસ્તે ઝમરમુથી સના શહેરમાં મિયાનામાં લાવવામાં આવ્યા ત્યાં આપે આપના કુટુંબોને જમે થવાનો હુકમ ફરમાવ્યો. સવારના રૂબરૂ આપે આપના માઝુનપર નસ કીધી અને આપ હી૰ ૬૦૫ જીલકાદની તા. ૨૫ મી વાર શનિ બ૰ ૧૨૦૯ માં વફાત થયા. એમ કહેવાય છે કે આપ ઝહેરથી શહીદ થયા છે. (મોસમે બહાર જીલ્દ ત્રીજી પાનું ૫૮).

આપની દાઅવત કુલ ૯ વરસ ૧૦ મહિના અને ૧૦ દિવસ રહી છે. આપનું લકબ શમસુદ્દીન છે. ક૰ ૩૦

૫. સૈયદના અલી બીન મોહમ્મદ બીન વલીદ (યમન) ની ટુંક ઝીકર.



અખ્બાર નવેશ લખે છે કે, સૈયદના અલી પછી આપના માજુન સૈયદના અલી બીન એ હમ્મદ દાઅવતે હાદિઆની ગાદી ઉપર બિરાજમાન થયા. આપના વખતમાં મોમિનોમાં જે નાઇત્તેફાકી અને વસવસાઓ પડેલા હતા તે આપે ઇલ્મરૂપી નહેર જારી કરી, સઘળાઓને હિદાયત આપી, દલીલોથી સમજાવી રાહેરાસ્તપર લાવ્યા, તે ઉપરાંત આપે વણ જઝીરા યમન, સીંધ અને હિંદમાં હિદાયતના રસ્તા જારી કીધા. આપે **સના** શહેરમાં રહેવાનો મુકામ રાખ્યો અને કેટલાક કબિલાના સુલતાનો જેવા કે, હમદાન કબીલો, બાઅકૂર કબીલો વિગેરેના રહીસો આપનો હુકમ બજાવવા તૈયાર થયા. આપે સૈયદના હાતિમ અને સૈયદના અલી બીન સૈયદના હાતિમની ખીદમત કરી નામના મેળવી હતી. આપનું ઇલ્મ, અમલ, અખ્લાક, અદબ, પરહેઝગારી, તકવા, બુઝુર્ગી, દુનિયાના વલી શબ્દોમાં ઉદાહરણરૂપ છે.

આપના બુઝુર્ગ નાના ઇબ્રાહીમ બીન સલમા બીન વલીદ બીન અકબાએ ઇમામના વખતમાં સુલેહી દાઇઓની જે રીતે ખીદમત કરી હતી તેજ પ્રમાણે આ દાઇએ સૈયદના હાતિમ અને સૈયદના અલીના વખતમાં દાઅવતની ખીજમત બજાવી છે અને આપના ગુણો અને સીરતની તારીફ સૈયદના હાતિમ અને સૈયદના અલી હરવખત ફરમાવતા. આપ વલીદ બીન અકબાના કુટુંબમાંથી સતરના પહેલા દાઈ થયા છે જેનો ઇશારો નબી સ. અ. એ કરેલ હતો તેની ટુંક રિવાયત આ નીચે આપી છેઃ—

રિવાયતમાં છે કે, નબી સાહેબના વલીદ બીન અકબા નામના એક દુશ્મન હતા, જેને અદાસ નામનો ગુલામ હતો. જ્યારે નબી સાહેબ ખુદાનું દીન ફેલાવવા માટે દરેક જગ્યાએ ભાષણો કરી શરીઅતને સમજાવતા હતા ત્યારે લોકો આપના ઉપર પથ્થરો ફેંકતા. એક વખત તાઇફ શહેરમાં આપ ભાષણ કરી રહેલ હતા, તેવામાં આપના ઉપર કેટલાકોએ પથ્થરો ફેંકયા, જેના સબબ આપને માથા ઉપર સખ્ત ઇજા થઈ અને ખુન નીકલવા લાગ્યું. એટલે આપ રાહત લેવા માટે શહેર બહાર મજદુર વલીદ બીન અકબાના બગીચામાં બેઠા, ત્યાં આપે ખુનને સાફ કીધું, જરા આશ્વાસન લીધો, બાદ આપને પાણીની પ્યાસ થઈ, જેથી તે બગીચાના માળી અદાસ પાસે આપે પાણીની તલબ કીધી.

મજદુર બગીચાના નીગેહબાન ગુલામ અદાસે પોતાના માલીક પાસે જઇ વાત કરી કે, "એક અજનબી માણસ જખ્મી હાલતમાં આપણા બગીચામાં બેઠેલા છે અને પાણી માંગે છે" આ સાંભળી તે બગીચાના માલીક વલીદે તે અજનબી માણસની સારવાર કરવાનો પોતાના ગુલામને હુકમ ફરમાવ્યો અને પાણી બદલ બદાર દાણા ઉમદા દ્રાક્ષના

મોકલ્યા. તે દ્રાક્ષના દાણાઓ લઈ મજકુર ગુલામ આપની પાસે આવ્યો અને તેના માલીકે આપેલ બદાર દ્રાક્ષના દાણા આપને આપ્યા. આપે તે ગુલામને પુછ્યું કે ભાઈ! આ દ્રાક્ષના દાણા કોણે આપ્યા? ગુલામે કહ્યું. મારા માલીક વલીદ બીન અકબા જે આ બગીચાના માલીક છે તેણે આપ્યા છે. આપે તે વલીદ માટે દોઆએ ખેર કરી. આ કિસ્સાથી અદાસ ગુલામ ઇસ્લામ લાવ્યો. ગુલામ અદાસના ઇસ્લામ લાવવાની વલીદને ખબર પડી કે આ માણસતો નવો ધર્મ ફેલાવનાર બદગર છે તેથી નબી સાહેબને ત્યાંથી રવાના કરી દીધા (તારીખે ઇસ્લામી પાનું ૫૬).

આ કિસ્સા પછી નબી સાહેબની દુઆએ ખેરના સબબ વલીદના ફરઝંદ અબી સલમાં નબીની શરીઅતના સહાયક બન્યા, તેજ મુજબ તેના કુટુંબમાંથી એક પછી એક ફરઝંદો આલે મોહમ્મદના ખાસ સહાયક બનતા આવ્યા છે અને સતરના ઝમાનમાં જે **અદાર દોઆતુલ મુત્તલકીન** કુરેશ કબીલાના થયા છે તે વલીદ બીન અકબાની નસલના છે; જેના પાક નામો ૫૬ દોઆતોના નામોમાં શામીલ છે.

રિવાયતમાં છે કે, સૈયદના અલી બીન મોહમ્મદીસ્સુલેહી જે દાઈ બલાગ હતા, તેમણે સૈયદના અલી બીન મોહમ્મદના નાના મોલાના ઇબ્રાહીમ બીન અબી સલમાને હઝરતે મુસ્તનસિરયાહમાં યાને ઇમામ મુસ્તનસિર બિલ્લાહ પાસે પોતાના વકીલ કરી યમન તરફ મોકલ્યા, મોલાના ઇબ્રાહીમ પોતાના દાદાના હુકમ મુજબ ઇમામ અ. સ. ના કદમબોસીની ઉમેદમાં વતનથી નીકલી મીસર આવ્યા અને ઇમામી દરબારમાં સલામી વાસ્તે હાજર થયા. બાઅદબ સલામ કરી પુરી કમાલ સાથે ઇમામ અ. સ. ને દાઇલબલાગ સૈ. અલી બીન મહમ્મદ સુલેહીએ જે વકાલત સોંપી હતી તે આપે અબુથી ઇમામના રૂબરૂ જાહેર કરી, આથી ઇમામ અ. સ. ઘણાજ ખુશ થયા અને થોડા વખત માટે ત્યાંજ રહેવાનો હુકમ ફરમાવ્યો.

રિવાયતમાં છે કે, એક દિવસ સૈ. ઇબ્રાહીમને એકાએક બુખાર (તાવ) આવ્યો, અને આપને બેચેની વધવા લાગી, આપની બિમારીના ખબર ઇમામ અ. સ. ને પહોંચાડવામાં આવ્યા, તેજ વખત ઇમામ અ. સ. એ એક મિસરી પાર્ણુનો કુજો મંગાવ્યો, તેમાં આપે પાણી ભરી બુદાઈ કલામની બરકત બોલી મોલાના ઇબ્રાહિમ તરફ તે કુજો મોકલાવ્યો અને તે પાણી પીવાનો અમર ફરમાવ્યો. અમરે બંદગી તે પાણી પીવાના સાથેજ આપને બિમારીથી શીફા થઈ અને પરવરદિગારનો શુકર અદા કર્યો.

ત્યાર બાદ આપ તે પાણીના કુજાને બહુજ સંભાળીને રાખતા અને કોઈ પણ બિમાર આપ પાસે આવતા તેને તે કુજાનું પાણી આપતા, જેથી ખુદાના ફઝલથી બિમારને શીફા થઇ જતી.

આપ મિસરથી પોતાના વતન યમન તરફ તશરીફ લઇ ગયા. ત્યાં જે કોઇ બિમાર આપના પાસે આવતું તેમને તે કુજામાંથી પાણી આપતા, તેથી યમનના કઇક બિમારોને

શીફા થઇ છે, ઇત્તેફાક તે કુજ્જે આપના હાથમાંથી પડવાના સબબ તુટી ગયો, જેથી આપ ઘણુજ નારાજ થયા. ત્યાર બાદ આપે આ કુજ્જની માટીને પોતાના સાથે દફન કરવાની વસિયત કરી.

આપના ખાનદાનમાં કુલ્લ ૧૮ દાઇઓ થયા છે, દરેક દાઈ કમાલને પહોંચ્યા છે. આપ કુરેશ કબિલાના ખાનદાનમાંથી છે. " જલેકા ફઝલુલ્લાહે યુચતી મંયયશ.ઓ વલ્લાહો ઝુલ ફદ્લીલ અઝીમ " યાને તે તો ખુદાનું આપેલ ફઝલ છે કે તે જેને ચાહે તેને મુદ્દા બક્ષે. કારણ, ખુદ ખુદા ફઝલનો ધણી છે.

સૈયદના અલી બીન મહમ્મદ દાઅવતે હાદિઆના બાની બન્યા, ઇમામી દાઅવતના બાગના માલી થયા, દાઅવતને પૂર જોશમાં કાયમ કીધી અને દાઅવતનો ઇન્તેજામ ખુબી સાથે બરાબર રીતે ચલાવવા લાગ્યા.

આપે આપના યારદિન તરીકે સૈયદના અલી બીન હનઝલાહને માઝુન બનાવ્યા, દાઅવતમાં ઇખ્તેલાફ ન રહ્યો અને સૈયદના અલી બીન હાતિમના વખતમાં મોહમ્મદ બીન અહમદ આહવરી જે દીનથી ફરી ગયો હતો તેને હિદાયત મળવાથી પાછો દાઅવતે હાદિઆમાં શામીલ થયો. આ શખ્સના હાલત પર રહેમ કરી મોલાએ દાઅવતે હાદિયાહના હરમમાં રહેવા દીધો, પણ ફરી શૈયતાને તેને બહેકાવ્યો અને પોતાના વતન જઇ સેહાબ ગામમાં થોડી મુદત બાદ **દાઇનો દાવો કરી મુદ્દઇ થયો** અને કહેવા લાગ્યો કે " સૈયદના અલી બીન મોહમ્મદ દાઇ નથી પણ હું દાઇ છું. તમામ મુમેનુન મુમેનાતનો હું દાઈ છું ". એવો દાવો છેવટ સુધી કર્યો.

આપ (સૈયદના અલી) સના શહેરમાં રહેતા. અને કોઈ કોઇ વખત હિસ્ને ઝમરમુર નામના કિલ્લામાં જતા અને કોઇ વખત અરૂસ બાજુના ગામોમાં ફરતા અને દાઅવતને મજબુત કરતા.

આપની ઉમર લગભગ ૧૦૦ વર્ષના આશરે હતી, આપ છેવટ સુધી તંદુરસ્ત હતા. કોઇ પણ અંગવાએામાં ઝોઅફત કે એબ નહોતો આવ્યો, આપ નમાઝ માટે હમેશાં મસજીદમાં પધારતા, કિતાબોની તાલીફમાં, ઇલ્મ અને અમલ એવે ઇબાદત પુરી તોરથી સંભાળતા, આપે દાઅવતે હાદિયાના કુલ અઠાર કિતાબો લખ્યા છે જેના નામો નિચે મુજબ છેઃ—

૧. દામેગુલ બાતીલ.
૨. દીયાઉલ અલબાબ.
૩. અલ ઇઝાઉલ તબઇન.
૪. જીલાઉલઓકુલ.
૫. મુબ્તસરૂલ એાસુલ.
૬. મુલહેકતુલ અદહાન.
૭. નીઝામુલ વેાજુદ (જેમાં દાઇના હુદુદોની ઝીકર તથા નામો છે).
૮. તોહફતુલ મુરતદ.
૯. રીસાલા ફી માઅનીલ ઇસ્મેઆઝમ.
૧૦. લુબ્બાલોબુલ ફવાઇદ.
૧૧. અઝઝખીરા.

૧૨. અલમજ્લેસુનનાસે વલ્લ બયાન.
૧૩. અદદીવાન.
૧૪. લુબ્બુલ મઆરીફ.
૧૫. તાજુલ અકાઇદ.*
૧૬. અલમુફીદો ફી ઇઝાહીલ કસીદા.
૧૭. મીઝાનુલ હકાઇક.
૧૮. અલ ઇઝવાહે વત તફસીર.

આ પ્રમાણેના આપે અઢાર રિસાલાઓ મોમિનોને શરીઅતના એહકામો સમજવા માટે લખ્યા છે.

અમરે ઇલાહી આપને વખતે યારી આપી નહિ તેથી આપે આપના તમામ હુદુદોને તથા મશાએખોને બોલાવી જમા કીધા, સઘળાના મજમા દરમ્યાન આપના માઝુન સૈયદના હનઝલાને આપે આપના કાયમ મુકામ બનાવીને નસ્સે જલી કરી દાઅવતે હાદિયાનું નીશાન સૈયદના અલી બીન હુંનઝલાને સોંપ્યું.

આપ હિજરી સન ૬૧૨ શહેરે શાબાનની તા. ૨૭ મી ઇસ્વી ૧૨૧૫ હરાજ ઇબાકાના અગમુર ગામમાં વફાત થયા અને ત્યાંજ આપને દફન કરવામાં આવ્યા છે. આપની દાઅવત ૬ વરસ ૯ મહિના અને ૩ દિવસ રહી. ક૦ ૩૦

૬. સૈયદના અલી બીન હનઝલા અલવાદેઇ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના અલી બીન હનઝલા સૈયદના અલી બીન મોહમ્મદના બાદ કાયમ મુકામ થયા અને દાઅવતે હાદિયાની લગામ પોતાના હાથમાં લીધી અને ફજરની રોશનીની મીસલ આપ જાહેર થયા.

આપના ઇલિમિયતના સબબ દરેક ગામોમાં આપના વખાણ થવા લાગ્યા અને દરેક જગ્યાના મોમિનોને આપે ઇલ્મની બરકતથી સેરાબ કીધા. નુજુમના ઇલ્મમાં આપ કમાલીયત દરજ્જે પહોંચ્યા હતા, આપનો મિજાજે અકદસ (ઉંચા ખ્યાલ) અખલાક (ચાલચલણ) અને મળતાવળાપણાના સબબ આપનું લોકોમાં ઘણુંજ માન વધ્યું, એટલુંજ નહિ પણ તે વખતના ઉંચા ખાનદાનના મોટા લોકોએ આપની ઘણીજ કદામત કરી અને આપના તવાઝો (નમનતાઈ) ના સબબ ગુરૂરવાળા લોકોના દિલો નરમ બન્યા અને મોહબ્બત અને સદાકત (સચ્ચાઇ) ના સબબથી બની હાતિમના અમીરોને આપે મહાત કર્યા, ઝમરમુરના રઇસોને પોતાના કર્યા સના શહેરના બની અયુબના હાકેમોને નરમ કર્યા. આ રીતે લોકો આપના હુકમને દીલો–જનથી માન આપતા અને દરેક અમર માથે ચડાવતા.

આપ સૈયદના હાતિમના રીવાજ પ્રમાણે તાલેજૂનને હમેશાં ઇલ્મ પઢાવતા, ગામેગામના અરજદારોની અરજ સાંભળતા, તે વખતમાં આપના કારોબાર વિરૂદ્ધ કોઇને કંઈ કહેવાનું કારણ નહોતું, કારણ આપના ફઝલનો સઘળા લોકો ઇકરાર કરતા હતા.

* આ કિતાબનો તરજુમો ઇંગ્રેજી ભાષામાં રશીયન અરબીના પ્રોફેસર બી૦ ડબલ્યુ, ઇવેનોફે છપાવી બહાર પાડેલ છે, જે મુંબઇમાં ગ્રેટ વેસ્ટર્ન પ્રિન્ટીંગ પ્રેસ મુંબઇ ૧ ટેકાણેથી મળે છે.

આપ દાઅવતની સંભાળ વાસ્તે યમન, સીન્દ અને હિન્દમાં આમિલોને મોકલતા. અને હરવખત મોમિનીનના જન–માલની હિફાઝતનો ખ્યાલ રાખવાનો અમર ફરમાવતા અને દરેક આમિલોને હરામ હલાલની તમીઝ વાસ્તે તાકીદ કરતા, દાઅવતમાં કોઈ તરેહનો ઝોફ ન આવે એજ વિચાર આપને હમેશાં રહ્યા કરતો અને દિનના કામોમાં આપનો દરેક અમર ખુદાના ફઝલથી પુરો થાતો.

આપના વખતમાં મજ્દીયાહ પીરકાના લોકોનું ઝોર ઘણું હતું કે જે મજ્દીયાહ પીરકો ઇમામ આમીર અ. સ. ના વખતમાં હી૰ પર૬ માં અબ્દુલમજ્દ જેને ઇમામ આમીર અ. સ. એ મુસ્તવદા ઇમામ બનાવ્યા હતા, (તે અબ્દુલમજ્દ મોલાના આમીર બિલ્લાહના કાકાનો દિકરો ભાઇ થાય), તેણે પાછળથી ઇમામતનો દાવો કરી મજ્દીયાહ પીરકો ઉભો કર્યો હતો, તેના માનનારાઓ દિવસે દિવસે વધતા ગયા હતા. તે મજ્દીયાહ પીરકાના ઓલોમાઓ સાથે આપે હુજ્જત કરી. લોકોને ચોટલા સમજાવ્યા કે જે લોકોએ તે પીરકાનો સ્વિકાર કર્યો હતો તેઓએ પાછો હકની દાઅવતનો ઇકરાર કર્યો. ફક્ત નામનાજ **મજ્દીયાહ** બાકી રહ્યા અને હસદના સબબ જે થોડા લોકો બાકી રહેલ હતા તેઓને આપે શરીઅતની રીતથી સમજાવી ઠંડા કરી દીધા. આ પીરકાનો અંત આ દાઈના હાથપર ૧૦૦) વરસે થયો છે. એટલે કે હી૰ પર૬. અબ્દુલમજ્દે ઇમામ આમીર અ. સ. ના વફાત પછી શરૂ કર્યો અને દાઇ સૈ. અલીના વખતમાં હી૰ ૬૨૬ માં ખતમ થયો.

આપ હમેશાં ઓલોમાઓ કે જેઓ હકને પહોંચેલા હતા, તેઓને તેમના ઇલ્મની લ્યાકત પ્રમાણે દરજ્જાઓ આપતા. તેમજ ઇલ્મે હકીકતના ઇમ્તેહાન લઇ તેમને દરજ્જે ચડાવતા.

આપના વખતમાં દુનિયાના રાજ્યોમાં ઘણી લડાઇઓ થઇ છે, પણ ખુદાના ફઝલથી તે વખતે આપને જરા પણ ઈજ્જા થઈ નથી, કે દઅવતને જરા પણ નુકશાન થયું નથી.

આપની બાજુમાં હમેશાં સૈયદના આહમદુલ મુબારક અને સૈયદના હુસેન બીન સૈ. અલી બાઝુદાર રહેતા. આ બંને સાહેબો હરવખત મોલાનાની હાલ બનીને રહેતા, આપે હકીકતના ઇલ્મમાં "**સીમતુલ હકાએક**" નામનો કિતાબ તથા "**દીઆઉલ હોલુમ**" નામના કિતાબો લખેલ છે.

આપની ઉમર તમામ થવાના વક્ત નજીક થયો એટલે આપે કાનુન મુવાફીક સઘળા હુદુદો અને મશાએખોને હાજર થવાનો હુકમ ફરમાવ્યો. તુરતજ સઘળા હાજર થયા અને દઅવતે હાદિયાની મસનદપર સઘળાના રૂબરૂ સૈયદના અહમદુલ મુબારકને નસ્સે જલી કરી દઅવતના તખ્તપર બિરાજ્યા.

આપ યમનના **હમદાન** ગામમાં હી૰ ૬૨૬ રબીઉલ અવ્વલની તા. ૧૨ મી ઇ૰ ૧૨૨૯ અને શનિવારે વફાત થયા, ત્યાંજ દફન થયા. આપની દાઅવત ૧૩ વર્ષ ૬ મહિના ૧૫ દિવસ રહી. ક૰ ૩૦

૭. સૈયદના આહમદ બીન મુબારક (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના આહમદ બીન મુબારક સૈ. ના અલી બીન હનઝલા પછી હિદાયતના શાહી તખ્ત અને દાઅવતે હાદિયાની મસનદ પર બિરાજમાન થયા આપે તમામ જઝીરામાં આપની દાઅવતે હાદિયાના આમીલોને બશારતનામા લખ્યાં.

આપના વખતમાં જેઓ ગુમરાહીના રસ્તા ઉપર હતા તેઓને આપે હિદાયત આપી સમજાવ્યા, હરામથી બચવા અને હલાલના કામો વાસ્તે તાકીદ કરી, મોમિનુનમાં ભાઈચારાનો વધારો કર્યો, સઘળાઓને હિદાયતના રસ્તા બતાવ્યા અને શરિઅતના ઓમુર પ્રમાણે ચાલવાની તાકીદ કરી.

આપના દીની અમરને લઇ ઉઠનારને આપ હમેશાં જન્નતનો શોક બતાવતા અને લોકોને રાહે રાસ્ત પર ચાલવા માટે હમેશાં રગબત આપતા.

રાત દિવસ આપને શરિઅતના અમર અને કુરાનની તિલાવત સિવાય બીજું કંઇ જ પસંદ નહોતું. આપે દુનિયાને બિલકુલ તજી દીધી અને દુનિયાના મોજ શોખનો ખ્યાલ આપે કદી કીધો નથી.

આપે આપના બાજુદાર, યારીદોસ્ત આપના કાકાના ફરઝંદ સૈ. હુસેન બીન સૈ. અલી બીન મોહમ્મદને **માઝુન**નો રુતબો બક્ષ્યો અને સૈ. આહમદ બીન અલી બીન હનઝલાને **મુકાસીર**નો દરજ્જો ઇનાયત કીધો. આપને વખતે યારી આપી નહિ, આપનો રહેલતનો વખત કરીબ થયો. તે વખતે આપે સર્વે કોઝોલાઓ, હોદ્દો અને મશાએખોને જમા કીધા, બધાની વચ્ચે આપે અઝીમુશ્શાન બયાન ફરમાવી આપના કાકાના ફરઝંદ સૈયદના હુસેન બીન અલી પર નસ્સેજલીનો ખુતબો પઢયો અને આપના કાયમ મુકામ બનાવ્યા. આપે જુદી જુદી રીતે ઉલમાઓને વાએઝના તોર પર કાગળો લખ્યા છે. આપનું વફાત હમદાન ગામમાં હી૰ ૬૨૭ જમાદીઉલ આખરની તા. ૨૭ મી ઇસ્વી ૧૨૩૦ રવિવારે છે. ક૰ ૩૦ આપની દાઅવત ફક્ત એકજ વરસ રહી છે.

૮. સૈયદના હુસેન બીન સૈયદના અલી બીન મોહમ્મદ (યમન) ની ઝીકર.

અખ્બારમાં છે કે સૈયદના અહમદ બીન મુબારકના બાદ આપના કાકાના ફરઝંદ માઝુન સૈયદના હુસેન દાઅવતે હાદીઆની મસનદ પર બીરાજ્યા અને દાઅવતની લગામ આપના હાથમાં લીધી. શરીઅતે ગરરા (રોશન) ની મોહોર (લગામ) ને પોતાના હાથમાં લીધી અને ઇમામીઝ્ઝમાનના નાયબ બની દાઅવતે હાદીઆના તખ્ત પર જલ્વતુમા થયા.

આપને હર વખત ઇલ્મની પઢાઈની ફીકર રહેતી અને ઇલ્મ શીખવવા વાસ્તે આપ ઘણુજ મુનતજીર રહેતા. મોમિનોને અખલાક અને અદબ દેવા વાસ્તે મશગુલ રહેતા, હાજતમંદોની હાજતરવાઈ હિમ્મતના સાથે કરતા, હમેશાં સખાવતમાં મશગુલ રહેતા, એટલી હદ સુધીની આપે સખાવત કરી છે કે શહેરના મહોટા અને પૈસાદારો આપની આવી સખાવતના મઝમ્મ શરમના મારે ઝલીલ થઇ જતા. આપની ઝબાનમાં એટલી મીઠાસ અને ફસાહત હતી કે લોકો આપની હિદાયત સાંભળી અજબ થતા.

આપ આપના વતન સના શહેરમાં રહેતા અને ત્યાં આપની ઇલ્મી હયાકતના સમય દરેક મઝહબના ઓલેમાઓ અને કબીલાના વડાઓ આપના અમરને માન આપતા અને જે કોઇ આપની પાસે દાદ લેવા આવતા તેઓની મુરાદો આપ પુરી કરતા.

આ સિવાય ગસસ્તાનના અમિરો, યની હાતિમના શાહ અને શહેરના મોટા મોટા રહીસો આપની બીજમતમાં હાજર થતા, શરીઅતના અહકામોને લઈ ઉઠતા અને ખુશ થાતા.

આપની નેકદીલી અને તવાઝોથી યની હાતિમ આપના ઉપર ફીદા થયા અને આપને સના શહેરથી પાછા ઝમરમુરમાં પધારવાનો આગ્રહ કર્યો.

ઝમરમુરમાં આવેયાકુત અંદર દાકરીસા નામનો મોહલ્લો કે જ્યાં આપનું મકાન હતું ત્યાં આપે રહેવાનું પસંદ કીધું.

આપે આપના બાકુદાર અને યારદિત દાઅવતે હાદિઆના કુલ ઓમુરની બીદમત વાસ્તે માજુન તરીકે સૈયદના આહમદ બીન સૈયદના અલી બીન હનઝલાને કાયમ મુકામ બનાવ્યા. આપે માજુન સાથે રહી પુરી કોશિસના સાથે ઇલ્મની નહેર જારી કરી અને ઇલ્મરૂપી પાણી પાઇને દાઅવતે હાદિઆની ખેતીને તાઝી કરી. આ બંને સાહેબોએ દાઅવતે હાદિઆની દિવાલોને ચારે બાજુ મજબૂત બનાવી.

આપ હમેશાં લોકોને ઇલ્મ લેવાની હોંસ આપતા અને ફરમાવતા કે **"અલ્લ ઇલ્મો ખૈરૂન મીનલ માલ"** યાને ઇલ્મ માલમત્તા કરતાં ઘણુંજ મોટું ખેર છે. ઇલ્મ સલ્તની દોલત છે, માલ ફાની છે, ઇલ્મ જવતની સીડી છે. આપ હમેશાં ઇલ્મની વાતોમાં મશગુલ રહેતા અને આપનો કારોબાર ઇલ્મી તેહજ (રસ્તે) હતો. આપ આપના કુલ હુદુદોને તેમના ઇલ્મના પ્રમાણમાં કરામત આપતા અને બયાન પણ ઇલ્મના તોર પરજ ફરમાવતા, કોઇ પણ સવાલનો કરનાર આપની પાસે સવાલ કરતો તો તેને બખુબી શરીઅત પ્રમાણે સમજાવી સંતોષ આપી વિદાય કરતા.

આપે **"કીતાબુલ અકીદા"** નામનો રીસાલો બનાવ્યો છે, જેમાં દરેક હુદુદોની તરતીબની ઝીકર ફરમાવી છે અને એક પછી એક એમ તરતીબનું વર્ણન કરેલ છે. તે ઉપરાંત આ રિસાલામાં આપે નીચે મુજબ ફરમાવ્યું છેઃ—

" મારી દાઅવતમાં જેટલા હુદુદો છે તે દરેકની હદ **મમલુકે આલે મોહમ્મદે** તેમના ઇલ્મની ફઝીલત મુજબ તરતીબ આપી છે, મારા બાદ મારા ઇતબાના વારીસ અલ્લ માજુન કાઝીઉલ અજ્જલ અને સૈયદુલ અલ્લામતુલ અફઝલ અહમદ બીન દાઇ અલી બીન હનઝલા છે. દાઅવતમાં તેના મીસલ કોઈ નથી, એમની શરાફત કે અખલાક, ઇલ્મ કે અમલમાં કોઇ બરોબરીના નથી. મારા માજુન આહમદ બીન અલી દાઅવતે હકના મનસબ છે અને અલ્લાહ ને અલ્લાહના વલી સલ્લમુલ્લાહે અલૈહે ઇમામની ગાદીના નાયબ છે. એમની તાઅત (શરીઅતના ઓમુરોની) ઉંચા નીચા પર વાજબ છે. અને એમની વલાયત નજીક અને દુરના લોકોપર લાઝીમ છે. એમના બાદ મારા મુકાસીર સાહેબ સબ્બી તે પાક દીલ મોહમ્મદ બીન અસઅદ બીન મુબારક છે. આ બંને સાહેબના મદદના સાથે આપ હમેશાં દીનના દરેક અમરને અમલમાં મુકતા.

તે પછી તરતીબમાં શૈખુલ માલીક મોહમ્મદ બીન અબીલ મસઉદ છે. શૈખુલમલીક હાતિમ બીન હુસેન, શૈખુલ કાઝીહસન, શૈખુલ કાઝીહુસૈન છે. આ છેલ્લા બંને સાહેબ હસન અને હુસેન સૈયદના અલી બીન હનઝલાના ફરઝંદો છે. બંને ભાઇ અખલાકમાં ઘણાજ ઉંચા છે, તે પછી કાઝીઉલ માલીક મોહમ્મદ બીન મોહલબ, શૈખુલમાલીક હસન બીન મોહમ્મદુર શરફેદાર, અલવલદુસ્સઇદ હુસન ઇબ્ને આહમદ બીન મુબારક છે. તે પછી આપે દરેક હુદુદના નામપર અશશૈખુલમાલીક લખીને તે નામો રીસાલામાં દરજ કીધા જે નીચે મુજબ છે.:—

અશશૈખુલ માલીક અલી બીન અશઅદુ આહવરી. કાઝીઉલ માલીક અબદુલ્લાહ બીન હાતીમ. અસસુલતાન માલીક અલી બીન જાહફલ. સુ. મા. અલહસન બીન વશશાહ. સુ. મા. અબદુલ્લા. સુ. મા. અમુલકઝલ ઈબ્નુલ હસનુલ મોજલ્લી. સુ. મા. અલઝરીકુલ મા. હુસૈન બીન મહરીયુલ હકમી. સુ. મા. અલી બીન મોહમ્મદુલૈયજ.

આ ઉપરાંત ઘણા નામો આપવામાં આવેલ છે, જેઓ બધા હકની દાઅવતના મારા શેબો અને શરીઅતના અહકામો લઈ ઉઠવામાં અને મોમિનીનોને હકપર ચલાવવા માટે બરા રાહબર તરીકે દીનનું કામ બજાવવાવાળા છે. આપ દરેક લોકોને પોતાની પદવી પ્રમાણે ચાલવાની સખત તાકીદ ફરમાવતા, પોતાના ઉપરના મરતબાવાળાઓની શરીઅત પ્રમાણેના કુલ અમરની તાઅત કરવાનું દરેક હદના સાહેબને ફરમાવતા કે જેથી કોઇને હસદ કે ગુરૂર કરવાનો વખત આવે નહિ. એટલુંજ નહિ પણ દરેક મરતબાના સાહેબને હરવખત તાકીદ કરીને ફરમાવતા કે "પોતે પોતાના જાન વાસ્તે હયુલાના દરિયાના તુફાનથી બચવાની ફીકર કરે." દરેક પોતાના ઉપરીને અદબ સાથે કરામતથી માન આપે, દરેક ઇનસાન પોતે આ દુનિયામાં શા વાસ્તે આવ્યો છે તેની ફીકર કરે. આ વિષે શૈખુલ-કાઝીલ લુકમાનજી સાહેબ પોતાના રિસાલામાં નીચે મુજબ ફરમાવે છે.:—

કહાંથી તું આયેા, કહાં હતેા, શા વાસ્તે આયેા યહાં,
કેવી તરેહ ત્યાં પેાહેાંચવું, આવી મનખ અવતારમાં.
કંઇ દ્વાર થઇ જીવવું, જ્ઞાની જ્ઞાન હિરદે રાખ તું,
ગાફીલ નથી એ એખજર, રહેજે સદા હુશિયારમાં.

સૈયદના હુસેન ફરમાવે છે કે, " ફીરસ્તાઓના આલમથી, ઉંચા મકાનથી અને જન્નતના મહેલથી આ ફસાદ અને બલાના ઘરમાં કે જે નીચું જહન્નમ જેવું છે, કસાફત (જડાઇ) ને જહાલત, (બેઇલ્મ) ના ઘરમાં આવવાનું કારણ માત્ર ઉંચા દરજ્જા, મરતબાનું ઇનકાર કરવાનું સબબ છે ".

ગૌર કર, (જે) એ ઇનસાન ! આ જમાનાના ઓલમાઓ જેઓ આલે મેાહમ્મદનું ઇલ્મ જાણે છે તેઓ કયાં છે ? હુદુદેાના મરતબાઓની શું ઝીકર ? હુદુદેા કેવા હેાય, વિગેરેનેા વિચાર કર, કેાણ સરદારી ભેાગવે છે તેનેા વિચાર કર ! કેવા ઓલમાઓ તારા સરદાર થયા છે તેનેા વિચાર કર. એ ભાઇ સમજ ! તારી પાસે કિતાબ મેાજુદ છે.

હજી આપ ફરમાવે છે કેઃ— હુદુદેાની મુખાલેફત, વાએજોની અછત, તેથી મોંહ ફેરવવું, બરાબ ચાલચલગત, હલકા વિચાર ઇન્સાનને ખ્વાર કરે છે અને દીનના આલમમાં અક્કલના આલમના મરતબા બરાબર છે. રસુલુલ્લાહનું દીન (મઝહબ) હક્કન હક્કા જન્નત છે, આગે અદન છે.

— ખુદાતઆલા તમને અને અમને તાઅતની તોફીક આપજો. મારી અને તમારી દરેકની ભુલેાને ખુદાતઆલા માફ કરજો. આ પ્રમાણે આપે રીસાલાના છેલ્લે દુઆ કરી છે. બરેબર હક તે હકજ છે. (મોસમે બહાર જી. ૩ જી પાનું ૭૨).

આપના વખતમાં બાદશાહેામાં ઘણી લડાઇઓ થઈ છે, પણ આપ તે તરફ ખ્યાલ આપતા નહેાતા. એટલુંજ નહિ પણ આપ હમેશાં ખુદાતઆલા પાસે દુઆ કરતા કે,— " ઐતવક્કલના અલલ્લાહે વમેાઅતમેદના અલા વલીયેહી ". અર્થઃ—ખુદાતઆલાપર ભરેાસેા રાખીને અને પેાતાના વલી ઇમામીઝમાનપર આધાર રાખીને દાઅવતે હાદિઆને ફેલાવવામાંજ મશગુલ રહેતા. જ્યારે આ જમાનામાં તેથી ઉલટું જોવામાં આવે છે.

આપના માઝુન મોલાઇ આહમદ બીન સૈયદના અલી બીન હનઝલા કે જે આપના બરાબર હતા, અને જે દાઅવતની ખીજમતમાં અને શરીઅતે ગરરાની રખેવાલીમાં મદદ કરતા હતા, તે જનાબ હી૰ સન ૬૫૨ રબીઉલ અવ્વલની તા. ૫ મીએ જમરમુર કિલ્લામાં વફાત થયા. આ વફાતથી દાઇને ઘણેાજ સદમેા પહેાંચ્યેા અને દાઅવતે હાદિઆમાં મેાટી ખેાટ જણાઇ, ત્યાર બાદ આપે માઝુનનેા રૂતબેા સૈયદના અલીને સેાંપ્યેા.

હી૰ ૬૫૬ માં બનુલ અબ્બાસની રીઆસતનેા અંત આવ્યેા, બનુલ અબ્બાસના છેલ્લા શાહ અબ્દુલ્લા બીન મનસુર, મુસતાઅસીમ બિલ્લાહ કમસમજ હેાવાથી તેના લેાકેાએજ તેને કતલ કર્યો ત્યારથી બનુલ અબ્બાસનું રાજ તમામ થયું.

રિવાયતમાં છે કે, સૈયદના હુસેનના ઘર પાસે દાઢરરીસાના મેાહલ્લા બહાર અમીર અસદુદ્દીનનું મકાન હતું, આપ મેાલાનાના મકાન પાસેથી મેામીનેા તેમજ મુખાલેફુન વિગેરે તમામ લેાકેાની આવજાવ થતી હતી તે, તે જોયા કરતેા હતેા. લેાકેા આપની બરકતના સબબ અમાનમાં હતા, આપની તારીફ ઘણા મુખાલેફુન કરતા હતા. એક દિવસ તે અમીર મનમાં વિચાર કરવા લાગ્યેા કે, આ શેખ કેાઇ મરતબાના સાહેબ દાઈ કે વલી લાગે છે, તેથી અમુક દિવસ બાદ ખુદાના હુકમથી તે અમીર એક દિવસ મેાલાનાના મકાન પર મુલાકાત વાસ્તે ગયેા. આપે તેને માન સહીત આદર સતકાર કરી બેસવા ફરમાવ્યું ત્યાં તે અમીર આપની ફકીરત, શરીઅતની પાબંદી અને લેાક પ્રત્યેની મેાહબ્બત, ઇલ્મી લીહાઝ, નમ્ર વચન, નેક સીરત, શીરી જબાન વિગેરે જોઇ ખુશ થયેા અને તેજ વખત દાઅવતે હાદિઆનેા ઇકરાર કરી મોમિન બન્યેા. ત્યાર બાદ દિલેા જનથી હકની દાઅવત તરફ પ્રેમથી વળગી રહ્યેા.

આપ હમેશાં મેામિનેા પ્રત્યે જેવેા પ્રેમ રાખતા તેવેાજ પ્રેમ કેાઇ પણ મુખાલેફુન આવતું તેા તેના માથે પણ રાખતા અને તે અમીર જ્યારથી મેામિન બન્યા ત્યારથી તેના તરફ પણ આપનેા પ્રેમ દિવસે દિવસે વધતેા ગયેા.

રીવાયતમાં છે કે આપના વખતમાં બની હાતિમ કબીલાઓના આપસ આપસના ઝઘડાઓને લઇને ઘણુંજ અંધેર અને જુલમ વધી ગયેા હતેા, તેથી આપ હુસેન બીન જફર જે બની હાતિમના વડા હતા તેની સલાહથી હરને ઝમરમુર છેાડીને સેના શહેરમાં આવી રહ્યા. આપના ત્યાંથી પધારવા બાદ મેાટી લડાઈ થઇ, તલવારેા અને ભાલા વરસાદની મીસલ વરસવા લાગ્યા, હજારેા મુડદાઓ જમીન ઉપર ચારે બાજુ દેખાયા અને મેાટા મેાટા સરદારેા માર્યા ગયા. આ લડાઇ દરમ્યાન રસીમ બીન સાલીમ નામનેા એક સરદાર જે બહાદુર નવજવાન હતેા, તે પેાતાના મકાનમાં હથીઆર લેવા ગયેા, ઘરમાં તેના માદરે મુશફીકા (વહાલી માતા) નમાઝ પઢી રહ્યા હતા, તેને પુછ્યા વગર હથીઆર લઇ લડાઇના મેદાનમાં રવાના થયેા. થેાડેા આગળ વધ્યેા એટલામાં કેાઈ અદમાશે પાછળથી આવી રસીમને કતલ કર્યો. આ દુઃખદાયક ખબર તેની માદરને પહેાંચાડવામાં આવ્યા, પરંતુ તે નેક બનત બૈરી જે નમાઝમાં મશગુલ હતા તેમણે ખુદાની ઇબાદતથી મેાં નહિ ફેરવતાં નમાઝમાંજ કાયમ રહ્યા અને પેાતાના દિકરાના ખુનથી જરા પણ દિલગીર થયા નહિ.

આ ખુનખાર લડાઇના સબબ હજારેા માણસેાના જાન નાહક કતલ થઇ રહ્યા છે તે જાણી સૈયદના હુસેનને ઘણુંજ દુઃખ થયું. પેાતે હિસ્સે ઝમરમુરમાં પાછા પધાર્યા, લડાઇ બંધ કરવાની અને સલાહ કરી લેવાની ઘણીજ કેાશીશ કરી પરંતુ કેાઈ પણ પક્ષ છેવટ સુધી

સમજ્યા નહિ એટલે આપે **"નઉઝોબીલ્લાહે મીનલ હીકદે વલએનાદે"** ની આયાત પડી. (અર્થઃ-ખુદાતઆલા અમને કીના અને દુશમનીથી પનાહમાં રાખજે).

આપે ઝનુની અને ગુમરાહ લોકોને ઘણા સમજાવ્યા, પરંતુ જ્યારે તેમાંથી કોઇ એક પક્ષ ઉપર આપના સમજાવવાની અસર થઇ નહિ એટલે આપ લાચાર થઇ ત્યાંથી પાછા સના શહેર તરફ પધારી ગયા, ત્યાંજ પોતાનું કાયમ મુકામ બનાવ્યું. ત્યાં આપે નીચે મુજબ સાત કિતાબો તસનીફ (લખ્યા) કીધા છે, જેના નામો (૧) અકીદતુલ મુવાહેદીન. (૨) અલઇઝાહ વલ બયાન ફીલકશફ. (૩) અલઇઝાહ વતતબ્સીર. (૪) અતતીસ ઉનીચ્ચા. (૫) અલવહીદા. (૬) મૈયતુઝઝુર વદાએમુલકુફ્ર. (૭) મબ્દ વલ મઆદ.

આપને વખતે યારી આપી નહિ. આપની રહેલતનો વખત નજદીક થયો કે તરતજ આપે આપના બાજુ અને મદદગાર પોતાના મોટા ફરજંદ સૈયદના અલી કે જે આપના માજુન હતા તેમના ઉપર શેખો અને હુદુદોના ફૈસલ નસ્સેજલી ફરમાવી અને આપના પોતાના મનસુબને દાઅવતે હદિઆના દરેક રસમોની ખબર સંભળાવી. આપ સૈયદના હુસેન બીન અલી યમનના સના ગામમાં હી૰ સન ૬૬૭ માહે સફરની તા. ૨ જી ઈ૰ ૧૨૬૮ માં વફાત થયા. આપની દાઅવત ૩૯ વરસ ૭ મહિના અને ૨૪ દિવસ રહી. ક. સ. ૩.

૯. સૈયદના અલી બીન સૈયદના હુસેન (યમન) ની ટુંક ઝીકર.

રીવાયતમાં છે કે સૈયદના હુસેનના ઇન્તેકાલ પછી પોતાના બાવાજીની દાઅવતના તખ્ત પર આપ બીરાજ્યા. અને પોતાના બાવાજી તથા દાદાના વતન સના શહેરમાંજ આપે રહેવાનું પસંદ કરી દાઅવતે હદીઆનો ઇન્તેજામ શરીઅત પ્રમાણે ચાલુ કર્યો.

આપે જઝીરાઓના દરેક આમીલોને હરામ હલાલની તાકીદ કરી બશારતનામાં લખ્યા, આપનું ઇલ્મ અને અમલ ઘણુંજ વખાણને પાત્ર હોવાના સબબ દરેક જઝીરામાં આપના ઇલ્મ તથા અમલની રોશની ચારે બાજુ ફરી થઇ, આપ રાત દિવસ ઇલ્મની પઢાઇમાં અને કુરાનશરીફની તીલાવતમાં મશગુલ રહેતા, આપના નેકઅમલ તથા શરીઅતના અમરને લઇ ઉઠવાના સબબ આપના ફેજલ અને ખુશ મીઝાજના સબબ દરેક મોમીન તથા મુસ્લીમો આપને ઘણાજ પ્રેમની નજરથી જોતા, આપના એક પણ હુકમનો અનાદર થતો નહી, આપ ઈસમત (ઇમામના ખાસ ટેકાથી) થી દાઅવતે હદીઆનું કામ લઇ ઉઠતા અને લોકો આપને કાઝી ઉલ હાજાત કહીને બોલાવતા.

આપના વખતમાં શાહોની લડાઈ તથા દુશ્મનોનો ગલબો વધુ હતો તોપણ આપ ખુદા ઉપર ભરોસો રાખી ખુદા સીવાય કોઇનો ખોફ રાખતા નહોતા અને શરીઅતને લઇ ઉઠવામાં એટલા બધા મજબુત રહેતા કે કોઈ પણ તેમના અમરમાં આમો કાઢી શકતું નહોતું.

આપ મુનકિરત (શરીઅત વિરૂદ્ધ) એક પણ કામ નહોતા કરતા હમેશાં આપ લોકોને ઇલ્મ પઢાવતા, આપની દાઅવત દરમ્યાન આપે ઘણા તાલેબતને ઇલ્મ રૂપી પાણી પાઇને તૈયાર કીધા છે, લોકોના જહેલની કાલકને દુર કરી રોશન ખ્યાલ કર્યા છે.

આપે આપના મદદગાર યારદિલ સૈયદના હુસેન બીન અલીને માજુનનો રૂતબો બક્ષ્યો છે તથા અશ્શૈખ અસબદ બીન હાતેમુરસનબ્દનીને મુકાસીરનો રૂતબો બક્ષ્યો છે.

આપના વખતમાં સના શહેર ઉપર શાહ મુઝફ્ફરખાં, **ઝેદીયાહ** પીરકાના ઇમામ ચડાઇ લઇને આવેલ હતો, આ લડાઇમાં બન્ને તરફના હજારો માણસો કપાઇ ગયાં, લડાઈ જોરશોરથી ચાલી, સેંકડો રહીશો માર્યા ગયા, કંઈ ઘરબારો લુંટાઈ ગયા, અને લાખો રૂપિયાનું નુકશાન થયું. તે વખતમાં સના શહેરના મશહુર અમીર અદ્દરૂદીન મોહમ્મદ બીન હાતીમુલયામી મોલાનાની પાસે હાજર થયો અને અરજ કરી કે, મોલાના લડાઇ ખુબ જોરશોરથી ચાલી રહી છે, કોઇ કોઇનું નથી વારતે આપ આપના એહલો અવલાદ તથા દુલ દાઅવતનો કોઠાર પાસેના અરૂસ ગામમાં લઇ જવાનું ફરમાન કરો આપના વાસ્તે ત્યાં અમાન છે. તેથી આપે મજકુર અમીરની રાયને કબુલ કરીને દાઅવતે હદીયાના દરેક મોમીનને તથા આપના કુટુંબીઓને હુકમ ફરમાવ્યો કે "દરેક મોમીન પોતાના ઉચારા ભરીને અરૂસ ગામમાં જાવ તે સાથે આપ આપના એહલો અવલાદ, માજુન, મુકાસીર, તથા દાઅવતના કોઠાર સહીત અરૂસ તશરીફલઇ ગયા.

અરૂસ શહેરમાં આપની લોકોએ ઘણીજ બીજમત કરી અને ત્યાંના અમીર તથા લોકો આપના નેક અમલ, ફેજલ અને રહેમતના સબબ આપ સાથે મોહબ્બતથી વર્તવા લાગ્યા, તે ઉપરાંત અરૂસમાં રહી આપે લોકોને શરીઅતના ઓમુરો લઇ ઉઠવા અને દાઅવતે હાદીઆના ફરમાનો મુજબ ચાલવાની હમેશાં તાકીદ કરતા. તેથી ત્યાંનાં લોકોએ આપને પુરો સાથ આપ્યો અને અરૂસ ગામનો કારોબાર લોકોએ આપને સુપ્રત કર્યો.

આપ શરીઅતના તેમજ શહેરના કામકાજો ઘણીજ ખુબીના સાથે ચલાવતા, શહેરની સુખાકારી, તથા લોકોની તંદુરસ્તી કેમ વધે તેની તરકીબો લોકોને સુચવવા લાગ્યા, શહેર સુધરાઈ ખાતાપર પુરતો બીયાલ રાખ્યો, અને લોકો હમેશાં પાક સાફ રહે તેટલા માટે તથા કોઇ જાતની ગંદકી ન રહે કે હસ્તાકી ન ભોગવવી પડે તેની તજવીજ હમેશાં કરતા.

અરૂસમાં આપે પોતાના માજુન તથા મુકાસીરની મદદથી દાઅવતે હાદીઆનો કારોબાર ઘણીજ ખુબીથી ચાલુ કીધો, અને જે લોકો જહાલતના સબબ બદી તરફ વલી ગયા હતા તેને ઇલ્મી તોરથી (દલીલ) સમજાવી રાહે રાસ્ત ઉપર લાવ્યા.

આપે મદ્રસાઓ તથા મોમીનના તરબીયતના કામો પોતાના માજુન તથા મુકાસીરને સોંપ્યા હતા. આ બન્ને સાહેબો જાત માલથી દાઅવતની બીદમત કરતા ઉપરાંત સના શહેરમાં લડાઈના સબબ દુખી થયેલા લાકોને મદદ કરતા. આ કામમાં ત્યાંના અમીર મોહમ્મદ બીન હાતીમ દાઇને મદદ કરતા.

આપના માઝુન સૈયદી હુસેન તા. ૨૫ મી જમાદીઉલ આખર હી૰ ૬૭૭ માં વફાત થયા, તેથી આપને ઘણોજ સદમો થયો અને આપે માઝુનની દિલગીરીની યાદનો એક મરસીયો બનાવેલ છે (જે ઘણો મોટો હોવાથી અત્રે આપેલ નથી). જેમાં આપે પોતાના જનને સબર કરવા માટે ફરમાવ્યું છે કેઃ—

"એજ મિસલ સઘળા અગાઉના વલીઓ વફાત થયા છે અને થાય છે, માટે સબર વગર છુટકો નથી. જો કે મજકુર માઝુન જેવા હાલમાં કોઇ દેખાતા નથી, માટે એ દિલ ! સબર કર, સબર કરનારાનો રાહ લે અને દાઅવતને સંભાલો." એ જાત સબર કર, પસ્તાવો કરીને દિલને ન માર !

આપ હમેશાં કુરાનશરીફની આયાત **"ઇન્નમસ્સાબેરૂના યુકુના બે ગૈરે-હીસાબ"** પઢતા. (સબર કરનારાઓને ખુદા બેહિસાબ બદલો આપે છે).

આપની કુન્યત (ઓળખ) અબ્બા હસન હતી. આપ ફરમાવતા કેઃ—" ઓ અબ્બા હસન ! સબર કરો, સબર કરવું ઘણુંજ સારૂં છે અને જો પસ્તાવો રાખ્યા કરશો તો આગળ વધવું મુશકીલ બનશે.".

અમુક વખત બાદ આપ અરૂસથી સના શહેર તરફ એહલે અવલાદ તથા મોમિનોને સાથે લઇને પધારી ગયા, ત્યાં પોતાને રહેવાનું મુકામ કર્યું. ત્યાંના સઘળા લોકો અમીર તથા ગરીબ સર્વે આપને ઇઝ્ઝત આપતા અને આપ જેવા હાદિના સાથથી ઘણાજ ખુશ થયા, તેમજ ત્યાંના ઓલેમાઓ આપના પાસે હર વખત મશવેરા માટે પધારતા અને તેના અમર પ્રમાણે વર્તતા. આપે અહિયાં બે કિતાબ તસનીફ કીધા છે જે ઘણાજ કાસીલ છે. (૧) અલકામેલા ફી સલાસલલ્યાલીલ ફાજેલા (જેમાં રજબની ત્રણ રાતોનું બયાન છે). (૨) તોહફતુતતાલીબ. (જેમાં મબ્દે વલ મઆદનું બયાન છે).

આપના અમરના આખર દિવસો પુરા થયા તે વખત આપે સઘળા હુદુદો તથા મશાએખોને બોલાવી જમે કર્યા, અને સઘળાના રૂબરૂ સૈયદના અલી બીન હુસેન બીન હનઝલા ઉપર નસ્સેજલીનો અમર ફરમાવ્યો. અને આપ કલમએ તૈયબીયાહ "લા ઇલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદન રસુલુલ્લાહ અલીયુન વલીયુલ્લાહ" પઢવા લાગ્યા. અને દારેફાનીથી દારેબકાની તરફ હી૰ ૬૮૨ તા. ૧૩ મી જીલકાદ મંગલવારે રાતે ૪૰ ૧૨૮૪ માં કુચ કરી ગયા. (વફાત થયા). આપની દાઅવત ૬૫ વરસ ૮ મહિના ૨૬ દિવસ રહી છે. આપનું મઝાર સના શહેરમાં છે. ક. ૩

૧૦. સૈયદના અલી બીન હુસૈન બીન સૈ. અલી બીન સૈ. હનઝલા (યમન) ની ટુંક ઝીકર.

સૈ. અલી બીન હુસેન પછી આપ દાઅવતે હાદિઆના નિગેહબાન થયા. આપ આગળના દાઆતોની માફક શરીઅતે ગરરાના કુલ અહકામો અને ઇસ્લામના કુલ દઆઇમ તેમજ શરીઅતના કુલ અમર પ્રમાણે ચાલવા લાગ્યા, તેમજ એહલેબૈતની વલાયત ઉપર ચાલવાને લોકોને હમેશાં બોલાવતા, હિદાયતના લેનારાઓને હિદાયતની જાણવા જોગ બાબતો બતાવતા, મિજલસો ભરતા, હકના ઇલ્મોને સંભળાવતા. આપ ઇબાદતમાં એટલા મશગુલ રહેતા કે આપને લોકો સૈયદુસ્સાજ્જેદીન (મોલાના ઇમામ ઝેનુલ આબેદીન બીજા) કહીને સંબોધતા. નજુમના ઇલ્મમાં આપ કમાલ દરજ્જે પહોંચ્યા હતા, ફન અને હુન્નર પર આપનો પુરો કાબુ હતો. દરેક કોમના બોલોમાઓ આપની સાથે બાઅદબ વાતચીત કરતા, મોમિન અને મુખાલેફુન સાથે કોઈ પણ જાતના ભેદભાવ વગર બહેસ કરતા, કોઇ પણ ગુંચવાડા ભરેલા સવાલોનો આપ ખુબી સાથે દાખલા દલીલથી સમજાવી જવાબ આપતા, કોઈ પણ સવાલી આપની પાસેથી નારાજ થઇને પાછો ના ફરતો, સઘળા ખુશ થઇને જતા, દરેક સવાલનો જવાબ આપ કુરાનશરીફ અને હદિસથી જ આપતા, ગમે તેવો મુખાલીફ આપની પાસે સવાલો લાઇને આવે તેને માન આપી સંતોષકારક રીતે શરીઅત પ્રમાણે બરાબર જવાબ આપી ખુશ કરી વિદા કરતા. આ રીતે આપે હકની દાઅવતને પુરનુર કરી લોકોને હિદાયતના રસ્તા ઉપર ચાલવાને તૈયાર કીધા અને દાઅવતનો કારોબાર ખુબી સાથે ચલાવ્યો.

આપે દાઅવતે હાદિયાની લગામ હાથમાં લીધા પછી કોઇ કીતાબ તસનીફ કીધી નથી, પરંતુ હર વખત મોમિનીનને હિદાયત આપવા અને તેઓના અખલાક સુધારવા માટે, હરામ હલાલ ઓળખવા માટે, નમાઝના ફાયદાઓ સંભળાવવા માટે મિજલીસો ભરતા, અને હકની દાઅવતના અમરને સંભળાવતા.

ખુદાના અમર મુબારીક આપનો ઇન્તેકાલનો વખત નજીક આવ્યો ત્યારે આપે સઘળા હુદુદો અને મશાએખોને બોલાવી સૈયદના ઇબ્રાહીમ બીન સૈયદના હુસૈનપર સઘળાના રૂબરૂ નસ્સેજલી ફરમાવી દાઅવતે હાદિઆના બાની નિમ્યા.

આપને વખતે યારી આપી નહિ. આપ બિમાર થયા અને આ દારે ફનાથી કુચ કરી દારે બકાની તરફ તા. ૧ લી સફર હી૰ ૬૮૬ ના રોજ યમનના સના શહેરમાં વફાત થયા. આપ દાઅવતે હાદિયાની ગાદિપર ૩ વરસ ૨ મહિના ૧૩ દિવસ રહ્યા. ક૰ ૩૰

૧૧. સૈયદના ઇબ્રાહીમ બીન સૈ. હુસેન બીન સૈ. અલી બીન મોહમ્મદ બીન વલીદ (યમન) નો ટુંક એહવાલ.

સૈયદના ઇબ્રાહીમે પોતાના મુનીમ મુશકેરીક સૈયદના અલી બાદ દાઅવતે હાદિયાહની લગામ પોતાના હાથમાં લીધી, તે પછી આપના ફઝલના પોકારનો નાદ મસજીદુલ હરામથી તે મસજીદે અકસા (બૈતુલ મુકદ્દસની મસજીદ) સુધી પહોંચ્યો. આપનું ખાનદાન મુરજ મીમલ રોશન છે. આપના બાવા સૈયદના હુસેન, દાદા સૈ. અલી બીન મોહમ્મદ, અને ભત્રિજા સૈ. મોહમ્મદભાઈ બીન સૈ. હુસૈન છે.

આપે દાઅવતે હાદિઆહનો કારોબાર પુરતા બંદોબસ્ત અને ખુબી સાથે શરૂ કર્યો, તેમજ પોતાના ફરઝંદે અરજ્મંદ મોલાઈ અલીને સાથે રાખી શરીઅતની હિફાઝત ઘણા એહતેમામ સાથે કરતા હતા. આપે પોતાનું રહેવાનું મકાન **અકેદત** નામના કિલ્લામાં પસંદ કરી ત્યાં રહ્યા. ત્યાર બાદ દાઉલ અતકા પધારી ત્યાં રહ્યા. ત્યાર બાદ અહીંથી આપ દાઉલઅતકા નામના કિલ્લામાં પધાર્યા. ત્યાં રહેવાનું કારણ એમ બન્યું કે, આ કિલ્લો શેખુલઅજલ હુસેન બીન હેજ્દફ અને તેના ફરઝંદે રસીદ શેહબાને હકની દાઅવતના ફરઝંદો વાસ્તે મજબુત બનાવ્યો હતો, કે જ્યાં કોઇ જાતનો ખોફ, આફત કે બીક નહોતી. આ કિલ્લો તેના માલીકોએ દાઈ સૈયદના ઇબ્રાહીમને ભેટ કર્યો.

માઝુનેઅમીન આપના ભત્રિજા સૈયદના મોહમ્મદ બીન હાતિમ બીન દાઇ સૈયદના હુસેન દાઉલ મસઉદામાં રહ્યા અને બંને જનાબો સાથે રહી દાઅવતની નીગેહબાની કરતા, હકના કલામોને રોશન કરતા, લોકોને સીધા રસ્તા પર ચાલવા ફરમાવતા, આપની દીનદારીના સબબ લોકોના કાફલા પર કાફલાઓ આપના મોહાજીર બન્યા. (હીજરત માટે આવ્યા) આપ દરેક લોકો માટે ઇલ્મની તજવીજ કરતા, હિદાયત આપતા અને લોકો અમાન સાથે શાન્તિથી રહેતા હતા તેવામાં ત્યાંના શરીફોમાં અંદર અંદરનો તકરાર શરૂ થઈ અને ફસાદ વધવા લાગ્યો, બન્ને તરફના લોકો ખુનરેજી ઉપર તૈયાર થયા, તલવારો ચાલુ થઈ, કઇક લોકો માર્યા ગયા અને ચારે બાજુ લોહીની નદી વહેવા લાગી, શહેર તથા કિલ્લો તારાજ થયો, લોકો લડાઇ અને ઝુલ્મથી થાકી ગયા હતા, પરંતુ વલી અલ્લાહની બરકત અને સમજાવટના સબબ લોકો શાન્ત થયા અને અમાન સાથે ફરી શાન્તિથી રહેવા લાગ્યા.

અમુક દિવસો શાન્તિમાં પસાર ન થયા ત્યાં વળી પાછી લડાઇની આગ સળગી ઉઠી. લોકો એક બીજાને કાપવા લાગ્યા, ઘરબાર લુંટવા લાગ્યા, બગીચાઓ તારાજ કરવા લાગ્યા, દોર-દાંખરોને કાપી નાખવા લાગ્યા, લોકોને કોઈ જાતનું અમાન દેખાતું નહોતું, તેવા વખતમાં પણ ખુદાતઆલાના ફઝલથી ખુદાના વલી દાઇયુઝ્ઝમાન અમાન સાથે રહ્યા તેમજ કોઇ પણ મોમિનુનને જરાપણ ઇજા થઇ નહિ. કારણ આપ હમેશાં લોકોને હિદાયત દેતા, સલાહથી રહેવાને માટે સમજાવતા, આ રીતે આપ હિદાયત આપી લોકો પર એહસાન કરતા. અરબીમાં કહેવત છે કે,:—"અલ એહસાનો અરીઝલ એહસાન" મનુષ્ય માત્ર ઉપકારના બંદીવાન છે.

લોકો લડાઈ, ખુનરેજી અને ઝઘડાના સબબ કંટાળેલા હોવાથી અને આ દાઅવતના દાયરામાં ઘણુંજ અમાન તેમજ એક બીજા પ્રત્યે મોહબ્બત, ભાઇચારો અને પ્રેમ હોવાના સબબ બીજા કબીલાવાળાઓ આ દાઅવતે હાદિઆના હરમમાં આવ્યા અને નવા આવનારા સાહેબો લોકોને કહેતા કે–"આ દાઅવતમાં કોઇને ઇજા દેવી હરામ છે". આવું ફરમાન છે, તેથીજ ખુદાના ઘરનું નામ "બૈતુલ્લાહીલ હરામ" રાખેલ છે. કારણ, બૈતુલ્લાહના હરમમાં આવનારનું ખુન હરામ છે.

થોડો વખત શાન્તિથી પસાર થયો નહિ એટલામાં વળી પાછા ચારે બાજુ ઝઘડાઓ શરૂ થયા અને લોકો આપસમાં લડવા લાગ્યા, તેથી સૈ. અલી બીન સૈ. ઇબ્રાહીમે જીલકાદ તા. ૪ હી૰ ૭૨૫ જુમાના દિવસે હિસ્ને કોકબાન પર ઘોડેસ્વાર તથા પેદલ લશકરો અને મોમિનીનોની મદદના સાથે ચડાઇ કરી, તે લડાઇમાં ખુદાતઆલાએ આપને ફત્તેહ આપી, કોકબાનનો કિલ્લો સર કર્યો. આ લડાઇમાં સૈ. અલી બીન ઇબ્રાહીમે ઘણીજ બહાદુરી બતાવી હતી અને લશકરના સિપેહસાલાર આપ થયા હતા. દાઅવતની હકુમતનો અમર આપે આપના ભત્રિજાને સોંપ્યો હતો. સૈ. અલી શુજાઅતમાં એકકા હતા, તે ઝમાનના રૂસ્તમ હતા, ઇલ્મી લ્યાકતમાં આપની બરોબરીનું કોઇ નહોતું. જ્યારે કોકબાનનો કિલ્લો આપે સર કર્યો ત્યારે લોકો આપને મુબારક બાદીના તરેહ તરેહના કાવ્યો બનાવીને મોકલતા જેમાનું આ એક નીચે આપ્યું છે.

મલ્લકતા બે અમરે રબ્બેકા કોકબાનત,
વદ્દવ વખતલ મોબ્બાનેદા ફરતકાના.

અર્થ:–આપ ખુદાના હુકમથી કોકબાનના માલીક થયા, દુશ્મનો હલાક થયા, ઝલીલ થયા, અને આપને નમ્યા.

આ કોકબાન કીલ્લો દાઇના કબજામાં જવાની ખબર **ઝૈદી ઇમામ** મોહમ્મદ બીન મોતાહીરને પડી ત્યારે તે ઘણોજ ગુસ્સે થયો અને ગુસ્સાના આવેશમાં લશકર તૈયાર કરાવ્યું, કોકબાનનો કીલ્લો ફરી સર કરી ત્યાં ઝૈદી નીશાન ચડાવવાની તજવીજ કરવા, સરદારોને એકઠા કરી મશવેરો કર્યો. સઘળા મોહમ્મદ બીન મોતાહીરની સલાહ પર એકમત થયા તરતજ મુનાદી ફરી લશકરો તૈયાર થયા, કોકબાન ઉપર ચડાઇ કરી કીલ્લાને ઘેરો નાખવાના ફરમાન થયાં.

સૈ. ઇબ્રાહીમ સવારના મસલ્લા પર બેસી તીલાવતુલ કુરાન કરી રહેલ હતા તે વખતે એક ઘોડેસવારે આવીને ખબર આપી કે "ઝૈદી ઇમામ તરફનું બેશુમાર ઝૈદી લશકર કીલ્લા ઉપર ચડાઇ માટે આવે છે". આ ખબર સાંભળવા છતાં આપે કુરઆનની તીલાવત મુકી નહી. આથી આવનાર સવારે ફરી અરજ કરી કે "મોલા દુશ્મનનું લશકર નજીક આવતું જાય છે અને આપ ચુપ બેઠા છો તે ઠીક નહી. આપના જાનની સલામતી નથી તેથી આપ હથીયાર પકડો અને લોકોને હુકમ કરો કે તૈયાર થાય".

સૈ. ઇબ્રાહીમે તે સવાર તરફ નજર કરી શાંતિથી કહ્યું "કે ભાઇ ! શું ખુદાની ઇબાદત કરતાં બીજી કોઇ ઇબાદત વધીને છે ? હરગીઝ નહી. ખુદાની યારી મને કીફાયત કરશે ખુદાની ચારી બસ છે. ખુદા બધાનો પેદાનો કરનાર છે અને પનાહ પણ ખુદાજ કરશે કે જે ખુદાપર મને પુરતો વિશ્વાસ છે". આટલું કહી આપ પાછા તીલાવતુલ કુરઆનુલ મજીદ કરવા લાગી ગયા. આવેલ સવારે સૈયદનાના આમ કહેવાને મશકરી માની લોકોને કહેવા લાગ્યો કે "શેખ તો પોતાની શેખીમાં મુલ્ક ગુમાવવા બેઠા છે. આ પ્રમાણે લશકરની ફોજ ઉભરાય છે, દુશ્મનોનો પુરી તૈયારી સાથે ઘસારો છે છતાં શેખને કંઇ પરવા નથી". આમ વાત કરે છે એટલામાં તે સવાર પાછો ફરી જુએ છે ત્યાં તો સામા લશકરમાં આપસ આપસમાં ફાટ પડી, ઝઘડાઓ થયા, ખુનરેઝી થઇ, હજારો માણસો કપાઇ ગયા.

હજુ મોમેનુન લશકરની તૈયારી કરતા હતા ત્યાં સામેનું ઝેદી લશકર આપસમાં લડી લડી થાકયું અને બાકીના પોતપોતાના મથકે જાન બચાવવા નાસી છુટયા. **દાઇએ હકની દોઆનો આ મોઅજીઝો લોકોમાં મશહુર થયો** અને કોકબાનના કિલ્લામાં અમાન ફેલાયું.

આપ ફરમાવે છે કે તાજ* વો મરદ છે કે જે આલે મોહમ્મદ અને તેના દોઆતો જે રાહે હકને લઇ ઉઠનારા છે, તેમના કહેવા પ્રમાણે વર્તે છે તે પછી દાઇ સૈ. ઇબ્રાહીમે પોતાના ફરજંદ અલીની શાદી કરી. સૈ. અલી અકએદત નામના ગામમાં રહેતા. દાઇએ પોતે કોકબાનના કીલ્લામાં રહી ખુદાની ખીદમત તમામ કીધી. આપે આ કીલ્લામાં આપની હૈયાતી દરમ્યાન ૩ કિતાબો તસનીફ કીધા છે.

૧. તીસઆ વતીસઉત મસઅલહ. ૨. કીતાબુત્તકસ. ૩. રીસાલતુશ્શરીફા ફી માઅનીલસલતીફા.

આપના દુનિયાની હયાતના દિવસો પુરા થયા અને મૌતનો વખત નજીક થયો ત્યારે આપે સઘળા મશાએખોને આપની રૂબરૂમાં બોલાવ્યા. બધાની હાજરીમાં આપે આપના ભત્રીજા સૈયદના મોહમ્મદ બીન હાતિમ પર નસ કીધી, તે બાદ આપ હી૰ ૭૨૮ સવ્વાલની તા. ૧૦ મી ઇ૰ ૧૩૨૮ માં હિસ્ને અકએદતમાં આપ વફાત થયા. આપની દાઅવત ૪૨ વરસ ૩ દિવસ રહી. ક. ૩.

૧૨. સૈયદના મોહમ્મદ બીન હાતીમ બીન હુસેન (યમન) નો ટુંક એહવાલ.

સૈયદના ઇબ્રાહીમ બીન સૈ. ના હુસેન બાદ આપના ભત્રીજા સૈયદના મોહમ્મદ બીન સૈ. હુસેન દાઅવતે હાદીયાના તખ્ત પર જલ્વાનુમા થયા અને દાઅવતનો કારોબાર શરૂ કર્યો, આપે મોમિનો, અને મુસલમાનોની હાલત સુધારવાનું કામ હાથમાં લીધું. શરીઅતના કાયદાઓની તાલીમમાં કોશિશ કરતા રહ્યા, નબી સાહેબની હદીસ પ્રમાણે લોકોને ચાલવાની આપ હમેશાં તાકીદ કરતા.

* મોક્ષ પ્રાપ્તનારો.

આપે મોમીનોને તેમજ તલબતોને ઇલ્મ પડાવવા માટે દરેક ઠેકાણે મદ્રેસાઓ ચાલું કીધા આ રીતે ઇલ્મ રૂપી નહેર જારી કરી તલબતોને સેરાબ કીધા. આપ ફઝલ તથા મોહટાઇ, પરહેઝગારી, હીલ્મ વીગેરેમાં એકલ્લ હતા અને સખાવતમાં હાતીમ દીલ હતા. આપની ઝમાનમાં એટલી ફસાહત (મીઠાશ) હતી કે જ્યારે જ્યારે આપ વાએઝ ફરમાવતા ત્યારે ત્યારે લોકો આપની વાયઝ સાંભળવાને જમા થઇ જતા અને લોકો ઉપર આપનો મજબુત પ્રભાવ પડતો.

રીવાયતમાં છે કે આપ હજ વાસ્તે મક્કા પધાર્યા ત્યાંથી ફારીગ થઇ આપ મદીને રસુલુલ્લાહની ઝીયારત વાસ્તે પધાર્યા, ત્યાં આપે ઝીયારત વખતે નીચે મુજબ દોઆ કરી.

"એ ! ખુદાવંદે આલમ મુજ ગુનેહગાર પર કરમ કર તથા સઘળા મોમીનીનને હજ અને ઝીયારત નસીબ કર, રસુલુલ્લાહના પડોસમાં અમો સઘળાને રાખ, કે જેથી સરવરે કાએનાત સ. અ. ની ઝીયારત થાય. જ્યારે કયામતની ઘડી આવે અને સરવે ગુનેહગારોની ગણત્રી થાય ત્યારે અમો સઘળા ગુનેહગારોને શફાઅત નસીબ થાય"

આ બાબતમાં એક શાએરે ઘણીજ સીફતથી નીચે મુજબ શેરમાં કહેલું છેઃ—

ભરોસા હે હમે બખશીશકા હજરતકી શફાઅતપર,
ન તૌબા પર, ન તકવા પર, ન મહેનત પર, ન તાઅત પર. ૧.
કરેંગે રશ્ક કયા કયા ઉમ્મતે સાબીક ઇસ ઉમ્મત પર,
ખુલેંગે જબ લબેજ્જં બખ્શ હજરત કી શફાઅત પર. ૨.
હુસુલે મકસદે કૌનૈન ઇસકે ઝાતે આલી હૈ,
મોહબ્બતકા મોહબ્બત કયું ન આયે ઇસ મોહબ્બત પર ૩.
ભરેંગે ગોહરે મકસુદ કયાકયા જૈસ્રો દામમેં,
વો દરીયાએ કરમ દમ ભરકા આયા ગર સખાવત પર. ૪.
ઉસે કયું કર ન આસી શાફએ રોઝે જઝા સમજે,
મુબારક નામ હે ઉસકા રકમ દરહાએ જન્નત પર. ૫.
ઉસે જન્નતકા લેજ્જએગા વો રાહે જહન્નમસે,
ગવાહી જીસ્તે દી એક બારની ઉસકી રિસાલતપર. ૬.
મદીનાકી ગદાઈ* બાદશાહીસે ઝીયાદા હૈ,
ચલો એ લુત્ફ ચાંસે ખાકે ડાલો ઇસ રિયાસત પર. ૭.

મતલબ કે, સૈયદના મોહમ્મદ હજ અને ઝીયારતથી ફારેગ થઇ ખુશ્રુત અને કરામત સાથે આપના વતન અકએદત નામના કિલ્લામાં તશરીફ લાવ્યા તે વખતે કિલ્લામાંથી સઘળા મોમિનીન આપના દિદાર વાસ્તે પધાર્યા. આપના કુટુંબીઓ અલી, અબ્દુલમુત્તલીબ અને અબ્બાસના ફરઝંદો આપની તેમજ બીજા મોમીનોની મહફમાં હાજર રહ્યા. હજમાં આપના મોટા ફરઝંદ અલી સાથે હતા. તે સાહેબ આપની મારફક ઇલ્મી લયાકતમાં,

* ગરીબી.

ઝોહદ, અને પરહેઝગારીમાં આપની બરાબર હતા, પણ એકાએક બીમાર થઈ ગયા. ને વફાત થયા એટલે દાઇને સૈ. અલીના વફાતથી ઘણોજ રંજ થયો, આપના દરેક અવ્યવો નરમ પડી ગયા અને આપને એકદમ ઝઈરી આવી ગઇ. આપ એક વખત બેહોશ થઇ ગયા, બેહોશીમાંથી હુશિયાર થયા બાદ આપે અરબીમાં એક મરસીયો પઢયો છે જેનો સાર નીચે મુજબ છે.:—

" અલી તો ગુજરી ગયા પણ મારી આંખની બસીરત (દેખવું) એ છું કરતા ગયા, અને મારી અકલમાં ગફલતી પ્રવેશ થઈ જશે. (અક્કલમાં ફરક આવશે) એ બેટા ! તમારા વફાતથી મને આરામની ઉમેદ નથી, આરામ ત્યારે થશે કે જ્યારે તમારા બાવાજી ઝમીનમાં ગાયબ થશે, તમારા ગમમાં બાવાજી ગુજરી જશે. અરે ! એ આંખની હંડક હવે પછી તલબતો ઇલ્મ વાસ્તે આવશે, તેઓને ઇલ્મ કોણ પઢાવશે ? અરે ! મારી ઝઈરીમાં મારી હીફાઝત કોણ કરશે ? મારી રાયને કોણ મજબુત કરશે ? "

આ બેત ને તેનો તરજુમો ઘણો લાંબો હોવાથી આ કિતાબ લંબાણ થવાના ભયથી આહીં થોડો ઉતારો આપેલ છે. આ બેતો ઘણાજ દિલ પીગળાવનારી છે. સૈયદના અલીના વફાતથી આપ હમેશાં ગમગીનીમાં રહેતા, તેમજ દરેક મોમિન દાઇને ગમગીન દેખીને દુઃખી દિલે આપની ગમગીનીમાં હમેશાં ભાગ લેતા.

સૈયદના અલી પોતાની પાછળ બે ફરઝંદ ૧. અબદુલ્લાહ. ૨. હુસૈન. મુકી ગયા. આ બંને ભાઇઓ પોતાના દાદા પાસે તરબીયત થયા, બંને પોત્રાઓ ઉપર આપને ઘણોજ પ્રેમ હતો, હમેશાં આપની પાસેજ બંને ભાઇઓને રાખતા, જ્યારે આપ અલીના ફરજંદોને જોતા તે વખતે આપને અલી યાદ આવતા અને અલીના ગમમાં દીલગીર થતા. અને પરવરદિગાર પાસે દોઆ કરતા કે " એ પરવરદિગાર ! કોઇના નાના બચ્ચાના સાયાને ન ઉઠાવજો, કોઈ પણ બાપને પોતાના બચ્ચાનો ગમ ન દેખાડજો ". આ રીતે આપ સૈયદના અલીને યાદ કરતા અને સબર કરતા.

આપની ખીદમતમાં આપના કાકાના ફરઝંદ સૈયદના અલી બીન ઇબ્રાહીમ રહેવા લાગ્યા અને દાઈનું દરેક કામકાજ આપે ઉપાડી લીધું, દરેક મુશકીલ અમરમાં મદદ કરતા, દુશ્મનો સામે જેહાદ કરતા, લડાઈમાં દુશ્મનોને બહાદુરીના સાથે શીકસ્ત આપતા, આપે હીજરે બની ઉસ્માનને ફતેહ કર્યું. ત્યાંના સઘળા લોકોથી મીસાક લીધો. ત્યાર બાદ તે હીજરે બની ઉસ્માનના લોકોને રબીઉલ અવ્વલની તા. ૧ લી હી૦ ૭૨૯ માં તે કિલ્લો પાછો સુપ્રત કર્યો, તેથી ત્યાંના લોકો આપનું એહસાન માનવા લાગ્યા અને શુકર ગુઝાર થયા. આ અરસામાં દાઇએ હક બીમાર થયા. સઘળા હુદુદો અને મશાએખોને આપના રૂબરૂ બોલાવ્યા, સઘળાના રૂબરૂ આપે આપના કાકાના ફરઝંદ અલી બીન સૈયદના ઇબ્રાહીમ પર નસ્સેજલી કીધી અને દાઅવતની અમાનતને અદા કીધી. તે બાદ આપ જીલહજની તા. ૧ લી હી૦ ૭૨૯ હીસ્રે અફેએદતમાં વફાત થયા. આપનું મઝાર ત્યાંજ છે. આપ દાઅવતે હાદિયાની ગાદી પર ૧ વરસ, ૧ મહિનો, ૭ દીવસ રહ્યા. ક. ૩.

૧૩. સૈયદના અલી બીન ઇબ્રાહીમ બીન હુસૈન (યમન) ની ટુંક ખબર.

મુખ્તસીર લખે છે કે સૈયદના મોહમ્મદ બીન હાતિમના વફાત પછી સૈયદના અલી બીન સૈયદના ઇબ્રાહીમ દાઅવતે હાદિયાના તખ્તપર જલ્વાનુમા થયા. આપની હિદાયતના સમય ગાફીલ કે હુશીયાર તેમજ આળસુઓ દરેક બેદાર થયા. મોમિનોએ આપના હાથમાં દાઅવતની લગામ આવવાના સમય શુકરની નમાઝ પઢી હુઆ ગુજારી. શુન્નતો તેમજ રાવતો જેઓ તે વખતમાં વખણાતા હતા તેઓ આપના અદલ અને નેકીના સમય મંદ પડી ગયા.

ઝમરમુરના કિલ્લા ઉપર બનુ તાજુદ્દીન બીન યાહ્યા બીન હમઝા ચડાઇ લઈ આવ્યો આ વખતે દાઇએ હકનો બરા ગુન્હેગારોને દુન્યવી સીયાસત કરવાના સમય ઘણોજ રોઆબ હતો, દરેક લોકોને મોતનો બોઝ લાગતો. આપે રબીઉલ અવ્વલની તા. ૨૬ મી હી૦ ૭૩૩ ના રોજ એક મોટું લશ્કર તૈયાર કરાવ્યું અને કિલ્લાપર ચડાઇ કરાવી. આ લશ્કરના સેનાપતિ તરીકે આપના માઝુન સૈયદના અબ્દુલ મુત્તલીબને નીમ્યા. તેમના હાથ પર આ કિલ્લો ફતેહ થયો છે. તેના જુના દાવેદારનો આજ દિવસ સુધી પત્તો નથી.

કેટલીક વખત સૈયદના અલી પોતાના ફરઝંદ મોલાઇ હસનને સેનાપતિ બનાવી લશકર સાથે મોકલતા. આપ શુજાઅતમાં એકકા હતા, દુશમનો સાથે લડવામાં કમાલ દરજ્જે પહોંચ્યા હતા. આપે સના શહેરપર ચડાઇ કરી કિલ્લો સર કર્યો. આ લડાઈમાં સનાના લોકોએ સુલેહ માટે કહેવડાવ્યું. એટલુંજ નહિ પણ સનાના સુલતાને પણ આજીઝી સાથે સુલેહનું કહેણ મોકલ્યું, માન ભરી સુલેહ થઇ. ત્યાર બાદ સુલતાન આપની સાથે સુલેહથી રહેવા લાગ્યો. અમુક વખત બાદ સુલતાનને હજ પર જવાનો ઇરાદો થયો, પોતા સાથે મોલાનાને હજમાં શામીલ થવાનું આમંત્રણ કર્યું. મોલાનાએ પોતાની તબીયત બરાબર નહિ હોવાના સમય પોતે તેની સાથે શામીલ નહિ થઇ શકે એમ ઉજર બતાવ્યો, પરંતુ આપે આપના માઝુનને સુલતાન સાથે હજ પર જવાનો હુકમ ફરમાવ્યો. દાઇના આ અમરથી માઝુન સાહેબ સુલતાન સાથે હજ પર જવાને તૈયાર થયા, તે પછી માઝુન સાહેબ અને સુલતાન બંને સાહેબો દાઇની ઇજાઝત લઈ હજ તરફ રવાના થયા.

આ સુલેહથી તેમજ સુલતાન અને માઝુન સાહેબના હજ પરના પ્રોગ્રામથી મોમિનોમાં ઘણીજ ખુશી થઇ, ચારે બાજુ શાન્તિ ફેલાઇ ગઇ હતી અને લડાઇનો બોઝ નહોતો તેથી શહેરના લોકો આ બંને સાહેબો સાથે હજના કાફલામાં શામીલ થયા, કાફલાના લોકોને કોઇ જાતની તકલીફ ન પહોંચે તે માટે સુલતાન તેમજ માઝુન સાહેબ તરફથી દરેક લોકોની મહેમાનદારી, ખબરદારી થતી તેમજ દરેક સગવડ કરી આપવામાં આવતી.

આ હજથી ફારેગ થઇ સુલતાન પોતાના વતન સના તરફ રવાના થયા અને માઝુન સાહેબ મોમિનોને સાથે લઈ હુજુરે આલીયાહમાં તશરીફ લાવ્યા. આ ખબરથી સૈયદના ઘણાજ ખુશ થયા અને ખુદાતઆલાના શુકરનો સજદો કીધો, તે પછી દાઇએ માઝુનને

ગલે લગાડયા, મોહબ્બતથી ભેટયા અને હજથી ફારેગ થએલાઓની પેશાની ચુમી ખુશ થયા. ત્યાર બાદ દાઈ માઝુન અને મુકાસીર હીરને ઝમરમુરમાં રાહતથી રહેતા અને દાઅવતની બીજમત કરતા, તમામ જઝીરાઓમાંથી મોમિનીનો આવતા અને હકની દાઅવતને કબુલ કરી પોતાના જનને તસલ્લી દેતા.

આપની દાઅવતના વખતમાં ઘણી લડાઇઓ થઈ છે તે સબબ આગલી દાઅવતના ઓઝાના બાલી થઈ ગયા હતા તે વખતે એટલે હી૰ ૭૪૬ માં દાઅવતમાં કંઇક સુસ્તી આવી અને તેજ વરસમાં માહે સફર તા. ૯ હી૰ ૭૪૬ ના દિવસે નવમાં દાઈના મુકાસીર મોલાઇ અસઅદ બીન હાતિમના ફરઝંદ અસશેખ અલી બીન અસઅદ વફાત થયા તેમજ તેજ વરસમાં તા. ૨૩ જમાદીલ અવ્વલ હી૰ ૭૪૬ ગને મંગળવારના રોજ શેખુલ ફાઝીલ અબ્દુલ્લાહ બીન મોહમ્મદ ફરજના વખતે વફાત થયા. આ બંને સાહેબો દાઅવતના ખાસ ખેરખ્વાહ હતા, નુરે ઇલાહીના તજલ્લીના તુર (પહાડ) હતા અને દાઅવતમાં ખુદાના ઇમામના બરા ચાહક, દાઇએ હકની બીદમતમાં તુરપહાડના મીસલ ઉંચા મરતબાના હતા.

આપના વખતમાં ૧૨ મા દાઇ સૈયદના મોહમ્મદ બીન હાતિમના બે ફરઝંદો સૈ. હુસૈન તથા અબ્દુલ્લાહ હતા. બંને ભાઇઓ આપની બીદમતમાં હમેશાં રહેતા અને દીનના કામોમાં હમેશાં મદદગાર બનતા તે ઉપરાંત નાના ભાઇ અબ્દુલ્લાહ ફખરૂદ્દીને આપની બીદમતમાં રહી એક કિતાબ નામે "અલમુનીરા ફીલ મારેફતીલ હોદુદીલ જઝીરા" તસનીફ કીધો છે.

મોલાઇ અસ શેખ અલી બીન અસઅદ તથા શેખુલ ફાઝીલ અબ્દુલ્લાહ બીન મોહમ્મદના વફાત પછી તરતજ તેજ વરસમાં સૈયદના ઇબ્રાહીમ બીમાર થયા. આપે ઓલેમાઓને તેમજ હુદુદોને આપની ઇમરૂ બોલાવ્યા અને સઘળાના ઇમરૂ આપના માઝુન અબ્દુલ મુત્તલીબપર નરસેજલી કરી દાઅવતના હકને અદા કીધો.

તે બાદ આપ યમનના ઝમરમુરના કિલ્લામાં રજબની તા. ૬૮ મી રવીવાર હી૰ ૭૪૬ ના રોજ આપ વફાત થયા. આપનું મઝાર ઝમરમુરમાં છે, આપનું લકબ શમસુદ્દીન છે. આપની દાઅવત ૧૬ વરસ ૭ મહિના ૬૮ દિવસ રહી. ક. ૩.

૧૪. સૈયદના અબ્દુલ મુત્તલીબ બીન સૈયદના મોહમ્મદ બીન હાતિમ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના અલી બીન ઇબ્રાહીમ પછી દાઅવતે હાદિયાના તખ્ત પર આપ કાયમ મુકામ થયા. આપની ઇલ્મી લીયાકત અને ફઝલના સબબ મોમિનોમાં આપની શાન ઘણીજ થઈ, લોકો આપનાથી ખુશ થયા, લોકોને ઇલ્મથી વાકેફગાર કરવા માટે અને ખુદાનું દીન સમજાવવા માટે ચારે બાજુએ મદ્રસાઓ ચાલુ કર્યા ને તેનો કુલ કારોબાર આપના હકીકી ભાઇ સૈયદનલ અબ્બાસને સોંપ્યો અને જેહાદ (ધર્મની લડાઇ) નું નીશાન સૈયદના અલી બીન સૈયદના ઇબ્રાહીમના ફરઝંદ અશ શૈખુલ અજલ હસન બીન અલીને સોંપ્યું. કારણ આ સાહેબ રાવત હતા, લડાઇમાં એક્કા હતા, લડાઇના દરેક ફનથી માહિતગાર હતા. આપ લડાઇ વખતે એટલી હુશિયારીથી કામ કરતા કે સામેવાળાઓને લાઇલાજે ખુનરેજી વગર સુલેહ કરવી પડતી. આ અરસામાં આપ (સૈયદના અલી સેનાપતિ) વફાત થયા, તેથી સનાનો સુલતાન ખુશ થયો અને દાઇને તાબે કરવા માટે તૈયારી કરી. લશકરને તૈયાર થવાનો હુકમ ફરમાવ્યો અને દાઇને લડાઇનો પેગામ કહેવડાવ્યો.

સૈયદના અબ્દુલ મુત્તલીબે પણ લશકર તૈયાર કરવાનો હુકમ ફરમાવ્યો અને સૈયદના અલીના ફરઝંદ શેખ હસન કે જે પોતાના બાવાજીની માફક શુજા હતા, રાવત હતા, લડાઇમાં એક્કા હતા, તેમને લડાઇનું નીશાન સોંપ્યું. આપે લશકરને તૈયાર થવાનો હુકમ ફરમાવ્યો, લડાઇની રીત પ્રમાણે નોબત વાગ્યાં, કુચનાં નગારાં વાગ્યાં, પુર જોશમાં લડાઇ શરૂ થઈ, બંને તરફના બહાદુરો સામસામા તલવારોથી લડવા લાગ્યા, કઇક લશકર કપાયું, ચારે બાજુ લરઝા પેદા થયા, સુલતાનના લશકરમાં નીરાશા ફેલાઇ, સૈનીકોને દાઇના લશકરની શુજાઅતના સબબ દેહશત લાગી, સનાના સુલતાને આ લડાઇમાં પોતે પરાજીત થશે એમ લાગવાથી સુલેહનું કહેણ મોકલ્યું.

આ સંદેશાની બબર સૈયદના અબ્દુલ મુત્તલીબને કરવામાં આવી, આપે લડાઇ બંધ કરવાનો હુકમ કર્યો તેથી લશકરોમાં ખુશાલી ફેલાઇ, બન્ને લશકરમાં અમાન થઈ, લોહી વહેતાં બંધ થયા, આ લડાઇથી આપ સૈયદનાની મતલબ કંઈ મુલ્ક મેળવવાની નહોતી, પરંતુ લોકોને અમાન અને સુલેહમાં રાખવાની અને દાઅવતે હાદીઆના રસ્તે લોકોને ચલાવી નસીહત કરવાની હતી. આજ કારણને લઇને લોકો આપને તાબે થયા અને શરીઅતના દરેક અમરને કબુલ કરી સઘળા અમાનમાં રહેવા લાગ્યા.

થોડા વખત પછી સનાના સુલતાન તરફથી દાઇ અબ્દુલ મુત્તલીબને પોતાની સાથે હજમાં શામીલ થવાનું આમંત્રણ મલ્યું. જવાબમાં, આપ સૈયદનાએ ઉઝર બતાવ્યો અને લખ્યું કે દાઅવતે હાદિઆના કામકાજના સબબ હું આપની સાથે શામીલ થઈ શકીશ નહિ, અને તેને તે વરસ હજપર જવાની પણ મના કરી.

આ જવાબ વાંચી સનાના સુલતાને સૈયદનાને નીચેની કુરઆને મજીદની આયત ટાંકી તાનાઝની કીધી અને લખ્યું કે ખુદા ફરમાવે છે કે " યા અૈયોહલ લઝીના આમનુ માલકુમ ઇઝાકીલા લકોમુનફેરૂ ફી સબીલીલ્લાહે અસ્સાકલતુમ એલલ અરદે ".

અર્થ:—એ ઇમાન લાવનારા લોકો ! તમને શું થયું છે કે જ્યારે તમને કહેવામાં આવે છે કે રાહે ખુદામાં ચાલો ત્યારે તે વખતે તમો સુસ્તી કરો છો ને જમીન તરફ જુઓ છો.

આ પ્રમાણે સુલતાને પાછો વળતો કાગળ બહેસ સાથે સૈયદના ઉપર લખ્યો, આપ આ આયતની દલીલથી ખુશ થયા, પરંતુ સનાનો સુલતાન હજ વાસ્તે પુરા ઠાઠથી લશકર, માલ-મિલ્કત જવાહેરો સાથે હજ વાસ્તે રવાના થયો. ત્યાર બાદ તે મક્કા-એ-મોઅઝઝમ-માંથી મીના તરફ રવાના થયો ત્યારે મીસરનું તુરકી લશકર સુલતાનના કાફલા પર તુટી પડયું, માલ-અસબાબ લુંટી લીધો, લશકરમાં ભંગાણ પડયું, કેટલાક કેદ થયા અને સુલતાનને પકડીને મીસરના શાહ પાસે લઈ ગયા. શાહે તેને કર્ક નામના કિલ્લામાં કેદમાં રાખ્યા, કર્કના મુખીને સુલતાનની સખ્ત તકેદારી રાખવાનું ફરમાન કર્યું, આ હુકમથી કિલ્લાના જેલરે સુલતાન પર સખ્તાઈ શરૂ કરી તેને ઘણુંજ દુઃખ દીધું અને રાત્રે તેને અંધારી કોટડીમાં પુરવામાં આવતા. હવે સુલતાનને આ કેદખાનામાંથી છુટવાની કોઈ આશા રહી નહિ. મોતના દિવસો નઝદીક દેખાવા લાગ્યા, તેથી પોતે પસ્તાવો કરવા લાગ્યો અને સૈયદના અબ્દુલ મુત્તલીબે તેને આ વરસે હજ પર નહિ જવાની જે આગમચેતી આપી હતી તેને યાદ કરી રોવા લાગ્યો. આ હાલતમાં ત્રણ વરસ ગુજર્યાં, ખુદા પાસે તે ઇસ્તેજ્જ કરતો કે " પરવરદિગાર મારી દોઆને કબુલ કર અને આ મુસીબતથી મને બચાવ ".

આ અરસામાં મિસરનો શાહ મરણ પામ્યો અને તે ગાદી ઉપર બીજો શાહ આવ્યો, નવા શાહની ખુશાલીમાં કેદીઓને છુટા કરવામાં આવ્યા, તે સાથે મજકુર શાહ પણ છુટો થયો ને હીઃ ૭૫૪ જીલહજ્જમાં યમન આવ્યો, પોતા પર વીતેલી સઘળી હકીકત દાઇની હજુરમાં પેશ કરી અને ખરા દિલથી દાઅવતે હાદિઆનો ઇકરાર કર્યો ને ઇમાન લાવ્યો.

સૈયદનાએ દાઅવતનો કારોબાર શરીઅત પ્રમાણે બરાબર ચલાવ્યો, આપ દરેક બાબતો ઇન્તેઝામ બરાબર રાખતા, હમેશાં આપ ઇલ્મથી લોકોને સમજાવતા અને લોકો ઇલ્મ પઢવાની હોંશ બતાવવા લાગ્યા. આપ લોકોને ઇલ્મ લેવા માટે તેમજ સીધા રસ્તાપર ચાલવા માટે હમેશાં હિદાયત દેતા તેના સબબ લોકોમાં આપનો માન મરતબો ઘણોજ વધ્યો અને આપનો દરેક અમર લોકો બાખુશી ઉઠાવતા.

આપના ઇન્તેકાલનો વખત કરીબ આવ્યો ત્યારે આપે આપના ભાઈ સૈયદના અબ્બા-સને મુકદ્દમ કીધા. આથી શેખુલ અજલ હસન બીનીદ દાઇલ અલીને ઘણોજ રંજ થયો, તેણે ઘરનો ખુણો અખ્તયાર કીધો ને દાઇની હજુરમાં આવવું જવું બંધ કર્યું, તેથી સૈયદ-નાએ મોસુફ શેખને બોલાવી તેમના બાવાજીએ દાઅવતની બીદમત કરવાની વસિયતના કલામ સંભળાવ્યા અને તમારા બાવાજીની વસિયત પ્રમાણે ચાલવું તમારું કામ છે એમ ફરમાવ્યું. ત્યાર બાદ સૈયદના અબ્દુલ મુત્તલીબે શેખ હસન અને સઘળા ફૈઝોલાના ઉમરૂ પોતાના ભાઇ અબ્બાસ ઉપર નસ્સેજલી જાહેર કરી દાઅવતે હાદિઆની ગાદીની લગામ તેમને સોંપી. તે બાદ આપ આ દારે ફાનીથી દારે બકાની તરફ સિધાવ્યા. આપ તા. ૧૪ રજબ ૭૫૫ હીજરીમાં ઝમરમુરમાં વફાત થયા. આપની દાઅવત કુલ ૮ વરસ ૧૧ મહિના, ૧૬ દિવસ રહી. આપનું લકબ નજમુદ્દીન છે. ક. ૩.

૧૫. સૈયદના અબ્બાસ બીન સૈ. મોહમ્મદ બીન હાતિમ (યમન)ની ટુંક ઝીકર.

મુખ્બીરથી રિવાયત છે કે સૈયદના અબ્દુલ મુત્તલીબ પછી દાઅવતે હાદિઆની ગાદીની લગામ સૈયદના અબ્બાસે પોતાના હાથમાં લીધી અને ઇમામી ઇલ્હામના મુસ્ત-હીક (લાયક) બન્યા. આપના વખતમાં ચારે બાજુ શાન્તી હતી, ઝઘડાઓ અને લડા-ઇઓ બંધ થઇ ગઈ હતી. આપ ગાદી પર આવ્યા ત્યારે આપે દરેક જગ્યા પર બશારત નામા લખ્યાં અને દરેક શહેર અને ગામોમાં ઇલ્મના મદ્રસાઓ જારી કીધા, ઇલ્મ પઢાવવા પર તાકીદ થઇ અને દરેક જગ્યાના આમીલોને મદ્રસાઓમાં ઇલ્મ તેહસીલ કરનારા તલબતોને ઇલ્મ પઢાવવાનો હુકમ કરવામાં આવ્યો. તે બાદ ફીકેહના ઇલ્મ પઢાવવાની તેમને તાકીદ કીધી અને તાવીલના ઇલ્મના લાયક તલબતો માટે ખાસ ગોઠવણ કરવામાં આવી.

આપના વખતમાં મહેમાનોની મહેમાનદારીનો ઇન્તેઝામ થયો. આપનું ફઝલ લોકોમાં બેશુમાર થયું, તેમજ આપ લોકોને નમાઝ માટે ઘણીજ તાકીદ ફરમાવતા અને નમાઝના મુકનારને ઠપકો આપતા. નમાઝીઓને ઘણાજ ચાહતા, આપના વખતમાં લોકોમાં નમાઝનો શુગલ રહેતો. તેથી લોકો દીનદાર થયા, ને હકપર ચાલવા લાગ્યા.

રિવાયતમાં છે કે ઇમામ મોહમ્મદુલ બાકીર પાસે એક માણસની વાત નીકળી તેને માટે કહેવામાં આવ્યું કે " તે ઘણોજ કમીનો છે, હરામ કામમાં મશગુલ રહે છે, આબ્રુલાની બાકફ રબડે છે, ખુદાના ફરઝોમાં આળસ કરે છે, નમાઝને તદ્દન મુકી દીધી છે, યાને તારેકુસ્સલાત બની ગયો છે ". આ વાત સાંભળી ઇમામ અ. સ. જે શાન્તિથી બેસી સાંભળતા હતા તે ચોંકયા અને કહેવા લાગ્યા કે " શું નમાઝ પણ મુકી દીધી છે ? " એમ કહી એક લાંબો દમ ભર્યો અને ફરમાવ્યું કે " નમાઝનો મુકનાર સંગમાર થએલ ઇબ્લીસ છે. ખુદા પાસે નમાઝનું મુકવું મોટો ગુનાહ છે ". તેજ પ્રમાણે સૈયદના અબ્બાસે પણ ફરમાવ્યું છે.

સૈયદના અબ્બાસે પોતાના મદદગાર તરીકે આપના ભાઇના ફરઝંદ સૈયદના અબ્દુ-લ્લાહ બીન અલીને કાયમ કીધા. આપનાં દરેક કામકાજમાં તેમજ ઇલ્મ પઢાવવા તેઓ હમેશાં આપને મદદ કરતા. આ બંને સાહેબો દિવસોના રોઝા રાખતા અને રાતમાં ઇબાદત કરતા. આપ લાંબો વખત ઝમરમુરના કિલ્લાના દાઉલ ફરહત નામના મકાનમાં રહ્યા. ત્યાં અસ શેખુલ અજલ હસન બીનીદ દાઇ અલીના ફરઝંદો તરફથી આપને ઘણીજ તકલીફો પહોંચતી, તેથી આપ ઝમરમુરથી નીકળી વાદીએસહર જે આપના બાવાજીનું મકાન હતું ત્યાં પધારી ગયા અને કિલ્લાઓના દરેક કામકાજના બંદોબસ્તનો હુકમ અસ શેખુલ અજલ હસન બીન અલીને સોંપ્યો અને આપના ભત્રિજા સૈયદના અબ્દુલ્લાહને હરાઝ શહેરની બીદમત સોંપી. આપે હિસ્ને હમસા, હિસ્ને માહત્તા, હિસ્ને સનાશબ, (કિલ્લાઓ) ને સર કરી આપના કાકાજી સૈયદના અબ્બાસને ખુશ ખબરીના પેગામ પહોંચાડયા, જેથી આપ દાઇએ હક ઘણાજ ખુશ થયા અને ફરમાવ્યું કે અમીર અબ્દુલ્લાહના સબબ હરાજનો સીતારો તેજ થયો.

બાદ આપ અસ શૈખુલ અજલ હસન બીન અલીની સલાહથી હિસ્ને અફ્એદતમાં પધાર્યા. ત્યાં યામ નામના ગામથી આવેલ શેખ અલીયુશેબાનીને આપે આપના ભત્રિજા સૈયદના અબ્દુલ્લાહની મદદ વાસ્તે હરાઝમાં વસવાનો હુકમ ફરમાવ્યો. હિસ્ને અફ્એદતની હવા બગડવાથી તેમજ આપને ત્યાંની હવા માફક ન આવવાથી આપની તબીયત બગડવા લાગી તેથી આપ પાછા હિસ્ને જમરમુરમાં પોતાના અસલ મકાનમાં પધાર્યા, ત્યાં આપની બીમારી વધવા લાગી, શીફાની આશા જણાય નહિ તેથી આપે ઓલામાઓ તથા મશાએખોને જમે કર્યા અને આપના ભત્રિજા સૈયદના અબ્દુલ્લાહ પર નસ્સેજલીનો ખુતબો સર્વેના રૂબરૂ પઢ્યો ને દાઅવતે હાદિઆની લગામ સૈયદના અબ્દુલ્લાહને સોંપી, ખુદાની રાહમાં ઇન્તેકાલ થયા. આપની વફાત હિસ્ને અફ્એદતમાં સવ્વાલ તા. ૮ મી હી૦ ૭૭૯ ને સોમવારના રોજ છે. આપનું મઝાર હિસ્ને અફ્એદતમાં છે. આપની દાઅવત ૨૪ વરસ, ૨ મહિના અને ૨૪ દિવસ રહી. ક. ૩

૧૬. સૈયદના અબ્દુલ્લાહ બીન અલી બીન સૈ. મોહમ્મદ બીન સૈ. હાતિમ (યમન) નો ટુંક એહવાલ.

રિવાયતમાં છે કે સૈયદના અબ્બાસ પછી સૈયદના અબ્દુલ્લાહ દાઅવતે હાદિઆના બાની થયા. મોમિનીનોએ ખુશીની મીજલસો કરી, સઘળા મોમિનીનોમાં સુલેહના ફરમાનો બહાર પડ્યા, આપે આપસ આપસના કિનાઓ દુર કરવાનો અમર ફરમાવ્યો, દરેક મોમિન મોમિનનો ભાઇ છે એટલે એ પ્રમાણે વરતવાનો હુકમ કર્યો.

આપ સૈયદના અબ્બાસને દફન કરી આવ્યા ત્યારે દરેક મોમિનો આપના ગમમાં શામીલ થયા, ત્યાંના સુલતાન ચુગુફ બીન અલી બીન સુલેહી પણ તાઅઝીયત માટે હાજર થયા હતા. આ સુલતાન આપના ખાસ યારીદિન તથા બાજુદાર બન્યા. સઘળા મોમિનોએ આપને બેઅત દીધી અને સુલતાનના માણસોએ સુલતાનના હુકમથી આપની તાઅતને કબુલ કરી આપની મોહબ્બતમાં શામીલ થયા. આપ સખાવત તેમજ ગરીબ નવાઝીના દરિયા હતા. હિકમતમાં પહાડ જેવા હતા, ઇલ્મના સમુદ્ર હતા, આપનું ફઝલ બેશુમાર છે.

બાદ આપે પોતાના મદદગાર શૈખુલ અજલ અલી બીન અબ્દુલ્લાહીશશૈબાનીને બનાવ્યા. મજકુર શેખ હિકમતમાં કમાલ દરજ્જે પહોંચેલા હતા. સૈયદના અબ્દુલ્લાહના મોટા ફરઝંદ શેખ પાસેથી ઇલ્મ તેહસીલ કરતા હતા અને દરેક ઇલ્મો હિકમત વિગેરેમાં સૈયદનાના ફરઝંદે કમાલીયતનો દરજ્જે મેળવ્યો હતો. દુંકામાં દરેક જાતનું ઇલ્મ આપે તેમની પાસેથી પ્રાપ્ત કર્યું હતું.

આ બાજુ મજકુર શેખે સૈયદના પાસે આવી અરજ કરી કે મોલાના, આપના ફરઝંદ આરજુમંદે એટલું ઇલ્મ હાંસિલ કરીલું છે કે આ દીદવીની કોઇ ઉમેદ બાકી રહી

નથી. એટલે જે ઇલ્મ હું જાણતો હતો તે બધું ઇલ્મ ખતમ કરી ચુકયા છે. હવે આપને અરજ કરૂં છું કે આપ સાહેબ ઇમ્તેહાન ફરમાવીએ. આ સાંભળી સૈયદના ઘણાજ ખુશ થયા, તે બાદ સૈયદના હુસેન આપના બાવાજીના મદદગાર રહ્યા.

લોકોમાં એવી ધારણા હતી કે સૈયદના અબ્દુલ્લ મુત્તલીબ (૧૪ મા દાઇ) ના ફરઝંદ સૈયદી શેખ અબુતાલીબ સૈયદના અબ્દુલ્લાહ પછી કાયમ મુકામ થશે. કારણ શેખ અબુતાલીબ ઇલ્મને સૈયદના અબ્દુલ મુત્તલીબ ઇલ્મમાં, ફઝલમાં, હરેક ફનમાં, તકવામાં, ઝોહદમાં એકા હતા, ઉપલી દરેક સીફતો કરતાં સૈયદના હુસેન બીન સૈયદના અબ્દુલ્લાહ વધીને હતા. તેમ આપે પોતાના ઉસ્તાદ શેખ શૈબાની કોશિષથી ઇલ્મ લેવામાં કંઈ કચાસ રાખી નહોતી. સૈયદના હુસેન સામે કોઇ હાઅનાજ્જા (હા, હું છું.) એમ અરબી કહેવત પ્રમાણે કહેનાર દુનિયામાં કોઈ નહોતું.

સૈયદના હુસેને દુનિયાને તલાક દીધી હતી. જેમ દુનિયાના લોકો ઇલ્મના સબબ દુનિયા માટે પડાપડી કરે છે અને દુનિયાના ઐશ મેળવવા માટે તેનો ઉપયોગ કરે છે. તેવું ઇલ્મ આપે નહોતું લીધું. ઇલ્મે ઇલાહીયત સિવાય આપનો કોઈ શુગલ નહોતો, આપને ખુદાનેજ ઓળખવાનો શોક હતો, પોતાના જનને ઓળખી ખુદાને ઓળખવાની ધુન હતી. આપે દુનિયાના દરેક ઇલ્મ જેવાં કે:—

૧. ઇલ્મે ફલસફીયા. ૨. ગૈર ફલસફીયા. તે ત્રણ ભાગમાં વહેંચાયેલ છે. (૧) મનતિક. (૨) હીકમત. (૩) રીયાઝી. ગેર ફલસફતના ૩૦ ભાગ છે. (૧) ઇલ્મે લોગત (ભાષા) (૨) ઇલ્મે નેહવ. (૩) ઇલ્મે સરફ, (૪) માઅાના. (૫) બયાન. (૬) બદીઅ, (૭) કલામ. (૮) હદીસ. (૯) ઓસુલ. (૧૦) ફીકહ. (૧૧) ફરાઇઝ. (૧૨) તફસીર. (૧૩) તાઅવીલ. (૧૪) હકાઇક. (૧૫) ફલાઇલ. (૧૬) રદુલ મોઆરેદીન વ દફઉશ શોબોહાત. (૧૭) વોઝુ હુન્ન ઝાઇર. (૧૮) ગરાએબુલ કુરઆન. (૧૯) શાનેનોઝુલ. (૨૦) મકાને નોઝુલ. (૨૧) નાસીખ વ મનસુખ. (૨૨) તવારીખ વ કેસસ. (૨૩) અમસાલ. (૨૪) મવાઇઝ વ બશારાત વ ઇનઝારાત. (૨૫) નઝમુલ અલફાઝ વ તનાસબુલ કલેમાત. (૨૬) તમીઝુલ મોતશાબેહાત. (૨૭) કેરાતુલ કુરઆન. (૨૮) કમીયતુલ સુરે વલ આયાતે વલ હોરૂફ વ ગૈરહા (૨૯) રસમુલખત. (૩૦) ખવાસીલ કુરઆન વ મઆરેફતે મનાફેએહી વ તાઅસીરાતેહીલ મખ્સુસાબેહી.

ઉપર બતાવેલ તમામ ઇલ્મ સૈયદનલ હુસેને હાંસીલ કરી દરેક ફનમાં એકા થયા આપ ઇલ્મની તેહસિલમાં અલ્લામા શેખુલઅજલ અબુતાલીબ બીનીદ દાઇ અબ્દુલ મુત્તલીબથી વધી ગયા. અને બીજા મોટા ઓલમાઓ હતા તેઓ સૈયદના હુસેને નાની વયમાં આટલું ઇલ્મ હાંસીલ કરવાથી ફોક થયા તેથી ઝાંખા પડી ગયા.

દુનિયાનો કાનુન છે, દુનિયા કોઇને વફા થઇ નથી, દુનિયામાં અદાવત મશહુર છે, ખુદા સર્વેને પનાહમાં રાખે, દુનિયાની લાલચ અને અદાવતના સબબ એક દિવસ સૈયદના

હુસેનને તથા તેના સાથી મોલાઇ સૈયદના અબ્બાસને તમરામાં ઝહેર મેળવી દુશ્મનોએ તે ખવરાવી દીધા. આ તમરા ખાવાના સબબ બંને સાહેબોના જીગરના ટુકડે ટુકડા થઇ ગયા, લાચાર થયા, બેહોશ થયા, કાંઇ ઇલાજ કારગત થયો નહિ. આખર બંને સાહેબ મજકુર ઝહેરની અસરથી શહીદ થયા. (વફાત થયા) રબ્બીઉલ અવ્વલની તા. ૮ મી ને શનિવારે આપ વફાત થયા. આ વફાતના સબબ મોમિનોમાં તેમજ શહેરના બીજા લોકોમાં સનસનાટી ફેલાઇ, લોકોના દિલો પર ઘણોજ સદમો પહોંચ્યો અને આપના બાવાજી તથા માસાહેબના દિલોનું તો પુછવું જ શું ? પરંતુ ખુદાના બંદાઓ સબર સિવાય એક શબ્દ બોલ્યા નહિ, ખુદાના અમર પર બંનેએ સબર કર્યો. સૈયદુશ્શોહદા ઇમામ હુસેન અ. સ. ના પાસે નવજવાન અકબર અ. સ. શહીદ થયા તે વખત જેવી સબર ઇમામ હુસેન અ. સ. એ કરી હતી તેવીજ સબર સૈયદના અબ્દુલ્લાહે નવજવાન હુસેન પર કરી.

આ બનાવ પછી આપનું બદન ગમગીનીના સબબ સુકાવા લાગ્યું, પણ આપ અચ્યુબ નબીના જેમ સબર ને શુકરને વળગી રહ્યા, ઘરમાં બૈરાંઓને આહોઝારી નહિ કરવાની તાકીદ કીધી અને હુકમ કીધો કે સબર સિવાય કોઇ પણ જાતની શીકવા કરવી નહિ. તે પછી એટલે સૈયદના હુસૈનના વફાત બાદ આપના ભાઈ મોલાઇ ઇદ્રીસ વફાત થયા છે, પરંતુ આ વફાત કરતાં સૈયદના હુસૈનનો ગમ આપ કદી વિસરતા નહોતા. આ ગમ હજુ ભુલ્યા નહિ ત્યાં એક વધુ ગમ આપને જોવાનો વખત નજીક થયો તે એ કે આપના ફરઝંદ સૈયદના હુસૈનના ઉસ્તાદ શૈખુલ અજલ્લ શૈબાની સાહેબ જીલ્કાદ તા. ૧૩ હી૰ ૭૮૮ માં વફાત થયા. આપને દાગ પર દાગ લાગતા ગયા, આપને યારીદીન કોઇ ન રહ્યું મગર ખુદાની જનાબમાં શુકર અને સબર અખ્તયાર કીધો, આપે સબર સિવાય કોઇ વખત શીકવા કરી નહોતી.

આપને બે ફરઝંદ નામે મુત્તલીબ (લકબ) નજમુદ્દીન અને હસન મુત્તલીબ હતા. આપે મોટા ફરઝંદ મુત્તલીબ નજમુદ્દીનને જેહાદના પ્રધાન બનાવ્યા. કારણ એ સાહેબ લડાઇમાં ઘણોજ પ્રવિણ હતા અને દુશ્મનો ઉપર હુમલો કઇ રીતે કરવો અને સામેના લશ્કરને કઇ રીતે શીકસ્ત આપવી તેની વ્યુહ રચનામાં એક્કા હતા, રાવત હતા. અને નાના ભાઇ હસન મુત્તલીબને હરાઝના વાલી બનાવ્યા. કારણ આ સાહેબ ઇલ્મમાં કમાલ દરજ્જે પહોંચેલા હતા, પોતાના મરહુમ મોટા ભાઇ સૈયદના હુસૈન જેટલુંજ ઇલ્મ લીધું હતું. કેટલોક વખત બાદ પરવરદીગારની મહેરબાનીથી હિસ્ને શબામનો કિલ્લો સર થયો અને હી૰ ૭૬૪ ના રજબમાં આપ હિસ્ને શબામમાં દાખલ થયા. આ જાતની ખુશાલી આપે તેમજ લોકોએ ઇદની મિસલ કરી, તેજ મહિનામાં સૈયદના હસનને ખુદાતઆલાના ફઝલથી એક ફરઝંદ નામે ઇદરીસની વિલાદત (જન્મ) થઇ. આ રીતે બંને ખુશીથી મોમિનીનના દિલો બાગ બાગ થયાં. આ ખુશીનો સૈયદના અબ્દુલ્લાહ તથા સૈયદના હસને ખુદાતઆલાનો શુકરનો સજદો કીધો. સૈયદના અબ્દુલ્લાહના દરેક અમર (કામકાજ) નો એઅતેમાદ સૈયદના હસન પરજ હતો. અને સૈયદના હસનના નાના ભાઇ સૈયદના અબ્દુલ મુત્તલીબ આપના બાજુદાર બનીને રહેતા હતા.

આપના મોટા ફરઝંદ સૈયદના હસન હરાઝમાં રહેતા હતા અને આપ આપના બાવાજી જે હિસ્ને ઝમરમુરમાં રહેતા હતા ત્યાં બાલબચ્ચાં સહિત હરાઝથી બાવાજીના પાસે પધાર્યા અને ત્યાંજ રહ્યા. થોડા વખત બાદ પાછો સૈયદના હસનને તેમના બાલબચ્ચાંને હરાઝ મોકલવાનો હુકમ થયો, તરતજ આપે બાલબચ્ચાંને હરાઝ તરફ રવાના કર્યા તે વખત આપના ફરઝંદ ઇદ્રીસ ઘણીજ નાની ઉમરના હતા અને બન્ને ભાઈ સૈ. હસન અને સૈ. અબ્દુલ મુત્તલીબ આપના બુઝુર્ગ બાવાજીની બીદમતમાં હિસ્ને ઝમરમુરમાં દારૂલ મસઉદ નામના મકાનમાં રહ્યા. બંને ભાઇઓને લડાઈ તથા ઇલ્મી બાતોમાં સોંપવામાં આવેલ હતા, તે અરસામાં સૈયદના હસન બિમાર થયા, આપ ઘરથી બહાર નીકળી શકતા નહોતા, તેથી મદ્રસાઓમાં ઇલ્મ લેતા, તલબતોને સબક આપવાનું, મસઝીદોના વાલીઓ અને લોકોને જવાબ આપવાનું કામ અસ શેખુલ અજલ્લ અલી બીન સૈયદના અબ્દુલ મુત્તલીબ બીન સૈયદના મોહમ્મદ બીન હાતિમને સોંપવામાં આવ્યું. તે બાદ સૈયદના હસનને ખુદાતઆલાએ બીમારીથી શીફા બક્ષી. ને આપ પુરા તંદુરસ્ત થયા.

આપના બાવાજી દાઇ સૈયદના અબ્દુલ્લાહની રહેલતનો વખત નજીક થયો તે વખતે દાઇએ સઘળા હુદુદો, મશાએખોને ફરફ બોલાવ્યા. જોકે આપ સૈયદના હુસેનના વફાત બાદ સૈ. હસન પર નસ્સેજલી કરી ચુકયા હતા, છતાં ફરી સઘળા હુદુદો અને ફોઝોલાઓની ફરફ આપે આપના ફરઝંદ સૈયદના હસન પર નસ કરી દાઅવતે હાદિયાની લગામ સોંપી. આપે અલમોનીરા ફી માઅરેફતીલ હોદુદીલ જઝીરા નામનો કિતાબ બનાવ્યો છે તેનો ઉતારો કિતાબે અઝહરની ત્રીજી જીલ્દમાં છે.


આપ છેવટ સુધી દાઅવતની બીઝમત બજાવતા રહ્યા, ઇલ્મની પડાઇ જારી રાખી હતી, મસજીદ અને મશહદ (મજલીસો ભરવાની જગ્યા) માં હાજર રહેતા, આપના કોઈ અંગવાઓમાં ઝઇફી કે ખામી આવી નહોતી, આપની પાસે મોમિન તેમજ મુખાલીફ કોઇથી આવતું તો તે ઇલ્મ હાસિલ કરતું. આપનું ફઝલ બેશુમાર છે.

આપને વખતે ચારી આપી નહિ, આપ બિમાર થયા અને તા. ૬ માહે રમઝાન હી૰ ૮૦૯ ઇ. ૧૪૦૭ માં ૮૫ વરસની ઉમરે હિસ્ને ઝમરમુરમાં વફાત થયા. આપનું મઝાર તેજ કિલ્લામાં છે. આપના જનાઝા પર આપના ફરઝંદ સૈયદના હસને નમાઝ પડાવી છે. આપનું લકબ ફખરૂદ્દીન હતું, આપની રીયાસત ૩૦ વરસ ને અમુક દિવસ રહી છે. ક. ૩.

☞ આપના બાદ આપની નસલથી છ દાઇ થયા છે જેની વંશાવળી પેજ ૪૮ પર આપેલ છે.

૧૬ દાઇ અબ્દુલ્લાહ બીન અલી બીન મોહમ્મદની વંશાવળી.

દાઇ અબ્દુલ્લાહ ફખરૂદ્દીન.



૧૭. સૈયદના હસન બીન સૈ. અબ્દુલ્લાહ બીન અલી (યમન) ની ટુંક ઝીકર.

મુખ્તસરે દાઅવતે હાદિઆહ લખે છે કે સૈયદના અબ્દુલ્લાહ આ આલમે ફાનીથી રહેલત કરી ગયા ત્યાર પછી આપના ફરઝંદ સૈયદના હસન દાઅવતે હાદિઆની મસનદ પર બીરાજમાન થયા, મોમિનીનોના નેક આમાલના સવાબ ખુદાતઆલાએ નેક આમાલની સુરત, રહેમતના સાહેબ સૈયદના હસનને દાઅવતે હાદિઆના નિગેહબાન બનાવ્યા. ઇમામીઝુમાનની નઝરાત આપ પર સારીયાહ જરીયાહ થઇ. આપે ઇલ્મ માટે મદ્રસાઓ ચાલુ કીધા, આપ દરેકને ઇલ્મમાં આગળ વધવાની હોંસ બતાવતા, હરામ હલાલના કામો સમજાવતા, નમાઝ તથા રોઝા વાસ્તે લોકોને તાકીદ કરતા, દીનના કાયદાઓને મજબુત કરતા, દરેક મોમિનને શાંતી અને ખુદાની બીક રાખીને હકથી વર્તવાનો અને ઝેર હકથી દુર રહેવાનો હુકમ ફરમાવતા, દરેકને શંકાથી દુર રહેવાનો હુકમ ફરમાવ્યો, કોઈ પણ શકદારના સવાલોના આપ બરાબર જવાબ આપતા, કે જેથી તેઓના શકો દુર થઇ જતા. માશા અલ્લાહ ! શું હકની રીફત ! કોઈ જાત શકની તકલીફમાં ન રહેતો. આપે પોતાના જનને યકીનમાં રહેવાનો હુકમ ફરમાવ્યો, આપ મોલાના અલી ઇબ્ને અબીતાલીબના જેમ ફરમાવતા કે " સલુની કબલા અનતફ કદુની " અર્થઃ—મને અછત થતાં પહેલાં તમારા મનમાં આવે તે પુછી લો. આ પ્રમાણે સૈ. હસન લોકોના સવાલના જવાબ વાસ્તે તૈયાર હતા કે જેથી લોકોને ઇલ્મનો શોક પેદા થાય અને લોકો તે બાલીકે અકબરને ઓળખે.

સૈ. હસનનું દિલ દાઅવતે હાદિઆ તરફ ઘણુંજ લાગેલું રહેતું. આપે આપના મદદગાર આપના સગા ભાઇ સૈયદના અબ્દુલ મુત્તલીબ નજમુદ્દીનને માઝુન તરીકે નિમ્યા હતા, જે સાહેબને જેહાદ વખતે લડાઈ બાતાના પ્રધાન તરીકેનો હોદો આપવામાં આવતો. આપ ઘણાજ બહાદુર લડવૈયા હતા. લડાઇના ફનમાં એક્કા હતા, જેની વિશેષ હકીકત ૧૬ મા દાઈના બયાનમાં પાના ૪૬ માં આપવામાં આવેલ છે. આ ઉપરાંત સૈ. અબ્દુલ મુત્તલીબ ઇલ્મ તથા અમલમાં આપના બાવાજીના જેવાજ હતા. આપના વખતમાં દિનના દુશ્મનો નાબુદ થયા.

આપની ઇલ્મી લિયાકત એટલી હતી કે આપની સામે કોઇ દલીલ કરી શકતું નહિ. ક્યાંથી બોલી શકે ? જ્યાં શરીઅતે મોહમ્મદી પ્રમાણે બરાબર અમલ થતો હોય, કુરઆન અને હદિસ પ્રમાણે દરેક કામકાજ થતાં હોય, ત્યાં કયો મુખાલીફ સામનો કરી શકે ? આપના વખતમાં કદી પણ શરીઅત કે હદિસ વિરૂદ્ધ કોઇ કામ થયુંજ નથી. તો પછી મુખાલેફુન શું એજ કાઢી શકે ? જેઓ શકમાં ડુબેલા હતા તેઓને આપના માઝુન તથા મુકાસીર દલિલોથી સમજાવી હિદાયત આપી રાહે રાસ્ત પર લાવતા ને હકની દાઅવતને સમજાવતા,

આપ (માઝુન સાહેબ) અબ્દુલ મુત્તલીબ આ રીતે દાઅવતે હાદિઆનો કારોબાર બખુબી ચલાવતા હતા, એટલામાં એકાએક બેવફા દુનિયાએ આપના ઉપર ગલબો કર્યો, આપ બીમાર થયા, તા. ૮ સફર ૮૧૨ હી૰ જુમ્માના દિવસે મદીનતે તમરમાં વફાત થયા. આપના જનાઝા પર આપના મોટા ભાઇ સૈયદી ઇદરીસના ફરઝંદ મોહમ્મદે વાલી બનીને નમાઝ પઢાવી છે ને આપને રાત્રે દફન કરવામાં આવ્યા છે, આપનું વફાત કેટલોક વખત છુપું રાખવામાં આવેલ હતું, તેમજ સૈ. હસનને પણ મોડી ખબર આપવામાં આવી હતી. આ વફાતની ખબર જ્યારે સૈયદનાને થઈ ત્યારે આપની કમર તુટી ગઇ, આપની આશાના કીરણો ઝાંખા પડી ગયાં અને આખા હમદાન કબીલાના ઘરોમાં આપનો ગમ જારી થયો. લોકો હમેશાં ગમમાંજ રહેતા, લોકોએ સૈ. હસનને સબર બંધાવી, આપે સબર કરી. ખુદાના અમર પર મઝબુત થયા, આપ લોકોને નસિહત ફરમાવતા, એહલુલબૈતની મુસીબતોનું બયાન સંભળાવી સઘળાને સબરનો બોધ આપતા અને આપ પણ સબર કરતા.

બાદ સૈ. હસને પોતાના ભત્રિજા સૈયદી મોહમ્મદ બીન ઇદરીસને મદીનતે તમર તરફ બોલાવવા કાસીદને રવાના કર્યો અને મોહમ્મદને પોતાના ભાઇ સૈયદી અબ્દુલ મુત્તલીબને માઝુનનો તેમજ લશકરના સેનાપતિનો હોદ્દો ઇનાયત કર્યો. આ ખબર કાસદે સૈયદી મોહમ્મદને આપી, આપ પોતાનું બળવાન ઘોડેસ્વાર તથા પૈદલ લશકર લઇને કાકાજી સાહેબની તહેનાતમાં હાજર થયા. આપના ઇસ્તીકબાલ માટે દાઈ તરફથી તમામ અમીરો, રઈસો તથા મોમિનો આવ્યા અને ઘણીજ ઇજ્જત સાથે આપને ગામમાં લાવ્યા.

સૈયદના મોહમ્મદે (માઝુન) આપના બુઝુર્ગ કાકાજી સૈયદી અબ્દુલ મુત્તલીબ પાસેથી પુરતી તાઅલીમ લીધી હતી. આપે એટલું ઇલ્મ લીધું હતું કે અકસર વખત આપ કિતાબ જોયા વગર ખુતબાઓ પઢતા અને કસિદાઓ બનાવતા. આ ઇલ્મના બજના ઉપરાંત આપની પાસે માલી બજનો પણ ભરપુર હતો. આપની માલની તેમજ ઇલ્મની સખાવત બેશુમાર છે. બાદ સૈયદના હસને પોતાના ભત્રિજા સૈ. મોહમ્મદ બીન ઇદરીસને પોતાના કાયમ મુકામ બનાવ્યા. આપે દાઇની બીજમત માલથી અને જાનથી કરી છે, ત્યાં સુધી કે આગળના દોઆતો ઉપર જે દાઅવતે હાદિઆનું કરજ હતું તે તમામ આપે પોતાના બાસ માલથી અદા કીધું, તેમજ મોમિનીન તથા મુસ્લીમોને લાખો રૂપિયાની સખાવત કરી. આપને ત્યાં એહલે અદબ, શાએરો આવતા તેમને કદર મુવાફીક આપતા અને સાયલોને બૂબ નવાજતા, દર્દીઓના દુઃખોને ટાળતા, મોહતાજોને નવાજતા, આ કારણોને લઇને આપથી દાઇ સૈ. હસનની આંખ ઠંડી થાતી. આપનું લકબ અસદુદ્દીન છે, આપના બાદ તરતીબમાં સૈયદનાના ભાઇ સૈયદી એહમદને નિમ્યા હતા.

સૈયદી એહમદ બીન સૈ. અબ્દુલ્લાહ ઇલ્મ અને અમલમાં એક્કા હતા, આપે ૧૮ વર્ષની નાની ઉમરમાં એટલું ઇલ્મ હાંસિલ કીધું કે આપ દરેક મોલોમાઓના ઉસ્તાદ બન્યા, તેમજ આપના ઉસ્તાદો આપના સવાલોથી બામોશ થઇ જતા. આપની બહેન

UNIVERSITY OF PAPUA

મીઠાશવાલી હતી, તેથી સૈ. હસને પોતાના ભાઈ સૈ. અહમદને સૈયદી મોહમ્મદ (આપના ભત્રિજા) ના બાદ તરતીબમાં નિમ્યા અને તેને હરાઝદ (આમીલ, તાબીનો ઉદ્ધાર) કીધા. ત્યાં આપ સનાસીબ નીચેના ગામ શારેકાહમાં રહ્યા. ત્યારે બાદ ત્યાંથી હીસ્ને ઝુસામની તરફ પધાર્યા.

આ અરસામાં સૈ. હસન પોતાના ભત્રીજા સૈયદી મોહમ્મદ અસદુદ્દીન બીન ઇદરીસને નસથી મખસુસ કરી ચુકયા હતા છતાં અસદુદ્દીન પછી પોતાના ભાઈ એહમદને દાઅવતની ગાદી મળે એવો ઇશારો કરી નસ ફરમાવી હતી, પરંતુ ખુદાને જે મંઝુર હોય તેજ થાય. એકાએક સૈયદી એહમદ ૨૨ વરસની ઉમરે વફાત થયા તેથી સૈયદી મોહમ્મદ અસદુદ્દીન પાછા હરાઝ પધાર્યા. અહીં કેટલાક દિવસો રહ્યા ને તારીખ ૨૫ જમાદીઉલ આખર હીજરી ૮૨૦ ને બુધવારની રાત્રે આપ પણ શાહે કોહ નામના ગામમાં વફાત થયા. આપના જનાઝાના તથા ગુસલ કફનના વાલી આપના કાકા સૈયદી અલી બીન સૈયદના અબ્દુલ્લાહ થયા. આ બન્ને ભાઇઓના વફાતથી સૈયદના હસનને ઘણોજ ગમ થયો. આપને ઓલોમાની બોટ જણાઈ. પરંતુ આપ સબરને લાઝીમ રહ્યા. ખુદાની ખુશી પર આપની ખુશી બાકી રાખી. દાઅવતે હાદીયાની બીઝમત પર બાકી રહ્યા. આપે દાઅવતને ઇમામ અઝીઝ બીલ્લાહના વખત પ્રમાણે હરી ભરી કરી મોમિનોના દીલોને આબાદ કીધાં. આપ હમેશાં ઇબાદતમાં મશગુલ રહેતા, દીવસે રોઝા રાખતા, રાતોમાં ઇબાદત કરતા, ઇલ્મ પઢાઈ માટે ખુદ બેસતા, આપ તલબગારો તથા હાજતમંદોને તેમની હાજત કરતાં પણ વધારે આપતા, રમઝાનમાં હકદારોના હકો પુરી રીતે અદા કરતા. આપના વખતમાં મોમિનોને દરેક રીતે અમાન હતું.

આપને વખતે બારી આપી નહી, આપ શહરે રમઝાનમાં બીમાર થયા એટલે આપે તમામ બોલોમાઓ, ફકીહોલાઓ, હુદૂદોને જમા કીધા અને સર્વેના ઇબરૂ આપે આપના માન્યવા ભાઇ સૈયદના અલી બીન સૈ. અબ્દુલ્લાહ પર નસ્સે જલીનો તાજ પહેરાવ્યો અને આપના ફરઝંદ સૈયદના ઇદરીસને પોતાના કાકાજીની બીદમત વારસે વસીયત કીધી. બાદ એકા એક આપ તારીખ ૬ ઠી શવ્વાલ હીજરી ૮૨૧ ને શનીવારની રાત્રે હીસ્ને ઝમરમુરમાં વફાત થયા. આપના કફન દફન તથા જનાઝાના વાલી સૈયદના ઇદરીસ થયા, આપનું મઝાર હીસ્ને ઝમરમુરમાં સુલતાન અલી બીન હાતીમની મસજીદના સહેનમાં છે. આપની દાઅવત ૧૨ વરસ ૨૭ દીવસ રહી છે. આપનું લકબ અદરૂદ્દીન છે. ક. ૩.

Nov. 6, 1418

૧૮. સૈયદના અલી બીન સૈ. અબ્દુલ્લાહ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના ઇદરીસથી રિવાયત છે કે, જ્યારે અમારા બુઝુર્ગ આવાજી સૈયદના હસન વફાત થયા અને નસના અમરને સર્વેના રૂએ સૈયદના અલીને સોંપ્યો ત્યારે સૈ. અલી હાજર નહોતા તેમ સૈયદના અલીને તેની ખબર પણ નહોતી. આ વફાતના ખબર કાસીદે આવી કર્યા તેથી આપને પોતાના માનવા ભાઈના વફાતથી ઘણોજ ગમ થયો અને તેજ રાત્રે આપ હિરને શબામથી કેટલાક મોઅમીનોને સાથે લઇને ઝમરમુર તરફ રવાના થયા. ત્રણ દિવસની મુસાફરી કરી આપ સાંજના મગરીબ વખતે અસફલબાબ નામના દરવાજેથી શહેરમાં દાખલ થયા અને પોતાના ભાઈનો કબરે અકદસની ઝીયારતથી નસિબવંતા થયા.

આ વખતે આપ પુર જવાનીમાં હતા, અકલ અને ફઝલમાં કામીલ હતા, આપની ઝબાનમાં પુરી ફસાહત (મીઠાસ) હતી. સૈયદના ઇદરીસ ફરમાવે છે કે, આ અરસામાં એટલે હી૰ ૮૨૩ માહે રમઝાનમાં મારા સગા ભાઈ હુસૈન હુસામુદ્દીન બીન હસન વફાત થયા છે, જે બણુ: સાવત હતા, ઝબાનના ફસીહ હતા, ખુબસુરત હતા, હિમ્મત અને બહાદુરીમાં પુરા હતા, આલયલણમાં શરીઅતે ગરરાના નમુના હતા, ઓહદ અને તકવામાં કમાલને પહોંચ્યા હતા, ઇલ્મની પડાઈમાં ઘણીજ હોંશ ધરાવતા હતા. આપે **ઝૈયદી** ફિરકાના આલેમો સાથે હુજ્જત કરી તેનો રદીયો કિતાબુલ હસિદા કિ રદે અલઝૈદીયા, લખી આપેલ છે, તે બાદ આપ સૈયદના હુસેન ઇ૰ ૧૪૨૦ માં વફાત થયા ત્યારે સૈયદના અલીને આપનો ઘણોજ ગમ થયો.

સૈયદના અલી અને આપના નાના ભાઇ માઅદ બીન સૈયદના અબ્દુલ્લાહ બને સાહેબો હિરને શબામમાં રહેવા લાગ્યા, આપને કુલ ૭ ભાઇ છે. ૧. સૈયદી હુસેન. ૨. સૈ. ઇદરીસ. ૩. સૈ. અબ્દુલ મુત્તલીબ. ૪. સૈ. હસન. ૫. સૈ. અહમદ. ૬. સૈ. અલી. ૭. સૈ. મઅાદ. આ પ્રમાણે આપને સાત ભાઇઓ હતા. આપ જે વખતે દાઅવતે હાદિ-આના નીગેહબાન થયા તે વખતે સૈ. માઅદ સિવાય બધા ભાઇઓ વફાત થયા હતા. આ વખતે આપને આપના ભાઇ સિવાય કોઈ બાજુદાર નહોતા, જો કે તે વખતે દુશ-મનોનો ગલબો વખતો વખત થાતો, છતાં આપ હિમ્મતથી તેઓ સામે હિદાયતથી લડતા. મોમિનોના દિલોમાં પણ ફરક આવી ગયો હતો. આ નબળાઇ અને અવડાઓનો લાભ લઈ સનઆનો સુલતાન આપ પર ચડાઇ લઈ આવ્યો અને હિરતે ઝમરમુર તથા હિરતે અફઐદત બને કિલ્લાઓ જે ઘણા લાંબા વખતથી દાઇઓના કબજામાં હતા તે સુલતાને છતી લીધા. આ કિલ્લાઓમાં ઘણા દાઇઓના મઝાર, મહેલો અને મકાનો છે. આ બને કિલ્લા આપના હાથમાંથી જવાથી આપને ઘણોજ પસ્તાવો રહેતો તેથી આપ અહીંથી હીજરત કરી બની અશરફના મુલકમાં રહેવા લાગ્યા. બની અશરફના બાદશાહનો વઝિર જે હક પરસ્ત હતો તેને ખબર પડી કે મોમિનીનના દાઇ બની ગસ્સાનો મુલક છોડીને આપણી સરહદમાં આવેલ છે, તેથી વઝીરને દાઇની ખિદમતનો શોખ થયો અને પોતાના બાદશાહ પાસે જઈ મજકુર વાત જાહેર કરી. બાદશાહે બાખુશી અમાનનો પરવાનો આપ્યો. બાદ

આપ શહેરમાં અમાન સાથે રહેવા લાગ્યા અને વઝીર તથા બાદશાહ દાઈ સાથે મોહબ્બત રાખતા, હમેશાં માન તવાઝો આપતા, નઝરાનાં આપતા અને આ રીતે અમાન સાથે ત્યાં રહેવા લાગ્યા. કોઈ વખત આપને બાદશાહ તરફથી કંઇ તકલીફ પહોંચી નથી.

થોડા વખત બાદ એકાએક શહેરમાં બળવો જાગ્યો, ચારે બાજુ ખુનરેઝી શરૂ થઈ, લશકરીઓએ બાદશાહને કેદ કર્યો અને બાદશાહતપર તેના કાકા અલમલકુત્તાહીરને બેસા-ડયો. આ વખતમાં શહેરનો ઇન્તેઝામ બરાબર ન રહ્યો, ચારે બાજુ અંધાધુંધી શરૂ થઈ, લોકો લુંટફાટ કરવા લાગી ગયા. "જે હારે તે લુંટાય" જેવો હાલ થયો. આવા કટો-કટીના વખતમાં સૈયદના અહીં પણ માયુસ થયા અને હિરતે શબામની તરફ રવાના થયા, પરંતુ આપના હાથમાંથી જે બે કિલ્લાઓ છીનવી લેવામાં આવ્યા હતા. (જુઓ પાનું ૫૨) તેથી આપને ઘણોજ રંજ રહેતો હતો અને તે રંજ અને પસ્તાવાના સબબ આપ બિમાર રહેતા હતા. મોમિનો પર તરેહ તરેહના દુઃખો ગુજરતા, પરંતુ આપ ઇમામી તાઈદના સહારે સબરને લાઝીમ રહેતા. આ મુસીબત જાણે ઓછી હોય તેમ સૈયદના ઉપર **હીન્દુસ્તાનથી** બીજા ગમનાક ખબર આવ્યા કે "હિન્દુસ્તાનમાં **જાફરે** દાઇનો દાવો કરી, નવો શીરકો ઉભો કરી ફિતનત શરૂ કરી છે ને લોકોને બેહકાવી રહેલ છે અને મોમિનોમાંથી ઘણા તેના દાવરામાં શામીલ થતા જાય છે. વિગેરે. જાફરે હિન્દુસ્તાનમાં દાઇનો દાવો કર્યો તે પહેલાં હિન્દુસ્તાનમાં મોમિનો હકની દાઅવતનો સિલસિલો કયા-રથી શરૂ થયો તેનો ટુંક ઇતિહાસ મોમિનોને જાણવો જરૂરી ધારી આ નીચે આપ્યો છેઃ—

હીન્દની દાઅવત ૪૫૩ થી ૯૪૬ સુધી (સૈ. યુસુફ નજમુદ્દીન સુધી).

૧૮ મા ઇમામ મોલાના મુસ્તનસીર બિલ્લાહના વખતમાં બનુ અબ્બાસની ખિલાફ-તનો શાહ કોરૈશ બીન બદરાન ભાગી છુટ્યો અને બગદાદ અબુલહારેસુલ બબાસીરીએ કબ્જે કર્યું તથા અલી બીન મહમ્મદ સુલેહીયે **યમન** હી૰ ૪૫૩ માં સર કર્યું, તે અરસામાં હિન્દુસ્તાનના રાજાઓમાં લડાઇઓ ચાલુ હતી અને કઈક લોકો કતલ થતા હતા.

રિવાયતમાં છે કે હિન્દમાં રાજા સિદ્ધરાજ જેસીંહને તેના જાદુગર ગુરૂએ કહ્યું કે "રાજા સાહેબ! અરબસ્તાનમાં તો મુસલમાનો છે, પરંતુ હિન્દુસ્તાનમાં લખનવ, દિલ્હી વિગેરે ઠેકાણે તેમનું જોર વધી ગયું છે ને તેઓ અમારા ગામ સુધી આવી પહોંચ્યા છે, એવું ન થાય કે તેઓ રફતે રફતે તમારા મુલ્ક ઉપર ગાલીબ થઈ જાય. વાસ્તે તમો એવી મસલત લીઓ કે દરરોજ એક મુસલમાન મારી તેના ખુનથી ચાંદલો કર્યા પછી જમણ જમવું. આ વાત રાજાના ધ્યાનમાં આવી તેથી તે દરરોજ એક મુસલમાનને કતલ કરી તેના ખુનથી ચાંદલો કરી પછી જમતો. એક દિવસ એક મોમિન મર્દ આફતનો માર્યો બંભાતમાં આવી ચડ્યો: રાજાના માણસો તેને પકડી લઇ ગયા, અને તેના કતલનો ઇરાદો કર્યો, તે મર્દ મોમિને રાજા પાસે આવી અરજ કરી કે એ રાજા! મુસલમાનો તો જનવરોને ઝબેહ કરે છે તેથી તેની તમે અદાવત કરો છો, પરંતુ તમે તો ઇન્સાનને મારો છો, તેનું ખુન

કરો છો, તે શું પાપ નથી ? ઇનસાન શું પરમેશ્વરની મખલુકાત નથી ? રાજા આ સાંભળી હયરાન થયો, ફિકરમાં પડયો. વળી તે મોમિન મર્દને કહ્યું કે, એ રાજા ! તમે શા વાસ્તે ફિકર કરો છો ? અગર તમે ખુનથી ચાંદલો કરવાની મીન્નત લીધી છે તો મારો હાથ કાપી નાંખો, ને તે લોહીથી ચાંદલો કરી પછી જમો. મને જનથી ન મારો વિગેરે. આ દલિલ રાજાની અક્કલમાં ઉતરી ને નાહક પોતે દરરોજ એક માણસનું ખુન કરે છે, તેથી પસ્તાવો થયો ને આવું ગુનાહનું કામ કરવાને બદલે તે મોમિન મર્દનો હાથ કાપી તેના ખુનનો ચાંદલો કર્યા પછી જમ્યો.

મજકુર મોમિન મર્દ કપાએલા હાથે મીસર મોલાના મુસ્તનસીર બિલ્લાહના દરબારમાં હાજર થયો. હિન્દુસ્તાનની સઘળી બીના કહી સંભળાવી અને તેનો હાથ જે રાજાએ કાપી નાંખ્યો હતો તે બતાવ્યો. આપ આ સાંભળીને ઘણાજ રંજીદા થયા. બાદ આપે તે મોમિનના હાથને ખુદાની બરકતથી મીલાવી દીધો. કેમ ન બને ? આપ મોઅ-જીઝનુમા હતા ! ખુદાના ઇમામ હતા !!!

આ કિસ્સા પછી ઇમામ મુસ્તનસીર બિલ્લાહે મોલાઈ એહમદ સાહેબને હિન્દુસ્તાન તરફ મોકલ્યા અને ફરમાવ્યું કે, " હિન્દમાં ખંભાત નામનું શહેર છે, તેમાં હિન્દુ લોકોનો ઘણો જુલમ છે, તે વાસ્તે તમો ખંભાત જજો અને સઘળા મુશરેકુનને હિદાયત આપજો ". આ પ્રમાણેનો અમર લઈને મોલાઈ એહમદ સાહેબ હિન્દુસ્તાનમાં હિન્દુનો પહેરવેશ પહેરીને હિન્દમાં ઉતર્યા; બાદ ખંભાત પહોચ્યા. આપને હિન્દુસ્તાનની ભાષા આવડતી નહોતી તેથી કેટલાક મહિના સુધી ચુપચાપ ફર્યા અને ખંભાતના મુર્તીપુજકો અને હિન્દુઓના રીતરીવાજો જોયા.

એક વખત આપ એક મેદાનમાં ગયા, ત્યાં આપે છોકરાઓને ગેંડી-દડાથી રમતા જોયા. ત્યાં જઈ આપ બેસવા લાગ્યા અને છોકરાઓના ખેલ જોયા કરતા ને જીવને બહેલાવતા. આ છોકરાઓમાં બે છોકરા ઘણાજ ચાલાક અને હુશિયાર માલુમ પડયા, તેમની ઉમર આશરે બાર અથવા ચૌદ વરસની હશે, પરંતુ તેઓ ઘણાજ તેજ અને ખબરદાર હતા, દેખાવમાં ખુબસુરત અને ચાલચલગતમાં નેક સીરત હતા, તેથી આપે તે બને પર નેક નઝર ફરમાવી પ્યારની નજરથી જોવા લાગ્યા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે, જો આ બે છોકરાઓ મારા સાથે મીસર આવે તો તેમને ઇલ્મ ને અમલમાં તૈયાર કરું. પછી પાછા અહીં લાવી તેમની મદદથી આ હિન્દુ લોકો સાથે બહેસ કરી સઘળાઓને હિદાયત આપી ઇમાનમાં લાવું. આ વિચાર કરીને આપ હમેશાં બન્દરમાંથી ફળ-ફલેહલ લાવી તે બંને છોકરાને આપતા, આ સબબથી તે બંને છોકરાઓ આપ સાથે હળી મળી ગયા, બંનેના માબાપ નહોતા, તેથી તે બંને છોકરાઓ તેના સગાવ્હા-લાને ત્યાં રહી મ્હોટા થતા હતા. યતિમ હોવાના સબબ તેની દરકાર તેના વાલીઓ તરફથી બિલકુલ થતી નહોતી, જે કંઈ જમણ મળે તે જમે, ને જ્યાં સુવાનું મળે ત્યાં

સુઈ જતા. તે છોકરાઓની કોઇ પરવાહ કરતું નહોતું, તેથી કોઇ વખત તે છોકરાઓ મોલાઇ એહમદ સાહેબના મકાનપર જતા અને ત્યાંજ સુઈ રહેતા. તે બંનેમાં મોટા ભાઇનું નામ "રામનાથ" તથા નાના ભાઇનું નામ " રૂપનાથ " હતું. હવે જ્યારે આપે મીસર તરફ પાછા જવાનો ઇરાદો કર્યો ત્યારે આપે ઇશારાથી તે બંને છોકરાઓને કહ્યું કે, " મારો ઇરાદો મિસર જવાનો છે, તમે મારા સાથે આવશો ? હું મુલ્ક જાઉ છું ". બંને છોકરાઓ ખુશીથી આપના સાથે આવવા તૈયાર થયા અને આપ બંનેને લઇને મિસર રવાના થયા અને મિસરમાં ઇમામ મુસ્તનસીર બિલ્લાહના દરબારમાં તે બંનેને લઇને હાજર થયા. અને અરજ કરી, એ મોલા ! મને હિન્દી જબાનમાં કંઈ સમજ ન પડી જેથી આ બે છોકરાઓને સમજાવી લાવ્યો છું. ઇમામ આથી ઘણાજ ખુશ થયા અને "રામનાથ" નું નામ " અબ્દુલ્લાહ " રાખ્યું, ને " રૂપનાથ " નું નામ " નુરૂદ્દીન " રાખ્યું, અને ફરમા-વ્યું કે આ બેવેને તૈયાર કરો અને ઇલ્મના દરજ્જતમાં ચડાવો. મોલાઇ એહમદ સાહેબે આ બંને ભાઇઓને થોડી મુદતમાં તૈયાર કરી દીધા ને ઇમામ ચ. સ. ની હજુરમાં અરજ કરી કે, " આ બેવે છોકરા ફકિહ, અબ્બાર, બહેસો, મનાઝીરા, તાવીલ અને હકાએકના ઇલ્મમાં તૈયાર છે. તે બાદ ઇમામ મુસ્તનસીર બિલ્લાહે હિન્દુસ્તાનના રીત-રસમ જારૂવા તથા ઇસ્માઇલી ધર્મ ફેલાવવા માટે ૧. મોલાઇ એહમદ, ૨. મોલાઇ અબ્દુલ્લાહ, (રામનાથ) ૩. મોલાઇ નુરૂદ્દીન (રૂપનાથ)ને રવાના કરવાનો ઇરાદો કરી સૈયદના લમકને આ ત્રણે સાહેબોને હિન્દમાં ઇસ્માઇલી ધર્મ ફેલાવવા માટે શું શું કરવું તે બધું બરાબર સમ-જાવા ફરમાવ્યું. બાદ આ ત્રણે સાહેબોને લઇ સૈયદના લમક યમન સુધી તેમને વિદાય કરવા આવ્યા. રસ્તામાં આપે આ ત્રણે સાહેબોને હિન્દમાં જઈ હકના નુરને ફેલાવવા માટે જે કાર્ય કરવાના હતા તે બધા સમજાવ્યા અને યમનમાં હિન્દથી જે વહાણ માલ લઇને આવેલ હતું તેમાં આ ત્રણ સાહેબો નામેઃ—૧. એહમદ. ૨. અબ્દુલ્લાહ અને ૩. નુરૂદ્દીનને રવાના કરી સૈયદના લમક પાછા ઇમામી દરબારમાં હાજર થયા અને હી૰ ૪૫૦ માં આ વહાણે ખંભાત બંદરના કીનારે લંગર નાખ્યું.



હીન્દમાં દાઅવતની શરૂઆત અને તેના વાલીઓ.

ઇમામ મુસ્તનસીર બિલ્લાહે જ્યારે હિન્દમાં હી૰ ૪૫૦ માં હકની દાઅવત ફેલાવવા માટે મોલાઈ એહમદ, મોલાઈ અબ્દુલ્લાહ અને મોલાઇ નુરદીનને મોકલ્યા ત્યારથી હિન્દમાં હકની દાઅવત ઇમામ તરફથી દાઇતા વાલીઓ મારફત શરૂ થઇ તે હિન્દના પહેલા દાઇ સૈયદના યુસુફ નજમુદ્દીન બીન સુલેમાન સિદ્ધપુરીના વખત સુધીમાં જે વાલીઓ થયા તેના અનુક્રમવાર નામો આ નિચે આપવામાં આવેલ છે.:—

૧.	મોલાઇ એહમદ	ખંભાત	વફાત હી૰	૫૬૦
૨.	,, નુરૂદ્દીન ઔરંગાબાદી ...	દુન ઔરંગાબાદ	,, હી૰	૫૬૩
૩.	,, અબ્દુલ્લાહ	પાટણ	,, હી૰	૫૬૫
૪.	,, ચાચકુબ બીન ભારમલ	પાટણ	,, હી૰	૫૩૮
૫.	,, ઇસહાક બીન ચાકુબ			
૬.	,, અલી બીન ઇબ્નદીદ દાઇ મોલાઈ અબ્દુલ્લાહ. આ સાહેબે ત્રણ વાલી નીચે મુજબ તૈયાર કર્યાઃ—			
	(૧. મુલ્લા આદમ બીન સુલેમાન (અમદાવાદ આમીલ તરીકે).			
	૨. હસનપીર શહીદ બીન અલી (સિદ્ધપુર આમીલ તરીકે).			
	૩. મુલ્લા દાઉદ બીન અલી) (પાટણમાં રાખ્યા).			
૭.	,, હસનપીર શહીદ ઇબ્નદીદ દાઇ મોલાઇ અબ્દુલ્લાહ.			
	(એહમદશાહ નવાબના વખતમાં અમદાવાદ ...		હી૰	૮૧૦
૮.	,, આદમ બીન સુલેમાન		હી૰	૮૩૬
૯.	,, હસનભાઇ બીન આદમ		હી૰	૮૫૮
	(આપના વખતમાં જફરના દાવાની શરૂઆત).			
૧૦.	,, રાજા બીન હસન અમદાવાદ.		હી૰	૯૨૪
૧૧.*	,, અબ્દુલ વહાબ બીન ફીરોઝ ફખરૂદ્દીન		હી૰	૯૨૬
	(દાઈ હુસેન હુસામુદ્દીનના વખતમાં).			
૧૨.*	,, કાસમજી બીન હસન		હી૰	૯૪૬
૧૩.	,, જફર ઇબ્ને રાજા અમદાવાદ. ...		વફાત હી૰	૯૮૧

આ સાહેબ હિન્દના છેલ્લા વાલી હતા, તેમણે સૈયદના યુસુફ નજમુદ્દીન હિન્દના પહેલા દાઇને હી૰ ૯૪૬ માં અમાનત સોંપી, તે પછી આપ દાઅવતની બીદમત કરતા. બાદ હી૰ ૯૮૧ ના રબીઉલ અવ્વલની તા. ૨૬ મીના અમદાવાદમાં વફાત થયા. આપનું મઝાર બીજાપુરામાં છે. આપના દાદાઓથી હિન્દની વલાયત આપનામાં જારી હતી. આપ સાતમા સરદાર હતા.

* આ બે સાહેબો ઉપર યમનના દાઈના વાલી તરીકેના કાગળો આવેલ છે તે મજમુ–એ–હમ્દાનીમાં મોજુદ છે.

આ સાહેબો જુદે જુદે ઠેકાણે વાલીઓ તરીકે હતા.

(૧) મોલાઇ ભારમલ. ૨. મો. યાકુબ. ૩. મો. ઇસહાક. ૪. મો. અલી. ૫. મો. દાઉદ. ૬. મો. રાજા (મોરબીવાળા). ૭. મો. દાઉદ. ૮. મો. આદમ. ૯. મો. રાજા (જામનગરવાળા).

(૨) તારમલ—ના દિકરા બાવા મોલાઇ ફખરૂદ્દીન. શહીદ—ગલીયાકોટ.

(૩) મોલાઇ અબ્દુલ્લાહ. ૨. મો. અલી. ૩. મો. હસનપીર શહીદ. ૪. મો. હબીબ. ૫. મો. જફર. ૬. મો. રાજા. ૭. મો. જફર.

(૪) મોલાઈ મસઉદ. ૨. મો. સુલેમાન. ૩. મો. આદમ. ૪. મો. હસન. ૫. મો. રાજા. ૬. મો. મુલ્લા જફર.

હીન્દના શાહો ૮૧૦ થી ૯૮૦ હીજરી સુધી.

આ વખતે હીન્દુસ્તાનમાં નીચે મુજબ બાદશાહો થયા છે, જેનો ખુલાસો સૈયદી બોજ બીન મલકના સીત્તા રસાલેમાંથી આપવામાં આવેલ છે.

૧. અહમદશાહ–પહેલો અમદાવાદ ૮૧૦ થી ૮૪૫ સૈયદી હસન પીર શહીદના વખતમાં.

૨. મહમુદશાહ–પહેલો અમદાવાદ ૮૫૫ થી ૯૦૯. આ બાદશાહના વખતમાં કપડવંજના રહીશ પાંચ મુલ્લાઓને ૧. મુલ્લા મલકશાહ. ૨. મુલ્લા મસઉદ. ૩. મુલ્લા ઇસમાઈલ ને બીજા બે મળી પાંચ મુલ્લાઓને શહીદ કરવામાં આવેલ છે.

૩. મુઝફ્ફરશાહ–બીજો ૯૩૩. આ શાહના વખતમાં હીન્દના વાલી સૈયદી રાજા બીન હસન બીન આદમ હતા ને આજ શાહે મોલાઇ રાજા બીન દાઉદને શહીદ કર્યા છે. અમદાવાદ.

૪. બહાદુરશાહ–૯૪૦. હુમાયુની ચડાઇ અમદાવાદ ઉપર ૯૩૭ થી ૯૪૨. મોમીનો ઉપર ઘણોજ જુલ્મ થયો છે.

૫. મહમુદશાહ–બીજો ઉર્ફે બેગડો ૯૪૦. (સૈ. મહમ્મદ ઇજમુદ્દીનનો ઝમાન યમન)

૬. અહમદશાહ–બીજો. ૯૬૬. (સૈ. યુસુફ નજમુદ્દીનનો ઝમાન)

૭. મુઝફ્ફરશાહ–ત્રીજો. બાદશાહ અકબરે તેને હરાવી કેદ કરી તેનું રાજ્ય છતી લીધું ૯૮૦. સૈયદના દાઉદ બીન અજબશાહના વખતમાં.

ઇમામ મુસ્તનસીર બિલ્લાહના વખતમાં હિન્દમાં અણહીલવાડ પાટણમાં સિદ્ધરાજ જયસિંહ રાજ કર્તા હતા, તે વખતે ગુજરાતમાં ઇમાનનું નામ નીશાન નહોતું, ત્યારે પહેલ વહેલો ઇસ્માઇલી ધર્મનો મોલાઈ અબ્દુલ્લાએ ફેલાવો શરૂ કર્યો અને લોકોને નવાઈ લાગે તેવા મોઅજીઝા બતાવી, ઇસ્લામ ને ઇમાનના નુરને ફેલાવ્યું.

શરૂઆત કઇ રીતે થઈ ?

આ વિષે કેટલીક વાતો ધર્મગુરૂઓની કુતૂહલ માટે કહેવામાં આવે છે. એક વાત પ્રમાણે તેને એક બેહુતના દીલને તેના સુકા કુવાને પાણીથી ભરી આપી જીત્યું હતું. બીજી વાત પ્રમાણે ખંભાતના એક મંદિરમાં અંદર લટકતા લોઢાના હાથીને જમીન ઉપર નીચે પડી કેટલાક પુજારીઓના મન જીતી લીધાં હતાં.....તે પછી કહેવાય છે કે તે વખતે ગુજરાતની રાજધાની અણહીલવાડ પાટણ તરફ આ ધર્મગુરૂએ મુસાફરી કરી, શહેરમાં વાત ફેલાઇ કે રાજા સિદ્ધરાજ જયસિંહ તે મુસાફરને જોવાને ઘણોજ આતુર છે. (ઇ. સ. ૧૦૯૩–૧૧૪૪). તેથી તેને મુખ્ય શહેરની અંદર લઇ આવવા માટે એક લશ્કરની ટુકડીને મોકલી. ત્યારે તે મુસાફરને આગ વચ્ચે ઘેરાએલો જોઈ લશ્કર પાછું ફર્યું, પછી રાજા પોતે ત્યાં ગયો. આ મુસાફરના તાબામાં આગ હોવાથી આગ ખુલ્લી થઇ અને રાજા તે પરથી પસાર થયો. આથી અચમ્બામાં ગરકાવ થઇ રાજાએ નવી માન્યતા જુની માન્યતા કરતાં સારી છે તે સાબીત કરવાને માટે એક વધુ મોઅજીઝો બતાવવા કહ્યું. રાજાની ઇચ્છા કબુલ કરવામાં આવી, બાદ તેઓ મંદિરમાં ગયા, મંદિરની મુરતીને મોલાઇ અબ્દુલ્લાહે સવાલ કર્યો, તેના જવાબમાં તેની એક પવિત્ર મુર્તિએ જાહેર કર્યું કે અરબોનો ધર્મ સાચો છે. આ શબ્દ સાંભળતાંજ તે હિન્દુ ધર્મરાજા તથા તેની રૈયત પણ અજાયબીમાં ગરકાવ થઈ અને નવા ધર્મને સ્વિકારી લીધો. ત્રીજી વાત એ છે કે જ્યારે અબ્દુલ્લાહ ખંભાતમાં ઉતર્યા ત્યારે ગુજરાતીઓ ઇસ્લામથી અજાણ હતા. એક હિન્દુ પુજારી મુખ્ય ધર્મનો કાર્યવાહક હતો. આ પુજારી અને તેના શાગીર્દોને ભેગા કરવાની આ મુલ્લાની ખુલ્લી પ્રતિપક્ષતા ભયવાળી અને અશક્ત હતી, તેની હુશ્યારીએ પુજારીનું તરત ધ્યાન ખેંચ્યું. દેશની ભાષા ઉપર કાબુ મેળવ્યા પછી તેણે પુજારીઓની પવિત્ર કિતાબોનો અભ્યાસ કર્યો અને તે (પુજારી) ના મન ઉપર એવી અસર પાડી કે તેણે તેનો ધર્મ બદલાવ્યો. છેવટે પુજારીના શાગીર્દોએ નવા ધર્મને સ્વિકાર્યો અને રાજાના બન્ને વઝીર ભારમલ તથા તારમલે પણ નવો ધર્મ સ્વિકાર્યો. ને આ વાત રાજાના કાને પહોંચી.

રિવાયતમાં છે કે તારમલ જે સિદ્ધરાજના બીજા વઝીર હતા, તેણે પણ ઇસ્માઇલી ધર્મ સ્વિકાર્યો હતો, પરંતુ તે રાજાની બીકથી છુપી રીતે નમાઝ પઢતા ને ઇસ્લામી કાયદાનું પાલન કરતા. તે ખબર બીજા હિન્દુઓએ રાજાને આપી ને કહ્યું કે વઝીર નમાઝ પઢે છે. જેથી રાજાએ તે વાત માની નહિ, પરંતુ ખાત્રી કર્યા પછી ને નજરે જોયા પછી ઇન્સાફ થશે તેમ કહ્યું. આ પછી તે હિન્દુઓએ વઝીર તારમલ નમાઝ પઢતા હતા તે વખત રાજાને તેના ઘર પાસે બોલાવ્યા ને તેમને નમાઝ પઢતા દેખાડ્યા. આથી રાજાએ

તે વઝીર તારમલનું ઘર ઉઘડાવી પુછપરછ કરીને કહ્યું, તમો શું કરો છો ? ઉંચા નીચા શું કામ થતા હતા ? ત્યારે વઝીરે જવાબ આપ્યો કે સાહેબ ! હું એટલા માટે ઉંચા-નીચો થતો હતો કે, અહીં એક સાંપ ગયો છે. રાજાએ તે સાંપ જોવા માટે પટારો ખસેડવાનું માણસોને કહ્યું. રાજાના હુકમ મુજબ પટારો ખસેડ્યો એટલે એક મોટો સાંપ નજરે આવ્યો. અરેખર ખુદાતઆલાએ હકના નુરના ફેલાવા માટે સહાય કીધી ને તેઓને સાંપ દેખાયો. આ ઉપરથી જે હિન્દુઓએ વઝીરની ચાડી ખાધી હતી તેમને રાજાએ ખુબ ધમકાવ્યા, ને વઝીર ઉપર ખોટું તોહમત મુકયું તેથી તેઓને કાઢી મુકતાં કહ્યું, શું તમોને વઝીરપણું જોઇએ-છીએ તેથી આવી અદાવત કરો છો ? બાદ રાજાએ વઝીર તારમલની કદર કરી. આ સાહેબ મોલાઇ અબ્દુલ્લાહના મોઅજીઝા જોઇને ઇમાન લાવ્યા છે ને તેની નસલથી **મોલાઇ ફખરૂદ્દીન** સાહેબ થયા છે. મોલાઈ ફખરૂદ્દીન સાહેબને અમદાવાદના વાલીએ હકની દાઅવત તથા હિદાયત વાસ્તે વાગડ છલ્લા તરફ મોકલ્યા ત્યાં આપ મોમિનીનને હિદાયત દેતા હતા. બાદ આપ ગલીયાકોટ પધાર્યા ત્યાંના મોમિનીનને હિદાયત આપી મોહરરમની વાયેઝ કરી. બાદ ત્યાંથી સફર શરૂ કરી આપ આગળ જતા હતા. શહેરથી થોડે દુર ગયા એટલામાં ત્યાંના ભીલ લોકોએ આપના ઉપર હુમલો કર્યો ને તા. ૨૭ મી મોહરરમના આપ શહીદ થયા છે. આપની શહાદત તથા મરતબો બધા લોકોમાં મશહુર છે દરેક યાત્રીના લોકો આપની મિન્નત માટે **ગલીયાકોટ** આવે છે. આપની કરામત જગ મશહુર છે. મો. બહાર, હુસ્સહ ૩ જી પાનું ૩૩૫.

આ મોઅજીઝાના સાહેબ મોલાઇ અબ્દુલ્લાહ (નવા ધર્મ ફેલાવનાર ગુરૂ)ને જોવા ત્યાંના રાજા સિદ્ધરાજ જયસિંહને ઇચ્છા થઇ અને તેમના કેટલાક નવાઈ પમાડનારા કામો જોઇ રાજાએ મખરી ઇસ્લામ ધર્મ સ્વિકાર્યો. ઇ૰ ૧૧૪૩. આ ધર્મ સ્વિકારની વાત તેણે મરણ પર્યંત ખાનગી રાખી હતી. રાજા સિદ્ધરાજ જાહેરમાં હિન્દુ ધર્મ પ્રમાણે વર્તતા હતા, પરંતુ મરણની છેલ્લી ઘડીએ તેણે તેની ઔલાદને વસિયત કરી કે, મારા મરણ બાદ મારા દેહને અગ્નિદાહ નહિ કરતાં દફન કરજો અને તેની ક્રિયા ઇસ્માઇલી પંથના ધર્મગુરૂ યાને મોલાઈ આહમદ પાસે કરાવજો. આ વસિયત પ્રમાણે રાજા સિદ્ધરાજને દફન કરવામાં આવ્યા. આ બનાવ પછી સિદ્ધરાજના નવાસા ભારમલના ફરઝંદ (કે જે ભારમલ સિદ્ધરાજ જયસિંહના દિવાન હતા.) અજયપાલે મૌલાઇ અહેમદના હિદાયતના સમય રાજ્યનો કારોબાર તજી ઇસ્માઈલી ધર્મ સ્વિકાર્યો અને પોતાનું નામ બદલી ઇસ્લામી નામ યાકુબ રાખ્યું. ત્યારથી મૌલાઇ એહમદના હુકમ મુજબ–યાકુબ–હમેશાં વર્તવા લાગ્યા.

મોલાઇ આહમદે પોતે હિન્દુસ્તાનમાં આ પ્રમાણે નવા મુસ્લિમો અને મોમિનીનો બનાવ્યા તેના ખુશખબરીના સમાચાર ઇમામ મુસ્તનસીર બિલ્લાહને મોકલ્યા, જેથી ઇમામ ઘણાજ ખુશ થયા ને ઇમામે વળતો ખુશાલીનો જવાબ આપેલ છે. બાદ મોલાઈ આહમદનો વફાતનો વખત નજીક થયો ત્યારે આપે હકની અમાનતને મૌલાઇ અબ્દુલ્લાહને સોંપી. હી૰ ૪૬૦, મોહરરમ તા. ૧૦ મી ઇ૰ ૧૧૮૩ ની સાલમાં આપ ખંભાતમાં વફાત થયા.

મૌલાઈ અબ્દુલ્લાહે આપના સાથી મૌલાઇ નુરૂદ્દીનને ઔરંગાબાદ હિદાયત વાસ્તે મોકલ્યા, ત્યાંથી આપ દુન ગામમાં હિદાયત વાસ્તે પધાર્યા, આપે બે વરસ હિદાયત કરી મોમિનના દિલોને તરબીયત કીધા, હકના નુરને જાહેર કર્યું, શરીઅતે મોહમ્મદી સમજાવતા અને લોકોને ઇલ્મનો શોખ બતાવ્યા, નેક સીરત, અખલાક, ભાઈચારો, મોહબ્બત વિગેરેના ફાયદાઓ સમજાવી હિદાયત દેતા. આપને પણ વખતે યારી આપી નહિ, આપ બિમાર થયા અને હી૰ ૫૬૨–૬૩. તા. ૧૫ મી મોહરરમમાં વફાત થયા.

બાદ મૌલાઈ અબ્દુલ્લાહ ખંભાતથી પાછા પાટણ પધાર્યા અને મૌલાઈ યાકુબને ઇલ્મથી માહેતગાર કર્યા, પોતાનો અન્તેકાલનો વખત નજીક થયો એટલે આપે મૌલાઈ યાકુબને દિનનું સઘળું કામકાજ સુપ્રત કર્યું અને સઘળાના ફયદ નસને જાહેર કરી. તા. ૧ મોહરરમ હી૰ ૫૬૪–૬૫ માં આપ વફાત થયા. મોલાઇ યાકુબે પોતાના કાકા તારમલના દીકરા મોલાઇ **ફખરૂદ્દીનને** ઇલ્મ પઢાવી **વાગડ** હિદાયત વાસ્તે મોકલ્યા. ત્યાં આપ શહીદ થયા છે. આપની સીફત આપ તથા આપના મઝારથી કોઈક મોમિન બેખબર નહિ હોય. તે બાદ મોલાઇ યાકુબ મૌલાના ઇમામ મુસ્તનસીર બિલ્લાહના વખતના દાઇના ઇરશાદથી પોતાના વફાતના નજદીક પોતાના દીકરા મોલાઇ ઇસહાક પર નસ કરી પાટણમાં આપ વફાત થયા.

મોલાઇ ઇસહાક પોતાના ફરઝંદ મોલાઈ અલી ઉપર નસ કરી વફાત થયા. મોલાઈ અલી ઇલ્મમાં ઘણાજ આગળ વધેલા હતા, આપનું ફઝલ બેશુમાર છે, હિકમતમાં આપ બેમિસ્કા હતા, આપે ત્રણ શખ્સને આપના ઇલ્મની વીરાસત આપી શાગીર્દ બનાવ્યા હતા. તેમાં—૧. મુલ્લા આદમ બીન સુલેમાન. ૨. હસનપીર બીન અલી. ૩. પોતાના ફરઝંદ મુલ્લા દાઉદ. આ ત્રણે સાહેબો ઇલ્મમાં કમાલ દરજ્જે પહોંચ્યા. પછી આપે મુલ્લા આદમને અમદાવાદ મોકલ્યા, મોલાઈ હસનપીરને સિહ્પુર મોકલ્યા. અને મુલ્લા દાઉદને પોતા પાસે રાખ્યા. જ્યારે આપનો અન્તેકાલનો વખત નજદીક થયો ત્યારે આપે દાઅવતનો કુલ અમર પોતાના ફરઝંદને નહિ સોંપતાં હસનપીર સાહેબને સઘળાના ફયદ નસ કરી સોંપ્યો. ત્યાર બાદ મોલાઈ હસનપીર સાહેબે તેજ પ્રમાણે શરીઅતના કાનુન મુજબ સઘળાની ફયદ પોતાની દીકરીના દીકરા મુલ્લા આદમ બીન સુલેમાનને નસ કરી શરીઅતનો અમર સોંપ્યો. તે બાદ મુલ્લા આદમે પોતાના ફરઝંદ હસનને શરીઅતનો અમર સોંપ્યો. આ સાહેબના વખતમાં હિન્દમાં **જાફરે** દાઇનો દાવો કર્યો છે.

જાફર ઇબ્ને શેખ ખ્વાજાની ગુમરાહી.

આ વિષે સૈયદી શેખ આદમ સફીયુદ્દીન ઇબ્ને દાઇયીલ અજલ સૈયદના અબ્દુલ્લતૈયબ ઝકીયુદ્દીન પોતાના કિતાબમાં ફરમાવે છે કે, જ્યારે મોલાઇ આદમ ઇબ્ને સુલેમાન હિન્દુસ્તાનના વાલી હી૰ ૮૩૬ માં વફાત થયા. ત્યાર બાદ આપના ફરઝંદ મોલાના હસનભાઇ દાઅવતે હાદિયાહમાં શરીઅતે ગરરાનો રસ્તો જારી કરવા દોઆતોની નિયાબત (વાલી)

થયા ત્યારે આપે અમદાવાદમાં ઇલ્મના દરવાજા ખુલ્લા મુકયા, મદ્રસાઓ કાયમ કર્યા, ઇલ્મના તલબતો વાસ્તે સફરની રસમો જારી કરી. આ વખતે **જાફર** નામનો તલબત પણ આપના મદ્રસામાં ઇલ્મ લેવા વાસ્તે પાટણથી આવેલ હતો, તેણે મદ્રસામાં તેમજ સૈયદી હસન પાસેથી ઇલ્મ હાંસીલ કીધું. અમુક વખત બાદ જાફર સૈયદી હસન પાસે આવ્યો અને અરજ કરી કે, મોલા ! હુકમ થાય તો હું યમન હકના દાઇ સૈયદના અલી શમ્સુદ્દીન પાસે વધુ ઇલ્મ લેવા માટે જાઉં. ત્યારે આપે (સૈયદી હસને) ફરમાવ્યું કે, "એ જાફર ! તમો હજુ ઇલ્મમાં મુબતદી (શરૂઆતમાં) છો. તમોએ હજુ પુરૂં ઇલ્મ લીધું નથી, તેમજ તમોએ ઇલ્મે નેહવ, ઇલ્મે શરફ, ઇલ્મે તફસીર ને ઇલ્મે લોગાતની પરિક્ષા પણ આપી નથી, વાસ્તે તમો ઉતાવળ ન કરો ને ઇલ્મ મેળવવામાં પુરી કોશિશ કરો, ને અહિ રહો. જ્યારે તમો પુરૂં ઇલ્મ હાંસીલ કરશો ત્યારે તમોને વધુ ઇલ્મ માટે યમન મોકલવામાં આવશે". જાફરે પોતાના ઉસ્તાદની વાત ધ્યાનમાં ન લીધી, વલીયોની ચાલને ધ્યાનમાં ન કીધી, પરંતુ બેફરમાન થઇ પોતાના ઉસ્તાદની પરવાનગી વગર અમદાવાદથી ભરૂચ આવ્યો અને ભરૂચથી વહાણમાં સવાર થઈ યમન તરફ રવાના થયો.

આ ખબર સૈયદી હસનભાઇને પહોંચી કે તરતજ આપે યમન હઝરતે આલીયાહમાં ચાને દાઇ સૈયદના અલી બીન સૈ. અબ્દુલ્લાહને જાફરના આપની તરફ રવાના થવાના ખબર તે યમન પહોંચે તે પહેલાં પહોંચાડ્યા અને સઘળા હાલથી આપને વાકેફ કર્યા. આપ મોલાના પાસે હિન્દુસ્તાનના મેહાજેરતની સારી ઈજ્જત હતી, આપ હમેશાં આવનારને માન આપતા, ખબર અંતર પુછતા અને દરેક જાતનો બંદોબસ્ત કરી આપતા, હિન્દુસ્તાનના લોકો સાથે જાફર વહાણમાં યમન આવ્યાના ખબર આપને થયા હતા, તેથી આપે જાફરને બોલાવવા હુકમ ફરમાવ્યો. જાફર સલામ વાસ્તે હાજર થયો; સલામથી મુશરરફ થયો, આપે જાફરને હિન્દુસ્તાનના ખબબાર પુછ્યા. ખાસ કરીને હિન્દુસ્તાનના વાલી સૈયદી હસનભાઈની ખબર પુછી, જાફર જવાબ દેવામાં ઘણોજ હુશિયાર હતો, ખુશ કલામ સાથે હિન્દુસ્તાનના બધા બબબાર આપને પેશ કર્યા અને કહ્યું કે, હિન્દુસ્તાનમાં આપ મોલાનાના તુફૈલથી સર્વે અમાનમાં છે અને આ કિદવીના ઉસ્તાદ સૈયદી હસનભાઈ પણ ઘણાજ ખુશીમાં છે. અમદાવાદના મદ્રસામાં ઇલ્મ લેતા બચ્ચાંઓની સંખ્યા પણ સારી છે, એટલુંજ નહિ પણ સૈયદી હસનભાઇની બબાકતથી લોકો ઘણાજ ખુશી તથા રાહતમાં છે. ત્યાર બાદ દાઇએ જાફરને પુછ્યું કે, "તમો ઇલ્મ વાસ્તે અહીં આવ્યા છો તો તમારા પાસે શેખ હસનભાઇનો કોઈ કાગળ છે ? જાફરે અરજ કીધી, મોલાના ! આ કિદવીનું જલ્દીથી આવવાનું થયું એટલે કાગળ લઇ શકયો નથી; પણ જ્યારે કીદની ત્યાંથી રવાના થયો ત્યારે ઉસ્તાદ સાહેબ અને બીજાઓ મને ગામ બહાર સુધી વિદા કરવા માટે પધાર્યા હતા અને આપ મોલાને કદમ બોસી સાથ સલામ કહેવા ફરમાવ્યું છે. આ વાત સાંભળી સૈયદના ચુપ રહ્યા અને જાફરે તદન જુદી વાત કરી (કાબેલે ઇબરત) છતાં આપ રહેમતના દરયાએ જાફરને કાઢી મુકયો નહી તેમ તેની ઇજ્જતમાં કંઈ બબલ આવવા દીધી નહિ એટલુંજ નહિ પણ તેને આપે રહેમ દીલ બતાવી આપના પાસે દસ્તમાં ઇલ્મ વાસ્તે રાખ્યો. જાફરે હુજુર પુરનુરના ફઝલને કરમના સાયા તળે

બાઇઝઝત બે વરસ સુધી ઇલ્મ હાંસીલ કર્યું. અહીં ઇલ્મ લઇ જાફરને દીનની કે તેના જનની નજાતીની મતલબ નહોતી તેને તો ફક્ત દુનિયા મેળવવાનીજ મતલબ હતી, તેથી તેના સ્વાર્થ પુરતું દુનિયાદારીનું ઇલ્મ તેણે હાંસિલ કર્યું. જે લોકો દુનિયાને પસંદ કરનારા છે તે કદી પણ દીનદારી કરી શકતા નથી. તે વિષે મૌલાના અલી અ. સ. ફરમાવે છે કેઃ—

" ઇન્નદ્દુન્યા લહેયલ કનૂદ વલઅનૂદ વસ્સુદ્દદ. હાલોહા ઇન્તેકાલુન વ સુકૂનોહા ઝીલઝાલુન ઇઝઝોહા ઝીલ્લુન વજ્દોહા હઝલુન વકસરતોહા ઝીલ્લુન. વઉલૂવ્વોહા સુફલુન વહેયાદારો હરખીન. (રીયાઝુલઇઝ્ઝાન સફે ૨૦૬).

અર્થ:—ખરેખર દુનિયા નાસીપ.સીની જગ્યા છે, ગુમરાહીની જગ્યા છે, ને મેહનતમગીની જગ્યા છે, દુનિયાનો હાલ ઇન્તેકાલ જેવો છે, તેનું રાહતથી રહેવું ઝલઝલા સમાન છે, તેની ઇઝ્ઝત ઝીલ્લત (નીચા) છે. તેની કોશિષ નકામી છે, તેનું ધણું થોડું છે, તેનું ઉચું ચડવું નીચું છે, તે તો ફક્ત લડાઇ ને ફસાદનું ઘર છે.

જેઓ દુનિયાને પસંદ કરે છે તેઓ દીનદારી કરી શકતા નથી એ દુનિયાનો કાનુન છે તેજ પ્રમાણે જાફરને દુનિયાની રિયાસતની લાલચ થઇ એટલે ઇલ્મ લીધું ન લીધું ત્યાં તેણે સૈયદના પાસેથી હિંદ જવા માટે રજા માંગી અને અરજ કરી કે મોલાના આ ફીદવી માટે શું હુકમ છે ? આ ફીદવીની ઉમેદ છે કે, મો. **હસન** ઉપર તરતીબમાં બેસું. ત્યારે સૈયદનાએ જાફરને કહ્યું કે એ જાફર ! શેખ હસન આપણા હિન્દના વાલી છે, તેમજ તે તારા **ઉસ્તાદ** છે તેનો અમર ઉઠાવવો તમારા ઉપર વાજીબ છે. રસુલે ખુદાની હદીસ છે કે, " મનઅલ્લમા હરફન ફહોવા મૌલાહો ". **" જે માણસ જે ધણી પાસેથી એક હરફ પણ શીખે તેના તે મોલા છે ".** હકના લોકોના અમર ઉઠાવવાના સઅદ જવલ્લે મળે છે, તેઓ જન્નતી મેળવનારા છે અને જેઓ હકના લોકોના અમરને અને ખુદાની તાઅતને મુકનારા છે તેઓ જહન્નમી છે, હલાક થનારા છે. " અલ હક્કો મુરરૂન " હક કડવો છે. તેથી એ જાફર ! હકના લોકોના અમરને તાબે થઇશ તોજ તારી નજાતી છે.

જાફર આ કલામ સાંભળી ચુપ રહ્યો અને કહ્યું મારા મોલા ! આ ફીદવીની ઉમેદ છે કે હજુ એક વરસ વધુ રોકાઉ. આપે ફરમાવ્યું, તમારી મુનસફીની વાત છે, ચાહો તો રહો, ચાહો તો હિન્દ તમારા થાલબચ્ચાં પાસે જઇ મલો. આ કિસ્સા પછી જાફર એક વરસ સૈયદના પાસે વધારે રહ્યો એટલામાં હિન્દુસ્તાન તરફથી એક વહાણ ત્યાં આવેલ તેમાં જવાનો ઇરાદો કર્યો અને સૈયદના પાસે હિન્દ જવાની પરવાનગી માટે હાજર થયો. આપે જાફરને તેની ઇચ્છાને માન આપી રજા આપી અને ફરમાવ્યું કે હિન્દુસ્તાનમાં પહોંચો ત્યારે અમારા વાલી શેખ હસન તમોને મજલીસમાં જ્યાં બેસાડે ત્યાં બેસજો, શેખ જે અમર ફરમાવે તે પ્રમાણે વર્તજો. આ અમર સાંભળી જાફરને ઘણોજ રંજ થયો, તેને તો દુનિયા પસંદ હતી, રિયાસતની ઉમેદ હતી, મોહટાઇ જોઇતી હતી, તેથી

તેના દિલમાં અદાવતે ગલબો કર્યો, દિલમાં જલવા લાગી ગયો, તકબ્બુર વધી અને હકની વાતને હસી કાઢી. બાદ ત્યાંથી સૈયદનાની રજા લઇને હિન્દ તરફ આવવા રવાના ગયો: સૈયદનાએ તેને એડન સુધીની નમાઝની રજા આપી અને હિન્દુસ્તાનમાં ત્યાંના વાલી મોલાઇ હસન છે તો ત્યાં જઇ તે જે અમર ફરમાવે તે પ્રમાણે વર્તવાનું ફરમાવ્યું. કારણ મોલાઇ હસન તારા ઉસ્તાદ છે, દરેક રીતે તારાથી ફોક છે અને તને પણ લાયક છે કે, તારા ઉસ્તાદના અમરને માથે ચડાવવો જોઇએ અને તેનું અહેસાન માનવું જોઇએ. વિગેરે.

વહાણમાં રવાના થઇ જાફર જ્યારે હિન્દુસ્તાનમાં દીવ બંદરે ઉતર્યો ત્યારે તે વખતના ત્યાંના બધા મોમિનો તેના ઇસ્તીકબાલ માટે બંદર પર આવ્યા, તેને ઘણાજ માન સહિત શહેરમાં લાવવામાં આવ્યો, તે વખતે નમાઝનો ટાઇમ થયો હતો. લોકોએ નમાઝ માટે અરજ કીધી ત્યારે જાફરે કહ્યું, ભાઇઓ ! મને યમનથી મોલાનાનો હુકમ નથી, છતાં લોકોએ પોતાની આદત પ્રમાણે બીજી વખત માગણી કરી, તેથી (જો કે યમનથી તેને મોલાઇ હસન સાહેબની પરવાનગી વગર કંઇ પણ કામ કરવાની મનાઇ હતી) છતાં તેણે કિશ્તીમાં ચડી નમાઝ પડાવી. આ પછી તેને દુનિયાની લાલચનો શોખ વધતો ગયો, તેથી ઇમાન અને હકની રાહને છોડી ત્યાંથી ભરૂચ આવ્યો. ભરૂચમાં નમાઝ પડાવી, ભરૂચથી ખંભાત આવ્યો, ત્યાં નમાઝ પડાવી, એટલે તેને દુનિયાની લાલચ વધતીજ ગઇ, ગુરૂરી વધી, ખંભાતથી અમદાવાદ આવ્યો અને પોતાના ઉસ્તાદ વલીયુલ અમર હિન્દના વાલી સૈયદી હસનભાઇ પાસે સલામ વાસ્તે હાજર થયો. સૈયદી હસનભાઇને કદમબોસ થઇ, યમનથી સૈયદના અલીનો કાગળ આપને આપ્યો અને યમનથી તથા જ્યાં જ્યાંથી પોતે રવાના થઇ આવ્યો હતો તે સઘળી હકીકતનું બયાન સંભળાવ્યું. આપ આ સર્વે હકીકતથી વાકેફ હતા, તેમજ યમનથી સૈયદના અલીએ આપેલ કાગળથી વાકીફ થયા. આપે તે કાગળનો એક એક હરફ બરાબર વાંચ્યો, જેમાં લખ્યું હતું કેઃ—" જાફર શેખની ખીદમતમાં આવે ત્યારે જેમ ઠીક લાગે ને જેવા લાયક હોય તેવી રીતે કોઇ પણ ગામની અમાલત આપી રવાના કરજો કે જેથી દાઅવતના અમરને બરાબર લઇ ઉઠે ને નમાઝ પડાવે ".

આ કાગળ વાંચી જાફર સામે આપે (મોલાઇ હસનભાઇએ) જોયું અને ફરમાવ્યું કે તમે દાઇનો કાગળ લઇ આવ્યા, પરંતુ ત્યાંથી હુકમ થયો છે તે મુજબ વર્ત્યા નથી. હવે હું તમોને પુછું છું કે, " જે માણસે દાઇએ હકના હુકમને ન માનીને નમાઝ પડાવી હોય તેવી નમાઝના પઢનારનો શું હાલ ? જાફરે જવાબ આપ્યો તેની નમાઝ જાયઝ ન થાય. ત્યારે જેઓની નમાઝ ખુદા વાસ્તે ન હોય તે તારેકુસ્સલાત છે તેઓની નમાઝ તમારે લઇને નકામી થઇ, માટે તમો સઘળાને નમાઝ વાળવાનો કાગળ લખો. ત્યારે જાફરે કહ્યું સૈયદી સાહેબ ! મારા ગુનાહને માફ કરો, આ ફીદવી આવી રીતે કાગળ લખવાથી શર્મસાર છે. આપે ફરમાવ્યું કે ભાઇ ! તમે જાણો છો કે, " મનકસોરા ઉદ્દન ફઅલૈહે જબરોહુ " જે માણસ લાકડી તોડે તેજ જોડે. માટે ભાઇ ઇમાન અને ઇસ્લામ

સાથે શરમને લાગતું વળગતું નથી. વાસ્તે તમો કાગળ લખો કે તેઓ નમાઝ વાલીને પડે. ત્યાદ બાદ જફર આપ પાસેથી રજા લઈ ઘર તરફ રવાના થયો અને કહ્યું કે સવારે આપની જનાબમાં હાજર થઈશ. આ મઆજરાથી જફરના દીલમાં નીફાક અને ગદરની આગ સળગી અને આલે મોહમ્મદના હકના રસ્તાથી મોં ફેરવ્યું, ને રાતોરાત અમદાવાદથી પાટણ ગયો. પાટણના મોમીનોને વમનના ખબરથી વાકેફ કર્યા અને લોકોને હકના કલેમાના બદલ બાતીલના રસ્તા બતાવ્યા. અહીંના મોમિનોને પોતાની ફસીહ ઝબાનના સબબ શરીઅતથી ઉલ્ટું સમજાવવામાં ફાવ્યો અને કહ્યું કે જ્યારે મેં વમનની હાલતને જોઇ ત્યારે મને લાગ્યું કે અવામુન્નાસ (યાને આપણાથી બીજા) અબ્વલ સાનીને માનનારાઓજ રાહે રાસ્તપર છે. આ રીતે લોકોને ઉલટું સમજાવી સર્વેના એત્યતેકાદ ફેરવ્યા. એહલુલબૈતથી સઘળાને છોડાવી રાફીઝ બનાવ્યા. હવે અવામુન્નાસ આપણને રાફઝી કહે છે તેનું મુળ કારણ એ છે કે, "આપણા અકીદા મુજબ, રસુલુલ્લાહની હદીસ મુજબ અલી આપના વઝીર છે અને કઇક વખત નબીએ ફરમાવ્યું છે કે, "અના મદીનતુલ ઇલ્મે વ અલીયુન બાબોહા". હું ઇલ્મનું શહેર છું અને અલી ઇલ્મના દરવાજા છે." આ એકજ હદીસ અત્રે આપી છે, આવી અનેક હદીસો મોજુદ છે. અલી આપના ખલીફા છે છતાં તે અલીને મુકી અબ્વલને કાયમ કરે તેનું નામ રીફઝ* છે. હવે જ્યારે હઝરસુલે કરીમના કોલ મુજબ જેને માન્ય રાખવા તેને બદલે તેને તરક કરનાર છે તેજ રાફીઝ છે. આ રીતે તેનો જફરે ઉલટો અર્થ કરી ઇમામના લોકોને આફતમાં મુકી દીધા અને પાટણના લોકોને હક ઉપરથી ખસેડી ખરા રાફીઝ બનાવ્યા અને લોકો જફરના હુકમને શરીયતનો હુકમ માનવા લાગી ગયા. જેમ જેમ તેનું જોર વધતું ગયું તેમ તેમ તે આગળ વધતો ગયો. એહલુલબૈતના મઝહબના કિતાબોને પાણીમાં ઠંડા કર્યા અને લોકોને આલે મોહમ્મદની મોહબ્બતથી નીકાલી તેના અદાવતના કરનાર બનાવી દીધા, ગુમરાહ બનાવ્યા.

આ વખતે પાટણમાં સૈયદી હસનભાઇ તરફથી વાલી મુલ્લા તરીકે મુલ્લા રાજા બીન દાઉદ હતા, તેમણે અમદાવાદ સૈયદી હસન સાહેબને આ જફરની હીલચાલના ખબર મોકલ્યા અને આપે તે ખબર વમન સૈયદના અલીને લખ્યા.

બાદ વમનથી સૈયદનાનો જવાબ આવ્યો તેમાં ફરમાવેલ હતું કે, "એ શેખ ! તમો તથા મુલ્લા રાજા બંને સાથે જઈ મુમેનુનને સમજાવજો, સર્વેને હિદાયત દેજો, હકની દલીલોથી હુજ્જત કાયમ કરજો, દરેકને હક રસ્તા બતાવી હક તરફ વાલજો". આ પ્રમાણે સૈયદના અલીએ હુજ્જત અને દલીલો પેશ કરી સમજાવવાનો કાગળ લખ્યો તે પ્રમાણે બંને સાહેબોએ જફરને તરેહ તરેહની રીતથી હિદાયત આપી, હુજ્જત કરી સમજાવ્યો પણ જફર કોઈ રીતે સમજ્યો નહિ, બલકે સામો કહેવા લાગ્યો કે, "મુલ્લા રાજા સાહેબ હું સારી રીતે સમજું છું કે મેં હકના રસ્તાથી સઘળાને છોડાવ્યા છે. તમો હકના રાહ પર છો; પણ આ કામ મેં ભુલમાં કર્યું નથી, પરંતુ જાણી જોઇને કર્યું છે. મારા દિલમાં ગુરુર, હમિય્યત અને જીદે ઘર કર્યું છે. તેથી મેં આ રસ્તો લીધો. એક વખત વધારે

* મુકી દેવું, છોડી દેવું.

સૈયદી મુલ્લા રાજાએ જફરને સમજાવવાની કોશિષ કરી, પરંતુ તેણે તેની દરકાર કરી નહિ અને ઉલટું તેણે મુલ્લા રાજા સાહેબને કહ્યું કે, "સાહેબ ! આપ મારા નાનપણના ગોઠીયા છો, આપ અમારા આમીલ છો તેમ આલીમ પણ છો; તેથી હું આપને અરજ કરું છું કે, પાટણના લોકો તમારાથી બદલાઇ ગયા છે. વાસ્તે આપ અહીંથી ચાલ્યા જાઓ નહિતો લોકો તમને કતલ કરશે અને આપને સઘળા લોકો રાફઝી કહી લડશે તેથી આપ વખત વિચારી પાટણથી રવાના થઇ ગયા અને મોરબી તરફ સફરને લંબાવી. ત્યાર પછી પાટણમાં આમીલ તરીકે જફર કાયમ થયો અને પોતાની દાઅવત શરૂ કરી. હી૰ ૮૩૦–૩૧ ઇ૰ ૧૪૨૮. ત્યાર બાદ જફરે પોતાની દાઅવત પાટણના આજુના (1427-) શહેરોમાં શરૂ કરી. વીસનગર, મેસાણા, મોઢાસા અને કડી રોડમાં લોકોને બેહકાવી પોતાની દાઅવત શરૂ કરી અને મોમિનોને આલે મોહમ્મદની મોહબ્બત પરથી ઉતારી પોતાના મઝહબમાં લીધા અને પુરા ઠાઠથી રહેવા લાગ્યો. ગામડાઓમાં પોતાની દાઅવત મજબુત કરી જફર પુરા ઠાઠથી અમદાવાદ આવ્યો. અહીં બાદશાહ બેહમદશાહના દિકરા મહમદશાહ સુબા તરીકે રાજ કર્તા હતા તેની મુલાકાત લીધી અને તેની સાથે સારી રીતે ઓળખાણ કરી. પછી શાહ સાથે બેસનારાઓમાં જફર પણ શામીલ થયો. આ મુલાકાતનો હેતુ સૈયદનાની વિરૂદ્ધમાં શાહ પાસે જેટલી અને તેટલી વાતો કરી ઉલટું સુલટું સમજાવી શાહના દિલમાં સૈયદના અને તેના માનનારાઓ ઇસ્લામ વિરૂદ્ધ ચાલનારાઓ રાફીઝ છે એવું પકકું ઠસાવવાનો હતો. આ રીતે મજકુર મહમુદશાહની મદદથી જફરને પોતાની દાઅવત ફેલાવવાનું ઘણુંજ સહેલું થયું એટલુંજ નહિ પણ સૈયદના સાથેની અદાવત ને વેરનો બદલો લેવાનો પુરો વખત મળ્યો. અમદાવાદમાં જફરે ખુબ કોશિષ કરી લોકોને બેહકાવી હક ઉપરથી ઉતારી બાતીન તરફ યાને પોતાની દાઅવતમાં લીધા અને જે મોમિનો હક ઉપર સાબીત કદમ રહ્યા યાને હકને વળગી રહ્યા, તેઓ ઉપર તરેહ તરેહનો જુલમ ગુજારવામાં આવ્યો. આથી કેટલાક બીકના માર્યા ઘરથી બહાર નીકળતા નહિ, કદાચ ભુલેચુકે કોઈ બહાર નીકળતું તો તેને મસ્કરી, ઠઠ્ઠાબાજી, ગાળગલોચ, મારપીટ, તાનાઝની વીગેરે અનેક તરેહથી સતાવતા. દીવસે દીવસે જફરનો ઝુલમ વધતો ગયો તે એટલે સુધી કે મોમિનોને ઘરથી બહાર નીકળવું દુશ્વાર થઈ પડયું, મસજીદોમાં નમાઝ માટે પણ જઇ શકાતું નહોતું. તે લોકોએ શાહની મદદથી બે વરસ સુધી મસજીદો બંધ કરાવી છે. ટુંકામાં જફરનું તે વખતે અમદાવાદમાં શાહની મદદથી ઘણુંજ જોર વધ્યું હતું અને પૈસા અને સત્તાની ખુમારીના સબબ તે તે વખતે જે ધારતો હતો તે કરતો હતો.

ઇબરત લેવા જોગ વાત છે કે (૧) જેઓને ખુદાએ દોલત અને રીયાસત આપી હોય અને હકના લોકોના વિરૂદ્ધ હોય તેઓ શું ન કરે ? (૨) રીયાસત ન હોય ને દોલત હોય તેનાથી દુન્યાદારી કે દીનદારી કઇ રીતે થઇ શકે ?

તેનો ઉકેલ ન કરે તેવા માણસ માટે મોલાના અલી અ. સ. ફરમાવે છે કે:—

(૧) ભલે એમ માની લઇએ કે દુન્યા તારી તરફ સહેલાઇથી ઘસડાઈ આવે છે પણ મારો સવાલ એ છે કે શું છેવટ તે સઘળું નાબુદ નહી થાય ?

(૨) જે વસ્તુઓ સદા બાકી રહેવાની નથી તેમાંની કોઈ પણ વસ્તુની તું આશા કરે છે તો તેનો શું ભરોસો છે ? નઝદીકમાં ઝમાનાઓ તેનો ઘાટ ફેરવી નાંખીને તેને ફના કરશે.

છતાં દુન્યાની લાલચથી લોભાઈ ન કરવાનાં કામો જફરના મુરીદો તરફથી થવાં લાગ્યાં. હકના લોકોની સીરત અને ગેરહક એટલે બાતીનના લોકોની સીરતમાં ઝમીન આસમાનનો ફરક રહે છે. હકના લોકો હમેશાં સબર કરે છે ખુદા પર ભરોસો રાખે છે, સાચું બોલે છે કોઇને ગાળગલોચ કે તાનાઝની કરતા નથી, જુઠું બોલતા નથી, તોહમત મુકતા નથી, બ્યાજ ખાતા નથી, અમાનત હજમ કરતા નથી, કબ્રસ્તાન બંધ કરતા નથી, જમાત બહાર કરતા નથી ને શરીઅતના હુકમ સિવાયનો એક પણ હુકમ તેઓ કરતા નથી. જ્યારે ગેરહકના લોકો તેના વિરૂદ્ધના દરેક બદીના કામો કરે છે શરીયતથી ઉલટા ચાલે છે. અદાવત, હસદ, કીનો, ગાળગલોચ, દુશ્મનાવટ, નાઇતેફાકી વીગેરે બદ કામોના કરનાર હોય છે. અંતે સફરની તા. ૧૩ મી હી૦ ૮૩૫, ઈ૰ ૧૪૪૦ સાંપાનેર મુકામે જફર કતલ થયો છે. આ બનાવ પછી ફરી મોમિનીનોને શાંતિનો દમ ખેંચવાનો વખત આવ્યો, તે વિષેનું લખાણ ઘણું લાંબુ હોવાથી અને પુસ્તક વધુ મોટું થઈ જવાના ભયથી આપેલ નથી પણ જફરના અંત બાદ હવે આપણે અમદાવાદના વાલી મુલ્લા હસન સાહેબના બયાન તરફ વળીએ.

Nov. 21, 1431

મોલાઇ મુલ્લા હસન હુસામુદ્દીન ઇબ્ને આદમ બીન સુલેમાન.

સૈયદના અલી (૧૮ મા દાઇ) તરફથી અમદાવાદમાં મુલ્લા હસન સાહેબ વાલી તરીકે કામ કરી રહેલ હતા અને જફરના લોકોની બદાવતનો સબબ આપને છુપું રહેવું પડતું હતું, છતાં આપ ફકીરી લીબાસમાં હમેશાં મોમિનીનની ખબર લેવા માટે બહાર નીકળતા, જ્યાં જ્યાં જરૂર જણાતી ત્યાં ત્યાં મદદ કરતા. આપનો ખાસ કાનુન એ હતો કે હમેશાં ઇશાની નમાઝ બાદ આપ મોમિનોમાંના એવા સાહેબોને બોલાવતા કે જેઓમાં મોમિનની સીફત અને ઇમાનનું નુર હોય તેઓ પાસે આપ કુરાન અને હદિસથી એહલુલ બૈતના મઝહબને સાબીત કરતા, તેઓને હિદાયતથી સમજાવતા. હિદાયત આપવા માટે ફકીરી લીબાસમાં આપ બહાર જઇ હકના નુરને મોમિનીનમાં ઝાહેર કરતા અને જેઓ દિનથી ફરી બેદિને થયા હતા તેમને હક સમજાવી પાછા એહલેબૈતના મોહિબ બનાવતા. તે ઝમાનામાં ધર્મના ઝઘડાઓ ચાલુ હતા, પોતાના ધર્મમાં દાખલ કરવા માટે બારે બાજુએ બહેસો થાતી, આ ધાર્મિક બહેસ ને ઝઘડાઓના સબબ લોકો કાંવે તે ધર્મમાં દાખલ થઈ જતા. કોઇ અલ્વામુન્નાસ બનતું, તો કોઈ એહલે હદીસ બનતું; કોઇ શીઓ-સોન્નીક બનતું. આમ દરેક જુદા જુદા પંથના માનનારાઓ પોતાનો ધર્મ ફેલાવવા માટે લોકોને જુદી જુદી રીતે સમજાવી પોતાના ધર્મમાં લેતા હતા, તેજ રીતે મુલ્લા રાજા સાહેબ અને મુલ્લા હસન સાહેબે પોતાની કોશિષ અને મહેનતના સબબ કઇક મોમિનોને હક સમજાવી હિદાયત આપી ઇમાનમાં લીધા. દિવસે દિવસે હક સાબીત થતું ગયું, મોમિનોનો વધારો થતો ગયો. લોકોને હમેશાં હિદાયતથી તેમજ શરીયતના અહ-

કામોથી ને વાએઝના તોર પર માહીતગાર કરતા. હરામથી દુર રહેવા અને હલાલ તરફ સાબીત કદમ રહેવાના સબક આપતા. (જ્યારે ચાલુ ઝમાનામાં આપણામાંથી જે કોઇ આર્યસમાજી બની જાય, કોઇ અલ્વામુન્નાસ બને, કોઇ એહલેહદીસ બને ને કોઇ શીઓસોન્નીસ બને છે, તેઓને સમજાવી રાહે રાસ્ત પર લાવવા માટે શું પ્રયત્ન કરવામાં આવે છે?) એટલામાં ખુદાતઆલાના અમર મુજબ દીક આપનો રહેલતનો વક્ત નઝદીક થયો. આપે હકના અમરને મુલ્લા રાજસાહેબ ઇબ્ને મુલ્લા હસનભાઇને સોંપ્યો તે બાદ આપ હી. ૮૫૮. મોહરરમ તા. ૨૦ ના રોજ મુલ્લા હસનભાઇ હુસામુદ્દીન ઇબ્ને મુલ્લા આદમ શુજાઉદ્દીન અમદાવાદમાં વફાત થયા. ક. ૩. Jan. 145

મુલ્લા રાજા સાહેબ જમાલુદ્દીન ઇબ્ને મુલ્લા હસન.

આપ જ્યારે આપના બાવાજીના મુકામ પર કાયમ થયા ત્યારે આપ હકના નુરને જાહેર કરવા તેમજ જે લોકો સબ્તાર્થ, બીક, લાલચ કે જહાલતના સબબ જફરના દાયરામાં શામીલ થયા હતા તેઓને દલીલોથી હકના નુરને સમજાવી શરીઅતે મોહમ્મદી પર ચાલવાને અને એહલુલ બૈતના મોહીબ બની તેના કાયદાઓ પ્રમાણે ચાલવા માટે સમજાવવા લાગ્યા. હમેશાં આપ પોતાના બાવાજી માફક ફકીરી ધારણ કરી બજારોમાં ફરી લોકોને હીદાયત દેતા. બાલ બચ્ચાંઓને વતનમાં મુકી હકના હીદાયતના નુરને જાહેર કરવા માટે ગામડાઓમાં ફકીરી હાલતમાં ફરી તકલીફો વેઠી, લોકોને મોમીનીન બનાવતા એટલુંજ નહી પણ જફર સાથે ભળેલા લોકોને હીદાયત આપી પાછા હક તરફ વાળતા હતા. આપ આ રીતે ફકીરી વેશમાં શહેરની ગલીઓમાં ફરતા, કોઇના દરવાજે સાઇલ બની ઉભા રહી હિદાયત દેતા તો કોઇના ઓટા પર બેસી વિસામો લેતા ને મોમિનોને હિદાયત દેતા. મોહલ્લાઓમાં દરેકને ભાઇ તથા બહેન કહીને બોલાવતા અને જ્યાં જ્યાં આપ બેસતા ત્યાં ત્યાં ખુદાની ખુદાઇ, ઇસ્લામની પાબંદી, હદિસનો વાત, કુરાને મજીદના પુરાવા સહીત રજુ કરતા ને ખુદાતઆલાએ આપની ઝબાન મુબારકમાં એટલી ફસાહત મુકી હતી કે જ્યાં જ્યાં આપ બહેસ કરતા ત્યાં ત્યાં આપને ખુદાના ફઝલથી યારી મળતી. ગમે તેવો સવાલી આવી આપની પાસે સવાલ કરે તેને આપ બરાબર હદિસથી જવાબ આપી ચુપ કરી દેતા. આ રીતે મુલ્લા રાજા સાહેબની લોકોમાં ઘણીજ કદર થઈ. આપને લોકો પુરી રીતે માનવા લાગી ગયા જેઓ ગુમરાહ થયા પછી હક તરફ પાછા વળતા તેઓને બુતલાનથી બચાવી હક તરફ વાળતા. આ રીતે આપે અનેક જનોને હિદાયતના નુરથી સેરાબ કીધા છે.

આપ ઇલ્મના દરિયા હતા, ઝબાનના તેજ ને ચાલાક હતા, તકવા અને પરહેઝગારીમાં એક્કા હતા, રહેમદીલ અને ઝબાનના સાચ્ચા હતા, ઇસરાફથી દુર રહેતા, દુન્યાની લાલચથી દુર રહેતા. આપે દુન્યાને તલાક દીધી હતી, આપ મોહબ્બતના કરનાર અને ગરીબોના પાલનહાર હતા. આપ હકની સીરતથી લોકોના દીલોના મેલને સાફ કરતા. આપ સાબુ બનાવી વેચતા હતા અને થોડી રોઝી ઉપર સબર કરતા. આપના ઉપર દુન્યાએ કઇ કઇ તરેહના જુલમ કીધા છે છતાં આપ હમેશાં સબર કરી ખુદાના અમર પર સાબીત કદમ રહેતા.

રીવાયતમાં છે કે, બોરાસાનના શાહે ગુજરાતના બાદશાહ મુજફ્ફર પાસે એક આલીમ મોલવી મોકલ્યો. તે મોલવીએ બાદશાહ પાસે આવી અરજ કરી કે, એ શાહ ! ગુજરાતમાં કેટલાક આલેમો છે તેવા બબર અમને મજ્યા છે જેથી તેમની પરિક્ષા વાસ્તે શાહ તરફથી અમોને મોકલવામાં આવ્યા છે. આથી બાદશાહના ઓલોમાઓને બોલાવવામાં આવ્યા. સવાળાના કબર બોરાસાનથી આવેલ આલીમે કેટલાક સવાલો રજુ કર્યા જેના જવાબો આપવા માટે શાહના આલેમો અશક્ત થયા ને કેટલાકે સમજમાં ન આવે તેવા જવાબો આપ્યા ને કેટલાક ચુપ રહ્યા. આથી આવનાર આલીમને સંતોષ થયો નહિ અને તે નિરાશ થયો અને હિન્દુસ્તાનમાં કેવા આલીમો વસે છે તેનો અંદાજે કરી લીધો. આ ચરચા દરમ્યાન શાહની દરબારમાં એક અજનબી શખ્સે બોરાસાનથી આવેલ આલીમને મખરીમાં બોલાવી કહ્યું કે આ આલેમો સિવાય અમારા શહેરમાં શિયાઓના આલેમો પણ છે જેઓ શિયાઓના પેશવા છે તેની પ.સે આપ પધારશો તો તમારા દરેક સવાલોના જવાબ મળી જશે.

આ ઉપરથી બોરાસાનથી આવેલ સાહેબ તેમના નામ, કામ, ધંધો રોજગારથી માહિતગાર થયા અને જ્યાં મોમિનના વાલી મુલ્લા રાજ સાહેબ રહેતા હતા ત્યાં પધાર્યા. બેર આફીયત પુછી ધંધાનું પુછ્યું. આપે જવાબ આપ્યો કે આજીજ સાબુ બનાવી વહેંચવાનો ધંધો કરી ખુદાનો શુકર અદા કરું છું વિગેરે. અને આવેલ મોલવીને આપની પાસે બેસવાની અરજ કરી. કેટલીક ગુફ્તગો બાદ ખુરાસાની મોલવીએ પોતા પાસેના સવાલો મુલ્લા રાજ સાહેબ પાસે પેશ કર્યા. આપે બધા સવાલોના સંતોષકારક જવાબ આપ્યા. આથી આવેલ મોલવી સાહેબ ઘણુજ ખુશ થયા અને દીલો જાનથી આપના હકના દીનને કબુલ કીધું અને એહલેબૈતના બાસ મોહિબ બન્યા. આ બબર મુઝફ્ફરશાહને થઇ એટલે શાહે રાજ સાહેબને પકડી મંગાવ્યા અને પોતાના મોટા મોટા આલીમો જવાબ ન આપી શકયા અને શિયાના એક સાધારણ મુલ્લાએ આ બધા સવાલોના જવાબ આપ્યા તેથી તેને તથા તેના મોલવીઓને હસદ થયો ને મુલ્લા રાજ સાહેબને પરબારો કતલ કરવાનો હુકમ ફરમાવ્યો, પરંતુ મુલ્લા રાજ સાહેબે શાહની દરબારમાં હાજર થઈ અરજ કરી કે, "એ શાહ ! મારી શું કસુર થઇ ? મને કયા ગુનાહ સબબ કતલ કરવાનો હુકમ થયો વિગેરે". મતલબ કે બાદશાહે ગુસ્સે થઇ ન્યાય કર્યા વગર કતલનો હુકમ આપી દીધો. ગુસ્સામાં ન્યાય અન્યાય કંઈ દેખાતું નથી. કહેવત છે કે, "અલગઝબો અઝુવુન લીલ ઇન્સાન" ગુસ્સો ઇન્સાનનો દુશ્મન છે. તરતજ શાહના હુકમથી મુલ્લા રાજ સાહેબને કતલ કરવાનો હુકમ થયો આપને કતલ વાસ્તે જલ્લાદ પાસે લઈ ગયા ત્યારે રાત અંધારી હતી, લોકો ઉશકેરાય નહિ તેથી આપને અંધારી રાતમાં શહેર બહાર કતલ કરવામાં આવેલ છે. આમ ખુદાના નેક બંદા વલી શખ્સને બેગુનાહ ઇન્સાફ વગર શહીદ કરવાના સબબ બાદશાહના દિલમાં ફીકર અને બોફે ઘર કર્યું અને કુદરતના કોપના મુસ્તાક થયો, ખુદાનો ગુસ્સો ઉતર્યો; ટુંક વખતમાંજ તેને ગાદી છોડવી પડી.

અંધારી રાતમાં આપ શહીદ થયા છે તેની બબર કપડવંજના સહીશ નુહ બીન દાઉદજીભાઇ નામના મોમિન ભાઇને પડી કે તરતજ તેઓ કેટલાક મોમિન ભાઇઓની

મદદથી મોલાઈ રાજ સાહેબના શબ મુબારકને કબ્રસ્તાનમાં લાવ્યા ત્યાં આપને મોમિનીન ભાઇઓએ દફન કર્યા છે. હી૰ ૯૨૪ આપનો મઝાર અમદાવાદમાં છે. એમ બયાન છે કે જે ભાઇએ આપની લાશને ઉપાડી ઇજ્જત સાથે કબ્રસ્તાનમાં લાવવામાં મદદ કરી હતી તેને કોઢ અને રકતપીતનો રોગ હતો પણ આ લાશના ઉચકવાના સબબ અમરે ઇલાહી તરત તે રોગથી તેને શીફા થઇ. આ પછી આ ભાઇ હમેશાં મુલ્લા રાજ સાહેબની કબર પાસે ઝીયારત વાસ્તે આવતા, ખુબ ઇતેજ્જ કરતા, શહાદતને યાદ કરતા. કેટલાક અરસા બાદ સૈયદી લુકમાનજી સાહેબ અમદાવાદ પધાર્યા. આપના કુબ્બા પાસે ઝીયારત માટે આવ્યા તે વખતે આપે લોકોને સંબોધીને કહ્યું કે, "એ લોકો ! આ એવા ખુદાના વલી અને નેક બંદાનો મઝાર છે કે જે સાહેબની બરકતના સબબ બીમારોને શીફા થાય છે, હાજતમંદોની હાજતો પુરી થાય છે, તેનું કબ્રસ્થ બેશુમાર છે, ઇસ્લામ અને ઇમાનના નુર શહીદ મુલ્લા રાજની આ મઝાર છે કે જે "ખુદાની રાહમાં શહીદ થયા છે". જે સાહેબ ઇસ્લામ અને ઇમાન પર સાબીત રહ્યા, જેણે રસુલુલ્લાહ સ. અ. ની શરીઅતને જરી રાખી. ને ઇસ્લામનું રહસ્ય લોકોને સમજાવતાં શહીદ થયા તેનું આ મઝાર છે.

રસુલુલ્લાહ સ. અ. એ ફરમાવ્યું છે કે, "મન રગેબા અન સુન્નતી ફલૈસા મીન ઉમ્મતી". જેઓ મારી સુન્નતથી મોંહ ફેરવે છે તેઓ મારી ઉમ્મતમાં નથી. પરવરદીગાર એવા તરીકા પર અમને સાબીત રાખ કે જે તરીકાના લોગો રસુલે કરીમના તરીકા પર ચાલનારા હોય. ઇસ્લામજ ખરૂં દીન છે. ખુદા કલામે શરીફમાં ફરમાવે છે કે, "ઇન્નદ્દીના ઇન્દલ્લાહીલ ઇસ્લામ" ખુદાતા નઝદીક ખુદાનું દીન ઇસ્લામ છે. ઇસ્લામ "સલામ અલૈકે ને વ અલૈકોમુસ્સલામ" થી ઓળખાય છે, અને નબી સાહેબ પાસે એક માણસ આવ્યો ને સવાલ કર્યો કે એ નબી ! દુનિયામાં બખીલ કોણ કહેવાય ? ત્યારે નબી સાહેબે ફરમાવ્યું કે "અલબખીલુલ્લાસે મનબખેલા બીસ્સલામ". અર્થ:— દુનિયામાં કંજુસમાં કંજુસ એ માણસ છે કે, જે સલામ બોલવાથી પણ કંજુસી કરતો હોય. જ્યારે ચાલુ ઝમાનામાં કહેવાતા ઇમાનના લોકો સલામ અને અલૈકને તીલાંજલી આપી રહેલ છે એટલુંજ નહિ પણ જેઓ શરીઅતના સરદારો હોવાનો દાવો કરે છે તેઓ ઉપર બતાવેલ નબી સ. અ. ની સુન્નતની વિરૂદ્ધ જાહેર રીતે સલામ બંધના હુકમો કરે છે. મુલ્લા રાજ સાહેબ ઇન્ને મુલ્લા હસન સાહેબની શહાદત બાદ દાઅવતે હાદિયાના વાલી તરીકે મુલ્લા જાફરજી બીન મુલ્લા રાજ સાહેબ કાયમ થયા છે જે સાહેબ મોલાઈ રાજ સાહેબના બાજુદાર હતા.

મુલ્લા જાફરજી બીન મુલ્લા રાજસાહેબ:—

મોલાઈ મુલ્લા રાજ સાહેબની શહાદતના બાદ મુલ્લા રાજ ઇન્ને મોલાઇ હસન સાહેબના ફરઝંદ મુલ્લા જાફરજી દાઅવતે હાદિયાના વાલી તરીકે હિન્દમાં કાયમ થયા. આપ પોતાના બાવાજીના માફક બઝમ, અમલ તથા ફઝીલતમાં એક્કા હતા, આપ મોમિનોને હમેશાં હિદાયત દેતા. આપના વખતમાં જાફરના અનુયાઇઓનું જોર ઘણુંજ ઓછું થયું હતું. આપ લોકોને હક તરફ બોલાવતા, ઇલ્મ પઢાવતા, ગરીબોની બબર લેતા

અને દાઅવતે હાદિઆને બરાબર સંભાળતા તથા શરીયતના દરેક અમરને લાઇ ઉરતા. આપના વખતમાં હિન્દમાં દાઅવતે હાદિઆનું નુર ફેલાયું યાને હકની દાઅવતના પહેલા નાયબ સૈયદના યુસુફ નજમુદ્દીન બીન સુલેમાન સિદ્ધપુરવાળા ઉપર નરસેજલી થઈ. હકના દાઇઓના નુરથી હિન્દના મોમિનોને ખુદાતઆલાએ નરીજવંતા કર્યા. હી૰ ૯૪૬.

ઉપરના બયાન પછી હવે આપણે મુળ ઝીકર ઉપર આવીએ. યમનમાં ૧૮ મા દાઇ સૈયદના અલીના વખતમાં ઘણા નવા નવા બનાવો બન્યા છે. જ્યારે હિન્દમાં જફરની પ્રીતનતના સબબ ઘણા મોમિન બદલી ગયા, એટલુંજ નહિ પણ યમનમાં આપના હાથમાં જે કિલ્લાઓ અગાઉના વખતના હતા તે લડાઇમાં ત્યાંના શાહોએ આપની પાસેથી જીતી લીધા હતા જેથી આપને હમેશાં ફીકર થયા કરતી હતી અને તેજ ફીકરમાં આપનું શરીર હમેશાં લેવાતું ગયું, શરીરમાં બીલકુલ તાકત રહી નહી અને આપને લાગ્યું કે હવે મારી રહેલતનો વખત નજીક છે તેથી આપ પોતાના બાદ મનસુસ બનાવે તે ઇરાદાથી આપે સઘળા હુદુદોને જમે કર્યા અને સઘળાના ઇત્તફાક આપના ફરઝંદ સૈયદના ઇદરીસ બીન સૈયદના હસન પર નરસેજલી કરી દાઅવતે હાદિઆની લગામને સોંપી આપ હી૰ ૮૩૨ માહે સફરની તા. ૩ જી ને ગુરૂવારના રોજ બપોરના વફાત થયા, આપનું મઝાર હરાઝના મશહદશારીકના પાસે છે. આપની દાઅવત ૧૦ વરસ ૪ મહિના ને ૭ દિવસ રહી. આપનું લકબ શમસુદ્દીન છે. ક. ૩.

૧૯. સૈયદના ઇદરીસ બીન સૈ. હસન બીન સૈ. અબ્દુલ્લાહ (યમન)ની ટુંક બબર.

અબ્બાર નવેશ લખે છે કે, સૈયદના અલી શમસુદ્દીન પછી સૈયદના ઇદરીસ દાઅવતે હાદિઆની ગાદીપર બિરાજમાન થયા. આપના વખતમાં ત્યાંના લોકોમાં દુશ્મનાવટ, નાફત્તેફાકી, ઝઘડાઓ, લડાઇઓ જે આપના બાવાજીના વખતથી ચાલુ હતા તેને આપે ઇલ્મ અને કલમ રૂપી તલવારથી દુર કરી મુખાલેફુન અને એહલેબૈતના દુશ્મનોને હિદાયતથી રાહે રારત પર લાવવા પુરી કોશિષ કરવા લાગ્યા. આપ એટલી હદ સુધી દલીલો કરતા કે તેનો જવાબ આપવા મુખાલેફુન અશકત થતા. આપ પોતાની જાત માટે રાતોમાં ઇબાદત કરતા, દિવસે રોઝા રાખતા. આ રીતે આપ ઇબાદત અને હિદાયતમાં મશગુલ રહેતા, જાહેલો તેમજ ગાફેલોને ઇલ્મ રૂપી પાણી પાઇ મુરદા જનોને જીવતા કરતા અને મરકીનો તથા મોહતાજોને સખાવતથી ગની બનાવતા.

ઓલોમાએદીન સૈયદના ઇદરીસનું બયાન કરતાં ફરમાવે છે કે, સૈયદના ઇદરીસમાં ૪ ચીઝ એવી હતી કે જે કોઇ ઇન્સાન અખલાક ને સીફતથી તે પ્રમાણે ચાલે તો તે ઇન્સાન ઉંચા મરતબાને પહોંચેજ. આ ૪ ચીઝો આપનામાં મળી આવે છે તે આ છેઃ—

૧. પુરૂ ઇલ્મ, ૨. ઝોહદ, ૩. સખાવત, ૪. શુજાઅત. આ ચારે ચીઝ આપનામાં એટલા વિશાળ પ્રમાણમાં હતી કે તેનું વર્ણન કરવું અશકય છે. આપની સીરત, શરાફત, શાન, મરતબો અને શુજાઅત વિગેનું બયાન તેમના કિતાબોમાંથી માલુમ પડે છે.

આપના વખતમાં યમનના ગામોમાં હી૰ ૮૩૯–૪૦ માં વબા (કોલેરા) ની બીમારી એકદમ ફાટી નીકળી અને ગલીએ ગલીએ વબાનું એટલું જોર હતું કે, તેના સબબ કઇક મોહલ્લાઓના રહીશો બરબાદ થયા, કંઇક ગામો વેરાન થઈ ગયા. આ બીમારીમાં દાઅવતે હાદિઆના ઓલોમાઓ અને મોહિબ્બો પણ વફાત થયા, તેમાં આપના બાજુદાર, મદદગાર, મોલાઈ માઅદ બીન સૈયદના અબ્દુલ્લાહ પણ આ જીવલેણ બીમારીની બલામાં ફસાઇ વફાત થયા. તે ઉપરાંત સૈયદના અબ્દુલ્લાહના ફરઝંદો, નબાસાઓ કે જેઓ ઇલ્મીયત ને અમલે સાલેહાતમાં કમાલીયતને પહોંચેલ હતા તેઓ સઘળા આ કોલેરાની બીમારીમાં વફાત થયા છે. મોલાના માઅદના કાકા મોહમ્મદ બીન અલી, સૈયદના ઇદરીસના ભત્રીજાઓ, કાકાના ફરઝંદો વિગેરે આપના કુટુંબીઓમાંથી ઘણા સાહેબો આ બિમારીમાં વફાત થયા.

સૈયદના ઇદરીસ ફરમાવતા કે, "મારા કરામતવાલાઓ દાઅવતના મોટા હુદુદો તથા કંઇક મોમિનો આ જીવલેણ વબામાં વફાત થયા છે. આ હવાથી કંઇક ગામો ખાલી થયા છે, સનાનો સુલતાન જે ઝાલીમ હતો તે પણ આ બીમારીનો ભોગ થઇ વફાત થયો છે એટલુંજ નહિ પણ સના શહેરના મોહલ્લાના મોહલ્લા બરબાદ થયા છે.

આપના વજીર સૈયદના માઅદ બીન અબ્દુલ્લાહના બાદ આપના ભાઇ અલી બીન સૈ. હસન રહ્યા, જે મનસુસની જગ્યામાં કાયમ થઇ ચુકયા હતા, પરંતુ દુનિયાના દિવસો પુરા થવાના સબબ થોડાજ વખતમાં આપ સૈ. અલી પણ વફાત થયા. ને સૈયદના ઇદરીસ એકલા રહી ગયા; છતાં ઇમામીઝ્ઝમાનના સાયા ને નઝરાતના સબબ આપ સબર પર મુસ્તાક રહેતા અને દાઅવતે હાદિઆનાં કામ હકને ઓળખાવવામાં અને ઇલ્મ પહોંચાડવામાં સવાર સાંજ કોશિષ કરતા, તે સાથે જરૂર પડે તે વખતે આપ તલવાર પણ પકડતા. અને સુલતાનોએ સૈયદના અલીના વખતમાં જે કિલ્લાઓ જીતી લીધા હતા ને જે આપના બાવાઓના હસ્તક હતા તે પાછા આપે જીતી લીધા. આપ આલીમ હતા, રાવત હતા, લડાઇના ફનમાં એક્કા હતા તેથી તે વખતના ત્યાંના રાજાઓને ઘણીજ બીક રહેતી. આપે ઘણા કિલ્લાઓ સર કર્યા રીયાસત તથા સીયાસત, ઇલ્મ ને શુજાઅતથી પાછી મેળવી શરીયતના નિશાનને ઉંચે કર્યો. આપે ઇલ્મના તાલેબુનને ઇલ્મ આપ્યું, માલના સાયલને માલ આપ્યો અને જેઓ અદાવત અને મરકથી પર કાયમ રહ્યા તેઓને તલવારથી કાબુમાં લીધા. આ અરસામાં લોકોની દીનદારીની બગાડ હાલત જોઇને આપે લોકોને દાઅવતે હાદિઆનો અમર યમનથી હિન્દ જવાના બબર આપ્યા.

રિવાયતમાં છે કે, સૈયદના ઇદરીસની હજરતમાં હિન્દથી એક મરદ આવ્યા એટલે સૈયદનાએ તે હિન્દી મરદને જોઈ "એહલન વ સાહલન" કહી સામે લેવા ગયા અને ગલે

લગાવી બેઠી પડયા. આ વખતે મિજલસ ચિક્કાર ભરેલી હતી. ૩૦૦ આરબો હાજર હતા, તે સઘળાના ઉપર આપે તે હિન્દીને બેસાડયા એટલે સર્વે અરબોનો રંગ બદલાયો, તેમના ચહેરા ફીક્કા પડી ગયા, દરેકના ચહેરા ઉપર ગમી છવાઈ ગઈ. સૈયદના ઇદરીસે જ્યારે આ પ્રમાણેનો હાલ અરબોનો જોયો ત્યારે આપે દરેકને સંબોધીને ફરમાવ્યું કે, " એ અરબો ! હું જોઈ રહ્યો છું કે તમારા દરેકના દિલોમાં વસવસો પેદા થયો છે ને આ હિન્દી મરદને ઘણીજ હલકી નજરથી જુઓ છો. તમારા સર્વે તરફ જોતાં મને એમ માલુમ પડે છે કે આ હિન્દીને ઉપર કેમ બેસાડયા ? પરંતુ ભાઇઓ ! આ હિન્દીને તમો પુરી માઅરેફતથી પહેચાન્યો હોત તો તમો તેને હલકી નજરથી ન જોત. આ હિન્દી હિન્દના બાદશાહના જોહર છે, હિન્દના મોમિન ખુદાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું છે તે મુજબ "લા યાઅસુનલ્લાહા માઅમરહુમ વયફઅલુના માયુઅમરૂન". અર્થ:-(તેઓ ખુદાતઆલાને કોઈ વખત બે ફરમાન થતા નથી અને જે હુકમ કરવામાં આવે છે તેને અમલમાં મુકે છે). વર્તનારા છે.

આ પછી સૈયદના ઇદરીસે અમદાવાદના આમીલ મોલાઈ આદમ બીન સુલેમાનને લખ્યું કે, " તમારા પાસે એક ભિસ્તી જે પાણી ભરે છે તેને નમાઝની રજા ને દીનના કામકાજ સોંપવામાં આવે છે, તેના પાસેથી રજા મેળવી શરીઅતનું કામકાજ કરજો ". આ ભિસ્તી ઘણાજ ગરીબ હતા, તેમ દરેક બાજથી બેઇલ્મ હતા, પરંતુ સૈયદનાના ફાગળથી અમદાવાદના આમીલે સઘળા મોમિનોને જમે કર્યા ને દાઇના કાગળને વાંચી સંભળાવ્યો, જેથી આમીલ તથા મોમિનો તે ભિસ્તીને ઘરે ગયા. સઘળા તેને કદમબોસ થયા ને દાઇના કાગળની વાત તે ભિસ્તીને કહી સંભળાવી. આવેલ કાગળ ભિસ્તીને સોંપ્યો. આ કાગળ વાંચી ભિસ્તી ઘણાજ આશ્ચર્ય પામ્યા અને કહ્યું કે, " હું બુદ તમારો ગુલામ છું. શું તમો સાચું બોલો છો ? ". સર્વેએ હા કહી. ત્યારે ભિસ્તીએ કહ્યું કે મને કંઇ યાદ નથી. તેથી ત્યાંના આમિલે કુરઆને મજીદમાંથી બે સુરત ઘણાજ ઇહ્સાન ને ખુબી સાથે તેમને શીખવી અને બીજા દરેક નમાઝના અરકાન શીખવ્યા. આ સઘળું ભિસ્તીએ યાદ કરી લીધું અને મગરીબની નમાઝ કિબલામાં ચઢીને ઇમામત પઢાવી.

આ બીના અમદાવાદના આમીલે સૈયદના ઇદરીસને લખી મોકલી ને લખ્યું કે, " આપનો અમર માથે ચઢાવ્યો છે ". તે યાદ ભિસ્તીએ પાછી વલાયતને એક નમાઝ યાદ તરતજ આમિલને સોંપી દીધી.

સૈયદના ઇદરીસે આ બનેલી સઘળી બીના યમનના કુલ અરબોને કહી સંભળાવી અને હિન્દીઓની તાએતના નમુના કહી બતાવ્યા ને ફરમાવ્યું કે, " આસમાન ને ઝમિનના પાયા તાએાત* (હુકમ બરદારી) છે. વાસ્તે હું જોઉ છું કે, જરૂર આ દાએવતે હાદિયાહ હિન્દ તરફ જશે. દાએવતે ઇમામીઝૅમાન હિન્દમાં રહેશે " ખુદાના નામનું મોટું નામ તાએત છે ". મુરશીદની તાએત તે ઇબાદત છે.

એ ભાઇ ! ઇબરત લેવા જોગ વાત છે કે એક સાધારણ ભીસ્તી જેને દીનનું કોઇ પણ જાતનું ઇલ્મ નહોતું તેના ઉપર અમદાવાદનું વાલીપણું આવે અને અમદાવાદના વાલી પોતાના મુરશીદનો હુકમ બસરોચશ્મ ઉઠાવી તે પ્રમાણે અમલ કરે ને જેને કંઇજ આવડતું નહોતું તેને તે વખતના અમદાવાદ જેવા શહેરના વલીઉલ અમર પણ હકને વળગી રહી મોલાનાના હુકમને તાબે થઈ તેને શરીઅતના અમર ને નમાઝના એહકામ શીખ્યા ને પોતાના વાલી બનાવ્યા તે વખતે તે વલીઉલ અમરને કંઈ એમ ન થયું કે હું અમદાવાદનો વાલી ને આવા એક સાધારણ ભિસ્તી કે જેને કંઇજ આવડતું નથી તેને નમું ને તેના વાલીપણા નીચે રહી તેનો અમર ઉઠાવું ? તેમને તો ફક્ત દાએવતે હાદિઆનો જે કંઈ અમર હોય તે ઉઠાવવાનો હતો, તે એક ઇમતેહાન હતું. બરોબર ખુદાના જે નેક બંદા હોય છે તે આવા ઇમતેહાનને ઓળખે છે ને ખુદાના અમરને વળગીને ચાલવામાં જરાએ પાછી પાની કરતા નથી. જો કે તે ભિસ્તીએ તરતજ એક નમાઝ બાદ સૈયદના તરફથી આવેલ અમરને માથે ચડાવી પાછો અમદાવાદના વાલીને સોંપી દીધો હતો.

પાના ૭૩ માં જણાવ્યા મુજબ સૈયદના ઇદરીસની હઝરતે આલીયામાં યમનમાં એક વખત એક હિન્દી મિજલીસમાં આવેલ તે વખતે મિજલસમાં ૩૦૦) એ લોમાઓ હાજર હતા, તેમની હાજરીમાં તે હિન્દથી આવેલ ભાઇને આપ બેઠી પડયા હતા ને જે માન આપ્યું હતું તેથી નારાજ થઇને વસવસામાં પડેલા ઓલમાઓ ગુમરાહ થયા હતા ને બેફરમાન થતા જતા હતા તેઓને સંબોધીને કહ્યું કે જુઓ, એ ભાઈ ! હિન્દમાં દાએવતે હાદિઆના અમરને ઉઠાવનારા અમારા મુમેનોનો એક દાખલો આપું કે જે આખા હિન્દના વાલી હોવા છતાં એક સાધારણ ભિસ્તી કે જેને કંઈ ઇલ્મ નહોતું તેને પણ મારા અમર પ્રમાણે વાલી બનાવ્યા ને તેને ઇલ્મ શીખવી તેની નીચે નમાઝ પઢી, બાદ તેણે પાછો હકના અમરને સોંપી દીધો તે વખતે તે વાલીઓએ મારી જે તાએત કરી તેના ઉપર ગોર કરો તે આજ ભીસ્તી છે કે જેને મેં અમર સોંપેલ હતો ને જેની તએત તે વાલીએ તેમજ મોમીનોએ કરી હતી.

સૈયદના ઇદરીસના ફઐલ અને અમરમાં બરો બેદ સમાએલો હતો, એ ભેદનો ઉકેલ કરવો દુર છે, પણ સમજદારો માટે ઘણોજ નજદીક છે ત્યાર બાદ તે ભિસ્તીને દાઇએ પોતાની હજરતે આલીયામાં બોલાવી લીધા ને ત્યાં તે યમનમાં વફાત થયા છે.

આપની દાએવત દરમ્યાન આપે નીચે બતાવેલ કુલ ૧૩ કિતાબ બનાવ્યા છે જે ઘણાજ ઉમ્દા ને હિદાયતથી ભરપુર છે.

૧. ઐયુનુલ અખ્બાર—જેની સાત જલ્દો છે, તેમાં રસુલુલ્લાહ સ. અ. ના બાવાઓની વંશાવળીથી ઇમામીઝૅમાન સુધીની પુરી હકીકત બતાવવામાં આવી છે.

૨. નુઝહતુલ અફકાર—જેની બે જલદ છે, તેમાં ઇમામીઝૅમાનથી તે આપના વખત સુધીના જે જે હોદાના દોઆતો થયા તેની અખ્બાર આપવામાં આવી છે.

૩. રીસાલતુલ બયાન—જેમાં શેહરે રજબ, શાબાન, રમઝાન તથા ઉમ્મે દાઉદની નમાઝનું રહસ્ય બતાવ્યું છે.

૪. મુબ્દતુસ્સરાઇર—યાને ઝીયાઉલ બસાઇર, જેમાં નુરાની બશારતનું બયાન છે.

૫. મઝહરૂલમઆની—જેમાં દુનિયાના ઇલ્મોનું બયાન છે. આ કિતાબમાં ૨૧ બાબ છે, જેમાં દુનિયાની દરેક હાલતનું વર્ણન કરેલું છે.

૬. ઇદ્દાહુલ આબ્દાલ.

૭. આસેમતુન નુફૂસીલ મોહતદીન.

૮. હીદાયતુત્તાલેબીન.

૯. રીસાલા ફી રદ્દે અલ્લા અલ્લી બીન ઇબ્રાહીમ.

૧૦. ,, ,, ,, ઝીન્દીકીલ જમલ.

૧૧. અદદીવાન ફી તાબરીરીલ ઇમામ.

૧૨. મુદહેઝતુલ બોહતાન.

૧૩. રૌઝતુલ એહકામ.

આ પ્રમાણે આપે મોમીનોના હીદાયત માટે કીતાબો બનાવ્યા છે. આપને વખતે યારી આપી નહી, આપની રહેલતનો વખત નજીક થયો ત્યારે આપે દરેક ઓલેમાઓ તથા હુદુદોને બોલાવી જમે કીધા અને સઘળાના રૂબરૂ પોતાના ફરઝંદ સૈયદના હસન પર નસ્સે જલી કરી મનસુસ બનાવ્યા. બાદ આપ છલકાદની તા. ૬૯ મી હીજરી ૮૭૨ ઇસ્વી ૧૪૬૮ માં હરાઝના શબામ ગામમાં વફાત થયા છે. આપની દાબ્બવત ૪૦ વરસ ૯. મહીના ૬. દીવસ રહી. આપનું લકબ એમાદુદ્દીન છે. આપની ઉમર ૬૮ વરસની થઇ. ક. રૂ.

૨૦. સૈયદના હસન બીન સૈ. ઇદરીસ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના હસન આપના બાવાજી પછી હકની દાબ્બવતની ગાદી પર જલ્વાનુમા થયા. આપના મળતાવળા સ્વભાવ તથા ઇલ્મી લ્યાકતના સબબ આપના ગાદી ઉપર આવવાથી મુમેનીન મુસ્લેમીન તેમજ મુખાલેફીન દરેક આપની શાનને કબુલ કરનારા થયા. આપની મુકુર્રર સઘળામાં ઉંચી થઇ. આપની બ્રોહદ ને તકવા આપના બાવાજીના જેવીજ હતી. આપની ફસાહત ને બલાગત અરબસ્તાનના મહાન શાયર ઇબ્ને **હાની** જેવી થઈ. ખુદાતઆલાએ આપની ઝબાન મુબારકમાં એટલી મીઠાશ મુકી હતી કે કોઇ પણ આપની સાથે વાતચીત કરે તો પાણી પાણી થઇ જાય. આપની રીયાસત લોકો પર ઇદ સમાન થઈ. સૈયદના ઇદરીસ બાદ આપના વખતમાં લોકોને જે અમાન તથા રાહત મળી તેવી આપના અગાઉ ૮૦ વરસ સુધીમાં કોઈ વખત મળી નથી, તલવારને મ્યાનમાંથી કાઢવાનો મોકો આવ્યો નથી, તેમ તીરને કામઠાંથી નીશાન તાકવાની કોઇને તકલીફ લેવી પડી નથી. ફસાદનું નામ નીશાન રહ્યું નહિ. આપને નફસે અમ્મારા (બદ જાતો) સાથે જેહાદ કરવો પડ્યો હતો કે જે નફસે અમ્મારા (બદ જાત) નાપાકીનો લશકરી સરદાર શયતાન હતો, કે જે શયતાન દાબ્બવતે હાદિઆની મમલકતને તોડી પાડવાની જનતોડ મહેનત કરતો હતો, પરંતુ; તે કયાંથી બની શકે ?

રિવાયતમાં છે કે એક વખત રસુલુલ્લાહ સ. અ. ની ખિદમતમાં શયતાન આવ્યો. આપે જોયું કે શયતાન ઘણો નાતવાન, અને અશક્ત થઇ ગયો છે, તેથી આપે સવાલ પુછ્યો કે "ઓ ખુદાના માર્યથી સંગમાર થયેલ શયતાન ! તું કેમ દુબલો પડી ગયો છે ? તને તો કોઇની બીક કે દેહશત નથી કે તને દુબલાપણું આવે". શયતાને જવાબ આપ્યો. સાહેબ ! આ ઝમાનામાં જ્યારથી તમારૂં રાજ બખુબી ચાલવા લાગ્યું, તમારી આજ્ઞા સર્વે માનવા લાગ્યા, તેમ દરેક કુરાનેમજીદ પઢનારા થયા, ઓલમાએ આરેફુન (નેક કામને ઓળખનારા) થયા, ને તેઓ મારા પર હર વખત "અઉઝો બિલ્લાહે મીનશશયતા નીર રજીમ". પઢવા લાગ્યા ત્યારથી મારા પર અને મારા ગુલામો પર આ અસર થઇ છે ને આ પ્રમાણે નાતવાન, કમઝોર થઈ ગયો છું. તેજ પ્રમાણે સૈયદના હસનના વખતમાં દીનદારી એટલી વધી ગઇ કે શયતાનને કોઇ પર ફરેબ કરવો મુશ્કીલ થઇ પડ્યો. આપે દરેક જગ્યાએ મદ્રસાઓ ચાલુ કીધા અને ઓલેમાઓનો વધારો થાય તેવા ઇરાદાથી દુર દુરના ગામોથી ઇલ્મ પઢવા તાલેબુલ ઇલ્મને તેડાવ્યા. આપની પાસે હિન્દીઓની સારી મઝુંદ હતી, સબબ કે હિન્દના લોકો તાબ્બત પર સાબીતકદમ હતા, તેઓ ઇલ્મ પઢી તાબ્બત પર સાબીત કદમ રહ્યા છે. એહકમીયતથી સાબીત કદમને બદલે બોળવાઇ જવાય તે કંઈ સાબીત કદમ ન કહેવાય.

આપના ઝમાનામાં આપના માઝુન સૈયદી ફખરૂદ્દીન અબ્દુલ્લાહ બીન અલી બીન સૈયદના હસન વફાત થયા, તેની જગ્યાએ સૈયદનાએ પોતાના ભાઇ સૈયદના હુસૈન બીન સૈ. ઇદરીસને માઝુન બનાવ્યા અને હુસૈનના ફરઝંદ અલી શમ્સુદ્દીનને મુકાસીર નિમ્યા.

આપના માઝુન અબ્દુલ્લાહ બીન અલી બીનીદ દાઇ હસને દાઅવતના બે કિતાબ બનાવ્યા છે. (૧) અદદીવાન. (૨) વસીલતુલગુલામ.

સૈયદના હસન બીન સૈયદના ઇદરીસનો રહેલતનો વખત કરીબ થયો એટલે આપે આપના દરેક હુદુદો, મશાએખોને બોલાવી જમા કીધા અને સઘળાના રૂબરૂ આપે આપના ભાઈ સૈયદના હુસૈન હુસામુદ્દીન બીન ઇદરીસને પોતાના કાયમ મુકામ કરી નસ્સેજલ્લી કરી દાઅવતે હાદિઆનો રૂતબો ઇનાયત કર્યો. બાદ આપ શાબાન તા. ૧૫ હી૰ ૯૧૮. ઇ૰ ૧૫૧૨ માં યમનના મસાર શહેરમાં વફાત થયા. આપની દાઅવત કુલ ૪૫ વરસ, ૮ મહિના, ૨૬ દિવસ રહી. આપનું લકબ બદરૂદ્દીન છે. ક ૩.

૨૧. સૈયદના હુસેન બીન સૈ. ઇદરીસ એમાદુદ્દીન (યમન) નો ટુંક ઝીકર.

રિવાયતમાં છે કે સૈયદના હસન બદરૂદ્દીનના વફાત બાદ આપના ભાઈ સૈયદના હુસૈન દાઅવતે હાદિઆના તખ્ત પર બિરાજ્યા. આ વખતે યમનના શહેરોમાં દરેક જગ્યાએ અમાન હતું. આપે આપના ફરઝંદ અલીને માઝુનનો રૂતબો આપ્યો હતો અને આપના ભાઇના ફરઝંદ મોહમ્મદ ઇઝઝુદ્દીનને મુકાસીર નિમ્યા હતા. આપે શમામ ગામ કે જ્યાં આપના બાવાજીનું મઝાર છે ત્યાં રહેવાનું પસંદ કર્યું હતું. આપે અહિંથી દરેક ગામોમાં કાગળો લખી દાઅવતની રિયાસત પુર બહારથી બતાવી, મોમિનો તેમજ મુસ્લીમો દરેકને સેરાતીલ મુસ્તકીમના રસ્તા પરથી કેમ પસાર થવું તે બતાવી દરેકના જનોને ચોખ્ખા કીધા. આપની સાએદાતથી તેઅમતમાં મોમિનો તરોતાઝા થયા. આપના રાજ્ય-દારી ઇન્સાફથી લોકોમાં ભાઇચારો વધ્યો. આપ વાએઝોના તોર પર હમેશાં મોમિનોને સમજાવતા, નસિહત કરતા ને રીવાયતો કહી સમજાવતા.

રિવાયતમાં છે કે, એક વખત નબી સ. અ. ને સ્વપ્નુ આવ્યું, તેમાં કહેનારે કહ્યું કે, ફજરમાં તમારા સામે જે પહેલાં આવે તેને બાઈ જજો. બીજી ચીઝને ઢાંકજો. ત્રીજીને કબુલ કરજો. ચોથીને નાઉમેદ ન કરજો. પાંચમીથી દુર રહેજો. તેનો શું અર્થ થાય ? આ સ્વપ્નાનું તાવીલ આલેમોહમ્મદ સિવાય કોણ કહી શકે ? તેનું તાવીલ આ નીચે મુજબ છે.:—

૧. નબીએ સ્વપ્નામાં પહેલાં પહાડ જોયો. આથી નબી સ. અ. અજબ થયા, પહાડ બનાવ શી રીતે તેનો વિચાર થયો. આપને બશારત થઈ કે, " પહાડ પાસે જાઓ " આપ તે પહાડ પાસે ગયા તો પહાડ એકદમ નાનો થઇ ગયો. નબી સ. અ તેને જમી ગયા.

૨. જે ઢાંકવાનું કહ્યું હતું તે એ હતું કે, આપને રસ્તામાં એક સોનાની થાલી નઝર આવી તેને આડો ઓઢી ઢાંકી દીધી (જમણુ જમીને પાછી ફેંકી દીધી).

૩. એ હતું કે, " કબુલ કરજો ". આપ આગળ ચાલ્યા કે એક બાજ એક ચકલી પછવાડે શીકાર કરવા દોડયો, એટલે પેલી ચકલી નબી સ. અ. ની બાંયમાં ભરાઇ ગઇ. પેલા બાજે નબી સ. અ. ને કહ્યું કે, " આ પરિન્દુ મારો ખોરાક છે માટે તેને મુકી દો ". આપે કહ્યું હું નહિ મુકું, મારી પાસે અમાનમાં આવ્યું છે. પણ નબી સ. અ. એ તેની દલીલ સાંભળી જાંગનો ગોસ્ત આપીને કબુલ કર્યું.

૪. ના ઉમેદ ન કરજો. તે એ હતું કે, આપે તે બાજ પક્ષીને તેનો ખોરાક આપી તેને નાઉમેદ ન કર્યું.

૫. દૂર રહેજો તે એ હતું કે, આપે એક મુડદાને જોયું તો આપ તેથી દુર રહ્યા.

નબી સ. અ. એ આ પાંચે બાબતનો ખુલાસો ખુદાને પુછ્યો. ખુદાએ ફરમાવ્યું કે, " પહેલી ચીજ પહાડ છે તો પહાડનું મસલ ગુસ્સાનું છે. ગુસ્સાનો કરનાર ગુસ્સો પહાડ જેવો હોય તો પણ તેને ગલી જઇ સબર કરે તો તેને છેવટ મધ જેવી મીઠાશ લાગે. બીજી સોનાની થાલી તેને ઢાંકી દેવી તેનું મસલ એ છે કે, એહસાન કરી પાછું કહી બતાવવું નહી, તેને જેટલું છુપું રાખશે તેટલું જાહેર થશે. ત્રીજું પરીક્ષાનું જોવું તે બાજને ભરોસો દઇ બાવા આપવાનું કબુલ કર્યું તે નેક સીરત છે. ચોથું. કોઇને અમાન આપવું બધુ જેવી છે, તેમાં કદી વિશ્વાસઘાત કરવો નહિ. પાંચમું. મુડદું બદબું, તેથી દુર રહેવું એટલે કોઇને બદ ન કહેવું, બદથી દુર થઇ ચાલવું.

આ પ્રમાણે સૈયદના હુસૈને મોમિનોને હિદાયત આપી સાલેકીન બનાવ્યા છે, તે બાદ આપના ભાઇ સૈયદના હસન બદરૂદ્દીનના બનાવેલ બે કિતાબ. ૧. ઈમારતુલ ઇશારાત. ૨. રીસાલતુલ બુરહાન નામના કિતાબો ઝાહેરમાં મુકયા છે. આપ હમેશાં ઇલ્મ પઢાવવામાં મશગુલ રહેતા, આપે ઘણા તાલેબુનને ઇલ્મ પઢાવી તૈયાર કીધા છે. બાદ આપની રહેલતનો વખત કરીબ થયો ત્યારે આપે સઘળા હુદુદો, ઓલોમાઓને જમે કર્યા ને સઘળાના રૂબરૂ આપે આપના ફરઝંદ અલી શમ્સુદ્દીન ઉપર નસ્સેજલ્લી જાહેર કરી. આપ આ દારેફાનીથી દારેબકાની તરફ શવ્વાલની તા. ૧૦ મી હી૰ ૯૩૩ કુચ કરી ગયા. આપની દાઅવત ૬૫ વરસ, ૧ મહિનો, ૨૫ દિવસ રહી. આપનું લકબ હુસામુદ્દીન છે. આપનું મઝાર મસાર ગામમાં છે. ક. ૨.

૨૨. સૈયદના અલી બીન સૈ. હુસેન (યમન) ની ટુંક ઝીકર.

અખ્બારનવેશ લખે છે કે, સૈયદના હુસૈન હુસામુદ્દીનના વફાત પછી સૈયદના અલી દાઅવતે હાદિઆના તખ્ત પર બિરાજ્યા. આપ હમેશાં મોમિનોને બોલાવતા, તેમના સાથે મોહબ્બતથી વાત કરતા, તેમના ખબરઅંતર પુછતા અને તેમની દરેક રીતે ખબરદારી રાખતા અને તેમને ઇલ્મ આપવામાં તેમજ દીનદારી સમજાવવા પુરતી કોશિષ કરતા. આપ મદ્રસાઓની પુરતો દેખરેખ રાખી ઇલ્મ લેવા માટે લોકોને તાકીદ કરતા.

આપે દુનિયાદારીનો કારોબાર ત્રણ રીતે શરૂ કર્યો. ૧. નમુનેદાર સંરકારી કામો. ૨. નેક ચાલચલણ. ૩. દરેકના દિલ ભલાઇથી ખેંચવા. આ ત્રણ રીતોનો આપ દાઅવતે હાદિઆના જાહેરી કામકાજમાં ઉપયોગ કરતા. લોકોને આપસમાં મોહબ્બત રાખવા, ભાઇચારો વધારવાની હમેશાં કોશિષ કરતા. કોઇ અપશબ્દ કે ગાળગલોચ કરતું કે તાનાઝની કરતું તો આપ તેને ઠપકો આપતા ને નરમાઇ તથા ભલાઇથી વરતવાને ફરમાવતા. આપના વખતમાં હસદ કે કીનાનું નામ નીશાન ન રહ્યું. કારણ આપ હમેશાં અદલ, ઇન્સાફ તથા હક ઉપર કાયમ રહેતા. શરીઅતના અહકામો પાળવા માટે લોકોને ખુબ સમજાવતા. આપની આ કોશિષના સમય મોમિનોમાં અદાવત કે વેરઝેરનું નામ નીશાન નહોતું. દરેક મોમિન અમાનમાં રહેતા ને દિલદારીમાં હમેશાં મશગુલ રહેતા, આપ હમેશાં ઇખ્વાનુસ્સફાની ચાલે ચાલી મોમિનોને સંબોધી બયાન ફરમાવતા, જેમાંના થોડા આ નીચે આપીએ છીએ.:—

આ ઇખ્વાનુસ્સફા તેના કર્તા મોલાના અહમદુલ મસ્તુર તરફથી ૫૨) રીસાલાઓમાં બહાર પાડવામાં આવેલ છે ને દરેક રીસાલાઓ એહલેબૈત ને રસુલુલ્લાહના ઇલમથી જોરેલા છે. આપ સૈયદના ફરમાવે છે કે, " આ ૫૨ રીસાલામાં દરેક જાતની અદબ, દરેક જાતના હુનર, ને દરેક ઇલ્મ ને હિકમતથી ભરેલા છે અને દરેક રીસાલા એવી જાતના છે કે જો અમારા ભાઇઓ તેમાં નઝર કરે અથવા તેને સમજે તો તેમાં જે એકબીજાથી મળતાવળાપણું રાખવાનું ફરમાન છે તે પ્રમાણે વર્તતા થાય ને તેની માએનાઓ ને હકીકતો જેવી તેનામાં હોય તેવી તે સમજી લે. અને એહલેબૈતના ફઝલો ને વિચારોની ભાવનાઓ જે તેનામાં હોય તે પ્રમાણે એતેકાદ રાખે. કારણ, એહલેબૈત ખુદ ઇલ્મોના ખઝાનાઓ છે, નબીઓના ઇલ્મના વારીસો છે કે જેથી તેઓ તે ઇલ્મોમાંથી માઅરેફત ને એતેકાદ સાચા કરી બતાવે.

આ એતેકાદ રાખનારાઓ માટે બતાવવામાં આવેલ છે કે, જે શખ્સને ઇલ્મના મદીનામાં ને દીન (ધર્મ) ની જન્નતમાં આવવાનો ઇરાદો હોય તો તે દરવાજેથી આવે. રસુલુલ્લાહ સ. અ. એ આ વિષે ફરમાવ્યું છે કે, " અના મદીનતુલ ઇલ્મે વ અલીયુન બાબોહા " યાને હું ઇલ્મનું મદીના (શહેર) છું ને અલી તેના દરવાજા છે. હવે જેને

આ ઇલ્મનો ફાયદો લેવાનો ઇરાદો હોય તેને વાજીબ છે કે પહેલાં ઉપર કહ્યા મુજબ દરવાજેથી આવવાનું ફરમાવ્યું છે તે મુજબ પહેલા દરવાજાને જરૂર ઓળખવું જોઇએ ને દરવાજાને ઓળખવું તે દીનના હોદ્દેદારોને ઓળખવું છે. હવે જે દીનના હોદ્દેદારોને ઓળખે તે જન્નતમાં દાખલ થઇ ચુકયો કહેવાય. તે જન્નત આ દાઅવત છે ને ઇખ્તીયાર કીધેલ દીન (ધર્મ) છે કે જેમાં કોઇ જાતની જબરદસ્તી નથી. જ. સ. પા. ૪૦૬.

ખુદાતઆલા ફરમાવે છે કે, " લા ઇકરાહા ફીદ્દીન ". દીનમાં જબરદસ્તી નથી ત્યારે આલે મોહમ્મદનો વસીલો લેનારાઓ, એહલેબૈતની મોહબ્બતના કરનારાઓ, કુરઆન ને હદીસના હુકમ પ્રમાણે ચાલનારાઓ, અઇમ્મતુતાહેરીન ને દાઅવતે હાદિઆહમાં વસનારાઓમાં દિનને નામે, મઝહબને નામે કે રીવાજને નામે કોઈ પણ જાતની સખ્તાઈ કોઇ ઉપર કરવાનો હુકમ હોયજ કયાંથી ? અગર જો કોઈ મોમીન દાઅવતે હાદિયાના હરમમાં દાખલ થયા પછી કોઇ પણ મોમીન ઉપર જુલમ કે ગેરઇન્સાફ કરતો હોય તો તેવા ફેલના કરનારાઓ ખુદાતઆલાના હુકમનો અનાદર કરનારાજ કહેવાય હવે જે ખુદાના હુકમનો સમજીને પણ અનાદર કરે તો તેને તેના અમલ પ્રમાણે જરૂર તે બાલીક અકબર તરફથી બદલો મળવોજ જોઇએ; પછી તે ગમે તે હોય તેને તેના કર્તવ્યનો જરૂર જવાબ આપવોજ પડશે. બેગુનાહ કોઇને કંઇ પણ કહેવાનો અધિકારજ નથી, તો પછી ખુદાના દીનમાં તો સખ્તાઈ કરવાનો કયાંથી હુકમ હોય ?

આપ હજ તેમજ **માબાપની તાઅત** વિષે બયાનમાં ફરમાવતા કે:-

હજ વિષેનું બયાનઃ—

ઇખ્વાનુસ્સફાના સાહેબ ફરમાવે છે કે, હજ શા વાસ્તે વાજીબ થઇ ? ને દરેક ઇન્સાન પર એક હજ વાજીબ છે તેનું શું રહસ્ય છે ? આપે તેના જવાબમાં ફરમાવ્યું છે કે હજમાં એહરામ બાંધવું તે નમાઝના મુકાબલામાં છે. તવાફનું દેવું રૂકુના મંઝલામાં છે. મીનામાં રહેવું ને જમરાને મારવું તે જેહાદના બરાબર છે, અરફાના પહાડ અને મશઅરૂલહરામમાં ઉભા રહેવું તે એઅતેકાફ બાંધવાનું મસલ્લ છે અને હજનું ખરચ તે ઝકાત દેવાનું મસલ્લ છે. આ રીતે હજમાં દીનના દરેક અહકામ આવી જવાથી તે આપણા પર વાજીબ છે.

માબાપની તાઅત વિષેઃ—

જે શખ્સ પોતાના મા ને બાવાની તાઅત (હુકમ પાળેવો) કરે તો તે ખુદાનું ફરમાન માથે ચડાવે છે ને તેથી તે શખ્સ જન્નતમાં જાય છે. જે વિષે નબી સાહેબ સ. અ. ફરમાવે છે કે, " અલ-જન્નતો તાહતા અકદામીલ અમ્મૈન " યાને માબાપના પગ નીચે જન્નત છે. (એટલે માબાપના દરેક હુકમને માનવો ને તેને પગલે ચાલવું). આ વિષે બાસીયત નામના એક શખ્સ કહે છે કે, મેં જંગલમાં એક શખ્સને જોયો ને મેં તેનું નામ પુછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે મારૂં નામ **ખીઝર** છે. ત્યારે પેલા શખ્સે

કહ્યું કે, ભલા બીઝર કોઇને દેખાવ દેતા નથી તો આપ શું સમજો મારા દેખાવમાં આવ્યા ? ત્યારે બીઝરે ફરમાવ્યું કે, " તમો તમારા માબાપની તાઅતમાં છો તેથી " તે બાદ તેણે ખુલાસો કર્યો કે માની ત્રણ હિસ્સા વધુ તાઅત કરવી વાજીબ છે. કારણ (૧) જણવામાં તેણીએ ઘણીજ તકલીફ ઉપાડેલી છે. (૨) મરદનું પાણી (બુંદ) પીઠમાંથી આવે છે, જ્યારે માનું પાણી (બુંદ) સીનામાંથી આવે છે, તે સીનો દરેક અંગવા કરતાં અફઝલ છે, જે રીતે મજલીસના પ્રમુખને સીનાના ઉપમાં આપવામાં આવે છે. (૩) બાપ કરતાં માનો પ્રેમ પણ વિશેષ હોય છે ને તેથીજ માની તાઅત વિશેષ છે.

આજ રીતે માની **બદ દોઆ** પણ તેવીજ છે, માટે એ ભાઈ ! તું કોઇ દિવસ માની બદ દોઆ લઈશ નહિ.

રિવાયતમાં છે કે એક વખત એક શખ્સ શરાબ ઢીંચીને ઘરે આવ્યો, ત્યારે તેની માએ તેને કહ્યું કે, દીકરા, આ શું બદ કામ કર્યું ? ત્યારે તે છોકરો પોતાની માને દારૂના નશામાં જેમ તેમ બોલવા લાગ્યો ને કહ્યું " રોજ રોજ શું કામ બકયા કરો છો ? આથી મા ચુપ થઇ ગયા ને કંઇ ન બોલ્યા, પરંતુ ખુદાના નેક બંદાઓનું અપમાન ખુદા સહન કરતો નથી, તેને તેનાં કર્તવ્યનો જરૂર બદલો આપે છે. ત્યાર બાદ જ્યારે તે છોકરો ગુજરી ગયો ને તેને દફન કરી લોકો ઘર આગળ પાછા આવ્યા ત્યાર બાદ કેટલાક અરસા પછી તેની કબર પાસેથી કોઇ મુસાફર જતો હતો તેવામાં તેણે એક અજીબ બનાવ નજરે જોયો ને તે બનાવ એ હતો કે, તે છોકરા (કે જેણે પોતાની માને બહુજ દુઃખ દીધું હતું ને કહ્યું હતું કે નાહક શું કામ રોજ રોજ બકયા કરે છે) તેની કબર એકાએક ફાટી ને તે બહાર નીકળી ગધેડાની માફક ભોંકી પાછો કબરમાં દાખલ થઈ ગયો. આ બનાવ પેલા મુસાફર અરબે નજરે જોયો, બાદ તેણે ત્યાં ઘણા વર્ષ થયાં રહેતી એક બુઢી ડોશીને આ હકીકત વિષેનો ખુલાસો પુછ્યો. ડોસીએ જવાબ આપ્યો કે, " આ શખ્સે તેની માનું અપમાન કરેલું ને ગધેડા જેમ કેમ ભોંકે છે તેવા કલામો કહેલા તેથી તેનાજ શબ્દો ખુદાતઆલાએ તેન મોંહ પર પાછા ફેંકયા ને આ અઝાબ કર્યો.

માની તાઅત–શું ફાયદો કરે છે તેનું બ્યાન.

રિવાયતમાં છે કે, એક વખત કેટલાક લોકોએ મુસા નબીને ઘણાજ સતાવ્યા, તેથી શામથી નીકળી અંતાકીયા તરફ આપ પધારતા હતા રસ્તામાં લોકોએ આપને બહુજ તકલીફ આપી જેથી આપે ખુદા પાસે દોઆ માંગી કે, " ખુદા મને જલ્દી અંતાકીયા પહોંચાડ. ખુદાની વહયે થઇ ને અવાજ આવ્યો કે એ મુસા ! આ પાસે પહાડ છે ત્યાં જાઓ ત્યાં એક મારા બંદા છે તેને સવારીનું કહેજો તે તમને સવારી આપશે. ત્યાર બાદ મુસા તે પહાડ પાસે આવ્યા ત્યાં એક બંદાએ ખુદા નમાઝ પઢી રહ્યા છે. તે સાહેબ નમાઝથી ફારેગ થયા બાદ મુસાએ તેને સવાલ કીધો ને સવારીની બ્વાહીશ બતાવી. ત્યારે તે બંદાએ આસમાન તરફ જોયું ને એક વાદળીને હુકમ કીધો. તરતજ પેલું વાદળી

આસમાનમાંથી નીચે ઉતર્યું ને મુસા તે વાદળ પર સવાર થઇ અંતાકીયા પહોંચ્યા. તે બાદ ખુદાએ મુસાને પુછ્યું કે, એ મુસા ! આ બંદાને ઓળખો છો ? શું કારણસર આ બંદાને આ મરતબો મલ્યો છે ? મુસાએ કહ્યું મને ખબર નથી. ત્યારે ખુદાએ ફરમાવ્યું કે આ બંદાની માના જ્યારે વફાતના દિવસો કરીબ થયા ત્યારે તેની માએ તે વખત તે છોકરાને એક કામ બતાવ્યું જેથી તે છોકરો તરતજ તે કામ કરવા માટે ચાલી નીકળ્યો ને બતાવેલું કામ બજાવી લાવ્યો, જેથી માએ તેના હકમાં દોઆ કરી કે, " એ ખુદા ! તું આ બચ્ચાની ઉમેદને પુરી કરજે જે પ્રમાણે તેણે મારી ઉમેદ પુરી કરી છે ". તેથી એ મુસા ! આ શખ્સની જે ઉમેદો હોય છે તે હું પુરી કરું છું.

બાપની બેહુરમતીનો નતીજો.

રિવાયતમાં છે કે, યાકુબ નબી જ્યારે યુસુફના નઝદીક ઘણી મુદત બાદ આવ્યા ને યુસુફને મિસરની શાહી ભોગવતા જોયા, (જેનો કિસ્સો કુરઆને મજીદમાં છે) તે વખતે યુસુફ નબી પોતાના બાપાજીના તબાજા વાસ્તે ઉભા ન થયા આ અમર ખુદાને પસંદ નહોતો તેથી ખુદાએ ફરમાવ્યું કે, " એ યુસુફ ! તમારી સુલ્બ (પીઠ) માંથી કોઈ નબી નહિ થાય. આ બાપાજીની બેહુરમતીનો નતીજો નબીને મળ્યો તો પછી બંદાઓને તેના કર્તવ્યનો બદલો કેમ ન મળે ?

આપ સૈયદના હમેશાં મોમિનોને હિદાયત આપી કિતાબોની દલીલોથી સમજાવતા. મોમિનોને તે પ્રમાણે ચાલવા માટે હમેશાં રગબત બતાવતા ને દાઅવતનો કારોબાર સંતોષથી ચલાવી રહેલા હતા. પરંતુ દુનિયા આપને વધા થઇ નહિ. આપનો રેહલતનો વખત નઝદીક થયો એટલે આપે આપના હુદુદો, મશાએખો અને ઓલામાઓને જમે થવાનો હુકમ ફરમાવ્યો. સઘળાના રૂબરૂ આપે આપના કાકાના ફરઝંદ મોહમ્મદ ઈઝઝુદ્દીન ઉપર નસ્સે જલી કરી દાઅવતે હાદિઆની લગામ સોંપી. આપના માબુને બે કિતાબ બનાવ્યા છે. (૧) રિસાલતુત શીરહે અલલમારીક અલી બીન ઈબ્રાહિમ. (૨) અલમસાએ લુલ ઇશરૂન શીલ હકીકત. આ મુજબ બે કિતાબો આપના રહેલતના વખત પહેલાં આપે તસનીફ કીધા છે. બાદ આપ તા. ૨૧ જીલકાદ હી૰ ૯૩૩ ઈ૰ ૧૫૨૭ માં વફાત થયા. આપનું લકબ શમ્સુદ્દીન છે. આપનું મઝાર યમનના મઝાર ગામમાં છે. આપની દાઅવત ફકત એક માસ રહી છે. ક. ૩.

Aug 21, 1526

૨૩. સૈયદના મોહમ્મદ ઇઝ્ઝુદ્દીન બીન સૈ. ઇદરીસ (યમન) ની ટુંક ઝીકર.

સૈયદના અલી શમ્સુદ્દીન પછી દાઅવતે હાદિઆના માલીક સૈયદના મોહમ્મદ થયા. આપે મોમિનોમાં ઘણી તરેહથી ઇખ્તેલાફ જોયા, તેઓનાં દિલો ઇમામી દાઅવતના બીલાફ જોયા, શરીઅતના હુકમોમાં સુસ્ત અને વફામાં કમજોર જોયા તેથી આપ લોકોને હિદાયત આપી સમજાવતા ને ખુદાના કલામોમાંથી બયાન કરી તે પ્રમાણે ચાલવાને વિનવતા ને ઇલ્મ લેવા માટે લોકોને હોંશ બતાવતા તથા ઇલ્મવાળાઓને ઇલ્મ આપવા ફરમાનો બહાર પાડતા.

ખુદાતઆલા ફરમાવે છે કે, "હલ યસ્તવીલ લઝીના યાઅલમુના વલ્લઝીના લાયઅલમુન" સુ. ૩૯. આ. ૯. શું જેઓ ઇલ્મવાળા છે અને જેઓ જાહેલો છે તેઓ બન્ને બરાબર છે ? તેઓ એક દરજ્જાના ગણાય ? રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, "ઇલ્મનું શીખવું હસનત છે, તેનું તલબ કરવું ઇબાદત છે, તેને યાદ કરવું તસબીહ છે, તેમાં ગોર કરી તસવ્વુર લેવું જેહાદ છે, ઇલ્મ મુવાફીક અમલ કરવું સદકો છે, ઇલ્મ દીનની હયાતી છે, આંખની રોશની છે. ઇલ્મની મજલીસમાં હાજર થવું એક હજાર રકઆત કરતાં બેહતર છે ને એક હજાર બીમારને પરીગવા (જોવા) જવા બરાબર છે.

ખુદાતઆલા ફરમાવે છે કે, " ઇન્ન મેસસદ્દેકીના વલ મુસદ્દેકાતે વ અકરદુલ્લાહા કરદંન હસના યોદાઅફો લહુમ વલહુમ અજરૂંન કરીમ. " સુ. ૫૭. આ. ૧૮. અર્થ– ખરેખર સદકો કરનારા પુરૂષો કે સ્ત્રીઓ જેઓએ ખુદાને નીખાલસ અંત:કરણથી ધીર્યું છે તેઓને માટે તેનો બદલો ઘણો વધારે કરવામાં આવશે અને તેઓ માટે સારો બદલો છે.

રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, સદકો કરવાથી ૬ ખસલત મેળવાય છે. ૩ દુનિયામાં અને ૩ આખેરતમાં. દુનિયામાં ૩ ખસલત મળે છે. તે (૧) રીઝક વધુ મળે છે. (૨) માલમાં બરકત થાય છે. (૩) ઘર આબાદ થાય છે. આખેરતમાં ૩ ખસલત મળે છે તે. (૧) ગુનાહ માફ થાય છે. (૨) જહન્નમના અઝાબથી બચે છે. (૩) કયામતના દિવસે તેના પર સાયો રહે છે.

આ વિષે એક રિવાયત આવી છે કે, એક દિવસે રસુલુલ્લાહ સ. અ. ૮ દીરહમ લઇ ઘરેથી નીકળ્યા કે તેમાંથી એક કુરતું (પેહેરણ) ખરીદે. આપ બજારમાં આવ્યા તો રસ્તામાં એક લોંડી બચ્ચી રોઈ રહી છે. આપે તેણીને પુછયું એ લોંડી ! તું શા સારૂ રૂએ છે ? તેણીએ કહ્યું કે, હું મારા ઘરેથી બે દીરહમ લઈ નીકળી હતી તે ખોવાઇ ગયા છે તેથી રોઉં છું. આપે તેણીને બે દીરહમ બક્ષી દીધા. તે પછી આપે બજારમાંથી ૪ દીરહમનું એક પહેરણ (કમીસ) ખરીદ્યું. બાદ આપ ઘર તરફ પધારે છે તો રસ્તામાં એક બુઢો માણસ જોવામાં આવ્યો. તેણે સવાલ કર્યો કે જે માણસ મારૂં શરીર ઢાંકશે

તેને ખુદા જન્નતમાં ઉંચા જાતનો પોશાક ઇનાયત કરશે. રસુલેખુદા સ. અ. એ તેને પેહરણ (કુરતું) આપી દીધું અને બજારમાંથી વધેલા દીરહમનું બીજું કુરતું લીધું ને આપ ઘરે પધારે છે ત્યાં રસ્તામાં પાછી લોંડી બચ્ચી રોતી નજર આવી. આપે તેને પુછયું તું શું કામ રડે છે ? તે બોલી કે સાહેબ મારા દીરહમ ખોવાઈ ગયાં હતાં તે બાબતમાં વાર થઈ અને હું ઘરે જઇશ તો મારા ભાલા મને સજા કરશે તેથી રોઉં છું. આપે તે છોકરીને કહ્યું કે ચાલ હું તને તારા ઘરે મુકવા આવું ને તારા મૌલાને કહું કે તને મારે નહિ એમ કહી પેલી લોંડી છોકરીના મૌલાના ઘરે આવ્યા. દરવાજો બંધ હોવાથી આપે દરવાજે ખખડાવ્યો અને કહ્યું કે અસ્સલામો અલૈયકુમ ! પણ કોઇએ સલામનો જવાબ વાળ્યો નહિ આપે બે ત્રણ વાર ફરમાવ્યું ત્યારે અંદરથી જેટલા માણસો હતા તેઓએ જવાબ આપ્યો. આપે તેઓને કહ્યું કે તમોએ અમારા સલામનો જવાબ પેહેલી વાર શું કામ ન આપ્યો ? તેઓએ જવાબ આપ્યો કે આપનો ખુશ અવાઝ ફરીથી સાંભળી તેનો બરકત લેવા સારૂ અમોએ આપને તુરત જવાબ ન આપ્યો. તે બાદ આપે ફરમાવ્યું કે, બાંદીની કુસુરને તમો બધા માફ કરો કારણ કે તે મોડી આવી છે. તેઓએ કહ્યું કે અમોએ તેની ભૂલને માફ કીધી બલકે આપના ખાતર તેને આઝાદ કીધી. તે વખત રસુલીલ્લાહે ફરમાવ્યું કે આઠ દીરહમથી મને કેટલું સવાબ મળ્યું. (૧) તેનાથી આ લોંડી આઝાદ થઈ. (૨) તેની બીક દુર થઇ. (૩) શેખે કપડાં પહેરી તેનું શરીર ઢાંક્યું.

બીજી એક રીવાયત છે. એક શખ્સે દાઉદ નબીને ત્યાં નોકરી નોંધાવી એટલામાં મોતના ફરીસ્તાએ આવી દાઉદ નબીને અરજ કીધી. કે આ શખ્સનું ૩ દિવસ પછી મોત છે. આપ આ સાંભળી દીલગીર થયા. ૩ દિવસ પસાર થયા પણ પેલો શખ્સ મર્યો નહિ તેથી આપ અજબ થયા તે વખતે મલકુલમોતે આપને ખબર આપી કે આ શખ્સનું ત્રણ દીવસ પછી મોત હતું પરંતુ મને ખુદાએ હુકમ આપ્યો કે આ જવાનનું રૂહ લેશો નહિ કારણ કે તેણે તેના મરણ પહેલાં એક મીસ્કીનને ૨૦ દીરહમ સદકો કીધો છે અને મીસ્કીને તેની ઉમરદરાજીની દુઆ કીધી તેથી તે જવાનની તેના વીસ દીરહમના સદકા બદલ ૨૦ વરસની ઉમર લંબાવી પેલા મીસ્કીનની દુઆ ખુદાએ કબુલ કરી છે. રસુલેકરીમ ફરમાવે છે કે તમો સાઇલની દુઆ લેજો. ખુદા ફરમાવે છે કે " વ અમ્મસ્સાએલા ફલા તનહર " કોઈ સાઇલને કાઢી ન મુકશો. ઇસા અ. સ. ફરમાવે છે કે જે શખ્સ સાઇલને રદ કરશે, તેને હડધુત કરશે તો તેના ઘરમાં ફરીશતા ૭ દિવસ સુધી નહિ આવે.

આપ સૈયદનાએ આપના નાના સૈયદના ઇદરીસ એમાદુદ્દીનની ચાલે ચાલી હિન્દમાં ખુદાના ઇમામના લુપ્તની રહેમત વરસાવવા કામીલ ઇરાદો કીધો. આપે યમનના લોકોને ઘણી બાબતમાં ઇમ્તેહાનમાં પકાત જોયા.

રિવાયતમાં છે કે, એક વખત આપે ગદીરેખુમની નમાઝમાં મોઅમેનીનની ઇમ્તેહાન લીધો. આપે બાદીમ સાથે કહેવડાવ્યું કે ઇમામતમાં મોલાના હાજર થઇ શકે તેમ

નથી. તરતીબમાં બીજા જે શેખ છે તેને ઇમામતની રજા છે. બાદીમે મસજીદમાં આવી આ પ્રમાણે મોલાનાનો અમર ફરમાવ્યો. આ સાંભળી મસજીદમાં કેટલાક શખ્સો ગુસ્સે થયા અને પુછયું તું મોલાનાના હુકમને ભુલી તો નથી ગયોને ? કારણ જે શેખનું તું કહે છે તે શેખ તો તરતીબમાં ત્રણ દરજ્જે નીચા છે માટે પાછો જા ને મોલાનાને ફરી પુછી આવ. આ પ્રમાણે ત્રણ વખત ફેરા ખવડાવ્યા ને બાદીમને બેવકુફ બનાવ્યો. બાદ સૈ. નાએ પાછું બીજા બાદીમ સાથે કહેવડાવ્યું કે " મોલાના સઘળું જાણે છે કે કોણ ફોક છે ને કોણ નીચા છે. બાદીમે સૈયદનાનો હુકમ બરાબર સંભળાવેલ છે તે સાચો છે. માટે તે હુકમને માની જે શેખ માટે અમર ફરમાવેલ છે તેના નીચે નમાઝ પડો. " આટલી વાતચીત બાદ સઘળા મોમીનોએ અને તરતીબદારોએ તે શેખની પછવાડે નમાઝ પડી. ત્યાર બાદ સૈયદના મોહમ્મદ મીસાક વાસ્તે મસજીદમાં પધાર્યા ને મિસાકનો ખુતબો ઘણીજ ફસાહતથી પઢ્યો અને સર્વે મોમિનોને સંબોધીને ફરમાવ્યું કે " એ લોકો ! તમારાગાંના કેટલાક લોકોની ચાલ અને રહી કુફ્રના લોકોના મીસલ જોઉં છું, તમારા ઇમાનમાં ફરક થયો છે, તમારી અક્કલો બુદી થઈ ગઈ છે, તમો બશીરતથી જોવાનું ચુકતા જાઓ છો, તમારામાંથી ઇસ્લામના તરીકા દુર થતા જાય છે, તમોએ નમાઝના અમરમાં ત્રણ વખત મારા હુકમને ન માન્યો. તમારા દિલો મઝ્ખ થયા છે, હવે હું જોઉં છું કે ઉપરની બસલતોના સબબ તમારા પાસે જે દાઅવતે હાદિઆની નેઅમત છે તે નીકલી જશે ને હિન્દના લોકો કે જેઓ એક મિસ્તીના નીચે નમાઝ પડવાને અચકાયા નહિ તેવા હુકમબરદાર હોવાના સબબ દાઅવતે હાદિઆની નેઅમત તેઓને પ્રાપ્ત થાય એવું હું ઇચ્છું છું, કારણ તેઓમાં હસદ કે કીનો નથી, તેઓમાં તકબ્બુરી કે ગુરૂરનું નામ નથી, તેઓની અદબ કુતામાના લોકોના જેવી નેક છે, હિન્દના મોમેનુન અમારા ફરમાંબરદાર છે, જમાનના નુરથી ભરપુર છે તેથી હિન્દના લોકોમાં ઇલાહી નુરની તજલ્લી થાય એવું ખુદાએ ધારેલ છે. " ઝાલેકા ફઝલુલ્લાહે યુઅતીહે મંયયશાઓ વલ્લાહો ઝુલ્ફઝલીલ અઝીમ ". ખુદાનું ફઝલ તો ખુદા જેને ચાહે તેનેજ આપે છે, ખુદા ફઝલનો ધણી છે કે જે ફઝલ ઘણું મોટું છે.

આ કિસ્સા પછી સૈયદનાએ હિન્દમાં અમદાવાદના વાલીને લખ્યું કે " તમારી તરફના કોઇ પણ ગામમાંથી સારા ચાલાક જવ્વાંઓને અહિં ઇલ્મ પઢવા મોકલજ્જે, તેમના માબાપોને ખુશ કરી રજા મેળવજ્જે ને અમારી તરફ જલદી રવાના કરજ્જે " આ હુકમથી હિન્દના વાલીએ કોશિશ કરી ચાલાક છોકરાની તલાશ કરી. તેમાં આપે પહેલાં ઇલ્મ પઢવા માટે સિદ્ધપુરના રહીશ યુસુફ બીન સુલેમાનને પસંદ કરી યમન ઇલ્મ વાસ્તે રવાના કર્યા (જે સાહેબ હિન્દના પહેલા દાઇ તરીકે કાયમ મુકામ થયા છે). યમનમાં યુસુફ બીન સુલેમાન સૈયદના પાસેથી દાઅવતે હાદિઆનું પુરૂ ઇલ્મ લઇ કમાલતને પહોંચ્યા. બાદ આપ હિન્દમાં પોતાના વતન સિદ્ધપુરમાં પાછા આવી રહ્યા. આપે વતનમાંજ રહેવાનું પસંદ કર્યું, ત્યાંના મોમિનોને ઇલ્મની ચર્ચાઓ કરી દાખલા દલીલોથી આપ હુજ્જોથી ૪ સમજાવતા અને શરીઅતના ઓમુરો ફરમાવતા. સિદ્ધપુરના લોકો સમજદાર હોઇ તો રસ્તામાં તજ હકને સમજી જતા એટલુંજ નહિ પણ ત્યાંના લોકો રીતભાત, [illegible] માફ શરીર બાંધણી અખલાકમાં ઘણાજ નેક હતા.

આ વખતે મોહમ્મદ અકબર ગુજરાતનો સુબો હતો, તે બબર સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીનને પહોંચી. આપે યુસુફ નજમુદ્દીનના હકમાં દુઆ કીધી કે ખુદાતઆલા યુસુફને ઝાલીમ શાહથી બચાવે. કારણ મારા લાયક હિન્દમાં હું યુસુફનેજ જોઉં છું. આપની દુઆ ખુદાને મંજુર થઇ અને આપે આપના વફાત પહેલાં હિન્દના યુસુફ નજમુદ્દીનને સઘળા હુદુદો અને ઓલોમાઓના રૂબરૂ નરસે જલીનો દસ્તાવેજ કરી આપે આપના હાથથી મહોર કરી હિન્દના વાલી તરફ રવાના કરી દીધો. આ રીતે આપે નસના અમરને ઇમામી-ઝુમાનની અમાનતનો પુરો બંદોબસ્ત કર્યા બાદ આપ થોડો વખત બેદીકર રહ્યા, પરંતુ દુન્યાએ તેને મોહલત આપી નહિ. આપના ઇન્તેકાલનો વખત નજદીક થયો, આપ બીમાર થયા અને હી૰ ૯૪૬ મુકરની તા. ૨૭ મીએ વફાત થયા. તે વખતે ઓલોમાઓમાં અંદર અંદર વેરભાવ, નાઇત્તેફાકી, હસદ અને કીનો વધી ગયો હતો. ઓલોમાઓ તેમજ લોકો હકને મુકી બે દીન થતા જતા હતા ને દુન્યાની લાલચના સબબ તેમજ હકની દાઅવતનું નુર હીંદ તરફ ગયેલું હોવાના સબબ ચારે બાજુએ નાઇત્તેફાકી, ગુમરાહી ને અદાવત ઘણીજ વધી ગઈ હતી તેથી આપના દફન કફનનું કામ મોમીનોને ભારે થઇ પડયું હતું. આપની દાઅવત ૧૨ વરસ ૩ મહિના ૬ દિવસ રહી. આપનું લકબ ઇઝઝુદ્દીન છે. આપનું મઝાર યમનના ઝુબેદ ગામમાં છે. ક. રૂ.

૨૪. સૈયદના યુસુફ નજમુદ્દીન બીન સુલેમાનજી (હીજ્રી. ૧૰) નું ટુંક બયાન.

આપ દાઅવતે હાદિઆના માલીક થયા તે પહેલાં આપના બાવાજી તથા ભાઈઓની તેમજ આપે યમન તશરીફ લઈ કઇક મુશકેલી વેઠી ઇલ્મ હાંસીલ કીધું તેનું વર્ણન નીચે મુજબ છેઃ—

આપને સાત ભાઇઓ હતા. આપ સૌથી નાના હતા. એક વખત આપે આપના બાવાજીને કહ્યું કે આજે ગદીરે ખુમનો દિવસ છે, આજના દિવસમાં નેક કામ કરનારને બેશુમાર સવાબ મળે છે, તો બાવાજી સાહેબ ! આપ આજે આપની માલમિલ્કતના હિસ્સા પાડી ભાઇઓને વહેંચી આપો, કે ખુદા આપને તેનું અજરે અઝીમ આપે. અને આપ આ ફરજથી મુક્ત થાઓ. આ ઉપરથી આપના બાવાજી સાહેબે સૌ ભાઇઓને વીરાસતના હિસ્સા મુજબ હિસ્સા આપી દીધા. દરેક ભાઇઓએ પોતાના હિસ્સાને કબજે કર્યો, આપે પણ આપનો હિસ્સો લઇ બાવાજીની જનાબમાં અરજ કીધી કે મારો ઇરાદો છે કે આપ મારી સાથે હજ વાસ્તે પધારો; જેથી બાવાજી સાહેબે તેની અરજ કબુલ કરી બન્ને સાહેબો હજ વાસ્તે પધાર્યા અને ખુશી સાથે હજને અદા કીધી; તે બાદ આપના બાવાજી સૈયદી સુલેમાન યમનના મખ્ખા ગામમાં વફાત થયા. ક. રૂ. તે પછી આપ સૈયદનાએ ત્યાંજ રોકાઈ ઇલ્મ હાંસીલ કીધું.

રિવાયતમાં છે કે જ્યારે સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન યમનમાં બિમાર થયા અને પોતાને લાગ્યું કે હવે મારા છેવટના દિવસો નજીક છે એટલે તેજ વખત આપે હિન્દના ફેંજોલાઓ તરફ નિગાહ કીધી અને તેમાં આપને યુસુફ બીન સુલેમાન લાયક જણાયા તેથી નસના અમરનો દસ્તાવેજ તેમના નામથી સઘળાના ઇત્ર કર્યો. સૈયદના યુસુફ દાઇ પાસે હાજર નહોતા, તે સાહેબ ત વખતે સિદ્ધપુરમાં હતા એટલે નસના અમરનો દસ્તાવેજ લઇને યમનથી કાસીદને હિન્દ તરફ રવાના કર્યો. આ રીતે આપે ખુદાની અમાનતને બરાબર અદા કીધેલી હોવાથી આપ વફાત સુધી નચીંત હતા. તે બાદ કાસીદ અમદાવાદ આવી પહોંચ્યા અને અમદાવાદના આમીલને સૈયદનાએ આપેલ ચીઠી આપી. અમદાવાદના આમીલ સાહેબે આ નસનો અમર વાંચ્યો, અને સર્વે મોમિનને જમે કીધા. બાદ આમીલ સાહેબ અમુક માણસો લઇને સિદ્ધપુર ગયા ત્યાં યુસુફ બીન સુલેમાનના મકાનની તપાસ કીધી, મકાનપર ગયા, યુસુફ મકાનપર હાજર નહોતા, નદીપર ગયા હતા ત્યારે આમીલ તથા મોમિનીન સર્વે નદી તરફ ગયા ત્યાં યુસુફ મસીહ ઇસાના હવારીનના જેમ કપડાં સુકાવી તડકામાં ઉભા હતા, એટલામાં આપની તરફ આમીલ સાહેબ તથા સઘળા મોમેનુનને આવતા જોઇ આપ ઉભા રહી ગયા. તે વખત આપનો ચહેરો ખુપના સબબ એક શાએર કહે છે તે પ્રમાણે થઇ ગયો.:—

ચેહરા હુવા હે ગુલકી* તરાહ આફતાબસે;†
ખુશબુમેં હે પસીના ઝીયાદા ગુલાબસે.

આ પ્રમાણે નદી ઉપર લોકોનાં ટોળાં જાણે કે ખુદાનું લશકર જમે થયું હોય તે પ્રમાણે દેખાતું હતું. આપને યમનથી કાસીદ સાથે મોકલેલ સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબનું લખેલ બશારતનામું વંચાવ્યું ને ધામધુમથી શહેરમાં સૈયદના યુસુફને લઇ આવ્યા. બાદ સિદ્ધપુરથી દરેક જઝીરા તરફ અને ગામેગામના આમીલો ઉપર સૈયદના યુસુફ તરફથી તકલીદો લખાઇ બરાબર આપવામાં આવી. હી૰ ૯૪૬.

539-40

આ પછી સૈયદના યુસુફ સિદ્ધપુરથી યમન તરફ વધુ ઇલમ માટે તશરીફ લઇ ગયા. ત્યાં આપે અગાઉ બાળપણની જીંદગી કેટલી તકલીફમાં પસાર કરી ઇલમ મેળવ્યું તે જણવું દરેક હક પસંદ ઇન્સાનને જરૂરનું છે, તેમ તે પર ધ્યાન કરવું લાઝીમ છે. કેમ ન હોય ! હકની સુરત બચપણથીજ જણાય આવે છે. કહેવત છે કે " પુત્રના પગ પારણામાંજ વર્તાય " ત્યારે દાઇએ હક બતનારાના ચાલચલણ કેવાં હતાં તે જણવું જરૂરી હોઈ તેનું થોડું બયાન આ નીચે છે.:—

રિવાયત છે કે, આપ યમનમાં જ્યારે સૈયદના મહમદ ઇઝઝુદ્દીન પાસે ઇલ્મ પઢતા હતા તે વખત આપને સિદ્ધપુરથી આપના બાવાજીના વતન તરફ આવવા માટે ઘણા

* ફુલ. † સુરજ.

કાગળો આવ્યા, પરંતુ દરેક કાગળને આપ એક ખાલી ઘડામાં નાંખી દેતા. આપે આ રીતે પાંચ વરસ સુધીમાં જેટલા કાગળો આવ્યા તે બધાને ઘડામાં વાંચ્યા વગર જમા કીધા, એક પણ કાગળ વાંચ્યો નહિ. જ્યારે યમનથી સિદ્ધપુર જવાની સૈયદના મોહમ્મદ પાસેથી રૂખસત મળી ત્યારે આપે દરેક કાગળ એક પછી એક વાંચ્યા. આ જોઇ સવાલના કરનારે સવાલ કર્યો કે તમોએ આ કાગળો ચેક શા માટે રાખી મુકયા ? ને હવે કેમ વાંચો છો ? જવાબમાં આપે ફરમાવ્યું કે " જો અગર રોજના કાગળો આવે અને હું વાંચું ને વતનના નવા જુના સમાચાર હોય તો દિલને મલાલ ગુજરે ને ઇલમ પઢવામાં ખલલ પહોંચે, તેથી કાગળ દેખવા નહિ ને દાઝવું નહિ ". આ પ્રમાણે દિલને મક્કમ કરી પાંચ વરસ સુધી ઇલમ હાંસીલ કીધું. તે વખતે આપના ઉસ્તાદ સૈયદી હસન બીન નુહ બીન યુસુફ બીન મોહમ્મદ બીન આદમ જે યમનમાં હિન્દી તરીકે મશહુર હતા ને ભરૂચના રહેવાશી હતા ને ઇલમમાં પુખ્ત હતા, તે આપના ઉસ્તાદ છે. આપે એક ઘણોજ ઉમ્દા કિતાબ લખેલ છે (કુન્જમાં રસુદ સમાવેલ છે). જેનું નામ **કીતાબુલ અઝહાર*** છે તે ઘણોજ ઉપયોગી કિતાબ છે, જેની ૭ જીલ્દ છે.

૧ લી જીલ્દમાં પોતાની શરૂઆતનો એહવાલ, અભ્યાસ તથા દાઅવતના કિતાબોની માહિતી તથા નબી, ઇમામ, દાઇઓ તથા હુદુદો વિષેનું વર્ણન છે.

૨ જી જીલ્દમાં ઇમામ આમીરના વફાત પછીના બનાવો, સૈયદના ઇદરીસ સુધીના દાઇઓનું વર્ણન, તોહફતુલકોલુબ, મોજઝતુલકાફીયા તથા રિસાલાતીસઉતના ઉતારા લીધા છે.

૩ જી જીલ્દમાં બીજા કિતાબોના ઉતારા છે.

૪ થી જીલ્દમાં પરહેઝગારી તથા દિનદારી કઈ રીતે કરવી તે બીજા કિતાબોના ઉતારાથી બતાવેલું છે.

૫ મી જીલ્દમાં મઝહબી તથા દીલસુફી બ્યાલો ઉપરનો તકરાવત આપેલ છે.

૬ ઠી જીલ્દમાં હકાએકના કિતાબોના ઉતારાઓ તથા તેની સમજ આપેલી છે.

૭ મી જીલ્દમાં મિસાક લેવા બાબત તથા બીજી હકીકતો લખી છે.

આ પ્રમાણે સૈયદી હસન બીન નુહ ભરૂચીએ કિતાબ બતાવી દાઅવતે હાદિઆની બિદમત કરી છે. આ સાહેબ પાસે સૈયદના યુસુફ બીન સુલેમાન ઇલ્મ શીખ્યા હતા. આવા આલીમ પાસે જે કોઇ ઇલ્મથી તરબીયત થાય તેમાં શું ખામી રહે ?

આ સાહેબ પાસેથી સૈયદના યુસુફ ઇલ્મ લઇ કામીલ થયા. બાદ આપે આપના ઉસ્તાદને કેટલાક સવાલો પુછ્યા. સવાલોના જવાબો મવસુફ ઉસ્તાદે ન આપ્યા અને કહ્યું

* પુસ્તો.

કે આ સવાલોના જવાબો તમારા અને મારા આકા સૈયદના મોહમ્મદ આપશે આપ ત્યાં જઈને સવાલ કરો, તેથી સૈયદના યુસુફ મોલાના મોહમ્મદ ઝૈનુદ્દીન પાસે ગયા. આપે જે સવાલો પુછેલા હતા તે બયાન ફરમાવ્યા અને દરેક સવાલોના જવાબો મોલાનાએ આપ્યા અને સૈયદી હસનને ફરમાવ્યું કે "આજથી આ યુસુફ મારા પાસેજ પડશે. તમારાથી તેની ઇલ્મી લ્યાકત વધી છે" યુસુફના સવાલો ઘણાજ અજબ કરાવનાર જોઈ પાછળથી યુસુફને સૈયદનાએ પોતેજ ઇલ્મ પડાવવું શરૂ કર્યું. આપ સૈયદના મોહમ્મદ પાસેથી પુરતું ઇલ્મ લઈ કામીલ (આપની બરોબરીના) થયા. ઇલ્મના સબબ એક અદના મોમિનમાંથી દાઇએ હક બન્યા. દાઇનો રૂતબો એ કંઇ વીરાસત નથી, તે તો જે ઇલ્મ લઈ અમલ કરે. અને એહલેસૈતની વલાયત પ્રમાણે વર્તે તેનેજ આપે છે. આ પ્રમાણે સૈયદના યુસુફે નાનપણથી દાઇના રૂતબા સુધીમાં તકલીફો વેઠી ઇલ્મ હાંસિલ કીધું તેનો બદલો ખુદાતઆલાએ આપને દાઅવતે હાદિઆનો હક્ક દાઇનો રૂતબો એઅલ્હામીલ્લાહ આપી સરફરાઝ કર્યા.

સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન તરફથી હિન્દના દાઅવતે હાદિઆના તે વખતના વાલી અમદાવાદમાં આમીલ ઉપર નસના અમરનો દસ્તાવેજ સૈયદના યુસુફ બીન સુલેમાનજી ઉપર આવ્યો ત્યારે આપે તે અમાનતને અદા કીધી. જેનું વર્ણન ઉપર આવી ગયું છે. બાદ આપ સૈયદના યુસુફ સિદ્ધપુરમાં પાંચ વરસ રહ્યા તે દરમ્યાન સિદ્ધપુરમાં આપે આલીશાન મસ્જીદ બનાવી, મોમિનો માટે પાણીની એક મોટી વાવ બોદાવી મોમિનોને રાહત કરી આપી. થોડા વખત પછી સિદ્ધપુરમાં મોમિનો અને મુશરીકો વચ્ચે તકરાર થઈ, મુશરેકુનોએ લેવડ દેવડ બંધ કરી. આ ખબર સૈયદના યુસુફને પહોંચી, તરતજ આપે દરેક જાતની દુકાનો બોલવાનો હુકમ ફરમાવ્યો. આપે ૨૪ દુકાનો જુદી જુદી જાતની બોલી મોમિનોના દુઃખને દુર કર્યા. એટલુંજ નહિ પણ મોમિનોને વેપારમાં આગળ વધારવાની હોંશ દેખાડી. મોમિનો આ દુકાનોમાં એસી ધમધોકાર વેપાર કરવા લાગ્યા અને ખુદાતઆલાએ મોલાનાની દુઆના સબબ અને મોમિનોની નેક નિયતના સબબ વેપારમાં બરકત આપી. છેવટ મુશરેકુન તંગ થયા અને સૈયદના યુસુફ પાસે આવ્યા ને માફીની માંગણી કરી. આપ સૈયદનાએ રહેમ બતાવી ફરીથી મુશરેકુન સાથે લેવડદેવડ ચાલુ કરવાનો હુકમ ફરમાવ્યો, તે બાદ સઘળા સુલેહ સંપથી રહેવા લાગ્યા.

આપ દરરોજ ફજરની નમાઝ બાદ પોતાના માતાજીના કદમબોસી માટે પધારતા, જો કે આપ ખુદાના દાઇ હતા છતાં આપ માતાજીને પોતાનો હાથ ચુમવા દેવાની મનાઈ કરતા અને કહેતા કે આપ મરતબાના સાહેબ છો. આપ માતાજીના પગને બરાબર અદા કરતા. કોઈ વખત માતાજી નમાઝમાં મુસલ્લા પર બેઠેલાં હોય ને નમાઝ પડતાં હોય તે વખત આપ પછવાડેથી મા સાહેબના પગને ચુમી ફરઝંદનો હક અદા કરતા. આપના મા સાહેબનું નામ નુરબીબી હતું. આ સાહેબા પણ ઘણા મોટા મરતબાના સાહેબ છે જેનું મઝાર નવસારીમાં **આજાણી** ગામમાં છે, જેનો મોઅજીઝો મશહુર છે અને જે માયસાહેબની ઝીયારતથી ઓળખાય છે.

એમ કહેવાય છે કે સૈયદના યુસુફ બીન સુલેમાનના માજીસાહેબ નુરબીબી તથા બહેનસાહેબ ફાતેમાબાઈ હજથી ફારેગ થઇ વહાણમાં વતન તરફ પધારતાં હતાં તેવામાં તે વહાણને દરીયામાં તોફાન લાગવાથી સુરતની બાડીના દરીયામાં વહાણ ભાંગી ગયું તેમાંના સઘળા ઉતારૂઓ ડુબી ગયાં. તે સાથે સૈયદનાના માસાહેબા નુરબીબી તથા બહેનસાહેબા પણ તોફાનમાં એક પાટીયાં ઉપર મરેલી હાલતમાં નવસારી પાસે ડાંડીના દરીયાના કીનારા પર તણાઇ આવ્યાં. આ લાશોવાળું પાટીઉં ત્યાં રહેતા માછીમારોએ જોયું તેથી તેઓએ તે પાટીયાને બહાર કાઢવાની તજવીજ કરી અને તેઓ તે પાટીયાને બહાર કાઢવા માટે દરીયામાં પડ્યા. પરંતુ જેવા તેઓ લાશવાળા પાટીયાને પકડવા જતા કે તરતજ પાટીઉં દરીયામાં પાછું ખેંચાઇ જતું તેમ છતાં માછીમારોએ ઘણી કોશીશ કરી પરંતુ કોઇ રીતે તે પાટીઉં હાથ આવ્યું નહી તેથી લાચાર થઇ તેઓ પાછા ફર્યા ને ડાંડીમાં જઇ ખબર કરી. તે બાદ આ વાતની ખબર ડાંડી ગામના એક કોળી મારફત સુરત પહોંચાડવામાં આવી અને ત્યાંના એક મોમીન ભાઇને તે કોળીએ વાત કરી કે તમારી નાતવાળી બાઇઓના જેવી લાશો એક પાટીયા ઉપર દરીયામાં છે વીગેરે. આ ઉપરથી કેટલાક મોમીનો ભેગા થયા ને તે કોળી સાથે ડાંડીના દરીયા કીનારા પર આવ્યા ત્યાં મોમીનોએ તે લાશોવાળું પાટીઉં જોયું ને આલે મોહમ્મદનો વરસોલો લઇને તે પાટીયાને બહાર કાઢવા માટે દરીયામાં પડ્યા. સાથે ચાદર લીધી હતી. જેવા તેઓ દરીયામાં પડયા કે તરતજ તે પાટીઉં પાસે આવ્યું. મોમીનોએ જોયું કે આ લાશો તો મોમીનાત બહેનોની છે તેથી તરતજ તેઓએ ચાદર ઢાંકી દીધી ને તે પાટીયાને બહાર કાઢયું. તે બાદ સર્વે મોમીનોએ ત્યાંજ તે લાશોને દફન કરી છે આ બન્ને તેજ બહેનોની મઝાર છે કે જ્યાં હઝારો ઝવારો દર વરસે નવસારી થઈ માયસાહેબ જાય છે. આ જગ્યા **બીબી અજાણી**ના નામથી ઓળખાય છે. તેમના મઝાર પર કંદક લોકો મીન્નતો ઉતારવા માટે જાય છે પરવરદીગાર તેમના તુફૈલથી દાદના ચાહનારની ઉમેદો પુરી કરે છે. આ બન્નેનું વફાત મોહરમ તા. ૨૩ ના રોજ છે આપનું મઝાર ડાંડીમાં છે અને નવસારી સ્ટેશનથી જવાય છે.

સૈયદી ઝોજ્યીન મલક પોતાના રિસાલા મોહજ્જતે વશશીકામાં ફરમાવે છે કે "સૈયદના યુસુફ પર નસ થયા પછી સિદ્ધપુરમાં પાંચ વરસ રહ્યા, તે બાદ આપના મુકીમ દાઇ મોહમ્મદ ઇઝઝુદ્દીનના અમર મુબારીક હિન્દથી યમન તરફ પોતાના અહેલને સાથે લઇને પધારી ગયા, કેટલાક અરસા બાદ યમનના મુનાફેકુનોએ આપને ઇઝા આપવી શરૂ કરી, ઘરબાર લુંટી લઇ કેદ કીધા; તે પછી આપને ઇશ્રાહીમી ૭૦૦૦) સાત હજાર સિક્કાની જમાનત પર છુટા કરવામાં આવ્યા. શાહના હુકમ મુજબ આ જમાનતના રૂપિયા આપ્યા સિવાય આપને યમનથી બહાર જવાની મનાઇ કરવામાં આવી જેથી લાચારીએ આપ યમનમાંજ સબર કરીને રહ્યા.

સૈયદના દાઉદ બીન અજબશાહના ભાઇ અહમદ બીન અજબશાહથી રિવાયત છે કે તે અરસામાં હું યમન વેપાર વાસ્તે ગયો હતો. હું મારી આદત પ્રમાણે સૈયદનાના કદમબોસ વાસ્તે હુજુરે પુરનુરના દરબારમાં ગયો. ત્યાં મેં સૈયદનાને પરેશાન હાલતમાં જોયા, આપ ફીકરમંદ હતા. મેં સવાલ કર્યો કે મોલાના ! હાલમાં અહીંના શું ખબર છે ?

તેમ આપનો ચહેરો ઉદાસ કેમ છે ? શું આપને અહીંયાં કંઇ આફત છે ? સૈયદનાએ જવાબ આપ્યો ભાઇ ! અહીં હાકીમનો ઝુલમ છે, તેમ મારા ઉપર હાકીમના ૭૦૦૦) દીનારી સિક્કા આપવાનો તકાજો ચાલુ છે, તેથી દિલને ફિકર રહ્યા કરે છે. આહમદ સૈયદનાના આ કલામ સાંભળી ચોંકી ગયા અને બાદીમને બોલાવી પોતા સાથે વેપારના જે રૂપિયા અમદાવાદથી લાવેલ તેના ત્યાંના સિક્કા મંગાવી ત્યાંના હાકિમને તેજ વખતે આપી સૈયદના પર ફરમાન કીધા ને સૈયદનાને છોડાવ્યા. આ અરસામાં રૂમના શાહને અહીંના હાકીમના ઝુલમની ખબર પડવાથી તેને સખ્ત સજા કરવા માટે ફરમાન કાઢયું તેમજ ઝાલીમોને સખ્ત સજા કરવામાં આવશે એવાં ફરમાન બહાર પાડયાં. આ હુકમ બાદ હાકીમને તેમજ બીજા ૧૩ શખ્સને તેમના ઝુલમના સબબ સખ્ત સજા કરવામાં આવી અને હુકમ નીકળ્યો કે " ઇસ્માઇલીના દાઇને કોઇએ પણ સતાવવા નહિ ". તે પછી સૈયદના યુસુફ અસ્બરતાનમાં અમાન સાથે રહ્યા.

ત્યાર બાદ જ્યારે આપના આખર દિવસનો વખત આવ્યો એટલે આપે અમદાવાદના વાલી જલાલ બીન હસન પર નસ્સે જલ્લી સબબ ઓલોમા ફોગ્રેલોના હાથ લખી કાસીદને આપીને અમદાવાદ રવાના કર્યો, ત્યારે ત્યા હાજર રહેલા હુદૂદો અને શૈખોએ આપને જલાલ બીન હસનની બીમારીના ખબર સંભળાવીને કહ્યું કે " જલાલના નજદીકમાં મોતના ખબર આવશે ". ત્યારે સૈયદના યુસુફે ફરમાવ્યું કે " ખુદાના ભેદ ખુદા જાણે છે " તમારૂં તેમ માનવું ગેરવ્યાજબી છે. જલાલ બીન હસન તંદુરસ્ત છે, તેઓ ખુદાના ઇમામના નાયબ નક્કી છે, તેનો વફાત તો શું પણ નસના કિલાદા વગર તેમને ગત નથી. ખુદાના અમરથી સૈયદનાના કહેવા પ્રમાણે બરાબર તેમજ થયું. આપે આપની દાઅવત દરમ્યાન બે કિતાબ બનાવ્યા છે. ૧. મજમુઉલ શીકહ. ૨. અલમુકીઝા.

આપના વખતમાં દુશમનો તરફથી ઘણીજ સતામણી રહેતી, જેથી આપ બીમાર રહેતા અને તે બીમારી વધતી ગઈ અને તા. ૧૬ મી જીલહજ હી૰ ૯૭૪. ઇ૰ ૧૫૬૭ મા આપ વફાત થયા. આપના વફાત બાદ મુનાફેકોનોએ આપના ઘરબારને લુંટી લીધું છે. આપનું મઝાર યમનના નીઝા ગામના હમદાન ગામમાં છે. આપનું લકબ નજમુદ્દીન છે. આપની દાઅવત ૨૮ વરસ ૯ મહિના ૨૩ દિવસ રહી છે. ક ૩.


આપનું કુટુંબ અહોળું હતું. આપને સાત ભાઈ હતા, આપ સઘળા ભાઇઓથી નાનેરા હતા તથા આપને એક બહેન હતાં કે જે બહેન ફાતેમાબાઇ બીનતે સુલેમાનજી પોતાની મા સાથે હજથી ફારેગ થઇ પાછા આવતાં વહાણ ભાંગી જવાથી વફાત થયા છે.

આપને ચાર બૈરો હતાં તેમના પેટથી નીચે બતાવેલ શજરા પ્રમાણે આપને ત્રણ ફરજંદો ને ચાર દિકરી ખુદાતઆલાએ આપી જેનો શજરો પાછળના પેજ પર આપેલ છે.

સૈયદના યુસુફ બીન સુલેમાનની વંશાવળી.

આપને સાત ભાઇઓ હતા, આપને ચાર બૈરો હતી ને સાત દિકરા ને ચાર દિકરી થયા છે.

સૈયદના યુસુફ બીન સુલેમાન સીદ્ધપુર.



૨૫. સૈયદના જલાલ બીન હસન (૨. હિન્દ અમદાવાદ) નું ટુંક વૃતાંત.

રિવાયતમાં છે કે સૈયદના જલાલ બીન હસન પર સૈયદના યુસુફ બીન સુલેમાને નસ્સેજલી લખી મોકલી દાઅવતે હાદિઆનો કારોબાર સોંપી ખુદાની અમાનતને અદા કીધી. બાદ આપ સૈયદના જલાલ સૈયદના યુસુફના મુવાફીક તથા દોઆતુલ મુસ્તલીકતની રાહ પર દાઅવતે હાદિઆની ખિદમત લઇ ઉઠયા અને દોઆતે રાશેદુન (સુમાર્ગ દેખાડનાર) ના ફરજોનો તથા અમરને સેરાતેમુસ્તકીમ સમજી તેવા રસ્તા પર કઇ રીતે ચાલવું તે ઉલ મોમીનુનને બતાવવા લાગ્યા.

વાંચક ! તમો સૈયદના યુસુફ બીન સુલેમાનની ઝીકરમાં પાના ૯૯-૯૦ વાંચી ગયા છો કે "સૈયદના યુસુફને ૭૦૦૦) યમની સિક્કા આપીને યમનના હાકીમ પાસેથી છોડાવનાર કોણ હતા ? આપ સૈયદના જલાલ શમ્સુદ્દીનના મોટા બાવાજી હતા. આપ સૈયદનાએ કઇ રીતે અને કયાં ઈલ્મ હાંસિલ કરી આ દરજ્જે પ્રાપ્ત કર્યો તેનું થોડું જાણવા જોગ બયાન જરૂરનું ધારી આ નીચે આપીએ છીએ.:—

જે વખતે યમનમાં સૈયદના યુસુફ નજમુદ્દીન શાહના નજરકેદ હતા તે વખતે મોલાઇ એહમદ સાહેબે આપને ૭૦૦૦) સિક્કા દંડના ભરી છોડાવ્યા. આથી આપ સૈ. નાએ મોલાઇ એહમદના હકમાં દુઆ કરીને પુછ્યું કે "ભાઇ ! તમો અહીંયા શું ખરીદવા આવ્યા છો ?" ત્યારે મોલાઇ એહમદે જવાબ આપ્યો "મોલાના ! હું એક શેઠનો મુનીમ છું. મને શેઠે અહીંનો માલ ખરીદ કરવા વાસ્તે મોકલ્યો છે". આપે ફરમાવ્યું કે "એ એહમદ ! તમો જે માલ ખરીદવાના હો તે ન ખરીદજો, પરંતુ તેને બદલે અહીંથી દાણા ઉંદ ખરીદ કરજો". બાદ આપે પુછ્યું "આપને શું ફરઝંદ છે ?" ત્યારે મોલાઇ એહમદે કહ્યું "મોલાના મને ફરઝંદ નથી, પણ એક દિકરીનો દિકરો છે તે મારો દિલબંદ છે" ત્યારે સૈયદના યુસુફે ફરમાવ્યું "એ ભાઈ એહમદ ! તમોએ અમારી ખિદમત કરી અમને અહીંના હાકેમનાં કેદખાનાથી છોડાવ્યા તેનો બદલો ખુદા નેકજ આપશે અને હું તમને અમર કરું છું કે તમારા નવાસાને અમારી પાસે ઈલ્મ પઢાવવા વાસ્તે મોકલી આપજો. એ ભાઈ ! એ ફરઝંદથી તમારી આંખ ઠંડી થશે. તે ફરઝંદ સાહેબે ઈકબાલ થશે. તે બાદ મોલાઈ એહમદ બીન અજબશાહ સૈયદના યુસુફના અમર મુજબ જે માલ ખરીદવાનો હતો તે ખરીદી અમદાવાદ આવ્યા અને પોતાના નવાસાને યાને જલાલ બીન હસનને ઇલ્મ તેહસીલ વાસ્તે યમન મોકલ્યા. ત્યાં આ જલાલ સાહેબે એટલું ઈલ્મ હાંસીલ કીધું કે, આપ હિન્દના બીજા દાઇ થયા.

બાદ મોલાઇ આહમદે સૈયદના યુસુફના હુકમ મુજબ યમનથી જે માલ લીધો હતો તેમાં તેમને એકનો દસગણો નફો થયો અને આપના શેઠને જે બનાવ યમનમાં બનેલ તે બધો કહી સંભળાવ્યો, તેથી શેઠ પણ ઘણાજ ખુશ થયા ને કહ્યું કે જે વધુ નફો થયો છે તે તમો લ્યો. મજકુર મુનિમ મોલાઇ આહમદે શેઠના માલમાંથી કંઇ ન લેતાં કહ્યું

કે જે કંઇ નફો મને મળવાનો છે તે ખુદા આપી દેશે. આ નફામાં મોલાઈ એહમદે પોતાના નવાસા સૈયદના જલાલને આલી મરતબામાં જોયા. ખુદાના વલી ને હકના ધણીની બીદમત કરી અજરેઅઝીમ મેળવ્યું.

રિવાયતમાં છે કે ઇસરાઇલના વખતના નબીએ ખુદા સાથે વાતચીતમાં પુછ્યું કે "એ એલાહલ આલમીન ! દરેક બાદશાહને બન્દો હોય છે. તો એ માલિક ! તું પણ શાહનો શાહ છે; તો તારો બન્દો શું છે ?" જેથી અવાજ આવ્યો કે "એ નબી ! અમારો બન્દો અર્શ કરતાં વધીને છે, જન્નત કરતાં વધુ ઝીનતદાર છે. મારો બન્દો દરેક મોમિનનું દિલ છે, તે દિલમાં મારેફતનો સુરજ છે, તોહિદનો ચાંદ છે, ઇલ્મ રૂપે તારા છે, ઉમેદ રૂપે વિજળી છે, ગાજવીજ રૂપે ખુદાનો ખોફ છે, દરિયા રૂપે સખાવત છે, ફઝલ રૂપે વાદળ છે, રહેમત રૂપે પાણી છે, હિમ્મત રૂપે સવાબ છે, પહાડ રૂપે ઇબાદત છે, ઝાડો રૂપે તાઅત છે, ડાળી રૂપે ઝોહદ છે, ફુલ રૂપે તૌબા છે, ફળ રૂપે હિકમત છે, નેહેર રૂપે ફીકર છે.

મોમિનમાં આ નીચે આપેલી ચીજો હોય તોજ તે મોમિન કહેવાય.:—

(૧) તોહીદ–(ખુદાને એકજ જાણવો). (૨) મારેફત. (૩) ઇલ્મ. (૪) ઉમ્મીદ. (૫) ખૌફે ખુદા. (૬) સખાવત. (૭) ફઝલ. (૮) રહેમત. (૯) હિમ્મત. (૧૦) ઇબાદત. (૧૧) તાઅત. (૧૨) ઝોહદ. (૧૩) તૌબા. (૧૪) હિકમત. (૧૫) ફીકર.

આ સિવાય મોમિનના ચાર અરકાન છે તે નીચે પ્રમાણે છે.:—

૧. તવક્કલ–ખુદા પર ભરોસો રાખવો. ૨. યકીન. ૩. ભરોસો દેવો. ૪. પાછું સોંપવું.

મોમિનના ઇમાનના ચાર દરવાજા છે.:—

૧. હીલમ–(ગુસ્સો ગળી જવો). ૨. રાફત–(બીજા ઉપર રહેમત કરવી). ૩. રીઝા–(ખુશ રહેવું). ૪. શુકર–(ખુદાએ જે આપ્યું હોય તેપર સંતોષ રાખવો).

મોમિનને ઉપર બતાવેલા ઇમાનના ચાર દરવાજા પર સબરનું તાલું, ઇસ્તિકની સાંકળ ને તૌકીકની નિગેહબાની રાખવી વાજીબ છે.

સૈયદના જલાલે આ મુજબ મોમિનને મોમિનીનની શરતો બતાવી બાકીસ મોમિન બનાવી સૈયદના યુસુફ અને આગળના દોઆતોની ઇકતેદા કરાવતા.

હવે આપ મોમિનને ફરમાવતા કે મોમિન ત્યારે કામીલ થાય કે જ્યારે તે બીજો મોમિન તેના જેવો બનાવે. બાદ આપે બધા હોદ્દેદો અને મશાએખોને બોલાવ્યા ને ફરમાવ્યું કે "મારા પછી દાઉદ બીન અજબશાહને હું મારા કાયમ મુકામ બનાવું છું". તે પછી આપે દાઉદ બીન અજબશાહ તરફ જોઇને ફરમાવ્યું કે "એ દાઉદ ! તમારા પછી દાઉદ બીન કુતુબશાહ છે તેને તમો તમારા નાયબ બનાવજો". રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે "લા યકુનુલ મુઅમેનો મુઅમેનન હત્તા યૂજેદ્દો મુઅમેનન્ મિસ્લોહુ". અર્થ:-મોમિન મોમિને કામીલ ન થાય તાકે પોતા જેવો બીજો મોમિન બનાવે.

આપ ફરમાવે છે કે, એ દાઉદ ! હવે તમને કોઈ તકલીફ નથી, તમને તમારા જેવા બીજા દાઈ તૈયાર કરવા પડે તેની તકલીફ નથી. તમારા જેવા દાઉદ બીન કુતુબશાહ મોજુદ છે. ખુદાનું મહોટું એહસાન તમારા ઉપર છે. તે પછી લોકોને આપે ફરમાવ્યું કે એ લોકો ! આ બેવે દાઉદની તમો તાબત કરજો. તે પછી સૈયદના જલાલના દુનિયાના દિવસો પુરા થયા તે વખત આપે ઇમામઝુમાનને જોયા; તેમાં ઇમામ ફરમાવે છે કે, "ઓ જલાલ ! તમારા પાસે કેટલી દોલત છે ?" ત્યારે મેં અરજ કીધી. એ રસુલુલ્લાહના ફરઝંદ ! અમારા પાસે ઘણી દોલત છે. ખુદાના ફજલથી ગની છું. ત્યારે ઇમામે ફરમાવ્યું કે તમે તમારી સઘળી દોલત ખુદાની રાહમાં ખરચી નાખો અને તમારા માલમાંથી મોમિનીનના બચ્ચાંઓને ઇલ્મી ને અમલી તરબીયત કરજો. મોમિનીનના ફરઝંદો ખુદાતઆલાનું લશકર છે. એ જલાલ ! દુનિયા ફાની છે, દુનિયા તલબ કરનારા સઘળા શીરકતના ફરનાસ છે. ઇબરત લેવા જોગ છે કે ઇમામ પોતાના દાઇને દાઈના પૈસા મોમિનીનના બચ્ચાંઓ વાસ્તે ખરચવા હુકમ ફરમાવે છે ને દાઇને સંભોધીને ફરમાવે છે કે "દુનિયા તો કાફિરન વાસ્તે છે". માટે એ જલાલ ! તમો કાફીર નથી. એ જલાલ ! તમો નજદીકમાં જન્નત તરફ રવાના થવાના છો. આજે પાછલી રાત્રે તમોને પંજતન કરામત સાથે લેવા આવનાર છે. આપ નસના અમરથી ફારેગ થઇ ચુકયા હતા ને દોલતને ખુદાની રાહમાં મોમિનીનના બચ્ચાંઓની તાબઅીમ માટે અર્પણ કરી ચુકયા હતા એટલે આપ મોત (ખુદાના અમર) ને બાખુશી હસ્તે ચહેરે તા. ૧૬ રબીઉલ આખર હી૰ હ૭૫ ના રોજ આધીન થયા. આપનું લકબ શમ્સુદ્દીન છે. આપની દાઅવત ફક્ત ચાર મહિના રહી છે, આપનું મઝાર અમદાવાદમાં છે. ક. ૩.

૨૬. સૈયદના દાઉદ બીન અજબશાહ (૩. હિન્દ, અમદાવાદ) નું ટુંક વૃતાંત.

રિવાયતમાં છે કે સૈયદના જલાલ શમ્સુદ્દીન પછી ઇમામી નીયાબત ને દાઅવતે હાદિઆનો કારોબાર આપના હસ્તકમાં આવ્યો. આપનો જન્મ મોહર્રમ તા. ૧૧ હી૰ હ૩૦ ગુરૂવારના ફજરના થયો છે. આપના બાપા અજબશાહ બીજા ઇમને પીરોઝ બીજા ઇમને નુહ બીજા ઇમને જાફરજી છે. આપના સર મુબારક પર એક નીશાન હતું જે બાદશાહીની નીશાની રૂપ હતું તે પરથી એક નજુમીએ આપને માટે ભવિષ્યમાં શાહી છે એવું ભવિષ્ય ભાખ્યું હતું. તે પછી આપને સૈયદના યુસુફ પાસે યમન ઇલિમ વાસ્તે મોકલ્યા હતા. અરબી ઇલ્મની પુરતી તાબઅીમ આપે યમનમાં લીધી હતી. આપનો અરબી ભાષા ઉપર પુરતો કાબુ હતો, યાને કમાલીયતને પહોંચ્યા હતા. કેમ ન હોય ! હકના નુરના વારસ છે. આપના જમાનામાં ચાર શેખો મોટા મરતબાના હતા જે અરબાઅતુલ હોરૂમ કહેવાય છે.

૧. સૈયદના દાઉદ બીજા ઇમને કુતુબશાહ. ૨. મોલાના કાજી બીજા ઇમને અમીનશાહ. ૩. મોલાના શેખ આદમ બીજા ઇમને તૈયબશાહ. ૪. અને મોલાઈ અમીનજી બીન જલાલ છે. આપના ભાઇ આહમદ બીન અજબશાહ કે જેમણે સૈયદના યુસુફને તે વખતના યમનના

ઝાલીમ હાકીમના પંજામાંથી છોડાવ્યા હતા. (જુઓ પાનું ૮૬). આપના ફઝલ બેશુમાર છે. આપના વખતમાં ચારે બાજુ શાંતી હતી, બીક કે ઝઘડાનું નામ નીશાન દેખાતું નહોતું જો કે તે વખતે આપના દુશ્મનો ઘણા હતા, પરંતુ ઇમામઝુમાનની નઝરાતના સબબ આપનું બકબાલ એટલું તેજ હતું કે કોઇ પણ દુશ્મન આપની સામે ઉંચી આંખ કરી શકતું નહોતું. દરેક જગ્યાએ મોમિનને આપની દોઆ ને બકબાલના સબબ ઇઝ્ઝત મળતી.

અમુક વખત બાદ જાફરીયા પીરકાનું જોર વધવા લાગ્યું, તે વખતના જાફરીયા પીરકાના વડા મોહમ્મદ બીન તાહેર હતા, જેઓ હમેશાં આપને તેમજ મોમિનીનને ઘણુજ સતાવતા હતા. આથી દાઇએ હક સૈયદના દાઉદે જાફરીયા પીરકાના વડા મહમદ બીન તાહેરને હુજ્જત માટે બોલાવ્યો. ઘણી હુજ્જતો થઈ, આખર તે લાજવાબ થયો. મોલાના અલીની ફઝીલત સંબંધી હુજ્જત થઈ તેમાં લાજવાબ થયો. બાદ રોઝા સંબંધી હુજ્જત થઇ તેમાં તેણે પુછ્યું કે "તમે લોકો ચાંદ જોઈ રોજા કેમ રાખતા નથી ?" ત્યારે આ વખતે સૈયદના સાથે સૈયદી મલકજી બીજા શમ્સ સાહેબ હતા તેમને આ સવાલનો જવાબ આપવાનું આપે ફરમાવ્યું. સૈયદનાના હુકમથી મલકજીએ રોઝાના ખુલાસા સંબંધીનો જવાબ આપ્યો. આપે જાફરના વડા મોહમ્મદ બીન તાહેરને પુછ્યું કે કુરઆન મજીદની કઇ આયતમાં છે કે "ચંદ્રમાં જોઇને રોઝું રાખવું ?" તે બાદ હજી આપે ફરમાવ્યું ખુદાતઆલા કુરઆનમાં ફરમાવે છે કે, " ફ મન શહેદ મીન કોમુશ શહરા ફલ યસુમહો ". (સુરતુલ બકર આયાત ૧૮૫) અર્થ:—જે શખ્સ રમઝાનને હાજર થાય (રમઝાન આવે) તે રોઝું રાખે. અહીં ચંદ્રમા જોઇ રોઝું રાખવાનું ફરમાન નથી. ત્યારે તેણે કહ્યું કે શહેરની માએના ચંદ્રમાં છે. ત્યારે આપે લુગાત (ડીકશનરી) મંગાવી જોયું તો *શહરાની માએના મહીના દેખાઇ આ પ્રમાણે આ સિવાય ઘણી બહેસ થઈ છે. તે પછી આપને જાફરના વડા મોહમ્મદ બીન તાહેરે કેટલાક રિસાલાઓ બહાર પાડી સવાલો પુછેલા છે, જેના સૈયદના દાઉદ બીજાને કુતુબશાહે રિસાલાઓ બહાર પાડી ઘણીજ ફસાહત સાથે જવાબ આપ્યા છે.

આ પ્રમાણે હકના લોકો કિતાબ ને હદિસથી મુખાલેફુનને સમજાવતા ને ઇમાનના દાયરામાં શામીલ કરતા. આપની આ કોશિશના સબબ ઘણા જાફરના અનુયાયીઓ પાછા દાઅવતે હાદિઆમાં દાખલ થયા છે, જેમને ઇઝ્ઝત સાથે આપ મોલાનાએ પાછા હકના દાયરામાં શામીલ કીધા. અગર કોઇ આપનો મુખાલેફુન બનતો તો તેને દરેક રીતે સમજાવી હકના દાયરામાં રાખવાની દરેક કોશિષ કરતા. કોઇને મુખાલેફુન કહી નીકલી જવાનું ન કહેતા.

* અગર શહરાનો અર્થ ચંદ્ર હોય તો પણ કંઈ ચંદ્રને જોવાનું કુરાનેમજીદમાં નથી પણ નજુમના કાયદા પ્રમાણે ચંદ્ર (હિસાબ) નું આસમાનમાં જાહેર થવું તેવુંજ નવા મહિનાનું શરૂ કહેવાય. આ હિસાબથીજ કુરાનશરીફમાં શહરાનો શબ્દ મુકવામાં આવેલ છે.

રિવાયતમાં છે કે આપના વખતમાં એક કારીર ભગત બની ગયો ને તેણે હિન્દુ ધર્મ અખ્તાર કર્યો. બાદ તેણે સૈયદના દાઉદ બીનં અજબશાહની મુલાકાત ને ધર્મ સંબંધી કેટલાક ખુલાસા માટે માંગણી કરી. આપે તેને સૈયદી બોજ બીન મલક પાસે તેમના ધર્મના ખુલાસા પુછવા માટે મોકલ્યો. બાદ તે ભગત બોજ બીન મલક પાસે ગયો ને તેમને સવાલો કર્યા. આપે તેના સર્વે સવાલોના બરાબર જવાબો આપ્યા જેથી તે શરમીન્દો થઈ ચાલ્યો ગયો. મતલબ કે હકના દાઇઓ પાસે ગમે તે કોમ કે મઝહબનો સવાલી આવે તેને તેઓ શરીઅતના હુકમ પ્રમાણે જવાબ આપવા બંધાયેલ છે અને આપ શરીઅતને અનુસરી ગમે તે માણસ પછી તે આલીમ કે જાહીલ હોય, હિન્દુ, મુસલમાન, પારસી વિગેરે ગમે તે કોમનો હોય તેને તેની લ્યાકત ને સમજ પ્રમાણે બરાબર જવાબ આપતા ને ખુદાના દીન તરફ લોકોને બોલાવી દાઅવતે હાદિઆના દાયરામાં શામીલ કરી નજાતીનો રસ્તો બતાવતા.

આ સમયે મુગલ શહેનશાહ અકબર બાદશાહનો આગ્રામાં મુકામ હતો, બાદશાહ તરફથી અમદાવાદમાં સુબા રહેતા હતા જે સુન્ની મઝહબના હતા, તેથી તેની મદદથી જાફરના વડાએ સૈયદના અને મોમિનીનને તકલીફો આપવા ને ઈજા દેવામાં કચાસ રાખી નહિ. દિવસે દિવસે જુલમ વધતો ગયો તેથી સૈયદના દાઉદને લાગ્યું કે અકબર બાદશાહ પાસે જઈ પોતાના દુઃખો પેશ કરી બાદશાહથી ઈન્સાફ મેળવી મોમિનોના ભલા ને રાહત માટે કોશિષ કરું. બાદ આપ મોલાનાઓ જવાનો પક્કો વિચાર કરી આગ્રા જવા પહેલાં આપે સઘળા હુદુદો ને મશાએખોને બોલાવ્યા ને સર્વેના ફખ્ર ફરમાવ્યું કે " તમો સર્વે આ દાઉદની બરોબર તાઅત કરજો, આ દાઉદ મારા મનસુબ છે ને ઈમામના દાઈ છે ". તે બાદ આપે સઘળાનો મિસાક લીધો. આ વખતે મીયાંસાહેબ શમ્સ બીન જાફર જે હસદખોર હતા તેને હસદ થયો ને તેણે અદાવત શરૂ કરી હકના ખિલાફ વિચારો જાહેર કર્યા તેથી સૈયદનાએ તેને બોલાવી તેની અક્કલમાં આવે ને તે સમજે એવા પુરાવાઓ અને દલીલોથી સમજાવ્યો ને તેના હસદને દુર કર્યો. આ સમજાવટની અસરથી મજકુર મીયાસાહેબ શમ્સ ઉપર એટલી અસર થઈ કે તેજ વખતે તેણે અદાવત છોડી દીધી. બાદ આપને દાઅવતમાં કોઈ મુખાલેફુન જેવું ન જણાયું.

આ પછી આપ અકબર બાદશાહના દરબારમાં પધાર્યા ત્યાં શાહની મુલાકાત લીધી. ઘણી બહેસ થઇ, શાહ પાસે જાફરીયા ફીરકાના વડા તથા તેમના લોકો તરફની તકલીફોનું વૃતાંત આપે રજુ કર્યું. બાદશાહે આપની દલીલો સાંભળી તેજ વખત આપને અમાનનો પરવાનો લખી આપ્યો અને બીજો હુકમ તે વખતના અમદાવાદના સુબા તરીકે લાહોરથી વઝરિઆઝમ, ખાનએઆઝમ નવાબ ખાનસાહેબ હતા તેમના ઉપર શાહ તરફથી અમાનનો હુકમ તથા ૧૦ રંગબેરંગી શાલો મોકલવામાં આવી અને હુકમમાં ફરમાવ્યું હતું કે " આ શાલો વોહરા કોમના મુરશીદ દાઉદ બીન અજબશાહ ને બીજા રહીસે આઝમને આપજો ને આ શાહી પરવાનો મજકુર મુરશીદને આપજો ". એક બીજા કાગળમાં નીચે મુજબ ફરમાવ્યું છે કે, " વોહરા કોમના મુરશીદ અમારા મોહિબ છે,

તેમની કોમ અક્કલમંદ છે, તેઓને કોઈ તરેહની તકલીફ ન પહોંચે, કોઈ જાતનું દુઃખ કે ઈજા ન થાય તેવો બંદોબસ્ત કરી આપજો કે જેથી હવે પછી તેમની કોઈ ફરીયાદ સુલતાનની હજરતમાં ન આવે ".

આ પછી આપ જ્યારે આગ્રાથી પાછા ફર્યા ત્યારે રસ્તામાં આવતાં શહેરોના મોમિનો આપના દરતીકબાલ માટે આવતા. આપને દરેક રીતે માનઅકરામ આપતા ને ખુશ કરતા. પહેલાં આપ કપડવંજ પધાર્યા, ત્યાં કેટલાક દિવસ રહ્યા. બાદ આપ ખંભાતથી ઉમરેઠ અને ઉમરેઠથી ધોલકા પધાર્યા. આ રીતે આપને રસ્તામાં આવતાં દરેક શહેરના મોમિનોએ કરામત આપી. દરેક શહેરમાં આપ ઇમામત નમાઝ પઢાવતા અને શાહી અમાનના સબબ મોટી આઝાન જાહેર રીતે મસજીદમાં પઢતા. આપને બાદશાહી ફરમાન અનુસાર સુબાઓ તરફથી અમાન હતું તેના સબબ આપ દરેક શહેરમાં ખુલ્લી રીતે માનઅકરામ અને સવારી સાથે બહાર નીકળતા. આ રીતની આપની જાહોજલાલી જોઇ કેટલાક હસદખોરો અદાવત કરતા, પરંતુ આપને ઇમામીઝુમાનના નઝરાતના સબબ કોઈ જગ્યાએ તકલીફ પહોંચી નથી. દરેક જગ્યાએ ફતેહ મળતી, આપના વખતમાં તકીય્યત જેવું કંઇજ નહોતું. આ વખતે સિંધમાં હકની દાઅવતના થાની નહિ હોવાના સબબ આપે સીંધ તરફ હિદાયત માટે આમીલો મોકલ્યા ત્યાં સુન્નત જમાઅતના બે મોલવીઓએ આપની દાઅવતને જવાબ આપ્યો, તેમાંના એક શૈખ ગોરા હતા કે જે સાહેબ નીઝારી કોમના હતા, તેમજ બીજા શૈખ જે સુન્ની જમાતના હતા તેમણે તથા બીજા ઘણા સીંધી મુસલીમોએ આપની દાઅવતનો જવાબ દીધો.

Dec 22, 1573

આપ હી૰ ૯૮૧ શાબાનની તા. ૨૭ ને બુધવારે પહેલી વખત હાકીમના બોલ્યથી અમદાવાદથી કપડવંજ તશરીફ લઈ ગયા પણ પાછળથી આપ દિલ્હીના બાદશાહ જે તે વખતે આગ્રામાં હતા તેમના પાસે અરજ માટે પધાર્યા ને શાહ પાસેથી અમાનનો પરવાનો લીધો. (જુઓ પાનું ૯૬). તે બાદ આપ બીજી વખત કપડવંજ મુકામે જીલકાદ તા. ૧૫ મીએ પધાર્યા; સાથે અહેલો અકરબા તથા આપના ભાઈ એહમદભાઇના બે ફરઝંદ મોલાઇ અલીમોહમ્મદ તથા મોલાઇ અજબભાઇ હતા. તેઓ સાહેબો શેખ મોહમ્મદ કાઝીખાનના ઘરમાં ઉતર્યા હતા કે જે શેખની કબર હાલ કપડવંજમાં મોજુદ છે. આપ કપડવંજ પધાર્યા કે તરતજ આપે કબ્રસ્તાન જદ્દ મોમિનીનની ઝીયારતનો ઇરાદો જાહેર કર્યો. આપ કબ્રસ્તાન પધાર્યા તે વખતે દરેક મોમિનીનોએ તેમના મરહુમ વાલીઓની કબરો ઉપર ફાતેહાની ખ્વાહેશ બતાવી, જેથી આપે દરેક મરહુમોની કબરો પાસે જઇ ફાતેહા પઢી રહેમત બોલી. તે બાદ આપ મોલાઇ નીઝામખાન સાહેબની કબર પાસે પધાર્યા, ત્યારે આપે ફરમાવ્યું કે " આ નીઝામખાન સાહેબ મોલાઈ મામુજી ઈબ્ને શેખ મલક ભરૂચીના શાગીર્દ છે. આ નીઝામખાન સાહેબ સાથે બીજા કેટલાક સાહેબો જેવા કે–૧. મોલાઈ બુરહાન ઈબ્ને મલક. ૨. મોલાઈ મીયાં મલક ઈબ્ને કુતુબ. ૩. મોલાઈ હસન. ૪. મોલાઇ મીયાં અજબ ઇબ્ને નુહ વિગેરે હમસબક હતા. ઉપરના મશાએખોના ઉસ્તાદ મોલાઈ મામુજી ઇબ્ને શેખ મલક ભરૂચી છે. આ સાહેબ પોતાના શાગી-

દ્રોને ઇલ્મ પડાવવા માટે એટલી રગબત રાખતા કે એક વખત મજકુર ઉસ્તાદ સાહેબે મીનત લીધી કે " અગર મારા શાગીર્દો તાવીલુદ દઆઇમ મારા પાસે ખતમ કરશે તો હું હજ તથા મદિના મુનવ્વરા જઇ મારી મીન્નત અદા કરીશ ". તે બાદ મજકુર શાગીર્દોએ આપના પાસે કિતાબ પુરી કર્યો, ત્યારે આ હકીકત આપે પોતાના શાગીર્દોને જાહેર કરી. મીન્નત અદા કરવા માટે મશહદૈન મુનવ્વરૈન આપ તશરીફ લઇ ગયા, ત્યાંથી યમન પધાર્યા ને ત્યાંજ આપ વફાત થયા છે. આપના શાગીર્દો પણ ઇલ્મમાં આપના માફકજ ફાઝીલ કામિલ થયા છે. ખરેખર હકના લોકોની સીરત આવીજ હોય છે. ખુદા પસંદ લોકો ખુદાના દિનને જીન્દા કરવામાં મશગુલ રહે છે, તેઓનો ઇલ્મ પડવા તથા પડાવવા સિવાય બીજો કોઈ શુગલ હોતો નથી. પરવરદિગાર આવા નેક કામોના કરનાર તથા હિદાયતના દેનારાઓને અજરેઅઝીમ આપે છે. ગોર કરવાની વાત તો એ છે કે, આપ તાલેબુન માટે મીનત માનીને કોશિષ અને ખંતથી ઇલ્મ પડાવતા જ્યારે આ ઝમાનામાં એક પણ એવા ઉસ્તાદ નઝર આવતા નથી.

આપ સૈયદના દાઉદના વખતમાં હી૰ ૯૮૫ તા. ૧૬ શાબાનમાં એક પુંછડીયો તારો ઉગ્યો હતો. આ તારો ઉગ્યા બાદ કેટલાક વખત પછી મોહમ્મદ નહેરવાલી કે જેણે ઇસ્લામમાં નવો ફીતનો ઉભો કર્યો હતો ને જે મોમિનીનને ઘણોજ સતાવતો તે બ્રહ્મા દેવો હતો અને મોમિનો માટે ફતવો આપતો હતો કે " એક વોહરાને મારવું, તેનું ખુન કરવું તે વીસ હજ કરવા જેટલું સવાબ છે " આ પ્રમાણે તે લોકોને બહેકાવતો ને દરરોજ નવી નવી ફીતનતો ઉભી કરી લોકોને ઉશકેરી કોમ કોમ વચ્ચે ઝગડાઓ કરાવતો. તેના ઝુલમની બીકને લીધે ઘણા લોકો તેની સાથે થઇ ગયા હતા તે મરણ પામ્યો.

આ અરસામાં સૈયદના દાઉદને મંબરી થવું પડયું હતું. આ નહેરવાલીએ અકબર બાદશાહના તે વખતના અમદાવાદના સુબા મીર જહાનને સમજાવ્યું હતું કે " વોહરાઓનો માલ હલાલ છે માટે તેઓને લુંટી તેનો માલ તમારા ઉપયોગમાં લ્યો.

પરવરદીગાર આવા બીદઅત કરનારાઓ ને ઇસ્લામ વિરૂદ્ધના ફતવાઓ આપનારાઓથી ખુદાના નેક બંદાઓને બચાવે. કારણ આવા નહેરવાલી જેવા ઝાલેમો ઇસ્લામ વિરૂદ્ધના ફતવાઓ આપી એક મુસ્લિમનું ખુન કરી તેનો માલ લુંટવાનું હલાલ સમજે છે. જ્યારે રસુલે કરીમની હદીસ છે કે " જે કોઇ શખ્સ જાહેર " લા ઇલાહા ઇલ્લલ્લાહ " નો કલેમો પઢે તેનું ખુન હરામ છે ". તો પછી તેનો માલ લુંટી લેવો કયાંથી હલાલ હોય ?

આ ઝમાનામાં દરેક ઇસ્લામીઓ પુરી રીતે દાઢી રાખતા હોવા જોઇએ, કારણ એક વખત મશકરીમાં આ નહેરવાલીએ એક ભાઇને તેની મોટી દાઢી જોઈ કહ્યું કે " આટલી મોટી દાઢી શા માટે રાખો છો ? દાઢી કાતરવી એ શું શરીઅતથી બીલાફ છે ? ત્યારે તે ભાઇએ કહ્યું કે શરીયતમાં દાઢી રાખવાનું ફરમાન છે. જો શરીયતમાં દાઢી રાખવાનું ફરમાન ન હત તો તમો બધા શા માટે દાઢી રાખો છો ? આમ કહી મશકરીમાં આ વાતને હસી કાઢી. ત્યાર બાદ તેઓએ દાઢી કતરાવવાનું શરૂ કર્યું.

મક્કા તથા મદિના.

આ વખતે કપડવંજમાં જ્યારે આપ મોલાના મોમિનોને હિદાયતથી મુશરરફ કરી રહ્યા હતા અને સઘળું શાંત હતું તે અરસામાં દિલ્હીના અકબર બાદશાહ તથા મુઝફ્ફરશાહ વચ્ચે લડાઇ ચાલુ હતી. આ લડાઈમાં મુઝફ્ફરશાહની હાર થઇ તેથી તે ભાગી ગુજરાતમાં આવ્યો. છેવટ કપડવંજ આવ્યો ત્યારે તા. ૨૦ મોહર્રમનો દિવસ હતો. આ મુઝફ્ફર શાહના આવવાના ખબર સૈયદનાને પડયા કે તરતજ આપે તે શાહના હસ્તકબાલ માટે શેખ મોહમ્મદ કાઝીખાન તથા બ્રોજ બીન મલકને મોમિનીનો તરફથી શાહના હસ્તકબાલ માટે મોકલ્યા, ને શાહનો સત્કાર કર્યો. વાત દરમ્યાન શેખે અગાદાવાદના મોમિનીનને તેમના તરફથી થએલ ઝુલમનો ઇશારો કર્યો આથી શાહ મુઝફ્ફર ઘણોજ પસ્તાયો. તે બાદ શાહે કપડવંજના મોમિનો પાસેથી શહેરમાં લેવાતા તમામ કરોમાંથી મુક્તિનો પરવાનો લખી આપ્યો.

આપ સૈયદના દાઉદ બીન અજબશાહે એક વખત જુમ્માની રાતે મસજીદમાં નમાઝ બાદ મીજલસ ભરી, સઘળા મોમિનુન કદમબોસ (સલામથી મુશરરફ) થયા બાદ બીજે દિવસે અમદાવાદથી સૈ. દાઉદ બીન કુતુબશાહનો કાગળ આવ્યો જેમાં કપડવંજ આવવા માટેની આપે રજા તલબ કીધી હતી, આપે રજા મોકલી. બાદ સૈ. દાઉદ બીન કુતુબશાહ કપડવંજ પધાર્યા. આ વરસે આપે **અરફાની નમાઝ** જે પ્રમાણે અય્યામુલ બીજની નમાઝ રજબની તા, ૧૩-૧૪-૧૫ ના ત્રણ રોઝા કરીને બપોરના પઢાય છે, તેજ પ્રમાણે પઢી કારણ કે આ અરફાનો દિન જુમ્માનો હોવાથી આપે તથા મોમિનુનોએ અગાઉથી બે રોઝા કરી કુલ ત્રણ રોઝા કીધા ને જુમ્માના દિવસે આપ તથા નાયબ દાઈ સૈ. દાઉદ બીન કુતુબ તથા સર્વે મોમિનોએ મેળે નમાઝ પઢી. (ઇમામત નહિ) તે પછી હસ્તકતાની દુઆ સૈ. નાએ પઢી ખુદા નઝદિક દોઆ કરી. ત્યાર બાદ મગરીબની નમાઝ કપડવંજના તળાવ પર પઢી ને ઇફતાર પણ જંગલમાંજ કીધું ને બકરી ઇદની નમાઝ સવારે મસજીદમાં પઢાવી. તે બાદ આપે ગદીરે ખુમની નમાઝ પઢાવી સર્વે મોમિનીનનો મિસાક લીધો. આ વરસે આપે ગદીરે ખુમના રોઝાના ઇફતારનું જમણ પોતા તરફથી કીધું તેમાં સર્વે મોમિનીન તેમજ મુખાલેફુન (જુદી માન્યતાવાળાઓ) વિગેરેને આપે જમણનું દઅવત આપ્યું ને મોમિનોને સખ્તાઇથી ફરમાવ્યું કે કોઈ પણ જમવા આવે તેને રોકવા નહિ. જ્યારે આ ઝમાનામાં ખાસ મોમિનોને પણ જમણ પરથી ઉઠાડવામાં આવે છે, તેમજ દઅવત આપવાની અટકાયત થાય છે. બાદ આ અરસામાં એટલે હીજરી ૯૯૨ ના મોહર્રમની તા. ૭ મીએ આપની દિકરી બાઈ અજબબુ તથા તે બાદ ત્રીજે દિવસે એટલે તા. ૧૦ મી મોહર્રમે આપની બીજી દિકરી માણેકબુના એકી સાથે વફાત થવાના સબબ આપને ઘણો જ રંજ થયો છે. આ બન્ને બહેનોની કબર કપડવંજમાં છે. તે બાદ આપ પાછા કપડવંજથી અમદાવાદ તશરીફ લાવ્યા. આપ કપડવંજમાં ૩ મહિના ૧૫ દિવસ રહ્યા. તે પછી આપે અમદાવાદ જવાનો ઇરાદો કર્યો. પહેલાં આપે તા. ૨ રબીઉલ અવ્વલ ને મંગળને રોજ બાલબચ્ચાંઓને રવાના કરી દીધા સાથે બ્રોજ બીન મલકને મોકલ્યા. જોકે રસ્તામાં લુંટારૂઓનો ખોફ હતો, પણ ખુદાના ફઝલથી કંઇ અડચણ આવી નહિ. સહીસલામત પહોંચી ગયા. આ સમાચાર મલ્યા પછી આપે કપડવંજથી રવાના થવાનો ઇરાદો કર્યો. રાત્રે નિસરીલલૈલની નમાઝ મલકઝ દાઉદ બીન બનફરના ઘરે અદા

કીધી અને વિદા થતી વખત મોહમ્મદજી અજબ નામના શખ્સે આપને જમણમાં ચોળા તથા દહીં વિગેરે આપી જમાડયા. આપના સાથે આપના નાયબ સૈ. દા. ક. તથા બીજા રહિસો. પણ હતા. ત્યાંથી રવાના થઇ ગમીદ ગામ પહોંચ્યા. અહિંના મુમેનુન આપને લેવા સામા આવ્યા હતા તેની અરજ કબુલ કરી ત્યાંના રહીશ શાનજીના ઘરે આરામ લીધો. ત્યાંથી તા. ૯ મીના નીકલી મંગલવારે ફજરે અમદાવાદ પહોંચ્યા. આ વખતે મુમેનુન આપને ઇસ્તિકબાલ વાસ્તે સામે લેવા આવેલા. (જુ. રી. બોજ બીન મલેક). તે પછી આપ ૯૯૩ હીજરીમાં સિદ્ધપુર મામુજી ઇબને અલીના આગ્રહથી તેના બચ્ચાંઓની શાદી પર પધાર્યા, અહિં શાદી પુરી થતાં ધીનોજ પધાર્યા. ત્યાં એક દિવસ રહી આપ અમદાવાદ પાછા પધાર્યા. હી૰ ૯૯૫ ની સાલમાં આપના બચ્ચાંઓ બાઈ હબીબા, ભાઇ ઇબ્રાહીમ અને આહમદની શાદીનો ઇરાદો કીધો. આ શાદીમાં દાઅવતે હકની કાંઈ પણ મીલકત કે રૂપિયાનો ઉપયોગ આપે નહી કરતાં પોતાના ખાસ માલમાંથીજ ખરચ કરી શાદી ધણી ધામધુમથી કીધી જેનું વર્ણન ઘણું લાંબુ છે તેથી અત્રે આપેલ નથી.

આ શાદીમાં આપે ઘણી ધામધુમ કરેલ હોવાથી આપને લાગ્યું કે લોકો મારી માફક તેમના બચ્ચાઓની શાદીમાં લોકદેખાઇ વાસ્તે કે શરમાશરમીથી નકામા ખર્ચ કરતા થઇ જશે તેથી આપે હાજરેન મુમેનુનને સંબોધીને ફરમાવ્યું કે આ શાદીમાં મેં જે ખર્ચ કર્યું છે તે ફક્ત દાઅવતુલ હકની ઇઝ્ઝત જાહેર કરવા વાસ્તે કીધું છે અને દાઅવતની શાનોશૌકત વધારવા સારૂ કર્યું છે, નહિ કે લોકદેખાવ, જહોજલાલી કે સત્તા દેખાડવા માટે. મારી માફક તમો સઘળા આ તરેહનું ખરચ ન કરતા, કારણ કે તમારા ખર્ચથી ગરીબ લોકો અને મોહતાજો કે જેઓને વધુ ખર્ચવાની શક્તિ ન હોય તે સઘળાને તકલીફ પહોંચે. આપ આવા ખર્ચની ઘણીજ મના ફરમાવતા. શાદીનો હંગામ તા. ૭ મી જીલ્કાદથી જીલ્હજની તા. ૧૮ મી ગદીરે ખુમ સુધી રહ્યો. આ શાદીમાં બહાર ગામથી ઘણા મોમિનો આવેલ હતા, તેઓને ઘણાજ માનઅકરામ સાથે રાખી સારી બરદાસ્ત કરવામાં આવી હતી. ને ગરીબ ભાઇઓને સારી રીતે નવાજ્યા હતા.

આપને બે ભાઇ હતા, એક ભાઇ અહમદ ઇબ્ને અજબશાહ કે જે સાહેબે સૈયદના યુસુફને યમનમાં ૭૦૦૦) ઇબ્રાહીમી સિક્કાઓ આપી શાહની નજરકેદથી છોડાવી મોલાનાની દોઆ લીધી હતી, તે પછી આપ યમનથી હિન્દ પધાર્યા. હી૰ ૯૮૦ શાબાનની તા. ૧૭ મીએ અમદાવાદમાં વફાત થયા છે.

આપના બીજા ભાઇ મીયાં ફીરોઝ ઇબ્ને અજબશાહ છે. આ સાહેબ પણ ઘણાજ આકીલ ને હલીમ હતા. આપ હજ અને ઝીયારત કરી વહાણમાં પાછા વતન તરફ પધારતા હતા તે વખત દીવ બંદર અને ખંભાત વચ્ચેના દરિયામાં આપના વહાણને તુફાન લાગવાથી વહાણ તુટી ગયું. આપના સાથે બીજા કેટલાક મોમિનો હતા તેમાં આ ચાર જણીતા સાહેબો હતા. ૧. મોલાઈ જાફર ઇબ્ને જીવણ. ૨. મોલાઈ પીરજી ઇબ્ને અલી.

૩. મીયાં અલીખાન ઇબ્ને તાજ. ૪. મોલાઇ રાજમોહમ્મદ ઇબ્ને નીઝામખાન હતા. આ વહાણ રજબ મહિનાની તા. ૨૭ મી હી૰ ૯૯૬ ના દિવસે ભાંગી ગયું હતું, તેમાં આ સર્વે સાહેબ દરિયામાં ગરક થયા છે.

આપ સૈયદના મોમિનોની હિફાઝત માટે હમેશાં ઇન્તેઝાર રહેતા ને દાઅવતને સંભાળવાની પુરતી કાળજી રાખતા. આપની દાઅવતનો કારોબાર શાંતિથી ચાલી રહેલ હતો. આ અરસામાં આપની દીકરી ફાતેમાબાઇ બીમાર હતાં તેને જોવા આપ પધાર્યા, રસ્તામાં આપને એક ચુંક (બીલી) લાગવાથી પગમાં ઇજા થઈ, પગ પાકયો, જેના સબબ દિવસે દિવસે આપની બીમારી વધતી ગઇ, કોઈ ઇલાજ કારગત ન થયો તેથી આપ નાઉમેદ થયા. બાદ આપે સઘળા હુદુદો, મશાએખોને બોલાવ્યા ને સઘળાના રૂબરૂ આપે સૈયદના દાઉદ બીન કુતુબશાહ ઉપર નસ્સે જલી કરી. જે કે સૈયદના દાઉદ ઉપર સૈયદના જલાલ પોતાની હયાતીમાં નસ કરતા ગયા હતા, છતાં આપે ફરી નસને નવી કીધી.

આપે આપની હયાતીમાં પાંચ ગુલામો આઝાદ કર્યા, યતિમો ને મિસ્કીનોમાં સદકાત જરી કર્યા, તાલેબુન વાસ્તે ઇલિમનો બંદોબસ્ત કર્યો. આપે કઇક લોકોને ફરઝંદ આપ્યા છે, આપની બરકતના સબબ કઇક બીમારોને શફા થઇ છે, આપ કાઝીઉલ હાજત તરીકે ઓળખાતા.

આ ઉપરાંત આપે ચાર પાણીના ટાંકા બનાવવાનો, પાંચ કુવા બોદાવવાનો, ૪૦૦ મણ બાજરો ગરીબોને આપવાનો, ૧૦૦ સાડલા મોમિનીનોની બેરો માટે અને ૧૫૦૦) રૂપિયા રોકડા ગરીબોને આપવાની વસિયત કરી ને ખુદાતઆલાથી ઇસ્તેજ્જ કરી કે આ દરેકનું સવાબ આજીઝને નસીબ થાય.

આપના વફાત બાદ લોકો આપની મિન્નત માનતા ને નઝરો ચડાવતા. આપની બરકતના સબબ કંઇક લોકોની હાજત પુરી થઇ છે. એક વખત એક ભાઇનો દીકરો બોવાઇ ગયો, તેણે ઘણી તલાશ કીધી, નાઉમેદ થયો. પાછળથી તે મોલાનાની મિન્નત લઈ મઝાર પર હાજર થયો. ખુદાતઆલાએ પોતાના વલીના મરતબાના સબબ તે મરદના છોકરાને તેને હવાલે કર્યો.

આપે નસના અમરને યાને ખુદાની અમાનતને ફરી અદા કરી આપની બીમારી વધતી ચાલી. આપનો છેવટનો વખત નજદીક થયો, આપ આલમે બકાની તરફ તારીખ ૨૭ રબીઉસ્સાની આખર હીજરી ૯૯૭ ના રોજ કુચ કરી ગયા (વફાત થયા.) આપનું લકબ બુરહાનુદ્દીન છે. આપનું મઝાર અમદાવાદમાં છે. આપની દાઅવત ૨૨ વરસ ને ૧૧ દીવસ રહી ક. ૩.

૨૭. સૈયદના દાઉદ બીન કુતુબશાહ (૪૰ હીજ્રત અમદાવાદ) નો ટુંક એહવાલ.

સૈયદના દાઉદ બીન અજબશાહ પછી આપ દાઅવતે હાદિઆના માલીક થયા. આપે આળસુઓ તથા બીલાફ લોકોને રાહે રાસ્ત પર લાવવા દીની ઇલ્મ રૂપી તાકત પુરા તોરથી અજમાવી (ઇલ્મી દલીલોથી સમજાવતા). પરંતુ મુગ્ઝ દિલોને કદી અસર થતી નહિ. દુનિયાનો અજબ હાલ છે, જીસ્મમાં બધા સરખા છે પણ ચહેરાઓ દરેકના જુદા જુદા હોય છે, રેહણીકરણી તથા વાતાવરણમાં દરેક જુદા હોય છે. કોઇનો મીજઝ ખુશ, કોઇનો ટુંકો તો કોઇનો *બંદીશ હોય છે. કોઈ ગરીબીમાં મગ્ન માણે છે તો કોઇ ખાવા પીવામાં ઐશ સમજે છે, પરંતુ બધાનો હાપીઝ ખુદાજ છે. તેજ ખુદા દરેકનો બંદોબસ્ત કરી આપે છે. દરેકને તે ખોરાક પુરો પાડે છે, તે ખુદા ફિરસ્તાઓને પોતા પાસે રાખે છે, ભુખ્યાઓને જમાડે છે, પ્યાસાઓને પાણી પાય છે, કોઈ જગ્યાએ પાણી સુકાય જાય છે, તો બીજી જગ્યાએ પાણીની નહેર જરી કરે છે. જ્યાં દુકાળ પડયો હોય છે ત્યાં વરસાદ વરસાવે છે. તેના તુફેલથી ઝાડો લીલા થયા, સારા સારા ફળો તૈયાર કીધા, તે ફળોને તૈયાર કરવા માટે સુરજ મારફત ગરમી આપી. ફળો તથા ફુલોને ખુશનુમા ને રંગીન બનાવવા માટે ચંદ્રમાના તેજને મુકરર કર્યું, તે ફળોને ઇન્સાનના રાહત માટે પેદા કર્યા. તરેહ તરેહના ફળ ફુલો વિગેરે આ રીતે પેદા કરી કુદરતનું કારખાનું ચાલુ રાખ્યું, દરેક ચીજોની કારવાઈ કીધી. આ ઉપરાંત ઇન્સાનને રોઝી આપી, તંદુરસ્તી બક્ષી, કાન, આંખ, નાક, દીમાગ વિગેરે આપ્યા અને ખાસ કરીને ઇન્સાનને તેના સીનામાં ઇમાનનું નુર બક્ષ્યું. કોઇએ ગારીલ બની દુનિયા લીધી, આકેલો (સમજુ) એ ઉકબાની કયામતનો ખ્યાલ કર્યો ને પોતાના રબની તાબ્બત કીધી. તે ખુદાએ ઇન્સાનને બે ચીજ બક્ષિ છે.

૧. **રૂહ**—આ રૂહ નતો ઇન્સાનના બદનમાં છે, ન ઇન્સાનની અંદર. આ રૂહ ઇન્સાનના શરીરનો બાદશાહ છે અને ખુદાની તરબીયતથી ચડે છે. જો સચ્ચાઇને વળગે તો " મોમિન " થાય, ઇબાદત કરે તો " આબીદ " થાય. ઇબાદત કરતાં કરતાં આગળ વધે તો " ઝાહીદ " થાય ને આખી દુનિયા તેના કાલને સાંભળે.

૨. **અકલ**—આ અકલથી ઇન્સાન પોતાની હાલતને જોઈ શકે છે. ખૈર (ભલાઇ) ને શર (બદી) ને ઓળખે છે. આ અકલજ રૂહનો નિગેહબાન છે.

ઇન્સાનની તરક્કી ત્રણ ચીઝથી થાય છે. (૧) એતેકાદ સહી. (૨) નેક ચાલચલગત, (૩) અમલ સાલેહાત. આ ત્રણે કામો નીચે બતાવેલ ચાર ચીજ વગર કામીલ થઇ

* સ્વાર્થી.

શકતા નથી. ૧. તંદુરસ્તી, ૨. કુવ્વત, ૩. જમાલ, ૪. મોટી ઉમર. આ ચાર ચીજનો આધાર નીચેની ચાર ચીજ ઉપર છે.

૧. માલ. ૨. એહલ. ૩. જગ્યા. ૪. કબીલો. (મો. આ. પા. ૧૭૪).

ઉપર બતાવેલા સિદ્ધાંતો મુજબ જો કોઇ ઇનસાન વર્તે તો જરૂર તે દરજ્જાને પ્રાપ્ત કરી શકે છે. અગર તે પ્રમાણે કોઇ ઇનસાન વર્તવાની જરાએ કોશિષ ન કરે તો તે ઇનસાન ઇનસાન નહિ પણ ઢોરની મિસલ ગણાય છે. આ વિષે એક હકીમે ફરમાવ્યું છે કે " અલ્લમૈરો કુલ્લુલ ખૈરે ફીમન અરફા કદરોહુ ". અર્થ:—નેક ઇનસાન એજ કહેવાય કે પોતે પોતાની કદરને ઓળખે. આથી દરેક ઇનસાન ઉપરની બીના નજરમાં રાખી અકલ તે મારેફતથી પોતાની કદરને ઓળખે. સબબ અબુલાઓ આજ સુધી ફસાદ કરતા રહ્યા છે, તેથી ખુદા પોતાના વલીઓને ફીતનતના કરનારાઓની ફીતનતથી બચાવે છે. અલ્બે તે ફીતનતીઓ કુરઆને મજીદના ફરમાન મુજબ " ચુરીદુના અંયયુતફઉ નુરલ્લાહે બે અફવાહેહીમ ". યાને તેઓ (ફિતનતીઓ) ચાહે છે કે તેઓ ખુદાના નુરને પોતાના મોંહથી બુઝાવી નાખે, તેવી કેરીયતથી આલેમો ઉપર ગલબો કરે છે. મગર ખુદા તેઓનો નીગેહબાન છે ને ખુદાની હુજ્જત તેઓ ઉપર ગાલીબ છે અને ખુદાના વલી, ફાઝીલ અને ઇનસાનેકામીલ દરેક ઝમાનમાં ઝમાના રૂપે સીપમાં મોતીની મીસલ છે અને તેવા વલીયો ઉપર મોમિનીનનો સુકુન (કરાર) ને ઇકરાર છે. તે પ્રમાણેના વલીએ કામીલ આપણા મૌલાના દાઇ સૈયદના દાઉદ બીન કુતુબશાહ છે કે જે સાહેબે હીદાયતના રસ્તાને જરી રાખવા માટે જે જે તકલીફો વેઠી તેનું મઆરેફત રાખી મનન કરવું. " અલ્લમૈરો " વાળી ઉપલી કહેવત મુજબ " નેક ઇન્સાન " બનવું આપણું કર્તવ્ય છે. જેનું ટુંક બયાન નીચે મુજબ છે.:—

સૈયદના દાઉદ બીન કુતુબશાહ, સૈયદના દાઉદ બીન અજબશાહ પછી દાઅવતે હાદિઆના માલીક થયા. આપનો જન્મ રબીઉલ અવ્વલ તા. ૨૩ હી૰ ૯૪૬ માં છે. આપની માતાજીનું નામ ગૌરીબુ બીન્તે અલીજી છે. આપની તરબીયત આપના બાવાજીએ ઘણાજ ઉમંગ સાથે કરી છે. આપ ઇલ્મ પઢવામાં ઘણીજ કાળજી રાખતા, આપ દશ વરસની ઉમરમાંજ હાફીઝુલ કુરઆન થયા. આપનું અખલાક બચપણથીજ ઉંચું હતું, ખસલતના નેક હતા, ઇલ્મ પઢવામાં ખંતીલા હતા. આપ જ્યારે ૧૫ વરસના થયા ત્યારે દાઅવતના કુલ ઇલ્મ ઉપરાંત જાહેર ઇલ્મ તેમજ તાવીલ ને હકીકતના ઇલ્મને પુરી કમાલીયતના સાથે મેળવી લીધું. આપની આ પ્રમાણેની ચાલચલગત ને ઇલ્મ પઢવાની કોશિષથી લોકો આપના બાવાજીને કહેતા કે " તમારા દીકરા કોઈ શાહી મમલકતના માલીક થશે, આલમના લોકોના પુરતોપનાહ થશે ". એજ પ્રમાણે સૈયદના યુસુફ બીન સુલેમાન વાસ્તે કહેવામાં આવ્યું હતું. સૈયદના દાઉદ જ્યારે પાંચ વરસના હતા ત્યારે એક વખત આપના બાવાજી તેને દુકાને લઇ આવ્યા ત્યાં એક નજુમી આવ્યો તેણે આપને જોયા ને પુછ્યું કે " આ બચ્ચાના બાવાજી કોણ છે ? ત્યારે આપના બાવાજીએ તે નજુમીને કહ્યું કે તને તેના બાવાજીનું શું કામ છે ? મને કહે. શું હકીકત છે ? ત્યારે

તે નજુમીએ કહ્યું કે " તેના બાવાજીને કહેજો કે આ બચ્ચાના નસીબ ઘણા તેજ છે ને તેમના બાવાને વધામણી આપજો કે આ ફરઝંદ બાદશાહ થશે. આ બચ્ચા પર ખુદાની પુરી શફક્કત છે. આ બચ્ચાની નામના ઘણીજ વધશે વિગેરે. આ સાંભળી આપના બાવાજી કુતુબજી જરા હસ્યા પણ નુજુમનું કહેવું કંઈક ખ્યાલમાં રહ્યું. આ નુજુમીને ખુદ ખુદાએજ બોલાવ્યો હતો.

આ પછી જ્યારે આપ બાલીગ થયા ત્યારે આપના બાવાજીએ હવ્વા બીન્તે મોહમ્મદ બીન અલીથી આપની શાદી કરી આપી. આ બાઇ પણ કુરઆને મજીદના હાફીઝ હતાં. (ધ્યાન લેવા જોગ છે કે, સૈયદના દાઉદના ઝમાનમાં બાળાઓ પણ હાફીઝુલ કુરઆન થતી હતી તે વખતે જો કે ઈલ્મ પડવાના જોઇએ તેવાં સાધનો નહોતાં, છતાં આ પ્રમાણે બાળાઓ ઈલ્મ લઇ તૈયાર થતી. જ્યારે આ ચૌદમી સદીમાં ઈલ્મના આટલા આટલા સાધનો હોવા છતાં બહેનોનું હાફીઝુલ કુરઆન થવું કે જાહેર ઈલ્મ લેવું તો એક બાજુએ રહ્યું પરંતુ મોમિનીનના બચ્ચાંઓ જેઓ પુખ્ત ઉમરનાં થયાં હોય છતાં તેમને પુરૂં કુરઆન કે નમાઝ પણ આવડતી નથી એ કેટલું શરમાવનારૂં છે ?) થોડા વખત બાદ મવસુફા બીબી વફાત થયાં ને તેજ અરસામાં આપના માસાહેબા પણ વફાત થયા છે. આ વખતે આપની ઉમર ૨૦) વરસની હતી. બાદ આપ યમન સૈયદના યુસુફ બીન સુલેમાન પાસે ઇલ્મ લેવા ગયા, તેજ વરસમાં આપના બાવાજી કુતુબશાહ ૯૬૩ હીજરીમાં વફાત થયા. આપે ખુદાની કઝા કદર પર સબર કર્યો. ત્યાર બાદ આપ સૈયદના યુસુફ પાસેથી યમનથી ઇલ્મ લઇ અમદાવાદ પધાર્યા ને બુલનબુ બીન્તે અલીભાઈ ઈબ્ને જીવાભાઈ સાથે નિકાહ કીધા. આ મવસુફા બાઇથી સૈયદના અબદુલ તૈયબનો જન્મ તા. ૮ માહે સફર હી૰ ૯૭૨ ને ગુરૂવારના રોજ બપોરના થયો. તે પછી તેજ બીબી બુલનબાઇના પેટથી બાઈ હબીબાબાઇ થયાં, તે બાદ મવસુફા બીબીએ જીલકાદની તા. ૨૩ મી મંગળવાર હી૰ ૯૮૫ ના રાતના સૈયદના કુતુબખાન કુતબુદ્દીન શહીદને જન્મ આપ્યો. આ પછી તે મવસુફાબીબી બુલનબુના પેટથી છેલ્લે મીયાખાનનો જન્મ થયો. આ બીબી બુલનબુ બીન્તે અલીભાઇ તા. ૬ રબીઉલ અવ્વલ હી૰ ૯૮૯ ના વફાત થયા. તે પછી સૈયદનાએ વઝીરાબાઈ બીન્તે મીયાં આદમથી શાદી કીધી. આ બાઈ શાદી પછી થોડાજ અરસામાં વફાત થયા. તે પછી આપે સોહાબુ બીન્તે મીયાંખાન ઇબ્ને મીયાંભાઇ સાથે શાદી કીધી. આ સોહાબુના પેટથી એક દીકરી નામે અમતુલ્લાબાઇ તથા એક દીકરા નામે મીયાં મહમદજીવાભાઈ થયા.

સૈયદના દાઉદ બીન અજબશાહ પછી આપ ગાદી ઉપર આવ્યા તે વખતે આપના ઇકબાલના સબબ આમ લોકોમાં પણ આપના ચારે બાજુ વખાણ થવા લાગ્યા. સૈયદના દાઉદ બીન અજબશાહ ઉપર જ્યારે સૈયદના જલાલ શમસુદ્દીને નસ કરી ત્યારે પણ સૈયદના જલાલે દાઉદ બીન કુતુબશાહ ઉપર નસનો ઈશારો ફરમાવ્યો હતો. તેમજ સૈયદના જલાલ એમ ફરમાવતા કે " એ દાઉદ બીન અજબશાહ ! તમારા પર ખુદાનો એહસાન છે કે તમારા પછી તમારા કાયમ મુકામ ખુદાએ નક્કી કરી આપી તમને તકલીફથી દુર કીધા છે " આટલી શહાદત પછી પણ સૈયદના દાઉદ બીન અજબશાહ હર વખત દરેક

મજલીસમાં મશાએખો ને હુદુદોને ફરમાવતા રહ્યા કે " મારા કાયમ મુકામ સૈયદના દાઉદ બીન કુતુબશાહ છે ". તેમજ આપના આખરી વખતમાં જ્યારે આપને પગમાં બીલો લાગ્યો ને આપ બીમાર થયા, આપને શીફાની કોઇ સુરત નજર ન આવી ત્યારે પણ આપે કુલ હુદુદોને જમે કરી સઘળાના રૂબરૂ નસ્સે જલી કીધી. જે પ્રમાણે રસુલુલ્લાહ સ. અ. હજરત અલી અ. સ. વાસ્તે જગે જગે નસને મજબુત કરતા તેજ પ્રમાણે સૈયદના દાઉદ બીન અજબશાહ સૈયદના દાઉદ બીન કુતુબશાહ વાસ્તે ફરમાવતા; આ ઉપરાંત આપે ત્રણે જઝીરામાં લખી મોકલ્યું કે, " સૈયદના દાઉદ બીન કુતુબશાહ મારા બાદ દાઅવતે હાદિઆના માલીક છે ". આ ખબર દરેક ફાકેલેા, કામેલેા અને મોમેનુન જાણતા હતા.

અસરૌબુલ અજલ અલી મોહમ્મદ બીન ફીરોઝથી રિવાયત છે. (આ સાહેબ સૈયદના દાઉદના બાવાજી અજબશાહના કારકુન હતા. જેમની દાઅવતની બીદમત જગ મશહુર છે ને જેણે સુલેમાની ફીરકાનો સચોટ જવાબ એક કિતાબ નામે " રીસાલતુસ્સગીરા " લખી બહાર પાડેલ છે. જે સાહેબ હી૰ ૯૯૯ ઈ૰ ૧૫૯૧ માં વફાત થયાછે) તે સાહેબ તે કિતાબમાં ફરમાવે છે કે:—

જ્યારે દાઉદ બીન કુતુબશાહ દાઉદ બીન અજબશાહના વખતમાં બીમાર થયા ત્યારે મને સૈયદના દાઉદ બીન અજબશાહે સૈયદના દાઉદ બીન કુતુબશાહને પરીગવા માટે હુકમ કીધો. હું દાઉદ બીન કુતુબશાહના ઘરે ગયો. ત્યાં મેં દાઉદ બીન કુતુબશાહની તબીયત ઘણીજ નરમ જોઇ, તેથી તરતજ નાઉમેદી સાથે મારા મૌલા સૈયદના દાઉદ બીન અજબશાહની બીદમતમાં આવ્યો ને અરજ કીધી કે " આપના હુકમ મુજબ હું સૈયદના દાઉદ બીન કુતુબશાહની તબીયત જોવા ગયો હતો, પરંતુ મને તેમની બીમારી ગંભીર જણાઈ ને આ બીમારીમાંથી ખુદાતઆલા બચાવે તોજ બચે તેવું લાગ્યું. તેથી મેં ત્યાં જે હકીકત જોઇ તે આપને કહી. આ સાંભળી આપે યાને સૈયદના દાઉદ બીન અજબશાહે ફરમાવ્યું " ઇન્શા અલ્લાહ ખુદાતઆલા બહેતર કરશે ". હાલમાં તેઓ વફાત નહિ થાય કેમકે મારા મુનીમ સૈયદના જલાલ ફરમાવતા કે " આ દાઉદ પર ખુદાએ એહસાન કીધું છે ને તમારા મીસલના તમારા બાદ દાઈ તૈયાર છે. તમને તેવા તૈયાર કરવાની બીલકુલ તકલીફ નથી અને મને પુરી ખાત્રી છે કે સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહનો વાળ નહિ હલે. ખુદાતઆલા તેમને જરૂર શીફા આપશે, તેની મને ફીકર નથી ".

અસરૌબુલ અજલ મીયાં બોજ બીન મલકથી રિવાયત છે કે, સૈયદના દાઉદ બીન અજબશાહને એક સિદ્ધપુરવાળા ભાઇ મામુજી ઇબ્ને અલીએ પોતાના ફરઝંદની બતાનતની ખુશાલીમાં આમંત્રણ કીધું. આ અરજ પરથી સૈયદના સિદ્ધપુર પધાર્યા. આપના સાથે મીયાં અલીમોહમ્મદ ને મીયાં અજબશાહ હતા. આ બને સાહેબને મળ્યા બાદ મેં બોજ બીન મલકને પુછ્યું કે " તમારા સાથે સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહ કેમ નથી ? " ત્યારે બને સાથીદારોએ કહ્યું કે, " સૈયદનાએ પોતાના કાયમ મુકામ સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહને નીમ્યા છે, તેથી તેમને અમદાવાદ મુકીને આપ અહીં પધાર્યા છે ". જે પ્રમાણે રસુ-

લુકમાહ સ. અ. તબુકની લડાઇમાં જતા હતા ત્યારે મદિનામાં પોતાના ભાઇ અલી અ. સ. ને કુલ ઉમ્મતના વાલી બનાવી નસ કરી પોતે લડાઇમાં ગયા હતા; તેજ પ્રમાણે સૈયદના દાઉદ પોતાના મનસુસ સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહને અમદાવાદના વાલી કરી મુકી આવ્યા છે. આ રીતે સૈયદના દાઉદ બીન અજબશાહ પોતાના મનસુસને કાયમ કરતા હતા તેના બબર જગેજગ ખુતબાઓ પઢીને મોમિનને સંભળાવે લ છે. જ્યારે આપની બીમારી એકદમ વધવા લાગી ત્યારે હકીમે કહ્યું કે, આપને કોઇ પણ દવા લાગુ પડતી નથી. આપના દરેક અંગ-વાઓ નરમ પડતા જાય છે, અને આપને શી કાની કોઇ સુરત નજર આવતી નથી, જેથી આપને છેલ્લી વસિયત કરવી હોય તો આપ કરી લઇએ. તેથી આપે સઘળા હુદુદોને ફરજ બોલાવ્યા ને સઘળાને શાંત રહેવા ફરમાવ્યું. બાદ આપ મોલાઇ અલી મોહમ્મદને ટેકો આપી બેઠા અને એક ખુતબો સર્વેના ફરજ પઢી ફરમાવ્યું કે " મારા પછી સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહ ગાદીના વારીસ ને માલીક છે. તે બાદ આપે તમામ માલ, બબ્તો અને કિતાબોની ચાવી સંગાવી સૈયદના દાઉદ બીન કુતુબશાહને સોંપી ને તા. ૨૭ મીએ જન્નતની રાહ લીધી. તે બાદ સૈયદના દાઉદ બીન કુતુબશાહે આપના દફન કફનની તજ-વીજ કીધી ને જનાઝા પર નમાઝ પઢાવી અને સૈયદના દાઉદને સઘળા મોમિનીનોએ તાબઝીયત આપી. બાદ તા. ૨૮ ઝીહીજ બબ્બસ હી૰ ૯૬૭ ના રોજ તમામ જગીરાના ગામોમાં કાગળો લખાયા, તેમાં સૈયદના દાઉદ બીન અજબશાહના ઇન્તેકાલ તથા સૈયદના દાઉદ બીન કુતુબશાહના દાબવતે હાદિયાની ગાદી પર કાયમ મુકામ થવાના બબર લખી મોકલવામાં આવ્યા, તેમજ ગામેગામ કાસીદો રવાના કરવામાં આવ્યા. આ વખતે યમ-નમાં ચાર શૈખો મોટા હતા. (૧) શૈખુલ મવલલ અમીર સૈયદી અબ્દુલ્લાહ બીન મોહ-મ્મદ. (૨) શૈખ સુલેમાન બીન સૈયદી હસન. (૩) અલમવલલ અજલ સૈયદી હસન બીન સૈયદના ઇદરીસ. (૪) સૈયદી ઇસમાઇલ બીન સૈયદના યુસુફ બીન સુલેમાન. આ ચારે સાહેબો પર આપના દાબવતે હાદિયાના કાયમ મુકામ થવાના બબર લઇને કાસીદને યમન રવાના કર્યો. કાસીદ મારફત મોકલેલ કાગળ આ ચારે મશાએખોએ વાંચી આપની તાબતને કબુલ કરી અને આપને હકના દાઇ તરીકે કબુલ રાખી વળતો જવાબ તેજ કાસીદ મારફત પાછો લખી મોકલ્યો. સાથે અ.પના ફરજંદ ને મનાકીબના કાગળો તેમજ મુબારક નામાઓ લખી મોકલ્યા.

વિશેષ જાણવા જોગ વાત તો એ છે કે ઉપરના ચાર શૈખોમાંના એક શૈખ સુલે-માન બીન હસને પણ મુબારકબાદીનો તથા દાઇના ઇકરારનો કાગળ લખેલ છે, કે જેણે ચાર વરસ બાદ પોતે દાઇ હોવાનો દાવો કર્યો છે, તેણે સૈયદના દાઉદ બીન કુતુબશાહ ઉપર ચમનથી ઘણા કાગળો લખ્યા છે, જેમાંથી બાસ જાણવા જોગ કાગળો માંહેથી થોડા ફકરા મોમિનીનના જાણ માટે આ નીચે દરજ કરવામાં આવેલ છે.:—

કાગળ:—

'બાઅદલ હમ્દે વસ્સલાતે વદ્દોઆએ વલ મુનાજાતે .....અત યજબેરલ કસરલ અઝીમ. વ યરા બુસ્સદઉલ જરીમ એતુલ્લે બકાએ હુજ્જતેનલ જદીદહ. વ કુદવતે નસ સઈદાહ. વ સૈયદેનસ સદીદ. વ મતનદલલઅકીદ. વ દાઇના એલત નજાતે વ સાકીના બીન માઇલ હયાતે વ ઉરવતે દીતે નલ વસીકતે વલ સાલેકે એના એલા નહજીત્તરીકતે ".

" બલપુરસલફ મીનદ દોઆતીલ અકારેમે વલ અદલીલ હામેલે. લીલ ઇલ્મે અલહાફેઝો લહુ કમા જઆ ફીદદઆએમે મુસતવદેઉલ અસરારે. વ મુસતકફેલુલ અનવારે બુરહાનુદ દીયા-નતે વ હમ્માલુલ અમાનતે વ કામેલુલ અવસાફે વલફઝાએલે ઝાકીલ અખલાકે વશ શમાએલે નીઝામો મરાતેબીલ હોદુદે વ સુલ્લમુન એલા આલેમીલ વોજુદે વ હલીપુલબીરે વલ જુદે વતોકા દલીલુન મનીસતદલ્લા એહી એલા આલમીલ બકાએ સૈયદેના વ મૌલાના વ માલેકે અમ-રેના વ ઝીયાએ અસરેના વ બાહરીલઓલુમે વ નહરીલ હોલુમે દાઇ દોઆતીલ જઝાએરીલ મનુતતે, વ હાદીલ હોદાતેહલમબસુતતેહ બુરહાનુદ દુન્યા વદ્દીને વ હુજ્જતે મૌવલાના અમીરૂલ મોઅમેનીન સૈયદના દાઉદ બીન કુતબુલ મુસ્તવદએ લે અસરારીલ કોતોબે "……

અર્થ:—હમ્દ ! વખાણ અને સલવાત, દોઆ અને મુનાજાત પછી હું ખુદાના નઝદીક અરજ ગુજારું છું કે " મારા સૈયદના દાઉદ ઇબ્ને અજબશાહના વફાતથી દીન રૂપી દિવાલમાં ફાટ પડી ગઈ તે ફાટને ખુદા અમારા નવા મુરશીદના અમરને નસીબવંતા પેશવા અને સુમારગવંતા સરદાર અને અમારા મોહકમ (મજબુત) સતદવંતા સાહેબ અને અમારા નજાતની તરફ બોલાવનાર દાઇ અને અમારા આબેહયાતના (પાણી પીવ-ડાવનાર) અને અમારા દિનના મજબુત હાથા અને સીધા રસ્તા તરફ દોરનારની ઉમર દરાઝથી ને એહની બરકતથી દિનમાં પડેલી ફાટને દુરસ્ત કરી આપ. (જોડી આપ).……

……આ સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહ (દાઇ) માનવંતા દોઆતોના હકના ઇલમના ઉપાડનાર અને હિમાયતના કરનાર બલફ છે (નેકપીછોપા) છે અને બરાબર અદલ (હક) ના ઉપાડનાર છે અને આપના ઇલમના હાફીઝ (જલવનાર) છે, જે પ્રમાણે દાએમુલ ઇસ્લા-મમાં રસુલુલ્લાહથી રિવાયત આવી છે. મારા ઇલમને હર ઝમાનમાં આદીલ લોકો ઉપાડશે તે ઇશારો અમારા ઝમાનના દાઇ છે કે જે દાઇ ભેદોના થાપણદાર અમીન છે, નુરોને પોષનાર છે, દીનદારીની દલીલ છે, અમાનતના પુરા ઉપાડનાર છે, ફઝીલતો ને સીફતોના પુરા છે, ચાલ-ચલણ ને બલલતોના ચોકખા છે, હોદ્દોના મરતબાઓના નીગેહબાન છે, આલમુલ વોજુદ તરફ ચડવાની સીડી છે અને એહસાન, સબાવત, તકવાના દોસ્ત છે, સુમારગ લેનારાઓ માટે, આલેમુલ બકા તરફ ચડવા માટે રાહનુમા છે. તે કોણ ? અમારા સરદાર, અમારા મૌલા, અમારા અમરના માલીક, અમારા ઝમાનાના ચમકતા તારા, ઇલમના દરિયા ને હોદ્દાઓ (અકલો) ની નદીઓ છે. આપના પાસેના તબાલુકના જઝીરાઓના દોઆતોના દાઈ તમામ શહેરોના હોદાતોના મોહર છે. દીન અને દુનિયાના બુરહાન ઇમામ અમીરૂલ મોઅમેનીનના હુજ્જત તે કોણ ? અમારા સૈયદના દાઉદ ઇબ્ને કુતુબ છે, આપ કિતાબોના ભેદના થાપણદાર છે.

ઉપર પ્રમાણે શૈખ સુલેમાન (**સુલેમાની ફીરકાના વડા** જે સૈયદના યુસુફ નજ-મુદ્દીનના દિકરા સૈયદી હસનના દિકરા થાય છે). ના કાગળમાંના થોડા ભાગ આપેલ છે. આ સિવાય તેણે મૌલાનાની તાબત માટે જે લખાણ લખ્યું છે તેમાંના એક કાગળનો થોડો ભાગ આ નીચે છે.: —

ફારગળ:—

" વયસ્રઅલુલ્લાહા ઇન્દા વોકુફેહી અલામાહવતહો મીનદ્દોરોરીલ મનઝુમા વતતશરીફાતે લહુ મીન મૌલાહુલમાઝી વ મૌલાહુલઆફીલતી હેયા લેમન તઅમ્મલહા મફહુમતુન અંયયુઝેઓહુ શુકરૂન તીલકન નેઅમતીલ અઝીમતે વયોતીમ્મો અલૈહે માવહબાલહુ મીનલમેનનીલ જસીમાહ વ અંય યરઝુકહો મીનમૌલાહીલ માઝીશશફાઅતે કમનતકલા વહો વારાઝીન અલૈહે વ લે મૌલાહુલ આફીત તાઅતે કમાકરરઅહુ મીનહો વલદૈહે ".....

અર્થ:—ગુલામ ખુદાને સવાલ કરે છે કે "ખુદા ગુલામને પોતાની નેઅમત અઝીમા ને મિનતે જસીમા (જબરજસ્ત) શુકરનું ઇલહામ કરાવે અને જે પ્રમાણે મૌલાએ માજી સૈયદના દાઉદ બીન અજબશાહને ખુદાએ ખુશી બક્ષિ તે પ્રમાણે આપ બકાવંતા મૌલાની તાઅત પર ગુલામને સાબીત રાખે અને મૌલાનાની ખુશી ગુલામને દેખાડે. જે પ્રમાણે મૌલાનાએ પોતાની નઝદીકીની મોહબતથી (કાગળ લખી) શરફ બક્ષેલ છે તેજ પ્રમાણે આપ મૌલાનાની તાઅત પર ગુલામ કાયમ રહે અને મૌલાનાની ખુશી ગુલામ વાસ્તે કાયમ રહે. વિગેરે . .....

આ સિવાય સુલેમાનના ઘણા કાગળો હકની દાઅવતના ખઝાનામાં મોજુદ છે તેમજ બીજા કેટલાક કાગળો બહાર પડેલ છે, પરંતુ સ્થળ સંકોચને લઇ અહીં આપેલ નથી. આ રીતે ચાર વરસ સુધી શેખ સુલેમાનના કાગળો સૈયદના દાઉદ ઉપર આવતા ને આપ સૈયદના તેમને જવાબો આપતા. આપનો ઇલ્મ ઘણો તેજ હતો, અને દરેક ઠેકાણે આપની પ્રતિષ્ઠા ઘણી વધી હતી. **જાફર**ના વખતથી અમદાવાદની મસજીદોમાંજ મખરી નમાઝ થતી તેને બદલે આપના વખતમાં કોઇ પણ જાતની તકીય્યત વગર ખુલ્લી નમાઝ થવા લાગી. કોઇ પણ જાતની બીકનું નામ નીશાન રહ્યું નહિ. ત્યાર બાદ આપે સૈયદના શેખ આદમ સફીયુદ્દીનને દખણ તરફ દાઅવતે હાદિયાની મઝબુતી માટે મોકલ્યા. ત્યાં સૈ. ના શેખ આદમે દરેક ગામડાઓમાં ફરી મોમિનોને શરીઅતના એહકામો સમજાવ્યા, હરામ હલાલથી વાકેફગાર કર્યા. હકની દાઅવતની ખુબી સમજાવી. એહલેબૈતની વલાયત પર કાયમ રહેવાને અને ખુદાના દીનને મઝબૂતીથી વળગી રહેવા માટે હિદાયત આપી ખુબ તૈયાર કીધા.

આ પછી આપ મૌલાના સૈયદના દાઉદ બીન કુતુબશાહે હી૰ ૯૯૯ માં હાલાર (કાઠિયાવાડ) તરફ સૈયદી મીયાં કાઝી ઇબ્ને અમીનશાહને દાઅવત વાસ્તે મોકલ્યા. આપ ત્યાંના મોમિનોને હિદાયત આપતા ને ગરીબોની ખબર લેતા. બાદ આપ હજાવદ તરફ પધાર્યા, પરંતુ અમરે ઇલાહી આપ હલવદમાં તા. ૨૩ રબીઉલ અવ્વલમાં વફાત થયા. આપ સૈયદના દાઉદ બીન અજબશાહના માઝુન હતા. આપનું લકબ ગુજ્દુદ્દીન છે.

બાદ સૈયદનાને પોતાના ફરઝંદો મીયાં કુતુબખાન, મીયાં ખાનજી અને બાદશાહેબ અમતુલ્લાબાઇની શાદી કરવાનો ઇરાદો થયો તે વખતે આપ મોલાનાએ સઘળા એહેલ તથા રહીસોને બોલાવ્યા, સઘળાની રાએ મુજબ આપે આપના ફરઝંદોની શાદી રબીઉલ અવ્વલમાં ઘણીજ ધામધુમ સાથે કીધી. આપે દરેક શહેરો ને ગામડાના મોમિનોને કંકોત્રી મોકલી, ઇજનો આપી શાદીમાં સામીલ થવા માટે લખ્યું. આવનાર મહેમાનોનો આપના તરફથી ઘણાજ ઇજ્જત સાથે આદર સત્કાર થયો. આપે મહેમાનો માટે દરેક જાતનો ઇન્તેઝામ કર્યો હતો. આ શાદી બખાસ થયા બાદ આપે શાહોની રીત પ્રમાણે ગરીબો, યતીમો તેમજ હાજતમંદોને હદિઆ આપી વિદાય કર્યા, જેથી આ શાદી મોમિનોમાં એક યાદગાર શાદી તરીકે ઓળખાય છે.

આપનું કામ ખુદાની તાઅતમાં મશગુલ રહેવાનું હતું. આપનો કાયદો દિવસોમાં તલબતોને ઇલ્મ પઢાવવાનો ને કિતાબો લખવાનો હતો. આપ દર જુમ્માએ અસરની નમાઝ બાદ વાએઝ કરવા બેસતા. દરેક મોમિન ને મોમિનાતને શરીઅતના એહકામ શીખવતા. આપ તલબતોનો ઇલ્મ પઢાવવા માટે દરરોજ દરસમાં પધારતા. જમ્યા બાદ મોડી રાત સુધી આપ ઇલ્મ વાસ્તે પધારતા. કોઈ સાઇલ ઇલ્મનો સવાલ કરે તો આપ તેને બરાબર સમજાવતા, આપ ફજરમાં વહેલી સવારે ઉઠતા ને દરસની મુલાકાત લેતા. ત્યાં ઇલ્મ લેતા તાલેબુનની આપ બરાબર તપાસ રાખતા. આપની પાસે ગમે તે કોમનો કોઇ પણ સવાલી આવતો તો આપ તેને માન સાથે બેસાડી તેના સવાલોના બરાબર જવાબ આપી ખુશ કરતા ને તેને પુરતો સંતોષ આપી વિદાય કરતા. આપ કોઇ પણ તલબગાર (મદદનો માગનાર) પછી તે ગમે તે કોમનો હોય તો તેની હાજતને તમામ કરતા. અગર આપ ઉપર કોઇ જુલમગાર જુલમ કરતો તો આપ સબર કરતા. પણ આપ કોઇ વખત બદ દોઆ ન કરતા. આ પ્રમાણે મોલાનાનો હંમેશનો કાનુન હતો.

અખબારમાં છે કે, સૈયદી બોજ બીન મલક પોતાના રિસાલા હદીકતુન નઅમ અને બજરૂલ મોહબ્બતમાં ફરમાવે છે કે, " સૈયદના દાઉદ ઇબ્ને અજબશાહ પોતાની દીકરી ફાતેમાબાઈ જે બિમાર હતા તેમને જોવા પધાર્યા તે વખતે આપને પગમાં બીલી લાગવાના સબબ આપ બીમાર થયા, આપને પગમાં ઘણુંજ દરદ થયું, ઘણી તરેહની દવાઓ કરી, હકીમને બોલાવ્યા, પરંતુ આપની બીમારી વધતી ચાલી ને શીફાની કાંઇ આશા જણાઇ નહિ તેથી આપે કુલ હોદ્દા તથા મશાએખોને જમે કીધા. તે વખતે બંભાત, કપડવંજ, ઉમરેઠ વિગેરે ગામોના રહીસો કંઇક કારણસર અમદાવાદ પધારેલા, તેઓને આપે બોલાવ્યા ને સઘળાના દેખત આપે ફરમાવ્યું કે મારા પછી મારા કાયમ મુકામ મારા મનમુસ મોલાઈ દાઉદ બીન કુતુબ છે. અને ફરમાવ્યું છે કે, " એ હાજરીન ! તમો તમારા દુર રહેલાઓને પણ કહેજો કે દાઇએ સૈયદના દાઉદ બીન કુતુબ પર અમારા દેખત નસ્સે જલી ફરમાવી છે ". હવે આ નસમાં શું શક હોય ? કોણ કહે કે નસ નથી થઇ ? આ બારામાં એક શાએરે અરબીમાં નીચે પ્રમાણે બેત લખી છેઃ—

રઐના બેયાનન્ બલસમેઅના બે માજરા,
બે અયા સલીલલ્ અજબે કદ્ નસ્સા મોહકકેકા. ... ૧.
અલા નજલે કુતબીદ્દીને જીલજુદે વન્ નદા,
ફ મા બા લોકુમ તબગુના ઝુરન્ વતલબ્રીકા. ... ૨.

અર્થ:—અમેં આંખથી જોયું, કાનથી સાંભળ્યું કે અજ્જબશાહના ફરઝંદે (સૈ. દાઉદે) કુતુબશાહના ફરઝંદ કે જે સખાવત ને ઇનઆમના સાહેબ છે તેના ઉપર નરસે જલી કીધી છે. આ પ્રમાણે સાચી નસને મુકીને જુઠી બનાવટી શા સારૂં કરો છો ?

સૈયદના દાઉદ બીન અજ્જબશાહના વફાત પછી ચાર વરસ સુધી દાઅવતનો કારોબાર ઘણોજ સરસ રીતે ચાલ્યો. કોઈ પણ જાતની અડચણ વિના હિન્દ, સિંધ ને યમનના લોકો આપની તાબ્બત પર કાયમ રહ્યા. ચાર વરસ પછી યમનમાં શેખ સુલેમાને પોતે દાઇ હોવાનો દાવો કરી નવો ફીરકો ઉભો કર્યો, જેનું થોડું વર્ણન આપવું જરૂરી ધારી નીચે આપ્યું છે.:—

સુલેમાની ફીરકો !

જે વખતે દાઉદ બીન કુતુબશાહ દાઅવતે હાદિઆના કાનુન મુજબ માલીક થયા તે વખતે યમનથી શેખ સુલેમાને પણ આપની તાબ્બતને કબુલ કરી હકનો ઇકરાર કરનારા કાગળો લખ્યા. (જુઓ પા. ૧૦૬–૧૦૭–૧૦૮) અને ૪ વરસ સુધી શાન્ત રીતે દાઅવતનું કામકાજ ચાલી રહેલ હતું. પાછળથી યમનમાં શેખ સુલેમાને દાઇનો દાવો કરી નવો ફીરકો ઉભો કર્યો. આ દાવાનું કારણ એ થયું કે, સૈયદના દાઉદ બીન કુતુબશાહને બે લોંડી નામે નુરૂસ્સબાહ તથા રૂમ્માનાહ હતી. આ બન્ને લોંડીઓ ઘણીજ હીલ્લાબાજ ને ઠોંગી હતી. જે વખતે સૈયદના દાઉદ બીન કુતુબશાહ બિમાર થયા તે વખતે આ બન્ને લોંડીએ દાઅવતે હાદિઆના ખઝાનામાંથી ચોરી કરી ઘણો માલ ઝેવર તથા મહોર વિગેરે લઈ લીધું. આ વખતે સૈયદનાનો કારકુન મુનશી મોહમ્મદ બીન રાજમોહમ્મદ હતો તે પણ તે ચોરીમાં શામીલ હતો. અમરે ઇલાહી તે ચોરી જાહેર થઇ તેથી બંને લોંડી તથા મજકુર મુનશી ઘણાજ શરમીંદા થયા. આ ચોરીમાં લોંડીના બે દિકરા નામે ઇબ્રાહિમ તથા અહમદ પણ મદદગાર હતા. આ રીતે દાઅવતના ખઝાનાની ચોરીઓ થતી જોઈ આપ સૈયદનાએ ખઝાનાની ચાવી વિગેરેની માગણી કરી, એટલે તેઓ આજ કાલ કરવા લાગ્યા, પરંતુ તેમના કર્તવ્ય બહાર પડી જવાનો ને ફજેત થવાની બીકથી તેઓએ આપસમાં મશવેરો ચલાવ્યો. આ મશવેરામાં પ્રીતનતના મુળ પાચાસમ સૈયદનાની બે લોંડી, લોંડીના બે છોકરા ઇબ્રાહિમ ને અહમદ તથા સૈયદનાનો જમાઇ ખાનજી ઇબ્રુને અમીનશાહ ને લતીફ અને મજકુર મુનશી અહમદ ઇબ્રુને રાજમોહમ્મદ હતા. ઉપર બતેલી હકીકતનો તોડ કઇ રીતે કરવો તેનો મશવેરો બધાએ મળીને કર્યો ને છેવટ એક મત ઉપર આવ્યા. કે, " આપણે સૈયદના દાઉદ બીન અજ્જબશાહના પછી **સુલેમાનને દાઇ** બનાવવા ને તેમાં ચોરેલી મોહોર છાપનો ઉપયોગ કરવો. તે પછી સુલેમાનને તે વિષેની ખબર આપી લખ્યું કે, " મરહુમ મોકદસે તમારા પર નસ કરવા બાબતનો અને રીયાસત સંબંધી કેટલીક હોશ દેખાડતો કાગળ લખ્યો. આ કાગળ શેખ સુલેમાનને પહોંચ્યો, તે વાંચતાં રીયાસતની લાલચ તેના દિલમાં પ્રગટી. તરતજ સુલેમાને અરબીમાં સૈયદના દાઉદ બીન અજ્જબશાહની ઝબાન પર પોતા પર નસ થઇ છે તેવો કાગળ લખી તારીખ નાખી જબીર બીન હાદીને અમદાવાદ

તે કાગળ લઇને મોકલ્યો ને કહ્યું કે "તું પહેલાં સૈયદના દાઉદ બીન અજ્જબશાહના કારકુન તથા બંને લોંડી નુરૂસ્સબા તથા રૂમ્માનાને મળજે ને આ કાગળ તેમને બતાવી તેની નકલ કરાવી તે પર તેમના પાસે દાઅવતની ચોરેલી મહોર છાપ છે તે લગાડવાનું કહેજે ને આ મહોરવાળો કાગળ લઈ પાછો યમન આવજે. કારણ કે કાગળ અને તેના ઉપરની મહોર છાપથીજ લોકોના દિલોના શક દુર થશે ને મારો **દાઈપણાનો દાવો** મજબુત થશે. આ પ્રમાણે શેખ સુલેમાનના હુકમ મુજબ તે કાગળ લઇને જબીર બીન હાદી યમનથી રવાના થઈ અમદાવાદ આવ્યો ને ઉપર બતાવેલ શેખ સુલેમાનના હુકમ મુજબ દરેક કારવાઇ સૈયદના દાઉદ બીન અજ્જબશાહના કારકુન, લોંડીઓ ને તેમના બે ફરઝંદો નામે એહમદ તથા ઇબ્રાહિમ જેઓ દાઇના પક્કા વિરોધિઓ અનેલ હતા તેમની મદદથી આસાની સાથે કાસીદે શેખ સુલેમાને જે કામ સોંપેલ હતું તે સહી સલામત રીતે પુરૂં કર્યું. તે બાદ સૈયદનાનો કારકુન તથા લોંડીના છોકરાઓ જેઓ હરામ (ચોરી) નો માલ ખાઈ ખાઇને અદાવત ઉપર કાયમ થયા હતા, તેઓ વધુ જોર પર આવતા ગયા, હરામના માલના ખાનારાઓને હરામ કામ સિવાય કંઈ સુઝતુંજ નથી, જેનું રીઝક હરામ રસ્તાનું હોય તેનું ખુન કયાંથી હલાલ હોય ! આવાં હરામના કામ કરનારાઓ ને હરામ ખાનારાઓ માટે સૈયદી ઓજ બીન મલકે એક નસિહત લખી છે જેનો થોડો ઉતારો આ નીચે છેઃ—

સૈયદી ઓજ બીન મલક પોતાના રિસાલા " અઝરૂલ મોહબ્બત વ હદીકતુન્નેઅમ " માં ફરમાવે છે કે, રસુલુલ્લાહે ફરમાવ્યું છે કે, " અરેહાઓ યોગેયેરતેબાઓ " યાને બચ્ચું જે ધાવને ધાવે તેની તાસીર બચ્ચામાં આવે. તેથી બચ્ચાંઓ વાસ્તે જે ધાવ રાખવાની જરૂર પડે તો તે નેક ધાવ રાખે. કહેવત છે કે "જેવો અહાર તેવો ઓડકાર," હરામનું ખાનારની નિય્યત હરામજ હોય છે ને તેથી તેમના દિમાગોમાં ફરક આવી જાય છે. હજી રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, " મનસકાઅયુહુ સકાદીનોહુ ", અર્થઃ–જે શખ્સનું ઐશ (ખાવું) સાફ હોય, હલાલનું ખુત હોય તે શખ્સનું દીન પણ સાફ હોય તેથીજ તેની અકલ નેક થાય. હજી રસુલુલ્લાહ સ. અ. એ સદકાનું ખાવું હરામ કીધું છે. ખુદાતઆલાએ તૌરાતમાં મુસા નબીને સંબોધીને કહ્યું કે, એ મુસા ! તમારા દિલને સંભાલો. જે તમારૂં દીલ બગડશે તો તમારો ગોશ અને ખુત બગડશે, તમારૂં દીન જશે. મતલબ કે શરીઅત ને દીનના બિલાફ હરામનું જમણ જમશો તો તેનાથી તમારા શરીરમાં જે ખુન પેદા થશે તે બદ થશે, તેનાથી મોત બગડશે, દીનદારીમાંથી પાછા હટશો. હજી રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, " જે શખ્સ કોઈનું હરામનું ખાશે, એક નીવાલો પણ હરામનો જમશે તો તે માણસની ૪૦ દિવસની નમાઝ કબુલ નહિ થાય. તેની મતી ભ્રષ્ટ થશે ને નમાઝમાં ધ્યાન નહિ રહે. હવે એક નીવાલો હરામનો જમવાથી આટલી બરાબ અસર થતી હોય ને તે પ્રમાણે વર્તનારની ૪૦ દિવસની ઇબાદત બરબાદ થતી હોય તો પછી યતિમના માલ હજમ કરનાર, પોતાના લોહીને વેચનાર, (કન્યા વિક્રય કરનાર) શરીઅતથી મોંહ મરોડનાર, નાજાએઝ કામોના કરનાર, અમાનતમાં ખ્યાનતના કરનાર, તોહમતના મુકનાર, હરામના માલના ખાનારના કેટલા બુરા હાલ થશે તેનો ખોફ કરી ખુદાથી ડર.

અલગરઝ સૈયદના દાઉદ બીન કુતુબશાહને યમનથી આવેલ જબીર બીન હાદીના ખબર મળ્યા એટલે આપે આપના મખસુસ (બંદગત ગુજાર) મીયાં ચાંદજી બીન અલીને કહ્યું કે તમો જાઓ ને જબીર બીન હાદીને પુછો કે તમો યમનથી શા વાસ્તે આવ્યા છો ? ને કોના તરફથી આવ્યા છો ? ત્યારે જબીરે જવાબમાં કહ્યું કે, " હું શેખ સુલેમાનનો નાયબ થઇને આવ્યો છું " ને શેખ સુલેમાન કહે છે કે, " હું ઈમામનો નાયબ છું ". આ જબીરનો જવાબ મીયાં ચાંદજીએ આપની હજુરમાં પેશ કર્યો. જબીરનો આ જવાબ સાંભળી દાઈ કહેવા લાગ્યા કે " જબીર સુલેમાનના દાઈના દાવાની વાત જો સાચી કહેતા હશે તો સુલેમાને મોગીરા ને અજુલ બત્તાબનો રસ્તો લીધો કહેવાય. આ બન્નેએ નબુવ્વતનો દાવો કર્યો હતો. તે વખતે તેઓ નબી સ. અ. ના દાઇના રૂતબામાં હતાં છતાં **નબીનો દાવો** કરી લાઅનતના મુસ્તાક થયા હતા. તેજ પ્રમાણે સુલેમાનનું આ કામ છે.

હવે જ્યારે સૈયદનાએ સુલેમાનના દાવાની વાત જબીર બીન હાદી પાસેથી સાંભળી ત્યારે આપ ઘણાજ અજબ થયા. આખી રાત આપને ફીકર થઇ ને મનમાં કહેવા લાગ્યા કે ચાર વરસ સુધી શેખ સુલેમાનના કાગળો તાઅત ને ખુજુઅથી ભરેલા આવ્યા ને હવે ચાર વરસ બાદ તેને રિયાસતની લાલચ થઈ. બાદ ફજરમાં નમાઝ પઢી આપ શેખ સુલેમાનના ફઇજી ઝોહરાબાઈ બીન્તે સૈયદના યુસુફને ઘરે પધાર્યા. આપે ઝોહરાબાઇને તેમના ભત્રીજા શેખ સુલેમાને યમનમાં દાઇનો દાવો કર્યો છે તેવા ખબર જબીર બીન હાદી સાથે કહેવરાવ્યાની વાત કરી. આ વાત સાંભળી ઝોહરાબાઇને પણ ઘણોજ અચંબો થયો ને કહ્યું કે " કોઈ વખત મારા ભાઇના ફરઝંદ આવો દાવો કરે નહિ ". મારા ભાઇના ફરઝંદપર ખરેખર આ તોહમત છે. કારણ અમો આપના તાઅત ગુઝાર ફરઝંદો છીએ ને આસ કરીને શેખ સુલેમાનતો આપના દુશ્મનો વાસ્તે ફોલાદી તલવાર સમાન છે. આ તો માત્ર જબીરે તેના ઉપર બોહતાનના કલામ કહ્યા લાગે છે. તેમ સુલેમાન કોઇ વખત આપના દામનને છોડનાર નથી. આથી સૈયદનાએ અસ્ સૈયુલ અજલ મીયાં આદમ બીન તૈયબશાહ તથા અસ્ સૈયુલ અજલ મીયાં અમીનજી બીન જલાલ તથા અલમૌલલ અફઝલ મીયાં અલી મોહમ્મદ બીન અલી તથા આપના ફરઝંદ મૌલલ અકરમ અબદુલતૈયબ તથા મૌલા મીયાં ચાંદજી બીન અલીને બોલાવ્યા. ઉપરના દરેક સાહેબ આપના હુકમ મુજબ તરતજ હાજર થયા તે પછી યમનથી આવેલ શેખ સુલેમાનના કાસીદ જબીર બીન હાદીને બોલાવ્યા, જબીર પણ આવ્યા. આપે મજલીસ ભરી ને મજલીસમાં મૌલાઈ હસન બીન દાઉદને આપે ફરમાવ્યું કે " તમો મજલીસમાં જે કંઈ બોલાય કે હુજ્જત થાય તે લખી લેજો ". તેમજ શેખ સુલેમાનના ફઇને પણ બોલાવ્યા ને પરદામાં બેસાડ્યા. આ ઝોહરાબાઇ પાસે એક મેહરમદારને બેસવાનો દાઇએ હુકમ ફરમાવ્યો. એટલે તે બાઈના મેહરમદાર હસનખાન બીન અલી ને સૈયદના દાઉદ બીન અજબશાહના કારકુન મુનશી મોહમ્મદ બીન રાજમોહમ્મદ બન્નેને બેસવાનો હુકમ થયો. તે પ્રમાણે બન્ને સાહેબ તે બાઈ શેખ સુલેમાનના ફઇસાહેબા પાસે બેઠા તેમને પણ મજલીસમાં જે દલીલો થાય તે લખી લેવાનું કહ્યું. આ પછી આપે જબીર સાથે દલીલો શરૂ કરી ને જબીરે પણ પોતાથી બને તેટલી દલીલો પેશ કરી પરંતુ તેની દલીલ મૌલાના સવાલ જવાબ પાસે કામયાબ થઇ નહી. અંતે જબીર નાસીપાસ થયા ને સૈયદના દાઉદ બીન કુતુબશાહની દલીલો સાંભળી તેમની તાઅતનો ઇકરાર કર્યો, ને શેખ સુલેમાનની દાઅવતને મુકી દીધી. પરંતુ તેના દીલમાં રીયાસતની લાલચે ગલબો કરેલો હતો તેથી તે દીલી ઇકરારથી દુર રહ્યો. તે જાહેરમાં સૈયદનાની તાઅતનો દેખાવ કરતો ને બાતીનમાં દુનિયાની લાલચ રાખતો.

આ પછી આપ સૈયદનાએ શેખ સુલેમાનના ફઈ ઝોહરાબાઇને કહ્યું કે " હું શેખ સુલેમાનને યમનની અમાલતથી દુર કરું છું ". કારણ ખુદાતઆલા ફરમાવે છે કે, " વમા કુન્તો મુત્તખેઝલ મોઝીલ્લીના અઝોદા ". અર્થ:-હું ગુમરાહ થયેલ માણસને બાજુદાર (મદદગાર) નથી બનાવતો. તેજ કલામથી ગુમરાહ થયેલ શેખ સુલેમાનની મને શું મદદ મલે ? હું પણ તેને મારો બાજુદાર બનાવવા માગતો નથી ને તમો પણ શેખ સુલેમાનને લખી મોકલજો અને આજની મજલીસમાં જે બન્યું તે, અને તમો પોતે સૈયદના દાઉદ બીન અજબશાહે મારા પર નસ કરી છે તે બારામાં જે જાણતા હો તે, તથા આજની મજલીસમાં નસનું બયાન થયું તેની શહાદત બરાબર અદા કરજો. આ પછી દાઉદ બીન કુતુબશાહ આપના ઘર તરફ તશરીફ લઈ ગયા ને મુનશીએ શેખ સુલેમાન વાસ્તે જે લખાણ લખ્યું હતું તથા મહોર છાપ ચોરી જે કાગળમાં તે છાપી હતી તે કાગળ લઈ જબીરને યમન તરફ રવાના કર્યો. તે યમનમાં શેખ સુલેમાન પાસે પહોંચ્યો ને કાગળ આપ્યો. બાદ શેખ સુલેમાને પોતે **દાઇનો દાવો** યમનમાં જાહેર કર્યો, ને મજકુર મહોરવાળો કાગળ લોકોને બતાવ્યો. શેખ સુલેમાન બોલવામાં ઘણાજ ફસીહ હતા તેથી યમનના ઘણા લોકોએ તેની વાતને કબુલ કરી લીધી ને તેમની દાઅવતના વલગનારા થયા. તે પછી શેખ સુલેમાન મુખ્ખા ગામ તરફ ગયા. અહીંના લોકોએ શેખ સાથે બહેસ કરી સત્ય શોધવાના પ્રયાસો કર્યા. છેવટે તેઓ એવા ઠરાવ ઉપર આવ્યા કે અહીંના અમારા આમીલ મોલાઇ ચાંદજી બીન અલી સાથે તમો બહેસ કરો અને જો તે તમોને સાચા કહે તો અમો સઘળા તમારો ઇકરાર કરીશું. આ પછી શેખ સુલેમાન મોલાઇ ચાંદજીભાઇ પાસે ગયા ને તેમને પોતાની દાઅવત કબુલ કરવા માટેની માગણી કરી. ત્યારે મોલાઇ ચાંદજીએ કહ્યું કે, એ શેખ સુલેમાન ! તમોને શું થયું છે ? તમારૂં દીમાગ ઠેકાણે છે કે નહિ ! અફસોસ !!! તમો કઈ ચીજની માગણી કરો છો ? આજ ચાર ચાર વરસ થયાં તમોએ દાઈ સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહની બંદગત ગુજારીનો દાવો કર્યા ને આજે આપણે દાઇના દુત* ! તમો ખુદ દાઇનો દાવો કરી અમોને બેઇમાન બનાવો છો ? આ ઘણુંજ બરાબર કરો છો. આ પછી શેખ સુલેમાને મારફાડની, ઘરબાર લુંટી લેવાની તેમજ તેમને હેરાન કરવાની ધમકી આપી. પરંતુ મીયાં ચાંદજી ઈમાનના પાકા, અને હકના રસ્તાને ચાહનાર હતા; તેને શું બીક હોય ? હકના લોકો આવી ધમકીથી બીતાજ નથી. તેઓ ખુદાની રાહમાં જેહાદ વાસ્તે કુરબાન થવાને હમેશાં તૈયારજ હોય છે. તેમને બીકે ખુદા સિવાય બીજા કોઇનો બોક હોતોજ નથી. એટલે મોલાઇ ચાંદજીએ જવાબ આપ્યો કે, એ શેખ સુલેમાન ! તમો જે

* દાયને મુકી દેવા.

બીક બતાવો છો તે સાવ નકામી છે. દીનદારીના બદલે દુનિયાની દોલત કે માલમતા શું હિસાબમાં છે ? તમે તમારા દિનને ગુમાવો છો. આથી શેખ સુલેમાન નારાજ થયા ને બીજી કોઇ તરકીબ અજમાવવાનો વિચાર કર્યો.

આ વખતે મુખ્ખા ગામમાં તુરકી સરકાર તરફના એલચી હાકીમ તરીકે રહેતા હતા, તેમની પાસે શેખ સુલેમાન ગયા ને તેને કહ્યું કે " મારા પાસે એક કેસ છે, જો તેમાં તમો મને જીત અપાવશો તો હું તમોને તેમાંથી અરધો ભાગ આપીશ". આ પ્રમાણે હાકીમ સાથે નક્કી કરી શેખ સુલેમાને તુરકી સરકારની અદાલતમાં મીયાં ચાંદજી ઉપર ૧૫૦૦૦ ઇસ્લાહીમી (તે વખતનો રૂપિયો) નો દાવો માંડ્યો. આથી મુખ્ખાના હાકિમે મીયાં ચાંદજીની જાત ઉપર બજાવણી કરી ને મોલાઇ ચાંદજીને સખ્ત કેદની સજા પણ કરી હી૰ ૧૦૦૩. ત્યાર બાદ મુખ્ખાના લોકોએ શેખ સુલેમાનની દાઅવતને બિલકુલ જવાબ આપ્યો નહિ, તેમ તેને દાઇ તરીકે સ્વિકાર્યો પણ નહિ, તેથી મુખ્ખાના હાકિમે તેઓ ઉપર સખ્તાઇ શરૂ કરી, છતાં પણ હકપસંદ મોમિનોએ તે ઝુલ્મ સહન કરી સબર ઇખ્તિયાર કીધી, એટલે ખુદાએ મઝલુમોની આહ સાંભળી, તે આહ તુરકી સરકારના વઝીરના કાન સુધી પહોંચી. આથી તુરકી વઝીરે મીયાં ચાંદજી વિગેરેને મુક્ત કરી શેખ સુલેમાનને પકડી ઝમરમુરના કિલામાં કેદ કર્યા ને ૮૦૦૦૦ એંસીહજાર ઇસ્લાહીમી સીક્કાની જમાનત પર તેમને છોડવામાં આવ્યા. ત્યાંથી છુટી તે હરાઝમાં આવ્યા, તે વખતે હરાઝના દાઅવતે હાદિઆના આમીલ તરીકે શેખ સુલેમાનના ઉપરી શેખ અબ્દુલ્લાહ બીન મોહમ્મદ હતા. તે સાહેબ તથા બીજા બે સાહેબો સૈયદી હસન બીન ઇદરીસ તથા સૈયદી ઇસ્માઇલ બીન સૈયદના યુસુફ (શેખ સુલેમાનના સગા કાકા) હતા. આ ત્રણે સાહેબોએ મળીને ત્યાંના મોમિનોને ઘણીજ કોશિષ કરી સમજાવી, હિદાયત આપી શેખ સુલેમાનની દાઅવતમાં જતા અટકાવ્યા. અહીં પણ શેખને નીરાશા મળી, નીશફળ થયા, તેથી ત્યાંથી રવાના થઇ નજવાન ગામમાં આવ્યા. અહિંયાં યામ નામના કબિલાવાળાઓએ શેખ સુલેમાનની દાઅવતને જવાબ દીધો ને તેમના અનુયાયીઓ થયા. આ વખતે યમનના વાલી શેખ અબ્દુલ્લાહ બીન મોહમ્મદ કે જે હરાઝમાં રહેતા હતા તે વફાત થયા. (કહેવાય છે કે તેને ઝેર આપવામાં આવ્યું હતું). આ સાહેબના વફાતથી હિન્દમાં સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહને ઘણોજ રંજ થયો. આ શેખ અબ્દુલ્લાહના વફાત બાદ યમનના વાલી તરીકે સૈયદી હસન બીન ઇદરીસને નીમવામાં આવ્યા.

ત્યાર બાદ શેખ સુલેમાને નજવાનથી ચાર સાહેબોને અમદાવાદ મોકલ્યા, (૧) મોહમ્મદ બીનીલ ફેહરી અલમુકર્રમી. (૨) મામજી બીન ખાન. (૩) પીરોઝખાન. (૪) એમાદ. (તેમાં ૨ તથા ૩ નંબરના સાહેબો જેઓ મુળ સિદ્ધપુરના રહીશ હતા ને અમદાવાદથી શેખ સુલેમાનના ફઇનો કાગળ લઇને યમન આવેલ હતા). આ ચારે સાહેબોએ અમદાવાદ આવી શેખ સુલેમાને નસના બારામાં લખેલ એક કિતાબ કે જેનું નામ " રીસાલતુલ અનવાર " છે તે મારફત અમદાવાદના લોકોમાં **દાઇનો દાવો** જાહેર કર્યો. આથી શેખ સુલેમાનને રદીઓ આપવો જરૂરનો ધારી તેના રીસાલાના રદીયા રૂપે

સૈયદના દાઉદ બીન કુતુબશાહે બે કિતાબ બનાવ્યા જેનાં નામઃ—" ૧. રીસાલતુલ કબીરા ". ૨. " રીસાલતુસ્સગીરા ". આ રીતે કિતાબો બહાર પાડી શેખ સુલેમાનને બરાબર જવાબ આપ્યો છે.

જ્યારે શેખ સુલેમાનના રીસાલાઓ અમદાવાદમાં બહાર પડ્યા ત્યારે લોકોના દિલો ડામકડોલ થયા. તરતજ સૈયદના દાઉદે તેનો જવાબ ઉપર બતાવેલ રીસાલાઓ બહાર પાડી આપ્યો તે વખતે ઝબરદસ્ત ઝુમ્બેશ શરૂ થઇ હતી, કેમકે લોકો શકમાં હુબેલા હતા, જેથી શેખ દાઉદના રીસાલાથી તેઓને કરાર થયો ને હક પર સાબીત રહ્યા. આ વખતે શેખ સુલેમાનને માનનારાઓ અને શેખ દાઉદને માનનારાઓ જુદા જુદા ફીરકા તરીકે ઓળખાવા લાગ્યા. જો કે તે વખતે અમદાવાદમાં તથા બીજે સુલેમાનની દાઅવતને લોકોએ જવાબ આપ્યો નહોતો, છતાં જે થોડા લોકો તેમને માનતા હતા તેઓ **સુલેમાની** તરીકે ને બાકીનો મોટો ભાગ **દાઉદી વોહરા** તરીકે ઓળખાવા શરૂ થયા. અગર જો સૈયદના દાઉદ ખુલ્લી રીતે બહાર ન પડ્યા હોત ને રિસાલાઓ બહાર પાડી શેખ સુલેમાનના દાવાને જુઠો સાબીત ન કર્યો હોત તો શેખ સુલેમાન પોતાની પાસે જે બનાવટી નસનો કાગળ હતો તે મારફત જરૂર ફાવી જાત. પણ ખુદા પોતાના દિનના પનાહનો કરનાર છે તેથી ને ઇમામી તાઇદથી કુલ મોમિન સાબિત કદમ રહ્યા અને ત્યારથી એટલે હી૰ ૧૦૦૫ થી દુનિયાની પીઠ પરઃ—

" દાઉદી વોહરા કોમ " તરીકે ઓળખાવા લાગ્યાઃ—

હકના દાઇ શેખ દાઉદ બીન કુતુબશાહે કોઇને મારફાડ, ધાક–ધમકી કે ઘર લુંટવાની બીક શેખ સુલેમાનની માફક આપી નહોતી, પરંતુ આપે લોકોને હકના કલામોથી ને કિતાબોથી સાબીત કરી, રિસાલાઓ બહાર પાડી, મુમેનોને રાહે રાસ્ત પર રાખી " દાઉદી વોહરા "કાયમ કીધા. દાઉદી પંથ કોઇ જુદો મઝહબ નથી, પરંતુ તેઓની સીરત તે ચાલ ચલગત ખુદા ને ખુદાના રસુલના હુકમ પ્રમાણેની હોવાથી તેઓ હક પર સાબીત રહ્યા અને " દાઉદી વોહરા " તરીકે ઓળખાયા. આપે જે બે રિસાલાઓ બહાર પાડ્યા તેથી મોમિનોના દિલ બાગ બાગ બની ગયાં, પરંતુ આ રિસાલાની નીચેના સાહેબો મુનશી મોહમ્મદ ઇબ્ને રાજમોહમ્મદ, ઇબ્રાહીમ તથા આહમદ (સૈયદના દાઉત બીન અજબશાહની લોંડીના છોકરા), શેખ સુલેમાનના ફઇ ઝોહરાબાઇ તથા ઝોહરાબાઇનો કાગળ ચમન લઈ જનારા બે આસામી મામજીખાન તથા પીરોઝખાન વિગેરે ઉપર કોઇ પણ જાતની અસર થઇજ નહિ. કારણ તેઓ શેખ સુલેમાનને દાઈ બનાવવા માંગતા હતા. તેઓની ચાલબાજી પણ તેવીજ હતી તેથી તેઓના દિલોમાં કંઇજ અસર થઇ નહિ. આ ઉપરાંત આ સાહેબો સાથે કેટલાક સિદ્ધપુરી ભાઇઓ પણ શેખ સુલેમાનની દાઅવતમાં શામીલ થયા હતા. શેખ સુલેમાનના ફઇ સાહેબ આ વખતે સિદ્ધપુરમાં રહેતાં હતાં, તેઓ પોતાના ભત્રિજા તરફથી પોતે દાઈ બની દાઅવત કરવા લાગ્યાં, પરંતુ સિદ્ધપુરના લોકો પોતાના બાપદાદા પર " **દાઉદી** " તરીકે કાયમ રહ્યા. સુલેમાનની દાઅવતનો જવાબ સિદ્ધપુરમાં બરાબર મળ્યો નહિ તેથી શેખના ફઇ ઝોહરાબાઇ સિદ્ધ-

પુરથી કેટલાક માણસોને લઇને અમદાવાદ આવ્યાં ને અમદાવાદમાં શેખ સુલેમાનની દાઅવતને જાહેર કીધી. બાઈ ઝોહરાબાઈ આલેમા હતાં, ઇલ્મમાં પુખ્તા હતા તેથી કેટલાક કમ સમજના લોકોને એમ લાગ્યું કે ઝોહરાબાઇ ખુદ પડેલાં છે ને સુલેમાનના દાવાને કબુલ કરી સૈયદના દાઉદથી ફરી ગયા તેથી સુલેમાનના દાવામાં કંઈક વજુદ હશે તેવો શક પેદા થયો તેથી લોકો આપસમાં બહેસ કરવા લાગ્યા ને બંને પક્ષ તાનાઝની ઉપર આવ્યા. તે પછી જેઓને શક પેદા થયો હતો તેઓ કહેવા લાગ્યા કે સૈયદના દાઉદ જો સાચા હોય તો ઝોહરાબાઇને બોલાવી અમારા રૂબરૂ હુજ્જત કરે ને ઝોહરાના દાવાને તોડે તો અમો સુલેમાનની દાઅવતનો ઇનકાર કરી ને દાઉદ બીન કુતુબશાહના દીની મુરીદો બનીએ.

આ ઉપરથી સૈયદના દાઉદે પોતાના બાબે આઅઝમ મૌલાના શેખ આદમ, મૌલવી કાઝીલ મીયાં તૈયબશાહ બીન મોહમ્મદશાહ અને મૌલવી અમજદ અલી મોહમ્મદ ને ખુદ સૈયદના દાઉદ બીન કુતુબશાહના ફરઝંદ અબ્દુલતૈયબ તથા મૌલાઈ મીયાં તૈયબ બીન મોહમ્મદ અને હસનખાન બીન અલીખાન તથા અજબશાહ બીન અહમદ આ સર્વે સાહેબોને મો. અલીમોહમ્મદના ઘરે હાજર થવાનો હુકમ ફરમાવ્યો ને ત્યાંથી બધા મસજીદમાં હાજર થયા અને શેખ સુલેમાન તરફથી ઝોહરાબાઇ પરદામાં તથા બીજા સિદ્ધપુરથી ઝોહરાબાઈ સાથે આવેલા રહિસો પણ બાનએ બુદામાં હાજર થયા. આ ઉપરાંત મસજીદમાં બન્ને પક્ષના ઘણા માણસો હાજર થયા. આ વખતની મજલીસનો જલસો કંઈ ઓરજ માલુમ પડતો હતો. આ મજલીસમાં બેહુદા વાતો કે તાનાઝનીનું નામ નીશાન નહોતું. હકને બાતીલ પર ઇનસાફનું કામ હતું. હકના લોકોએ પુરી સભ્યતાથી હુજ્જત શરૂ કરી. કોઇ કોઇની તરફદારી કે દુનિયાની લાલચ નહિ, દરેક શખ્સે હકનો આશના થઇ પુર બહાદરથી પોતાની ફરીહ ઝબાનથી ખુદા ને ખુદાના રસુલની હદીસથી હકને સાબીત કરવા પ્રયત્ન ચાલુ કર્યો. બન્ને પક્ષમાં બિલકુલ ધુરકા ધુરકી ન હતી. બાદ શેખ સુલેમાન તરફથી ઝોહરાબાઈ આગળ વધ્યાં તથા શેખ સુલેમાનના યમનથી આવેલ મોહમ્મદ મુકરરમી એમાદ વિગેરેએ પોતાની દલીલ ઘણીજ સભ્યતાથી શરૂ કરી. (આ કુલ દલીલો ને વાતચીત દાઅવતના બીજા કિતાબોમાં મોજુદ છે). છેવટ દલીલોમાં ઝોહરાબાઈ પાછાં પડયાં તથા યમનથી આવેલ મોહમ્મદ મુકરરમી તથા એમાદની જે દુનિયાની લાલચ હતી તે હુજ્જત વખતે દેખાઈ આવી કે તે બન્ને શખ્સ ફક્ત દુનિયાની લાલચ માટે જ ઉલટા દોરવાયા છે. આ હુજ્જત બાદ સિદ્ધપુરથી આવેલ રહિશો સૈયદના દાઉદ બીને કુતુબશાહના ઘરે ગયા ને સૈયદનાથી માફી ચાહી ને પોતાના બેહદને પાછો લેવડાવ્યો ને અમદાવાદથી સિદ્ધપુર જવા વાસ્તે સૈયદના પાસે ઇજાઝત માગી. આપે સર્વેને વિદાય કીધા ને સિદ્ધપુરમાં આમીલ તરીકે મોલાઈ મીયાં તૈયબજી બીન મોહમ્મદજીને તેઓ સાથે મોકલ્યા ને સિદ્ધપુરનો અમર આપના વાસ્તે સાફ થયો. આપે ખુદાનો શુકર કીધો ને લોકોએ દાઅવતે હકના હરમ રહી ઇમામના નાયબને મદદ કીધી.

આ પછી શેખ સુલેમાનને માનનારાઓ જેઓએ તેને દાઇ તરીકે કબુલ કરી લીધા હતા તેઓ તથા સૈયદના દાઉદ બીન કુતુબશાહ કે જે ઇમામીઝઅમાનના નાયબ દાઅવતે

હાદિઆના કાયદા પ્રમાણે હકના દાઈ તરીકે કાયમ થયા હતા તેમને વલગનારાઓ એટલે **"દાઉદી વોહરા"** ઓ વચ્ચે વખતો વખત ઝઘડાઓ થતા. સુલેમાની પીરકાવાળાઓ દાઉદી વોહરા સાથે હુજ્જત કરતા અને વખતો વખત ઝુલમ પણ કરતા તથા ધમકીઓ આપી કહેતા કે જો તમો અમારા દાઈ સુલેમાનને કબુલ નહિ કરો તો જેમ યમનમાં ચાંદબ્બાઈ ને બીજાઓને કેદમાં નખાવ્યા હતા તેવાજ તમારા હાલ થશે ને તમો દુઃખી થશો, માટે સમજી જાઓ ને સુલેમાનની દાઅવતને કબુલ કરો.

સૈયદી બોજ બીન મલેક પોતાના રિસાલા "બઝલ્લઅમ" માં ફરમાવે છે કે, આ વખતે હી૰ ૧૦૦૫ માં અકબર બાદશાહના ફરઝંદ શાહજુરાદ ગુજરાતના સુબા થઇને આવ્યા હતા. સુબા સાહેબના કારકુન ફતેહમહમ્મદ હતા તેની સુલેમાનીઓના વડાએ મુલાકાત લીધી. મોહબ્બત થઇ. કેટલીક વાતચીત બાદ લોંડીના દિકરા ઇબ્રાહિમ કે જેણે શેખ સુલેમાનને કાયમ કરવામાં મદદ કરી હતી તેણે સૈયદના દાઉદ બીન કુતુબશાહ ઉપર સુબાની મદદથી ૧૦૮૦૦૦૦૦ એક કરોડ આઠ લાખ રૂપિયાનો દાવો કર્યો ને ફતેહમહમ્મદને રાજી કરવાનું વચન આપ્યું. તેથી ફતેહમહમ્મદે અમીર જફાએગની મદદથી સૈયદના દાઉદ બીન કુતુબશાહના મજબુત બાજુદાર મીયાં શેખ આદમ ને મીયાં અલીમોહમ્મદ પર જાત બજાવણી કરાવી ને જફાએગના કેદખાનામાં બંદીવાન કરાવ્યા. આ વખતે સૈયદના દાઉદ તથા અજબશાહ ઇબ્રને આહમદ અને કેટલાક કોમના રહિસોએ વઝીર સાદીક મોહમ્મદખાન પાસે જફાએગના ઝુલમની ખબર પહોંચાડી. આથી વઝીર ગરમ થઇ જફાએગને સખત ઠપકો લખ્યો અને લખ્યું કે " ખબરદાર ! હવે પછીથી " દાઉદી કોમને " દુઃખ પહોંચે નહિ. નહિ તો તમો સખ્ત સજાને લાયક થશો ". તમારા પાસે તેઓના બે માણસો કેદમાં છે તેમને કોઇ પણ જાતની ઇજા પહોંચે નહિ. તે બાદ વઝીર સાદીક મોહમ્મદખાને આવનારા દાઉદી કોમના સરદારો તથા રહિસોને દિલાસો આપ્યો ને કહ્યું કે " તમારી બધી હકીકત હું શાહ અકબર બાદશાહ પાસે રજુ કરીશ ને ઇન્શાઅલ્લાહ તમારા કેદ થએલા બે સાહેબોની રીહાઇ કરાવીશ. તમો બેફીકર રહો ". આથી વઝીર પાસે ગએલા સર્વે સાહેબોને સંતોષ થયો. તે પછી વખતો વખત તે સાહેબો વઝીરે આઅઝમની મુલાકાત લેતા ને મોહબ્બતના તોર પર ગુફતગો કરતા. બાદ આ વઝીરે આઝમની મદદથી ચાલીસ દિવસમાં મીયાં શેખ આદમ તથા મીયાં અલીમોહમ્મદ કેદથી છુટી ગયા. આ અરસામાં બીજા કેટલાક બનાવો બની ગયા છે તે આ કિતાબ મોટું થઇ જવાના સબબ અત્રે આપેલ નથી.

આ પછી ઇબ્રાહિમે (લોંડીનો દિકરો) તે ફતેહમહમ્મદના કહેવાથી કોટવાલ મુગલ ચંગાએગ ઉર્ફે જફાએગ કે જેના તાબામાં ઘોડેસ્વાર તથા પેદલ લશકર હતા તેની મદદથી મોમિનોને ઘણુંજ દુઃખ આપ્યું, પરંતુ આખર ખુદાએ હકના લોકોની જીત કીધી એ જીતનું કારણ એ થયું કે કોટવાલે મોમિનુનને તેઓના ઘરોમાં કેદ કરી રાખ્યા હતા તે વખતે દરેક કલામે શરીફની એક એક સુરત ઘણીજ ઇલહાનના સાથે પઢી. તે પછી સૈયદી શેખ આદમે " સુરતુલ્લુહ " ઘણી દિલચસ્પીથી પઢી. માઅનો (અર્થ) કીધો અને

બયાન કર્યું કે " નુહના લોકોએ નુહ પર ઝુલમ કર્યો તેથી તેઓ પાણીના તુફાનમાં ગરક થયા ". તે બાદ આપે ઘણી નસિહતોની હિકાયતથી **" ઉદઓ એલા રબ્બે સબીલેકા બીલ મવએઝતીલ હસનતે "**. **અર્થ**:—તું તારા રબના રસ્તા તરફ સારી નસિહતોથી દાઅવત કર. આ આયતના ફરમાન મુજબ આપે સઘળા મોમિનીનને ખૂબ નસિહત કીધી, તેથી તેઓ ખુદાથી ડરી રોવા લાગ્યા. આ હિદાયતના કલામથી કેટલાકના દિલો પર એટલી અસર થઇ કે જેથી તેઓને બુખાર આવી ગયો. તે પછી આપ સૈયદી શેખ આદમે નીચેની આયાત શરીફ જફાએગ તથા કુલ લશકરને સંભળાવી, **" ઇન્નલ લઝીના યૂજુનલ મુઅમેનીના વલ મુઅમેનાતે બે ગૈરે મકતસબૂ ફકદેહતમલૂ બોહતાનન્ વ ઇસમન્ મોબીના "**. અર્થ:—ખુદા ફરમાવે છે કે, " જે લોકો મોમિન મરદ કે મોમિન બૈરાને બેગુનાહ, વિનાકારણે સતાવશે, દુઃખ દેશે તેઓ ખરેખર તોહમતના લાયક છે ને મોટા પાપીઓ છે ". એ ભાઈ ! જરા સોંચ ! ઝુલમગાર કોણ છે ? હકના લોકો કોણ છે ? જુદા કોણ છે ? બદી કોણ કરે છે ? મારફાડ કોણ કરે છે ? કોના મૈયતો રખડે છે ? કોના મૈયતોની બેઅદબી થાય છે ? તે સોંચ ! ને ઉપરની આયતથી ધડો લે.

આ આયત મુગલ અમીર જફાએગ સાંભળી પસ્તાવા લાગ્યો ને તેણે કેદીઓને છોડી મુકયા, તેના દિલમાં ખુદાનો ખોફ પેદા થયો ને પોતે બેગુનાહો ઉપર કીધેલા ઝુલમથી પસ્તાવા લાગ્યો. છેવટ આ તકરાર શાહ મુરાદ પાસે મોમિનો લઈ ગયા ને ત્યાંજ આ તકરારનો અંત આવ્યો. (શાન્તી થઇ). ત્યાર બાદ મુગલ કોટવાલ જફાએગે લોંડીના છોકરા મહમ્મદ તથા ઈબ્રાહીમને બોલાવી કહ્યું કે, " તમો તમારા દાવાને સાબીત કરો નહિતો હું તમો બન્નેને ફાંસીની સજા કરીશ. આથી બંને ભાઇ કોટવાલ પાસે હાજર થયા ને કહ્યું કે આ દાવાના લખાણમાં ખાનજી નામના શખ્સની મદદ લીધેલી છે. બંને ભાઇઓએ આ ખાનજી મારફત છુટવાની ઘણી કોશિશ કરી છુટે હાથે રૂપિયા વાપર્યા, પરંતુ છેવટ સુધી કંઈ વળ્યું નહિ. આવા અનેક બનાવો બની રહ્યા હતા. સુલેમાનીઓ તરફથી જુદી જુદી રીતે લોકોને સતાવવામાં આવતા હતા તે દરમ્યાન સૈયદના દાઉદ બીન કુતુબશાહ મક્ષરી રહેતા હતા. આ મક્ષરી હાલતમાં આપ રાતોમાં ખુદાની ઈબાદત કરતા, નસ્રીલ લૈલ પઢતા, દિવસમાં કુરઆન શરીફની તિલાવત કરતા, મોમિનીન પર પડતા દુઃખો પર સબર કરી હમગમની દોઆ પઢતા. આપના એહલોઅયાલ સાથે હતાં પરંતુ આપના બે ફરઝંદ કુતુબખાન તથા ખાનજી દીવ બંદરે રહેતા હતા. તે પછી જ્યારે ઝુલમ ઓછો થયો ત્યારે આપ જાહેર થયા ને આપના બન્ને ફરઝંદોને દીવ બંદરથી બોલાવી લીધા. બાદ સઘળા અમનો અમાનથી મળ્યા, એક બીજાના સીનાથી લાગ્યા, (ભેટયા). ત્યાર બાદ સૈયદના દાઉદે પોતાના ફરઝંદ અબ્દુલતૈયબને શેખ આદમ સફીઉદ્દીન સાથે વઝીર સાદીક મોહમ્મદખાનની મુલાકાત વાસ્તે મોકલ્યા એટલામાં અચાનક વઝીર સાહેબ શાહમુરાદની સલામીથી પરવારી ઘર તરફ પધારતા હતા તેથી તેની મુલાકાત રસ્તામાંજ થઇ. શેખ આદમે આ સાથે આવેલ સૈયદના દાઉદના ફરઝંદ અબ્દુલતૈયબભાઇ છે એમ કહી ઓળખાણ કરાવી. વઝીર સાહેબ આપની મુલાકાતથી ખુશ થયા ને કહ્યું " તમો તમારા વાલીદને અમારા સલામ કહેજો ને કહેજો કે તમો તદન અમાનમાં છો. તમોને કોઈ પણ મુખાલીફ ઈજ્જ પહોંચાડી શકશે નહિ વિગેરે ".

આ રીતે શાંતિથી ભાઇઓ અમુક વખત સુધી રહ્યા. જો કે તે વખતે શેખ સુલેમાનની દાઅવત ચાલુજ હતી. અમુક વખત બાદ લોંડીના ફરઝંદ ઇબ્રાહીમ અમદાવાદથી અહમદપુર તેમના કેટલાક દોસ્તો સહીત જઇ રહેલ હતા તેવામાં તેમને દાઉદી ભાઇઓનો ભેટો થયો, બંને પાર્ટી વચ્ચે બોલાચાલી થઈ, વાત વધી ગઇ, મારામારી થઇ તેમાં ઇબ્રાહીમે દાઉદી કોમના ઇબ્રાહીમ બીન પીરના માથા પર લાકડી મારી ઘાયલ કીધા. આથી ઇબ્રાહીમ બીન પીર બેહોશ થયા. આ ખબર અમદાવાદમાં મોમિનને પડી તેથી મોમિનીનો પાલખી લઇ આવ્યા ને ઇબ્રાહીમને તેમાં સુરાડી ગામમાં લાવ્યા ને સૈયદના દાઉદે શેખ આદમ મામુજી બીન કાસમજી, અજબશાહ તથા કેટલાક મોમેનુનોને વઝીર સાદીક મોહમ્મદખાન પાસે મોકલ્યા ને ઉપર બનેલી દરેક હકીકત વઝીરે આઝમ પાસે જાહેર કરી. આ હકીકત સાંભળ્યા પછી વઝીરે આઝમે મજકુર લોંડીના પુત્ર ઇબ્રાહીમને પકડી મંગાવી કેદ કર્યો. આ પછી મજકુર ઇબ્રાહીમના મળતીઆઓએ તેને છોડાવવા માટેની તજવીજ શરૂ કરી કેટલાક અમલદારોની મુલાકાત લીધી, તેમની વગ અને મહેરબાનીનો ઉપયોગ કર્યો, પરંતુ કોઈ કોકાણે તેમની વગ કે ભલામણ કારગત થઈ નહિ ને તે ઇબ્રાહીમને છુટવાની કોઈ આશા તેઓને દેખાઇ નહિ. છેવટ વઝીરે આઝમ પાસે જઇ તેમને સમજાવી લેવાની કોશિશ કરી, ત્યાં પણ તેમને નિષ્ફળતા મળી અને આવનારા સાહેબોને સંબોધીને વઝીરે કહ્યું કે " ઇબ્રાહીમને હું ઓળખું છું તે ઘણોજ સીના સખ્ત છે. જો હું તેને મુકી દઇશ તો તે ફરી પાછો તોફાન કરશે તેનો કોણ જવાબદાર છે ? તે પછી પાછું કહ્યું કે જો ઇબ્રાહીમ મારી બે શરતમાંની એક શરત કબુલ કરે તો કેદથી તેને છોડવામાં આવે. તેમાં પહેલી શરત એ છે કે ઈબ્રાહીમે, ઇબ્રાહીમ બીન પીરને જે સખ્ત ઈજ્જ કરી છે તે બદલ પોતાનું નાક કપાવવા તૈયાર થાય. બીજી શરત એ છે કે મારી પત્ર લખી આપે ને દાઉદ ઇબ્નને કુતુબશાહના ફરમાનબરદાર થઇ મુરીદ બને ને પાછળથી કોઇ પણ જાતનો ફસાદ કરે નહિ કારણ તેનો ભરોસો નથી. આ બંને શરતોમાંથી ઇબ્રાહીમે સૈયદના દાઉદની તાઅતનો ઇકરાર કર્યો ને તેના તરફથી અમીરે જમાનત આપી. ત્યાર બાદ વઝીરે શેખુલઅજલ આદમ ને મૌલાઇ અલી મોહમ્મદને બોલાવી ઇબ્રાહીમ વિશેની બધી હકીકત કહી સંભળાવી ને કહ્યું કે " ઇબ્રાહીમ દાઉદ બીન કુતુબનો ઇકરાર કરે છે ". તે પછી ઇબ્રાહીમને અમીરના રૂબરૂ લાવવામાં આવ્યા ને શેખ આદમ સાહેબને પણ બોલાવ્યા. તે આવ્યા એટલે બધા ઉભા થઇ ગયા ને શેખ આદમ સાહેબને માન આપ્યું અને ઇબ્રાહીમને પુછયું કે " તમારી શરતો પ્રમાણે વર્તવાને તમો બંધાઓ છો ને ? ". ત્યારે ઇબ્રાહીમે જવાબ આપ્યો કે " અમારા દાઈ શેખ સુલેમાન સૈયદના દાઉદનો ઇકરાર કરશે તે પછી હું ઇકરાર કરીશ ". ત્યારે શેખ આદમે પુછયું કે, સુલેમાનને ઇકરાર કરવા માટે કેટલો વખત જોઇએ ? ચાર ચાર વરસ સુધી તો ઇકરાર કર્યો અને તે ઇકરારના કાગળો અમારા પાસે મોજુદ છે. ને આજે તમો કહેછો કે શેખ

સુલેમાન ઇકરાર કરે તો હું ઇકરાર કરું. આ ગુફ્તગો સાંભળી વઝીર તથા અમીર શાહ અબુતોરાબ ઘણાજ અજબ થયા ને શેખ સુલેમાનના ઇકરારનો કાગળો મંગાવ્યા ને જે દલીલ શેખ આદમે સુલેમાનના ઇકરારની કરી હતી તેની ખાત્રી કરવા માટે કાગળો જોવા માંગ્યા. આ હુકમ મુજબ શેખ સુલેમાનના આવેલા કાગળો તરતજ હાજર કરવામાં આવ્યા ને બધા કાગળ હાજર સાહેબોને વંચાવવામાં આવ્યા. આ કાગળો વાંચ્યા બાદ અમીર શાહ અબુતુરાબે તે કાગળો ઉપર સરકારી મહોર છાપ મારવા હુકમ કર્યો ને ફરમાવ્યું કે " આ અમારો સીક્કો એટલા માટે મારીએ છીએ કે સૈયદના દાઉદ શેખ સુલેમાનના કાગળોથી સાચા ઠરે છે અને તે ઉપરાંત સૈયદના દાઉદ બીન કુતુબશાહની સચ્ચાઇ વાસ્તે શેખ સુલેમાનના કાગળની દલીલો સહિતનો એક દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો ને તે ઉપર તે વખતના શાહના મોટા અમલદારો, વઝીર સાદીક મોહમ્મદ, કાઝી જનમોહમ્મદુસકાકી, અમીર કબીરશાહ, અબુતુરાબ વિગેરે અમલદારોની તે કાગળ ઉપર સહીઓ થઇ. અહીં " **દાઉદી કોમ** " ની જીત થઇ.

બાદ સૈયદના દાઉદનું હંમેશનું કામ ઇલમ પઢાવવાનું, અમલ સાલેહાત પર ચાલવું ને ચલાવવા પર કાયમ રહ્યું. આપના ઝમાનના મોમિનો તથા મોમિનાત પણ આપના પગલે ચાલતા. અમલમાં હરામ હલાલના એહકામ પર ગૌર કરી ચાલતા. હી૰ ૯૯૭ માં આપ જે વખતે દાઅવતે હાદિયાના બાની થયા તે વખતે નીચે પ્રમાણે આપના હુદુદો હતા. તેઓને ઉપલી જીતની ખુશાલીમાં નવાજ્યા.

૧. શૈખુલ અજલ સૈયદી મીયાં કાજી બીન અમીનશાહ મુજ્દઉદ્દીન.
૨. અશ શૈખુલ અજલ મીયાં આદમ બીન તૈયબ સફીયુદ્દીન.
૩. ,, ,, ,, અમીનજી બીન જલાલ.
૪. ,, ,, ,, ફીરભાઈ ઉર્ફે મોહમ્મદ.
૫. ,, ,, ,, અલી મોહમ્મદ ઉર્ફે ફીરોઝ હુસામુદ્દીન.
૬. આપના ફરઝંદ સૈયદી અબ્દુલતૈયબ ઝકીયુદ્દીન ઉર્ફે દાઉદ બીન કુતુબશાહ.
૭. મીયાં આહમદ બીન મલકશાહ શાહમુદ્દીન.
૮. સૈયદી કાસીમ બીન પીર ઝૈનુદ્દીન.
૯. મીયાં અમીનજી બીન અલી.

આ સઘળા સાહેબો દાઅવતના સિતારા હતા, ઇલ્મ ને અમલમાં પોતાના દાદાના જેવા, ને તાઅતમાં પહાડ જેવા હતા. ઇબાદતમાં રાતોને ઝીંદા કરનાર હતા. આ સઘળા સાહેબો રસુલુલ્લાહના કોલ મુજબ " ઓલોમાઓ ઉમ્મતી કઅંનબીયાએ બની ઇસરાઇલ " અર્થ:—મારી ઉમ્મતના આલેમો બની ઇસરાઇલના વખતના નબીઓ જેવા છે. આ પછી આપે રાજપુરમાં એક મકાન બનાવ્યું. આ મકાન બનાવવામાં દાઅવત વાસ્તે એક ભેદનું કારણ હતું તે ફક્ત આપના હુદુદોજ જાણતા હતા.

અગાઉ આપણે (પાના ૧૪૪ માં) વાંચી ગયા છીએ કે શેખ સુલેમાનને યમનમાં ૮૦૦૦૦) એંસી હજાર ઇબ્રાહીમી સિક્કાની જમાનત પર છોડેલા હતા, પરંતુ તે જમાનત બરાબર વખતસર અદા નહિ કરી શકવાથી તુરકી અમીરના ફરમાન અનુસાર પાછા તેને પકડવામાં આવ્યા ને સના શહેરના કિલ્લામાં કેદ કરવામાં આવ્યા. અહીં કેટલાક વખત સુધી આ કિલ્લામાં શેખ સુલેમાનને રહેવું પડ્યું છે. તેમને છોડાવવાની કાંઇ તજવીજ કારગત થઇ નહિ તેથી છેવટે શેખે કેદખાનામાંથી નાસી છુટવાનો ઇરાદો કર્યો ને યામ કબીલાના કેટલાક માણસોની મદદથી કેદખાનામાંથી શેખ સુલેમાન રાતના ફરાર થયા (ભાગી ગયા) ને સના શહેરની હદ છોડી દુરની બીજી હદમાં જઇ રહ્યા. તેમની સાથે યામ કબિલાના કેટલાક માણસો હતા તેઓ બધા ચાલતા ચાલતા હુજ્જના કાફલા જ્યાંથી આવજાવ કરતા હતા તે રસ્તા પર આવી પહોંચ્યા. અહીં યામ કબીલાના લુંટારાઓએ લાગ જોઇ કેટલાક કાફલાને લુંટ્યા. આ કામ જોકે શરીઅત બિલાફ હતું ને શેખ તે સારી રીતે સમજતા હતા છતાં ચુપ રહ્યા ને સાથવાળા યામ કબિલાવાળાઓને લુંટફાટ કરતા અટકાવ્યા નહિ. ત્યાર બાદ ચાલતાં ચાલતાં તેઓ હરમુઝ બંદરે પહોંચ્યા, ત્યાંથી તેઓ વહાણમાં બેસી હિન્દ તરફ રાધનપુર આવ્યા ને રાધનપુરથી અમદાવાદ તા. ૧ લી જમાદીલ અવ્વલ હી૰ ૧૦૦૫ માં દાખલ થયા ને શમ્સ બીન જફરના ઘરે ઉતારો કર્યો. અહીં આવી શેખ સુલેમાને પોતાની દાઅવત શરૂ કરી ને ઇબ્રાહીમ બીન સૈયદના દાઉદ બીન અજબશાહની લોંડીના છોકરાને મશવેરત વાસ્તે બોલાવ્યો, બંનેએ મશવેરો કર્યો કે " આપણે સૈયદના દાઉદ પાસે એક કરોડ આઠ લાખ રૂપિયા માંગીએ છીએ, તેની દરખાસ્ત શાહી દરબારમાં આપીએ. આથી સૈયદના દાઉદ પોતાના દાવાને મુકી દેશે ને આપણા સાથે થશે. આ બાબતનો ઘણા દિવસ સુધી વિચાર ચલાવ્યો ને છેવટે તેણે શાહી દરબારમાં સૈયદના દાઉદ બીન કુતુબશાહ ઉપર દાવો માંડ્યો. આ દાવાના જવાબમાં તેના વિરૂદ્ધમાં મોમિનોએ એક અરજી વઝીરની જનાબમાં કરી. આ અરજી ઉપરથી વઝીરે શેખ સુલેમાન તથા ઇબ્રાહીમને દરબારમાં બોલાવ્યા ને કહ્યું કે, તમો વળી પાછા ફસાદ કરવા ચાહો છો એવું માલુમ પડે છે, તેથી અમીર અબ્દુલવહાબે તે બંનેને ૩૮ દિવસ સુધી નજરકેદ રાખ્યા ને તેઓની ફરિઆદથી સૈયદના તરફના બે માણસો શેખ આદમ ને મોલાઇ અલીમોહમ્મદને પણ પકડ્યા. બંને પાર્ટીની ફરિઆદ સૈયદ કાસિમ પાસે ગઇ. પરંતુ સૈયદ કાસીમ સાહેબ પાસે કેટલીક લાગવગ પહોંચવાથી તેણે શેખ સુલેમાન તથા ઇબ્રાહીમને છોડી મુકયા. આથી સૈયદના દાઉદે મામુજી બીન કાસમજી તથા હસનજી બીન અલીખાન ને ગુજરાતના સુબા શાહ મુરાદબેગ પાસે ભરૂચ મોકલ્યા, પરંતુ તે વખતે શાહ મુરાદબેગ ભરૂચમાં નહોતા. દખણના જીલ્લામાં ગયેલા ને દરેક કારોબાર પોતાની બેગમને સોંપી ગયા હતા તેથી બેગમ સાહેબા (કે જે અગાઉ હસન બીન અલીની ધાવ તરીકે હતા) તેમને આ બંને સાહેબોએ અરજી પહોંચાડી. આ ઉપરથી બેગમ સાહેબાએ તરતજ શાહી ફરમાન લઇ ચાર સવારને અમદાવાદ મોકલ્યા ને હુકમ કર્યો કે શેખ આદમ ને શેખ અલીમોહમ્મદને છોડી મુકજો અને ઇબ્રાહીમને તથા શેખ સુલેમાનને ભરૂચ મોકલો. શાહી ફરમાન દેખતાના સાથ સૈયદ કાસીમે બંને સાહેબોને છોડી મુકયા ને શેખ સુલેમાન તથા ઇબ્રાહીમને ભરૂચ રવાના કર્યા. આ પછી શેખ આદમ સાહેબ તથા મીયાં અલી-

મોહમ્મદ તા. ૨૭ રમઝાન ૧૦૦૫ માં અમનોચમાનથી અમદાવાદ પહોંચ્યા ને શેખ સુલેમાન તથા ઇબ્રાહીમ કેટલોક વખત ભરૂચ અટકમાં રહ્યા, બાદ તેઓને છોડી મુકવામાં આવ્યા. ત્યાર બાદ તેઓ પાછા અમદાવાદ આવ્યા, પરંતુ શેખ સુલેમાનને શાન્તિ થઈ નહિ ને નવો દાવ અજમાવવાની તજવીજ કરી ને તેણે યુસુફ બીન શાહજી તથા જમીર બીન હાદીને લાહોર અકબર બાદશાહ પાસે મોકલ્યા ને તેણે એક કરોડ ને આઠ લાખ રૂપિયાનો જે દાવો કરેલ હતો તે ફરીથી શાહી અદાલતમાં ચલાવવાની તજવીજ કરી. આ ખબર સૈયદના દાઉદને પડવાથી આપે પોતાના મનસુબ શેખ સફીયુદ્દીન તથા મીયાં અલી-મોહમ્મદને શેખ સુલેમાનનો દાવો રદ કરી પોતાનો હક્ક સાબીત કરવા લાહોર મોકલ્યા. આ બંને સાહેબો સૈયદનાના હુકમ મુજબ બાલબચ્ચાને મુકીને લાહોર રવાના થયા, તેઓએ પોતાની સાથે બીજા ૧૪ માણસો લીધા ને અમદાવાદથી ઇંદુલફીતરના નીકલી .તા. ૧ લી જીકાદના રોજ લાહોર પહોંચ્યા.

ઉપર પ્રમાણે કારવાઇ કર્યા પછી આપ સૈયદના અમદાવાદના લોકોને હિદાયત આપતા હતા તેવામાં આપના બૈરો ખતીજાબાઇ બિન્તે મીયાં હાજી એકાએક બિમાર થઇ વફાત થયાં. તે બાદ તરતજ આપ અખ્ફી થયા. લાહોર શેખ સુલેમાન તરફના માણસો પહેલા ગએલા હોવાથી ત્યાં બાદશાહના સુબા એહદી કમાલખાન સાથે મોહબ્બત કરી, તેની મદદથી સૈયદના દાઉદના માણસો આવે કે તરતજ તેમને કેદ કરવામાં આવે તેવો બંદોબસ્ત કર્યો અને જ્યારે સૈયદનાના માણસો લાહોર પહોંચ્યા કે તરતજ સુબા સાહેબ એહદીએ તેઓને કેદ કરવાનો હુકમ ફરમાવ્યો ને અકબર બાદશાહ પાસે સુબાએ જઈ તેમને સમજાવી સૈયદના તરફથી આવેલ માણસોમાંથી છ સિવાય બધાના હાથ પગમાં બેડીઓ પહેરાવી કેદખાનામાં પુર્યા. આ છ સાહેબોમાં ૧ શેખ આદમ સાહેબ. ૨. મોલાઈ અલીમોહમ્મદ. ૩. દાઉદજી. ૪. ખાનજી. ૫. તાજમોહમ્મદ. ૬. મલકજી. આ છએ સાહેબો ઉપર પણ ઘણોજ જુલમ ગુજારવામાં આવ્યો. આ મજલુમોમાંથી મોહમ્મદજી બીન અલીએ બાદશાહના વઝીરેઆઅઝમ ખાનઆઝમને ખબર આપી કે અમારા ઉપર વગર કુસુરે, વગર ધન્સાફે, નાહક જુલમ થઈ રહેલ છે વાસ્તે તપાસ થાય. આ ઉપરથી વઝીરેઆચઅઝમે કમાલખાન નામના અમલદારને બોલાવી હુકમ કર્યો કે અમદાવાદથી જે મુકદમો આવેલ છે તે હાજર કરો ને તેનું સંપૂર્ણ બયાન પહેલેથી છેવટ સુધીનું કરો. આ કેસમાંનો એક પણ કાગળ બાકી ન રહેવો જોઇએ અને શાક્ષિઓ જેટલા હોય તે બધાને હાજર કરો. આ હુકમથી કમાલખાંએ શેખ આદમને બોલાવી પુછ્યું કે તમારા પાસે શું શું પુરાવા છે ને કોણ કોણ શાક્ષિ છે તે નોંધાવો, નહિ તો મારે અમદાવાદ શાક્ષિ પુરાવા લેવા જવું પડશે. આથી શેખ આદમ સાહેબે મજકુર કમાલખાનને કહ્યું કે તમોને અમદાવાદ જવાની જરૂર નથી હું આપને દરેક સવાલના જવાબો આપીશ તેમ પુરાવાઓ રજુ કરીશ. પરંતુ કમાલખાનને દુનિયાની લાલચ થઈ, મહોટાઈ જોઇતી હતી તેથી તે કુંકામાં પતાવવાને બદલે લંબાણ થાય તેવા પ્રયત્ન કરવા લાગ્યો ને તેમ કરવામાં તે ફાવ્યો. એટલે તેણે બધા કેદીઓને તેના સાલા ઉસ્માનને સોંપી પોતે ઇબ્રાહીમને સાથે લઇ લાહોરથી અમદાવાદ તા. ૧૨ મી જીલહજના રોજ આવ્યો ને અમદાવાદમાં આવી

તેણે જુલમ ગુજારવો શરૂ કર્યો ને તેના માણસોને સખ્ત તકેદારી કરી કે કોઇ પણ દાઉદી વોહરો ઘરથી બહાર ન નીકળે તેની સંભાળ રાખો ને તે માટે દરેક મોહલ્લાઓમાં ચોકીપાનો રાખી દીધા. અગર ભુલેચુકે કોઇ ઔરત બાહાર નીકળતી તો તેની બેઇજ્જતી કરતા, કોઈ બચ્ચું ભુલે ચુકે બહાર નીકળતું તો તેના દાગીના ઝુંટવી મારી કાઢી મુકતા. આ રીતે તરેહ તરેહના જુલમ કરવા લાગ્યા કેટલાકે દાગીનાઓ આપી જુલમ ઓછો કરવાની માગણી કરી, પરંતુ કમાલખાને તેઓને કોઈ રીતે રાહત આપી નહિ ને જુલમ કરવો ચાલુ રાખ્યો. છેવટ તેણે સાત મોમિનોને કેદ કર્યા ને પુછ્યું તમારામાં મહોટો કોણ છે ? ત્યારે સઘળાએ જવાબ આપ્યો કે તેઓ લાહોર છે. ત્યારે ઇબ્રાહીમે કહ્યું કે જેના ઉપર અમોએ કેસ માંડેલો છે તે તો નથી; ત્યારે સઘળાએ કહ્યું તેની અમને ખબર નથી.

આ ઉપરથી એહદી કમાલખાને બહુજ જુલમ શરૂ કર્યો. અને શેખ સુલેમાને સઘળા મોમીનીને કહ્યું તમે દાઉદ બીન કુતુબશાહને મુકી દીઓ ને મને એહદ આપો તો સઘળા રાહતમાં રહેશો ને મુસીબતથી છુટશો. ત્યારે બધા મોમીનોએ જવાબ આપ્યો કે અમો અમારા પેશ્વા સૈયદના દાઉદ જે પ્રમાણે રસુલુલ્લાહ અ. સ. ને તેના વસી અલી અ. સ. ની વલાયત રાખે છે તેજ પ્રમાણે અમો તેમની વલાયત રાખીએ છીએ ને તેનેજ અમો માનશું. આથી એહદી કમાલખાને વધુ જુલમ કરવો શરૂ કર્યો. જુલમના સબબ દરેક મોમીનીના દીલો ધ્રુજવા લાગ્યાં ને આ જુલમથી છુટવા માટે બાદશાહ પાસે અરજી કરવા દશ માણસો મોમીનીનની મુશકીલ કુશાઈ કરવા ભુખ્યા પ્યાસા તૈયાર થયા ને રાતોરાત લાહોર તરફ જવા અમદાવાદથી રવાના થયા ને તા. ૧૪ મી સફરે લાહોર જઈ પહોંચ્યા ને સૈયદી શેખ આદમ સાહેબને મળ્યા ને બધી હકીકતથી વાકેફ કર્યા. અહીં અમદાવાદમાં કમાલખાંએ સૈયદના દાઉદની શોધ કરી બે માણસને પુછ્યું. જવાબમાં કહ્યું કે અમોને ખબર નથી. તેથી તેમને કેદ કર્યા, કેટલાકના ઘરો પર ટાંચ લગાડી, કેટલાકના ઘરબાર લુંટી લીધાં, કેટલાકોને ભોંયરામાં કેદ કીધા, કેટલાકો પાસેથી પુષ્કળ માલ લઇ છોડી મુકયા. કેટલાકોને કહેવામાં આવતું કે આટલો માલ ને રકમ આપશો તોજ છુટશો પરંતુ માલ લઇને પણ છોડતો નહોતો ને કહેતો કે તમારા પીરને હાજર કરો. પરંતુ કોઈ મોમીનને સૈયદના દાઉદ બીન કુતુબશાહ કયાં રહે છે તેની ખબર નહી હોવાથી જવાબ આપી શકતા નહોતા ને કહેતા કે અમને ખબર નથી. શું કહીએ ? કયાંથી બતાવીએ ? આ પ્રમાણે જુલમ ગુજારી મોમીનીનોના માલ અસબાબ તથા જર, જવાહેરાત લુંટી એહદી કમાલખાન લાહોર તરફ રવાના થયો ને સાથે કેટલાક મોમીનીનોને કેદ કરીને લેતો ગયો.

હવે જે દશ આસામીઓ અમદાવાદથી લાહોર ગયા હતા તેઓએ શેખ આદમ સાહેબને તેમના ઉપર કમાલખાન તરફથી થયેલ જુલમની બધી હકીકત કહી સંભળાવી આથી સૈયદી શેખ આદમે બાદશાહને વઝીરના વસીલાથી કહેવડાવ્યું કે, એહદી કમાલખાન અમદાવાદથી અમારા "દાઉદી ફોમના" લોકોના ઘરબાર લુંટી, માલમતા લઇ અહીં આવવા રવાના થયેલ છે વાસ્તે જો અમારી વાત સાચી હોય તો સરકાર લાહોર બહાર દરવાજા પર ચોકી પહેરા બેસાડે કે જેથી તેમણે લુંટેલો ખજનો તથા માલ અસબાબ જર

જવાહેર ગામમાં દાખલ ન કરી શકે. ને જે ગામમાં માલ ને ઝેવર દાખલ કરી દેશે તો પછી માલ હાથ લાગવો મુશકેલ થશે ને અમો જુદા ઠરીશું. આ ઉપરથી એક શાહી હુકમ રાજારામને પહોંચાડવામાં આવ્યો તેમાં લખ્યું હતું કે, એહદી કમાલખાન અમદાવાદથી લુંટ ચલાવી લાહોર આવે છે માટે તેનો માલ અસબાબ જપ્ત કરજો. આ ઉપરથી રાજારામ થોડાક સવારો લઇ શીરોઝપુરની નદી પાસેથી કમાલખાનને ગિરફતાર કરી ગામમાં લાવ્યો. સાથે ૧૩ શખ્સો શેખ સુલેમાન તરફના હતા તેઓને પણ લુંટના માલના આરોપસર કેદ કર્યા ને લુંટનો તમામ માલ ઝર, જવાહેરાત વિગેરે કબજે કરવામાં આવ્યું. આ નક્કર સાબીતિના સબબ કમાલખાનને તેમજ તેની સાથેના બીજા તેર શખ્સોને કેદ કરવામાં આવ્યા, તે બાદ બાદશાહી કોર્ટમાં બધા ગુનેહગારો તથા ફરીયાદીઓને હાજર કર્યા. પહેલી પુકાર શેખ આદમની થઇ. તરતજ તે હાજર થયા. બાદ તેમની (શેખ આદમની) ઝબાની શરૂ થઇ. આપે દરેક સવાલોના જવાબો બરાબર ખુશી સાથે આપ્યા ને તેમના ભાઇઓ ઉપર શેખ સુલેમાનના દાવાથી જે જે ઝુલમો થયા તે સઘળી ઝીકર વિગતવાર કહી સંભળાવી. આ બધી હકીકત સાંભળી બાદશાહ લાલ-પીળા થઈ ગયા ને આ પ્રમાણે અમારા અમલ દરમ્યાન અમારા નામથી અમારા માણસો બેગુનાહો ઉપર ઝુલમ ગુજારી બાદશાહતને બદનામ કરે છે તેથી બાદશાહને ઘણોજ ગુસ્સો થયો ને કહ્યું કે "કમાલખાન જેવા નાના અમલદારો ફક્ત પ્રજાની રાહત વાસ્તે રાખવામાં આવે છે નહિ કે લોકો ઉપર ઝુલમ કરવા માટે". તે બાદ શાહે વઝીરને કહ્યું કે આ કેસનો ફેંસલો તરત કરો કારણ આ બધા અહીં છ છ મહિના થયાં આવેલા છે ને તેમનો કોઈ તરેહનો ફેંસલો કરતા નથી તે અમારી બાદશાહતને બેબ લગાડનારૂં કહેવાય. આ પછી તમામ મોમિનીન કેદીઓને બાદશાહે છોડી મુકવાનો હુકમ કર્યો. બાદ વઝીરે આઝમે બંને પક્ષકારોને બોલાવ્યા ને દરેકની વાત સાંભળી. આ પછી શેખ સુલેમાને કહ્યું. સામેવાળાઓ જે આસામી ઉપર અમારા દાવાનો મોટો આધાર છે તે આસામીને તેઓ હાજર કરતા નથી વાસ્તે શાહી હુકમ થાય કે તેઓ પ્રતિવાદીને હાજર કરે. બાદ શેખ આદમને પુછવામાં આવ્યું કે તમો શા વાસ્તે તમારા મુરશીદને હાજર કરતા નથી ? અગર હાજર નહિ કરો તો શાહની બકશી તમારા પર રહેશે; પણ સૈયદી શેખ આદમ સાહેબે હાજર કરવાની કબુલત આપી નહિ. આ બબર શાહને કરવામાં આવ્યા જેથી શાહ ઘણા ગુસ્સે થયા ને કહ્યું કે અગર જો તેઓ તેમના સરદારને હાજર નહિ કરે તો તેમને અમદાવાદથી કાઢી મુકવામાં આવશે. આ ધમકીથી મોમિનો ખુબ ડર્યા ને તેઓને લાગ્યું કે અગર જો આપણે સૈયદનાને હાજર કરશું તો બાદશાહ તેને કતલ કરશે તેવા બોકથી તેઓ ચુપ રહ્યા. કંઇ પણ બોલ્યા નહિ.

છેવટે વઝીરે આઝમે જોયું કે આ "દાઉદી લોકો" માનતા નથી ને ચુપ છે તેથી બાદશાહના પ્રજા હિતેચ્છુ ને રાજ્યના માનીતા રાજવૈદ્ય હકીમ અલીને સમજાવવા મોકલ્યા કે તમો દાઉદી કોમને સમજાવો ને કહો કે તેઓ પોતાના મુરશીદને હાજર કરે. આથી હકીમ અલીએ શેખ આદમ સાહેબ તથા બીજા રહિસોને બોલાવીને કહ્યું કે તમારો ફેસલો આપવાનું રાજાએ મને સોંપ્યું છે. હું શીઆએ અમિરૂલ મોઅમેનીન છું વાસ્તે મારૂં કહેવું માની સૈયદના દાઉદને હાજર કરો ને હજુ હું તમોને વચન આપું છું કે હું

તમોને કે તમારા મુરશીદને ઉની આંચ નહિ આવવા દઉં. મારા વચન ઉપર ભરોસો રાખો. જો કે શેખ સુલેમાન પોતાના દાવામાં જુઠા છે પણ અગર શાહી હુકમ થાય ને રૂપિઆ ભરવા પણ પડે તો હું મારા તરફથી રૂપિઆ ભરી દઇશ ને તમારા મુરશીદને બચાવી લઇશ. જો શાહી હુકમ નીકળે કે દાઉદી કોમના સરદારને કતલ કરો તો હું મારા જોખમે સૈયદનાને બચાવી હું પોતે શીદા થઇશ. માટે મારૂં કહેવું તમો માનો ને તમારા મુરશીદને હાજર કરો નહિ તો શાહનો છેલ્લો હુકમ ઘણોજ બરાબર નીકળશે. હું તમોને બરાબર ઇન્સાફ અપાવવાની બાત્રી આપું છું. આ સાંભળી સૈયદી શેખ આદમ અને મોલાઈ મામુજીએ અરજ કીધી કે તમારો બરોબો એમજ છે ને તમો તમારા કોલના સાચા છો તો અમો હવે અમદાવાદ જઇને અમારા આકાને બોલાવી લાવશું, પરંતુ અમોને શાહી પરવાનો લખાવી આપો કે આ પરવાનાવાળા માણસોને કોઈ પણ અમલદાર સતાવે નહિ. તે બાદ તેઓએ કહ્યું કે સૈયદના દુશમનોના બોકથી મખરી છે તે મળશે તો હાજર કરશું ને નહિ મલે તો ત્યાંના હાકીમનો સિક્કો લઇ પાછા આવશું ને આપની ખિદમતમાં હાજર થઇશું. આથી હકીમ અલી ઘણા ખુશ થયા. બાદ હકીમ અલી સાહેબે પુછ્યું કે તમો એ શેખ આદમ ! શેખ સુલેમાન વાસ્તે શું કહો છો ? ત્યારે આપે ફરમાવ્યું કે શેખ સુલેમાને અમારા શેખ દાઉદ ઉપર બોટો દાવો કરેલ છે તેમજ તેમણે બનાવટી કાગળ કરી અમારા સૈયદના ઉપર ઇલઝામ મુકયો છે. ત્યારે હકીમ સાહેબે પુછ્યું કે શેખ દાઉદને તમો કેવા માનો છો ? તે તમારા મુજતહીદ છે, ઇમામ છે કે હિન્દમે ઇમામ છે ? ત્યારે શેખ આદમે જવાબ આપ્યો કે મુજતહીદ કે ઇમામ નથી પણ હિન્દમે ઇમામ તરીકે અમે સમજીએ છીએ. ઇમામ પરદે છે, તેની તરફથી કારોબાર કરે. રસુલુલ્લાહ સ. અ. નીં સીરત અમારા દાઉદની સીરત છે, ઇલ્મ પઢવું ને પઢાવવું અમારા દાઉદનું કામ છે ને કુરાનેમજીદના હાફીઝ છે, આશકે અલી છે, અલ્લાહના વલી છે. શબોમાં નમાઝને કાયમના કરનાર છે, દિવસે રોઝાના રાખનાર છે, હ. અલી સ. અ. નીં મનકબત વિરદે ઝબાન છે વિગેરે. ત્યારે હકીમે પુછ્યું. તમારા શેખ દાઉદ શું તોર પર હિદાયત દે છે ? તમારા પાસે તેની શું સાબેતી છે ? શેખ આદમે જવાબ આપ્યો. જ્યારે અમો લાહોર આવ્યા ત્યારે વિદા થતી વખતે તેમણે કહ્યું કે એ શેખ આદમ ! હું તમને વસિયત કરૂં છું કે "તમો ખુદાથી ડરજો" ને આપણા બેદને મખરી રાખજો. મોમેનુન વાસ્તે એહસાન ને લુત્ફની વસિયત કીધી છે. આ હકિકત સાંભળી હકીમ અલીની આંખમાં આંસુ આવી ગયાં ને હઝરત અલી અ. સ. ની વલાયતનો જોશ પેદા થયો. તે બાદ તે હકિમે બાદશાહની મુલાકાત લીધી તેમાં દાઉદી કોમ પર ઝુલમ કયા કારણસર થાય છે ને તેમના મુરશીદ શેખ દાઉદ શા વાસ્તે છુપતા ફરે છે તે બયાન કરી તેના બે કારણો છે તેમ કહ્યું. શાહના પુછવાથી તે બે કારણોનો ખુલાસો હકીમ અલી કે જે શાહના માનીતા હકીમ હતા તેણે વિગતવાર નિચે પ્રમાણે કર્યોઃ—

૧. લું કારણ એ છે કે, આ દાઉદી જમાત શીયા મઝહબ પાળે છે. જ્યારે આપણા કુલ અમલદારો સુન્ની મઝહબના છે. આપ સારી રીતે જાણો છો કે સુન્ની મઝહબવાળાઓ શીયાઓ વાસ્તે કેટલા સખ્ત છે.

૨. જું કારણ એ છે કે, શેખ દાઉદ ઉપર એક હબસી લોંડીના છોકરા ઇબ્રાહીમ એમ દાવો કરે છે કે, મારા બાવા મને દાઇ (મુરશીદ) બનાવી ગયા છે. આ ઇબ્રાહીમે પોતાના ઉસ્તાદને બનાવટી કાગળ પર પોતે ચોરેલી સૈયદના દાઉદ બીન કુતુબશાહની મોહોર છાપ લગાવી બનાવટી કાગળ બતાવી પોતાના ઉસ્તાદ શેખ સુલેમાનને દાઇ બનાવવા માગે છે.

આ બે કારણસર તેઓ પોતાના હાદીને હાજર કરતા નથી, પરંતુ તેમના હાદી તો આપની પાસે મૌજુદ છે ને આપના અમાનની રાહ જોઇ બેઠેલા છે. આ હકીકત હકીમ અલીની ઝબાનીએ બાદશાહે સાંભળી ને શાહને દાઉદી કોમ પર જુલમ થવાના મૂળ કારણો જણાઇ આવ્યાં. ત્યાર બાદ કેટલાક દિવસ પછી બાદશાહે શેખ દાઉદને બોલાવવા જનારને ઘણું માન ઇકરામ આપ્યું, પોશાક આપ્યો ને એહદી કમાલખાન જે અમદાવાદથી મોમિનોને સતાવી જુલમ કરી તેમનો માલ લુંટી લાવેલ હતો તે પાછો આપી દેવા શાહી હુકમ નીકળ્યો. ખુદાતઆલા હકીમ અલીને નેક જઝા આપજ્યે; કે તેણે બાદશાહને ખુલ્લી રીતે સમજાવી ઇન્સાફ આપવામાં બાદશાહ તથા મોમિનીનને મદદ કરી દોઆએ બેર લીધી. આ નેક ઇન્સાફની ખુશાલીમાં બાદશાહે લાયકોને ઇનઆમ આપવાનું મુનાસીબ ધારી હજુરીઓને ચાર પોશાક લાવવાનો હુકમ કર્યો. તે પ્રમાણે ચાર પોશાક લાવવામાં આવ્યા ને તેમાંથી ૩ પોશાક સૈયદના દાઉદને અમદાવાદ બોલાવવા ગએલાઓને અને એક પોશાક ખુદ સૈયદના દાઉદ બીન કુતુબશાહ વાસ્તે આપ્યો. ત્યાર બાદ બાદશાહની 19હજુરમાંથી ત્રણ સાહેબો શાહી સવારોની મદદ સાથે લાહોરથી રવાના થયા ને તા. ૨૦ Dec 15-97 મી જમાદીઉલ ઉલા હી૰ ૧૦૦૬ ના રોજ અમદાવાદ પહોંચ્યા ને શાહી હુકમ અમદાવાદના સુબા સાહેબને પહોંચાડયો, તેમાં ફરમાવ્યું હતું કે, કોઈ પણ દાઉદી કોમના લોકોને પરેશાન ન કરે કે દુઃખ ન આપે". બાદ રાતના નીસરીલલૈલના વખતે લાહોરથી આવેલા શખ્સો સાદાવના વેશમાં મોહલ્લામાં સવાલ કરતા નીકળ્યા, કારણ કે તેઓને ખબર નહોતી કે મોલાના સૈયદના દાઉદ કયાં મખ્ફી થયા છે, તેથી આમ સવાલ કરીએ કે જેથી સૈયદના દાઉદ અમારા અવાઝને સાંભળીને અમને બોલાવે. આ પ્રમાણે દરેક અમલ કર્યો. છેવટે મોલાના અલી મોહમ્મદ રાતના નીસરીલલૈલ વખતે સવાલ કરતા કરતા મોહલ્લામાં નીકળ્યા. તરતજ સૈયદના દાઉદે મોલાઈ અલી મોહમ્મદના અવાઝને ઓળખી લીધો ને બારીમાંથી પુછી જોયું કે બાહેર કોણ છે ? તરતજ અલી મોહમ્મદે જવાબ દીધો કે લાહોરનો મુસાફીર અલીમોહમ્મદ છું. આપે અલીમોહમ્મદને ઘરમાં બોલાવ્યા ને બીજા આપની સાથેના સાહેબોને બોલાવી લાહોરના અખબાર પુછ્યા. આથી અલીમોહમ્મદે લાહોરમાં બનેલી કુલ હકિકતથી મોલાનાને વાકેફગાર કર્યા ને બાદશાહે જે ઇઝઝત કરી હતી તથા પોશાકો તથા સૈયદનાને માટે આપેલ પોશાકનો હદીઓ વિગેરેનો ખુલાસો કહી સંભળાવ્યો. આ હકીકત સાંભળી મોલાના દાઉદે ખુદાને સજદો કર્યો, ખુદાના નજદીક શુક્ર કર્યો ને ફરમાવ્યું કે " જો તમોએ પુરો બંદોબસ્ત કર્યો હોય તો મને આવવામાં વાંધો નથી". ત્યારે સૈયદી આદમે અરજ કરી કે " મોલા બાદશાહ હર તરેહથી આપણા પર ખુશી થયા છે તેમ તેણે તે ખુશીના બદલામાં પોશાકો પણ ઇનાયત કર્યા છે ".

તે પછી આપે લાહોર જવાની તૈયારી કીધી. આપના બે ફરઝંદ જેઓ તે વખતે જામનગરમાં હતા તેમને ત્યાંથી બોલાવવા કાસીદને મોકલ્યો, એવે શાહજાદા હાજર થયા. તે બાદ આપે શાહના હુકમને માન આપીને લાહોર જવા માટે તૈયારી કરી. જો કે તે વખતે લુંટારાઓનો ઘણોજ ખોફ હતો છતાં આપે ખુદા પર ભરોસો રાખી પોતાના બેવે ફરઝંદ સૈયદી કુતુબખાન તથા બીજાં બાનજી તથા શેખ આદમ, બીજાં અલીમોહમ્મદ, યુસુફશાહ, મોલાઈ બોજ બીન મલેક કપડવંજી વિગેરે સાહેબોને સાથે લઇ ને લાહોર તરફ જવા બિસ્મીલ્લાહીલ અઅઝમના નામથી રસ્તો લીધો. રસ્તામાં કોઈ જગ્યે આપે મુકામ રાખ્યો નહોતો. તે વખતે આપે અમદાવાદના વાલી તરીકે અમીનુદ્દીનને અમીન મુકરર કીધા. બાદ રસ્તામાં આપને દરેક ગામના લોકો શહેરમાં તશરીફ લાવવા માટે આમંત્રણ કરતા ને અરજ કરતા, પરંતુ આપે તેઓને લાહોરથી પાછા વળતી વખતે આવવાનો મીઆદ ફરમાવ્યો. તે પછી આપ લાહોર નજીક પહોંચ્યા. આ વખતે બાદશાહ ગામમાં હાજર નહોતા, શિકાર વાસ્તે કાશમીર પધારેલ હતા, અને હકીમ અલી સાહેબ કેટલાક અગત્યના કામકાજને લઇને લાહોરમાં હતા. જેથી તે સાહેબને ખબર મળી કે, શેખ દાઉદ લાહોરની હદમાં આવી ગયા છે કે તરતજ હકીમ અલી સાહેબ પોતાના તરફના માણસો, સિપાઇઓ, ગાડી વિગેરે રસાલા સહીત ઇસ્તકબાલ માટે ગયા ને સૈયદનાને માન અકરામ સહીત શહેરમાં લાવ્યા. હકીમ અલીને બાદશાહની હાજરી નહિ હોવાનો અફસોસ રહ્યો કારણ અગર બાદશાહ જો હાજર હત તો મોટી ધામધુમ સાથે આપને શહેરમાં લાવત. હી૰ ૧૦૦૬, તા. ૭ માહે રમઝાનના રોજ આપે લાહોરમાં હકીમ અલી બીન સુલેમાનલ કૈલાનીના મકાન પર ઉતારો કીધો, જેથી હકીમ સાહેબ ઘણાજ ખુશ થયા ને સૈયદનાને અરજ કરી કે આપના સર્વે સાથવાળા સાહેબો મારા મહેમાન છે. જ્યાં સુધી બાદશાહ સલામત કાશમીરથી આવશે ત્યાં સુધી આપ તથા સર્વે સાથવાળા સાહેબોને મારા મહેમાન થવાની અરજ છે. આથી સૈયદના દાઉદે પોતાના સાથીદારો શેખ આદમ સફીયુદ્દીન, બાનજી બીન અલી, મામુજી ઇબ્ને કાસમજી, અલીભાઇ ઇબ્ને શમઉન, શાહુજી ઇબ્ને આદમ અને મોહમ્મદજી બીન અલીને સાથે લીધા ને આપના ફરઝંદો કુતુબખાન અને બાનજીને આપના બારીદ્દેત મોલાઈ અલી મોહમ્મદ, બોજ બીન મલેક, અબ્દુલરહેમાન, અજબશાહ બીન આહમદ, તૈયબભાઈ ઇબ્ને શેખ આદમ, યુસુફ બીન અલી, હસનખાન બીન અલી વિગેરે સાહેબોને મજકુર હકીમ સાહેબના લાહોરના બાગમાં રાખ્યા ને નમાઝનું ફરમાન પોતાના ફરઝંદો સાથે હોવા છતાં પણ આપે આ સઘળા ઓલોમાઓ દરમ્યાન મોલાઇ અલી મોહમ્મદ સાહેબને ફરમાવ્યું. ગોર કરવાની વાત છે કે, ઇમામતની તવલ્લીયતનો હુકમ કંઇ બાનદાનીના હિસાબે નથી, પરંતુ ઇલ્મીયતના સબબથીજ થાય છે,

આ ઇમામતની નમાઝ વિષેનું બયાન "દઆએમુલ ઇસ્લામ" માં આપેલ છે જે ઘણુંજ અગત્યનું હોઈ આ નીચે આપેલ છેઃ—

સૈયદના કાઝી નોમાન ફરમાવે છે કે, રસુલુલ્લાહ સ. અ. એ ફરમાવ્યું છે કે,—

(૧) " યઉમ્મોકુમ અકૃકહોકુમ". અર્થઃ—તમોને તમારો ફકિહ જાણનાર યાને આલીમ

શખ્સ ઇમામત કરાવે. ઇમામત માત્ર આલેમો કે જેઓ નમાઝના દરેક અરકાન પહેલેથી છેલ્લે સુધી તહારત સાથે પાળનાર હોય અને હરામ હલાલ દરેક વસ્તુને સમજી શકનારો હોય તેજ કરાવે.

(૨) હજી રસુલેકરીમની હદિસ છે કે, "યઉમ્મોકુમ અકસરોકુમ નુરા". યાને તમારામાંથી જેમાં નુર વધારે હોય તે ઇમામત કરાવે. અહીં નુરની ગરઝ કુરઆને મજીદની છે. યાને કુરઆને શરીફ મખરજના સાથે વગર ગલતે સહીહ પઢનારો હોય તે.

(૩) હજી રસુલેખુદા ફરમાવે છે કે, "યઉમ્મોકુમ અકઝલોકુમ". યાને તમોને તમારો અકઝલ નમાઝ પઢાવે.

ઉપરની ત્રણે બાબતોમાં જો કેટલાક એકસરખા હોય તો જે મોહરી ઉમરનો હોય તે આગળ થઇને ઇમામત કરાવે, તેમાંએ બે ચાર બરોબર વરસના હોય તો જે શખ્સ મસજીદમાં આવવામાં વધારે હોય તે ઇમામત કરાવે.

અહીં અકઝલની ગરઝ ઇલ્મની ફઝીલત ધરાવનારની છે. નહિ કે હસબ નસબ કે કુટુંબી બાનદાની ફઝીલતવાળો પઢાવે. જો હસબ નસબની ફઝીલતનો સવાલ આડે આવતો હોત તો સૈયદના દાઉદ બ્હ્મને કુતુબશાહ પોતાના ફરઝંદના ફોક મોલાઈ અલી મોહમ્મદને નમાઝનો હુકમ ન આપત. આપ ખુદ ઇલ્મના દરિયા હોઇ શરીઅતના બિલાફ હરગીઝ નીચાને ઉંચા નજ કરતા.

એ હિસાબેજ નમાઝની પેશ ઇમામી થઇ શકે છે. જો કે આ વખતે બીજા અનસારો હાજર હતા છતાં આપે ઇલાહી ફરમાન અનુસાર આપના ફરઝંદને નમાઝનો અમર કે દીનનો કોઇ અમર નહિ સોંપતાં ઇલ્મમાં પુરા લાયક ને શરીઅતનો અમર સોંપી દાઅવતે હાદિયાહના હકને બરાબર અદા કીધો. આ પછી આપે આપની સાથેના કેટલાક અનસારો કે જેઓ લાહોરમાં હસન કલ્લાખાનના ઘરમાં હતા તે સાહેબમાંથી દીની અમરનો કુલ કારોબાર શેખ તૈયબ બ્હ્મને મોહમ્મદશાહને સોંપ્યો.

ઉપરની દલીલથી કોઈ બરિદ (બોંચ) નીકાલે કે સૈયદના બદરીસે બિસ્તીને ફોક કરી ઇમામતનો કેમ હુકમ કીધો ? તેનો જવાબ એ છે કે, સૈયદનાએ પહેલાં બિસ્તીને કુરઆને મજીદની સુરતો શીખવવાનું ફરમાન મોકલેલ, તે પછી તે બિસ્તીએ મગરીબની નમાઝ પઢાવીને પાછી તે અમાનતને વાલી મુલ્લાને સોંપી દીધી. (આમ કરવાનું કારણ એ હતું કે સૈયદના બદરીસના વખતમાં યમનના ઓલેમાઓમાં ઘણીજ હમીય્યત પેદા થઈ હતી તે હમીય્યત તોડવા અને હિન્દના લોકો શરીઅતના અમરને કેટલા ઉઠાવનાર છે તે બતાવવા બાતરજ બિસ્તીને ફોક કીધા હતા. હમીય્યત રાયતાનીયત છે. તેઓ તેમાં ફીસલી જઈ ગુનાહમાં ન ફસાય તેટલા માટે બ્હતેહાનન્ કામ લીધું હતું). હવે જ્યારે બિસ્તી ફોક થયા ત્યારે હકના દાઇએ તેને નીચેના દરજ્જે ન રાખતાં યમન બોલાવી લીધા. ત્યાં તેણે

વધુ ઇલ્મ તેહસીલ કીધું ને ત્યાંજ વફાત થયા છે. તેની કબર હાલ પણ યમનમાં મોજુદ છે. (જુઓ ફોકણે ફલક પાનું ૧૮). આ ઉપરથી સાબીત થાય છે કે હકના દાઈ કોઈ ફાઝીલને નીચા દરજ્જામાં મુકતા નહોતા. અને રસુલુલ્લાહની હદીસનો ખ્યાલ રાખી હુદુદોના મરતબાઓના ફતબાનું બરાબર પાલન થતું ને લાયકને લાયક ફતબામાંજ રાખતા.

જ્યારે સૈયદના દાઉદ તથા હકીમ અલી સાહેબ લાહોરથી કાશમીર તરફ રવાના થયા ત્યારે રસ્તામાં શાગીર્દ ઉસ્તાદની જે રીતે તાઅઝીમ કરે તેજ રીતે હકીમ સાહેબ સૈયદનાની કરામત કરતા. કેમ ન હોય ! હકપરસ્તને ખુદા ઇઝ્ઝત કેમ ન આપે ? આ વિષે એક શાએરે ફરમાવ્યું છે કેઃ—

શાએર.

તઅઝઝે લાએરા ફી ઝુલ્લીન તોકાબ્બેદોહુ,
ઇઝઝન કમા અઝઝા નજલુલ કુર્બે દાઉદુ.

મીન ફીદતીન ફવકા કુરસીઇન અલાવલહુ,
બૈદુલ મુલુકે એબાદુન વહોવા માબ્બુદુ.

ફતલુબ બેમાશીઅતા મીન ઇલ્મીન વમીન અમલીન,
લાકીતમર રબ્બો ઇન્દલ બરરે મૌજુદુ.

અર્થ:—એ અઝીઝ ભાઇ ! દુનિયામાં એવી ઇઝઝત પેદા કર કે જે પ્રમાણે કુતુબશાહના ફરઝંદ દાઉદે ઇઝઝત પેદા કીધી. દુનિયામાં ઝલીલ થઈ રહેવામાં ખેર નથી. એ ઇમ્મે કુતુબ ! આપ ચાંદીની બુરસી પર લાહોરની બજારમાં બેસીને નીકલો છો ત્યારે આપની આસપાસ જે અમલદારો અને અમીરો ચાલે છે તે વખતનો દેખાવ બતાવે કે ખુદાના દરબારમાં બંદાઓની ચાલની કેફીયત જેવો દેખાય છે. આ પ્રમાણે સઘળા અમીરો આપને માન આપતા ને સાથે ચાલતા. જો તું તે દરજ્જાને પ્રાપ્ત કરવાનો બરાદો રાખતો હોય તો ઇલ્મ ને અમલને મેળવ. કારણ ખુદાતઆલા—દરેક એહસાન (ભલાઇ) ના નઝદીક મૌજુદ છે યાને ખુદા ખુદ એહસાન ને ભલાઇનો ધણી છે.

આપ સૈયદના હકીમ અલી સાથે કાશમીર પહોંચ્યા. બાદ હકીમ સાહેબે બાદશાહની છાવણીમાં જઇ ખબર આપ્યા કે "શેખ દાઉદ ગુજરાતથી આવ્યા છે" બાદશાહે તરતજ આપને બોલાવવાનો હુકમ કર્યો. આપ બાદશાહને મળ્યા, બાદશાહ ઘણુજ ખુશ થયા, બેરીયતના સમાચાર પુછ્યા. બાદ તબીયત તથા આપની ઉમર શરીફ માટે બાદશાહે પુછ્યું. આપે જવાબ આપ્યો કે "મારી ઉમર ૬૦ વરસની છે. ત્યારે બાદશાહે હસીને ફરમાવ્યું, મારી ઉમર પણ આપ જેટલીજ છે. બાદ બાદશાહે આપ સૈયદનાને દિલાસો આપ્યો ને ફરમાવ્યું કે "આપ કોઈ તરેહ ગભરાશો નહિ, આપ મારા મહેમાન છો. ત્યાર બાદ શાહથી આપ જુદા પડ્યા. તે પછી શાહ મનમાં વિચાર કરવા લાગ્યા કે જ્યારથી મેં સૈયદના દાઉદને જોયા છે ત્યારથી મને એમજ વિચાર આવ્યા કરે છે કે જાણે આ શેખ દાઉદ રસુલુલ્લાહ કેમ ન હોય ? જે પ્રમાણે રસુલુલ્લાહ સ. અ. ની સીફત

છે તેજ પ્રમાણે આ શેખની સીફત, કદ, શરીર, ચહેરો, દાઢી વિગેરે રસુલલ્લાહ સ. અ. ને મળતું આવે છે, અને રેખની પેશાનીમાં ખુદાનું નુર ચમકે છે.

આદ શેખ દાઉદ જ્યારે આદશાહની દરબારમાં હાજર થતા ત્યારે આદશાહ શેખની પેશાની સામું વખતો વખત જોતા, ઉપરાંત દરબારમાં આવનાર કોઇ પણ શેખની પેશાની તરફ જોતું તો તરતજ તેના પર પ્રેમની છાપ પડતી. આપની પેશાની ઉપર ખુદાનું નુર ચમકતું હતું. આપની પરહેઝગારી, તકવા ને દીયાનત પર આદશાહ કુરબાન થયા હતા ને આપ જ્યાં સુધી આદશાહના મહેમાન રહ્યા ત્યાં સુધી દરરોજ આદશાહની મુલાકાતે આપ સવારમાં પધારતા ને ઝોહરના વખત સુધી મજલીસમાં બેસતા ને તે વખત સુધીમાં આપ કુરઆનની તિલાવત કરતા. (કહેવાય છે કે તેટલા ટાઇમમાં આપ પંદર સિપારા પુરા કરતા). તે આદ એક દિવસ અકબર આદશાહે સૈયદનાને સવાલ કર્યો કે " શેખ તમો દાઢી ખુબ સરસ રાખો છો ને માથાના બાલને ઓડાવી નાંખો છો તેની શું મતલબ છે ? " શેખ દાઉદે જવાબમાં ફરમાવ્યું કે, " સુન્નતે નબવીયામાં અને સીરતે મોહમ્મદીયાહમાં અકબર રિવાયત તે પ્રમાણે છે. મો. બ. જીલ્દ ૩ જી. પાનું ૨૪૩. આદશાહે કહ્યું. બરાબર અમારા દીનના ઓલેમાઓનો પણ આમજ કોલ છે.

આ વખતે શેખ સુલેમાન લાહોરથી અમદાવાદ જવા માટે રવાના થઇ ગયા હતા. કારણ તેમને ખબર મલ્યા કે શેખ દાઉદને અકબર આદશાહે કાશમીરમાં કરામત આપી માન આપ્યું તેમજ તેમને મહેમાન બનાવીને રાખ્યા છે તેથી નીરાશ થઇને પોતે અમદાવાદ રવાના થઇ ગયા. અને અકબર આદશાહ શેખ દાઉદ તથા તેમના રસાલા સહીત તેજ વખત કાશમીરથી લાહોર તરફ પધાર્યા. લાહોરમાં સૈયદનાએ મોલા અલી મોહમ્મદને બોલાવ્યા ને ફરમાવ્યું કે શેખ મોહમ્મદ તથા તાજમોહમ્મદ બીન અલી બંને સાહેબોને તેમના વતન સિહપુર રવાના કરો ને કહ્યું કે અમો સર્વે નજદીકમાં સિહપુર આવશું. આ વખતે શરદીની મોસમ હતી તેથી આદશાહે સૈયદના દાઉદને બોલાવી શરદીથી બચવા માટે એક ઘણીજ ઉમદા ભારી સાલ મંગાવી ને શાહે પોતાના હાથે સૈયદનાને બંધાવી ને કહ્યું " તમો કોઈ રીતે ગભરાશો નહિ. હાલમાં આપ અહિંજ રહો. અમો તમોને ખુશીના સાથે તમારા વતન પહોંચાડી દેશું ". શાહની આ જબાની સાંભળી સૈયદના ઘણાજ ખુશ થયા. ખુદાના શુકર ગુજર થયા ને દરબારમાં શાહની મદેહ પડી, જેથી તમામ હાજરીન આશ્ચર્ય પામ્યા. તે પછી આદશાહે હમેશાં આપને બબે વખત દરબારમાં આવવાનો હુકમ કર્યો.

એક વખત સૈયદના વહેલી સવારે અમદાવાદથી પોતા સાથે લાવેલ પોતાના ઉંટપર સવાર થઇને નુઝહત (હવાખાવા) વાસ્તે નીકળ્યા. આ વખતે આદશાહ પોતાના મહેલમાંથી બહાર સેનમાં બેઠેલા હતા, તેમની નજર જંગલની ઉંચી નીચી ટેકરીઓ પર ઘણાજ ઝડપથી પસાર થતા સવાર પર પડી અને આ રીતે આવા ખરાબ ડુંગરાળ પ્રદેશમાં આટલી ઝડપથી ઉંટને ચલાવી રહેલ સવારને જોઇ તેથી ખુશ થયા ને તેની બહાદુરીના વખાણ કરવા લાગ્યા કે ખરેખર સવાર ઘણાજ બહાદુર છે. સાધારણ માણસ આ રીતે ઉંટની સવારી કરી શકે નહિ ને આટલી ઝડપથી ઉંટને આવા ખરાબ રસ્તા પર દોડાવી શકે નહિ. એવામાં હજુરી હાજર થયો. શાહે હજુરીને પુછયું કે, આ સવાર જે ઉંટ પર બેઠ છે

તે કોણ છે ? ત્યારે હજુરીએ જવાબ આપ્યો બાદશાહ સલામત ! આ આપણા મહેમાન શેખ દાઉદ છે. તે પછી આ વાત હકીમ અલીને કાને ગઇ કે બાદશાહને શેખ દાઉદનો ઉંટ ઘણોજ પસંદ પડયો છે. ત્યાર બાદ તે વાત હકીમ મારફત શેખ દાઉદને પડી તેથી સૈયદનાએ આપના ઉંટને ખૂબ શ્રૃંગારી બાદશાહની હજુરમાં આવ્યા ને અરજ કરી કે, એ બાદશાહ સલામત ! આ ઉંટ હું આપને હદિયો કરું છું. શાહે ઉંટનો હદિયો કબુલ કર્યો ને ઘણાજ ખુશ થયા. તે પછી શાહે હકીમ શેખ અલીને હુકમ કર્યો કે ઈબ્રાહીમને બોલાવો. હુકમ મુજબ ઇબ્રાહીમને બોલાવવા માણસો મોકલ્યા, અને ઇબ્રાહીમને હાજર કરવામાં આવ્યા. ત્યારે હકીમ અલીએ ઇબ્રાહીમને પુછ્યું, તમો જાણો છો કે તમારા ઉસ્તાદ શેખ સુલેમાન લાહોરથી અમદાવાદ ચાલી ગયા છે. તથા બીજી પુછપરછ કરી. આ વખતે એહદી કમાલખાન હાજર હતો, ને આ પ્રમાણેની પુછપરછ હકીમ અલી કરી રહેલ હોવાથી તેના હોંસકોસ ઉડી ગયા. બાદ હકીમ અલીએ ઈબ્રાહીમને કહ્યું કે એ ઇબ્રાહીમ ! જો તમારે તમારા સાથવાળાઓ જેઓ કેદમાં છે તેને છોડાવવા હોય તો તમે સાચેસાચી વાત કહો ને તમારા ખોટા દાવાને પાછો ખેંચી લીયો તો શાહના ગુસ્સાથી બચશો ને કયામતમાં ખુદાના કહેર (આઝાબ) થી દુર થાશો. પરંતુ ઇબ્રાહીમ એકના બે થયા નહિ તેથી બ્યાજ શુકરૂલ્લાહ ઇબ્રાહીમના બોટા હોવાના સબબ ઘણાજ ગુસ્સે થયા ને તેને પોતાની નજરથી દુર કર્યો ને સિપાહીઓને હુકમ કર્યો કે આ માણસને કોઇ વખત મારી પાસે આવવા દેશો નહિ: તો પણ છેવટ સુધી ઇબ્રાહીમે માન્યું નહિ એટલે તેમને રજા આપી દીધી. તે પછી ઇબ્રાહીમ ત્યાંથી નાઉમેદ થઈને જનાબ નાઝેરૂદ્દૌવલાના મકાન પર ગયા ને ત્યાં બનેલી બધી હકીકતથી તેમને વાકીફ કર્યા. આ સરદાર શાહી દરબારના અકસર હતા ને શાહ સાથે સીધો સંબંધ ધરાવતા હતા તેથી તે શાહને ફાયદા વાત કરશે તેવા ઇરાદાથી મજકુર ઇબ્રાહીમે તેની સાથે ઉપર પ્રમાણે આજીજી સાથે વાત કરી. બાદ મજકુર સરદારની કોશિશથી ઇબ્રાહીમને શાહ ફરજ આવવાની પરવાનગી મળી. શાહે ઇબ્રાહીમને પુછ્યું કે તમારી શેખ દાઉદ પર શું ફર્યાદ છે ? ઇબ્રાહીમે કહ્યું મારા શેખ દાઉદ પાસે એક કરોડ ને આઠ લાખ રૂપિયા લેણા છે. શાહે કહ્યું તમારા પાસે તેનો શું પુરાવો છે ? ઇબ્રાહીમે કહ્યું. મારા પુરાવા અમદાવાદમાં મોજુદ છે. અગર શાહનો હુકમ હોય તો બધાને બોલાવું. ત્યારે શાહના વઝીર અમુલફઝલે હસીને કહ્યું તમારા પુરાવા અમદાવાદમાં છે ને તમારી ફરિયાદ કાશમીરમાં ? એ અજબ જેવી વાત છે. આથી ઇન્સાફ પસંદ બાદશાહે હસીને ફરમાવ્યું બેશ ! તમે તમારા પુરાવા મંગાવો. ત્યારે ઇબ્રાહીમે છ મહિનાની મુદત માંગી. હકીમ અલીએ કહ્યું કે આજ ત્રણ મહિના થયાં શેખ દાઉદ અહિયાં બેસેલા છે ને તમો બીજા છ મહિનાની મુદત માંગો છો ત્યારે શેખ દાઉદ કયાં સુધી અહીં રહે ? આ પછી બાદશાહે ઇબ્રાહીમને ચાર મહિનાની મહેલત આપી તેથી ઇબ્રાહીમ લાહોરથી અમદાવાદ આવ્યા ને સૈયદના દાઉદે પણ આપના અસહાબોને લાહોર લખી મોકલ્યું કે તમો અમદાવાદ જાઓ ને મોમીનને અહીંના કુલ ખબરથી વાકેફગાર કરજો. આ લખાણ ઉપરથી યુસુફજી મીયાંભાઇ, અબ્બાશાહ બીન અહમદ, ખુદાજી બીન મલેકજી વીગેરે અમદાવાદ જવા માટે રવાના થયા ને તા. ૬ ઠી મોહર્રમ ૧૦૦૬ હીજરીમાં શનીવારે અમદાવાદ આવ્યા ને કાશમીર તથા લાહો-

April 2, 1598

રમાં બનેલા કુલ બનાવોના વિગતવાર એહવાલથી કુલ મોમીનને વાકેફગાર કર્યા. આ વખતે કાશમીરમાં ઘણી સખ્ત ઠંડી હતી તેમજ ત્યાં નુકશાન પણ ઘણું મોટું થયું હતું ને પ્રજાના તથા રાજના માલને પણ ઘણું મોટું નુકશાન થયું હતું તેથી શાહે પોતાની છાવણી ત્યાંથી ખસેડવાનો હુકમ ફરમાવ્યો ને પોતાના વઝીર અબુલફઝલને હુકમ કર્યો કે અમારા ગયા બાદ તમો શેખ દાઉદને જે કાંઇ જોઇતું હોય તે આપજો. માલ, અસબાબ વીગેરે જે જોઇએ તે આપજો તેમજ તેમને પુછજો ને જે માંગે તે આપજો.

આ શાહી હુકમથી અબુલફઝલ શેખ દાઉદના તંબુમાં આવ્યા. તે વખતે હકીમ અલી પણ તંબુમાં હાજર હતા ને વઝીર અબુલફઝલે શાહી હુકમ આપને સંભળાવ્યો. આ ઉપરથી સૈયદના દાઉદે અરજ કરી કે મને શાહ તરફથી પુરતી ઓથ મલી છે, તેમ શાહના સાચા હેતુ કોઈ વાતની કમી નથી, પરંતુ મારી અરજ છે કે હવે મને મારા વતન તરફ જવાની રજા મળે ને ત્યાં જઈ શાહના હકમાં આ શેખ દોઆ ગુજારે. આ વાત વઝીર અબુલફઝલે શાહને કહી, જેથી શાહ ખુશ થયા ને કહ્યું કે તમો શેખ દાઉદને કહો કે મને લાહોરમાં મળે. આમ કહી શાહ કાશમીરથી લાહોર તરફ રવાના થયા, જ્યારે બીજી બાજુ શેખ દાઉદ પોતાના માણસોને લઇને શાહના હુકમ મુજબ રવાના થઇ ગયા હતા. અચાનક શાહે સવારીમાંથી રસ્તામાં જંગલમાં શેખ દાઉદને લાહોર તરફ ચાલીને જતા જોયા તેથી શાહે પોતાના ઘોડાને આગળ જતાં અટકાવ્યો ને શેખ દાઉદ જે પેદલ ચાલી લાહોર જતા હતા તેમને એક શાહી ઘોડો આપવાનો હુકમ ફરમાવ્યો ને કહ્યું કે શેખ દાઉદ તમો અમારાથી પહેલાં પહોંચો (કારણ શાહે આપને ઘણોજ તેજ ઘોડો આપેલ છે). તે પછી સૈયદના દાઉદ શાહ પાસેથી વિદા થઇ તેના હુકમ મુજબ શાહની સવારી લાહોર પહોંચે તે પહેલાં ત્યાં તા. ૬૫ મી રબીઉલ આખર હી૰ ૧૦૦૬ ના આવી પહોંચ્યા. અહીં ઇબ્રાહીમ હુસરી પોતાના શાક્ષિઓ લઇને અમદાવાદથી આવી ગએલ હતો, તે શાક્ષિઓમાં ચાર રહીશ સિદ્ધપુરના હતા. આ ચારે શાક્ષિઓને લઇને બાદશાહે ચાર મુનસફના રૂબરૂ કેસ ચલાવવાનો હુકમ કર્યો. આ મુનસફ સાહેબોના નામો નીચે મુજબ છે.:—

(૧) હકીમ અલી. (૨) અબુલફઝલ (રાજરત્ન). (૩) બાનઆઅઝમ. (૪) અમીર ગીઝાઇ. આ ચાર મુનસફ સાહેબો સમક્ષ મજકુર કેસની સુનાવણી શરૂ થઇ, તેમાં બંને પક્ષના પાંચ પાંચ માણસો હાજર થયા.

વઝીર અબુલફઝલે ઇબ્રાહીમને પુછ્યું

સવાલ—તમો શેખ દાઉદ પાસે શું માગો છો ?

જવાબ—એક કરોડ આઠ લાખ રૂપિયા.

સવાલ—તે રૂપિયાની શું વ્યવસ્થા કરવાની છે ?

જવાબ—તે ત્રણ ભાગમાં વેંચવાના છે. ૬ હિસ્સો મારા બાવાજીના સદકા વાસ્તે.

બીજો હિસ્સો હું તથા મારા ભાઇ વાસ્તે ને ત્રીજો હિસ્સો અમારા ઉસ્તાદ શેખ સુલેમાન વાસ્તે છે. (વધુ ખુલાસો શેખ આદમ સફીયુદ્દીનની ઝીકરમાં છે).

સવાલ—તમારા બાવાજી શેખ દાઉદ ઇબ્ને અજબશાહ એક કરોડ ને આઠ લાખ રૂપિયા મુકી ગયા તે રૂપિયા હતા કે અશરફી ? ને તે રકમ તમારા બાવાજી કયાંથી લાવ્યા હતા ? ને તે રૂપિયા કોણ ઉપાડતું ? કોઇ મજુર કે તમો પોતે ?

જવાબમાં—ઇબ્રાહીમ કંઈ બોલ્યો નહિ.

આ પછી સૈયદી શેખ આદમ સફીયુદ્દીનને વઝીરે આઅઝમ અબુલફઝલે કેટલાક સવાલો પુછ્યા જેના જવાબો આપે શરીયત પ્રમાણે આપી વઝીરની ખાત્રી કરી આપી છે જેનું બયાન આપની (શેખ આદમ સફીયુદ્દીનની) ઝીકરમાં આપેલ છે.

આ હકિકત સાંભળી વઝીર સાહેબે ચુકાદો આપ્યો કે ઇબ્રાહીમને ખબર નથી કે રૂપિયા હતા કે અશરફી. તેમજ તેના બાવાજી કાંઇ વેપારી નહોતા કે તેઓ વેપારમાં કમાયા હોય, તે તો ફકત મુરશીદનો ધંધો કરતા. તેના બાવાજી આલીમ હતા, કંઇ અમીર કે વેપારી નહોતા કે તેના પાસે આટલી મોટી દૌલત હોય, તેમ આટલી મોટી રકમ તેના મુરીદોએ આપી હોય એ પણ બનવું અશકય છે, તેથી અમારી નજરમાં આ ઇબ્રાહીમનો દાવો જુઠો છે એવું અમે ઠરાવીએ છીએ ને તેનો કેસ કાઢી નાંખીએ છીએ.

તે પછી શેખ સુલેમાનને લાહોરમાં ખબર પડી કે બાદશાહ સલામત શેખ દાઉદની ઘણીજ કરામત કરે છે, માન તવાજો કરે છે અને પોતે ગોઠવેલી બધી બાજી ઉલટી પડી ગઈ ને શેખ દાઉદને સજા કરવાને બદલે ઉલટી તેની કરામત બાદશાહે કરી તેથી તેના દિલમાં હસદનો જોશ પેદા થયો, ઘણો વસવસો પેદા થયો, ચીંતાએ તેના શરીરમાં ઘર કર્યું, દિવસે દિવસે શેખ સુલેમાન વધારે ને વધારે બિમાર થતા ગયા, છેવટ તેમને ઝાડાની બિમારી એકદમ વધી પડી ને લાહોરમાંજ તા. ૨૫ રમઝાન હી૰ ૧૦૦૫, ઇસ્વી ૧૫૯૭ માં તેમનું વફાત થયું. તે બાદ શેખ સુલેમાનના શબને તેમના સાથવાળાઓ ને અનુયાયીઓ લાહોરથી અમદાવાદ લઇ આવ્યા ને તા. ૧૦ મી સવ્વાલ હી૰ ૧૦૦૫ ના રોજ અમદાવાદમાં બીબીપુરા પાસેના કબ્રસ્તાનમાં તેમને દફન કરવામાં આવ્યા છે. શેખ સુલેમાને દાઇનો દાવો કર્યા પછી યમન અને હિન્દમાં પોતાની કોમના હિદાયત વાસ્તે (૪૦) ચાલીસ કિતાબો બનાવ્યા છે. તેમાં એક કિતાબમાં પોતે સૈયદના દાઉદને પોતાના દાઇ તરીકે માન્ય રાખેલ છે, જેનું નામ " અનનોખાબુલમુલતકતા છે " તે કિતાબ " દાઉદી કોમ " માન્ય રાખે છે અને તેની સાત જલદ છે.

ત્યાર બાદ સૈયદના દાઉદ બાદશાહની મજલીસમાં હાજર થયા ત્યારે હકીમ અલીએ તેમના મોભા પ્રમાણે ઉભા રહી " **કોમ દાઉદી** " વાસ્તે શું હુકમ છે તે તથા ઇબ્રાહીમના કેસની સર્વે હકીકત બાદશાહને કહી સંભળાવી, જેથી બાદશાહે કહ્યું આ કેસનો કુલ

રીપોર્ટ મને વઝીર અબુલફઝલની મારફત મળ્યો છે તેથી ઇબ્રાહીમ વાસ્તે હુકમ ફરમાવું છું કે " તે જુઠો છે ને તેના જુઠા દાવાની સજા બદલ તેને જનમકેદની સજા કરું છું ". ને વઝીર અબુલફઝલને હુકમ કર્યો કે " સોનેરી દસ્તખતથી શેખ દાઉદ વાસ્તે શાહી ફરમાન લખાવી આપો કે શેખ દાઉદ પોતાના દાવામાં સાચા છે. શેખ વાસ્તે રાજમાં દરેક તરફથી માનની નજરથી જોવામાં આવે ". ને દરેક જગ્યા પર અમાનના ફરમાનો બહાર પાડો. તે પછી અકબર બાદશાહે હુકમ કર્યો કે " શેખ દાઉદને આપણા તબેલામાંથી સારામાં સારો ઘોડો આપો ને પોશાક પણ સારી રીતે આપો ". આ હુકમ અનુસાર બધું તૈયાર કરવામાં આવ્યું; તે પછી સૈયદના શેખ દાઉદે જલાલજની આખરમાં બાદશાહ પાસે પોતાના વતન જવાની પરવાનગી માંગી, બાદશાહે ખુશીથી રજા આપી ને વીદા થતી વખત બાદશાહે સૈયદનાને પોતાના હાથથી બગાઉથી તૈયાર કરી રાખેલ પોશાક, ઘોડો તથા સોનાના અક્ષરે લખેલ શાહી ફરમાન ઇનાયત કીધાં. તે બાદ આપને વિદાય કરવામાં આવ્યા. સાથે એક શાહી રથ પણ આપવામાં આવ્યો. આ વખતે શાહ તરફથી આપને દૂર સુધી વિદા માટે શાહના મોટા અમલદારો તથા હકીમ અલીસાહેબ આવેલા હતા. છેવટે હકીમ અલીએ આપને છેલ્લી સલામ કરી પોતે આપેલ વાયદાને વફા કર્યો તેથી સૈયદનાએ ખુદાનો શુકર અદા કીધો ને તેને માટે દોઆએ ખેર કીધી કારણ કે હકીમ સાહેબે ઇખ્લાનુસ્સકાનું કામ કર્યું હતું. ને જલાલજ તા. ૨ જી હી૰ ૬૦૦૬ માં આપ લાહોરથી રવાના થયા. આ સફર વખતે આપની સાથે આઠ અસહાબે વફાદાર હતા. આપ લાહોરથી રવાના થયા તે પહેલાં મોબશ્શીર (વધામણી દેનાર) રવાના થઈ ચુકયા હતા. આપ અમદાવાદ જલદી પહોંચવાના ઇરાદાથી ઘણાજ ઝડપથી રસ્તો કાપતા કાફલાને આગળ ચલાવતા હતા. થોડા વખતમાં આપ સિદ્ધપુર આવી પહોંચ્યા ને ત્યાં મુકામ કર્યો. અહીં આપ ત્રણ દિવસ રહ્યા. બાદ અહીં અમદાવાદથી આપના ઇસ્તીકબાલ માટે સૈયદી અમીનજી બીન જલાલ, ભાઈ અબદુલતૈયબભાઈ ઇબ્ને સૈયદના દાઉદ તથા બીજા મોમેનુન રહીસો સિદ્ધપુર સુધી આવેલ હતા. આપના અમદાવાદ આવવા પહેલાં આપની દિકરી અમતુલ્લાહબાઇ જલાલજની તા. ૧૬ મીના ગુજરી ગયાં હતાં, જેના ગુજરવાના ખબર આપને આપવામાં આવેલ નહોતા વફાત છુપું રાખ્યું હતું.

આ અરસામાં ઇબ્રાહીમ હબશી જેને જનમ કેદની સજા થઈ હતી તે વખતે શાહના હુકમથી નજરૂદ્દૌવલા શુરહાનપુર તરફ ડોરામાં નીકળેલા હતા તેની તેહનાતમા ઇબ્રાહીનને સોંપેલ હતો. અમીરની મહેરબાનીના સબબ તેને છુટા ફરવાની છુટ આપેલ હતી તેનો લાભ લઇ રાતમાં તે નાસી છુટયો ને અમદાવાદ આવ્યો.

બે દિવસ બાદ આપની દિકરીના વફાતના ખબર આપને આપવામાં આવ્યા ત્યારે આપ ઘણાજ ગમગીન થયા ને સબર કીધી, તે બાદ આપ સિદ્ધપુરથી રવાના થઈ સૈયદી હસનપીર શહીદ (દેનમાલ) ની ઝીયારત કરી અમદાવાદ પધાર્યા. અહીં આપ શાહી ફરમાન અનુસાર ઘણાજ માન ને અમાન સાથે મોમિનોની મોટી સંખ્યાના જુમલા સાથ શેખપુરના બઝારમાંથી પસાર થયા ત્યાં એક શાહ મોહમ્મદ નામના અત્તરવાલા

સુની મઝહબના સાહેબની દુકાન હતી (તે વખતે શીયાઓ પ્રત્યે તેની બરાબ લાગણી હતી). તેણે પોતાની દુકાન પાસે સૈયદના પસાર થયા ત્યારે તેમને થોભાવ્યા ને ભારેમાં ભારી અત્તરનો હદીયો કરી નમન કર્યું. આ વખતે આપની પાલખીના આસપાસ મોમિનુન ચાલી રહેલ છે. આ રીતે આપ સૈયદના શહેરમાંથી ખુશીના સાથે પસાર થઇ રહ્યા છે તેવે વખતે લોકોમાં કઇક તરેહની ગપો ચાલતી હતી. ઘણા લોકો એમજ સમજતા હતા કે શાહમહમદ અત્તાર શેખ દાઉદ સાથે ઘણી બરાબ રીતે વર્તશે. પરંતુ તેથી ઉલટું થયું ને સૈયદનાને આમ હદીયો કરવાનું ને આટલું બધું માન આપવાનું શું કારણ બન્યું તે કંઇ સમજી શકાતું નથી એમ આપસમાં કહેવા લાગ્યા. આ શાહ મોહમ્મદ દીને મોહમ્મદથી પુરા વાકેફગાર હતા, માલદાર હતા, તેને કોઇ જાતની લાલચ નહોતી. શહેરમાં શાહ મોહમ્મદ માટે તરેહ તરેહની ચર્ચા ચાલી. બાદ શાહમોહમ્મદ પાછા દેવડી ઉપર આવ્યા. ત્યાં શેખ આદમે તેને બનેલા બનાવો સંબંધીનું કારણ પુછ્યું. આવવાનો સબબ પુછ્યો. આથી શાહમોહમ્મદે જવાબ આપ્યો કે, " આજે આપ સાહેબના આવવા પહેલાંની રાત્રે હું બશીની નમાઝ પડીને સુતો, બાદ મને ખ્વાબ આવ્યું કે " હું મારી દુકાન પર બેઠેલો છું તેવામાં એક લશકર ત્યાંથી પસાર થતાં જોયું, મેં લશકરના કમાન્ડરને પુછ્યું કે આ કોનું લશકર છે ને કોણ આવે છે ? ત્યારે મને જવાબ મળ્યો કે એ ગાઝીલ ! આ લશકર રસુલુલ્લાહનું છે ને રસુલુલ્લાહ અમદાવાદમાં પધારે છે. હું મારી દુકાનમાં જોવા ઉભો રહ્યો, લશકર ઘણું મોટું છે, વચમાં રસુલુલ્લાહ સ. અ. છે. આ જોતાંના સાથે મેં મારૂં માથું નમાવી નમન કર્યું ત્યાં તો મારી આંખ ખુલી ગઈ". બાદ મેં મારા ઘરવાળાને ઉઠાડ્યા ને પહેલેથી છેલ્લે સુધીનું આખું સ્વપ્નું કહી સંભળાવ્યું. તે સ્વપ્નું વહેલી સવારે આવેલું. આ પછી મેં સવારની નમાઝ પડી મારી દુકાન ખોલી. ત્યાર બાદ રાતમાં મેં જોયેલું સ્વપ્નું આબેહુબ જોયું. ચહેરો પણ તેવોજ હતો, મોમિનોનું લશકર પણ તેવુંજ હતું. આથી મને ખાત્રી થઈ કે આ લશકર રસુલુલ્લાહનું લશકર છે ને રસુલુલ્લાહના ચહેરા જેવા ખુદ શેખ દાઉદ સાહેબ છે. આ શેખ રસુલુલ્લાહના ફરઝંદોના નાયબ છે, તેથી હું આ સાહેબના હાથ પર આપની દાઅવતે હાદિયાના રાહને ઇખ્તીયાર કરું છું. તે બાદ તે અત્તારી ઇમાન લાવ્યા ને હક પર સાબીત રહ્યા. વાંચક ! આ ઉપરથી સાબીત થાય છે કે હક તે હકજ છે, તેને કોઇ સાથે અદાવત કે કીના જેવું કંઈજ નથી. જેઓ ખુદાના દિન પર ગમે તેટલા દુઃખો સહન કરીને પણ કાયમ રહેનારા છે તેઓ બીજા કોઇના એવા નીકાલતા નથી કે તાનાઝની કરતા નથી. તેનો ખુદા નીગેહબાન છે, તેનું ઇમાન સાફ છે. તે દીન પર સાબીત કદમ રહેનારાઓ છે તેજ પ્રમાણે આપના કર્તવ્ય તથા દીનપરની કુરબાની ખુદબખુદ સામેવાલાના દીલોમાં અસર કરતી ને વગર બોલાવે દાઅવતના હરમમાં શામીલ થતા.

આ પછી સૈયદના દાઉદ નદીના કીનારા પર કબ્રસ્તાન ઝીયારત માટે પધાર્યા, ત્યાંથી ફારીગ થઇ બીબીપુરામાં સૈયદના દાઉદ ઇબ્ને અજબશાહની ઝીયારત કરવાનો ઇરાદો કર્યો ત્યારે શેખ આદમ સાહેબે ફરમાવ્યું કે આજે સૈયદનાની ઝીયારત કરવાનું આપ મોકુફ રાખીએ. (આ મના કરવાનું કારણ એ બન્યું કે ત્યાં સૈયદનાની બાજુમાં આપના દીકરા

રીની કબર કરવામાં આવેલ હતી અગર આપ તે જાણે તો આપને ઘણોજ રંજ થાય, તેથી તે વખતે મના કરી). કારણ આજે બહુ મોહું થયું છે, સઘળા મોમિનો આપની ઇન્તેઝારીમાં છે તેમજ આજે શાહી ફોજ ગામમાં આવવાની છે, તેમ ગરમી સખત છે, ધુળ ઉડે છે વિગેરે અગવડ બતાવી કહ્યું, આપ હુઝુર મકાન તરફ તશરીફ લઇએ. આથી સૈયદના દાઉદે શેખ આદમના કહેવા મુજબ તેની અરજ કબુલ કરી સારંગપુરના મોહલ્લામાં સૈયદના શેખ આદમ સાહેબના મકાન પર પધાર્યા. ત્યાં આપે ખુશીના શરબત પીધાં ને આખો દિવસ શેખ આદમ સાહેબના મકાન પર રહ્યા. તે બાદ સર્વે હુદ્દુદો તથા મોમેનુન સૌ સૌના મકાન પર ગયા. તે બાદ આપ રાત્રે પોતાના ઘર તરફ તશરીફ લઈ ગયા ઘરમાં સઘળા સાહેબો આપને કદમબોસ થયા, પરંતુ આપની દીકરીની ગેરહાજરી જોઇ. તેના ગુજરવાના ખબર મલ્યા, તેથી આપને તેના વફાતનો ઘણો સદમો લાગ્યો. બાદ આપ આપના ઇલ્મી ને અમલી કામકાજમાં મશગુલ રહ્યા. રાતમાં ખુદાની ઇબાદત તથા મુનાજાતમાં મશગુલ રહેતા; આપની કોશિષથી ઇલ્મની રોશની દિન પર દિન વધુ થતી ગઈ.

બાદ તા. ૨ જી રજબ ૧૦૦૭ માં આપે આપના ફરઝંદ મોહમ્મદભાઇની શાદિનો વિચાર કર્યો. દરેક શહેરોમાં કંકોત્રીઓ મોકલવામાં આવી અને લોકો શાદીના મોકા ઉપર સારી સંખ્યામાં હાજર થયા. આપ તરફથી મોમિનોને, મહેમાનોને કરામત આપી તેમની ઘણીજ ખાતીર કરવામાં આવી. ને વલીમાનું જમણ કે જે જમણ શરીઅતથી ફરઝ થએલું છે તે આપે આપના મોભા પ્રમાણે કર્યું. મશાએખો, ઓલેમાઓ ને અમીરોને તેમના મરતબા મુજબ હદયા આપ્યા. બાદ ૧૦૦૮ હીજરીમાં આપે મોટી મસજીદ લેવજહીલ્લાહે વલે એબાદતીલ્લાહે તઆલા બનાવી. (પોતે માલિક નહિ) ખુદાના બંદાઓ માટે, ખુદાના વજેહ માટે મસજીદ બનાવી. શરીઅત પ્રમાણે જે કોઇની માલેકીનું મકાન હોય ને તેમાં ઇમામત પડે તો ૧૨ નમાઝનું સવાબ છે, પણ મસજીદ તો વકફુન લેવજહીલ્લાહ હોય ત્યાં ૨૫ નમાઝનું સવાબ થાય ને **તહૈચતુલ મસજીદ પડાય.** તેનું કોઈ ખુદા સિવાય માલીક ન હોય. આપે જે મસજીદ બનાવી તેનો નકશો જોવા ગામના લોકો તથા બંભાતના નવાબ તરફથી વઝીરે આઅઝમ શમ્સુદીનખાન આવ્યા હતા, તેમજ અમદાવાદના અમીર કબીર પણ મસજીદ જોવા માટે પધારેલ હતા. આપની સખાવત બેશુમાર છે, આપ કોઇ પણ સાએલ કે હાજતમંદ આપની પાસે આવતો તો તેને તેના સવાલ કે હાજત કરતાં વધારે આપતા જેથી આપની ઉદારતા મશહુર થઇ છે.

ત્યાર બાદ હીજરી ૧૦૦૯ માં આપે મસજીદ પાસે એક મકાન બંધાવ્યું જેની અંદર મસજીદમાં જવા આવવા માટે એક દરવાજો મુકવામાં આવ્યો ને તેજ વરસમાં આપે બીજાં બે મકાન બનાવ્યાં. એક ભાઈ કુતુબખાન વાસ્તે ને બીજું ભાઇ ખાનજીભાઇ સાહેબ માટે બનાવ્યું. આપ સૈયદનાએ સૈયદી કુતબુદ્દીન માટે બનાવેલ મકાનના વાસ્તાનું જમણ કરી તે બાદ તે મકાન ભાઇ કુતુબખાનને સોંપવાનો ઇરાદો કીધો. એટલે હી૦ ૧૦૦૯ માં આપે મોમિન અને મોમિનાતને જમવાની દાઅવત દીધી. આ મકાનના વાસ્તાના જમણ વાસ્તે સઘળા મોમિન મરદ અને બૈરાંઓ મકાન પર ખુશી સાથે

આવતા ને જમીને વીદા થતા. મોમીનોને જમણ જમાડવા માટે આપ સૈયદી કુતુબખાન બોપણે આખો વખત હાજર રહ્યા હતા. ઉપરાંત આપ સૈયદના પણ મોમીનોને જમાડતી વખતે હાજર હતા. સઘળા જમીને વિદા થયા બાદ આપ સૈયદી કુતુબખાન જમવા વગર પોતાના જુના ઘરે તશરીફ લઈ ગયા ને ઘર આગળ આપે બૈરોને જઇને કહ્યું કે, " જમણ લાવો ". ત્યારે આપના બૈરોએ અરજ કરી કે, એ આકા ! આજે તો આપણે ત્યાં મકાનના વાસ્તાનું જમણ હતું ગામના સઘળા મોમિન તથા મોમિનાત આપણે ત્યાં જમીને ખુશીના સાથે વિદા થયા ને આપ કેમ જમ્યા વગર પધાર્યા ? ત્યારે આપે ફરમાવ્યું " હું ઇઝન વગર કઇ રીતે જમું ? સૈયદના યાને આવાજી તરફથી મને ઇઝન નથી. આ ખુલાસા બાદ આપના બૈરોએ જમણ પકાવ્યું ને આપ જમ્યા.

આ ખબર સૈયદનાને પડી એટલે આપે કુતુબખાનને બોલાવ્યા ને કહ્યું એ બેગ ! આજે તો આપણું જમણ હતું. કુલ મોમિન ને મુમેનાત જમી ગયા અને તમે કેમ ન જમ્યા ? ત્યારે સૈયદી કુતુબખાન સાહેબે ફરમાવ્યું કે, " આપે મને ઇઝન આપ્યું નથી તો બંદો કેવી રીતે જમે ? ત્યારે સૈયદનાએ ફરમાવ્યું તમો મારા ઇઝનની કેમ વાટ જુઓ ? તમે તો મારા ફરઝંદ છો, મારા નુરે નઝર છો, દિલના ફળ છો, મારા કલેજાના ટુકડા છો, મારા માલના વારીસ છો, તમારા વાસ્તે દરેક ચીઝ મબાહ છે. તમને આવો સવાલ કરવાની જરૂર નથી.

ધ્યાન લેવા જેવુ છે કે, હકના દાઇ અને તેના નેક બેટાના આ રીતના ચલગુ હોય ! પોતાના બાવાજીને ત્યાં પોતાના મકાનના વાસ્તાના જમણમાં કુલ મોમિન અને મોમિનાત જમે; આપ સર્વેને ઉભા રહીને જમાડે અને આપને ઇઝન નહિ હોવાના સબબ ત્યાં નહિ જમતાં ઘર આગળ જઇ જમે. જ્યારે આ ઝમાનામાં અમારા કેટલાક વડીલો વગર ઇઝને આગીઝના કહેવાથી આનંદ ને મહોટાઇ ખાતર બહાર ગામ નીકાહ કે બીજા કોઇ પ્રસંગ વાસ્તે જતા હોય ત્યારે ચાર પાંચ ખુશામદીયાને વગર ઇઝને સાથે લઇ જાય છે, તેમાં લઈ જનારા કે સાથે જનારાઓ બેઇલ્મના સબબ જરાએ ખ્યાલ કરતા નથી કે આપણે વગર ઇઝને બીજાને ત્યાં કયા આધારે જઇએ ? અલબત્ત ! જેને ત્યાં શાદીનું કે બીજું જમણ હોય તેને તે ભારે પડતું નથી છતાં ધનસાફને ખાતર એટલું તો કહેવું જોઇએ કે વગર ઇઝને જમવા જનારાઓ મોટી ભુલ કરે છે. તેઓએ સૈયદી કુતુબખાન (શહીદ) નો દાખલો લઈ ઇબ્રત લેવી જોઇએ. તેનું નામજ નેક સીરત છે. એજ ઓલીયા અલ્લાહના નેક કામોની ફઝીલત છે. વગર ઇઝને જઇ જમવા બાબત રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે:—

" મનઅકલા તઆમન લમયુદ્દાઅ ઇલૈહે ફઇન્નમા યાકોલો ફીજવફેહી નોઅમ્મતો નારીન ".

અર્થ:—જે શખ્સ વગર ઇઝને જમી આવે તે શખ્સે બરોબર પોતાના પેટમાં જહન્નમની આગનો અંગારો (સળગતો કોલસો) ખાધો કહેવાય. હજી ફરમાવે છે કે:—

" વનહા અત યતમઅર રજ્જેલો ગૈરોહુ મીન તઆમીન કદ્દોએયા ઇલૈહે ઇલ્લા અન્ન યુઝના લહુ ફીજ્જલેકા. "

અર્થ:—જે માણસને પણ ઇઝન હોય તેજ જમે કરતાં રસ્તામાં ગુજર થાય, બોલાવે તો જરૂર તે જમી શકે.

ઇઝન ન આપવામાં આવેલ હોય તે માણસ નજ જમી શકે, પરંતુ એટલી છુટ આપવામાં આવી છે કે અગર મુસાફરી જમણનો વખત હોય ને જમણ તૈયાર હોય અને તેને શકે છે. આવા લાચારીના વખતમાં જમવું મબાહ કીધું છે.

(દુર્રાએમુલ ઇસ્લામ છા. ૨ જી કી. અતઅમત).

આપ સૈયદનાના વ ણાજ પરહેઝગાર હતા, જાણવા જેવું હોવાથી આ

ખતમાં અમદાવાદમાં મુલ્લાં આદમ નામના સાહેબ હતા તે તો મુલ્લાં હોવા છતાં ખુદાના કેવા વલી હતા તેનું બયાન નીચે આપેલ છે.:—

મુલ્લાં આદમ સાહેબ—અમદાવાદ.

ઝીકર કરવામાં આવે દમાં મુલ્લાં આદમ સાહેબ હતા. હમેશાંનો આપનો ઇબાદતની ખુશબો લોકોમાં

છે કે, સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહના વખતમાં અમદાવા- રહેતા હતા. આપ ઘણાજ દિનદાર, પરહેઝગાર તે પાક સાફ દીલના શુગલ નમાઝ ને કલામુલ્લાહની તિલાવત હતો. આપની તકવા ને ખુબ પ્રસરેલી હતી.

આપ હર વખત ઘરે પધારતા તેથી ભાઇઓમાં મસજીદમાં ઇમામત પડતા અરજ ઉપરથી સૈયદનાએ

માંજ નમાઝ પડતા, કોઇ વખત મસજીદમાં નમાઝ માટે ન ચર્ચા થવા લાગી કે મુલ્લાં આદમ સાહેબ ઇમામતમાં કોઈ વાર શામીલ કેમ થતા નથી ? આ વાત આપણે સૈયદના પાસે મુકવી જોઇએ. આ ઉપરથી કેટલાક ભાઇઓ સૈયદના પાસે ગયા ને કહ્યું કે મુલ્લાં આદમ સાહેબ કોઇ વખત નથી વિગેરે સઘળી હકીકત કહી સંભળાવી. આ ભાઇઓની મુલ્લાં આદમ સાહેબને બોલાવવાનો હુકમ ફરમાવ્યો.

સૈયદનાના હુકમ મુજ મારા ભાઈ ! તમો મસજીદમાં સઘળા ભાઇઓ તમારી ફરીયાદ કરે છે. ત્યારે મુલ્લાં આદમે અરજ કરી કે એ મોલા ! સારા સરદાર ! હું હમેશાં એકલો ઘરમાંજ નમાઝ પઢું છું. આપ સૈયદનાએ ફરમાવ્યું કે હવેથી તમો મસજીદમાં જઈ મુલ્લાં સાથે ઇમામતની નમાઝ પઢજો. મુલ્લાં આદમે હુકમ દાઇના હુકમને માથે ચડાવી અરજ કીધી કે, ઇન્શાઅલ્લાહ હવેથી હમેશાં મસજીદમાંજ જઇશ.

આ પછી મુલ્લાં આ દમ સાહેબ મસજીદમાં નમાઝ વાસ્તે આવ્યા. તહય્યતુલ મસ- જીદની બે રકાત નમાઝ પઢી, તે બાદ ઇમામ સાથે ફજરની નમાઝમાં શામીલ થયા.

ઇમામ સાથે એક રકાત પુરી કીધી. ઇમામ બીજી રકાતમાં કીરાઅત વાસ્તે ઉભા થયા કે તેના દિલમાં વહેમ થયો કે " મારી દીકરી પારણામાં રોતી હશે ". તેજ વખત મુલ્લાં આદમ સાહેબ ઇમામના દિલની વાત જાણી ગયા. પોતે છેલ્લી સફમાં હતા ત્યાંથી સફથી જુદા થઇ એકલા નમાઝ પઢી.

આ બનાવ જોઈ લોકો કીલકાટ કરવા લાગી ગયા ને કેટલાક ભાઇઓએ જઇને સૈયદનાને ખબર આપી કે " મુલ્લાં આદમ સાહેબ આપના હુકમ મુજબ મસજીદમાં આવ્યા ખરા પણ ફજરના ફરઝની એકજ રકાત ઇમામ સાથે પઢી ને બીજી રકાત સફથી જુદા થઈ એકલાએ પઢી ને હવે મસજીદમાં પણ આવતા નથી.

મોમિનીનોની આ અરજ સાંભળી સૈયદનાએ ફરી વખત મુલ્લાં આદમ સાહેબને બોલાવ્યા. હુકમ મુજબ મુલ્લાં આદમ સાહેબ હાજર થયા અને જોરથી અસ્સલામો અલૈકુમ કહી અંદર દાખલ થયા. આપ સૈયદનાએ " વ અલૈકસ્સલામ " કહી બેસવાનો હુકમ કર્યો. જોરથી સલામ બોલવાનુ ફરમાન હઝરત અલી અ. સ. નું છે. આપ ફરમાવે છે કે,

બેત.

ઇફ્રશીશ સલામા ઇન્નમા જીઅતા શીમલઈન,
વ બીત્તહીય્યતે બાદીર કુલ્લા મનકદેમા.

અર્થ:—જ્યારે તું કોઇ જુમલા (ઘણા લોકો બેસેલા હોય) માં જાય તો તું જોરથી પુકારીને સલામ બોલજે અને આવનારને તેજ પ્રમાણે તરતજ સલામના અલૈકથી માન આપજે. તેજ પ્રમાણે હઝરત અલી અ. સ. ની બૈતની તઆમીલ મુલ્લાં આદમ ને હકના દાઇએ કીધી.

બાદ સૈયદનાએ મુલ્લાં આદમને ફરમાવ્યું કે, એ મારા ભાઈ ! આ લોકો તમારા વિશે ફજરની નમાઝમાં બનેલી વાત કહે છે. ત્યારે મુલ્લાં આદમ સાહેબે અરજ કરી કે એ મૌલા ! તે વાત સાચી છે, પણ જ્યારે હું ઇમામતમાં શામીલ થયો અને એક રકાત પઢી ને બીજી રકાતમાં ઇમામના દિલમાં પોતાની દિકરીના રોવાનો વહેમ થયો તે વાત મારા દિલમાં ખુલ્લી થઇ, જેથી મેં નમાઝ કતેઅ કરી (તોડી) એકલાએ નમાઝ પઢી લીધી. બાદ આપ સૈયદનાએ પેશઇમામને પુછ્યું કે શું બાબત છે ? ત્યારે તેણે જવાબ આપ્યો કે મૌલાના ! " ખરી વાત છે " આ પછી સૈયદનાએ મુલ્લાં આદમને ફરમાવ્યું કે " હવેથી તમો તમારા ઘરે એકલાજ નમાઝ પઢજો અને હાજેરીનને આપે ફરમાવ્યું કે, એ ભાઇઓ ! આ મુલ્લાં આદમ દીનદાર છે, પરહેઝગાર છે, ખુદાના ખાસ બંદા છે, ઇબાદતના સાહેબ છે વિગેરે આપે લોકોને નસિહત કરી વીદા કર્યા.

સૈયદી અમીનજી બીન જલાલ–અમદાવાદ

બયાનમાં છે કે, સૈયદી અમીનજી બીન જલાલે સૈયદના દાઉદ ઇમને અજમશાહ તથા તે પછી સૈયદના દાઉદ ઇમને કુતુબશાહના ઝમાનામાં દાઅવતની જે બીદમત કરી છે તેનું બયાન જો વિગતવાર આપવામાં આવે તો એક કિતાબ થાય. આપે દાઅવતે હાદીઆ માટે મુશકેલીઓ સહન કરી ઘણીજ બીદમત બજાવી છે. ઉપરાંત આપ દીનદારીમાં પણ ઘણાજ મશહુર હતા. આપના વકાત સુધી કોઇ વખત દીનના કામમાં લેશ માત્ર આળસ કરી નથી, જેના પુરાવા કિતાબોમાં મોજુદ છે.

આપ જે પ્રમાણે દીનદારીમાં કામીલ હતા તેજ પ્રમાણે ઇલ્મમાં પણ કામીલ હતા, ઇલ્મે ફકિહમાં એક્કા હતા, આપ હમેશાં ઇબાદતમાં મશગુલ રહેતા, રાતોને ઇબાદતથી ઝીંદા કરતા, દિવસે રોઝા રાખતા, જરૂર હોય તોજ ઘરથી બહાર નીકળતા, આપનો બાસ શુગલ કિતાબોના બયાનોની શરેહ કરવાનો તેમજ કિતાબો લખવાનો તેમજ કિતાબોના ઉતારા કરવાનો હતો. આપનો કિતાબો પ્રત્યેનો એટલો બધો ઇશ્ક હતો કે આપ કિતાબના ઇશ્ક પાસે દુનિયાના તમામ ઇશ્કને તુચ્છ સમજતા. તે બાબતમાં એક દીલચસ્પ ઝીકર આ નીચે આપી છે.:—

આપ સૈયદી અમીનજી બીન જલાલ કિતાબો લખવામાં ને ખુદાની ઇબાદતમાં એટલા મશગુલ રહેતા કે આપ આપના બૈરો તરફ કોઇકજ વખત જોતા. આ ઉપરથી એક વખત આપના બૈરોએ વિચાર કીધો કે સૈયદના પાસે જઇ મારા બાવિંદ વિષેની શિકાયત કરૂં, કારણ સૈયદના મારા હકિકિ બાવા છે. બાવા સિવાય કોને દિલની વાત કહેવાય ! આ પછી તે બૈરો સૈયદનાના મકાન પર ગયાં અને પોતાના બાવિંદ તેમના તરફ રગબત રાખતા નથી તે કિસ્સાને બયાન કીધું. આ વાત સાંભળી સૈયદનાએ તે બાઇને ફરમાવ્યું કે, " આજ રાત્રે બતીમાં તેલ પુરશો નહિ તેમજ દીવો પણ પાસે ન મુકજો જેથી તમારા બાવિંદ જરૂર સમજી જશે.

આ પ્રમાણે સૈયદનાના હુકમ મુજબ તે બાઇએ કબુલ કીધું ને દીવો મુકયો નહિ. રાત થઇ, આપ સૈયદી અમીનજી હમેશના કાનુન મુજબ રાતના કામ માટે તૈયાર થયા ત્યારે આપે દિવાને મુકેલો ન જોયો, તેમ દિવામાં તેલ પણ પુરેલું ન જોયું, ત્યારે આપે બૈરોને પુછ્યું કે દિવો કયાં છે ? બૈરોએ કહ્યું કે, દિવો તો છે પણ તેલ નથી. તેજ વખત સૈયદી અમીનજી સાહેબે દિવામાં પાણી નાખ્યું ને સળગાવ્યું તો બેકુદરતીલ્લાહ દિવો બળવા લાગ્યો, પાણી તેલની માફક બળવા લાગ્યું ને આપ આપની હમેશની આદત પ્રમાણે રાતની ઇબાદતમાં મશગુલ થયા.

બીજી સવારે આપના બૈરો સૈયદનાના મકાન પર ગયાં ને રાતના કિસ્સાને કહી સંભળાવ્યો. તે પછી સૈયદનાએ તે બાઇને કહ્યું. " હવે હું અમીનજી બાબત કંઇ

ફેસલો નહિ આપું, કારણ કે મીયાં અમીનજીની ઇબાદત ખુદ તઆલાને મનઝુર છે વાસ્તે તમે મીયાં અમીનની બિદમત બરાબર કરો ને તેની તાબ્બતને લાઝીમ રહો, જો તમો તેની બિદમત પુરી રીતે કરશો, તેની તાબ્બતને બરાબર લાઝીમ રહેશો તો તમારા વાસ્તે જહન્નમ હરામ છે ". રસુલે ખુદાનું ફરમાન છે કે, ' બૈરો વાસ્તે મરદના એટલા હક છે કે, અગર ઇનસાનને સીજદો દેવામાં ગુનાહ નહોત, તો બૈરોને હું હુકમ કરત કે તે તેના બાવિંદને સીજદો કરે ". આ કરતાં વધુ શું તાબ્બત હોય ?

આ નસિહત સાંભળી તે બાઇ પોતાના મકાન તરફ પાછાં ફર્યાં ને સૈયદી અમીનજી બીન જલાલની તાબ્બતમાં મશગુલ રહ્યાં ને ઉપર બતેલ મોબ્બજઓ પછી આપના બૈરોએ કદી પણ આપની તાબ્બતમાં કસુર કરી નથી. આખર સુધી આપનાં બૈરોએ આપની બિદમત કરી છે.

એમ પણ ઝીકર છે કે, એક વખતે કોઈ સંજોગને લઇ આપે રોઝું નહિ કરેલ, અને આપની આદત હતી કે જવાલ કોઇ વાર આપ કઝા ન કરતા એટલે કે જવાલના કરીબ ઘરે તશરીફ લાવતા તે વખત આપના બૈરો રોટલી પકાવતા હોય. કોરન આપ જમી પાછા મસ્જીદ તરફ રવાના થઈ જતા. એક દિવસ એવું બન્યું કે આપ ઘરે પધાર્યા, બૈરો રોટલી પકાવી રહ્યાં હતાં રોટલી જેવી તાવડી પરથી ઉતારી થાલીમાં મુકી કે છાપરા પરથી વાંદરો આવી રોટલી લઇ ગયો અને છાપરા પર બેસી બાવા લાગ્યો. આપ સૈ. અમીને જમણુ તલબ કીધું બૈરોએ કહ્યું સાહેબ હાજર કરૂં છું. બીજી રોટલી તૈયાર કરી થાલીમાં મુકી તે પણ વાંદરો ઉપાડી ગયો. બાદ ત્રીજી તૈયાર કરી થાલીમાં મુકી તે પણ તે ઉપાડી ગયો ને છાપરા પર જઇ નાચવા કુદવા તથા ચેનચાળા કરવા લાગ્યો. આ પ્રમાણે ત્રણ રોટલી ઉપાડી ગયો તેથી વાર લાગી એટલે સૈયદી અમીનજી સાહેબે કહ્યું કે, " તમે કેમ મોડું કરો છો ? ત્યારે બૈરોએ અરજ કરી કે, જનાબ આ સામે બેસેલા વાંદરાની હરકતથી મોડું થાય છે. વાદરો સઘળી રોટલી ઉપાડી ગયો છે. ત્યારે આપે વાંદરા તરફ નઝર કરી. આપને જોઇ વાંદરો રોટલી બતાવી અવાઝ કરવા લાગ્યો. આથી આપને જરા મલાલ આવ્યો ને ફરમાવ્યું. એ હયવાન ! અમને (ઇલ્મ ને અમલના લોકોને) ઈઝા ને તકલીફ દઇને તો આ નોબતે પહોંચ્યો ને વાંદરો બન્યો છે ને વળી આ અમીનને ઈઝા દઇ સતાવી કયા અઝાબના દરકામાં જવાનો ખ્યાલ છે ? આપના આ કલામથી વાંદરાને એવી અસર થઈ કે તેના હાથમાંથી રોટલી પડી ગઇ ને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. શું ખુદાના વલીના કલામની અસર ! ભલા, ખુદાના વલીયો કોઇ પર ગુસ્સે થઇ એઅતાબ કરે તો સામેવાળો સુધરે ખરો ? હરગીઝ નહિ. ખુદાના વલીયોની ઝબાનોમાં અજબ તાસીર હોય છે. જેમ અલીફ શાએરે કહ્યું છે કે,:—

વલીયોંકે કલામોમેં અજબ તાસીરાત હોતેં હૈં,
એક સુખુન ભી લુકમા નીકલે તો નારી નુરી હોતેં હૈં.

જેમ ઇમામ હુસેન અ. સ. ના એકજ સુખન પર હુર કે જે દુશમન તરફથી મુકાબલા પર લડવાને આવેલ તે આપના સાથે થઈ આપ ઉપર ફીદા થયા ને નારી (જહન્નમી) મટી નુરી (જન્નતી) બન્યા.

ગરજ કે, સૈયદી અમીનજી બીન જલાલ જેવાના કલામથી વાંદરા જેવા હયવાનને અસર થઇ તો ભલા આવા ઇનસાન ફરીશ્તા કેમ ન બને ? જ્યાં આવા ખુદાના નેક વલીયો રહેતા હશે ત્યાં તાએત ને હિદ્માયતની શું કમી હશે ! આપ સૈયદી અમીનજી બીન જલાલ તાએલીમ લેવામાં અને આપવામાં, કિતાબોના મોતાલેઆહ (ફરીથી જોઈ જવાં) કરવામાં ને કુરઆનની તીલાવત કરવામાં એટલા મશગુલ રહેતા કે બન્દરમાં આપ કોઇકજ વખત નીકળતા.

એક વખતની ઝીકર છે કે, આપ એક દિવસ બઝારમાં થઇ કોઇ મોમિનીન ભાઇને ત્યાં જમવા જઇ રહ્યા હતા, રસ્તામાં આપના પાસેથી એક હાથી પસાર થયો. આપ આ હાથી જોઈ ઘણા અજબ થયા ને સાથેવાલા ભાઇને પુછ્યું કે એ ભાઇ ! આવા જબરદસ્ત શરીરવાળું, ઝીણી પાંખવાળું (હાથીના કાન) કયું પરિન્દુ (પક્ષી) છે ? ત્યારે તે સાથેવાળા ભાઇએ જવાબ આપ્યો કે એ મોલા ! આ તો હાથી છે, અરબીમાં જેને **ફીલ** કહે છે. આ સાંભળી આપે લાહવલા પઢી કહ્યું કે, હાથી આવો હોય છે ? સાથીદારે કહ્યું. હા સાહેબ.

કાબેલે ઇસ્બિત—આપ એવા દુનિયાને મુકનારા, ઝાહીદ ને આબીદ હતા કે કોઇ વાર બઝારમાં પણ ન નીકળતા. જેઓને ઇલ્મ, અમલ ને દાએવતની ખિદમત સિવાય કોઇ ચીજનો શુગલ નહોય તો પછી દુનિયાની તલબીમાં તેઓનું શું ધ્યાન હોય ? આપ એટલા એકાંત ઝીંદગી ગુઝારનાર હતા કે આપને આખી ઝીંદગીમાં હાથી જેવા જનવરને જોવાનો મેકો ન બન્યો. એવા ખિદમત ગુઝારના દાએવતે હાદિયામાં કેવા મરતબા હોય એ કહેવું મુશકેલ નથી. આવા સાહેબની ખિદમત કયામત સુધી રહેનાર છે.

આપે ચાર કિતાબ નિચે મુજબ લખ્યા છે.:—

૧. " હિસાબુલ મવારીસ ", જેમાં વીરાસતનો હિસાબ બતાવેલ છે.

૨. " સવાલ વલ જવાબ ફીલ ફીકેહ ", જે મસાએલે અમીનજી બીન જલાલના નામે ઓળખાય છે.

૩. " અલહવાશી " જેમાં દયાએમુલ ઇસ્લામના આધારે ફીકેહને લગતા ફેંસલા છે.

૪. " અલમુન્તખબ ફીલ ફીકેહ ".

આ મુજબની કીતાબો સૈયદી અમીનજી બીન જલાલે બનાવી તલબતોની દોઆ લીધી છે.

બાદ હી૰ ૧૦૧૦ તા. ૧૩ માહે સવ્વાલ ઇસ્વી ૧૬૦૨ માં સૈયદી અમીન બીન જલાલ વફાત થયા. આપે આપની આખી ઉમર દાએવતની ખિદમતમાં તમામ કરી છે. આપના વફાતથી સૈયદના દાઉદ બીન કુતુબશાહને ઘણો રંજ થયો.

તે બાદ કેટલાક વખત પછી શેખ સુલેમાનને માનનારાઓમાંથી બે માણસોએ સૈયદનાના મુરીદ તાજખાન બીન દાઉદજી ઉપર ૯૨૬૬ રૂપિયાનો દાવો કર્યો, પરંતુ લાહોરનો ફેંસલો જે ઇબ્રાહીમ વિરૂદ્ધનો આવેલ હતો તે બતાવી હાકીમે આ મુકદમો પણ તેવોજ છે તેથી આ દાવો ચાલી શકે નહિ તેવો શેરો કરી કેસ કાઢી નાંખ્યો. આ અરસામાં અમદાવાદમાં શાદમાન નામના નવા હાકેમ આવેલ હતા તેના મારફત વળી પાછી મોમિનો પર તકલીફોની શરૂઆત થઇ ને દિવસે દિવસે દુઃખ વધવા વાગ્યું. અંતે દુઃખ વધવાના સબબ આપ સૈયદનાને વતન છોડવું પડયું ને આપ બાલબચ્ચાં સહીત બીજે ગામ પધારી ગયા. આ અરસામાં અકબર બાદશાહના ઇન્તેકાલના અને તેના દિકરા જહાંગીરના સુલતાન થવાના બબર અમદાવાદના સુબાને આવ્યા. બાદ જહાંગીરે દરેક ઇલાકાના સુબાઓને બદલી નાંખ્યા, તેજ પ્રમાણે અમદાવાદના સુબા શાદમાનને પણ બદલ્યો ને તેની જગ્યાએ શેખ ફરીદખાનને નીમ્યા. આ શેખ ફરીદને સૈયદના સાથે લાહોરમાં મોહબ્બત થઇ હતી, જેથી તેણે અમદાવાદ આવતાંની સાથે સૈયદનાને યાદ કીધા, પરંતુ સૈયદના ગામમાં નહિ હોવાથી તેમનો પતો મેળવી બોલાવવા સવારોને મોકલ્યા. તે પછી સવારો સૈયદના દાઉદને ગોતીને અમદાવાદમાં ઇજ્જત સાથે પાછા લાવ્યા, અને આપ ખુશીતા સાથે રહેવા લાગ્યા. આપને ને સુબા ફરીદને ઘણીજ મોહબ્બત થઇ, હર ઇદમાં આપ શેખ ફરીદને મળવા જતા તેમ શેખ ફરીદ આપને મળવા આવતા. આપના ઇલ્મ અને અમલની કદર લોકોમાં વધવા લાગી. આપની દાએવત પ્રત્યેની કોશિષ ને હીદાયતના સબબ અને મોમિનીનોની નેક નિય્યત ને નેક ચલણના સબબ તેમના માલમાં ખુદાતઆલાએ બરકત આપી, મોહબ્બત તથા ઇખલાસમાં વધારો થયો. આપે દાએવતની ખિદમત કરવામાં ખુબ મહેનત કરી છે, કદખાનાની મુશકેલી વેઠી છે, મબ્બરી રહ્યા છે, દુઃખને તબ્બ છે, માઇલો સુધી ચાલી રસ્તાની તકલીફો સહન કરી છે, મોમિનીનની માલમતાની હીફાઝત જીવના જોખમે કરી છે. આ અરસામાં આપે બે રીસાલા શેખ સુલેમાનના ફીરકા સંબંધી લખેલ છે તેમજ આપના શાગીર્દોએ આપને મદદ કરવા કિતાબો લખ્યા છે. તેમાં સૈયદી અબ્દુરરહેમાને એક રીસાલો લખ્યો છે જેમાં **સુલેમાની ફીરકાને** રદીયો આપેલ છે. બીજા શાગીર્દે " અલ મુઝ્ઝેનતુલ મુશાહ " નામનો કિતાબ લખેલ છે ને તેજ વરસમાં એટલે હી૰ ૧૦૨૧ માં સૈયદી હસન બીન ઇદરીસ વફાત થયા હતા. આપે પણ ચાર કિતાબ બનાવ્યા છે.

૧. " જવાહેરૂલ અકીબાહ " જેમાં ચમનના દોઆતોની તવારીખ છે.

૨. " કીતાબુલકોતોબે વરસાએલે " જેમાં ચમનના દોઆતોના લખેલા કાગળોની નકલો છે.

૩. " અલમુકરેદા ફી ઇબ્તાલીલ મુજરરેદા " જેમાં મોહમ્મદ બીન કહદ નામના સુલેમાનીએ લખેલ કિતાબનો જવાબ છે.

૪. " દિવાન ".

સૈયદી ખોજ બીન મલકની મુશકેલીઓ.

આપના વખતમાં સૈયદી ખોજબીન મલક સાહેબે દાઅવતની જે ખીદમત કરી છે તેનું થોડું બયાન અગરપનું ધારી આ નીચે આપેલ છેઃ—

હી. સ. ૧૦૦૨ ના વરસમાં મો. શેખ આદમ, મો. અલીમહમદ અને સૈ. ખોજ બીન મલક એ ત્રણ સાહેબોને અહમદાબાદમાં કેદખાનું ભોગવવું પડયું, તેની તવારીખ સૈ. ખોજ સાહેબે પોતાના રીસાલાઓમાં આપી છે. આ રીસાલાઓમાં બીજી અનેક હકીકત આપવામાં આવી છે, જે સૈયદના દાઉદજી અજબશાહ અને સૈયદના દાઉદજી કુતુબશાહના વખતમાં બનેલા બનાવો, તે વખતની કોમની વસ્તી, હાલત અને આચાર વિચાર વિગેરે ઘણી સરસ રીતે બતાવે છે. આ રીસાલાઓ અને બીજી તવારીખના આધારે "સૈયદી ખોજ બીન મલકની મુશકેલીઓ" એવા વિચારે લખી છે કે તે આજથી ૩૫૦ વરસ અગાઉની કોમની કાંઇક હાલત બતાવવા ઉપયોગી નીવડશે.

કેસ કરવાનો વિચાર !

અહમદાબાદના આપણી કોમની વસતીથી ચીકાર ભરેલા ૨૮ મહોલ્લાઓમાંનો ૬ ઠ્ઠો મહોલ્લો કે જે સિરપુરના મહોલ્લા તરીકે જાણીતો છે, તે મહોલ્લા તરફ એક શખ્સ કે જેનું નામ મહમદ બીન રાજ છે તે ઘણે ઉતાવળે કદમે જતો હતો. આ મહમદજી બીન રાજમહમદ સૈયદના દાઉદજી બીન અજબશાહનો કાતિબ હતો, પણ તે હાલ સુલેમાની પીરકા તરફ ફરી ગયો હતો. મહમદ હજુ તો સિરપુરના દરવાજામાં પેસે છે કે તેને પાછળથી કોઇએ ટુમ મારી, પાછું ફરી જોતાં તેણે ખાનજી બીન અમીશાહ કે જે સૈ. દાઉદજી અજબશાહનો જમાઇ હતો અને જે પણ સુલેમાની થઈ ગયો હતો તેને આવતાં જોયો.

"કેમ સાહેબ ! તમો પણ કાંઈ મોડાજ આવો છો ? હું ધારતો હતો કે મનેજ મોડું થયું છે". મહમદે કહ્યું.

"હાં મને જરા વાર લાગી. મીઠાપુરના મહોલ્લામાં કામ સર ગયો હતો તેથી વખત થઈ ગયો. ખંભાત, ધોલકા, ધોધા, તલાજા અને દીવ બંદરના રહીસો આવેલા છે તેઓ માટે કોશિષ થઇ રહી છે". ખાનજીએ ખુલાસો કીધો.

"નડીયાદ, આણંદ, પેટલાદ અને સોનગઢ માટે કાંઇ થાય છે કે કેમ".

"મુલાં હસન, ભરૂચ અને સુરત થઇને ત્યાં જશે. હાલ તેવણ ગણદેવી અથવા નવસારીમાં છે".

"ત્યારે મલકજી બીન પીર કયાં છે ?".

"એને ધોલકા, ધંધુકા, લાઠી અને પાલીતાણાની આસપાસનાં ગામોમાં જવું છે".

"દનગામ, ઉમરેઠ, દેવગામને પણ મુકવાં જોઇએ નહિ".

"કપડવંજથી યાકુબ બીન અલી વહાં જશે".

"અને સિંધ અને હંદા તરફ કાંઈ કોશિષ ?".

"તે તરફ હાલ તો કાંઇ થયું નથી કેમકે ત્યાં મુમેનીનની વસ્તિ ઘણી થોડી છે, પણ ચાલો ત્યાં લોકો આપણી વાટ જોતા હશે".

ખાનજી અને મહમદજી કાંઇક વાતો કરતા સિરપુરના મહોલ્લામાં પેઠા તેઓની વાત જુદા જુદા ગામોના વહોરા ભાઇઓને સુલેમાની પીરકા તરફ કેમ ખેંચવા તે બાબતની જ હતી. કટલાક ગામોમાં તેઓએ પોતાના એલચીઓ મોકલ્યા હતા ત ઉપલી વાતચીત ઉપરથી જણાયું હશે. તે સિવાય ઉમરેઠ, સરનાલગામ અહમદનગર, ગડાસીનોર, સાગવાડ ઉજ્જેન, સુલતાનપુર, રતલામ, ડુંગરપુર, આનાપુર, સિહપુર તેમજ કાઠિયાવાડ અને ગુજરાતના અનેક નહાના મહોટા ગામોમાં વહોરા ભાઇઓની વસ્તિ હતી તેમાંના ઘણા ગામોમાં સુલેમાની તરફથી કોશિષ થઈ પણ તે કોશિષ ફતેહયાબ થઈ નહિ

ખાનજી અને મહમદજી વાતો કરતા મહોલ્લાના અંદરના ભાગમાં આવેલા એક ઘરના દરવાજા નજદીક પહોંચતાં અવાજ કીધો. આ ઘર અમીશા બીન મુલ્લાં બીયાં કાજીનું હતું. અવાજ સાભળતાં અમીશાએ આવી દરવાજો ખોલ્યો અને ખાનજી અને મહમદને આવકાર આપી અંદર એક ઓરડામાં લઈ ગયા જ્યાં સૈયદના દાઉદજી બીન અજબશાહના દીકરા ઇબ્રાહીમ જેવણ સુલેમાની થઇ ગયા હતા તે બેઠેલા હતા.

ખાનજી—કેમ ઇબ્રાહીમ સાહેબ, આપના ભાઇ એહમદભાઇ સાહેબ દેખાતા નથી ?

(નોટ—એહમદ તે સૈયદના દાઉદજી અજબશાહના બીજા દિકરા જે પણ સુલેમાની થઈ ગયા હતા).

ઇબ્રાહીમ—એહમદભાઇ સારંગપુરમાં અલઆલેમાં-ઝોહરાબાઇને મળવા ગયા છે. ત્યાં રોકાઈ ગયા હશે.

(નોટ—ઝોહરાબાઇ બિનતે સૈયદના યુસુફ ઘણા આલીમ હતાં તે પણ સુલેમાની થઈ ગયાં છે).

અમીશા—મહમદજી તમો શું ધારો છો ? દાઉદી કોમની વસ્તિ કેટલી હશે ?

મહમદજી—હાલના વખતમાં હિંદ અને સિંધ મળીને આશરે ૧૪૦ ગામમાં વસ્તિ છે. અને કુલ નહાના મોટા દસ હજાર માણસો છે, તેમાં મુલ્લાંઓ અને મશાએખોની સંખ્યા ૨૬૦ ની છે. એ ગીનતીમાં યમનનો ઇલાકો આવતો નથી, ત્યાંની વસ્તિ જુદી.

ઇબ્રાહીમ—એ બધું તો ઠીક, પણ મહમદજી તમો આપણા કામનો શું બંદોબસ્ત કરી આવ્યા તે કહો ?

મહમદજી—બધું ફતેહ કરી આવ્યો છું. શાહ મુરાદના નકીબ ફતેહમહમદખાન તથા જફરખેગને હાથમાં લીધા છે. તેઓએ આપણને મદદ કરવાનું વચન આપ્યું છે, પણ પાંચસો રૂપિયા હમણાંથીજ આપવા પડશે.

ઇબ્રાહીમ—તેટલી બધી રકમ કયાંથી કાઢીશું. કામ થાય તો પછી પાંચસોને બદલે પાંચ હજાર આપીએ.

મહમદજી—મેં ઘણી કોશિષ કરી પણ તેઓને તો પાંચસો હમણાંજ જોઇએ છે. નહિ તો આપણું કામ કરી આપવા તદન ના કહે છે અને સૈયદના દાઉદજી કુતુબશાહ ઉપર લખીતવાર ફરિયાદનામું તૈયાર કરાવી મોકલવા કહે છે.

ખાનજી—ઠીક છે પૈસા આપીશું; તે વગર કોણ કામ કરી આપવાનું છે ? પણ દાવો કેટલાનો કરીશું ? મારો ઇરાદો છે કે પચીસ લાખનો દાવો કરવો.

અમીશા-એટલી રકમની સાબીતી કયાંથી આપી શકાશે ? સૈયદના દાઉદ ઇબને અજમશાહના વખતમાં દાવતની કુલ પેદાશ, ઝકાત તેમજ બીજા હુકુક નજરાના, મિલ્કત વિગેરેની વરસ દહાડે પચીસ હજારની મુશકીલથી આમદ થતી હતી અને તે આમદમાંથી ઝકાત તથા બીજા હુકુકની પેદાશ પાંચએ પાંચ હકદારોને આપી દેવામાં આવતી હતી અને બાકીની પેદાશમાંથી ઇલમ શીખવવા માટે મહોટી રકમનું ખરચ થાતું. ગામેગામ મસજીદો, ટાંકાઓ વિગેરે બનાવવામાં દાવતનો પૈસો પુરો થાતો નહોતો, તેથી સૈયદના ખુદ પોતાની બાપદાદાની મિલ્કતમાંથી પણ ખરચ કરતા, તો પછી એટલી મહોટી રકમના દાવાની સાબીતી કેમ લાવી શકાશે ?

ઇબ્રાહીમ – સાબીતીની કયાં વાત છે ! જે મહોટી રકમની ફરિયાદી હશે તોજ ફાયદો થાશે. હાકેમો અને અરકાનોને પણ લાલચ થાશે કે મહોટી રકમની ફરિયાદ છે તો જરૂર કાંઈ સારો લાભ મલશે અને જે તેટલી રકમનું હુકમનામું મલી ગયું તો દાઉદજી ઇબને કુતુબશાહ તથા બીજા આગેવાનોના ઘરબાર વેચીને પણ રકમ વસુલ કરી શકાશે. મને તો લાગે છે કે હજી મહોટી રકમનો દાવો કરવો. ત્રીસ લાખનો દાવો કરવો.

મહમદજી–ભાઈ અમીશાની વાત ઘણી વાજબી તથા ખરી છે. ઘણો મહોટો દાવો કરવાથી આપણને હાંસલને બદલે નુકશાન છે. સૈયદના દાઉદજી ઇબને અજમશાહ દાવતની મસનદ પર અઠાર વર્ષ રહ્યા, તેથી જે બાર લાખનો દાવો કીધો હોય તો એમ કહી શકાય કે વરસ દહાડે એક લાખની પેદાશ હતી તેમાંથી એક હિસ્સો ખરચ થાતો અને બે હિસ્સા બજતામાં રાખતા હતા.

કેટલીક વધુ વાતચિત પછી ભેગી મલેલી ટોળીએ એવો ઠરાવ કીધો કે સૈયદના દાઉદજી બીન કુતુબશાહ ઉપર બાર લાખનો દાવો કરવો અને ફતેહમહમદ તથા જફરખેગને કહેવું કે સૈયદનાને બુદને હાલ તરત પકડે નહિ, પણ મોલાઇ શેખ આદમ બીન તૈયબશાહ, મોલાઇ મુસ્સાં અલીમહમદ બીન પીરોજ બીન અજમશાહ તથા સૈયદી બીજ બીન મલક એ ત્રણ સાહેબો અને બીજા આગેવાન રહિશોમાંથી જેટલાને અને તેટલાને

પકડી નજરકેદ કરે, અને સૈયદનાને પણ પકડી જવાની ધમકી આપે. જો તેમ કરશે તો જરૂર સૈયદના કેદીઓને છોડાવવા વાસ્તે લાખ બે લાખનો તો બંદોબસ્ત કરી આપશેજ. આવો ઠરાવ કરી સર્વે ત્યાંથી ઉઠયા અને ખાનજી તથા મહમ્મદજી ઇબ્રાહીમ બીન સૈયદના દાઉદજી અજમશાહ સાથે વાતો કરતા અહમદપુરના મહોલ્લા તરફ ગયા. આ અહમદપુરના મહોલ્લામાં ત્રણ નહાના મહોલ્લા હતા, તેમાંનો એક મહોલ્લો કે જે હરિપુરને નામે ઓળખાતો હતો ત્યાં રહેતાં પોતાના કોઇ રશ્કીને સાથે લઇ ઇબ્રાહીમ અહેમદપુરના બીજા મહોલ્લા (ચાકનના મહોલ્લા) ની મસજીદમાં ત્યાંની હોઝની બાજુમાં આવેલી મોલાઈ ખાન બીન કાસમની ઝીયારત વાસ્તે ગયો, અને આ જી અને મહમદજી અહેમદપુરનો ત્રીજો મહોલ્લો કે જે " ગધાપુર " ને નામે જાણીતો હતો ત્યાં મોલાઇ યુસુફજી બીન મામુજી મલક મીરાનના ઘરના નજદીક આવેલા એક જુના મકાનમાં કે જે ચાંદજી અને અમુજી નામના બે ભાઇઓનું હતું તેમાં દાખલ થયા. બેઉ ભાઇઓ ઘરમાંજ હતા. તેઓએ ખાનજી અને મહમ્મદજીને આવકાર આપી ચોકની બાજુએ આવેલી પડસાળમાં બાંધેલી ખાટ ઉપર બેસાડયા.

ખાનજી—કેમ અમુજી તમો તૈયાર છો કે ?

અમુજી—હું હમણાંજ કોટવાલીમાંથી આવ્યો છું. શાહ મુરાદ થોડા દિવસમાં શિકારે જવાના છે તે વાસ્તે કેટલોક જરૂરી સામાન પહોંચાડવાનો છે. આપણા કામ માટે મેં મુફતી પાસે પણ વાત કીધી હતી. તે મદદ કરવા તૈયાર છે પણ કામ ઘણું મુશકીલ છે. અમો ગરીબ માણસ મહોટી મુશકેલીમાં આવી પડીએ તેવું છે.

ચાંદજી—હા, ઉંધ વહેંચીને ઉજાગરા કરવા જેવું આ કામ છે. મોલાના દાઉદજી કુતુબશાહ જેવા એક નેક શખ્સને નાહકના સતાવવા છે. અમો કાંઇ શીખેલ પરેલ નથી કે અમોને ખબર પડી શકે કે તમો સાચા છો કે એ સાચા છે. પણ ફક્ત પૈસાની લાલચમાંજ અમો આ કામમાં પડીએ છીએ. ગઇ કાલેજ મોલાઈ મુલ્લાં અમુજી બીન ખાનજી " શેખ દાઉદના " મહોલ્લામાં મળ્યા હતા. તેઓ સમજાવતા હતા કે તમો લોકોનો દાવો તદન જુઠો છે, પણ હશે અમોને તેનું કાંઇ નહિ.

અમુજી—મારી ઘરવાલી ગઇ કાલે હુરબીબી બીનતે મલક પીરોજને ત્યાં ગઇ હતી. ત્યાંથી ઘણી ઘણી વાતો સાંભળી આવી તેથી આખી રાત ઘરમાં ઝઘડો થયો. બસ તેણી કહે કે હુરબીબી જેવા આલીમ અને નેક બૈરાં પણ એમજ કહે છે કે ઇબ્રાહીમ અને એહમદનો દાવો જુઠો છે તેથી જો તમે લોકો તેઓને મદદ કરશો તો હું ઘર મુકીને ચાલી જઇશ અને.....

ખાનજી—એ તો બધું હોય. બૈચર તો શેતાનની જાત છે, તેની વાત કોણ માને ? તે લોકોને શું ખબર પડે ? આ કામમાં તમોને કાંઇ તકલીફ કે મુશકેલી જેવું નથી. ફક્ત મેં સમજાવ્યું તેમ કરશો તો તમોને હમેશનો મહોટો લાભ થશે. આપણા હાથમાં

હજારો રૂપિયા આવશે અને તેથી આપણે માલામાલ થઇ જઈશું. તમોને ખુબ રાજી કરશું. લો આ પચીસ રૂપિયા તમારી બૈયર માટે કાંઇ ઝીણું પાતળું બનાવી આપશો તો તેણી પણ રાજી થઇ જાશે.

ચાંદીના સિક્કાઓ જોતાંજ આ બોળા ભુલેચા ભાઇઓના મન ભમાઈ ગયાં અને તેઓએ બાનજીને મદદ કરવાનું વચન આપ્યું.

સૈયદના દાઉદજી બીન અજબશાહના બે દિકરાઓ ઇબ્રાહીમ અને એહમદે સૈયદના દાઉદજી બીન કુતુબશાહ ઉપર પોતાના બાપની મિલ્કતમાંથી રૂપિયા બાર લાખના પોતાના હકનો દાવો માંડવાનો ઇરાદ કર્યો હતો. સૈયદના દાઉદજી અજબશાહ હી. સ. ૯૬૭ ના રબીઉલ આખરની ૨૦ મી તારીખે આ દારે ફાની છોડી ગયા અને આપની વસિયત અને નમતી તકલીદ નસના કાગલ-મુજબ સૈયદના દાઉદજી કુતુબશાહ કોમના દાઈ અને સરદાર બન્યા. તે પછી લગભગ ત્રણ ચાર વરસ બાદ સુલેમાને દાવો કીધો અને તેથી એક નવો શીરકો પેદા થયો. ઇબ્રાહીમ અને એહમદ તેમજ સૈયદના દાઉદજી અજબશાહના બે જમાઇ બાનજી બીન અમીશા તથા લતીફજી પણ સુલેમાની થઈ ગયા અને તેથી તેઓએ દાવતની મિલ્કતમાંથી સૈયદના દાઉદજી અજબશાહના વારસો તરીકે પોતાના હકનો દાવો કીધો. કોમ માટે આ એક ગંભીર સવાલ હતો.

"એક દાઈના ફરઝંદ તે દાઇ પાસે રહેલી કોમની મિલ્કતમાંથી પોતાનો વારસો લઇ શકે કે કેમ ?" તે સવાલ તથા "દાઇને જે કાંઇ કોમ તરફથી આપવામાં આવે છે તે દાઈની પોતાની મિલ્કત ગણાય કે "કોમની" મિલ્કત ગણાય ?" તેવા ભારી સવાલો મજકુર ઇબ્રાહીમ તથા એહમદના દાવા ઉપરથી ઉભા થતા હતા અને તેથી કોમ કુદરતી રીતે ઘણી ચિંતામાં પડી હતી. ખુદાતઆલાના ફઝલો કરમથી તે વખત કોમમાં એવા ઓલોમાઓ ઘણા હતા કે જેઓ, જેમ સૈયદના દાઉદજી કુતુબશાહની કરાબતનો દાવો કરી શકતા નહોતા, તેમજ સૈ. દાઉદજી અજબશાહની કરાબતનો પણ દાવો કરી શકયા નહોતા. એટલે કે "ભાઇસાહેબો" ના કરતાં કોમમાં બીજા ઓલમાઓ ઘણા હતા અને તેથી "દાઇ" ના કરાબતના ઘરાણાના લોકો કે જેઓ આવી જાતનાં દાવામાં સામીલ થઇ શકે તેઓના કરતાં દાવતનો બચાવ કરનારા ઓલોમાઓનું જોર ઘણું વધારે હતું. તેમજ તે વખતમાં એવો રીવાજ દાખલ થયો નહોતો કે ફલાણા શખ્સે ફલાણું મકાન અથવા મિલ્કત દાઇને પોતાના બક્ષિશ અથવા વકફ આપ્યું છે, પણ જે કાંઇ મિલ્કતો વકફ થતી હતી તે કોમી તરીકેજ તે ગામની "જમાત" ને સોંપવામાં આવતી હતી એજ રીતે જે કાંઇ રોકડ બક્ષિશ થતી તે કોમની મિલ્કત તરીકેજ દાઇને સોંપવામાં આવતી હતી. તેથી સૈયદના દાઉદજી અજબશાહ જે કાંઈ મિલ્કત સૈયદના દાઉદજી કુતુબશાહને સોંપી ગયા તે ઉપર સૈયદના દાઉદજી અજબશાહના "વારસા" તરીકેનો ઇબ્રાહીમ તથા એહમદનો કાંઇ પણ હક લાગુ પડતો નહોતો. આપણે આ તવારીખના અંતે જોઇશું કે ખુદાતઆલાના ફઝલથી ઇબ્રાહીમ અને એહમદના દાવાનું પણ એજ છેવટે આવ્યું. જો કે દાવતના ત્રણ સરદારોને કેદખાનાની તકલીફ ભોગવવી પડી, પણ અંતે

એજ સાબિત થયું કે જે કાંઈ મિલ્કત સૈયદના દાઉદજી અજબશાહ પોતાના મનમુક સૈયદના દાઉદજી કુતુબશાહને સોંપી ગયા છે તે ઉપર સૈયદના દાઉદજી અજબશાહના ફરઝંદોનો કાંઈ પણ હક લાગતો નથી. કોમ માટે આ વિચારવાજોગ સવાલ છે કે જો તે જમાનામાં મિલ્કત "દાઈના પોતાના નામ ઉપર" વકફ કરી આપવામાં આવી હોત તો ઇબ્રાહીમ અને એહમદના દાવાનું પરિણામ શું આવત !!!

ઇબ્રાહીમ અને એહમદનો દાવો બિલકુલ લુલો હતો અને તેથી તેઓએ પોતાનું કામ સાધવા કતેહમહમદ, શેખ ફરીદ અને કોટવાલ જફાએગને હાથમાં લેવાનો ઠરાવ કીધો તે આપણે આગળ વાંચી ગયા છીએ. પૈસાની લાલચે આ ત્રણ અમલદારોએ મુગલ શહેનશાહ "અકબર" ના દિકરા "શાહમુરાદ" ને કે જે તે વખત ગુજરાતનો હાકેમ હતો તેને સમજાવી ઇબ્રાહીમ તથા એહમદનું કામ કરી આપવા વચનો આપ્યા અને તે વચન મુજબ કતેહમહમદ એક સારો વખત જોઇ શાહમુરાદ પાસે ગયો અને તેને ઇબ્રાહીમ અને એહમદના દાવાની હકીકત કહી સંભળાવી કોમના પીરોને પકડી નજરકેદ કરવાનું ફરમાન માગ્યું. શાહમુરાદે દાવાની હકીકત સાંભળવા પછી પુછ્યું.

શાહમુરાદ–દાઉદજી અજબશાહના બે બેટાઓ ઇબ્રાહીમ અને એહમદ સિવાય બીજા કોઇનો વારસો નથી ?

કતેહમહમદ–છે. જહાંપનાહ ! દાઉદજીના બે જમાઈ બાનજી બીન અમીશા અને લતીફજી છે તે પણ દાવાદારો ઇબ્રાહીમ અને એહમદના સાથમાં છે. તેમજ દાઉદજીની બે બોરતો "નુરસબાહ" અને "રમા" પણ તેઓના સાથ છે.

શાહમુરાદ–આ લોકોના નામોમાં અજબ જાતની ભેલસેલ છે. દાઉદ તે "અજબશાહ" ના દિકરા; દામાદ; બાનજી અને લતીફજી; બોરતોના નામ "નુરસબાહ" અને "રમા" આનો મતલબ શું ?

કતેહમહમદ–ગુજરાત, કાઠિયાવાડ તથા મેવાડના લોહુ વતનીઓને યમનના ઇસ્લામ-ઈલી–શીઆ શીરકાના અરબોએ ઇસ્લામમાં લીધા છે અને તેઓ સાથે મગપણના સંબંધથી પણ જોડાયા છે. તેને લીધે હિન્દુસ્તાનના નામો સાથે અરબોના નામોની ભેલસેલ જોવામાં આવે છે.

(અહિં કતેહમહમદે કોમની ઉતપતિ, રીવાજ, ધર્મ વિગેરે સંબંધમાં શાહમુરાદને ઘણુંક સંભળાવ્યું).

શાહમુરાદ–ઠીક છે. હવે ઇબ્રાહીમના દાવાની મુચ્ચાઇની કાંઇ શાક્ષિ છે ?

કતેહમહમદ–ઘણા શાક્ષિઓ મોજુદ છે. ખાસ કરીને દાઉદજી અજબશાહનો કાતીબ મહમદજી રાજ. એ મતલબ કાતીબ હતો તેથી તેને કોમ, તે પીરની દોલત, બાબતના વિગેરેની પુરી બબર છે.

શાહમુરાદ–એ પીર પાસે એટલી બધી દોલત કયાંથી આવી એ જરા શક જેવું છે. શું એના બાપદાદા કાંઇ બબતો મુકી ગયા હતા ?

ફતેહમહમદ–નહિ, જહાંપનાહ ! મેં હુઝુરને અરજ કરી તે મુજબ દાઉદજી કોમે બવાહીરના પીર મુરશીદ છે. એ કોમ વેપારી હોવાથી ઘણી દોલતમંદ છે. એ લોકો પોતાના પીરને "શાહ" ના કરતાં ઝીયાદા ઇજ્જત આપે છે અને પોતાની દોલતમાંથી જે જકાતનો હિસ્સો ઇસ્લામની શરીઅત મુજબ નીકાલે છે તે ફકીરોઓ અને મસાકીનોને આપવાને બદલે પોતાના પીરનેજ આપે છે. એ પીર હર વરસ એક દિવસ જલસો કરે છે. જે વખતે કહે છે કે પીર પોતે તાજ પહેરીને તખ્ત ઉપર બેસે છે અને તમામ લોકો હજરોના નજરાણા કરે છે. કહે છે કે દાઉદજીના ખજનામાં ફક્ત બાર લાખની તો સોનાની મહોરો હતી. તે સિવાય જવાહેરાત તથા મોતીઓ શાહના ખજનાને લાયકના બેસુમાર છે. સોનાના દાગીનાઓની બીસ પેટીઓ ભરેલી છે.

શાહમુરાદ–મારી અકલ કબુલ નથી કરતી કે આ ગરીબ અને તીજારત અને દુકાનદારીમાં મશગુલ કોમ પાસે એટલી બધી દોલત જમા થઈ હોય !

ફતેહમહમદ–જહાંપનાહ ! આપ શેખ ફરીદને પુછશો તો સચાઇની ખાત્રી થાશે. આ દાઉદજી યમનના પીરના વારસ છે અને તેથી તેઓ પાસે યમનના શાહ અને સરદારોના લખોના ખજના હાથમાં આવેલા છે.

શાહમુરાદ–યમનમાં એ પીરકાની કેટલી વસ્તી છે ?

ફતેહમહમદ–લખોની, તેમાં ઘણા મહોટા સરદારો અને હાકેમો એ પીરકામાં સામેલ હતા. દાઉદજીના પેશવા યુસુફ નજમુદ્દીન સિહપુર પાટણના રહેવાસી હતા. યમનમાં આ પીરકાના મહોટા પીરની તેમના ઉપર મહેરબાની થઈ તેથી તેને પોતાના વારીસ બનાવી દીધા અને લખોની દોલત અને ખજના સોંપ્યા. એ ખજનાનો ફક્ત જુજ હિસ્સોજ દાઉદજી અજબશાહને હાથ લાગ્યો છે. બાકીનો ખજનો યમનમાં રહી ગયો છે.

શાહમુરાદ–ઠીક છે, હું તે વાતની તપાસ કરીશ. ઇબ્રાહીમ અને એહમદને હુકમ કરો કે પોતાનો દાવો લખી દરખ્વાસ્ત મોકલાવી આપે.

હુકમ મુજબ ૧૨૦૦૦૦૦) બાર લાખના દાવાની દરખ્વાસ્ત લખી મોકલાવામાં આવી. શેખ ફરીદને શાહમુરાદે પુછતાં અલબતા શેખ ફરીદે એમજ કહ્યું કે તે દાવો ખરો છે. તેમજ કોટવાલે પણ જવાબ આપ્યો કે ખાનગી તપાસ કરતાં જણાયું છે કે દાવો ખરો છે. અબુજી અને ચાંદજી જેવા શખ્સો પણ શાક્ષિ આપે છે કે ખજનાની વાત બીલકુલ ખરી છે. આવી શાક્ષિઓને આધારે શાહમુરાદે એ કેસ ફતેહમહમદ અને કોટવાલને સોંપી ફરમાન લખી આપ્યું કે તપાસ પુરી થાય ત્યાં સુધી કોમ બવાહીરના પીર અને આગેવાનોને નજરકેદ રાખે કે જેથી તેઓ ખજનો કોઈ જગે છુપાવી રાખે નહિ.

નજર કેદ !

કાલુપુરમાં આવેલા બેડી બાંધણીના નીચા મકાન તરફ નજર કરીએ. આ મકાનમાં શણગાર અથવા ઠાઠમાઠ જેવું કાંઇ પણ જોવામાં આવતું નહોતું. બલકે દરેક ચીજ એજ ગવાહી આપતી હતી કે તે મકાનના રહેવાશીઓ દુનિઆને તરક કરનારા આસામીઓ છે. સુવાના ઓરડામાં એક સાદા ખાટલા ઉપર સાદું બીછાનું પાથરેલું હતું, પણ બાજુમાંજ અલમારીમાં કિતાબોનો જથ્થો ઘણી સંભાલ સાથે ગોઠવી રાખેલો નજરે પડતો હતો. પરસાલમાં એક લોખંડના સળીઆઓથી લટકાવેલી ખાટ તથા બાજુના ઓરડામાં એક નહાનકડી શેતરંજી અને દિવાલ તરફ રાખેલો એક સફેદ પણ સાદો તકીઓ. આ સાદા ઘરની સાદગીમાં વધારો કરતો હતો. દરેક ચીઝ સાધારણ કિમતની અને સાદી હતી, છતાં એ ઘરની ચોકખાઇ અને સફાઇ કાંઈક ઓરજ જોવામાં આવતી હતી. રેશમના બીછાના, ગાદી તકીઆઓ, વાસણોનો દિવાલ ઉપરનો શણગાર વિગેરે તવંગરીના તોરથી જો કે આ ઘર ઘણેજ દુર હતું, છતાં પણ ત્યાં પોંહલી દરેક ચીઝ એજ ગવાહી આપતી હતી કે તે ઘરના રહેવાશી એક આલીમો ફાઝીલ, અને મહોટા પુરૂષ હતા. પેલા શેતરંજી બિછાવેલા ઓરડામાં તકીઆને પીઠ દઇને એક સાહેબ બેઠેલા હતા જેમના ચહેરા તરફ નજર કરતાં તેવણની ઉમર બુઝર્ગીની તરફ ઢલતી જણાતી હતી. તેવણનો લીબાસ કાંઇક આરબ લોકોના પહેરવાસને મલતો હતો. માથાં ઉપર આરબોના જેવો ફેંટો બાંધેલો હતો અને બદનમાં લીલો કબા (ઝભ્ભો) પહેરેલો હતો. પાસેની દિવાલમાં નાખેલી ખીતી ઉપર એક અરબ્બી જુબ્બો અને તલવાર ટાંગેલાં નજરે પડતાં હતાં. બીજી બાજુની અલમારીઓનો કિતાબોનો જથ્થો તેવણના બલમ તરફના ચાહની ગવાહી આપતો હતો. આ નુરાની ચહેરાના બુઝર્ગ કોમે બવાહીરના મુરશીદ અને સરદાર સૈયદના દાઉદજી બીન કુતુબશાહ હતા તેમની નજદીક તૈયબજી બીન પીરજી બેઠેલા હતા અને તેનાથી થોડે છેટે સૈયદનાના ત્રીજા ફરઝંદ મીયાં બાનજી પોતાની કિતાબમાં નજર કરી રહ્યા હતા. તૈયબજી બીન પીરજી સૈયદનાને કાંઈ સવાલો પુછતા હતા જેનો સૈયદના જવાબ આપતા હતા. તૈયબજીના છેલ્લા સવાલના જવાબમાં સૈયદનાએ ફરમાવ્યું કે, જે કાંઈ બેરનું કામ પોતાની હૈયાતીમાં પોતાને હાથેજ કરવાથી સવાબ હાંસીલ થાય છે તેવું મોત બાદ બીજાઓ મરનારના નામ ઉપર કરે તેથી થાતું નથી. સૈયદના દાઉદજી અજબશાહ ક. રૂ. એ પોતાની હૈયાતી દરમિયાન ઘણા ગામોમાં મસ્જીદો પોતાની ખાસ પુંજીમાંથી બનાવી છે. ઘણા ગામોમાં મદ્રેસાઓ ખોલી પોતા તરફથી મોઅલ્લીમોને મોકલ્યા છે. આપ હમેશાં લોકોને ઉપયોગી થઈ પડે તેવા કામોમાં પૈસો ખરચ કરવાનું ઘણું પસંદ કરતા હતા. જેમ કે, પોતાના આખર વખતમાં પણ મોલાનાએ વસિયત ફરમાવી કે "મારા સવાબના નિસ્બતથી જે કેકાણે જરૂર હોય વહાં ચાર બાણીના ટાંકા અને પાંચ કુવાઓ બોદાવજો કેમકે લોકોને તેથી રાહત થાય" ૪૦૦ મણ બાજરી ગરીબોને વહેંચી અને એકસો સાદલા ગરીબ બહેનોને મોકલાવી આપ્યા. તે સાથે ગરીબ મુમિન ભાઇઓને ફક્ત અહમદાબાદમાંજ પાનસો રૂપિયા વેંચી આપ્યા. તેજ રીતે

બીજા ગામોમાં પણ આપે પોતાના ખાસ માલથી મુમેનીનનાં ગરીબો અને મસાકીનની મદદ લીધી. કેટલાક ગુલામોને આપે પોતાની હૈયાતીમાં ખરીદ કરીને આઝાદ કીધા અને આખરી વખતમાં પણ પાંચ ગુલામોને આઝાદ કરવાની વસિયત ફરમાવી. આવી જાતનાજ બેરનાં કામોનો તોશો મોત બાદ કામ આવશે. આપ હમેશાં ફરમાવતા કે:—

" વમા તફ્અલુ મીન ખૈરીન યાઅલમહુલ્લાહો વ તઝ્વદુ ફ ઇન્ના ખૈરઝાદીતકવા વત્તકુને યા ઓલીલ અલ્બાબ ". (સુરતુલ બકર, આયાત ૧૯૭).

અર્થ:—અને તમે જે નેક અમ્બમાલ (કામો) કરો છો તે ખુદા જાણે છે અને તમારી સામગ્રી તૈયાર કરો પણ બરેબર ઉત્તમ ભાથું પરહેઝગારી છે અને એ ડાહ્યા માણસો! મારી તકવા રાખીનેજ કામ કરો.

તમો જે કંઇ નેક કામો કરો તે તમારી હૈયાતીમાંજ કરો કે જે ખુદા જાણે છે. કારણ ખુદા ફરમાવે છે કે, " ફ મંય યઅમલ મીસ્કાલા ઝર્રતીન ખૈરંયયરહ. વ મંય યઅમલ મીસ્કાલા ઝર્રતીન શરરંય યરહ.

અર્થ:—પછી જે કોઈ એક કીડી જેટલું પણ નેક અમલ કરશો તો તેનો બદલો તે જોશે, અને જે કોઇ એક કીડી જેટલું પણ બદ કામ કરશો તે પણ તે જોશે. 'હાથે તે સાથે'.

આ વખતે બાહેરથી કોઇએ અંદર આવવાની રજા માંગી. રજા મલતાં તે સાહેબ ઓરડામાં દાખલ થયા કે મીયાં બાનજીએ ઉઠીને તેમને માન સહિત પોતાના મુઝર્ગ વાલીદની નજદીક બેસાડ્યા.

આ આવનારના લીબાસ ઉપરથી જણાતું હતું કે તે કપડવંજના રહેવાસી હતા. તે આવનાર કે જેનું નામ બોજ બીન મલક હતું તેણે ઘણા માન સહિત તસલીમ બજાવી સૈયદના નજદીકમાં બેઠક લીધી અને કેટલીક વાર સુધી કાંઇ બાનગી ગુફ્તગુ કરી ત્યાંથી રજા લઇ ઉઠયા. કાલુપુરના મહોલ્લામાંથી નીકળી તેવણે સારંગપુરના મહોલ્લા તરફનો રસ્તો લીધો. થોડેક દુર જતાં તેને " યુસુફજી " નામના એક સાહેબ સાથે મુલાકાત થઈ.

સૈ. બોજ—કેમ ભાઇ યુસુફજી! કયાંથી પધારો છો? તમોને બોલાવવા હું બે માણસો મોકલી ચુકયો છું.

યુસુફજી—રાજપુરના મહોલ્લામાં જે નવી મસજીદ તૈયાર થાય છે વહાં ગયો હતો. મોલાનાએ જરૂબામાં થોડો ફેરફાર કરવા ફરમાવ્યું હતું તે કડીઆઓને બતાવવાનું હતું.

સૈ. બોજ—એ મસજીદની બીનામાં કેટલો બરચ થશે?

યુસુફજી—મને લાગે છે કે, પાંચ હજાર બરચ થઈ જશે. એ બધું બરચ મોલાના પોતાના બાસ માલમાંથીજ આપે છે. દાવતની આમદમાંથી એક પાઇ પણ આ કામમાં લેવામાં આવતી નથી.

સૈ. બોજ—કામ ઉપર જનફેસાની કરનારા આવા મુરશીદો તેજ બરા મુરશીદો છે. એ મોલાના પોતાની બાસ પુંજીમાંથી આ પાંચમી મસજીદ બનાવે છે. બેશક, ઘણાજ કરીમ અને ઝાહીદ છે.

યુસુફજી—દુનિયાને મુકવા વગર અ.વે દરજ્જે પહોંચાતું નથી. મોલાનાનું પોતાની જાતનું બરચ તો મહિને દહાડે પચાસ કલદારનું પણ નથી. બાકીની પોતાની બાસ મિલકતની આમદ ગરીબો અને યતિમો તથા બેવાઓને મદદ કરવામાં બરચે છે. આવા મુરશીદના સામે થઇ તેને દુઃખ પહોંચાડવું એતો ઇબ્રાહીમ અને એહમદ જેવા શત્રુબી-ઓજ કરી શકે. મેં સાંભળ્યું છે કે તે લોકોએ નવી બાફત ઉભી કીધી છે.

સૈ. બોજ—હા. તેજ કામ વાસ્તે તમોને બોલાવ્યા હતા. ચાલો મારી સાથે સારંગ-પુરમાં મોલાઇ શેખ આદમ સાહેબના મકાન ઉપર જવું છે.

બેઉ જણાઓ અહીં તહીંની વાતો કરતા સારંગપુરના મહોલ્લામાં પેઠા. મહોલ્લાની બધવચમાં આવેલા એક મકાનના દરવાજા પાસે આવતાં દરવાજા ઉપર બવાજ કીધો એટલે અંદરથી દરવાજો ઉઘડયો, બેઉ સાહેબો અંદર દાખલ થયા અને ઉપરના એક ઓરડામાં ગયા. આ ઓરડામાં ત્રણ બીજા સાહેબો કાંઇક અગત્યની વાતમાં રોકાએલા નજરે પડતા હતા.

" પધારો ભાઈ બોજ, ભાઇ યુસુફજી "—એક પરહેઝગાર સાહેબ કે જેનું નામ શેખ આદમ તૈયબશાહ બીન ઇસમાઇલ હતું તેણે બાવકાર દેતાં કહ્યું. બાવનાર સાહે-બોએ બેઠક લીધા પછી વાતચીત થઇ તેનો સાર એ હતો કે " ફતેહમહમદ તરફથી બેગામ મલ્યો હતો કે મરહુમ સૈયદના દાઉદજી બીન અજબશાહના બે દિકરાઓ ઇબ્રાહીમ તથા બેહમદે ફરિયાદ કીધી હતી કે તેમની બાપીકી મિલકત બધી સૈયદના દાઉદજી કુતુબશાહે પોતાને કબજે કરી લીધી છે. તે મિલકતમાં તે બે ભાઇઓનો હિસ્સો બાર લાખનો છે તે બપાવવો. તે ફરિયાદનો જવાબ બાપવા ફતેહમહમદને એકદમ જલદી જઇ મલવું ". આ ફરિયાદે તે બધાઓને ઘણા ફીકરમાં નાખ્યા હતા અને તે સામે બચાવ કેમ કરવો તેની મસલેહત થઇ રહી હતી.

સૈ. બોજ—મોલાનાનો પણ બેજ રાબે છે કે, હું તથા ભાઇ યુસુફજી મોલાઇ શેખ આદમ અને અલીમહમદ સાહેબ મલી ચાર શબ્સોએ ફતેહમહમદની મુલાકાત લેવી અને મામલો કેવું રૂપ લે છે તેની તપાસ કરવી. મગર મારો રાબે છે કે હાલમાં મોલાના કહાં છે તેની કોઇને બબર થવી ન જોઇએ. મોલાનાને બિલકુલ મબ્બરીમાં રાખવા, મામલો સુધરે તે વખતેજ જાહેર થવું.

મો. અલીમહમદ—હું પણ આ રાબેને મલતો છું. મોલાનાને હાલમાં સિકનદરપુરના મહોલ્લામાં મુલ્લાં મામુજી બીન સુલેમાનનાં ઘરમાં બિલકુલ મબ્બરી રાખવા.

આ ફેસલ બધાને પસંદ આવતાં સૈ. બોજ બીન મલક તથા યુસુફજી બીન આદમ એ બે જણા ફતેહમહમદનાં મકાન તરફ ગયા અને શેખ આદમ તૈયબશાહ અને મુલાં અલીમહમદ બીન ફીરોઝ એ બે જણા કાલુપુરમાં સૈયદના દાઉદજી પાસે ગયા ને ત્યાંથી જરૂરી બંદોબસ્ત કરી ફતેહમહમદના મકાન ઉપર આવ્યા. ફતેહમહમદે તેઓની સાથે ઘણી નમ્રતાપૂર્વક વાત કરી અને ઈબ્રાહીમ અને એહમદના દાવાની બબર આપી. જેના જવાબમાં એ ચારે સાહેબોએ પોતાના ખુલાસા રજુ કીધા, જે ખુલાસાઓથી ફતેહમહમદને સંતોષ થયો હોય તેવું જણાયું. લગભગ બે કલાકની વાતચીત પછી ફતેહમહમદે તેઓને રજા આપી અને બીજે દિવસે ફરી આવવા કહ્યું

બીજે દિવસે એટલે સોમવાર તા. ૧૭ મી જમાદીલ અવ્વલ હી. સ. ૧૦૦૨ ના દિવસે સૈ. બોજ બીન મલક તથા યુસુફજી બીન આદમ સહવારનાં વખત ફતેહમહમદની મુલાકાતે ગયા તે વખતે ફતેહમહમદે મો. શેખ આદમ અને અલીમહમદને મલવા ચાહ્યું તે ઉપરથી એ બે જણા પાંછા ફર્યા અને બપોરના વખત નીચલા સાહેબો ફતેહમહમદના મકાન ઉપર ગયા.

"મો. શેખ આદમ, મો. અલીમહમદ, સૈ. બોજ બીન મલક, હસનજી બીન સમઉન, કાસમજી પીરજી, અલી બીન દાઉદ, મીયાં દાઉદ અને શેખ અબદુલ્લા બીન રાજ". આ આઠ સાહેબો આવતાં ફતેહમહમદ ઘણી સલુકાઇથી વાતો કરવા લાગ્યો, પણ અગાઉથી કરેલી ગોઠવણ મુજબ થોડીજ વારમાં કોટવાલ જફાએગ વીસ સવાર અને પચાસ પેદલ સિપાઇઓ લઇને આવ્યો અને એ આઠે સાહેબોને પરહેઝ કરી એક જુદા મકાનમાં લઈ ગયો, જ્યાં તેઓને નજરકેદ કરવામાં આવ્યા.

પીરના દીકરા પીર ન કહેવાય.

પેલા નજરકેદ થએલા આઠ કેદીઓ શાંત મનથી ખુદાતઆલાની બંદગી કરવા લાગ્યા. નમાઝોના વખતોએ નમાઝ અદા કરી. બાકીના વખતમાં કલામે શરીફ ખુશ દીલ-હાન સાથે પઢવામાં વખત ગુજારવા લાગ્યા. મોલાઇ શેખ આદમ વખતો વખત કલામે શરીફની આયતોની માએના કરી પોતાના સાથીઓને સમજાવતા હતા. તે કેદખાનાનું ઘર એક અજબ દરસના રૂપમાં ફેરવાઇ ગયું હતું. રસ્તે જતા માણસો અને ચોકી કરનારા સિપાહીઓ તેઓનું પઢવું સાંભળવા ઉભા રહેતા. કેદીઓની તારીફલાયક વર્તણુંક અને નેક ચાલની અસર કોટવાલ ઉપર એટલી બધી થઇ કે તે ઘણો નરમીથી વર્તવા લાગ્યો અને ખાનજી અને એહમદજીને બોલાવી કહેવા લાગ્યો કે "તમો તમારા દાવાને જલદીથી સાબીત કરી આપો નહિ તો તમોને સખ્ત સજા ભોગવવી પડશે". જવાબમાં ખાનજીએ મુઠી ભરી સિક્કાઓ કોટવાલ સાહેબના હાથમાં મુકયા અને જણાવ્યું કે, "દાવો જેમ બનશે તેમ જલદી સાબીત કરી આપીશું". બચીત કોટવાલની હાલત દયાજનક થઇ પડી હતી. એક તરફ તેનું દિલ એમ કહેતું હતું કે, "નાહકનું નેક લોકોને

સતાવે છે" ત્યારે બીજી તરફ લાલચ એમ ચેતવતી હતી કે, "આ વખત દોલત બેગી કરવાનો ચાન્સ છે. આવા બિલ્લુઓ કાંઈ વખતો વખત હાથમાં આવતા નથી". થોડા દિવસ વિત્યા બાદ આ કેદીઓને દરબારમાં લઈ જવામાં આવ્યા, ત્યાં બનાવ એવો બન્યો કે શાહમુરાદ અચાનક આવી લાગ્યો. તેને આ કેદીઓએ પિછાન્યો નહિ અને તેથી તેને કુરનસ બજવી તાઝીમ આપી નહિ તેથી શાહમુરાદ ઘણો ગુસ્સે થયો અને એ કેદીઓ ઉપર વધારે સખ્તિ કરવાનું કહી હુકમ કીધો કે જ્યાં સુધી સૈ. દાઉદજી કુતુબશાહનો પત્તો એ લોકો આપે નહિ ત્યાં સુધી તેઓને છોડવા નહિ. આ હુકમ પછી કેદીઓ ઉપર વધારે સખ્તી થવા લાગી. બે દહાડા પછી કોટવાલનો કારભારી ગોપાલ ચોકીદારોનાં જમણ ખરચનાં બહાને રૂપિયા ફટાવવા સતાવવા લાગ્યો. અંતે લાચારીએ તેને રૂા. ૩૦) આપ્યા, તે લઇને ગયો કે બીજે દિવસે ગોપાલદાસના ઘરમાં ચોર પેઠા અને ગોપાલદાસનાં બાલ ગોપાલ સાફ કરી ગયા. આ બનાવ ઉપરથી નસિહત લેવા મો. અલીમહમદે કોટવાલ તથા ગોપાલને સમજાવ્યું પણ તે નસિહત "દુખ્યા ઉપર ડામ" જેવી થઈ પડી અને તેથી મો. એહમદને દીરરા (કોરડા) મારવામાં આવ્યા.

જ્યારથી આ સાહેબોને કેદ કરવામાં આવ્યા હતા ત્યારથી કોમના આગેવાનોમાંથી અજબશાહ બીન એહમદ, ખાનજી બીન જલાલ, હસનખાન બીન તાજ વિગેરે સાહેબો તેઓને છોડાવવાની કોશિષમાં વઝીર સાદીક મહમદખાન પાસે ફરિયાદ લઇ ગયા હતા. મો. અલીમહમદને માર પડવા પછી વઝીરે કોટવાલને બોલાવી ઘણો ધમકાવ્યો અને કેસની વધુ તપાસ કરતાં મો. શેખ આદમ તૈયબશાહ, મો. અલીમહમદ સાહેબ અને બોજ બીન મલક, એ ત્રણ સાહેબોને નજરકેદ રાખી બાકીનાઓને છોડી મુકાવ્યા. એ ત્રણ સાહેબોને શાહમુરાદનાં હુકમ વગર છોડવી શકાયા નહિ. એ ત્રણ સાહેબોને જલાલપુરનાં એક ઘરમાં નજરકેદ રાખવામાં આવ્યા. જલાલપુરનાં ભાઇઓ આ કેદીઓને દરેક બાતની મદદ કરતા હતા અને જમણ પહોંચાડતા હતા.

MU II 658-9 38 years - he came with Murad - 660

વઝીર સાદીક મહમદખાનનાં ફરમાણથી શાહમુરાદે એ મામલો કાઝી જનમહમદની તપાસમાં આપ્યો. તપાસ દરમ્યાન ઈબ્રાહીમ તથા એહમદે પોતાનાં દાવાનાં બચાવમાં કહ્યું કે "અમારા બાવાજી જે બજનો મુકી ગયા છે તેમાં અમારો બાર લાખનો હક છે અને અમો અમારા બાવાનાં વારસ છીએ". આ દાવાને કોટવાલે તથા ફતેહમહમદે ટેકો આપ્યો, શાક્ષિઓ તરીકે સૈયદના દાઉદજી બીન અજબશાહની લોંડીઓ "નુરસબાહ" અને "રમા" તેમજ જમાઇઓ ખાનજી અને લતીફજી તેમજ કાતીબ મહમદજીએ હાજર થઈ જબાની આપી.

દાવાના જવાબમાં મો. શેખ આદમ તથા મો. અલીમહમદ અને સૈ. બોજ બીન મલકે જવાબ આપ્યો કે, "અમારા પીર સૈયદના દાઉદજી બીન અજબશાહને કોમ તરફથી જે કાંઈ આપવામાં આવતું તે અમારા એ પીર સાહેબે જે લોકોનાં હકો હતા તેઓને આપવામાંજ ખરચ્યા છે, કેમકે એ પીર સાહેબને જે કાંઈ આપવામાં આવતું હતું

તે ફક્ત એક અમાનત તરીકેજ આપવામાં આવતું હતું અને તે અમાનત તેઓ હમેશાં અદા કરતા આવતા હતા".

કાઝી—તમો એમ કહેવા માંગો છો કે કોમ બજાહેર પાસેથી જે કાંઈ રકમ એ પીરને મલતી હતી તે એ પીરની પોતાની મિલ્કત નહિ કહેવાય ?

મો. શેખ આદમ—ના કદી પણ નહિ. એ બધી મિલ્કત કોમનીજ કહેવાય અને તેમાંથી જે જે લોકોના હકો હતા તેઓને આપવામાં આવતા હતા.

કાઝી—પણ ધારો કે તે હકો આપતાં પાંચ-પચીસ હજાર રૂપિયા બચેલા હોય તો તેમાં ઇબ્રાહીમ અને એહમદનો હક નથી થાતો ?

મો. શેખ આદમ—બીલકુલ નથી થતો.

કાઝી—શું ઇબ્રાહીમ અને એહમદ એ તમારા આગલા પીરના છોકરાઓ નથી ? અને તેઓનો તમારી કોમના પીર હોવાનો હક નથી ?

મો. શેખ આદમ—ઇબ્રાહીમ અને એહમદ બેશક અમારા આગલા પીરના બેટાઓ છે. પણ તેથી તેઓ કાંઈ અમારા પીર થઇ શકે નહિ.

કાઝી—એ કેમ બને ?

મો. શેખ આદમ—અમારી કોમનો એજ કાયદો છે કે, જ્યાં સુધી એક શખ્સ પોતે ઇલ્મ શીખી, નેક અમલો કરી પોતાને લાયક બનાવે નહિ ત્યાં સુધી તે શખ્સ એક સાધારણ આદમી જેવો છે. પીરનો ફરઝંદ હોવા છતાં તેનામાં જો એક ગરીબ માણસ કરતાં ઓછી લાયકાત હોય તો અમો તે પીરના છોકરા કરતાં પેલા ગરીબ માણસને વધારેજ લેખીએ છીએ. અમો લોકો પીરનાં છોકરાઓને પીર લેખતાજ નથી, પણ દરેક શખ્સને તેની લાયકાત મુજબજ માન આપીએ છીએ.

કાઝી—તમો તમારા પીર દાઉદજી અજબશાહની હૈયાતીમાં ઇબ્રાહીમ અને એહમદને તાઝીમ કરતા હતા કે નહિ ?

મો. શેખ આદમ—એનો જવાબ આપ ઇબ્રાહીમ અને એહમદને પુછશો તો સાફ માલુમ પડશે, કે અમારી કોમની મજલીસમાં ઇબ્રાહીમ અને એહમદને ઉપર બેઠક મલતી હતી કે બીજા લોકોને ?

કાઝી—ઇબ્રાહીમ તમો એ વાતમાં શું કહો છો ?

ઇબ્રાહીમ—એતો અમારા લોકોનો રીવાજ છે. મારા વાલીદ શરીફની બાજુમાં ઓલમાઓ તેઓની લાયકાત મુજબ બેઠતા હતા.

કાઝી—કોણ ઓલોમા બેઠતા હતા ?

ઇબ્રાહીમ—દાઉદજી બીન કુતુબશાહ, મો. કાઝી બીન અમીશાહ, મો. શેખ આદમ બીન તૈયબશાહ, મો. અમીનજી બીન જલાલ, મો. અલીમહમદ, મો. જાફર બીન તાજ-નગરી, મીયાં મામુજી, મીયાં મહમદજી બીન નુર, મીયાં નુરજી બીન મલક, મીયાંજી કાસમમીયાં, હસનજી બીન અજબશાહ, મીયાં દાઉદજી ઉમરેઠી, મો. શેખમહમદ બીન કાઝી વિગેરે બેસતા હતા.

કાઝી—શું આ બધા ઓલોમાઓથી તમો નીચે બેસતા હતા ?

ઇબ્રાહીમ—દસ્તુર એવો હતો કે જ્યાં સુધી ઇલ્મની તહેસીલ ન કરે ત્યાં સુધી ઓલોમાઓના સાથે અથવા પીર સાહેબના નજદીક બેસાય નહિ.

મો. શેખ આદમ—આ ઉપરથી આપની ખાત્રી થાશે કે ફકત પીરના છોકરા હોવા-થીજ તેઓને અમો માનને લાયક ગણતા નથી. જ્યાં સુધી ઇલ્મ તહેસીલ ન કરે ત્યાં સુધી તેઓ આમ લોકોના જેવાજ છે. એટલુંજ નહિ પણ અમારી મજલીસોમાં પણ તેઓ આમ લોકોના સાથેજ બેસે છે. જે પુરવાર કરે છે કે ઇબ્રાહીમ તથા એહમદ તેઓ સૈ. દાઉદજી અજબશાહના ફરઝંદો છે તેથી કરીને "પીર" તરીકે માનવાને લાયક નથી. બલકે તેઓ બીજા ઘણા સાહેબો કરતાં હલકા દરજ્જામાં છે. જે પીરના દીકરા થયા તેથી કરીને તેઓનો કાંઈ હક થતો હોત તો સૈ. યુસુફ અને સૈ. જલાલના છોકરાઓનો વધારે હક થતો.

કાઝી—શું તેઓને તમારા પીર સાહેબની આમદમાંથી કાંઈ હિસ્સો અથવા વારસો મળ્યો નથી ?

મો. શેખ આદમ—બિલકુલ નહિ. પીર સાહેબને જે કાંઈ આપવામાં આવે છે તે કોમનીજ મિલ્કત છે, કાંઇ પીરસાહેબની પોતાની મિલ્કત નથી. પીર સાહેબ પાસે ફકત અમાનત તરીકે રહે છે. તો પછી પીરના ફરઝંદોનો કે અહેલનો તેમાં વારસો તરીકે શું હક રહ્યો ?

કાઝી—જો તેમ હોય તો બેશક ઇબ્રાહીમ અને એહમદનો કાંઇ હક નથી રહેતો. યુસુફજી તમો કહેશો કે તમારા પીરસાહેબ દાઉદજી કુતુબશાહના કેટલા ફરઝંદો છે ?

યુસુફજી—મો. અબ્દુલતૈયબ, મો. કુતુબખાન, મીયાં ખાનજી અને મહમદજી.

કાઝી—એ લોકોને તમો વધુ માન આપો છો કે આ કેદીઓને ?

યુસુફજી—મો. અબ્દુલતૈયબ તથા મો. કુતુબખાન એ બે સાહેબો ઘણા આલીમો ફાઝીલ છે છતાં તેઓ મો. શેખ આદમ તથા મો. અલીમહમદ કરતાં નીચેજ બેસે છે. મીયાં ખાનજી અને મહમદજીની બીજી મજલીસમાં બેઠક થઇ નથી.

કાઝી—મજલીસમાં ઉપર નીચેની બેઠક કયા ધોરણ મુજબ આપવામાં આવે છે ?

યુસુફજી–કોમ અવાહીરના જે લોકો તાલીમ કેળવણી લઇ પોતાને લાયક બનાવે છે તેઓની ઘણીજ સખ્તીથી પરિક્ષા લેવામાં આવે છે અને તે પરિક્ષાના પરિણામ મુજબ મુલ્લાંઓ તથા મશાએખોને રૂતબા અથવા ડીગ્રી મલે છે. આ પરિક્ષા કોમના મ્હોટા ઓલમાઓ લે છે અને તેમાં પીરના છોકરા હોય કે સગા હોય, દેશી હોય કે પરદેશી, હીંદી હોય કે યમની, સીંધી હોય કે મેમણ ગમે તે હોય તેની રીઆઅત રાખવામાં આવતી નથી, જે તે પરિક્ષામાં પાસ થાય તોજ તેને ઉપર ચઢાવવામાં આવે છે.

કાઝી–પીરનાં છોકરાંઓ અને સગાંઓને પરિક્ષા લેનારા થોડી ઘણી ઢીલ તો મુકતાજ હશે.

યુસુફજી—સહેજ પણ નહિ. જો તેમ હોત તો સૈયદના યુસુફ જે સિદ્ધપુરના હતા તે સૈયદના જલાલ જે અહમદાબાદી છે તેની નીમણુંક કેમ કરતા ? શું સૈયદના યુસુફના સગાઓમાંથી ઓલમાઓ હૈયાત નથી એકા ? તેવાજ રીતના દાખલાઓ યમની અને હીંદી પીરોના સંબંધમાં બનેલા છે. લાયક થાય તોજ તેને તેની લાયકાતના પ્રમાણમાં મરતબા અને માન મલે. આ અમારા પીરકાની મ્હોટી ખુબી છે અને તેથીજ વરસો થયાં અમારી કોમમાં ઇસલામની શરીઅતથી વિરૂદ્ધ ચાલનારા (નશો કરનારા) અને મનાઇ મુનકેરાત અને મોજ શોકમાં ફસાયેલા માણસો હજારોમાં એક પણ નજરે પડતા નથી. જ્યારે અમારા આ ઉમદા રીવાજમાં ખામી આવશે, જ્યારે લાયકાત વગરનાઓને પીર સમજવામાં આવશે, ત્યારેજ અમારી કોમની પડતી દશા આવશે અને તે વખતેજ અમારી કોમમાં બદીઓ દાખલ થવા લાગશે એવું અમો લોકો ખુબ સમજીએ છીએ અને તેને લીધેજ ઇબ્રાહીમ અને એહમદને જો કે તેઓ અમારા પીરના ફરઝંદ છે છતાં પણ એક સાધારણ માણસ જેટલું માન પણ આપવાને અમારૂં મન કહેતું નથી.

કેદીઓનો છુટકારો.

વઝીર સાદીક મહમદખાનની તો ખાત્રી થઇ કે ઇબ્રાહીમ અને એહમદનો દાવો તદન ખોટો હતો, પણ શાહ મુરાદના કાન કોટવાલ જકાયેગ તથા ફતેહમહમદે એવા ભરી મુકયા હતા કે વઝીર તરત કાંઇ કરી શકયો નહિ. ચુગલખોરોએ શાહમુરાદને ભમાવ્યો હતો કે કોમે અવાહીરે અમીર શાહબુદીનને તેમજ મુઝફ્ફરશાહને લાખો રૂપિયા આપ્યા હતા અને શેખ આદમે પણ ઇકરાર કીધો છે કે જો તેઓને છોડી મુકવામાં આવશે તો એક લાખ રૂપિયા આપશે. તે ઉપરથી વઝીરે મો. શેખ આદમને પુછ્યું. મો. શેખ આદમે તે વાતનો ઇનકાર કીધો અને કહ્યું કે અમારી પાસે દુનિયાની દોલત નથી. જે કાંઇ છે તે ઇલમની દોલત છે, તો દુનિયાની દોલત કયાંથી આપીએ.

કોટવાલ–શું તમો લોકો દર વરસે એક દિવસ જમા થઈ તમારા પીરને લાખો રૂપિયા જકાત તથા બીજા ફુકરાના આપતા નથી ?

મો. શેખ આદમ–લાખો તો અમારી કોમ પાસે નથી, પણ જે છે તેમાંથી તેઓ પોતાની કદર મુવાફીક જકાત વિગેરે આપે છે.

કોટવાલ–તેમાંથી લાખો રૂપિયાના ખર્ચના તમારા પાસે જમા થયા હશે તેમાંથી આપે. ઇબ્રાહીમ અને એહમદ પણ કહે છે કે તેમના બાવા પાસે એ રીતે લાખોનાં ખર્ચના ભેગા થયા હતા તે તમો લોકોએ લુંટી લીધા છે.

મો. શેખ આદમ–જે શખ્સ એમ કહે છે તે શખ્સ કલામે શરીફ શીખ્યો છે કે નહિ ? ખુદા તઆલા કલામે શરીફમાં સાફ ફરમાવે છે કે:—

" ઇન્નમસ સદકાતો લીલ ફોકરાએ વલ મસાકીને વલ આમેલીના અલૈહા વલ મોઅલ્લફતે કોલુબોહુમ, વ ફીર રેકાબે વલગારેમીના વફી સબીલિલ્લાહે વબ્નીસ્સબીલે ફરીઝતન મીનલલ્લાહે, વલ્લાહો અલીમુન હકીમ ".

સુરતુલ અનફાલ આયાત ૬૦.

એટલે જકાતના માલમાં આઠ જણાનો હક છે, ૧ લો ફકીર એટલે જે શખ્સ મોહતાજ થઇ ગયો હોય પણ ભીખ માંગતો ન હોય. ૨ જો. મિસકીન એટલે જે શખ્સ લાચાર થઇ ગયો હોય. ૩ જો. જકાતનો પૈસો વસુલ કરનારને તેની મહેનતનાં બદલામાં. ૪ થું. જે દાવતમાં ફિસાદ કરતો હોય તેવાને આપવાની જો જરૂરત હોય તો આપે. ૫ મું. ગુલામોને આઝાદ કરવા માટે તેનાં માલીકને આપવામાં ખરચે. ૬ ઠું. જો કોઇ ઇજતવાલો શખ્સ કરજવાન થઈ જાય તો તેનું દેવું પતાવવા માટે ખરચ કરે. ૭ મું. ધરમના કામો કરવામાં વાપરે. ૮ મું. મુસાફરને મદદ કરવામાં.

મોલાના શેખ આદમે ફરમાવ્યું છે કે જકાતના માલ ઉપર એવી રીતે આઠ જાતના લોકોના હક છે તેઓનેજ આપવામાં આવે છે. એ આઠ જાતના લોકોની જોયા અમાનત છે તે અમાનતમાં ખીઆનત કેમ કરી શકાય ? જે શખ્સને ખુદાતઆલાનો જરાપણ ડર હોય, જેને મોતની બીક હોય તે આવી અમાનતમાં ખીઆનત કેમ કરે ?

કોટવાલ–ધારો કે એ જકાતની આવક હકદારને આપવામાં ન આવે અને તમારા પીર તે રકમ પોતાની પાસે રાખે તો શું થાય ?

મો. શેખ આદમ–જે શખ્સ કે અમાનતમાં ખીઆનત કરે તે " પીર " બની શકેજ નહિ અને લોકો તેવા પીરને જકાતનો માલ બીલકુલ આપે નહિ.

કોટવાલ–તેની સાબેતી શું ?

મો. શેખ આદમ–જકાતનો માલ આઠ જાતનાં હકદારોનાં માટેજ લેવાનું ખુદાતઆલાનું ફરમાન છે. તે ફરમાન જે પાળે નહિ તે ગોયા ખુદાનો ચોર થયો. અમારા પીરને કોમ પાસેથી જે કોઈ મળે છે તેનાં ખર્ચનાં કરતા હોત તો સૈયદનાં દાઉદજી અબ્દુલશાહનાં પહેલાં સૈયદના જલાલ બીન હસન અમારા મુરશીદ હતા તેના પાસે ઘણો મોટો ખર્ચનો ભેગો થયો હોત અને તેના અહેલેબૈત આજ માલદાર હોત. પણ તમો તપાસ કરો કે સૈયદના જલાલના ઘરનો શું હાલ છે, તે લોકોતો ઘણુ તંગ હાલતમાં છે.

કોટવાલ–ઇબ્રાહીમ અને એહમદ કહે છે કે તેના બાવા પાસે તો લાખોનાં ખર્ચના હતા.

મો. શેખ આદમ-ઈબ્રાહીમને પુછો કે તેના બાપા સૈયદના દાઉદજી અજમશાહે ખુદ પોતાના બાપદાદાની મિલ્કતમાંથી કેટલી મસળંદો બનાવી છે અને કેટલાં ખેરતાં કામો કીધાં છે ? હવે જે શખ્સ કે ખુદ પોતાની જાતનો માલ ખેરનાં કામમાં ખરચી નાખે તે અમાનતનાં માલના બન્દાનાં કયાંથી બનાવે ? ઇબ્રાહીમને પુછો કે તેના બાપા કેવા ઓહોદ્દ અને તકવાના સાહેબ હતા ? જો એના પાસે બન્દાના ભેગા થયા હોત તો તે કેવી શાહી કરતે ?

કોટવાલની તો આ તકરારથી ખાત્રી થઈ કે ઇબ્રાહીમ અને એહમદનો દાવો જુઠો છે, પણ તેને ઈબ્રાહીમ તરફથી રૂશ્વત મલતી રહેતા હતી, તેની લાલચમાં તે કેદીઓનો છુટકારો કરતો નહોતો. ઇબ્રાહીમ અને બાનજીએ કોટવાલને તથા કતેહમહમદને રૂશ્વતનાં રૂા. ૬૩૦૦) આપ્યા હતા તે રૂશ્વતની લાલચમાં તેઓને હવે કોમ પાસેથી પણ કંઇક કહાવવાની લાલચ થઈ હતી.

અમીર સદરખાન, બ્રાહ્મણ પરમાનંદ, કાઝી બનમહમદ, વઝીર સાદીક મહમદ વિગેરેની ખાત્રી થઇ કે ઇબ્રાહીમ તથા એહમદનો દાવો જુઠો છે તેથી તેઓ આ પરહેઝગાર કેદીઓને છોડાવવા ઘણી કોશિષ કરવા લાગ્યા. જ્યારે બીજા હાથ ઉપર કોટવાલ પોતાની મતલબ હાંસીલ કરવા તે કેદીઓ ઉપર વધારે ને વધારે જુલમ કરવા લાગ્યો. અંતે વઝીર સાદીક મહમદખાને શાહમુરાદને સમજાવ્યો. કેદીઓનો કબજો કોટવાલ પાસેથી લઇ પોતાના મકાનમાં ઘણી ઇજ્જત સાથે નજર કેદ રાખ્યા. અહિં વઝીરના દિકરા રશીદખાનને કેદીઓ સાથે ઘણી મહોબ્બત થઇ, રશીદખાનને તે કેદીઓની પરેઝગારી જોઇ તેમનાં તરફ ઘણું ખેંચાણ થયું જેના પરિણામે તેણે પોતાના બાપ સાદીક મહમદખાનને તે કેદીઓને છોડાવવા ઘણો આગ્રહ કર્યો. વઝીરનો વિચાર હતો કે કોમે બવાહીર તરફથી શાહમુરાદને થોડી ઘણી પણ ભેટ સોગાદ મલે, પણ રસીદખાન તેવી ભેટ આપવાથી વિરૂદ્ધ થયો. અંતે વઝીર શાહમુરાદને સમજાવી લેવા કતેહમંદ થયો અને તા. ૨૭ મી જમાદીલ આખર હી. સ. ૧૦૦૨ ના દિવસે આ ત્રણે પરેઝગાર કેદીઓને શાહમુરાદની દરબારમાં લઇ ગયો. શાહમુરાદે તેઓને ઉમદા પોશાકોની ભેટ આપી અને જે પાંચ સાહેબો આ કામમાં કોશિષ કરતા હતા તેઓને પણ પોશાકો ભેટ આપ્યા અને દરબારમાંથી ઘણી ઇજ્જતના સાથે વિદાય કીધા. એ રીતે મજકુર ત્રણ સાહેબોનો જુમલે ૪૦ દિવસની કેદ પછી છુટકારો થયો અને ઇબ્રાહીમ અને એહમદનો દાવો ઉડી ગયો. આ છુટકારાની ખુશાલીની ખબર આપવા મુલાં રાજન બીન મહમદ સૈયદનાની પાસે ગયા. દરવાજા ઉપર અવાજ કરતાં સૈયદનાના ૪ થા ફરઝંદ મહમદજી દરવાજા ઉપર આવ્યા અને ઘણા માન સહીત મુલાં રાજનને સૈ. જે ઓરડામાં બેઠા હતા ત્યાં લઈ ગયા. સૈ. પોતાના ત્રીજા ફરઝંદ બીબાં બાનજીને શીખવતા હતા, બીબાં બાનજીએ ઉઠીને મુલાં રાજનને આવકાર આપી માન સહીત સૈયદનાની નજદીકમાં જગ્યા આપી. મુલ્લાં રાજને છુટકારાની ખુશાલીની ખબર આપી જેથી સૈયદના ઘણા ખુશ થયા. ખુદાતઆલાનો શુકર ગુજાર કીધો અને મહમદજીને ફરમાવતાં મહમદજીએ સાકર લાવી મુલ્લાં રાજનને ચખાડી, તેટલા વખતમાં મો. અબદુલતૈયબ તથા મો. કુતુબખાન (સૈયદનાના મોટા

ફરઝંદો જેઓ પાછળથી કોમના દાઈ અને સરદાર થયા છે) તેઓ, મો. શેખ આદમ, મો. અલીમહમદ અને સૈ. બોજને સામે લેવા ગયા હતા તેઓ ખુશ થતા બેલા પરહેઝગાર કેદીઓને લઇ આવ્યા.

ખુશાલી અને ઝીયાફતો:—

મો. શેખ આદમ, મો. અલીમહમદ અને સૈ. બોજ બીન મલકના ઘણાજ માન સહીતના છુટકારાથી કુદરતી રીતે કોમમાં ઘણી ખુશાલી પેદા થઇ. ચાલીસ દિવસની અત્યંત ચીંતા અને ફીકરના બાદ બંદના દિવસ જેવી ખુશાલી જાહેર થવા લાગી. સૈયદના દાઉદજી બીન કુતુબશાહ પણ ઘણાજ ખુશ હાલમાં જાહેર થયા. વઝીરો અને ઉમરાવોમાંનાં ઘણા મોટા ભાગની મહેરબાનીના સબબ સૈયદનાની ચિંતા દુર થઈ. કોમમાંથી કેટલાક સાહેબોને ત્યાં શાદીના ખુશ હંગામ આવેલા હતા અને જે બધાં કોમ ઉપર આવેલી આફતના સબબ મુલતવી રાખવામાં આવેલ હતાં તે, આફત દુર થવાથી આ ખુશાલી સાથે શાદીઓની ધામધુમ પણ થવા માંડી. આપણી કોમ હિંદુસ્તાનની બીજી કોમમાંથી બદલાએલી હતી, તેથી તેઓએ પોતાના આગલા રીત રીવાજો હજી પુરા બદલ્યા ન હતા. એ રીવાજોમાં શાદીઓમાં જમણો, સરબસ વિગેરે જે ઘણા જડ ઘાલી બેઠા હતા, તે દુર કરવાની ઘણી કોશિષો કરવામાં આવતી હતી. રાજ બીન જમાલ નામના "ચાકન" ના મહોલ્લામાં રહેતા એક આગેવાન ગ્રહસ્થને ત્યાંની શાદી પણ કોમ ઉપર આવેલી આફતને લીધે અટકી પડી હતી તેણે પણ પોતાના બચ્ચાંઓની શાદી કરવાનો વિચાર કીધો અને આ શાદીમાં જમણો તથા સરબસ ઘણી ધામધુમથી કરવાનો નકી કર્યું હતું. આ વાતની સૈયદનાને ખબર પડતાં મોલાનાએ આ ખરચીલા રસમને તોડવા માટે સૈ. બોજ બીન મલક સાહેબને તેમની પાસે મોકલ્યા, જેઓ વચ્ચે નીચે મુજબ વાતચીત થઈ.

સૈ. બોજ બીન મલક—કેમ શેઠ રાજ આપ કાંઇ શાદીના વખતે ઘણી ધામધુમ કરનાર છો ?

શેઠ રાજ—હા. ખુદાતઆલા ઉમેદને પુરી કરે. શોખ તો છે. મોલાનાલ કરીમ ઉપરથી એક મહોટી આફત દુર થઈ, સૈયદી શેખ આદમ સાહેબ વિગેરેની ઇજ્જત સાથ રેહાઈ થઇ, દુશ્મનોની બાજી ઉલટી, એ કાંઇ થોડો ખુશીનો મોકો છે ? એ ખુશી સાથે બચ્ચાંઓની શાદીનો મોકો નસીબ થયો. હવે આ વખત ખરચ નહિ કરીએ તો આવો ખુશીનો મોકો કયારે હાથ લાગવાનો હતો ?

સૈ. બોજ—કેટલી જુમાત કરશો ?

શેઠરાજ—મરદ બૈરાંની બે જુમાત, મુહુરત તથા શાદીના દીનોએ કરવાનો વિચાર રાખ્યો છે. મોલાનાની ઝીયાફત અને રસમ મુવારીક બીજા સગા તથા ભાઇબંધોને એક બે વખત બોલાવીશું. માંડવો અને ચોઘડારખાનાની તૈયારી તો ઇનશાઅલ્લાહ બે દહાડામાંજ થાશે.

માંડવાની લંબાઈ ૩૦ ગીરા રાખી છે. સારંગપુરનાં બજારમાં આતશબાજી છોડવા વાસ્તે આતશબાજી તૈયાર કરવાની વરધી આપી દીધી છે. હવે હલવા અને માંદા વિગેરે સામાનની વરધીની જરૂરત છે.

સૈ. ખોજ–અહમદાબાદમાં કેટલી વરધી આપવાની જરૂરત છે ?

શેઠ રાજ–એક વખતનાં જમણમાં બસો થાલની તૈયારીની જરૂરત છે. એટલે ૬૦ મણ હલવો અને ૭૦ મણ ઘઉંનાં માંદાની જરૂર છે. લહેમ (ગેસ્ત) ૧૨૦ મણ, ઘી ૬૦ મણ, સાકર ૧૫ મણ, આવલ ૫૦ મણ. એ મીસલની અહીંના અમદાવાદનાં તોલ પ્રમાણે જરૂર છે.

સૈ. ખોજ—તમો આટલું બધું ખરચ કરશો તો પછી ગરીબ ભાઇઓને ઘણી તકલીફ પહોંચશે. તેઓને તમારૂં જોઇને વધુ ખરચ કરવાનું મન થાશે.

શેઠરાજ–હરએક શખ્સને લાયક છે કે પોતાની હાલત મુજબ ખરચે. પછી કોઇ બેવકુફ બનશે તો આપણે શું કરીશું ?

સૈ. ખોજ–તમારૂં કહેવું ઠીક છે પણ દુનિયાનો દસ્તુર છે કે ગરીબ લોકો તવંગરોનું જોઇનેજ દેખાદેખી કરે છે, માલદાર લોકો જેવી રસમ નીકાલે તે મુજબ બીજાઓ ચાલે છે, તે વાસ્તે માલદાર લોકોને લાઝીમ છે કે રસમને ટુંકી કરી નાખે. શાદી અને બતાનતમાં ફુજુલ ખરચ કરવાથી કોમને ઘણુંજ નુકસાન પહોંચે છે વાસ્તે તમો ભાઇ ટુંકું કરી નાખો તો સારૂં.

શેઠરાજ—પણ હું કાંઇ રસમ કરતાં વધારે ખરચ કરતો નથી.

સૈ. ખોજ–મને ખબર છે કે સૈ. વ. મો. દાઉદજી બીન અજબશાહ આપ હમેશાં આવી રસમો કમતી કરી નાખવાની કોશિશ કરતા હતા. આપ હમેશાં લોકોને શાદી, બતનાં અને બીજા મોકા ઉપર જમણોમાં વધારે પડતું ખરચ કરવાની મના કરતા હતા. તમોને એ મુજબ ચાલવું જોઇએ.

શેઠરાજ–સૈ. અજબશાહ ક. રૂ. ખરચ કરવાની મના કરતા હતા ત્યારે આપએ આપનાં ફરઝંદોની શાદીમાં વધુ ખરચ કેમ કીધું ?

સૈ. ખોજ–મોલાનાએ એનો પણ ખુલાસો કીધો છે. કેટલાક ઉમુરના સબબ એ ઘણું જરૂરી હતું કે રાજ્યકર્તા લોકોને, અમીરો ને લોકોમાઓ વિગેરેને બોલાવવાના સબબ વધુ ખરચ કરવું પડયું; મગર આપ હમેશાં લોકોને એજ કહેતા હતા કે જમણોની રસમને કમતી કરતા જાઓ. મોલાનલ કરીમ સૈયદના દાઉદજી બીન કુતુબશાહે પણ ફરમાવ્યું છે

કે, **જે શખ્સ જમણોમા વધુ ખરચ કરશે તે શખ્સ વધુ બતાવાર છે** અને ગુને૬ગાર છે. (જુઓ કોકબ ફલક પાનું ૪૯ અને ૧૭૨) જમણ ઉપર જે ફુજુલ ખરચ કરવામાં આવે છે તે કોમને ઘણી શીકસ્તા હાલતમાં લાવે છે. વાસ્તે તમારા જેવા સાહેબોની ફરજ છે કે આવી રસમને બીલકુલ ઘટાડી નાખવી.

શેઠરાજ—જેમ આપની મરજી. અગર મોલાનાની એમજ ખુશી છે તો પછી તમો મને બતાવો તે મુજબ કમતી કરી નાખું.

સૈયદના દાઉદજી બીન કુતુબશાહની ખ્વાહેશ અને સૈયદી ખોજ બીન મલકના સમજાવવા મુજબ શેઠ રાજ બીન જમાલે શાદીના જમણોની રસમ બીલકુલ કમતી કરી નાખી એક સારો દાખલો બેસાડયો. સૈયદના તેથી ઘણા ખુશ થયા અને સરધસમાં શામીલ થઇ શેઠ રાજને માન આપ્યું. રાતનાં શાદીના જમણ સાથે સૈયદનાની ઝીયાફત પણ થઇ તે વખતે શેઠ રાજે સૈયદનાને એક ઉમદા પોશાક હદીઆના તોરથી નજર કીધો અને બીજા કેટલાક કપડાનાં તાકાઓ સૈયદનાના નઝદીક મુકી અરઝ કીધી કે મોલાના ! આ કપડાંઓમાંથી ચાહે તેને આપ આપનાં હાથ મુબારકથી આપીએ. સૈયદનાએ તે કપડાંઓમાંથી ગેરોબાઓને મોકલાવી આપ્યા.

તે જમાનામાં એજ રીવાજ હતો કે જે કોઇ સૈયદનાની ઝીઆફત કરતું તે મોલાનાને કપડાનાં થાન હદીઆના તોર પર આપતા, જેમાંથી મહોટો ભાગ સૈ. તરફથી ગેરોબાઓને અને તોલેદારોને વહેંચી આપવામાં આવતો હતો. સૈયદી ખોજ સાહેબ પોતાના રીસાલામાં સૈ. દાઉદજી બીન અજબશાહ અને સૈ. દાઉદજી બીન કુતુબશાહની કપડવંજ, ઉમરેઠ વિગેરેની સફરનું બયાન આપે છે. તેમાં પણ જણાવે છે કે જે લોકો સૈયદનાની ઝીઆફત કરતા તેઓ સૈયદનાને હદીઆના તોરથી કાપડના તાકાઓ આપતા હતા, જે તાકાઓમાંથી સૈ. ના ગરીબ મુમેનીન, ગરીબો અને વિધવાઓને વહેંચી આપતા હતા.

અમદાવાદના મોહલ્લાઓ અને વાલી મુલ્લાંઓ.

સૈયદી ખોજ બીન મલક પોતાના રીસાલા બજરૂલ બીદીયાતમાં લખે છે કે, અમદાવાદ હી૦ ૮૧૦ માં આબાદ થયું છે. અમદાવાદને આહમદશાહ બાદશાહે વસાવ્યું છે. જે વસાવવાનું કારણ એ હતું કે બાદશાહે શીકારી કુતરાને સસલા પાછળ શીકારે દોડાવ્યો જેથી સસલાએ કુતરા પર હુમલો કર્યો ને સસલાએ શીકારી કુતરાને હરાવ્યું તે ઇતિહાસના અનુભવીઓ જાણે છે. આ જગ્યાનું પાણી કમજોરને મુજાજ (રાવત) બનાવે છે. તેથી બાદશાહ અજબ થયો ને અમદાવાદ વસાવ્યું.

સૈયદી ખોજ બીન મલક ફરમાવે છે કે, અમદાવાદમાં આપણા ભાઇઓની વસ્તિના કુલ ૨૮ મોહલ્લા છે. આ દરેક મોહલ્લામાં આપણા ભાઇઓ સારી જેવી સંખ્યામાં

રહેતા હતા. આ દરેક મોહલ્લામાં મુલ્લાં, મશાએખો તથા જાણીતા રહીશો એટલે કે સૈયદના દાઉદ બીન અજબશાહ અને દાઉદ બીન કુતુબશાહના વખતમાં કોણ કોણ હતા તે બયાન તથા તે દરેક મોહલ્લાઓના વાલી તરીકે તેમજ મસજીદોમાં ઈમામ તરીકે કોણ કાયમ થયા હતા તે સાહેબોના નામો આ નીચે આપેલ છે:—

૧. **સારંગપુર**—આ મોહલ્લામાં ઝમાનના દાઈ રહેતા હતા, એક મસ્જીદ, હોજ સાથે છે, એક મોટો કુવો છે. આ કુવો સૈયદના દાઉદ ઇબને અજબશાહે મોમિનીનના લાભ અર્થે બોદાવ્યો છે, તે સાથે પાણીનો એક ટાંકો તથા બાગ પણ છે. આ મોહલ્લામાં રહેનારાઓ—(૧) સૈયદનાના નાયબ મોલાના શેખ આદમ ઇબને તૈયબશાહ ઇબને ઇસમાઇલ. (૨) મોલાઈ અલીમોહમદ ઈબને પીરોઝ ઇબને અજબશાહ. (૩) મોલાઇ અમીનજી બીન જલાલ. (૪) અલઆબીદ મોલાઇ કાસમજી બીન પીર. (૫) મોલાઇ યુસુફ ઇબને મીયાંલાઇ બીન રાજ બીન દાઉદ. (૬) અલફાઝીલ મોલાઈ ઈબ્રાહીમ ઇબને શેખ મોહમ્મદ. (૭) મોલાઈ યુસુફ ઇબને આદમ. (૮) મોલાઇ શાહમોહમ્મદ ઈબને પીર. મજકુર સાહેબોની તરતીબ પણ તેજ પ્રમાણેની હતી અને **બેરો**માં આ મોહલ્લામાં નીચે બતાવેલ નામોવાળા કુતબાના બાઇસાહેબા રહેતા હતા. (૧) ઓહરાબાઇ બીનતે સૈયદના યુસુફ નજમુદ્દીન. (આ બાઇ હકને મુકીને બાતીલને વળગી સુલેમાની પીરકામાં શામીલ થયા હતા). (૨) બીન્તે કાઝી અલી. (૩) હુરબીબી બીનતે મલક ઇબને પીરોઝ.

૨ **દાઉદી**—આ મોહલ્લો સૈયદના દાઉદ ઈબને અજબશાહે વસાવ્યો છે.

૩ **રાજપુર** અથવા રસુલપુર—આ મોહલ્લામાં ૨ મસ્જીદ, કુવો, બાગ ને એક પાણીનો ટાંકો છે. એક મોહટી મસ્જીદ છે તે સૈયદના દાઉદ ઇબને કુતુબશાહે બનાવી છે તથા પબ્લીક વાસ્તે કુવો બોદાવ્યો છે જેનો દરેક વર્ગ ઉપયોગ કરે છે. આ મોહલ્લામાં એક બુલંદ મીનારો તથા સૈયદનાના રહેવાના મકાનો પણ છે. આ મોહલ્લામાં મુલાં તૈયબજી યાને મોલાના અબદુલતૈયબ ઝકીયુદ્દીન તથા મોલાઇ શાહ ઇબને કુતુબ તથા મુલ્લાં અલીખાન ઈબને ચાંદ તથા અસરીખુરસાલેહ અમીન ઇબને પીર તથા મીયાંજી ઈબને અલી તથા મુલ્લાં દાઉદ ઇબને જમાલ રહેતા હતા અને **બેરાઓ**માં મરતબાના સાહેબોમાંથી અલ-આલેમતુલ ફાઝેલા **સીત્તી*** બીન્તે સૈ. દાઉદ હતા. આ મોહલ્લામાં એક પોળ છે જેનું નામ રાજપુરની પોળ છે.

૪. **રાજપુરની પોળ**—આ પોળમાં એક મસ્જીદ, એક કુવો, હોજ તથા ટાંકો છે. તેમાં શાહ મલક ઈબને કુતુબ તથા શેખ યુસુફ બીન આદમ તથા શેખ હસન ઈબને

* સીત્તીનું અસલ અરબીમાં સૈયદતી છે અને તેનો અર્થ મારી સરદારબાઇ થાય છે, પણ તેને ટુંક નામ આપવા દાલને ઉડાવી સીત્તી કરી નાખ્યું આ અરબનો ધારો છે.

અલી રહેતા હતા. આ મોહલ્લામાં બીજી એક મસ્જીદ હતી તે બીજી કોમની હોઇ આપણા તાબામાં આવેલ હતી. તેના પાડોશમાં મુલ્લાં મીયાંજી ઇબને અલી તથા મોલાઈ મલકજી ઇબને રાજ તથા શેખુલ્લાઈ મોલાઈ હસનમોહમ્મદ ઇબને અલીમોહમ્મદ ઇબને સૈયદના જલાલ શમસુદ્દીન તથા મોલાઇ શાહમોહમ્મદ ઇબને હાજી રહેતા હતા.

૫. **મીઠાપુર**—આ મોહલ્લામાં એક મસ્જીદ, હોજ, કુવો તથા ટાંકો છે. અહીં મોલાઇ શેખ નુરમોહમ્મદ ઈબને હુસેન તથા મુલ્લાં હસન ઇબને શમસખાન તથા મુલ્લાં અલી ઇબને કાસીમ રહેતા હતા.

૬. **સીરપુર**—આ મોહલ્લામાં એક મસ્જીદ છે. આ મોહલ્લાના રૂતબાવાળા સાહેબોમાંના એક નામે અમીનશાહ ઇબને મોલાઇ કાઝીખાન દાવતની ખિદમત કરતા હતા, પરંતુ પાછળથી તે સાહેબ સુલેમાની પીરકામાં શામીલ થયા છે. તે સિવાય મોલાઈ અલી ઈબને રાજ તથા મુલ્લાં અમીજી ઈબને અલ્લાદ તથા શેખ જાફર ઇબને બાનસાહેબ. (આ શેખ જાફરભાઇ કારી* હતા) તથા મુલ્લાં ચાંદજી ઇબને રાજ રહેતા હતા.

૭ **શેખ દાઉદનો મોહલ્લો**—આ મોહલ્લો શેખ દાઉદના નામથી મશહુર છે તે નવો વસ્યો છે ને ત્યાં એક મસ્જીદ છે. આ મોહલ્લામાં મુલ્લાં અજુજી ઇબને બાન તથા મુલ્લાં દાઉદ ઈબને બાન રહેતા હતા.

૮. **કાલુપુર**—આ મોહલ્લામાં શેખ મોહમ્મદ ઇબને મલકજી વાલી મુલ્લાં તરીકે રહેતા હતા.

૯. **સીકંદરપુર**—આ મોહલ્લામાં ત્રણ પોળ છે. તેમાં બે પોળમાં મસ્જીદ છે, તેમાં એક મસ્જીદમાં મોલાઇ અમીનજી ઈબને જલાલ ફોક હતા. તે બાદ મોલાઇ ચાંદજી, મોલાઇ મામુજી ઇબને સુલેમાન વ. ૧૩ સવ્વાલ હીજરી ૧૦૧૬ અમદાવાદ, મુ. અમીજી તથા મુલ્લાં કાજી ઇબને નુહ હતા. બીજી મસ્જીદના પડોશી મુલ્લાં યુસુફજી તથા મુલ્લાં જાફરજી ઇબને શમઉન હતા.

૧૦. **આહમદપુર**—આ મોહલ્લામાં ત્રણ પોળ છે. ૧. ચાકતની પોળ. તેમાં શેખુલ કરીમ જીવન ઇબને ઇબ્રાહીમ તથા મુલ્લાં રાજ ઇબને મોહમ્મદ તથા મુલ્લાં અલી ઈબને મામુજી હતા. આ મોહલ્લામાં મસ્જીદ ને હોજ છે. તેની પડોશમાં એક કબર છે તે કબરના સાહેબનું નામ મોલાઇ બાન ઇબને કાસીમ છે, જે સાહેબની ઉમર ૧૦૦) વરસની થઇ હતી. લોકો આ સાહેબની મિન્નત માને છે ત્યાં હાજતમંદોની મુરાદ હાંસીલ થાય છે એમ સૈયદી બોજ બીન મલક ફરમાવે છે.

* કુરાનેમજીદ તરતીબથી પડવાનું ઇલ્મ જાણનાર, જે ઇલ્મુલતજવીદ કહેવાય છે.

૧૧. **હરીનપુર**–આ મોહલ્લો આહમદપુર મોહલ્લાની બીજી પોળ ગણાય છે. આ પોળની મસજીદમાં મુલ્લાં એહમદજી કાઝીજી કે જે સાહેબ પુરજવાનીમાં મરદે મુતકદી ગણાતા હતા તે, તથા મુલ્લાં અલી ઇબને પીર રહેતા હતા.

૧૨. **ગદાપુર**–આ મોહલ્લો આહમદપુર મોહલ્લાની ત્રીજી પોળ છે. અહીં મુલ્લાં મામુજી ઇબને સુલેમાન તથા મુલ્લાં યુસુફ બીન મામુજી તથા મુલ્લાં રાજ ઇબને નુહ તથા મોલાઈ રાજન ઇબને મોલાઈ જાફર સાહેબ રહેતા હતા.

૧૩. **કંદપુર**–આ મોહલ્લામાં મોલાઇ મોહમ્મદ ઇબને અલી, મોલાઈ જાફર ઇબને અલાદ રહેતા હતા.

૧૪. **શેખ બુરહાન**–આ મોહલ્લો કાલુપુરના મોહલ્લાના દરવાજા પાસે છે. આ મોહલ્લામાં એક મોટી મસજીદ છે, જે સૈયદી જલાલ શમસુદ્દીને બંધાવી હતી તે વખતે સૈયદના યુસુફ નજમુદ્દીનને યમન લખી મોકલ્યું કે, "અમોએ અહીં દાવતનું મનાર કાયમ કીધું". આ મોહલ્લાના સૈયદી અમીનજી બીન જલાલ વાલી મોકદમ હતા તથા મોલાઇ અલી ઇબને રાજ તથા શેખ નુરમોહમ્મદ ઇબને ચાંદજી તથા શેખ રાજમોહમ્મદ તથા મોલાઈ તૈયબજી ઇબને બુરહાન તથા કુરઆનના કારી મોલાઈ નુર ઇબને ખાન ઇબને જલાલ હતા. આ મોહલ્લો જે શેખ બુરહાનના નામથી ઓળખાય છે તે મોહલ્લામાં આ મોલાઇ બુરહાન ઇબને શમસખાન સાહેબ રહેતા હતા.

૧૫. **મુલ્લાં શેખનો મોહલ્લો**–આ મોહલ્લામાં એક મસજીદ છે. જે મોલાઇ ખ્વાજા મોહમ્મદ ઇબને ઇસહાકની મસજીદના નામથી ઓળખાય છે. આ સાહેબ શહીદ થયા છે ને તેમની કબર મસજીદની જમણી બાજુ પર છે. આ કબર કંઈકવાર ખોદાઇ હતી પરંતુ તેના ખોદનારાઓજ તે પાછી બાંધી આપતા. હાલમાં તેની જ્યારત મશહુર છે. આ મોહલ્લાના નામપરથી લોકો કહે છે કે આ કબર મુલ્લાં શેખની છે પણ આ કબર મુલ્લાં શેખની નથી, પણ મુલ્લાં શેખની કબર સૈ. ખો. ના ફરમાવવા મુજબ બીબીપુરાના કબ્રસ્તાનમાં છે. આ મોહલ્લામાં મજકુર ખ્વાજા સાહેબનીજ કબર છે, વળી આ મસજીદ મોહમ્મદશાહે એક વખત લઈ લીધી હતી, પાછળથી ફરી વોહરાઓના હાથમાં આવી છે. તેમ આ ખ્વાજાના ભાઇઓ જાઅફરીયાની ગુમરાહીમાં શામીલ થયા હતા ત્યારે આ ખ્વાજા સાહેબ ઇમાન પર સાબીત રહ્યા હતા. તેમ આ મોહલ્લામાં મોલાઇ એહમદ બીન જાફરજી કસોલના **બૈરો સીત્તી ફાતેમા** રહેતા હતા, જે ઘણા આલેમા તથા ફતમાના સાહેબા હતા.

૧૬. **સૈ. શમસખાનનો મોહલ્લો**–આ મોહલ્લો સૈયદી શમસખાનના નામથી ઓળખાય છે. ત્યાંના મુલ્લાંઓ તે શેખના નામો મજેલ નથી.

૧૭. **શેખ તાજુદ્દીનનો મોહલ્લો**–આ મોહલ્લામાં એક મસજીદ શેખ તાજુદ્દીન સાહેબે બંધાવેલ છે. અહીં, બે જવાન ખાનજી ઇબને અલી તથા હસનજી ઇબને અલી કે જે સૈયદનાના અંગરક્ષક તરીકે યાને મુજાહીદાન હતા તે રહેતા હતા.

૧૮. **શેખ હસનજીનો મોહલ્લો**–આ મોહલ્લામાં એક મસજીદ પણ શેખ હસનજીએ બંધાવી છે અને આ મોહલ્લાની જમણી બાજુમાં બે પોળ છે તે ૧૯ તથા ૨૦ મો મોહલ્લો ગણાય છે. અહીંયાં મોમીનુન સિવાય બીજી વસ્તિ પણ વસે છે.

૧૯. **શેખ હસનજીવાળા**–મોહલ્લાની એક પોળ.

૨૦. **શેખ હસનજીવાળા**–મોહલ્લાની બીજી પોળ. આ મોહલ્લાની ડાબી બાજુની પોળ ૨૧ મો મોહલ્લો ગણાય છે.

૨૧. આ મોહલ્લામાં મોલાઇ મીયાંજી ઇબને શેખ અબ્દુલ્લાહ અને તેમના દિકરા અબુજી કે જે સૈયદનાના જમાઈ થાય તે રહેતા હતા તથા મો. માયાંજી, મો. નુહજી વિગેરે રહેતા હતા. આ મોહલ્લાની સામેનો મોહલ્લો ૨૨ મો મોહલ્લો છે.

૨૨. આ મોહલ્લામાં મલકજી ઇબને ખાન રહેતા હતા.

૨૩ **મોલાઇ શેખ ઇબને ઇસાનો મોહલ્લો**–આ શેખ બીન ઇસા મલકુતુજ્જર યાને વેપારના શાહ કહેવાતા, તે તથા મોલાઈ નીઝામખાન બીન મામુજી તથા દાઉદ-ભાઇ તથા શમસખાન રહેતા હતા જેઓ ઘણાજ માલદાર હતા ને દાઅવત વાસ્તે પોતાની મિલ્કતને ફીદા કરતા. લોકોમાં શાહ જેવા ગણાતા હતા. આ મોહલ્લામાં એક મસજીદ અને હોજ છે. અહીં મુલ્લાં હસન, મુલ્લાં રાજ, મુલ્લાં હસન બીન હબીબભાઇ રહેતા હતા. આ મોહલ્લામાં એક પોળ છે, તેમાં ખાનજી બીન મીરાખાન રહેતા હતા.

૨૪. **મોલાઈ ખ્વાજા કાલાનો મોહલ્લો**–આ મોહલ્લામાં એક મસજીદ આવે બનાવી છે. આપ ઘણા ફાઝીલ ને ઝાહેદ હતા.

૨૫. **દાકોરવાળાનો મોહલ્લો**–આ મોહલ્લામાં મોલાઇ મામુજી મલક મીરાન રહેતા હતા.

૨૬. **દેકોરવાળાનો મોહલ્લો**—આ મોહલ્લામાં મોલાઇ પીરોઝ બીન કુતુબ રહેતા હતા.

૨૭. **મોલાઇ તાજપુરનો મોહલ્લો**—આ મોહલ્લામાં એક મસજીદ, હોજ, કુવો તથા ટાંકો છે. અહીં શેખ રાજન બીન મુસા, મોલાઇ તાજખાન બીન આહમદ તથા મોલાઈ મોહમ્મદ બીન તાજખાન રહેતા હતા.

૨૮. જલાલપુરનો મોહલ્લો–આ મોહલ્લામાં એક મસજીદ છે. અહિં મોલાઇ અહમદજી બીન મલકજી તથા મોલાઇ બાનજી બીન ઇબ્રાહીમ તથા મુ. દાઉદ ઇબને આદમ તથા મુલ્લાં યુસુફજી બીન શમસખાન તથા મુલ્લાં હસનજી સાહેબ રહેતા હતા.

ઉપર બતાવેલ ૨૮ મોહલ્લાઓમાં સૈયદના દાઉદ બીન અજબશાહ તથા સૈયદના દાઉદ ઇબને કુતુબશાહના ઝમાનમાં અમદાવાદમાં ૨૨ બાવીસ મસજીદો હતી અને તેમાં મુલ્લાં, મશાએખ મળી કુલ **૭૪ મરદો** અને **પાંચ બૈરો** હતા. આ પાંચ બૈરોમાંથી એક બૈરો જે **સીત્તી ફાતેમાના** નામથી ઓળખાતા હતા તે સાહેબા **શેખના** ઇતબામાં હતા અને ઘણા ફાજેલા કામેલા બાઇ હતા. આ બાઇ સાહેબાના બાવાજીનું નામ શેખ ગોરાભાઇ હતું.

બાદ આપ સૈયદી બીજ બીન મલક બિમાર થયા ને તેજ વરસમાં એટલે હી૰ ૧૦૨૧ જીલહજ તા. ૭ મી ઇસ્વી ૧૬૧૨ માં વફાત થયા છે. આપે બે કિતાબ બનાવ્યા છે.

૧. બદરૂલ બીદયાત–જેમાં સૈયદના દાઉદ બીન કુતુબશાહની નસનું બયાન છે.

૨. સીત્તા રસાઇલ–(૭ રસાલા) જેમાં હિન્દમાં ઇસમાઇલી વોહરાઓ વિષે તથા સુલેમાની તથા દાઉદીઓ જુદા પડયા તે વિષેનો પુરતો ખુલાસો આપવામાં આવેલ છે. જેના નામો—૧. સોરરૂલ અવલીયા. ૨. બઝરૂલ મોહબ્બતે વશશીફા. ૩. હદીકતુન નેઆમ. ૪. બઝરૂલ બીદાયા. ૫. હદીકતુલ જેનાન. ૬. સીરતે સૈયદના દાઉદ બીન કુતુબશાહ. આ પ્રમાણે કિતાબો આપે લખ્યા છે.

આ વખતે આપ સૈયદના દાઉદ બીન કુતુબશાહની બિમારી ચાલુ હતી. દિવસે દિવસ આપ વધારે બિમાર થતા ગયા એટલે આપે ઓલેમાઓ, મશાએખો વિગેરેને જમે થવાનો હુકમ કર્યો ને સઘળાના રૂબરૂ ખુદાની અમાનત ચાને દાવતની લગામને સૈયદના શેખ આદમ ઇબને તૈયબશાહને સોંપી નસ્સે જલીથી મુશરરફ કીધા. ત્યાર બાદ આપ તા. ૨૫ જમાદીલ આખર હી૰ ૧૦૨૧ માં આલમુલઅરવાહ તરફ તશરીફ લઇ ગયા (વફાત થયા). આપની દાવતત ૨૪ વરસ, ૬ મહિનો, ૧૭ દિવસ રહી. આપની ઉમર ૭૬ વરસની હતી. આપનું લકબ બુરહાનુદીન છે. આપનું મઝાર અમદાવાદ બીબી-પુરામાં છે. ક. ૨.

૨૮. સૈ. શેખ આદમ સફીયુદ્દીન બીન તૈયબશાહ (ય. હિન્દ અમદાવાદ) નો ટુંક એહવાલ.

મોઅતેબર રાવી લખે છે કે, આપ સૈ. દાઉદ બીન કુતુબશાહના બાદ દાઅવતે હાદીયાની મસનદ પર બીરાજ્યા અને મોમિનાન મુતકીનને ખુદાના કૈફો પહોંચાડવા કમરબસ્તા થયા ને મુમેનુનના જનોને દાઅવતના અમરથી જાણુકાર કર્યા. સૈયદના દાઉદ બીન કુતુબશાહના આપ હરવખત, હરજબાએ, હરમુસીબતમાં મદદગાર તરીકે સાથેજ રહેતા. તે વખતે આપે ઇમામીઝમાનના નાયબ સૈ. દાઉદ બીન કુતુબશાહની બીહમત ગુજરીમાં રાત કે દિવસની પરવા કરી નહોતી. તે બાદ આપ સૈ દાઉ બીન કુતુબશાહના અમર મુબારીક દાઅવતે હાદિઆના કાયમ મુકામ થયા. આથી મોમિનોના દિલો ઘણાજ ખુશ થયા. આપના બાવા મોલાઈ તૈયબશાહ બીન મોલાઇ મલક બીન મોલાઇ ઇસમાઇલ છે. આપના ઉપર દાઅવતે હાદિયાહની બિદમત કરતાં જે મુસિબતો પડી તે આપે અત્યુત્તમ સબુરી કરી સહન કરી છે. આપનું બાનદાન ઉંચા કબિલાનું હતું. આપની ચાલચલગત અસલથીજ સીરતેહમિદા (વખાણવા લાયક) હતી. આપ અસલથીજ ઝબાનના તેજ હતા, તેમજ આપ અરબી કાબ્યોમાં કવી ઇબને હાનીના જેવા હતા. આપે નાની ઉમરમાં સૈયદના યુસુફ બીન સુલેમાન પાસે ઇલમ લઈ મકસુદીયત (મુરાદપણું) મેળવેલું હતું. તે પછી આપે સૈયદના જલાલની બીહમતમાં ઇલમ હાંસિલ કર્યું હતું. ત્યાર બાદ આપે સૈ. દાઉદ બીન અજબશાહ પાસે ઇલમ હાંસિલ કરી શેખના મરતબો મેળવ્યો હતો. આ વખતે આપ દાઅવતની બિદમત માલથી તેમજ ઇલમથી કરતા ને લોકોને ઇલમ પઢવા માટે રગબત બતાવતા હતા. તે પછી આપે સૈ. દાઉદ બીન કુતુબશાહના વખતમાં દાઅવતની જે બિદમત કરી તેનું વર્ણન કિતાબોમાં મોજુદ છે. સ. દાઉદ બીન કુતુબશાહ ઉપર શેખ સુલેમાનના દાવા વખતે જે જે મુશકેલીઓ, મુસિબતો ને જુલમો બરાબર કામ. અને શાહના કેટલાક અમલદારો વિગેરે મારફત ગુજરી છે તેનું બયાન આગળ આપવામાં આવેલ છે તે વખતે આપ સૈયદનાની ઢાલ બનીને રહેતા ને પોતા પર દરેક મુસીબતને ઓઢી લેતા. શેખ સુલેમાને અરબસ્તાનમાં દાઇનો દાવો જાહેર કર્યો અને ત્યાંથી પોતાના દાવાને સાબીત કરવા હિન્દુસ્તાન મોહમ્મદ બીન કેહદી અલ મુકરરમીને મોકલ્યા તેણે શેખ સુલેમાનની દાઅવત શરૂ કરી. આ બબર સૈ. શેખ આદમને પડી તેથી આપે તેમના મુરીદોને બોલાવી કહ્યું કે "તમો હિન્દના અમીરો છો વાસ્તે તમારા શેખ તરફથી આવેલ અરબને અમારા પાસે લાવો. ઇન્શાઅલ્લાહ અમો તેને દલિલથી સમજાવી આપશું કે બરેબર શેખ સુલેમાને દુનિયાની લાલચ માટે આ કામ કર્યું છે. આ ઉપરથી શેખ સુલેમાનના મુરીદોએ મોહમ્મદ બીન કેહદીને સૈ. શેખ આદમ સાથે દલિલ વાસ્તે હાજર થવા સમજાવ્યું ને આપ સારંગપુરની મસજીદમાં હાજર થયા ને મામુજી બીન અલી સિદ્ધપુરીને મોહમ્મદ બીન કેહદીને બોલાવવા મોકલ્યા, પરંતુ મોહમ્મદના શેખ આદમના સાથે બહેસ કરવાના બબર સાંભળી હોંશ ઉડી ગયા. આબરે કેટલીક સમજુતી બાદ ત્રણ દિવસ સુધી મોહમ્મદ બીન કેહદીને શેખ આદમ સાથે બહેસ કરી શેખ સુલેમાનનો દાવો સાબીત કરી આપવા માટે નકી થયું. ત્યાર બાદ કેટલાક મુરીદો મોહમ્મદ પાસે ગયા અને સૈ. શેખ આદમ સાથે

બહેસ કરી તેનો દાઇપણાનો દાવો સાબીત કરી આપવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે સૈયદના સાથે બહેસ કરવાનો ઇનકાર કર્યો. આથી તેમના મુરીદોએ કહ્યું કે તમો ખાસ ચમનથી તમારા શેખ સુલેમાનનો દાવો સાબીત કરવા આવ્યા છો છતાં શેખ આદમ સાથે બહેસ કરવાનો ઇનકાર કેમ કરો છો ? કાંતો તમો શેખ સુલેમાનનો દાવો સાબીત કરી બતાવો અથવા શેખ દાઉદ બીન કુતુબશાહની દાઅવતને કબુલ કરો.

મજકુર મોહમ્મદ બીન કેહદીએ મસજીદમાં ન આવવા માટે ઘણી કોશિષ કરી, પણ છેવટે ત્રીજે દિવસે લાચાર થઇ મસજીદમાં હાજર થયા પરંતુ ખુદાના કબજાથી સૈ. શેખ આદમ સામે એક શબ્દ પણ તે બોલી શકયો નહિ ને પથ્થરની માફક બેસી રહ્યો. બાદ ઝોહોરની નમાઝનો વખત થયો ત્યાં સુધી કોઇ બોલ્યું નહિ. છેવટ આપ સૈયદનાએ ઝોહોરની નમાઝ જમાએત સાથે પઢાવી. તે બાદ મુકરરમી પોતાના મકાન પર ગયા ને સૈ.ના મગરીબની નમાઝ સુધી મસજીદમાંજ રહ્યા, પરંતુ મજકુર મુકરરમી શેખ સલેમાનના હકને સાબીત કરવા માટે પાછા આવ્યાજ નહિ. ત્યાર બાદ શેખ સુલેમાનના કેટલાક મુરીદો સૈ. દાઉદ બીન કુતુબશાહનો હાથ પર દાઅવતે હાદિયાહના બાગમાં દાખલ થયા. આજ પ્રમાણે અગાઉ જ્યારે સૈ. પર ઇબ્રાહીમે એક કરોડ આઠ લાખનો દાવો કર્યો ત્યારે પણ આપને લાહોર જવું પડયું હતું, અને સૈ. દાઉદ મખ્ફી થયા તે વખત આપના યારીદીન સૈ. શેખ આદમ પણ જાણી શકયા નહિ કે આપ કયાં મખ્ફી છે. તેવા વખતમાં આપ પર જે જે મુસીબતો પડી છે તેનું જો સવિસ્તર બયાન કરીએ તો આ પુસ્તક ઘણું મોટું થાય. તેવી મુસીબતો સહન કરી, શુકર ને સબરને હથીયાર કરી, હકીકતથી હકને સાબીત કરી બતાવ્યું. તેનો એક દાખલો આ નીચે આપેલ છે:—

સૈયદના દાઉદના વખતમાં ઇબ્રાહીમે (લોંડીના છોકરાએ) એક કરોડ આઠ લાખનો દાવો કરેલ હતો અને તેની અપીલ તેણે લાહોરમાં બાદશાહની હજુરમાં કરેલ હતી તે વખતે આપને સૈ. દાઉદ તરફથી અપીલનો જવાબ આપવા માટે લાહોર મોકલવામાં આવ્યા હતા. કેસ નીકળ્યો ત્યારે મુનસીફ હાકીમે ઇબ્રાહીમને પુછ્યું કે આટલી મોટી રકમ તમારા બાવાજી પાસે કયાંથી આવી ? ત્યારે ઇબ્રાહીમે જવાબ આપ્યો કે " દર વરસે એક દિવસ નક્કી કરવામાં આવેલ છે તે દિવસે બધા અમારા ભાઇઓ ભેગા થાય છે ને દરેક માણસ પોતાની ખુશ્નાઇબ પ્રમાણે અમારા દાદને રૂપિયા આપે છે તેમાં તેઓ પોતાની ખુશ્નાઇબ પ્રમાણે કોઈ હજાર, કોઇ પાંચસો આપે. આ પ્રમાણે હદિયાઓ આપે છે. તે ઉપરાંત જકાત તથા બીજી વાજેબાત કરો આપે છે તે દરેક માલ અને ખજાનો શેખ દાઉદ બીન કુતુબશાહ પાસે છે. આ પ્રમાણે ઇબ્રાહીમે (લોંડીના દિકરાએ) ઉડાવ જવાબ આપ્યો. (જેનો વધુ ખુલાસો આગળ આપેલ છે).

આ જવાબ બાદ હાકીમને સૈયદના શેખ આદમ સફીયુદ્દીન સાહેબે કહ્યું કે ઇબ્રાહીમ કુરઆન પઢયા છે કે નહિ ? તેના દિલમાં ખુદાની બીક છે કે નહિ ? ખુદા કુરઆનમાં ફરમાવે છે કે:—

" ઇન્નમસ્સદકાતો લીલફોકેરાએ વલ મસાકીના વલ આમેલીના અલૈહા વલ મોઅલ્લફતે કુલુબોહુમ વફીર રીકાબે વલ ગારેમીના વફી સબિલિલ્લાહે વ અનીસ્સબીલે ફરીઝતન મિનલ્લાહે વલ્લાહો અલીમુનહકીમ ". (સુરતુતોબા આયાત ૬૦).

અર્થ:—ઝકાતના માલમાં આઠ જણાના હકો નીચે પ્રમાણે છે.

૧. ફકીર—જે શખ્સ મોહતાજ હોય પણ બીજા પાસે સવાલ ન કરી શકે તેને.

૨ મિસ્કીન—જે શખ્સ બિમાર હોય ને બીજા પાસે સવાલ કરે તેને.

૩. અ મેલીના અલૈહા—તાને દાઇના અમરથી ઝકાત ઉઘરાવવા વાસ્તે બીજા ગામોમાં જવું તે બેગી કરી દાઇને આપે તેને પણ ઝકાતમાંથી આપે.

૪. મે અલ્લફતે કોલુબોહુમ—જેઓના અંતઃકરણનું વલણ ઇસ્લામ તરફ થયેલું છે તેઓને. (એવા માણસો કે જેઓ ઇસ્લામ ધર્મમાં દાખલ થયા હતા પણ તેઓના મન હજી શુદ્ધ નહોતાં. તેઓને નબી સાહેબે તેમના મન જીતી લેવા માટે ઝકાત ના ગનીમત (છતનો) એક ભાગ આપ્યો કે જેઓ અરબ લોકના ઉમરાવો હતા).

૫. * ફીરેકાબે—તાને ગુલામો ખરીદ કરીને તેને આઝાદ કરવા માટે.

* ખુદાતઆલાનું ફરમાન ગુલામોને ઝકાતના માલ ખરચી છુટા કરવાનું છે. અને ફરમાવ્યું છે કે "અગર જો તું દોલતમંદ હો તો તારા માલમાંથી ગારા બંદાઓ કે જેઓ ગુલામી ભોગવી રહ્યા છે તેઓને આઝાદ કરવામાં તારી દોલત ખરચ કે જેથી મારો બંદો કોઇનો ગુલામ રહે નહિ. ખુદ ખુદાતઆલા ગુલામીમાંથી છોડાવવા ઝકાતના માલ માંથી વાપરવાનું કહે છે ને તેના બંદાને ગુલામીમાંથી છોડાવવાનો હુકમ કરે છે કે જેથી કોઈ બંદો ગુલામ ન રહે. મોલાના અલી અકબર અબીતાલીબ હર વખત પોતાનો માલ ગુલામો આઝાદ કરવામાંજ વાપરતા. આપે અન્તેકાલ વખત થોડા દિરહમો વધેલા તે ગુલામોને આઝાદ કરવા માટે વાપરવા વસિયત કરી. જ્યારે આ પ્રમાણે હજરત અલી અ. સ. ની સીરત હોય તો પછી તેના સાચા શીયાઓની સીરત પણ તેવીજ કેમ ન હોય ? એજ પ્રમાણે સૈ. દાઉદ બીન અજબશાહે પણ અન્તેકાલ વખતે પોતાની આસપુંજીમાંથી પાંચ ગુલામો આઝાદ કરવાની વસિયત ફરમાવી હતી. જે બતાવે છે કે હકના લોકો હમેશાં આઝાદીનેજ પસંદ કરનારા—હકને વળગીનેજ ચાલનારા હોય છે ને ખુદાના અમરને વળગી જીંદગી બસર કરનારા હોય છે. આગળના જમાનામાં જેઓ ખુદાના નેક બંદાઓ હતા, અમીરો હતા તેઓ પોતાના ગુરૂ કે હાદીને તેની હિદાયત બદલ પોતાની જાતને તેના કરતાં ઉતરતી સમજી "અબ્દ" અથવા "મમલુક" નો શબ્દ વાપરતા જ્યારે હાલમાં તેવા લોકો પોતાને ગુલામ કહેવડાવવામાંજ માન સમજે છે.

૬. વલ ગારેમીના—યાને જે દેણદાર હોય અને તેના માગનારાઓ તકાજો કરતા હોય અને મદયુન (કરજદાર) લાચાર હોય, કરજદારવાલો હોય તેવા શખ્સને ઝકાતના માલમાંથી આપવામાં આવે.

૭. વફી સબિલિલ્લાહ—યાને ખુદાના રસ્તામાં જેહાદ, હજ ને ઉમરો કરવા માટે ઝકાતનો માલ વાપરવામાં આવે.

૮. વ બનીસ્સબિલે—યાને મુસાફર, લાચાર ને રસ્તામાં લુંટાઇ ગયેલો હોય તેવા માણસને પણ ઝકાતમાંથી આપવામાં આવે.

આ પ્રમાણે સૈયદી શેખ આદમે મજકુર હાકેમ પાસે ઈમ્પાહીમના કુળ ખુલાસો કર્યો. ને કહ્યું કે જ્યારે આ માલ આઠ ભાગમાં તેના હકદારોને અપાતો હોય તો પછી શું વધે ? અને ખજાનો કઈ રીતે થઇ શકે ? અગર ઉપર પ્રમાણેના ખુદાના હુકમ મુજબ અમો ન વરતીએ તો પછી અમોને ઝકાત કોણ આપે ? ને અમો તે આઠ હકદારોને કયાંથી આપીએ.

અગર ઈમ્પાહીમના કહેવા પ્રમાણે જે અમારી પાસે ઝકાતનો ખઝાનો જમે થયો હોય તો સૈયદના દાઉદ કુબને અજબશાહ કે જે ઈમ્પાહીમના બાવાઝ છે તે પહેલા સૈ. જલાલ બીન હસન દાઈ હતા, તે સાહેબે અમદાવાદમાં ૩૫ વરસ સુધી દાઅવતની ખિજમત કરી તે હિસાબથી સૈ. જલાલ પાસે ઘણો મોટો ખઝાનો હોવો જોઇએ, પરંતુ તમો જોઇ શકો છો કે, તે સાહેબના ફરઝંદોનો શું હાલ છે ? જે ઓએ ઝકાતના માલનો ખઝાનામાં સંગ્રહ કર્યો હોત ને ઇમ્પાહીમે જે પ્રમાણે આ દાવો કર્યો તે પ્રમાણે તે દાઈના ફરઝંદો દાવો શું કામ ન કરે ? ને હાલમાં જેવી તંગ હાલતમાં તેઓ રહે છે તેવી સ્થિતિમાં શું કામ રહે ? પરંતુ આ હકતા સાહેબો શરીઅતે મોહમ્મદી પ્રમાણે ખુદાના ફરમાન મુજબ હકદારોના હક બરાબર તે માલમાંથી અદા કરે છે કે જેથી તેઓ પાસે કાંઈ સિલિક રહેતી નથી, પરંતુ તેઓ પાસે આ દુન્યવી ઝવાહેર તે ખઝાના કરતાં ઇલ્મના ખઝાના ભરપુર છે તે જ્યારે ચાહો ત્યારે મેળવી શકો છો.

આ પ્રમાણે શેખ આદમ સાહેબની દલિલથી બાદશાહના કોટવાલો ઘણા ખુશ થયા ને કહ્યું " બેશક આપનું કહેવું તદન સાચું છે ". તે પછી આપ તે હાકિમને વખતો વખત નસિહત દેતા ને તે નસિહતના સબબ તેઓના દિલો નરમ થતા. પરંતુ દુનિયાની લાલચ એવી બુરી ચીજ છે કે તેઓ સમજતા ને પાછા લાલચને લઇને ફરી જુલમ કરવા પર તૈયાર થઇ જતા. તે બાદ પાછા શેખ આદમ સાહેબ કોટવાલ પાસે ગયા ને તેને નસિહત કરી સમજાવ્યું ને તે નસિહતમાં બલોહર બુજાસુફનો એક કિસ્સો બયાન કરી કહ્યું કે:—

એ અમીર કોટવાલ ! બની ઇસરાઇલના વખતમાં એક વખત બાદશાહે રસ્તામાં જતાં પોતાની સવારી ઉભી રાખી ને ત્યાં બેઠેલા બે તપસ્વીને નમન કર્યું. આથી બાદશાહના વઝીરો

તેમજ અમીરોને ઘણું બરાબ લાગ્યું ને શરમાયા, પણ તે વખતે બાદશાહની હાજરીમાં તેની આવી વર્તણુંકથી કંઇ બોલ્યા નહિ, પરંતુ મહેલમાં આવ્યા બાદ બાદશાહને તેની આવી વર્તણુંક માટે કપકો આપ્યો. (જોકે બાદશાહ તે વઝીરો અને અમીરોની નારાઝગીનો સબબ સમજી ગયા હતા) આ ઉપરથી બાદશાહે તેને જવાબ આપ્યો કે " તમો જે કહેવા માગો છો તે હું સમજ્યો, પણ હું જે સમજ્યો છું તે તમો નથી સમજ્યા. તે હું તમોને સમજાવું ". તે પછી બાદશાહે પોતાના બાસ નોકરોને કહ્યું કે ચાર તાબુત તૈયાર કરો, તેમાં બે તાબુત સોનાના પતરાના બનાવો ને તેમાં નજીસત કબરો વિગેરે બરાબ વસ્તુ ભરી બંધ કરો ને બીજા બે તાબુત ડામરના બનાવો ને તેમાં મોતી જવાહીર નાંખી બંધ કરો. આ હુકમ મુજબ તેના બાસ માણસોએ ચાર તાબુત તૈયાર કર્યાં. તે પછી બાદશાહે દરબાર ભર્યો, સર્વે વઝીરો અમીરો હાજર થયા. પોતે બનાવેલા ચારે તાબુત દરબારમાં હાજર કરવામાં આવ્યા. બાદ બાદશાહે વઝીરો અને અમીરોને કહ્યું કે આ તાબુતોની કિમત કરવાની છે. તમો સાહેબે માબરેફત છો, માટે આ ચારે તાબુતની કિમત કરો. આ હુકમ મુજબ સોનાના બે તાબુતની કિમત તેઓ તરફથી વધુ આંકવામાં આવી ને ડામરના જે બે તાબુત હતા તેની કિમત ઘણીજ થોડી આંકવામાં આવી. આ પછી બાદશાહે ચારે તાબુત જે પેક હતા તેને બોલી નાખવાનો હુકમ કર્યો, એટલે સોનાના બે તાબુતમાંથી બદબો (બરાબ વાસ) નીકળવા લાગી, જેના સબબ હાજરીન સાહેબો કંટાળી ગયા. ત્યાર બાદ બીજા બે તાબુત જે ડામરના બનાવેલ હતા તે બોલવાનો હુકમ કર્યો તેમાંથી મોતી, હીરા વિગેરે જવાહીર નીકળ્યા. આ જોઈ કુલ દરબારીઓ ખુશ થયા. આ પરથી બાદશાહે કહ્યું કે, આ દુનિયામાં આ સોનાના તાબુત જેવો હાલ તેવા લોકોનો છે, કે જેઓ ઉપરથી સારાં સારાં કપડા પહેરી સફેદ દેખાય છે, તેઓનો બપકો લોકોને આંજી નાખે તેવો હોય છે, પરંતુ તેઓ ઇમાનના કાચા છે, દિલમાં અદાવત, હસદ, ગુરૂરથી ભરપુર છે. અને આ ડામરના તાબુત જેવો હાલ એવા લોકોના જેવો છે કે જેઓ ઇલ્મથી ભરપુર છે, તેઓ દેખાવમાં ઘણાજ સાદા હોય છે, તેઓને કપડા પણ પુરા મયસ્સર થતા નથી તેવા લોકો છે. તેથી જે વખતે મેં તે તપસ્વી કે જેના કપડાં તમો સબબાને ન ગમ્યાં, અને જેથી તમો નારાજ થયા ને શરમાયા તેઓ ઇલ્મના મોતી જવાહીરોથી ભરેલા હતા તેથીજ મેં તેઓને નમન કર્યું હતું.

ઉપરનો કિસ્સો સૈયદના શેખ આદમે કોટવાલને કહી સંભળાવ્યો ને કહ્યું કે, અમારો હાલ પણ તેજ પ્રમાણે છે. અમારા પાસે દોલત નથી કે જેથી સારાં સારાં કપડાં પહેરી બપકાથી રહી શકીએ. અમારી પાસે તો ઇલ્મનો ખઝાનો છે, અમોને **બપકો કે ઠાઠમાઠની** કંઇ જરૂર નથી. આ ઉપરથી કોટવાલે જુલમ કરવામાં નરમાશ વાપરી, પરંતુ જે દિલોમાં કુદરતીજ લાલચ પેસેલી હોય છે તે દુનિયાની લાલચને કોઇ રીતે છોડી શકતા નથી. શેખ આદમની શીખામણ સાંભળતા ત્યાં સુધીજ તેની અસર રહેતી ને બહાર નીકળતાં પાછી તેની તેજ હાલત. પરંતુ સૈ. શેખ આદમ મનનાં ઘણાજ મજબુત હતા, ગમે તેવો જુલમ તેના ઉપર ગુઝરતો છતાં તે પહાડની મીસલ ઇમાનથી ડગતા નહોતા. (ઇમાનના મજબુત હતા) કે જે ઇમાનના બદલામાં ખુદાતઆલાએ પોતાના નાયબ બનાવ્યા.

આપ દાઅવતની રિયાસતને શરીઅતે ગરરા (રોશન શરીઅત) મુજબ ચલાવતા રહ્યા. આપના પર જે જે મુસિબતો પડી તે આપે સબર કરી સહન કરી છે. આપની આંખમાં ઝઈરી આવી ગઇ હતી જેથી આપની જોવાની શક્તિ બિલકુલ કમ થઇ ગઇ હતી. પરંતુ આપની અકલી બસીરત કંઈ ઓછી થઇ નહોતી તેથી આપ ખુદાનો શુકર કરતા ને કહેતા કે, "મારી જાહેરી બસિરત જો કે ગઇ છે, પરંતુ અમારા દિલની બસિરત ગઈ નથી. અમો ખુદાને ઓલખનારા છીએ".

આપે નાના રિસાલાઓ ઘણા બહાર પાડેલા છે, તેમજ બે કિતાબ બનાવ્યા છે. (૧.) કિતાબુર રિસાલત ફી કેફીયતીલ ઇન્તેદાઇલ દાઅવતીલ હાદેયા ફી જવાહેરતીલ હિન્દ–આ કિતાબમાં હિન્દમાં દાઅવત ફેલાવવામાં આવી તેની શરૂઆતથી અગીયારમી સદી સુધીનો ઇતિહાસ છે. તે ઇમામ મુસ્તનસીરબિલ્લાહના વખતમાં સૈ. લમન બીન માલીકના હુકમથી દાઇ અબ્દુલ્લાહ ખંભાત આવ્યા ને રાજા સિદ્ધરાજ જયસિંહને ઇસ્લામમાં લીધા તેના બબર તથા જાફરીયા ફિરકાની ઉત્પતી, અમદાવાદમાં અનેલા બનાવો વિગેરેનો ઇતિહાસ છે. આ કિતાબનું નામ બાલીમેધુ છે.

(૨) નીબરાસ્યુતોકસ ફી માઅરેફતીન નોફુસ–આ સિવાય આપના વખતમાં કોઇ આલીમ લેખકે એક કિતાબ લખ્યો છે જેનું નામ "મુઝીદતુલ ઓહતાન ફી દફેઇલ ફીરકતીસ્યુલેમાનીયા"–જેમાં સુલેમાની દાવાનો રદીઓ આપેલ છે.

બાદ આપના મદદગાર સૈયદી અબ્દુલતૈયબભાઇ ઇબ્ને સૈ. દાઉદ કુતુબશાહ હતા ને આપના પર આપના બાવાજીએ શેખ આદમ સાહેબના પછી નસનો ઇશારો કર્યો હતો તે મુજબ સૈયદના શેખ આદમ સાહેબે સૈ. અબ્દુલતૈયબભાઇ પર નસ્સેજલી સલ્લા ઝોલોમાઓ ને મશાએખો રબ્બરૂ કરી.

આપ બિમાર થયા ને તા. ૭ રજબ હી૰ ૧૦૩૦ ઇસવી ૧૩૨૧ ના રોજ અમદાવાદમાં વફાત થયા. આપની દાઅવત ૯ વરસ, ૨૨ દિવસ રહી. આપનું લકબ સરીયુદ્દીન છે. ક. ૩.

૨૯. સૈ. અબ્દુલતૈયબ બીન સૈ. દાઉદ બીન કુતુબશાહ (ઇ. હિન્દ અમદાવાદ) નો ટૂંક એહવાલ.

એહલુલ બબ્બાર લખે છે કે, સૈ. શેખ આદમના વફાત પછી હકની દાઅવતની ગાદી પર આપ બિરાજ્યા ને દાઅવતનો કારોબાર આપના હાથમાં લીધો. હિંદ, સિંધ તથા યમનના દરેક ગામમાં બશારતનામા લખાયા. આપે સૈ. શેખ આદમના જનાઝા પર નમાઝ પઢાવી, અને આપની પાછળ સૈ. શેખ આદમના દિકરાના દિકરા અલ્લી ઇબ્ને ઇસ્રાહીમે મુક્તદી* બની નમાઝ પઢી. નમાઝ બાદ અલીએ આપને તાઅઝીયત દીધી ને આપને કદમબોસ થઈ ઘરે ગયા, પરંતુ ઘરે ગયા બાદ નફસે અમ્મારાના ઘોડા પર સવાર થઈ શૈતાનના શાગીર્દ બન્યા ને રિયાસતની મોહબ્બત પર પોતાનો બ્બાલ દોડાબ્યો ને શૈતાનના પેચમાં ફસાયો. શૈતાનની આદત છે કે તે ખુદાના નેક બંદાને તેની નેકી પરથી ઉતારી પાડે છે તેજ પ્રમાણે શૈતાનની જાલમાં અલ્લી ફસાયા.

રિવાયતમાં છે કે, એક દિવસ રસુલુલ્લાહ સ. અ. કુરઆને મજીદની તિલાવત કરવામાં મશગુલ નજમ પઢતા **"વ મનાતુસ્સાલેતલઉખરા[1]"** ની આયત પર મુજબ કે શૈતાને આપને ભુલાબ્યા ને ઉપલી આયાત પછી "તીલકલ ગરાનીકુલ ઉલા" પઢાવી દીધું તેની આપને બબર ન રહી. આ પ્રમાણે શૈતાને ખુદાના કલામ સાથે પોતાના શૈતાની કલામ ઉમેરાવી રસુલુલ્લાહને ગફલત કરાવી. એક બીજી રિવાયત આ પ્રમાણે છે:—

એક વખત શૈતાને ઈસા સ. અ. ને કહ્યું કે "તમો મુડદાને જીવતા કરો છો, આંધળાઓને દેખતા કરો છો, માટીના પંખીમાં ફુંક ફુંકી ઉડતા કરો છો, તો મારૂં કહેવું છે કે તમો "જમીનના ખુદા બનો ને ખુદાઇ દાવો કરો તો હું મારા લશ્કરને તમારી મદદમાં આપીશ". આપે ફરમાવ્યું કે, એ ખુદાની માર ખાનાર રજીમ શૈતાન! જે મોઅજીઝા હું કરૂં છું તે મારામાં નથી, પણ ખુદા પાસેથી મેં મિન્નત કરી વસીલો લઇ મેળવેલા છે. માટે હું તારા ફંદમાં નહિ ફસાઉં. હું ખુદાનો બંદો થઇ ગુમરાહ નહિ બનું ને ખુદાનો દાવો તો નહિજ કરૂં. તે વખતે શૈતાને કહ્યું. ખેર, તમો ખુદાઈ દાવો ન કરો પણ હું લોકોમાં જાહેર કરૂં છું અને તમારા નામથી હજારો લોકોને ગુમરાહ

* ઇમામની પાછળ તરતમાં કાયમ થઇ શકે તેવા, આપણી રસમ મુજબ જનાઝાની નમાઝની નીદા કરનાર.

[1] મના ત્રીજા નંબરનો બૂત છે કે જે મનાને અરબના કાફીર લોકો માનતા હતા. હબીલ અને બોઝાઆહને જુના વખતના લોકો પુજતા. ઇસ્લામ પછી તે બુતોની પુજા મદંતર બંધ થઇ આ આયત ખુદા તરફની છે તેમાં શૈતાને ઉપલા બુતની સીફત તરીકે શૈતાની કલેમા વધારાવી રસુલુલ્લાહને છેતર્યા. જો કે ગરાનીક યાને પાણીમાં ઉડી ડુબકી મારનાર તે પણ બુત છે, પણ ખુદાના કલામ સાથે શૈતાન પોતાના કલામ ઉમેરાવી પોતે શરફ ખાટે તે કેમ બને.

કરી તમારા વારસે ખુદા માનનારાને દુનિયાના શાહ બનાવીશ અને તમો ખુદાના દિકરા છો એમ કબુલ કરાવીશ. છેવટે તમને સુલી પર ચડાવવા પ્રેરણા કરાવીશ ને તે સુલીને પણ પુજાવીશ. શૈતાને તેજ પ્રમાણે કરી બતાવ્યું.

તે વખતે ફ્રમની આજુબાજુ બાર હજાર ગાઉ આશરેના લોકો ઇસાને ખુદા માનનારા બન્યા અને હિન્દુસ્તાનમાં પણ તેવોજ પવન ફુંકાયો ને કેટલાકો તેના મઝહબના સિદ્ધાંતોને કબુલ કરી પોતાનો મઝહબ તજી બેઠા. અરબી કહેવત મુજબ " મન તશબ્બહા બેકોમીન ફહુમ મીનહુમ ". યાને જેઓ જે કોમની ચાલ ઇખ્તીયાર કરે તેઓ તેઓના જેવાજ થાય છે. શૈતાન તો હર વખત ગુમરાહ બનાવવાના કામમાં મંડ્યો રહે છે ને જે સાચી બીના નજુબ્વત, ઇમામત, કયામત ને ઈબાદતના કામો કરનારાઓ છે તેઓને તેમના નેક કામોથી રીસલાવે છે ને નેક કામો તરફ દિલને લાગવા દેતો નથી, તેથી ઉલટું બુતપરસ્તી કરવી એ ખુદાની નજદીકી છે તેમ બતાવે છે. નમાઝના પઢનારને લોકદેખાઇના કામમાં ફસાવે છે, ઝકાતના દેનારને અને સદકાના કરનારને મોહતાજ થઇ જવાની બીક બતાવે છે. માઅસીયત (ખુદાની બેફરમાની) કરવામાં ઉતાવળ કરાવે છે. મતલબ કે ઇન્સાનને તેના દરેક નેક કામથી રોકી બદી તરફ લઇ જાય છે તેજ પ્રમાણે અલી બીન ઇબ્રાહીમે શૈતાનની હરકતથી પોતાથી અનેલા ગુનાહી વિચારો સમજી તે બદલ માફી માગી મિસાક લેવડાવ્યો. ત્યાર બાદ ત્રણ મહિના સુધી તેઓ દાઇ સૈ. અબ્દુલ્તૈયબની તાબેત બજાવીને ઇમાનના લોકોમાં ગણીતા થયા.

આપ સૈ. અબ્દુલ્તૈયબ હરવખત લોકોને ઇલ્મ લેવા વારસે ઘણીજ કોશિષ કરતા તથા દરેકને ઇમાનની માઅરેફતથી આબાદ કરવામાં પોતાના ઇલ્મી ખજાનાને વાપરતા. આપ લોકોને અમલ સાલેહાત કરવાની તાકીદ ફરમાવતા. તમામ મોમિનીન આપની નેક હિદાયત ને તાકીદોના સબબ નેક ચલણવાળા બનતા ગયા.

અલીયા ફીરકાની શરૂઆત

વળી પાછો અલી બીન ઇબ્રાહીમને દુનિયાની લાલચે ઘેર્યો, અને શૈતાનના હાથમાં ફસાયો, રિયાસતની લાલચ વધી તેના સબબ શૈતાનની મદદથી પોતાના મોટા બાવાજી સૈયદના શેખ આદમ સફીયુદ્દીન સાહેબે, સૈ. અબ્દુલ્તૈયબને નસ્સેબ્જલી કરી નિમ્યા હતા તે, તે ભુલી ગયો ને તેના પોતા પર નસ થઇ છે એમ જાહેર દાવો કર્યો. તે વખતે અલીને નીચેના ત્રણ માણસોએ મિસાક આપ્યોઃ—

(૧) તૈયબ બીન સૈ. શેખ આદમ. (૨) ફીરજી મામુજી. (૩) હસનખાન બીન અલી. બાદ અલીએ સૈ. અબ્દુલ્તૈયબ સાહેબની દુશ્મનાવટ શરૂ કરી ને લોકોને ગુમરાહી પર બોલાવતો રહ્યો. આ વખતે અમદાવાદના લોકોએ તેને તરછોડી કાઢ્યો ને તેની દાઅવતનો જવાબ આપ્યો નહિ, તેમ લોકોના દિલમાં તેની દાઅવતની કંઇ અસર પહોંચી નહિ, પરંતુ તેણે પોતાની દાઅવત ફેલાવવાનું ચાલુ રાખ્યું. ત્યાર બાદ તે લાહોર ગયો ત્યાં શીયા સાથે શીયો ને સુન્ની સાથે સુન્ની તરીકે રહેવા લાગ્યો, ત્યાં રહી કેટલાક

અમીરોની સાથે તેણે મોહબ્બત કરી. પુન્તી ઓળખાણ ને મોહબ્બત થયા બાદ કેટલાક અમીરોના મદદથી તેણે જહાંગીર બાદશાહની હજરતમાં અરજ કરી કે, " અમદાવાદમાં શેખ અબ્દુલ્તૈયબે અમને જમાઅત બારીજ, તેમજ મસજીદ ને મશહદ (દીની મજલીસોની જગ્યા) થી દુર કર્યા છે " તેથી આપ પાસે મારી અરજ છે કે શેખ આદમ સાહેબ અમોને માફ કરે, અને બાદશાહ સલામત અમારા વચમાં પડી અમારા બંનેમાં સલાહ કરાવી આપસમાં મીલાપ કરાવી આપે. બાદશાહ અને અમીરોએ જોયું કે " ઇસ્લાહ જાતાલ બૈન "—યાને આપસમાં સલાહ કરાવવી તે નેક કામ છે. તે સાથે સઘળા એકજ મઝહબના હોવાથી એકના એકજ છે તેથી અમદાવાદના સુબા સૈફખાનને લખ્યું કે " બોહરાના મુરશીદ શેખ અબ્દુલ્તૈયબને ઇજ્જત ને માન સાથે લાહોર મોકલો. તેમને રસ્તામાં કોઈ જાતની તકલીફ ન પડે તેનો, તેમજ તેને માટે જે સાધનો જોઇએ તેનો બંદોબસ્ત કરી આપજો ". આ અબર સુબાએ સૈયદનાને પહોંચાડી તેથી આપે લાહોર જવાની તૈયારી કરી.

આ પછી શાહના હુકમને માન આપી સૈયદના અબ્દુલ્તૈયબ સાહેબ પણ આપના બાવાજી સૈયદના દાઉદ બીન કુતુબશાહના માફક બાદશાહ જહાંગીરની હજરતમાં હાજર થયા. આપને આપના બાવાજી માફકજ પુરા માન સહીત ગામમાં લાવવામાં આવ્યા. બાદ બાદશાહ તરફથી આપને દરબારમાં આવવાનું ફરમાન થયું. આપ દરબારમાં હાજર થયા. શાહે સૈયદનાની વિરૂધ અલી બીન ઇબ્રાહીમની અરજી વિગેરે હકીકત કહી. તેની કીફારસ કરી કહ્યું કે, " અલીએ આપથી નોખા થઈ આપની બેફરમાની કરી છે વાસ્તે આપ તેને માફ કરી પાછો મેળવી લો ". આપ સૈયદના શાહના આ વાત સાંભળી ખુશ થયા ને અલીની બેફરમાની ને ગુમરાહીને જતી કરી. તેને પોતાનો સમજી દરગુજર કર્યું. ત્યાર બાદ સર્વે અમદાવાદ પાછા આવ્યા. ત્યાં આવ્યા બાદ વળી પાછી અલીએ ફીતનત શરૂ કરી અસલીયત ઉપર આવી ગયો ને પાછો ફરીથી દાઇનો દાવો કર્યો, ને મરતાં સુધી તેણે પોતાની દાઅવત ચાલુ રાખી તેના માનનારાઓની સંખ્યા બહુજ નાની છે. આ અલીને માનનારાઓ **" અલીયા વોહરા "** કહેવાયા. તેઓની વસ્તી હાલ વડોદરામાં મોજુદ છે. તેઓના રીત રીવાજો આપણા જેવાજ છે, પરંતુ તેઓ શાદી વહેવારનો સંબંધ આપણા કે સુન્નેમાનીઓ સાથે રાખતા નથી.

પાછળથી આ અલીયા વોહરાઓમાં મતફેર થયો ને તેમાં પણ ફાટ પડી ને કેટલાક તેમાંથી જુદા થયા. આ જુદા થએલાઓ **"નગોશીયા"** કહેવાયા. એ નગોશીયા કહેવાયા તેનું કારણ એવું પણ બતાવવામાં આવે છે કે તેઓ " ગોશ ન ખાનારા " હતા. કારણ તેઓનો મત એવો હતો કે જનવરોનું માંસ ખાવું એ પાપ છે. તેવા મત રાખવાના સબબ તેઓ નગોશીયા થયા. તેઓ ઇસ્વી ૧૭૮૯ માં અલીયા પંથમાથી જુદા પડયા છે.

આવા સખ્ત કટાકટીના વખતમાં પણ આપ સૈયદના અબ્દુલ્તૈયબ સાહેબ દાઅવતે હાદીઆહનું કામકાજ પુરી કોશિષના સાથ કરી રહેલ હતા. આપની સખાવત જગ

મશહુર છે. કેટલાએ ગરીબોને આપની તરફથી માહવારીઓ બાંધી આપવામાં આવેલ હતી. આપના વખતમાં કલમના તાલેબુલ માટે પુરેપુરો બંદોબસ્ત કરવામાં આવતો હતો, તેમજ મહેમાનોની મહેમાની વાસ્તે આપ પોતે હમેશાં તૈયારજ રહેતા. આપ હમેશાં મજલીસો ભરી મોમિનોને દીનના અરકાનો સમજાવતા ને શરીઅત પ્રમાણે ચાલવા માટે દરેક ભાઇઓને શોખ બતાવતા. જો કે આપ બંધ થઈ ગયા હતા છતાં આપ મજલીસો ને મસ્જીદમાં નમાઝ માટે હમેશાં હાજર થતા. આપનું ફઝલ બેશુમાર છે. આપના વખતમાં મોમિનોને કોઈ જાતની તકલીફ પહોંચી નથી.

આપ સૈયદનાના વખતમાં અલી બીન ઇબ્રાહીમ અને તેના તાબેદારોની હકના લોકોને દીન પરથી ફેરવી બાતીલ પર લાવવાની કોશિષ પુરજોશથી ચાલુ હતી, છતાં આપની હમેશાંની હિદાયત, ને દિનદારીના સબબ લોકો આપના તાબેદાર રહી હકની દાઅવતને વલગી રહ્યા ને એહલેબૈતના મોહિબ બનીને શરીઅતે મોહમ્મદી પર ચાલનારા બન્યા છે. અલીયાઓની ગમે તેટલી સમજાવટ છતાં આપ ખુદાના દીન પર મજબુત રહ્યા ને એહલેબૈતના મોહિબ્બોને રાહે રાસ્ત પર કાયમ રાખ્યા.

આપની હયાતી દરમ્યાન આપે એક કિતાબ "કિતાબુલ આબાએ વલ ઉમ્મહાત". લખ્યો છે. જેમાં માબાપોના ઔલાદ પર શું હકો છે તેનું બયાન કરવામાં આવ્યું છે. તે બાદ આપ બીમાર થયા એટલે આપે સઘળા હુદુદો, મઝાઓ ને ફેરફારોને બોલાવ્યા ને સઘળાના ફયસ સૈ. અલી બીન હસન પર નસ્સેજલી કરી. આપ તા. ૮ ઝીહિજ અવ્વલ હી. ૧૦૪૧. ઇસવી ૧૬૩૧ માં અમદાવાદમાં વફાત થયા આપનું ફકબ બંધીબુ દીન છે. આપની દાઅવત ૧૦ વરસ ૮ મહિના ને ૬ દિવસ રહી. ક. ૬.

૩૦. સૈ. અલી બીન મોલાઇ હસન (૭. હિન્દ ૧૮ કુરેશી) નો ટુંક એહવાલ.

રિવાયતમાં છે કે, સૈ. અબ્દુલ્લતૈયબ બંધીબુદ્દીનના વફાત પછી દાઅવતની ગાદી પર આપ સૈ. અલી બીરાજ્યા. આ સાહેબ વલીદ બીન અકબાની નસલના છેલ્લા દાઇ કે જેને માટે નબી સાહેબ સ. અ. એ આપ ઉપર પડેલ તકલીફના વખતમાં જેના બગીચામાં આરામ લીધો હતો ને આપને પ્યાસના વખતે વલીદ બીન અકબાએ પાણીને બદલે અદાર દાણા દ્રાક્ષના આપેલ હતા ત્યારે આપે દોઆએખેર કરી હતી. તે દોઆના સબબ તે વલીદની નસલથી સતરના ઝમાનમાં અદાર દાઇએ હક થયા છે જેમાંના આ છેલ્લા દાઇ છે, જે વલીદનું વર્ણન પાના ૨૦–૨૧ માં આપવામાં આવેલું છે. આપ ૧૯ મા દાઇ સૈયદના ઇદરીસ બીન હસનના વંશમાંથી છે. આપના બાવાઝાના બા સાહેબનું નામ **નાઆમાહ** છે. આ બાઇ સાહેબા સૈયદી હસન બીન નુહ ભરૂચીના દીકરી થાય કે જે હસન બીન નુહે દાઅવતની અઝહદ બીદમત કરી છે ને જે સાહેબે દાઅવતની હીફાઝત માટે કીતાબો પણ લખેલ છે (જુઓ પાનું ૮૭).

આપ સૈયદનાએ દાઅવતને ચલાવવા માટે પુરી કોશિષ કીધી ને મજલીસોમાં વાએઝના તોર પર લોકોને હિદાયત આપી હકના નુરને ઝાહેર કરતા ને શરીઅત મોહમ્મદી પર ચાલવા લોકોને તાકીદ કરતા. આપ કલમની ફઝીલતમાં ને નસલની બુઝુર્ગીમાં એક્કા હતા. આપે હિદાયતના તોર પર લોકોને સમજાવી ને મોમિનોને હક પર સાબીત રાખ્યા. સયદના દાઉદ બીન કુતુબશાહના વખતમાં યમનમાં જ્યારે સુલેમાની ફીરકાવાળાઓનો ઝુલમ ઘણોજ વધારે હતો ત્યારે આપના બાવાઝા સૈયદી હસન બીન સૈયદી ઇદરીસ બીન સૈયદના હુસેન યમનના જઝીરાના હુદુદોમાં આપ ત્રીજા હુદુદ હતા. તે વખતે યમનમાં શેખ સુલેમાનનું બહુજ જોર હતું ને લોકો ડામાડોળ સ્થિતિમાં ને શંકાના વસવસામાં શરીઅતને ભુલી આમતેમ ભટકી રહેલા હતા તેઓને સમજાવી શેખ સુલેમાનની દાઅવતમાં જતા અટકાવી, હિદાયત આપી, પાછા હકના રસ્તા પર આપે યમનના લોકોને કાયમ રાખ્યા છે.

યમનના પહેલા દાઇ સૈ. ઝોએબથી સૈ. અલી બીન મોલાઈ શેખ હસન યમનના દાઇઓમાં ૨૪ માં દાઇ થયા છે ને હીદમાં આપના વખત સુધી જુમલે ૩૦ થયા છે. એટલે કે વલીદ બીન અકબાની નસલના દાઇઓના પહેલાં દાઇ સૈ. અલી બીન મોહમ્મદ બીન વલીદ છે જેનું ફઝલ ઘણુંજ મશહુર છે, જેનું બયાન પાના ૨૦–૨૧, માં આપવામાં આવેલ છે. આ સાહેબ ૫ મા દાઇના કાકાના દિકરા સૈયદના અહમદુલ મુબારક છે જેનું કરમ ને મોહરાઇ જગઆશકારા છે. ત્યાર બાદ ૧૬ માં દાઇ આપના ફરઝંદોમાં, ફરઝંદો બાદ ફરઝંદો થયા છે તેઓમાંથી આ દાઇ સૈ. અલી બીન મોલાઇ હસન વલીદ બીન અકબાની નસલના છેલ્લા દાઈ છે. આ વલીદનું બાનદાન ઘણું ઉચું છે.

આપ હમેશાં મોમીનોને નેક ખસલત રાખવાનું, માફી આપવાનું, મોહબ્બત કરવાનું, ગુસ્સાને ગળી જવાનું ને ગુલામોને આઝાદ કરવાનું ફરમાવતા ને કહેતા કેઃ—

ખુદાતઆલા ફરમાવે છે કે, " અલ્લઝીના યુનફેકુના ફીસ્સરાએ વદ્દરાએ વલ કાઝેમીનલ ગૈઝા વલ આફીના અનીન્નાસે વલ્લાહો યોહીબ્બુલ મોહસેનીન ". (સુરત આલે ઇમરાન આયાત ૧૩૪).

અર્થઃ—જે લોકો સુખ અને દુઃખ (ઝાહેર અને બાતીન) માં લોકો માટે ખર્ચે છે અને લોકોને તેઓની ભુલ બદલ માફી આપે છે અને ગુસ્સાને ગળી જાય છે. તેવા અહેસાન કરનારાઓને ખુદા મહોબ્બત કરે છે. મુમેનીનની નેક ખસલતો માંહેની થોડી આ છે, તેઓ ગુસ્સાને ગળી જાય છે, ભૂલને મઆફ કરે છે. ખુદાતઆલા એહસાન કરનારાઓને મોહબ્બત કરે છે.

રિવાયતમાં છે કે અલી ઇબ્ને અબીતાલીબે એક વખત પોતાના ગુલામને બોલાવ્યો, તેણે જવાબ ન આપ્યો ત્યારે આપે બીજી વખત બોલાવ્યો તો પણ તેણે જવાબ ન આપ્યો. ત્યારે આપ જરા ગરમ થઇ તેની પાસે તશરીફ લઇ ગયા અને કહ્યું કે, " હું તને બોલાવું છું છતાં તું જવાબ કેમ દેતો નથી ? ગુલામે અરજ કરી કે " આપ મને સજા નહિ કરો તેની મને પુરતી ખાત્રી છે તેથી, હું આપથી બેપરવા છું ". તે વખતે આપે તેને આઝાદ કીધો. ગુલામો બનાવવા કરતાં ગુલામોને આઝાદ કરવા એ મોટું સવાબ ને હસનાત છે.

નરમાશથી વર્તવા બાબત.

આપ સૈયદના મોમિનોને હમેશાં હીદાયત દેતા, નરમાઇથી વર્તવા અને આપસમાં જોરથી નહિ બોલવા તેમજ કોઇ ઉપર ગુસ્સો નહિ કરવાનું ફરમાવી કહેતા કેઃ—

ખુદાતઆલા કુરાનેમજીદમાં ફરમાવે છે કે, " ફ કુલા લહુ કવલન લય્યેનલલઅલ્લહુ યતઝક્કર અવયખશા " (સુરતુત્તાહા આયત ૪૪).

અર્થઃ—પછી તમો બન્ને તેની સાથે નરમાઇથી (માયાળુપણે) બોલો, કદાચ તે શીખામણ લે, અથવા તે ડરે.

આ આયતની તફસીર આ પ્રમાણે છે કે, એક વખત મુસા અ. સ. એ ખુદાતઆલાની જનાબમાં અરજ કીધી કે એ પરવરદિગાર ! તેં ફીરઓનને ચારસો વરસની મોહલ્લત આપી તેને પકડયો નહિ તેનું શું કારણ ? તે તો રોજ કુદરતો કલેમો કહેતો કે " હું તમારો રબ છું ". આ પ્રમાણે મુસાએ કહ્યું. ત્યારે ખુદાએ ફરમાવ્યું કે, " એ મુસા ! તેની કેટલીક સારી ખસલતો છે, તે સબબ તેને મોહલ્લત આપવામાં આવેલ છે. તેમાં હીલમ છે. એટલે કે ગુસ્સો ગળી જવા કરતાં હીલમ કરવું બેહતર છે.

ગુસ્સો ઉતારવું તે તકલીફ સાથે હીલમ કરવું છે. (હીલમ એટલે વગર તકલીફે માફી આપવી) ફીરઓનમાં તે હીલમ છે. ખુદાએ મોમિનને બદ ચાલચલનની મના કરેલ છે. મોમિનનું દીલ સખત ન હોય, મોમિનના દીલમાં તો રેહમત ને શફકતજ હોય.

આપ જુમ્માની ફઝીલત વિશે બયાન ફરમાવતા કેઃ—

" જુમ્મા (શુકવાર) નો અસલ લફઝ જમઆહ થાને ભેગું થવું છે. જુમ્માનો દિવસ રસુલુલ્લાહનો છે. રસુલુલ્લાહે આ દિવસ પોતા વાસ્તે એટલા વાસ્તે પસંદ કીધો છે કે, આપના નાનાના મોટા નાના કબીલ બીન લોવય હરરોજ બધા કબિલાના લોકોને ભેગા કરી નેક કલામ સંભળાવતા ને લોકોના સંગઠનને મજબુત કરતા, તેથી તે દીવસનું નામ જુમ્મોઆ (શુકવાર) પડયું. આ જુમ્માનું નામ પણ કબીલ બીન લોવયે આપેલું છે અને ખુદાએ પણ આ જુમ્માના નામને તેનામાં રહેલા ભેગા થવાના સંગઠનના ગુણને પસંદ કરેલ છે, તેની રીવ્હતમાં ફરમાવે છે કે, " યા અય્યોહલ્લઝીના આમનું ઇઝાનુદેયા લીસ્સલાતે મીન યૌમીલ **જોમોઆહ** ફસઅવા એલા ઝીકરીલ્લાહ..... " યાને એ ઇમાન લાવનારાઓ ! જ્યારે તમોને (ભેગા થવાના દિવસે) જુમ્માની નમાઝ માટે બોલાવવામાં આવે ત્યારે ખુદાની ઝીકર કરવા તરફ ઉતાવળથી ચાલજો. ખુદાની ઝીકર કરવામાં ઢીલ ના કરજો. અને એજ પ્રમાણે સૈ. મોઅય્યદ શીરાઝી સાહેબે પણ જુમ્માના દિવસની તાઇદમાં બેત ફરમાવેલ છેઃ—

ઇલાહીસઅલતોકા ફીલ જોમોઆહ
મોબદદલામલી બે અન તજમઆહ.

અર્થઃ—એ મારા ખુદા ! આ જુમ્માના દિવસે તારી પાસે સવાલ કરું છું કે, મારા વિખેરાએલા જથ્થાને ભેગા કરી દે.

શું નબીના ઇમામોના દાઇની સીરત ? શું તેઓની જુદા થયેલાને ભેગા કરવાની દુઆ ને આહોઝારી ? એવો કોણ ગુમરાહ સાહેબ હશે કે જે શરીઅતના સાહેબો અને મવાલીત તાહેરીનના ફરમાનને ઉલટાવે અને તેનાથી ઉલટાં વર્તન ચાલાવે ? તેઓના જોડાએલાને નોખા કરે ને દજ્જાલની સીરતે ચાલે.

એક વખત રસુલેકરીમે પોતાના ઝમાનામાં જુમ્માના દિવસે ખુતબો પઢી લોકોને બોધ આપ્યો અને કહ્યું કે એ લોકો ! તમો દજ્જાલથી બહુ બિહતા રેહજો, તેના ફરેબમાં ન આવજો. કારણ કે, તેમાં બદ બખસલતો છે. તે જથ્થાને જુદો કરે છે. એમાં નાપાકીનો જથ્થો છે, તે બની આદમની તબીઅતથી જુદો હશે.

ખુદાતઆલાએ મુસા અ. સ ઉપર વહયે ઉતાર્યું કે, એ મુસા ! તમારા વાસ્તે અમોએ શનિવારનો દિવસ મુકરર કર્યો છે. મોહમ્મદ વારતે જુમ્માનો દિવસ નક્કિ કીધો છે. કારણ કે તે દિવસ તેના આબાએ અજદાદનો મુકરર કીધેલો દિવસ છે. ઇસા વાસ્તે

રવિનો દિવસ છે. ઇબ્રાહીમ વારતે સોમનો દિવસ છે. ઝકરીયાહ વારતે મંગળનો દિવસ છે, યાહના વારતે બુધનો દિવસ છે અને જુમારાત (ખમીસ) આદમ વારતે છે.

રિવાયતમાં છે કે સોમના દિવસે જન્નતના દરવાજાઓ ખુલે છે. તે દિવસમાં સફર કરવી ઠીક છે, તેમજ મહિનાના પાછલા દિવસોમાં સફર કરવી ઠીક નથી. રસુલુલ્લાહ સ. એ. ફરમાવે છે કે પાછલા દિવસોમાં ચંદ્રમાં મંજતો જાય છે તથી સોદાગરો પાછલા દિવસોમાં સૌદાગીરી ન કરે નહિતો ચંદ્રના મંજવા જેમ તેની સૌદાગીરીને ધક્કો લાગે. બિમારોના વારતે પણ પાછલા ૧૫ દિવસ ભારી રહે છે.

સૈયદના અલી સબાવતમાં ઉવેશ[૧] જેવા વલી ને હાતીમ[૨] જેવા સખી વજુદ હતા. આપે દાઅવતે હાદીયાહનો કારોબાર સંભાલ્યા પછી શરીઅતે ગરરાનો કારોબાર પુર જોશમાં ચલાવ્યો. આપના વખતમાં દરેક કિકાણેના ફસાદો કમી થઈ ગયા પરંતુ આપ દાઅવતે હાદીયાહના તખ્ત પર થોડાજ વખત રહ્યા ત્યાં આપ બિમાર થયા એટલે આપે સઘળા હુદુદો, મશાએખો, ફોજોલાઓ ને મોમિનોને બોલાવ્યા. સઘળાના રૂબરૂ આપે સૈયદના કાસમ બીન હીરખાન પર નસ્સેજલી કરી. તે બાદ આપ તા. ૨૫ ઝીહિજ્જ અવ્વલ હી૰ ૧૦૪૨ ના યમનમાં વફાત થયા. આપ "મુલ્લાકુલ મોઅમેનીન" યાને મોમીનીનના આસરા લેવાના મથક તરીકે યમનમાં મશહુર છે. આપની દાઅવત ૬ વરસ ને ૨૨ દિવસ રહી. આપનું લકબ શમ્સુદ્દીન છે. ક. ૩.

૧. અરબમાં ઓસ કબીલામાં ઓવૈદ્ય નામે બુઝુર્ગ થયા છે જે વલીની સીફત, ઝોહદ ને તકવા મશહુર છે.

૨. હાતિમતાઇ પણ અરબમાં સખાવતમાં મશહુર છે, જેનો કિસ્સો નામે-હાતિમતાઇ વાંચવાથી માલુમ પડશે.

૩૧. સૈ. કાસીમ ઝૈનુદ્દીન ઇબ્ને હીરખાન (૮ હિન્દ) નું ટુંક વૃતાંત.

મોઅતેબર રાવીથી રિવાયત છે કે, સૈ. અલી શમ્સુદ્દીન પછી સૈ. કાસમ દાઅવતે હાદીયાહની ગાદી પર આવ્યા ને આપે દાઅવતે હાદીયાહના એહકામો શરીઅત પ્રમાણે જારી કર્યા. ખાસ કરીને મોમિનો કે જેઓ નમાઝ પડવાથી બિલકુલ આજીજ થતી ગયા હતા તેઓને નમાઝ માટે ઘણીજ તાકીદ કરી આપનું બાનદાન ઉંચું છે. આપ સૈયદી હસનપીર બીન અલી સાહેબના દિકરાના દિકરા છે આ સૈયદી હસનપીર શહીદ બીન અલી સાહેબની કરામતો દુનિયામાં મશહુર છે. આપનું મઝાર હેતમાલમાં છે. મુદ્દતઆલાની બરકાતના સબબ કોઇ પણ મિલતના માનનારાઓની મિલતનો જવાબ આપના વસીલાથી બર આવે છે તે કંઈક મોમિનો જેઓનાં ઝહેન બગડી જવાના સબબ ગુનાહમાં ફસેલા હોય છે તેઓને આપના વસિલાથી ફેઝ મળે છે ને આરામ થઇ જાય છે આપ હુકમના દરિયા હતા, આપ દરેકના સવાલોના જવાબો બરાબર આપતા.

રિવાયત મશહુર છે કે, એક વખત સુલતાન પિરાનશાહ કુરઆનની તિલાવત કરી રહેલ હતા તેવામાં આ આયત "લા યદ્ખોલુનલ જન્નતા હત્તા યલેજલ જમલો ફી સમ્મલ-ખીયાતે" પર ગુજર થયું ત્યારે તે આયત પાસે અટકી ગયા ને તે આયતની માએના (અર્થ)માં વિચાર કર્યો કે, તે આયતની માએના છે કે, "કોઇ પણ જન્નતમાં દાખલ નહિ થઇ શકે, તાકે સોયના નાકામાં ઉંટ પસાર થાય". આથી બાદશાહ વિચારમાં પડ્યો ને આશ્ચર્ય પામ્યો કે સોયના બારીક નાકામાં આવડું મોટું જન્જ્વર ઉંટ કયાંથી જઇ શકે ? તે બનવું બિલકુલ અશકય છે. આ આયતનો ખુલાસો કરવા માટે તેણે પોતાના કુલ મોલવીઓ તેમજ ઓલેમાઓને બોલાવ્યા ને ઉપરની આયતનો ખુલાસો પુછ્યો.

બાદશાહનો આ સવાલ ને કલામુલ્લાહની આ આયતના ખુલાસા માટેની માગણીથી બધા ઓલમાઓ અને મોલવીઓ હેરતમાં પડ્યા ને આપસમાં મશવેરો કર્યો પરંતુ બાદશાહના સવાલનો સંતોષકારક જવાબ કોઇ પણ આપી શકયું નહિ તેથી બાદશાહની આતુરતા વધી ને આ આયતના ખુલાસા માટે વધુ કોશિશ કરી. આથી બાદશાહના દરબારીઓ માંહેના એક સાહેબે બાદશાહને અરજ કરી કહ્યું કે એ બાદશાહ ! જેમ આ આપણા મોલવીઓ છે તેમ અહિ કોમે બવાહેર છે તેઓના મુરશીદ પણ ઘણાજ આલીમ છે અને મને બાત્રી છે કે તે સાહેબ જરૂર આપના સવાલનો સંતોષકારક જવાબ આપશે. તેજ વખત બાદશાહે સૈયદી હસનપીર શહીદ સાહેબને બોલાવવા માણસ મોકલ્યા. આપ શાહના હુકમને માન આપી તરતજ શાહી દરબારમાં હાજર થયા.

આપ ખુદાના વલી હતા, જટા હાથના ધોએલા નમાઝી કપડા પહેરેલા હતા તેજ લીબાસમાં શાહ પાસે આવી ઉભા રહ્યા. આપના આવ્યા દેખાવથી શાહને લાગ્યું કે આવા

મિસ્કીન જેવા દેખાતા શખ્સ જેની પાસે કોઇ પણ જાતના કિતાબ નથી કે ન તેમના પાસે પુરતાં કપડા છે તે મારા સવાલનો જવાબ શું આપશે ? મારા દરબારમાં બે દિવસ થયાં મોટા મોટા ઓલેમાઓ આવી ગયા ને તેઓ પણ ફિકરમાં પડી ગયા છે ને આ હાથથી ધોએલાં ખાદીના જાડાં કપડાં પહેરેલો સાદા જેવો દેખાતો શખ્સ મારા સવાલનો શું જવાબ આપશે ? તેવા વિચારમાં બાદશાહ પડયો પણ દિલને તસલ્લી આપી સાદા લીબાસમાં આવતાર સૈયદી હસનપીર સાહેબને માન સહીત બોલાવ્યા. સૈયદી હસન સાહેબ બાદશાહના દિલનો વસવસો સમજી ગયા ને ચુપ રહ્યા. ત્યાર બાદ બાદશાહે ઉપર બતાવેલ કલામુલ્લાહની આયત સૈયદી હસનપીર સાહેબને પઢી સંભળાવી તે આયતની સમજ આપવા માટે સવાલ કર્યો, સૈયદી હસનપીર સાહેબે તે આયતની સમજ આપવા પહેલાં આપની કંઇક બેઅદબી થશે એવું બતાવી તેનો જવાબ આપવાની આનાકાની કરી. આથી બાદશાહની જવાબ સાંભળવાની જીજ્ઞાસા વધી તેથી તેણે આપની દરેક વાતને કબુલ કરવાનું વચન આપ્યું. ત્યારે આપે માગણી કરી કે બાદશાહ મોતે મારા દરેક કોલને બરાબર પાળશે એવું વચન આપે. ત્યાર બાદ બાદશાહે સૈયદી હસનપીર સાહેબની શરત મંજુર રાખી. તે પછી સૈયદી હસનપીર સાહેબે બાદશાહને કહ્યું કે, "આપ આપના પહેરેલા શાહી કપડાં ઉતારી મને આપો અને આ મારા પહેરેલાં કપડાં આપ પહેરો. ત્યાર બાદ આપ મારા સામે ઉભા રહો ને હું તાજ પહેરી તમારી ગાદી પર બેસું". આ હકીકત સાંભળી બાદશાહે તે પ્રમાણે અમલ કર્યો ને બાદશાહી કપડાં સૈયદી હસનપીર સાહેબ પહેરી ગાદી પર બેઠા ને બાદશાહ સૈ. હસનપીરના કપડાં પહેરી તેના સામે અડા રહ્યા. તે વખતે સૈયદી હસનપીર સાહેબે બાદશાહને કહ્યું કે, "આપ જેવા બાદશાહ અને દરેક જાતની હકુમતના ધણી મારા જેવા ગરીબ મિસ્કીન પરંતુ ઇલમથી ભરેલા સીનાવાળા અદના આદમીનો હુકમ માની મારી સામે ઉભા રહ્યા તેજ "ઉંટ જેવા મોટાને હુકમરૂપી સોયના નાકામાં દાખલ થવા બરાબર છે". એટલે કે દુનિયાના બાદશાહો દુનિયામા આલીમોની ખિદમત કરી, તાબેદાર કરી ખુદાને ખુશ કરી જન્નતમાં જવાનું સબબ (કારણ) છે. તેજ પ્રમાણે આ કાયદો દરેકને લાગુ પડે છે. પૈસાવાળો ગરીબને પોષે, હાદીઓ બેઇલ્મવાળાઓને સોબત જેવા બની હિદાયત આપે. દરેકને જન્નતમાં જવાનું મુળ કારણ ફક્ત **ઇલ્મજ** છે. ઇલ્મની તાબેદીમ જન્નતની સીડી છે, ઇલ્મ વગરના બધા ગારીદ (બેખબર) છે. આ પ્રત્યક્ષ દાખલો જોઇ બાદશાહ ઘણોજ ખુશ થયા ને સૈયદી હસનપીર સાહેબની બુરતી કદર કરી.

એક બીજી રિવાયત છે કે, કમના બાદશાહે હિન્દના શાહ પાસે ત્રણ સોનાના માથાં બનાવી પરિક્ષા માટે મોકલ્યાં હતાં, તેની તપાસ માટે પીરાનશાહે તેના આલેમોને

આગળના ઝમાનામાં ખુદાના વલીઓ સાદા ને જાડા ખાદીના કપડા પહેરતા ને દુનિયાના ઐશને તરક કરનારાઓ હતા, જે વિષે સૈયદી સાદિકઅલી સાહેબે પણ પોતાની નસિહતમાં ફરમાવ્યું છે કે:—

જે લોકો છે ઝાહીદ તે દુનિયાના તારીક,
તે પહેને છે ખાદી ને ખાએ છે પાલો.

બોલાવ્યા ને તે ત્રણે સોનાના માથાની કિમત નક્કી કરવા માટે સર્વે ઓલેમાઓને કહ્યું. આ ત્રણે માથાંઓ સોનાના હતાં તેથી કાંઇ તેનાં સોનાની કિંમત કરવાની નહોતી, પરંતુ તે દરેક માથાંઓના ગુણ દોષ પર વિચાર કરી તેની વિગત આપવાની હતી, તેથી બધા ઓલેમાઓ વિચારમાં પડયા ને કંઇપણ સંતોષકારક જવાબ ન આપી શકવાથી ચુપ રહ્યા. આ ઇમ્તેહાન પછી બાદશાહે સૈયદી હસનપીર સાહેબને બોલાવ્યા ને કમથી આવેલ ત્રણે સોનાના માથાંઓ બતાવી કહ્યું કે, "આ માથાંઓ કમથી આવેલા છે, અને કમના બાદશાહ તરફથી વકીલ પણ શાહી લખાણ લઇને આવેલ છે જે અહીં મોજુદ છે, માટે આપ આ ત્રણે માથાંઓની કિમત કમથી આવેલ શાહના વકીલને કહી સંભળાવો. ત્યાર બાદ સૈયદી હસનપીર સાહેબે બાદશાહના હુકમને માન આપી તેના જવાબો આપ્યા જે નીચે મુજબ છે.:—

૧. હું માથું લઈ તેના કાનમાં પાણી નાખ્યું તો તે પાણી મોંમાંથી નીકળી ગયું. ત્યારે તેનો ખુલાસો આપે નીચે પ્રમાણે કર્યો.:—

"આ માથાની કિંમત બેવકુફ ને વિશ્વાસઘાતી છે, તે કોઈ પણ છુપી વાતો રાખી શકે નહિ ને તરતજ બીજાને કહી આપે.".

૨. જ માથાને લઇ કાનમાં પાણી નાખ્યું તો બીજા કાનમાંથી તે પાણી વહી ગયું. તેનો ખુલાસો આપે નીચે પ્રમાણે કર્યો.:—

"આ બીજા માથાની કિંમત જાહીલ, બેપરવા, ઇલ્મ વગરનાની છે, તેને કોઇ પણ જાતનો ઇલ્મનો શોખ નથી તેમ તે કોઇ ચીજને ધ્યાનમાં નહિ લેતો હોય".

૩. ત્રું માથું લઇ કાનમાં પાણી નાખ્યું એટલે તે પાણી ગળામાં ઉતરી ગયું. તેનો ખુલાસો આપે નીચે મુજબ કર્યો.:—

"આ માથાની કિંમત ઘણીજ ભારી છે. તે આલીમ કામિલની નીશાની છે, તેના પેટમાં દરેકની સારી નરસી વાતો રહી શકે છે".

આ પ્રમાણે સૈયદી હસન સાહેબના ખુલાસાઓ સાંભળી બાદશાહ ઘણોજ ખુશ થયા ને કહ્યું, ખરેખર આપ ખુદાના વલી છો. આપના દરેક કામકાજ રાહેરાસ્તનાં છે. ત્યાર બાદ વઝીરો ને અમલદારોને સંબોધીને બાદશાહે કહ્યું કે "આ શેખ હસન ખરેખર આપણા શહેર ને ખુદાના પ્યારા વલી શખ્સ છે. આ બનાવ પછી આપ પર બાદશાની મહેરબાની થઈ તેથી કેટલાક અમલદારોને આપના તરફ હસદ પેદા થયો ને અંદરખાને વિરોધ કરવા લાગ્યા ને આપને કેદખાને પાડવા (શહીદ કરવા) ની કોશિષ કરવા લાગ્યા. જો કે આપને શાહ પાસેથી કે તેના અમલદારો પાસેથી કોઇ જાતની લાલચ નહોતી કે નહોતી જોખમી તેમને મોહતાજ. તેમનો શુગલ તો ફક્ત ખુદા પર ઇમાન લાવનારાઓને રાહે રાસ્ત પર લાવવા ને શરીઅતે મોહમ્મદી પર ચાલી નેક કામો તરફ લોકોને લાવવાના પ્રયાસોનો હતો, છતાં હસદખોર અમલદારોને આવો એક સાધારણ માણસ શાહી દરબારમાં માન ખાટી જાય ને તેઓને નામોશી મળે તે સહન ન થઈ શકવાથી, તેઓએ સૈયદી હસનપીર સાહેબ

પર તરેહ તરેહના ઝુલ્મ કર્યા. આ ઝુલ્મોની આપે પરવા કરી નહિ ને ખુદા પર ભરોસો રાખી ખુદાના દીનની મઝબુતી માટે હિદાયતના રસ્તા પર ખુદાની રાહમાં શહીદ થયા. (દુશ્મનોએ આપને કતલ કર્યા). જેના બદલામાં ખુદાએ આપની નસલથી સૈયદના કાસીમ ઝૈનુદ્દીન સાહેબને દીનના શાહ બનાવી દાઅવતે હાદીઆના ખીદમતગાર બનાવ્યા.


આજ પ્રમાણે ગલીયાકોટમાં સુતેલા સૈયદી ફખરૂદ્દીન શહીદનું બયાન છે. જેની વધુ વીગત પાના ૫૯–૬૦ માં આપેલ છે જે સાહેબની ફઝીલત મોમીનીન તેમજ આમ લોકોમાં જગ આશકારા છે અને તે સાહેબની મીન્નત માનનારાઓની મુરાદ પરવરદિગાર બર લાવે છે. તે સાહેબની નસલથી દાઅવતે હાદીયાની ખીદમત ચાલુ હતી. આપે દાઅવતની ખીદમત કરી પોતાના જાતને કુરબાન કીધો તેના બદલામાં ખુદાતઆલાએ આપની નસલમાં નસલ થ નસલ દીનના હાદીઓ મોમીનોની ખીદમત માટે કાયમ કર્યા છે. આપની નસલના સાહેબોનો શજરો પાના ૧૮૭ માં આપેલ છે.

સૈયદી હસનપીર શહીદ બીન અલી ઈમ્તીદ દાઇ મોલાઇ અબ્દુલ્લાહની શહાદત પીરાનશાહના દીકરા અહમદશાહના વખતમાં હી૰ ૮૧૦ માં થઈ છે ને અમદાવાદ પણ આ વખતે તેણે વસાવ્યું છે. સૈયદી હસનપીર શહીદ સાહેબની નસલથી આપ ૩૧ મા દાઈ કાસમ ઝૈનુદ્દીન બીન પીરખાન થયા છે. આપ નાનપણથીજ દીનદાર હતા ને સાદાઈ-માંજ રહેતા હતા. આપે સૈયદના શેખ આદમ સફીયુદ્દીન, સૈયદના અબ્દુલતૈયબ ઝકીયુ-દ્દીન અને સૈયદના અલી શમ્સુદ્દીન પાસેથી ઇલમ હાંસીલ કર્યું હતું. આપ હમેશાં તાલેબુનને ઇલમ પઢાવતા હતા.

આપના વખતમાં જ્યારે અલી બીન ઇબ્રાહીમની કીતનત ચાલુ હતી તે વખતે આપે દીનની મઝબૂતી માટે ખુબ કોશિષ કરી છે. બહેસોથી લોકોને સમજાવી હક પર સાબીત રાખ્યા હતા ને દરેકના વસવસાઓને દુર કર્યા હતા. આપે ઉપરના ત્રણે દોઆતોની દાઅવતે હાદીઆની મઝબુતી માટે પુરતી સેવા કરી છે. આપે આપના મુનઇમ, આપને કાયમના કર-નાર સૈયદના અલીની એટલી ખિદમત કીધી હતી કે, દાઅવતના મુખ્તેસરૂનને ઇલમના ખુતબાઓ પઢી બોલતા બંધ કરી દીધા હતા ને ત્યાર બાદ આપે દાઅવતે હાદી-આહનો કબજે લીધા પછી દાઅવતનું કામકાજ ઘણીજ સીફત ને આસાનીથી ચલાવ્યું. આપના વખતમાં કોઇને કંઈ તકલીફ નહોતી, મોમિનો અમાન ને રાહતથી રહેવા લાગ્યા. આ અરસામાં આપ એકાએક બિમાર થયા ને આપને લાગ્યું કે હવે મારૂં ઇન્તેકાલ નઝદીક છે તેથી આપે સઘળા ઓલાદોમાઓ, હુદુદો ને મશાએખોને બોલાવ્યા ને સઘળાના રૂબરૂ સૈયદના કુતુબખાન બીન સૈયદના દાઉદ બીન કુતુબશાહ ઉપર નસ્સેજલી કરી અને વસિયત ફરમાવી કે " એ કુતુબખાન ! આપ શહીદ થશો ને દુનિયામાં નસિબવંતા થશો ". તે બાદ આપ શવ્વાલની તા. ૯ મી હી૰ ૧૦૫૪ માં વફાત થયા. આપની દાઅવત કુલ ૧૨ વરસ, ૫ મહિના ને ૧૪ દિવસ રહી. આપનું મઝાર અમદાવાદમાં છે. આપનું લકબ ઝૈનુદ્દીન છે. ક. ૩.

સૈયદી ફખરૂદ્દીન ઇબ્ને તારમલ–રાજપુતની વંશાવળી.

સૈયદી ફખરૂદ્દીન શહીદ–ગલીયાકોટ.



૩૨. સૈ કુતુબખાન કુતબુદ્દીન બીન દાઉદ બુરહાનુદ્દીન બીન કુતુબશાહ (૯. હિન્દ-અમદાવાદ) નો ટુંક એહવાલ.

સૈયદના કાસમ ઝૈનુદ્દીન પછી દાઅવતે હાદીયાહની ગાદી પર આપ સૈયદના બીરાજ્યા. આપના રાહેરાસ્તના બયાન ને જન્નત તરફ પહોંચવાની મોહબ્બત ભરી હિદાયત *મુખાલેફુનના દિલોમાં ખુંચવા લાગી, તેઓના દિલોમાં નીફાકાએ ઘર કર્યું તેથી તેઓ કીના તથા અદાવત પર તૈયાર થયા ને મોમિનો પર તરેહ તરેહના તોહમતો આપવાનું શરૂ કર્યું. આ તોહમતોમાં તેઓ લોકોને એવું બતાવવા લાગ્યા કે, " આ કોમે અવાહીર (વોહરા કોમ) આપણને રાફીઝ માને છે તથા અલીને ખુદા કહેવા રાજી રહે છે. અલી રસુલુલ્લાહના કાજી છે ને અક્વલ, સાનીને સાલીસને ગાળો આપે છે. શરીઅતના ફરમાન ને ઇસ્લામના કામોમાં તેઓ દાઇનું કહેવું માને છે, એહલે ઇસ્લામીઓને ખારજી અને અલીના દુશમન માને છે, શેખ કુતુબને તેઓ સીજ્દો કરે છે, પોતાના દાઇને રૂપિયા આપવામાં હજ જેટલું સવાબ સમજે છે. એહલે ઇસલામની ઇદથી તેઓ પહેલાં ઇદ કરે છે. જે કોઇ અલીને મોહમ્મદ બરાબર ન સમજે તેઓ કતલને લાયક છે એમ સમજે છે ને તેઓ આ રીતે શેખ કુતુબને માની, **નાજી** (મોક્ષ પામનારા) સમજે છે.

ઉપર બતાવેલા તોહમતો અમદાવાદમાં તે વખતના મુખાલેફુન તરફથી મોમિનો ઉપર કેટલાક મોલવીઓ તરફથી મુકવામાં આવતા હતા પરંતુ તે તોહમતો તદ્દન ખોટા છે તેવું સાબીત કરવા તે વખતે ખુલ્લી બહેસના અભાવે કે ઝુલમના ઓકથી તેમજ કેટલીક બાબતમાં તકિય્યત રાખવાના હેતુથી એક બીજાના દિલોમાં વસવસાઓ રહી ગયા અને અંદર અંદરના વેર ઝેર અને કિનાઓ વધતા ગયા. પરિણામે આ અદાવતનું જોર એટલું વધી ગયું ને બખેડાઓ એટલા જોરથી થવા લાગ્યા કે તેના પરિણામમાં સૈયદના કુતબુદ્દીનને તેમના પર ઉપર બતાવેલા તોહમતો મુકી શહીદ કરવામાં આવ્યા છે. અગર જો કોઈ પણ કામ રસુલેકરીમ સ. અ. ના ફરમાન મુજબ વર્તે તો જરૂર આવી બીદઅતો, મતભેદો, કજીઆઓ કે ખુનરેજી થાયજ નહિ. સૈયદના કુતબુદ્દીન શહીદ થયા બાદ તેમના પર મુકાએલ તોહમત સંબંધી કેટલાક ખુલાસાઓ બહાર પડ્યા છે, જેમાંના થોડા ઇનસાફની ખાતર અહીં આપવામાં આવેલ છે.

રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, " ઇન્નજાહરતલ બીદઓ ફી ઉમ્મતી ફલયુઝહેરૂલ આલેમો ઇલ્મહુ ફમંલમ યફઅલ ફઅલૈહે લાઅનતુલ્લાહે ". (દાએમુલ ઇસ્લામ).

અર્થ:-જો મારી ઉમ્મતમાં કોઈ પણ જાતની બીદઅત જાહેર થાય તો આલેમો (વિદ્વાનો) પોતાનું ઇલ્મ જાહેર કરે, જો તેઓ તેમ નહિ કરે તો તેઓ ઉપર ખુદાની લાઅનત છે.

* જુદી માન્યતાવાળાઓ.

જ્યારે દાઇના વખતમાં ઓલેમાઓને બોલવાની કોઇ પણ જાતની સગવડ ન હોય, અંધાધુંધીનો ઝમાનો હોય ને જ્યાં જાન જવાનો બેઅે હોય ત્યાં મોલાઇ જાફરસાદીકના ફરમાન પ્રમાણે " અતકીયતો દીની વ દીનો આબાઈ ". અર્થ:-તકીય્યત=બીક (હકના કલામનો અનર્થ થવાની બીક) રાખવી મારૂં ને મારા બાપદાદાનું દીન છે. આ કોલ પર તે વખતે તેઓ કંઇ પણ ન બોલ્યા હોય તો તે બનવાજોગ હતું.

ઓલોમાએ હકની ખાસ ફરજ એ છે કે તેઓએ નબી સાહેબ સ. અ. ની શરીઅત પ્રમાણે કલામુલ્લાહ અને હદિસથી જ્યાં જ્યાં બદી કે શીર્ક થતું હોય ત્યાં ત્યાં તે બીદઅતો ને શીર્કપણું દુર કરાવવા માટે કિતાબોની દલિલોથી લોકોને સમજાવી તેઓના અખલાક સુધારવા માટે તેઓએ મેળવેલા ઇલ્મનો ઉપયોગ ને પ્રયત્નો કરવા જોઇએ. પરંતુ તેમ કરતાં તેઓ શા માટે અચકાય છે ? શા માટે તેઓ નબી સ. અ. ની શરીઅત પ્રમાણે ચાલવાને ખુલ્લી રીતે કહેતા નથી ? આ તકીય્યતનો ઝમાનો નથી પરંતુ આ અમાનનો ઝમાન છે. ગવર્નમેન્ટનું રાજ છે, ઇન્સાફ માટે દુનિયાની અદાલતો મોજુદ છે, ખુલ્લી રીતે કિતાબોની દલિલોથી બહેસ કરી શકાય છે તકીય્યતના બહાને અનર્થ કરી તેનો ઉપયોગ કરવો તે સત્યને છુપાવવા બરાબર છે.

ઉપર બતાવેલ તોહમતો સંબંધી ખુલાસાઓ કેટલાક બોલોમાઓ તરફથી આપની શહાદત બાદ બહાર પડેલા છે જેમાંના થોડા નીચે આપવામાં આવેલ છે.:—

અલીને ખુદા અથવા પહેલા દરજ્જના બલીફા અથવા કાઝી માનવા સંબંધી ખુલાસો કરતાં બેહદે સુન્નત જમાઅતના મોઅતેબર મોલવી સાહેબ શૈખુલ અદ્લામા જમાલુદ્દીન બીન યુસુફ બીન મતહર પોતાના કિતાબ " કશફુલ હક વ નાહજુસ્સીદક "માં ઇમામની ચોથવટ બાબતમાં લખે છે કે,:—

" ઇન્નલ ઇમ્મા બાઅદા રસુલિલ્લાહે હોવલ અલીયો વકાલતીસ સુન્નતો અબુબકરીન સુમ્મા ઉમરા સુમ્મા ઉસ્માના સુમ્મા અલીયુન વ બાલફલ માઅકુલા વલ મનકુલા ". વિગેરે પણ કામ રસુલેકરીમ સ. અ. ના ફરમાન મુજબ વર્તે તો જરૂર આવી બીદઅતો, મતભેદો, કજીઆઓ કે ખુનરેજી થાયજ નહિ. સૈયદના કુતબુદ્દીન શહીદ થયા બાદ તેમના પર મુકાએલ તોહમત સંબંધી કેટલાક ખુલાસાઓ બહાર પડ્યા છે, જેમાંના થોડા ઇનસાફની ખાતર અહીં આપવામાં આવેલ છે.

રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, " ઇન્નજાહરતલ બીદઓ ફી ઉમ્મતી ફલયુઝહેરૂલ આલેમો ઇલ્મહુ ફમંલમ યફઅલ ફઅલૈહે લાઅનતુલ્લાહે ". (દાએમુલ ઇસ્લામ).

અર્થ:-જો મારી ઉમ્મતમાં કોઈ પણ જાતની બીદઅત જાહેર થાય તો આલેમો (વિદ્વાનો) પોતાનું ઇલ્મ જાહેર કરે, જો તેઓ તેમ નહિ કરે તો તેઓ ઉપર ખુદાની લાઅનત છે.

ઇમામની પહેલી શરત એ છે કે-ઇમામ માઅસુમ (બેગુનાહ) પહેલેથી છેલ્લે સુધી હોય. અલી તેવા માઅસુમ હતા.

ઇમામની બીજી શરત એ છે કે-રૈયત કરતાં ઇમામ અફઝલ હોય. અલીમાં ઉપર મુજબની ફઝીલત છે.

ઇમામની ત્રીજી શરત એ છે કે-ઇમામ મનસુસ હોય તે પર નસ વાજીબ છે. તે પ્રમાણે અલી મનસુસ (નીમાએલ) છે. અલી પર નસ થઈ છે તેવી કુરઆનેમજીદમાં ઘણી આયાતો મળી આવે છે.

ઇમામની ચોથી શરત એ છે કે ઇમામતની પદવી કુલ રૈયત પર સરદારી ભોગવવાની લ્યાકત, ઝોહદ, ઇલમ, ઇબાદત, શુજાઅત, ઇમાન ને બીજા અનેક ગુણોનું હોવું જરૂરત ને વાજીબ છે તે દરેક ગુણો અલીમાં હતા. આમાં ઇજમા છે વાને બહેસ કરતાં બધા ઓલમાઓ એકમત થાય (રીયાઝુલઝીનાન સફો ૧૩૨–૩૩).

હઝરત અલીના મરતબા સંબંધી સહી મુસલીમ વલ બુખારીમાં આહમદ બીન હનીલથી સનદ આવેલી છે તે નીચે મુજબ છે:–

" ઇન્નનબીયા સ. અ. લમ્મા ખરજ એલા તબુકીન ઇસ્તખલફા અલીયન ફીલમદીનતે અલ્લાઆહલેહી વઅલા આહલેહા ફકાલા અલી વમા કુનતા અવતરા અનતખરોજ ફી વજહીન ઇલ્લા વઅનામઅકા ફકાલા અમા તરદા અનતકુના મીન્ની બેમનઝલતે હારૂના મીન મુસા અલા અનહુ લાનબીયુન બાઅદી ". (રીયાઝુલઝીનાન પાનું ૧૨૦).

ખરેખર નબી સ. અ. જ્યારે તબુકની લડાઇ માટે નીકળ્યા ત્યારે હઝરત અલીને મદિના અને પોતાના ઘરના લોકોના ખલીફા નીમીને નીકળ્યા ત્યારે હઝરત અલીએ કહ્યું કે, " તમો આ પ્રમાણે એકલા કેમ જાઓ છો ને મને સાથે કેમ લેતા નથી "? ત્યારે નબીએ ફરમાવ્યું કે " શું તમો, મુસા નબીના પાસે જે પ્રમાણે હારૂનનો દરજ્જો હતો તેવો દરજ્જો તમારો મારા પાસે છે તેથી તમો ખુશ નથી થતા ? કારણ મારા પછી કોઇ નબી નથી.

આ ઉપરથી ચોખ્ખું દેખાય છે કે, નબીએ કરીમે હઝરત અલીને પોતાના બાદ ખલીફા નીમ્યા ને હ૦ અલીને મદિનામાં રાખીને પોતે લડાઈ માટે ગયા. હ૦ અલીને મદિનામાં રાખવાના ઘણા કારણો હતા. દીની નજરે તેમને ખલીફા બનાવ્યા ને રાજદારી નજરે શહેરના હાકમ તરીકે નિમ્યા જેથી પછવાડે મદિનામાં કાંઈ ફસાદ થાય નહિ.

અલીને ખુદા કહેવા એ શરીયતથી સરાસર ઉલટું બલકે શીર્ક છે. તેવા શીર્કના કરનાર પર ખુદાતઆલાની લઅનત છે, તો પછી કયો ઇસલામી અલીને ખુદા કહેશે ? કલામુલ્લાહ અને રસુલેકરીમના ફરમાન અનુસરીને ચાલનાર કોઇ પણ ઇસલામી અલીને ખુદા કહેજ નહિ.

આ સંબંધી એક તવારીખ ઘણી અગત્યની હોઇ નીચે આપેલ છે:—

એક વખત બાદશાહ ઔરંગઝેબ પોતાના બિમાર ઉસ્તાદને પરીગવા (જોવા) ગયા. બેર આશ્રીયત પુછી. બાદ અલી સંબંધી વાત નીકળી જે રીયાઝુલઝીનાનમાં આપવામાં આવેલ છે તે નીચે મુજબ છે.:–

" માતકુલો ફીઅબીબીકરીન વ અલીયીન ફકાલા અઅરફો અનહાઝલ એઅતેવારો ફલઅલ્લાએદ્દો ફીહે યોરલબવાર ફકાલલ મલેકો લાબુદ્દા મીનઝાલેકા ફકાલા ઇઝા અઅતા ફઇસ્ફે વસમાઅ ".

અર્થ:–બાદશાહ–તમો હઝરત અબાબકર અને અલીમાં શું કહો છો ?

ઉસ્તાદ–આ સવાલથી હું નાખુશ છું, તે વાતને જતી કરો.

બાદશાહ–ના, તમારે કહેવુંજ જોઇએ.

ઉસ્તાદ–આ વાતના ઉંડાણમાં ઉતરશો તો દુશ્મનાવટ વધશે.

બાદશાહ–ના, તમોને કહેવા વગર છુટકોજ નથી.

ઉસ્તાદ–આપતે આપના સવાલોનો જવાબ જોઇએ છીએ તો આપ આપના કાનનું બહેરાપણું દુર કરી સાંભળો.

કોઈ હઝરત અબાબકરને બુરા કહેતેં હે, ઓર કોઇ ભલા કહેતેં હે ઉન્કી ભલાઇમેં શક હે. ઓર હઝરત અલીકો કોઇ બંદએ ખુદા કહેતેં હે, ઓર કોઈ ખુદા કહેતેં હે. ઉન્કી ખુદાઇમેં શક હે.

આ જવાબ સાંભળી બાદશાહ ચુપ રહ્યા ને ચાલ્યા ગયા.

હજી ખુદ રસુલેકરીમ હઝરત અલી માટે ફરમાવે છે કે, " અલીયુન્ મીન્ની વઅના મીનહો ". અર્થ:–અલી મારામાંથી ને હું અલીમાંથી છું. આ વિષેનો એક બનાવ લખનવમાં બન્યો હતો, જેનું વર્ણન " તારીખે એહમદી " નામના કિતાબમાં આપેલું છે તે એ છે કે,:—

એક શીયાના હાથમાં એક કિતાબ આવ્યો, જેમાં અલીના નામ ઉપર " કરમલ્લાહો વજહહુ " નો શબ્દ લખેલ હતો, તેથી તે શીયાએ ઉપરનો "કરમલ્લાહો" શબ્દ છેકી તેની જગ્યાએ " સલવાતુલ્લાહે અલૈહે " લખ્યું. આ કિતાબમાં થએલા ફેરફારની બબર અમદાવાદના સુબા સાહેબને કરવામાં આવી, ત્યારે સુબા સાહેબે ઓલેમાઓને બોલાવ્યા ને તે કિતાબમાં કરાએલ ફેરફાર સંબંધી ખુલાસો પુછ્યો ત્યારે જવાબમાં તેઓએ કહ્યું કે આ રીતે જે માણસે હ૦ અલીને "સલવાતુલ્લાહે અલૈહે" જેટલો દરજો આપ્યો તેથી તે લખનાર ખુનને પાત્ર છે. ત્યાર બાદ આ કરાવ દિલ્હીના શાહ પર મોકલી આપ્યો. શાહે દિલ્હીના ઓલેમાઓને બોલાવ્યા ને તે કરાવ પર સઘળાઓનો મત પુછ્યો. દિલ્હીના ઓલેમાઓએ પણ અમદાવાદના કરાવને ટેકો આપ્યો. તે પછી આ બન્ને કરાવો લખનવ મોકલી આપવામાં આવ્યા ત્યાં આ કરાવ પર મત લેવા માટે તમામ ઓલેમાઓને બોલાવવામાં આવ્યા ને અમદાવાદ તથા દિલ્હીથી જે કરાવ થઇને આવેલ તે બતાવવામાં આવ્યા ને તે કરાવ પર સર્વેના મત પુછવામા આવ્યા. અહિ પણ બધા ઓલમાઓએ તે કરાવને ટેકો આપ્યો પરંતુ તે મોલવીઓમાંથી એક બુદ્ધિ બોલવી સાહેબે વાંધો લઇ તે કરાવ પર સહી કરવાની ના પાડી કહ્યું કે, ' આ લખનાર ખુનને પાત્ર થતો નથી પણ તેણે બરાબર લખ્યું છે માટે તે કરાવ પર હું સહી નહિ કરૂં ". જો હું તે કરાવ પર સહી કરૂં છું તો તે બેગુનાહ લખનારનું ખુન થાય છે, તેથી તે પોતાના સહી ન કરવાના વિચાર પર મક્કમ રહ્યો. બાદ તેના પર સખ્તાઈ કરવામાં આવી ત્યારે તેણે કહ્યું. " અલહક્કો મુરૂન " હક કડવો છે, માટે હું પનાહ માગું છું ને કહ્યું કે:—

ગો લાહમોકા લાહમી યે હદીસે નબવી હે,
યે સલ્લેઅલા નામે અલી યે અદબી હે.

(રીયાઝુલજીનાન સફે. ૧૪૮).

અર્થ:–જુઓ ! હ. અલી સ. અ. માટે રસુલુલ્લાહ સ. અ. ની હદિસ છે કે, એ અલી ! તમારો ગોસ્ત મારો ગોસ્ત છે, અને અલીનું નામ વગર સલવાતનું લખવું એ અદબી છે. આ દલિલથી સાબીત થાય છે કે હ૦ અલી રસુલુલ્લાહના એક અંગ છે ને તે દલિલથી મજકુર શેખ છુટી ગયા છે. (રીયાઝુલજીનાન પાનું ૧૪૮).

હવે રાફઝી વિગેરે અપશબ્દ એકબીજા તરફ વપરાય છે તે કહેવાની બિલકુલ શરીયતથી મનાઇ છે. ખુદાતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે, " વલાતનાબઝુ બીલ અકાબે બીઅસલઇસ્મુલ ફુસુકો બઅદલ ઇમાને વમનલમ યતુબ ફઉલાએકા હુમુઝ્ઝાલેમુન". (સુરતુલ હોજોરાત. આયત ૧૧).

અર્થ:– " તમો કોઇને બુરા શબ્દથી ન બોલાવો, અને *ઇમાન લાવ્યા પછી કોઇને કંઇ અપશબ્દથી બોલાવવો તે બહુ દુષ્ટ છે અને જે તોબા કરતા નથી તેઓ ઝુલમગાર છે." હજી હદિસમાં છે કે, " અલમુસલેમો અખુલ મુસલીમ " મુસલમાન મુસલમાનનો ભાઇ છે. આ સિવાય ઘણી જગ્યાએ ભાઇચારો, નમ્રતાઇ ને દયા બતાવવા માટે ખુદાતઆલાના ફરમાનો આવેલા છે, તો પછી કોઇ પણ એહલે ઇસ્લામ પછી તે ગમે તે મઝહબ કે એતેકાદ રાખતો હોય તેને કોઇ પણ સમજદાર કે સાહેબે ઇલ્મ કદી પણ અપશબ્દ કહેજ નહિ. ઇમાનના રાખનારાઓ ને નબીએ કરીમની શરીઅત પ્રમાણે ચાલનારાઓનો શુગલ ફક્ત ઇસ્લામનો ફેલાવો કરવાનો, એક બીજામાં મોહબ્બત વધારવાનો ને ખુદાતઆલાના ફરમાનો મુજબ નમાઝ, રોઝા, ઝકાત, હજ વિગેરે બરાબર અદા કરવાનો અને તે પર પોતે ચાલી બીજાને તે પર ચાલવા માટે શીખમણો આપવાનોજ હોય છે. બરા ઇસ્લામીઓ કદી કોઇને અપશબ્દ કહેતાજ નથી.

સિજદા સંબંધી તો કંઈ કહેવાપણું રહેતુંજ નથી કારણ " ખુદા સિવાય કોઇને સિજદો કરવો હરામ છે ". તો પછી કોઇ પણ માણસ પછી ભલે તે ગમે તે મરતબાનો હોય તેને સિજદો થાયજ કેમ ? કોઇ પણ સાહેબે ઇલ્મ કોઇ પણ ઇન્સાનને સિજદો કરેજ નહિ, ત્યારે બાલીસ શીવા કે મોમિન જે એહલેસૈતને માનનારા હોય, ખુદાનો હુકમ ને નબી સાહેબની શરીઅત પર ચાલનારા હોય તે, બશરને સિજદો કેમ કરે ? અને

* એવું કહેવામાં આવ્યું છે કે એક વખત અબુમાલીક–અનસારીએ અબ્દુલ્લાહ બીન ઓબૈને " હે ખ્રીસ્તી " એમ કહીને બોલાવ્યો, અને તેણે જવાબમાં તેને " હે યહુદી " એમ કહીને બોલાવ્યો તેથી આ આયાત વહી કરવામાં આવી. માટે એ ભાઈ ! તું કોઇને અપશબ્દથી બોલાવજે નહિ, નહિ તો તારી ગણત્રી ઝુલમગારોમાંથી થશે.

રસુલે ખુદા ખુદ પોતા વારતે " અબ્દુહુ વ રસુલોહુ " યાને મોહમ્મદ પોતે પોતાને ખુદાના બંદા ને રસુલ છે એમ કહેતા ને જે રસુલ પોતાની પરસ્તીશ માટે કોઇને ઉભા થવા ન દેતા હોય તો પછી અહલેસૈતની વલાયત રાખનારા ઇમામ અને તેના દાઈ કોઇ પણ બશરને સીજદો કરવા દે બરા કે ?

બબી બમામાથી રિવાયત છે કે, " અત બબી બમામા કાલા બરજ અલૈના રસુલુલ્લાહે સ. બ. મોતવકેકેઅન લલબસા કુમુના લહુ કાલા લાતકુમુ કમા તકુમુલ અબાજેબો બાબઝબમો બાબદોહા બબદન વ કાલા બન્નમા અના અબ્દુન આકેલુંત કમા યાબકોલુલ અબ્દો વ અજલેસો કમા યજલેસુલ અબ્દો ".

અર્થ:–અમામાએ કહ્યું કે, એક વખત અમારા પાસેથી રસુલુલ્લાહ સ. અ. એક ડાંગ લઈ નીકળ્યા તેવાજ અમો રસુલુલ્લાહ માટે ઉભા થઈ ગયા. ત્યારે આપે ફરમાવ્યું કે તમો સઘળા ઉભા ન થાઓ. જે પ્રમાણે અજમી લોકો એકબીજાને માન દેવા સારૂ ઉભા થાય છે. કારણ, " હું બંદો છું. જે પ્રમાણે બીજા બંદાઓ બાય છે તેજ પ્રમાણે હું પણ બાઉ છું, જે પ્રમાણે તેઓ બેસે છે તે પ્રમાણે હું પણ બેસું છું ".

નબી સ. અ. નો નમ્ર સ્વભાવ.

રિવાયતમાં છે કે,–કોઇ કામને અંગે એક વખત કોઇ સહાબાએ એક માણસને નબીની દરબારમાં રજુ કર્યો. મજકુર માણસ બહુજ ગભરાએલો જોવામાં આવતાં તેને ઉદ્દેશીને આપે કહ્યું. એ " ભાઇ ! તું શા માટે ગભરાય છે ? તારા જેમ મેં પણ એક માતાના પેટે જન્મ લીધો છે. તારા જેમ મારી મા પણ કુરેશીના કબિલામાંથી હતી અને જે બોરાક મારી મા બાતી અને હું બાઉ છું, તેજ બોરાક કદાચ તારી મા પણ બાતી હશે ને તું પણ બાતો હોબશ. તારા જેમ હું પણ ખુદાનો એક નાચીઝ બંદો છું, માટે બાવ એ ભાઇ ! ને મારી બાજુમાં બેસ.

એક વખત એવું બન્યું કે, મદિનાની મસજીદની સહેનમાં કેટલાક લોકો નબીની વાટ જોઈ બેસેલા હતા. થોડા વખત પછી બાજુના ઘરમાંથી નબી સાહેબ આ લોકોને મળવા આવ્યા. એટલે તાબઝીમના બાતર લોકો ઉભા થઇ ગયા. અબુદાઉદ અને ઇબ્ને માજાથી રિવાયત છે કે આ વખતે રસુલેકરીમે પોતાને મળવા આવનાર સાહેબોને ઉદ્દેશીને કહ્યું. " આવી રીતે ઉભા થવું એ બાલીસ અરબી રીત નથી ".

મક્કાની કતેહ પછી નમાઝ પડાવવા બાદ મસજીદથી બહાર આવતાં એક અરબે આપને ઉદ્દેશીને કહ્યું કે, " એ અમારા આકાના દિકરા અને અમારામાંથી સર્વોત્તમ એવા એક શબ્સના એ ફરઝંદ ". નબીએ તરતજ જવાબ આપ્યો, " ખુદા તને શયતાનથી પનાહ કરે અને બજુગતા શબ્દો બોલતાં બટકાવે. યાદ રાખ એ ભાઈ ! કે મારૂં નામ મોહમ્મદ છે. હું અબ્દુલ્લાહનો દિકરો છું, તે અબ્દુલ્લાહ કે જે ખુદાપાકના

એક અતિ અદના અને નાચીજ ગુલામ હતા. બચીતજ હું ખુદાનો નબી છું, પણ ખુદાનો નબી—એથી આગળ વધીને જરાએ વધુ માન અકરામથી તમે મને બોલાવો એમ હું નથી ચાહતો ". બીજા એક મોકા ઉપર એક શખ્સે આપને "સૃષ્ટિના એ સર્વોત્તમ" એ નામથી બોલાવ્યા. આપે તરતજ જવાબ આપ્યો; " એતો ફકત ઈબ્રાહીમજ હતા ".

અબ્દુલ્લાહ બીન સુબેરથી રિવાયત છે કે, એક વખતે બની અમીરની કોમ તરફથી એક વફદ (જમાત) આપની હુઝુરમાં હાજર થયું. નબીને જોતાંજ વફદમાંથી એક સાહેબે કહ્યું, " આ રહ્યા અમારા માલીક ". તુરતજ આ ભુલ સુધારતાં નબીએ કહ્યું, " તમારા માલીક તો ખુદા છે ". વફદે કહ્યું, " આખા અરબસ્તાનમાં આપથી ચડીને બીજી કોઇ મુકદ્દસ હસ્તી નથી ". બહુજ ધીમેથી રસુલે કરીમ (સ. અ.) એ જવાબ આપ્યો, " ભાઇઓ ! તમે એમ ધારો છો કે, આવા શબ્દો બોલીને તમે મારી ઇઝ્ઝત કરો છો, પા મારા તરફની તમારા પ્રેમની લાગણી બતાવો છો, પણ મને ભય છે કે તમારા જ જેવા એક સાધારણ માણસની આવી વાહ વાહ કરવા શૈતાન તમને પ્રેરે છે, માટે બીજી વખત આવું બોલો તે પહેલાં તમારા બોલને તોળજો અને તમારી લાગણીઓ ઉપર પુરતો વિચાર કરજો ".

એક મહાન પ્રજાના હાદી, બાદશાહ અને આગેવાનમાં નમ્રતાનો ગુણ કદીએ આટલી હદ સુધી પ્રદર્શિત થયો હોય એવું જણાયું નથી તે ગમે તેમ હોય, જીંદગીના સાધારણ દિવસોમાં અમુક વિચાર કે વલણને વળગી રહેવું એ પ્રમાણસર સહેલી વાત છે, પણ દરેક મહાપુરૂષના જીવનમાં જવલંત ફત્તેહ યા એવો બીજો કોઇ પ્રસંગ ઉભો થાય છે કે જ્યારે હંમેશની નમ્રતા જાળવી રાખવી બહુજ મુશ્કેલ થઈ પડે છે. રસુલે કરીમ (સ. અ) ના જીવનમાં મક્કાની ફત્તેહનો દિવસ આવો એક પ્રસંગ હતો. જે શહેરમાંથી એક અંધારી રાતે આપને ગુપચુપ ભાગી જવું પડયું હતું અને જે શહેરના લોકોએ વર્ણન ન થઈ શકે તેવી જાતના તમામ જુલમો સિતમ આપ ઉપર, આપના ખાનદાન ઉપર અને આપના અસહાબો ઉપર ગુજર્યા હતા તેજ શહેર, વિજેતા વાયુ બદલતાં, આજે સંપૂર્ણ રીતે મોહમ્મદ (સ. અ.) ના કબજામાં આવ્યું હતું અને દશ હજાર વિર્યવાન યોદ્ધાઓના મોખરે એક સફેદ ઘોડા ઉપર સવાર થઈ મોહમ્મદ બીન અબ્દુલ્લાહ (સ. અ.) આજે મક્કામાં પૂર્વ તરફના દરવાજાથી દાખલ થતા હતા. પણ મોહમ્મદીલ મુરતઝા (જેમને હિસામ પોતાની સીરતુન નબવીમાં લખે છે કે,) જ્યારે મક્કા ફત્તેહ કરી શહેરમાં દાખલ થયા ત્યારે આપે પોતાનું માથું એટલું બધું નીચે નમાવી રાખ્યું કે આપની પેશાની મુબારક લગભગ ઘોડાના જીનને લાગતી હતી.

આ જ યાદગાર દિવસે, આપના લશકરમાંના એક સિપાઈ, મખઝમાએ પોતાના દિકરા મસવારને કહ્યું કે, " તું મસજીદમાં જા અને મોહમ્મદ (સ અ.) કેટલાક રેશમી કપડાઓની વહેંચણી કરી રહ્યા છે તેમાંથી આપણા ભાગનું કપડું લઇ આવ ". મસવાર જ્યારે મસજીદમાં પહોંચ્યો ત્યારે વહેંચણીનું કામકાજ લગભગ પૂરૂં થઈ ચુકયું હતું અને દિવસના અનહદ થાક પછી મોહમ્મદ (સ. અ.) થોડીક આશાએશ લેવા પોતાના ઘરમાં જઇ ચુકયા હતા. મસવારને લાગ્યું કે આવા નજીવા કામ માટે મોહમ્મદ (સ. અ.) ને

આરામમાં ખલલ કરવો વ્યાજબી નથી. એટલે તે પાછો પોતાને ઘરે આવ્યો અને પોતાના પિતાને બનેલી હકીકત કહી સંભળાવી. મખઝમાએ કહ્યું, " નહિ, પાછો જા અને મોહમ્મદને નીદા કરી તેના ઘરમાંથી બહાર બોલાવ ". મસવાર પાછો ફર્યો અને પોતાના પિતાની આજ્ઞાનુસાર મોહમ્મદ (સ. અ.) ને મોટે અવાજે બહારથી બોલાવ્યા. આપ તુરતજ બહાર આવ્યા અને મખઝમાના ભાગના જે કપડાંઓ હતાં તે મસવારને આપી દીધાં.

એક વખત નબીએ કરીમ પોતાના દોસ્તો સાથે ચોક્કસ સફર ઉપર રવાના થયા. એક પડાવ ઉપર સહાબીઓએ એક નાની બકરીને હલાલ કરી ગોસ્ત પકાવવાની તૈયારી કરી. દરેક જણે પોતપોતાને લગતા કામની વહેંચણી કરી નાખી. નબીએ કહ્યું, " હું આગ સળગાવવા લાકડાં વીણી આપીશ ". સહાબીઓને લાગ્યું કે આવું કામ નબીને ફાળે જાય એ ઠીક નહિ અને તેઓએ કંઇક આનાકાની કરવી શરૂ કરી. ઝુરકાનીથી રિવાયત છે કે, રસુલુલ્લાહે જવાબ આપ્યો કે, " તમો લોક તમારા અને મારા વચ્ચે જે કાંઇ પણ ફેરફાર બતાવવા માગો છો તે મને બીલકુલ પસંદ નથી. કોઈ પણ જાતની " શખસીયત " પૂજાને હું અંતઃકરણપૂર્વક ધિક્કારૂં છું ".

અલગરઝ રસુલુલ્લાહ જેવા મહાન નબી પોતાના જાતની પરસ્તીશ કરાવવાની બીલકુલ મના કરાવે ત્યારે તેનાથી ઉતરતા દરજ્જના મોટાઓને સજદો કરવાનો કયાંથી હુકમ હોય ? તે ઉપર બતાવેલા દાખલાથી સાબીત છે. પણ તે ઝમાનામાં અજમી યાને ઈરાની લોકો તેમના મોટાઓને જે રીતે માન આપતા, નમતા ને તસલીમ કરતા અને જે પ્રમાણે મુગલાઇ શહેનશાહના વખતમાં થતું હતું તેજ પ્રમાણે કોઇ પણ માનવંતા સાહેબ ને ખુદાના ખાસ બંદા કે જેઓ ખુદાપરસ્તજ હોય છે તેમને નમીને માન આપવું તેમની બેઠકની જગ્યા પાસે નમીને મુસાફહત (હાથ ચુમવો) કરવું તે કંઈ સીજદો ન કહેવાય. સીજદો ફકત ખુદા માટેજ છે.

ઇદના સવાલ સંબંધી જુદા જુદા મત છે. ઇદનું કરવું આસમાન જોવાથી સાબીત થતું નથી. અમો ચંદ્રની ચાલના હિસાબ પ્રમાણે ઇદ કરીએ છીએ, પછી આગળ પાછળનો સવાલ રહેતો નથી. ચાંદ જોઇને ઇદ કરવામાં ફરક પડી જાય છે; એટલે એક ગામમાં વાદળાના સબબ કે બીજા કોઇ કારણસર ચાંદ ન દેખાય તો ત્યાં ઇદ થતી નથી, જ્યારે બીજે ગામ ચાંદ દેખાય જાય છે ત્યાં ઇદ થઈ જાય છે. દુકામાં ચાંદના નજરે જોઇ ઇદ કરવામાં હેરફેર થઈ જાય છે ને આવા બનાવો ઘણે ઠેકાણે બને છે. જ્યારે ચંદ્રની ચાલ પ્રમાણે વર્તવાથી તેવો ફરક આવતો નથી.

ઇદનો સવાલ ખુલ્લો છે; તે દરેક ઇસ્લામીને બંદબેસતો છે. પછી તે ગમે તે મઝહબ ધરાવતો હોય પણ તે પોતાના મુરશીદની ચાલે ચાલે, કે જે મુરશીદ હક તરફ બોલાવનાર હોય, કુરઆન અને હદિસ પ્રમાણે અમલનો કરનાર હોય. શરીયતના હુકમો પ્રમાણે કોઈ પણ વર્તનાર **નાજી** થઇ શકે છે. પરંતુ જો મુરશીદ ગુમરાહ હોય ને ખુદાના અમર પ્રમાણે વર્તનાર ન હોય તો તેવા મુરશીદની તાબેદારી કરી નાજી બની શકાતું નથી. દરેકને

પોતાના નેક અમલજ કામ આવે છે. ખુદા કુરઆને મજીદમાં ફરમાવે છે કે, " વ મંયયેાતે ઇલ્લાહા વ રસુલહુ વ યખ્શલ્લાહા વ યતકેહ ફઉલ્લએકા હુમુલ ફાએઝુન ". (સુરતુનનુર આયાત ૫૨).

અર્થઃ—અને જે ખુદાનેા અને તેના પેગમ્બરનેા હુકમ ઉઠાવે છે અને ખુદાનેા ડર રાખે છે અને તેના કેાપથી બીએ છે તેઓ જન્નતનું સુખ મેળવનાર છે. આ ઉપરથી સાબીત થાય છે કે કેાઇ પણ માણસ નેક અમલ કરી નાજી બની શકે છે.

રિવાયતમાં છે કે, કયામતના દિવસે સઘળાનેા હિસાબ થશે. હિસાબમાં જેઓ જહન્નમના લાયક હશે તેમને જહન્નમમાં મેાકલવામાં આવશે ને જેઓ જન્નતના લાયક હશે તેઓને જન્નતમાં મેાકલવામાં આવશે અને હિસાબ એટલે સુધી અદલ થશે કે અગર જોરદાર (માતેલા) જનવરે કમજોર (દુબળા) જનવરને દુઃખ દીધું હશે અથવા એક ચકલીને પણ વગર ફાયદે ઝબેહ કીધી હશે તેા પણ તેનેા હિસાબ આપવેા પડશે, હિસાબમાં કાફરેાને તેના કુફરનું, મુશરીકને તેના શીરકનું, મુનાફીકને તેના નીફાક (બેમેાયપણું) નું અને ઝાલીમને તેના ઝુલમેાનેા સવાલ પુછવામાં આવશે ત્યારે સઘળાએા ઇનકાર કરશે. જે ઝમાનામાં જેઓએ ઝુલમ કીધેા હશે તેઓ જુદું બેાલશે તેા તેઓને કુરઆને મજીદની સુર એ યાસીનની આયાત ૬૫ માં ફરમાવ્યા મુજબ " અલયૌમા નખ્તેમેા અલા અફ્વાહેહીમ વ તોકલ્લેમોના અયદીહીમ વતશહદો અરજ્લેહુમ બેમાકાનુ યકસેબુન ".

અર્થઃ—કયામતના દિવસે તેઓના મેાંહ પર મહેાર કરીશું ને તેઓના હાથને બેાલાવી પુછશું ને તેઓના પગેા શાક્ષી આપશે કે તેઓએ શું શું કામેા કર્યાં છે. તે વખતે ખુદા તેઓને સવાલ કરશે કે, " તમેાને કેાઇ હિદાયત દેનાર નહેાતા આવ્યા ? ત્યારે દરેક નબીયેાના ઇમામેા ને દાઇએા એકઠા થશે ને ખુદાતઆલા કહેશે કે, તમેા સઘળાએ એ લેાકેાથી શું જવાબ મેળવ્યેા ? " ત્યારે નુહ અ. સ. અરજ કરશે કે, એ ખુદા ! મેં મારી કામને ખુબ સમજાવી. પરંતુ તેઓએ મારૂ માન્યું નહિ ને મને ખુબ સતાવ્યેા. આ પ્રમાણે સઘળા હિદાયત દેનારાઓ કહેશે, પરંતુ જુદા લેાકેા તેનેા ઇનકાર કરશે. આખર સઘળા ખુદાને અરજ કરશે કે અમેાએ બદ કામ યાને શીરક, કુફ્ર, નીફાક અને ઝુલમ કીધું ને અમારી જાતથી ગુમરાહીના રસ્તે ચાલ્યા. હવે એ ખુદા ! તું અમને પાછા મેાકલ કે અમેા દુનિયામાં જઇ પાછા નેક અમલ કરીએ. ત્યારે તેઓને હુકમ થશે કે, બેર ! તમેાએ જે જે કામેા કર્યા ને અમારા નબીઓ અને વલીઓ ઉપર ઝુલમ કર્યા તેઓની તમેા મારી ચાહેા. તેઓને પકડીયાર છે. તેઓ તમારા દિલના મકસદ છે. પણ જેઓએ બુતપરસ્તી કીધી અને ઝુલમ ગુજર્યો છે તેઓના સાથ તમેા જાઓ. તેઓ ઝાંઝવાના પાણીના જેમ જન્નત તરફ દોડશે પણ તેઓનું કંઇ વળશે નહિ, તેઓ માટે જહન્નમજ છે. આવા મુશરીક, મુનાફીક ને ઝાલેમેા માટે કયાંથી નજાતી હેાય ? તેઓ કેાઇ રીતે છુટી શકે એમ નથી. તેઓના મેાટાઓ અને સરદારેા ખુદ જહન્નમમાં હશે, તેઓ તેની તાબેદારીના લેાકેાને બેાલાવશે. જ્યારે તેઓ તેમના સરદારેા પાસે નજાતની ઉમ્મેદમાં આવશે ત્યારે ઝાલીમ સરદારેા કહેશે કે હવે અમારા પર ભરેાસેા ન રાખેા. તમારા કીધેલા કામેાના ફળ

તમેા ચાખેા. તે વખતે ફરિશ્તાઓ દરેકને પેાતપેાતાના કીધેલા ઝુલમેાના બદલામાં જહન્નમમાં ઓંચી લઈ જશે. ખુદા અમને મેામિનીન મરદ અને બૈરેાને પનાહ આપજો.

રિવાયતમાં છે કે, સૈયદના કાસીમ ઝૈનુદ્દીનના વફાત પછી સૈયદના કુતબુદ્દીન દાઅવતે હાદિયાહની કુરસી પર મઝુત સાથે બિરાજમાન થયા. આ વખતે બાદશાહ શાહજહાંનના દિકરા આલમગીર લાહેારના બાદશાહ હતા, અને અમદાવાદમાં તેના તરફથી સુબા રહેતા હતા. તેના અમલદાર અબદુલકરીમે કેટલાક મુખાલેફુન મળ્યા ને કહ્યું કે, અહીં અમદાવાદમાં કેામે બવાહીરના પેશવા છે તે રાફઝી છે ને તેનું ખુત કિતાબની રૂએ હલાલ છે. અગર ઇસ્લામમાં તેની વજુદગી હશે તેા તેઓ ઇસ્લામ માટે ભયંકર છે. આ વાત સાંભળી મજકુર અમલદાર અબદુલકરી તેઓની સાથે શામીલ થયેા ને શાહ આલમગીરને કેામે બવાહીર માટે ઉલટું સમજાવ્યું. બાદશાહ આલમગીર તેઓની વાત સાંભળી તેના સાથે સંમત થયેા ને તરતજ સૈયદના કુતબુદ્દીનને બેાલાવવાનેા હુકમ કર્યો. આ પછી અબદુલકરી કેાટવાલ શાહબેગ પાસે ગયેા ને તેને બાદશાહે કરેલ હુકમ કહી સંભળાવ્યેા ને સૈયદના કુતબુદ્દીનને શાહની દરબારમાં હાજર કરવા માટેનું ફરમાન આપ્યું.

શાહબેગ શીયા મઝહબના હતા તેથી બાદશાહનેા આ હુકમ સાંભળી દિલગીર થયા ને કહ્યું ખુદા બેર કરે. બીજી સવારે શાહબેગ અબદુલકરી પાસે ગયા ત્યાં વળી બીજો હુકમ થયેા કે સૈ. કુતબુદ્દીનને જલદી બેાલાવેા. શાહબેગ આ બીજો હુકમ સાંભળી ઘણાજ દિલગીર થયા ને સૈયદના કુતબુદ્દીનના મકાન પાસે આવ્યા. આ વખતે સ. તાલેબુનને સબક પઢાવી રહ્યા હતા. બબર આપનારે આપને બબર આપી કે આપના ઘર તરફ કાલુપુરના દરવાજે થઇ શાહબેગ આવે છે. આ સાંભળી આપે " લા હૌવલા વલા કુવ્વતા ઇલ્લા બિલ્લા હિલ અલીઇલ અઝીમ " પઢયા. આપે સઘળા તાલેબુન તથા મશાએખુનને રઝા આપી દીધી. આપ એકલા પેાતાના મકાનમાં " તવક્કલતો અલલ્લાહ " ખુદા પર ભરેાસેા રાખી બેસી રહ્યા. એટલામાં શાહબેગ આવ્યા, આપ પર સલામ બેાલી મકાનમાં દાખલ થયા. આપ આ વખતે કુરઆને મજીદની તીલાવત કરતા હતા ને આપની આ પ્રમાણે દરરેાજ કલામુલ્લાહની તિલાવતની આદત હતી ને દરરેાજ એક ખતમ કરતા. આપે શાહબેગને સલામનેા જવાબ આપ્યેા, બાદ શાહબેગે આવી આપને કહ્યું શાહ આલમગીર આપને બેાલાવે છે માટે આપ જલદી અમારી સાથે ચાલેા. આ વખતે આપ બિલકુલ બઝર્ફ હતા ને આપને દાઅવતના કારેાબારની ફીકર ઘણીજ રહેતી. આપના શરીરમાં ઘણીજ કમતાકાત હતી. આપને શાહબેગ ઘરથી બહાર લાવ્યેા ત્યારે જેઓ આપના મુખલેફુન હતા તેઓએ શેખ કુતબુદ્દીનના કિતાબનેા બકાનેા પણ લઇ લેવાનેા ઇશારેા કર્યો. આથી શાહબેગ સૈયદના ઝકીયુદ્દીનના ઘર તરફ ગયા ને દાઅવતના કિતાબેાની છ ગાડીઓ ભરીને ઉપાડી ગયા. બાદ તેઓ શુજાઉદ્દીનના મેાહલ્લા સુધી પહેાંચ્યા ત્યાં સૈયદના કુતબુદ્દીને સૈયદના સુજાઉદ્દીનને બેાલાવ્યા, જેથી સૈ. સુજાઉદ્દીન એકદમ આવ્યા અને ફરમાવ્યું કે ભાઈ ! તમારા વગર મારૂ જવું મુશકીલ છે, માટે આપ મારા સાથે મારા આગળ ચાલેા. આપની નીગેહબાની વાસ્તે ૪૦૦ સવાર આપને ઘેરીને

ચાલતા હતા. આપ ચારે બાજુ મુખાલેફ્રુનથી ઘેરાએલ છે ને વચમાં ઇમામના નાયબ છે. દરેકનો ખ્યાલ દાઇના કતલની ઇન્તેઝારીનો છે. છેવટ શાહએગ સૈયદના કુતબુદ્દીનને પોતાના મકાન પર લઇ આવ્યો ને મકાનમાં રાખ્યા. બાદ શાહએગ અબ્દુલકવીના મકાન પર ગયા ને બધી વાતથી વાકેફ કર્યા. ત્યાર બાદ અબ્દુલકવીએ મોલવીઓ ને ઓલોમાઓને બોલાવ્યા ને સૈયદનાના મકાન પરથી લાવેલા કિતાબો તેઓને આપ્યા ને કહ્યું કે, "આ કિતાબોમાંથી જે જગ્યાએ રાફીઝ વિષેનું બયાન હોય ત્યાં નીશાની કરી લાવો ને બાદશાહ સલામતને બતાવો. આ હુકમથી સઘળા મોલવીઓએ કિતાબો તપાસવાનું કામ શરૂ કર્યું", પણ તેઓને તે કિતાબોમાં કંઇ સમજ પડી નહિ.

એમ કહેવાય છે કે, સૈયદના કુતબુદ્દીન સાહેબ તથા મોલાઈ સુન્નઉદ્દીન સાહેબે ઝોહોર તથા અશાંની નમાઝ શાહએગના મકાન પર અદા કરી છે ને તા. ૨૯ મીએ રાતે સઘળા મોમિનીતો જમે થયા ને આપ સૈ. તથા મોલાઇ સુન્નઉદ્દીન સાહેબ આવ્યા નહિ તેથી દરેક નાના મોટાઓ ઘણુજ ગભરાયા, ફીકર થવા લાગી, ખાવું પીવું મુકીને દરેક મોમિન આપના છુટકારા માટે રાહ જોતા બેઠા હતા ને ઉમેદમાં હતા કે મોલાના શાહને ત્યાંથી છુટી હમણાં આવશે ને આપણે બધા આપણા માલીકને મોલાનો ચેહરો મુબારક જોઇ ને પછી જમણ જમશું. આ વખતે સૈયદના કુતબુદ્દીન સાહેબની દિકરી અજબખ્રૂ સાહેબાને પણ પોતાના બાવાજીની ફીરાકીના સબબ સુગરા અલૈહીસ્સલામ જેમ ગશ (બેહોંસી) આવી ગયો હતો.

ત્યાર બાદ શાહએગના ઘર પાસે સઘળા મોમિનીન આપના છુટકારાની વાટ જોઇ આમ તેમ આંટા મારી રહેલ હતા, એટલામાં કોટવાલ આવ્યા ને કહ્યું કે, "શાહ આલમગીરનો હુકમ છે કે આજે આપ અહીંજ રહો ને આવતી કાલે આપનો અમર તપાસવા વાયદો આપ્યો છે".

આ હુકમ સાંભળી આપે આપના છુટકારાની આશા મુકી દીધી ને સઘળા મોમિનીનની આંખો આંસુથી ભરાઇ ગઇ, તેથી આપે સઘળા ભાઇઓને સબર કરવાની વસિયત કરી ને ઇમામ હુસેન અ. સ. ની મુસિબત સંભળાવીને કહ્યું કે, તમો સઘળા તમારા ઘર તરફ જાઓ, તમારા બાલબચ્ચાં જેઓ આખા દિવસના ભુખ્યા અને પ્યાસા તમારી વાટ જોતા હશે તેઓને સાથે લઇ જમો. આ પ્રમાણે સઘળા મોમિનુનને તસલ્લી આપી ને કહ્યું "**દુઆ કરો કે ખુદા અમને છોડાવે**" "અદ્દુઆઓ સેલાહોના" તમારી દુઆ અમારા વાસ્તે હથીઆર છે. તમો સઘળા "ખુદાથી ડરો" "ફમીતકવા-સલાહોના" તમારૂં ખુદાથી ડરવું અમારા માટે સુલેહ છે. ત્યાર બાદ સર્વે મોમિનો અને બહાર ગામોથી જેઓ આ દુઃખદાયક સમાચારો સાંભળી અમદાવાદ આવેલ હતા તેઓ દિલગીરી ભરેલી હાલતમાં આપ સૈયદનાના કહેવાથી વિદા થયા, પરંતુ તાજપુરના મોમિનીન જેઓ આપની નજદીક હતા તેઓ આપની પાસે આખી રાત રહ્યા ને તે મોમિનના બૈરાંઓ આખી રાત પોતાના દાઇ ને પોતાના મરદની ઇંતેજારીમાં જાગતાજ રહ્યાં ને આશામાં ને આશામાં હમણા દાઇ છુટશે, પોતાના બાવિદ આવશે વિગેરેથી સબર

કરીને આખી રાત તેજ ફીકરમાં ગુજારી, પરંતુ શાહ તરફથી ન સૈયદનાને છોડવામાં આવ્યા ન તેઓના બાવિદ ઘરે પાછા આવ્યા. ને ઇન્તેજારીમાં આખી રાત પસાર કરી, ફજરનો વખત થયો, સઘળા મોમિનીન શાહએગના મકાન પાસે જમે થયા ને શાહએગે શાહી દરબારમાં આવી શાહ આલમગીરને અરજ કરી કે, "કોમે બવાહી-રના શેખ વાસ્તે શું હુકમ છે ? શાહ ઔરંગઝેબ આ સાંભળી ચુપ થયા, કંઇ જવાબ ન આપ્યો. બીજી વખત અરજ કરી ત્યારે પણ કંઇ જવાબ ન આપ્યો. ત્રીજી વખત અરજ કરી ત્યારે શાહે જવાબ આપ્યો કે અમીર અબ્દુલકવીને શેખના અમરને સોંપ્યો છે માટે તમો અમીર પાસે જઇ હુકમ મેળવો ને તે જે કહે તે પ્રમાણે અમલ કરો. આથી કોટવાલ શાહએગ અમીર અબ્દુલકવી પાસે આવ્યો ત્યાર બાદ અમીર અબ્દુલ-કવીએ કહ્યું કે શેખને મોટા કેદખાને લઇ જાઓ. આ હુકમ લઇ શાહએગ પોતાના ઘર પાસે આવ્યો ને અમીર અબ્દુલકવીએ કરેલ હુકમ સૈયદનાને કહી સંભળાવ્યો. ત્યાર બાદ આપ સૈયદના તથા મોલાઇ શેખ સુન્નઉદ્દીનના પગમાં બેડી નાખી ને જમાદીઉલ અવ્વલની (1054) July 1644 તા. ૨૯ મીએ આપને શાહના મોટા કેદખાનામાં લઈ ગયા. આ મુસીબતથી દરેક મોમિનો અંદેશામાં ને વસવસામાં રહ્યા. કોઈ રસ્તો સુઝયો નહિ ને પોતાના મોલાને આ રીતે ગલામાં તોક ને પગમાં બેડીથી જકડેલા જોઈ મોમિનોના દિલોના ટુકડા થઇ જતા હતા ને આહનો નારો ભરતા દરબદર ફીરતા હતા. પણ ખુદા પર ભરોસો રાખી સબર કરીને પોતાના દિલોને તસલ્લી દેતા. કેટલાક મોમિનોએ આપને છોડાવવાની ઘણીજ કોશિષ કરી, પણ સંગ દિલના અમલદારો પાસે કંઈ ચાલ્યું નહિ. તે પછી અબ્દુલકવીએ સૈ. ઉપર સખ્તી ગુજારવી શરૂ કરી, તરેહ તરેહની ઇજા દેવા લાગ્યો. એમ કહેવાય છે કે, કરબલામાં ઇમામ હુસેન પર જે રીતે ઇબ્ને યઝીદે સિતમ કર્યો ને હજ્જાજ બીન યુસુફે જે રીતે ઝુલમ ગુજર્યો તેના કરતાં વધીને આ લોકોએ સૈ. કુતબુદ્દીન ઉપર ઝુલમ ગુજરવો શરૂ કર્યો હતો.

બાદ અબ્દુલકવીએ સૈયદનાના કતલ માટે ઘણા પ્રપંચો આદર્યા, તેમાં ખાસ કરીને સૈયદનાનાં કિતાબોમાં અલી અ. સ. લખેલું હતું તે તથા અલીને બણુ તુરાબ (માટીના બાવા) લખેલ હતું તે શાહ આલમગીરને બતાવી એવું ઠસાવી દીધું કે આ લોકો આદમ જે માટીના બનેલા છે તેના બાવા એટલે ખુદા માને છે ને ર. અ. ને બદલે અ. સ. લખે છે જેથી કતલના લાયક છે. સલલ્લાહો વિષેનો ખુલાસો ઉપર આપવામાં આવ્યો છે.

આપને કેદખાનામાં વીસ દિવસ થઇ ગયા ને મોમિનો સૈયદનાના દિદાર માટે આરઝુવંદ થયા હતા. સઘળા ગમના માર્યા આમ તેમ ફરતા હતા ને પરવરદિગાર પાસે પોતાના હાદી તથા દાઇ જલદી છુટે તેવી દોઆ કરતા હતા, એટલામાં એકવીસમે દિવસે અબ્દુલકવીએ હુકમ કર્યો કે શેખ કુતબુદ્દીનને શાહની દરબારમાં હાજર કરો ને તેને કહો કે તે પોતે તેના મઝહબ તથા એતેકાદની સાફ સાફ વાત અમારી પાસે રજુ કરે.

આ હુકમથી સૈ. કુતબુદ્દીન શાહ આલમગીરના દરબારમાં આવ્યા, આપતા હાથ પગમાં તોક તથા સાંકળોના ઓજા સહીત, (જે પ્રમાણે મોલાના અલી ઝૈનુલ આબેદીનના હાથ પગમાં બેડી, તોક તથા સાંકળો નાખી બક્ષીદીઓ શામ તરફ લઇ ગયા હતા). બાદશાહની દરબારમાં લાવ્યા, બાદશાહના હુકમથી આપની સામે અબદુલકવી ઉભો રહ્યો ને શાહના હુકમથી તેણે સૈયદનાને સવાલ પુછ્યો. કે એ શેખ ! સાચેસાચું કહો કે તમારૂં દીન શું છે ? અગર સહી વાત કહી દેશો તો તમોને શાહ છોડી દેશે ને તમારા કતલના ઇરાદાથી બાઝ આવશે (મુક્તિ મળશે). આ સાંભળી આપે જવાબ આપ્યો કે:—

" અમારૂં દીન (મઝહબ) રસુલુલ્લાહ સ. અ. નું મઝહબ છે ને લાઇલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદ રસુલુલ્લાહના કલેમાતુતતૈયેબાહ પર અમોને યકીન છે. અમો પાંચ વખત નમાઝ ખુદાવાસ્તે પઢીએ છીએ, શહેરે રમઝાનના ૩૦ ત્રીસ રોઝા શરીઅત મુજબ કરીએ છીએ, ઝકાત કુરઆને મજીદના હુકમ મુજબ આપીએ છીએ, બૈતુલ્લાહીલહરામ કે જે મક્કએ મોઅઝઝમામાં છે ત્યાં હજ વાસ્તે જઇએ છીએ, કુરઆનેમજીદ કે જે રસુલેકરીમ પર ખુદાએ ઉતારેલ છે તેને રોઝ પઢીએ છીએ.

આ સાંભળી અબદુલકવી ગુસ્સામાં ગરમ થઇ ગયો ને કહેવા લાગ્યો કે, " તમો ખુટ્ટા ઝઇફ બની જુઠું બોલો છો ? તમો બરાબર રાફીઝ છો. તમો રાફીઝ બાબતની બીલકુલ વાત કરતા નથી, તેમ તેનો ભેદ બોલતા નથી, માટે તમારૂં ખુન હલાલ છે. હવે તમારૂં જીવવું મુશકેલ છે. આ સાભળી આપે તેં ગેરહાજરી અબદુલકવી તરફ જોયું ત્યારે આપને લાગ્યું કે આ અબદુલકવી મારા ખુન વાસ્તે તૈયાર થયો છે તેથી તેને સંબોધીને કહ્યું. એ અમીર ! રસુલુલ્લાહની હદિસથી સાબીત છે કે, મુસ્લીમ ઉપર મુસ્લીમનું ખુન કરવું હરામ છે. ત્યારે અબદુલકવીએ કહ્યું. એ શેખ ! તમો સાચું કહો નહિ તો શાહ તમોને કતલ કરશે. સૈયદનાએ કહ્યું. " શાહનો હુકમ રૈયત ઉપર હોય છે. તે ચાહે તેમ કરી શકે છે. શાહના હુકમનો કોઇ અનાદર કરી શકતું નથી વિગેરે. આપની આ દલીલથી અબદુલકવીએ જોયું કે શેખ જે કલામ કહે છે તેથી બાદશાહ જરૂર તેને છોડી મુકશે તેથી તરતજ તે બોલી ઉઠ્યો. એ શેખ ! અમારા બધા બોલોમાઓ એકમત થયા છે ને તેઓનો મત છે કે, " તમો રાફઝી છો. તમારૂં ખુન વાજીબ છે. તમારા સબબથી લોકોમાં ફસાદ વધે છે વિગેરે. તમારા કતલથી અમોને કોઇ રોકનાર નથી. આ સાંભળી આપે ફરમાવ્યું એ અબદુલકવી ! તમો શું ખ્યાલમાં છો ? ને શું ગુમાનમાં છો ? જો તમારી તલવાર અમારા ઉપર ચલાવશો તો તે તલવારના ઘા ઝીલવા અમો તૈયાર છીએ ને તે મારથી જો બચી પણ ગયા તો મોતના તીર તો લાગવાનાજ છે; મરવું હક છે. તમો બરાબ સમજો કે, ભલા કોઇ પણ ઝમાનામાં કોઇ પણ આદમી મોતના પંજામાંથી બચી શકયો છે ? હવે જો કોઇ દુશમન અમારા સંતોષી જાન પર જુલમ કરી પોતાના જાન તૃપ્ત કરશે તો શું થયું ? અમારો જાન તો ખુદાને મળવાને આશક છે ને તે જાન આ શરીરમાંથી નીકળી પોતાના માબુદ ખુદાતઆલાને જઇ મળશે. પણ તમો તકી જાણજો કે, કોઈ પણ બેગુનાહ ખુદાના બંદા પર જુલમ કરવાથી ખુદા રાજી નથી.

રિવાયતમાં છે કે ઉપરની તકરીર સાંભળી શાહ ઔરંગજેબ તથા અમીર અબદુલકવી સ્થંભ થઇ ગયા ને સર્વે દરબારીઓ જેઓ તે વખતે દરબારમાં હાજર હતા તેઓના ચહેરા ફીક્કા પડી ગયા ને શરમીંદા થયા અને અબદુલકવી પણ ચુપ રહ્યો. છેવટે અબદુલકવીએ લાગ જોઇ કહ્યું કે, આજે તો આ શેખને જ્યાં હતા ત્યાં લઇ જાઓ ને જ્યારે શાહ આલમગીર બોલાવે ત્યારે દરબારમાં હાજર કરજો. આ બાદશાહી હુકમ લોકોએ સાંભળ્યો, જે મોમિનો તે વખતે ત્યાં હાજર હતા. તેમના દિલો પર બાદશાહના આ હુકમથી ઘણો રંજ થયો ને તેઓને બાલી પાછું જવું પડ્યું તે કયામત સમાન થયું. આ દેખાવ જોઇને મુખાલેફનો હસ્યા ને તરેહ તરેહની વાતો કરવા લાગી ગયા.

શાહી દરબારમાં જ્યારથી અબદુલકવીએ સૈયદનાની ઉપરની દલીલ સાંભળી હતી ત્યારથી તેનું ચીત ઠેકાણે નહોતું ને તે આખી રાત તેણે હારીસની માફક બેચેનીમાં ગુજારી. સવારમાં નવો પોઇન્ટ અજમાવવાનો વિચાર કર્યો ને એક બનાવટી જજમેન્ટ તૈયાર કર્યું, તેમાં લખ્યું કે, " શેખ કુતુબ રાફીઝ પણાનો ઇકરાર કરે છે તેથી તેનું ખુન હલાલ છે, ને એમ સાબીત થયું છે કે તે ખુદમાં શીર્ક કરનારા છે ". આ પ્રમાણે જજમેન્ટ તૈયાર કરી તે ઉપર અમીરો તેમજ મોટા રહીસોની સહીઓ લેવાનું શરૂ કર્યું. બાદ કેટલાકોએ બીકને લીધે તે બનાવટી માહજરા (જજમેન્ટ) ઉપર સહીઓ કરી આપી, તે પછી તેઓ શહેર કાઝી પાસે ગયા ને તે જજમેન્ટ ઉપર તેમને સહી કરવાનું કહ્યું, ત્યારે શહેર કાઝી સાહેબે તે પર સહી કરવાની ચોખ્ખી ના પાડી કહ્યું કે, " જ્યાં સુધી મારી ઇમરૂ સાબીત ન થાય ને હું તે મારા કાનથી ન સાંભળું ત્યાં સુધી હું તે જજમેન્ટ ઉપર સહી કરવાની ચોખ્ખી ના પાડું છું ". આથી અબદુલકવી વખત વિચારી ચાલી ગયા ને વિચાર્યું કે આ જજમેન્ટ ઉપર જો શહેર કાઝીની સહી નહિ લેવાય તો આ જજમેન્ટ બોટું થશે ને મારી બધી મહેનત ફોકટમાં જશે, તેથી શહેર કાઝીની ઇમરૂ શાક્ષી પુરાવા રજુ કરવા માટે નવો હિલો શરૂ કર્યો ને તેના કેટલાક મળતીઆઓની મદદથી સૈયદના કુતબુદ્દીનના કુટુંબમાંથી એક નાના બચ્ચાને ફોસલાવી મંગાવ્યો ને તેને કહેવામાં આવ્યું કે શાહ આલમગીરની દરબારના કાઝી પાસે હું તમોને જે કંઇ શીખવું તે પ્રમાણે કહેજો. અને મેં તમને જે શીખવ્યું છે તે બધું તમો શાહની હાજરીમાં કાઝી પાસે ઇકરાર કરશો ને કોઈ પણ જાતની બીક વગર શાહ પાસે ઝબાની આપશો તો શાહ તમારાથી ખુશ થશે ને તમારા શેખ કુતબુદ્દીનને છોડી મુકશે ને તમારા જે દુશમનો છે તેને સજા કરશે. આ રીતે તે છોકરાને ઉલટું સમજાવ્યું એટલે તે છોકરો તે અમીરના ફરેબ સમજી શકયો નહિ ને તેની વાતથી તે ફસાયો ને શાહના ઇમરૂ તેણે અમીરે શીખવેલી ઝબાની પ્રમાણે કહેવા તૈયાર થયો.

આ પછી તે છોકરાને શાહી દરબારમાં શહેર કાઝીના ઇમરૂ લાવવામાં આવ્યો ને તેને બધાના ઇમરૂ નીચે મુજબ સવાલો પુછવામાં આવ્યા.

૧. તમારા શેખ રાફઝી છે કે નહિ ?

૨. તમો ખુદાના બદલ અલીને ખુદા કહેવામાં રાજી છો કે નહિ ?

૩. રસુલુલ્લાહના બરાબર અલીને માનો છો કે નહિ ?

૪. અલીકાએ રાશેદુનને તમો મુખાલીફ સમજો છો કે નહિ ?

૫. દરેક મુસલમાનોને તમો ખારજી માનો છો કે નહિ ?

૬. તમો શેખ કુતબુદ્દીનને, ખુદાને જેમ સજદો થાય છે તેમ સજદો કરો છો કે નહિ ?

૭ તમારા શેખને રૂપિયાઓનો હદિઓ કરી તેમાં હજ જેટલું સવાબ થાય છે એવું તમો માનો છો કે નહિ ?

૮. સઘળા મુસલમાનો કરતાં તમો ઇદ આગળ કરો છો કે નહિ ?

૯. જેઓ અલીને રસુલુલ્લાહ જેવા ન માને તેને તમો કતલ કરી ગાઝી સમજો છો કે નહિ ?

૧૦. તમો શેખ કુતુબને માનનારને નાજી ને તેને ન માનનારને હલાક થનાર સમજો છો કે નહિ ? (આ તોહમતોના ખુલાસાઓ આગળ આપવામાં આવેલ છે).

ઉપર પ્રમાણેના સવાલો સૈયદનાના કુટુંબનો એક નાનો છોકરો કે જેને અમીર અબ્દુલકવીએ શેખને છોડાવવાની લાલચ આપી દરબારમાં શાક્ષી તરીકે લાવવામાં આવેલ હતો તેને પુછવામા આવ્યા. આ બધા સવાલોના જવાબ તે અજ્ઞાન, બેસમજ છોકરાએ તે અમીરની શીખવણી અને લાલચના સબબ **હકારમાં** આપ્યા ને **"હા"** કહ્યું.

આ પ્રમાણે શાહી દરબારમાં કાઝીના રૂબરૂ તે કમસમજ છોકરાની શીખવેલ ઝબાનીથી અબ્દુલકવીએ બાદશાહના રૂબરૂ કાઝી સાહેબને પુછ્યું કે, સાહેબ ! તમોએ આ છોકરાની ઝબાની સાંભળીને ? આ તુત ઉભું કરેલું જોઈ કાઝી સાહેબ બરાબર સમજી ગયા ને મનમાં કહ્યું કે, આ નાદાન છોકરાને શીખવવામાં આવેલ છે તેજ પ્રમાણે તે બોલી ગએલ છે. પરંતુ શાહની બીક ને જાન જવાના ખોફથી જજમેન્ટ પર સહી કરી આપી જમાદીલ આખર તા. ૨૭ મીના રાતે સહીઓ થઇ ને આપ સૈયદનાને કતલ કરવાનો હુકમ બહાર પડયો.

બાદ સઘળા દરબારીઓ પોતપોતાને મકાને ગયા, પરંતુ જેઓ શીયા હતા ને ઇનસાફપસંદ હતા તેઓ આખી રાત બેચેન રહ્યા ને આ રીતે બેગુનાહ પર થયેલ ખુનના હુકમથી ઘણોજ પસ્તાવો કરતા હતા. ત્યાર બાદ આપને કેદખાનામાં લઈ ગયા. કેદખાનામાં સૈયદના તથા આપના સાથીઓ નીરીલલૈલ પડી ખુદાને યાદ કરી રહ્યા હતા એટલામાં સૈયદનાને જરા નીંદનો ઝોકો આવ્યો ને આપને નીંદમાં સ્વપ્નું આવ્યું. બાદ આપ નીંદથી હુશીયાર થયા ત્યારે આપે સૈ. સુજાઉદ્દીનને ફરમાવ્યું કે, "એ ભાઈ ! હમણાં મને જરા નીંદ આવી હતી તેમાં મેં એક ખ્વાબ જોયું, તેમાં રસુલુલ્લાહ સ. અ. મને બોલાવે છે ને દિલાસો આપે છે". આથી સૈ. સુજાઉદ્દીને ફરમાવ્યું કે, સાહેબ ! આ સ્વપ્નાની શું માએના છે ? આપે ફરમાવ્યું કે એ બિરાદર ! હવે યકીન જાણજો કે "સવારે મારી શહાદત છે". મારા પછી તમો દાઅવતે હાદીયાહના સરદાર છો. સૈયદના સુજાઉદ્દીન આ શહાદતનું સાંભળી ઘણા આઝુરદાહ થયા ને અરજ કરી કે આપ આ શું ફરમાવો છો ? ભલા ! આપનો શું કસુર છે ? આપે એવો કયા ગુનોહ કીધો છે કે બાદશાહ આપને કતલ કરશે ? હજી આપે ફરમાવ્યું કે એ મારા આકા ! આપને હજી દરબારમાં બોલાવશે ને અબ્દુલકવી સાથે આપની તકરીર (દલીલ) થશે તે શાહ સાંભળશે. તે બાદ આપના ઉપર કોઇ જાતનું તહોમત ઘડી કાઢશે. તે સિવાય કતલ નજ કરી શકે. આમ હોવા છતાં પણ આપ આપની છુટવાની નાઉમેદી ફરમાવો છો ? ત્યારે સૈયદના કુતબુદ્દીને કહ્યું, હા . જરૂર. આજ રાત્રે જરૂર મારી શહાદત છે. કારણ, રસુલુલ્લાહ ને અલી અ. સ. ફરમાવી ગયા છે કે, એ અલી ! હઝાર વરસ પછી હીંદની ઝમીનમાં તૈમુરી તલવારથી તમારા દાઇની શહાદત છે, તેથી મુરાદ મારી છે ને ઇમામ હુસેન સૈયદુશોહદાની શહાદત પછી આ મારી શહાદત છે.

રિવાયતમાં છે કે, જ્યારે આપની શહાદતનો દિવસ હતો તે દિવસે સુરજ ઝાંખો પડી ગયો હતો, ચારેબાજુએ ઉદાસીનતા નજર આવતી હતી. તે દિવસે એટલે તા. ૨૭ મી જમાદિલ આખરની સવારે અબ્દુલકવીએ કોટવાલ શાહબેગને બોલાવ્યા ને ખુદાના વલી સૈયદના કુતબુદ્દીનને કતલ કરવાનો હુકમ સંભળાવ્યો. કોટવાલ શાહબેગ એકાએક આ કતલનો હુકમ સાંભળી બેબાક બની ગયો, ધ્રુજવા લાગ્યો ને કેટલોક વખત સુધી ગુમસુમ થઇ બેહોંશ જેવી સ્થિતિમાં બેસી રહ્યો. તેથી ફરીથી અબ્દુલકવીએ તેને બાદશાહનો હુકમ સંભળાવ્યો કે, "સૈયદના કુતબુદ્દીનને કતલ કરવાનો હુકમ છે". આ રીતે બીજી વખત શાહી હુકમ સંભળાવ્યો છતાં શાહબેગે તે હુકમનો અમલ કર્યો નહિ, તેથી અબ્દુલકવી ઘણોજ ગુસ્સે થયો ને શાહબેગને ત્રીજી વખત મજકુર હુકમ સંભળાવ્યો. ત્યાર બાદ કોટવાલ શાહબેગ મોટા કેદખાને આવ્યા ને ધીમા અવાજે શેખને પુકાર્યા. આ અવાજ આપની સાથે શેખ મોહમ્મદભાઇ જે કેદખાનામાં હતા તેમણે સાંભળ્યો તેથી તે ઉઠયા. આ ઉપરથી સૈયદના કુતબુદ્દીને શેખ મોહમ્મદભાઇને ફરમાવ્યું કે એ શેખ મોહમ્મદ ! તે આપને નથી બોલાવતા પણ મને બોલાવે છે. હું આખી રાત તેજ ઇન્તેઝારીમાં મસલ્લા પર બેઠો છું. ત્યારે શેખ મોહમ્મદભાઇએ અરજ કરી કે, સાહેબ ! આપ કરતાં હું ઉમરમાં મોટો છું. હું શેખ (બુઢો) છું, છતાં શેખની નીંદ આવી છે. આ રીતે ગુફતગો બાદ સૈ. કુતબુદ્દીને શેખ મોહમ્મદભાઇ તથા નજમખાન ઇબને ચાંદજી જે કેદખાનામાં સાથે હતા તેઓને શાહેદ રાખી સૈયદના સુજાઉદ્દીન પર નરસેજલી કીધી ને આપે પોતાના અમામા (પાઘડી) સૈયદના સુજાઉદ્દીનના માથા પર પોતાના હાથે મુકી ને દાઅવતે હાદીયાહની ખિદમત તથા ખુદાની તકવાની વસિયત કરી ને સર્વેને રૂખ્ત આપી.

આ પછી શાહબેગ કોટવાલના આવાજથી આપ બહાર પધાર્યા ને તેની સાથે થયા. કારંજ નામની જગ્યા કે જ્યાં જલ્લાદોને કતલ વાસ્તે તૈયાર રાખવામાં આવેલ હતા ત્યાં લઇ ગયા ને જલ્લાદને આપના કતલનો હુકમ આપી દીધો. અહિં આપે બે રકાત નમાઝ પડી લેવા માટે ઇજાઝત માગી. નમાઝ પડી લેવા માટે રજા આપવામાં આવી. બાદ

આપ બે રકાત નમાઝ પઢી ફારેગ થયા તે સામે ઉભેલાઓ તરફ જોઇ આપે શહાદતનો કલેમો **અશહદો અન લાઇલાહા ઈલ્લલ્લાહ મોહમ્મદન રસુલુલ્લાહ.** મોટા અવાજથી પુકાર્યો, અને ખુદાની જનાબમાં સજદો કઈ " વજહતો વજહેયા " પઢી માથા મુબારકને ઉચું કીધું ને ખુદાના નઝદીક દુઆ કરવા લાગ્યા. આપે સવારથી તે ઝવાલના વખત સુધી આ રીતે દોઆ કીધી. તે બાદ ઝવાલ વખતે જલ્લાદે તલવારથી આપ સૈયદનાના સર મુબારકને ધડથી જુદું કીધું. **ઇન્ના લીલ્લાહે વ ઇન્ના ઇલૈહે રાજેઉન ".** અમો ખુદાના છીએ ને તેજ ખુદા તરફ જવાના છીએ. આ શહાદતથી કેટલાક મુખાલેફુન ખુશી થયા જ્યારે મોમિનીન અને હક પસંદ તેમજ રાહેરાસ્તને સમજનારાઓના દિલો પર ઘણોજ મલાલ થયો, કારણકે ખુદાના બંદાઓ ને ખુદાના વલીઓના દિલો કચવાયા ને તે દિવસ જનાબ સૈયદુશ્શોહદા ને એહલેબૈતની શહાદતના દિવસ જેવો દેખાવા લાગ્યો. કોઇ પણ મોમિનીનને ચેન નહોતું, સઘળાના દિલોમાં મલાલ હતો, તેમજ મુખાલેફુનની અદાવત ને ઝુલમના સબબ કોઇ પણ મોમિન કંઇ બોલી શકતો નહોતો.

જલ્લાદે આપને શહીદ કીધા તે પછી મુખાલેફુન ને અદાવતના કરનારાઓએ આપની લાશની તરેહ તરેહની બેહુરમતી કરતા હતા. આ જોઇ મોમિનના દિલો પર મલાલ ગુજરતો ને સૈયદનાની લાશ મુબારકને લેવા માટે જો કોઈ તજવીજ કરતું તો તેને મારી કાઢી મુકવામાં આવતા ને કહેતા કે તમોને લાશ સોંપવાનો હુકમ નથી. લાશ પર ચોકી પહેરો રાખવામાં આવ્યો. લાશ મુબારક તેજ જગ્યા પર ગરમ રેતી પર પડેલી હતી ને હાકીમનો ચોકી પહેરો હતો.

છેવટ હાકિમનો ઇશાની નમાઝ બાદ લાશને બાનપુરા બહાર નદી કિનારે દફન કરી દેવાનો હુકમ થયો પણ રાત્રે નીસ્ફીલ્લૈલના વખતે લાશને દફનાવી. તે પછી તે કબર પર પહેરો મુકવામાં આવ્યો. કે લાશને કોઇ કાઢી ન જાય ને તે કબર પર કોઇ પણ માણસ પુલ ન ચડાવે તેવો હુકમ કર્યો. પરંતુ ખુદાએ પોતાના બંદાની લાશને અમાન આપ્યું ને પોતાની કરામત જાહેર કરી.

પહેલી કરામતઃ—

આપને દફન કરે તે પહેલાં એવો વરસાદ વરસ્યો કે જેથી આપને કુદરતી રીતે ગુસલ દેવાયું આથી જલ્લાદોને હૈરત થઇ અને નદીમાં પાણી જારી થયું.

બીજી કરામતઃ—

લાશને દફન કરવા પહેલાં–જો કે તે વખતે ગરમીના દિવસો હતા છતાં જે પ્રમાણે નબીએકરીમ પર વાદળે છાંયો કીધો તેજ પ્રમાણે આપની લાશ પર ઝવાલના વખતથી

મગરીબ સુધી વાદળોનો છાંયો રહ્યો, જેથી લોકોને આપના વલીપણાની સાખીતી થઈ. જે આપની બીજી કરામત છે.

ત્રીજી કરામતઃ—

આપને શહીદ કીધા પછી હાકીમે મુમેનુનને ખબર ન પડે તેવી રીતે તે રાત્રે નીસ્ફુલ્લૈલના વખતે લાશને દફનાવવા નદીના કાંઠે હુકમ કીધો અને લાશને કોઈ બોદી લઇ ન જાય તે માટે પેહરા મુકયા. પણ ખુદાના વલીનો ઝહુરો જાહેર થયો, ને તે રાત્રે મલાએકત કબર પર પુલો ચઢાવી ગયા અને આખી રાત ફરીશ્તાઓએ ઝીયારત કીધી. જ્યારે ફજર થઇ ત્યારે મુખાલેફુનોએ કબર પર પુલોનો ઢગલો જોયો ને અચંબો પામ્યા. જે આપની શહાદત બાદ ત્રીજી કરામત છે.

ત્રણ દિવસ સુધી શાહી પહેરો તે કબર પર રાખવામાં આવ્યો. ચોથે દિવસે મોહમ્મદ બીન અમીજી રાધનપુરવાળા કે જે સાહેબ દાઈની શહાદતથી ઘણોજ અફસોસ કરતા હતા ને દાઇમાં તેની ઘણીજ મોહબ્બત હતી તે સાહેબ પોતાના દિલને સંબોધી ફરમાવવા લાગ્યા કે " એ દિલ ! તેં ગૌલાની કઇ પણ ખિદમત ન કીધી ને આ મુખાલીફ લોકો મૌલાને દફન પણ કરવા દેતા નથી ". એમ કહી ખુબ રોતા હતા, ને તેજ હાલતમાં તે સાહેબ બેહોંશ થઈ ગયા તે વખતે આપને બશારત થઇ (જે પ્રમાણે ઈમામ હુસેન અ. સ. ની લાશ મુબારકને દફનાવવા બની અસદને બશારત થઇ હતી). કે "એ મોહમદજી ! તમો જલદી કરો ને તમારા વલીને યારી આપો. આજ રાત્રે અમારી લારાને અહિંથી બીબીપુરાની દરગાહ તરફ લઈ જાઓ ". આ બશારત બાદ મોહમ્મદજી હુશિયાર થયા ને પોતાના સાથીદારોને લઇ નદી તરફ ગયા રાતનો વખત હતો, મોહમ્મદજી પોતાના સાથીદારોને લઇ કબર નઝદીક ગયા. આપે ત્યાં બે અરબને લીલા કપડામાં સજ થયેલા જોયા જેથી મોહમ્મદજી ને તેના સાથવાળા ડરી ગયા કે રખેને આ હાકીમ તરફના કબરના ચોકીવાળાઓ હશે એમ ધારી તેઓ ડર્યા ને ત્યાંથી પાછા જવાનો વિચાર કરવા લાગ્યા એટલામાં તે બે અરબમાંના એકે અવાજ કર્યો કે એ ભાઇ ! તમો અહિં આવો, અમો તમારા ભાઇઓ છીએ, ભાગો નહિ. અમો આ કબરના સાહેબના રખેવાળ છીએ. આ અવાજ સાંભળી મજકુર મોહમ્મદજીને તસલ્લી થઇ ને તે બન્ને સાહેબો કબર મુબારક પાસે ગયા. ત્યાર બાદ ચારે સાહેબોએ મળી કબરની માટીને આસ્તેથી બહાર કાઢી લાશ મુબારકને જોઈ. ત્રણ દિવસના બાદ પણ જે હાલતમાં હાકીમે દફન કરી હતી તેજ હાલતમાં લાશ મુબારક નજર આવી. ત્યાર બાદ મોહમ્મદજીએ વિચાર કર્યો કે પોતાના આકાને કબરમાંથી બહાર લાવે, પરંતુ બે સવારોમાંથી એક સવાર આગળ થયા ને લાશ મુબારકને કબરમાંથી " બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહિમ. અશહદો અન લા ઇલાહા ઇલ્લલ્લાહ વ અન્ના મોહમ્મદન રસુલુલ્લાહ વ અન્ના અલીય્યન વલીયુલ્લાહ વ અન્ના અમિરલ મુઅમિનીના ખલીફતુલ્લાહ વ અન્નલહૈય્યા મનકોતેલા ફી સબીલિલ્લાહ વલા હવલા વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહ " પઢતા લાશ મુબારકને બીજા સવારના હાથમાં અદબથી આપી.

બીજી સવારે તે લાશ મુબારકને માન સહિત " મરહબા બેકા યાકતીલઝઝાલે-મીના મરહબા બેકા યા વલીય્યા રબ્બીલ આલમીન સલામુલ્લાહે અલૈકા રહત વ જરમન સલામુ-લ્લાહે અલૈકા યા ઐરદ દોઆતીલ હાહિના હલ્મન વહીલમન". કહેતા લાશ મુબારકને હાથમાં લીધા ને મોહમ્મદજીને હુકમ કીધો કે "અહિ જેવી કબર હતી તેવી કબર કરી દીઓ". તે બાદ ત્યાંથી મોહમ્મદજીએ સૈયદનાની લાશ મુબારકને પોતાની બાંધ પર લીધી ને ત્યાંથી રવાના થયા. ત્યારે મોહમ્મદજીને પોતાના આગળ બીજા બે સવાર નજર આવ્યા, જેથી મોહમ્મદજીને બીક લાગી પણ પહેલા બે સવારોમાંના એકે મોહમ્મદજીને કહ્યું કે ભાઈ ! તમો ડરો નહિ આ બે સવારો પણ અમારાજ ભાઇઓ છે ને આપના હસ્તિકબાલ માટેજ આવેલ છે. આ પ્રમાણે ખુદાતઆલાની નિગેહબાની સાથે શહેરના દરવાજા પાસે આવ્યા, પરંતુ દરવાજો બંધ હતો તેથી શહેરના પાણી નીકળવાના ગળનારામાંથી મખફી રીતે મોહમ્મદજી પોતાના બંભા પર લાશ મુબારકને લઇને કબ્રસ્તાનમાં દાખલ થયા. બાદ મોહમ્મદજીને ખુદાના હુકમથી મદદ કરનારા ચારે સવારો ગાયબ થયા. બાદ આપના લાશ મુબારકને બીબીપુ-રાના કબ્રસ્તાનમા દફન કરવામાં આવ્યા છે.

સૈ કુતબુદ્દીન શહીદના ફરઝંદેલા ઘણા છે. આપ બધામના નાયબ હોઈ આપ મરતબાના સાહેબ છે. આપની શહાદત તા. ૨૭ મી જમાદીલ આખર ૧૦૫૬ ના રોજ છે. આપની ઉમર શરીફ લગભગ ૭૧ વરસની છે. આપની દાઅવત ૧૦ વરસ ૮ મહિનાને ૧૮ દિવસ રહી છે. આપનું મઝાર બીબીપુર અમદાવાદમાં છે. આપનું લકબ કુતબુદ્દીન છે મોમિનો આપની ઝીયારત આપને જે જગ્યા પર પહેલે દફન કર્યા હતા ત્યાં ને બીબીપુરમા બન્ને ઠેકાણે કરે છે. ક. ૩.

હીકમતના કલેમાઃ—

લીલા તમરાથી રસુલુલ્લાહ રોજું ઇફતાર કરતા, શા વાસ્તે કે રોઝાથી ઓઝરી તથા કલેજું નબળું થઇ જાય છે. લીલા તમરા માઅદાને ને કલેજાને ફાયદો કરે છે તેથી ઇફતાર વખતે લીલા તમરા બહુજ ફાયદો કરે છે.

એક વખત રસુલુલ્લાહ તરફ ઇજીરનો હદ્યો આવ્યો. આપે તેને તનાવુલ કીધું અને ફરમાવ્યું કે તમો લોકો પણ ખાઓ, અગર જો એમ કહું કે આ મેવો જન્નતથી વગર ઉગ્યાનો ખુદાએ ઉતાર્યો છે તો તે બરાબર છે. ઇજીર બવાસીર (હરસ) ને દુર કરે છે, તેમજ સાંધાના દરદને ફાયદો કરે છે.

રસુલુલ્લાહ દુધીને બહુજ પસંદ કરતા અને ફરમાવતા કે " અદદુબ્બા યઝીદો ફીદ્દિ માગ " યાને દુધી મગજને વધારે છે.

રસુલુલ્લાને ફાલુદો ઘણોજ પસંદ હતો, તેથી આલેમો ફરમાવે છે કે " અલફાલુ-બજ યોઅજ્જેબોહુ " યાને ફાલુદો રસુલુલ્લાહને અજબ કરાવે છે.

૩૩. સૈ. પીરખાન સુજાઉદ્દીન બીન અહમદજી (૧૦. હિન્દ અમદાવાદ) નું ટુંક બયાન.

સૈયદના કુતબુદ્દીન સાહેબની શહાદત પછી મુખાલેફુન તરફથી મોમિનો ઉપર તરેહ તરેહની મુસીબતો શરૂ થઈ, પરંતુ ખુદાના ખાસ બંદા ને હક પરસ્ત લોકો ઉપર ઝાલીમો ગમે તેટલો ઝુલમ કરે તો પણ તેઓ હક વાસ્તે ઝુલમ સહીને પણ કાયમ રહેલ છે તે તેવા હકના રસ્તા પર ચાલનારાઓ નાજી થઇ શકે છે. કારણ ખુદાતઆલા કલામુલ્લાહમાં ફરમાવે છે કે " અલમતરા એલલ્લઝીના કીલા લહુમ કુફ્ફુ અૈદિયકુમ વઅકીમુસ્સલાતા વ આતુઝઝકાતા ". અર્થઃ—શું તમોએ ન જોયું કે તેઓ (નાજીઓ) ને કહેવામાં આવ્યું કે તમો તમારા હાથને રોકો, (ઝબાનને રોકો) અને નમાઝને કાયમ કરો ને ઝકાતને અદા કરો.

આ આયાત જન્નતમાં જનારાઓ ઇમામો, દોઆતો ને ખાસ મોમેનુન વાસ્તે છે કે જેઓ ઉપર દુશમનો ગુસ્સાથી તલવારો ચલાવે છે. કોઇના હાથ પગ તલવારથી જુદા કરે છે, કોઇની આંખોમાં ગરમ સલીયા ભોંકે છે, કોઇને મુશકેટાટ બાંધી બજુરી પર ટીંગાડે છે, કોઇને ભાલાની નોંકથી ઉંચા કરે છે. ખાસ મોમિનીનો ને ખુદાના વલીઓ ઉપર દુશમનો તરેહ તરેહના અઝાબો કરે છે છતાં તેઓ વેરનો બદલો લેવાનો વિચાર માત્ર કરતા નથી ને ખુદાના ઈમાનમાંથી તલ ભાર બસતા નથી. તેઓને જ્યારે " કુફ્ફુ અયદીકુમ " કહેવામાં આવ્યું ત્યારે તેઓએ તેનો પુરેપુરો અમલ કર્યો તેઓનો બદલો જન્નત છે. ખુદાના વલીઓ ઉપર ઝુલમગારો તરફથી ગમે તેટલો ઝુલમ થાય છતાં તેઓ સત્યને વળગી રહે છે.

જ્યારે ઝાલીમોનો ઝુલમ વધશે ને હકના લોકો બીકના સબબ કંઈ પણ ન બોલતાં ચુપ રહી શરીયતથી ઉલટું ચલાવી લેતા થાશે તે વખતની આગાહી આપતાં નબીએ કરીમે ફરમાવ્યું છે કેઃ—

" એઝા હાબત ઉમ્મતી અંય યકુલા લેઝાલેમેહા યા ઝાલેમો તબરરઅલ્લાહો મીનહા ".

અર્થઃ—જ્યારે મારી ઉમ્મત એટલી નકામી ને બુઝ દીલ (બકરી જેવા) થઈ જશે કે તેમના જમાનાના ઝાલીમને **ઝાલીમ** કહેવાથી પણ બિહશે ત્યારે ખુદાતઆલા તેવા-ઓથી દુર રહેશે. હજી ફરમાવે છે કેઃ—

" લાતઝાલો યદુલ્લાહે અલા હાઝેહીલ ઉમ્મતે માલા યોઅઝઝીમ અબ્બારોહા ફઇઝાફઅલુ ઝાલેકા સલ્લતલ્લાહો અલઇહીમ સૂઅઆ લાઅનતેહીમ વઅલઝમહેમુઝઝુલ્લા વલ ફકરા વલ ફાકતા ".

અર્થઃ—યહાં સુધી ખુદાતઆલાની તાઇદ અને હાથ તે કોમ પર રહેશે કે જે કોમ નીચા લોકોને માન નહિ આપે, અને જ્યારે નીચાઓને ઉંચા ને પેસ્વા સમજી માન આપશે ત્યારે તેવા લોકોને ખુદાતઆલા મોહતાજગી, ફાકાકશી ને ઝીલ્લતમાં ફસાવશે.

હજી ખુદાતઆલા જેઓ બદ લોકોને માન આપે છે ને હિદાયતનો ડોળ કરી નાહક ઝુલમ કરે છે ને લોકોને ઉંધે માર્ગે દોરવે છે તેઓ માટે ફરમાવે છે કે:—

" અલ્લાહો ય્યસતહઝેઓ બેહીમ વય મુદોહુમ ફી તુગ્યાનેહીમ યચ્ચમહુન. ઉલાએકલ લઝીનશ તરઉદ્દલાલતા બીલહોદા ફમા રબેહત તીજ્જરતોહુમ વમાકાનુ મોહતદીન ". (સુ. બકર. આ. ૧૬.)

અર્થ:—ખુદા તેઓની મશકરી કરશે, અને તેઓને તેઓના અધર્મમાં આંધળા ભટકતા રહેવા દેશે. તેઓ એવા માણસ છે કે જેઓએ સાચા રસ્તાને બદલે ખોટો રસ્તો ખરીદ કર્યો છે. તેથી તેઓના વ્યાપારે કંઇ ફાયદો કર્યો નથી અને તેઓને સાચો રસ્તો મળ્યો નથી.

આપ ફરમાવે છે કે, " હું કયારે જાણીશ કે, ઇમામુઝઝમાન, ખુદાના વલી કયારે ઝુહુર ફરમાવશે કે જેથી જગતના મૌલા તશરીફ લાવી મોમેનુનપરની મુસિબતો દુર કરે.

અમદાવાદમાં સૈયદના કુતબુદ્દીનની શહાદત પછી અબ્દુલકવીએ મોમિનીનના કતલનો હુકમ કર્યો. અને બાદશાહ ઔરંગઝેબનું દરેક મોમિનને ફરમાન થયું કે, " જેઓ શેખ કુતબુદ્દીનનો મઝહબ મુકી સુન્ની મઝહબમાં દાખલ થાય તેઓને અમાન આપવું ને બીજાઓને કાઢી મુકવા. આ હુકમ મુજબ તમામ મોમિનીનને શહેરમાંથી કાઢી મુકવાની સખ્તાઇ શરૂ થઈ, જેથી મોમિનો તંગ થયા. કેટલાક ઘરના દરવાજે તાળું આપી ભોંયરામાં સંતાયા, કેઇ દરબદર રખડયા. આ રીતે ત્રણ દિવસ સુધી ભુખ્યા ને પ્યાસા જ્યાં ત્યાં સંતાઇ રહ્યા. પરંતુ તેવા સખ્ત વખતમાં પણ પોતાના ઇમાન પર મુસ્તકીમ રહ્યા. પોતાના ઇમાનથી જરા પણ ડગ્યા નહિ.

આ વખતે મોમિનમાંથી એક શખ્સ તથા સુલેમાની જમાઅતના એક ભાઇ અહિંના રહીશ અમીર કાસીમખાન કે જેઓ આંખથી આંધળા હતા તેમની પાસે ગયા ને શાહના હુકમ મુજબ વર્તવાની કબુલત આપી. આ વાત સાંભળનારા ભાઇઓમાં કેટલાકોને તેનો વાંધો હતો નહિ તેથી તેઓ ચુપ રહ્યા. પરંતુ મોમિનોને જબરદસ્તીથી કબુલ કરવું પડયું છતાં અમીર કાસીમને તે ઠીક ન લાગ્યું તેથી તેણે શાહના હુકમ સાથે એક નવી બીજી શરત ઉમેરી. તે શરત એ હતી કે, તમારી બૈરીઓને હાથીદાંતની ચુડીઓ પહેરાવવી. અમારા જેમ હુક્કા ગડગડાવવા. તંબાકુ સુંઘવી ને દાઢી કપાવવી. આ શરત પ્રમાણે તમો વર્તવાની કબુલત આપો તો તમો અમાનથી રહી શકશો. પરંતુ મોમિનભાઇને આ શરત કબુલ કરવાનું ભારે થયું તેથી આવી શયતાની તાઅત કરવાને કબુલ થયા નહિ. ત્યાર બાદ શાહ તરફથી દરેક મસજીદોમાં મુસ્લીમ પેશઇમામો નમાઝ વાસ્તે નક્કી થયા. આ વખતે મોમિનો શાહની સખ્તાઇના સબબ ઘર આગળ નમાઝ અદા કરતા ને તકિય્યત વાસ્તે મસજીદમાં સાત દિવસ જતા. ને જેઓ મસજીદમાં હાજર ન થતા તેઓને સજા થતી. ફજરની એક નમાઝની ગેરહાજરી બદલ સાત ફટકાની સજા કરતા ને તે પ્રમાણે

અમલ કરતા. આવા આફતના દિવસોમાં મુમેનુનના તલવાર ને ભાલા " નીસ્રિલલૈલ " ના વખતની દોઆ હતી, કારણ રસુલુલ્લાહ સ. અ. ફરમાવે છે કે, " અદ્દુઆઓ સેલાહોના " દુઆ અમારું હથીઆર છે. તે પ્રમાણે ખુદાતઆલાએ સઘળા મોમિનીનની દુઆ કબુલ કરી.

આ અરસામાં શાહ ઔરંગઝેબ ગુજરાતના સુબા તરીકે હતા તેણે શીયાઓ ઉપર તરેહ તરેહના ઝુલમ કરી તેમને સુન્ની મઝહબ સ્વીકારવાની ફરજ પાડી ને જેઓ ઇન્કાર કરતા હતા તેમને લુંટી લેવામાં કે કતલ કરવામાં આવતા હતા. તેણે ગુજરાતમાં જ્યાં જ્યાં શીયાઓ નઝર આવતા ત્યાં ત્યાં જબરદસ્તીથી તેમને સુન્ની બનાવ્યા.

આ ખબર શાહજહાંનને પહોંચે તે પહેલાં શાહને એક બપોરે સ્વપ્નું આવ્યું તેમાં તેણે જોયું કે, " શાહ અકબર રોઈ રહેલ છે, આંસુઓથી મોં ભરેલું છે ને શાહજહાંનને સંબોધીને કહે છે કે તારા દિકરાએ મદિનામાં રસુલુલ્લાહ સ. અ. ની કબર તોડી નાંખી છે ને તમો અહીં આરામથી સુતા છો. ભલા ! આવી મોટી મુસિબત ગુજરે છતાં તમોને ઉંઘ કેમ આવે છે ? " આ સ્વપ્નાથી શાહજહાંનને ઘણો વસવસો થયો ને નક્કી થયું કે જરૂર શાહઝાદા ઔરંગઝેબે મુમેનુન, ખરા મુસલેમુનને કતલ કરી રસુલુલ્લાહ સ. અ. ને દુભવ્યા છે. જરૂર મારી રિયાસત પર કોઇ ચઢી આવશે. ત્યાર બાદ બાદશાહ શાહજહાંને તરતજ પોતાના ફરઝંદ ઔરંગઝેબને ગુજરાતની સુબેદારીથી ઉતારી નાખ્યા. તે પછી ગુજરાતના સુબા તરીકે નવાબ શાઇસ્તખાનને રવાના કર્યા. તે સાહેબ અમદાવાદ આવ્યા ને સઘળા મુમેનુન જેઓને અન્યાય થએલો હતો તેઓને બોલાવ્યા ને તસલ્લી આપી બબર પૂછ્યા સઘળા મુમેનુનોએ તે નવાબ સાહેબને પોતા પર ગુજરેલા સીતમની બધી હકીકત કહી સંભળાવી, જેથી નવાબ સાહેબને ઘણોજ રંજ થયો ને જેઓએ બેગુનાહ વોહરાઓ ઉપર ઝુલમ કરેલ હતો તેઓને બોલાવી સજા કરી. જેઓ ખાસ ગુનેહગારો હતા તેઓને કેદ કર્યા. તેઓ પાસેથી ૪૦૦૦) ચાર હજાર રૂપિયા દંડના રોકડા લીધા ને શહેરમાં ઢંઢેરો પીટાવ્યો કે કોઇ કોઇને દુઃખ ન આપે. દરેક પોતપોતાનું કામ કરે ને પોતાના મઝહબ પ્રમાણે વર્તે. ખાસ કરી જે કોમને અન્યાય થએલો છે તેઓને તેમના મઝહબ પ્રમાણે ચાલવા દેવા. કોઇએ દખલગીરી કરવી નહિ. કોમે બવાહીર સાચા મુસલમાન છે, મોમિન છે ને ઇસલામના કાયદાથી તેઓને સતાવવું એ મોટો ગુન્હો છે.

આ પ્રમાણે નવાબ સાહેબે ઢંઢેરો પુકરાવી દરેકને પોતપોતાના મઝહબ પ્રમાણે ચાલવાના રસ્તા ખુલ્લા કરી આપ્યા તથા મસજીદો પર તેઓના પેશઇમામો રોકેલા હતા તેને બદલે તેમના પેશઇમામો કાયમ કરી નમાઝની છુટ આપી. આ પ્રમાણે ખુદાતઅલાએ હકના નુર ને હુદુદોના ઝુહુરથી મસજીદો ને મશહદો આબાદ કર્યા, અને આ નવા સુબાના નેક ઇન્સાફના સબબ મોમિનો પાછા અમાનથી રહેવા લાગ્યા.

નવા સુબાને અમદાવાદનો ચાર્જ સોંપી ઔરંગઝેબ અમદાવાદથી સૈયદના પીરખાન શુજાઉદ્દીન, મોલાઇ નજમખાન તથા શેખ મોહમ્મદને કેદ કરીને સાથે લઇ ગયો. અમદાવાદથી રવાના થતી વખત આપ સૈયદનાએ સઘળા મુમેનુનને વસિયત કરી ફરમાવ્યું કે,

" ભાઇઓ ! અમો શાહજાદા ઔરંગઝેબ સાથે જઇએ છીએ. અગર અમારો હાલ સૈયદના કુતબુદ્દીન જેવો થાય ને અમો કતલ થઇએ તો અમારા પછી દાઅવતે હાદીયાનો અમર જામનગરમાં શેખ ઇસમાઇજી બદરૂદ્દીન છે તેને સોંપજો ને તમો સઘળા તેની તાઅત કરજો. એ ખુદાના વલીની તાઅત ઇમામીઝઝમાનની તાઅત બરાબર છે અને હુદુદોની તરતીબ અસલની તરતીબ પ્રમાણે છે, અને શરીઅતે ગરરાના એહકામથી લાઝીમ રહેજો, તમારા અખ્લાકો સુધારજો. આ પ્રમાણે સઘળા મોમિનોને આપે વસિયત કરી. બાદ સઘળા રૂખસત લઇ પોત પોતાના ઘર તરફ ગયા અને સૈયદના પીરખાન તથા આપના શાગીર્દો શાહજાદા ઔરંગઝેબ સાથે બંદીવાન હાલતમાં ઔરંગાબાદ પહોંચ્યા. ત્યાં શાહજાદાએ મોલાનાને કતલ કરવાનો ઇરાદો કર્યો, પણ ખુદાતઆલાને તે મંઝુર નહોતું તેથી તે આપના કતલ કરવાના ઇરાદાને અમલમાં મુકી શકયો નહિ. ત્યાર બાદ ત્યાંથી રવાના થઈ જહાંબાદ ગયા. બાદશાહ શાહજહાં અહીં હાજર ન હોવાથી લાહોર ગયા. બાદશાહનો મુકામ લાહોરમાં હતો. આપ સૈયદનાને અને તેમના સાથીઓને બાદશાહના એક મોટા તબેલા પાસેની નાની ઝુંપડીમાં રાખવામાં આવ્યા. આ નાની ઝુંપડીમાં સૈયદના શુજાઉદ્દીન તથા સાથે આવેલા સાહેબો રહ્યા તેઓ દિવસોમાં રોઝા રાખતા ને કુરઆને મજીદની તિલાવત કરતા ને રાતોમાં નમાઝમાં સઘળા મશગુલ રહી ખુદાની બાદમાં પસાર કરતા. છેવટે મોલાઈ નઝમખાનની સબર તુટી ને સૈયદનાને ફરમાવ્યું કે, " મોલાના ! આપ જુઓ છો કે, આપણે સઘળા કઇ હાલતમાં પહોંચ્યા છીએ. આપતો ઐયુબ નબીની માફક સબર કરીને બેઠા છો, મુસિબતો સહો છો પણ હવે મારાથી સબર થઇ શકતી નથી. આપને છોડાવવા માટે અમો ભલે કતલ થઇએ પણ આપને છોડાવવાની અમો કોશિષ કરીએ. આ સાંભળી સૈયદના શુજાઉદ્દીનને ઘણીજ રીકકત પેદા થઇ (દિલ ભરાઈ ગયું). અને આપ "અમ્મન યૌજીબુલ મુદતરરા ઇઝાદાઆહો વયકશેફુસ્સુઆ " પઢીને ચુપ રહી ગયા. અર્થઃ—ખુદા પાસે કોઈ પણ લાચાર મઝલુમ દુઆ કરે છે ત્યારે જરૂર ખુદા તેને મોટી મુસિબતથી દુર કરે છે, દુઃખથી ઉગારી લે છે.

આપના પર આટલો બધો ઝુલમ થવા છતાં આપ દુશમનો માટે બદ દોઆનો એક શબ્દ વદીક બોલ્યા નહિ ને ખુદા પર ભરોસો રાખી સબરને ઈખ્તીયાર કીધો. બરોબર ખુદાના નેક બંદા, મોહિબ્બે આલેમોહમ્મદ ખુદાના વલી કે મોમિન કદી પણ ઝાલેમુન તરફથી ગમે તેટલો ઝુલમ કરવામાં આવે કે તેના ઘરબાર લુંટી લેવામાં કે તેમને કતલ કરવામાં આવે તોપણ તેઓ છેવટ સુધી હકને વળગી રહી કદી પણ બદ દોઆ કરતા નથી ને ખુદાના નામ પર શહીદ થવાને (કુરબાન થવાને) જરાએ અચકાતા નથી. ઇબરત લેવા જોગ તો એ છે કે, આ ઝમાનાના લોકો શરીઅતથી ઉલટા ચાલી મઝહબને વગોવે છે, મુરશીદોને હલકી નજરથી જુએ છે ને દીનના અમરને તદન હલકા ગણી કાઢે છે. ત્યારે કેટલાક કહેવાતા મુરશીદો શરીઅતને મુકી, સબરને છોડી તાનાઝની ને લાનત મલામત કરવા મંડી જાય છે. અને નબી સ. અ. ની હદિસને ભૂલી જઈ દુનિયાદારીમાં લોભાઈ એક બીજા પર બદલો લેવાના હેતુથી તરેહ તરેહના કાવાદાવા કરે છે અને દાઅવતના કાનુનોનો છડેચોક ભંગ કરે છે.

રિવાયતમ છે કે, સૈયદના શુજાઉદ્દીને કેદખાનામાં ચુપકાદી ને સબર ઇખ્તીયાર કીધી, તેના બદલામાં ખુદાતઆલાએ તેમની દોઆનો જવાબ તરતજ તેજ રાત્રે બતાવ્યો. આપનો જે નાની ઝુંપડીમાં ઉતારો હતો તેની બાજુમાં શાહી મોટો તબેલો હતો. તેમાં ઉમદામાં ઉમદા ભારી ભારી કિમતના ઘોડાઓ તથા બીજા જનવરો હતા, તે આખા તબેલામાં એકાએક રાતના આગે દેખાવ દીધો ને જોતજોતામાં તો આખો તબેલો તે જનવરો સહીત બળીને ખાખ થઇ ગયો. આ ખબર શાહઝાદા આલમગીરને થઇ. તરતજ તેણે તપાસ કરી કે તબેલાની બાજુમાં ગુજરાતના કેદીઓને એક ઝુંપડીમાં રાખવામાં આવેલ છે, તેના શું હાલ છે ? તે બળી ગયા છે કે શું ? કારણ તે ઝુંપડી તબેલાની તદન બાજુમાંજ હતી. શાહઝાદા આલમગીરે કેદીઓને જોવા માટે સવારમાં તે ઝુંપડીએ જઇ જોવાનો ઇરાદો કર્યો ને ત્યાં ગયા. ત્યાં જઇ જોયું તો અચંબો થયો કે અમદાવાદના કેદીઓ સૈ. શુજાઉદ્દીન અને તેના સાથીઓ ખુદાતઆલાની પનાહથી બચી ગયા છે. ઝુંપડીને કે આપને આગની જરા પણ અસર થઈ નહીં. બાદ આલમગીર ઝુંપડીમાં દાખલ થયા કે તરતજ સૈયદના તથા સાથીદારો આ શાહજાદાના માન વાસ્તે ઉભા થયા. આથી શાહજાદા અજબ થયા અને કહેવા લાગ્યા કે આ લોકો પર આટલો આટલો ઝુલમ થયો છે, દુઃખો આપવામાં આવે છે, હાથપગમાં બેડીઓ છે છતાં પણ મારી ઇઝ્ઝત વાસ્તે તેઓ ઉભા થયા. આ લોકો કેટલું મોહટું દિલ રાખે છે. તે આ ઉપરથી દેખાય છે. આ તરેહની મુસિબતો સહન કરવા છતાં ખુદાના દીન પર કાયમ રહેનારા શખ્સ બરેબર ખુદાના વલીઓજ હોય છે, તેથી શાહજાદા આલમગીરે તરતજ ઓર્ડર આપી દીધો ને કહ્યું કે, એ ખુદાના વલી ! આજથી તમોને અમારા તરફથી અમાન છે. તે બાદ તેણે એક કિમતી ઇરાકી ઘોડો તથા ભારે પોશાક આપને ઇનાયત કીધો ને સાથીદારોને પણ સારાં ઇનામો આપ્યાં ને શાહી અમાનનામું લખી આપી માન સાથે વિદાય કર્યા. તેજ દિવસે આપ લાહોરથી વિદા થયા. આપ ઘોડા પર સવાર થયા ને સાથીદારો ગાડીમાં બેસી રવાના થયા, રસ્તામાં મોલાના નજમખાન વફાત થયા. સૈયદનાને આ બનાવથી ઘણોજ સદમો થયો. આપ નજમખાનના દફન કફનના વાલી થયા ને નમાઝ પણ આપેજ પઢાવી. તે બાદ આપે સફરને લંબાવી ને સીરોંજ આવ્યા ને ત્યાંથી દાહોદ, બોબરા થઇ ઉજ્જન આવ્યા. આપ અહીં એક મહિનો રહ્યા. દરેક ગામોમાં આપ વાએઝ ફરમાવતા મોમિનીનને અદબ, આદાબ ને નેક અખ્લાકની શીખામણ આપતા, દીનના એહકામો મજબુત કરવાને હિદાયત દેતા. દરેક ગામના ભાઇઓ આપની મહેમાની કરતા ને ખુદાના અમર પર આપ ખુશ થતા સફરને લંબાવતા. બાદ આપ ઉદેપુર પધાર્યા, ત્યાંથી અમદાવાદ તશરીફ લઈ ગયા. આપના આવવાની ઇંતેઝારીમાં મોમિનીનોતો હતા ને જેવી આપના આવવાની ખબર થઇ કે તરતજ મોમિનોના દિલો ઘણાજ ખુશ થયા તેમની ઉમેદો ખુદાએ પુરી કરી, અને આ ખુશાલીમાં લોકોએ પોતાના બચ્ચાંઓની શાદી શરૂ કરી દીધી. લોકો આપ સૈયદનાના માનતવાઝા સાથે ખીદમત ગુઝાર થયા ને દોઆએ ખેર લીધી.

આ પ્રમાણે શાહી અમાનનામાના સબબ મોમિનીન ભાઇઓ ખુશીઓ મનાવતા હતા ને ધામધુમ કરતા હતા, તેથી મુખાલેફુન કે જેઓ અદાવત પર હમેશાં તૈયાર

રહેતા હતા, તેઓ જલવા લાગી ગયા, શરમીંદા થવા લાગ્યા. પરંતુ આપ કોઇને કંઇ કહેતા નહિ કે તાનાઝની કરતા નહિ. આપ હરહાલમાં, હરવખત ખુદાના અમર પર રાજી રહેતા. આપ દરેક ઉપર એહસાન કરતા, ઇલમની હાજતવાળાઓને ઇલમ ને માલની હાજતવાળાઓને માલ આપતા ને દાઅવતનો કારોબાર સંતોષથી ચલાવી રહેલ હતા એટલામાં તે સુબાની બદલી થઇ ને બીજા સુબા નવાબ ગૈરતખાન આવ્યા. આ તકનો લાભ લઇ કેટલાક મુખાલેફુનોએ ભેગા થઇ નવી કીતનત શરૂ કરી અને નવા સુબા સાહેબ પાસે જઇ અરજ કરી કે, "કામે બવાહીરે તેઓના મુરશીદ કુતબુદ્દીનને છોડાવવા ત્રણ લાખ રૂપિયા ભેગા કરી શાહજાદા આલમગીરને દેવા આવ્યા હતા પરંતુ શાહજાદા આલમગીરે તેઓ પાસેથી કંઇ ન લેતાં શેખ કુતબુદ્દીનને કતલ કર્યો હતા, તે ત્રણ લાખ રૂપિયા આ તેઓના મુરશીદ પીરખાનને આપી તેઓએ નજાતનામું મેળવ્યું છે સુબા ગૈરતખાને આ વાત સાંભળી ૨૫ સવાર, ૨૫ પેદલ મોકલીને સૈયદના પીરખાનને પકડવા મોકલ્યા.

આ વાતની ખબર કોઈ પણ મોમિનને કે ખુદ સૈયદનાને પડી નહિ ને એકાએક મજકુર ઘોડેસ્વારો તથા પેદલોએ આપના મકાન પર આવી આપને કેદ કરી નવાબ પાસે લઇ ગયા. બાદ નવાબે સૈયદનાને કહ્યું કે, એ શેખ ! તમારી પાસે ત્રણ લાખ રૂપિયા છે તે અહીં શાહી ખઝાનામાં દાખલ કરો નહિતો તમોને કેદખાનામાં નાખવામાં આવશે ત્યારે આપ સૈયદનાએ ફરમાવ્યું કે, " રૂપિયાની મને ખબર નથી. હું બેગુનાહ છું, છતાં આપ મને બેગુનાહને કેદ કરશો તો તેની મને પરવા નથી ". ત્યાર બાદ હાકીમે આપને મોટા કેદખાનામાં મોકલી આપ્યા અને જહાંબાદ કાગળ લખી કાસીદને રવાના કર્યો. આ રીતે સૈયદના કેદખાનામાં ૬ મહિના રહ્યા, પણ શાહજહાંન તરફથી કંઇ જવાબ આવ્યો નહિ, જેથી સૈયદનાએ પોતા તરફથી એહમદ બીન ફતેહમહમદ નામના શખ્સને બોલાવી ફરમાવ્યું કે, " એ એહમદ ! તમો જહાંબાદ જાઓ ને શાહ પાસેથી અમારા છુટકારાનું ફરમાન લઈ આવો. જહાંબાદમાં આપને જેટલા દિવસ રોકાવું પડે તેટલા દિવસ રોકાજો, પુરતી કોશિષ કરજો, ને શાહને પુછ્યા કે મલ્યા વગર તમો પાછા ન આવજો અને જ્યારે પાછા આવવાનું થાય ત્યારે અમોને લખી જણાવજો. અમારા જવાબ વગર ન આવજો કારણ તમો સર્વે વિગતથી માહિતગાર છો બાદ એહમદે અરજ કરી, સાહેબ ! આપનો હુકમ માથે ચડાવી હમણાજ રવાના થાઉં છું.

આ પછી તે એહમદ અમદાવાદથી રવાના થઇ જહાંબાદ પહોંચ્યા. ત્યાં ગયા બાદ તેણે સૈયદનાના છુટકારા માટે કંઇ પણ કોશિષ કરી કે નહિ તે ચોક્કસ નથી પરંતુ જેવો તે ત્યાં ગયો કે તરતજ પાછો આવ્યો. આ રીતે એહમદ જહાંબાદ જઈ બાદશાહની મુલાકાત લીધા વગર પાછો અમદાવાદ આવ્યો ને સૈયદનાની જનાબમાં મુલાકાત માટે આવ્યો. આમ ઓચીંતા એહમદના આવવાથી સૈયદનાને લાગ્યું કે એહમદ મારા હુકમ પ્રમાણે કાગળ નહિ લખતાં એકાએક પાછો આવ્યો તેથી મારા છુટકારા માટે કંઇ પરવાનો લઇ આવ્યો હશે, એમ ધારી આપે એહમદની ખુશીના સાથે મુલાકાત લીધી.

જેવો એહમદ સૈયદના પાસે હાજર થયો કે તરતજ તેણે પોતાનું માથું નીચે નમાવી દીધું. આપ સૈયદનાએ તેના માથાને ઉચું કરી ઇજ્જત સાથે સામે બેસાડયો ને પુછ્યું કે ભાઈ ! જહાંબાદ જઈ શું કરી આવ્યા ? ત્યારે એહમદે જવાબ આપ્યો કે, મોલાના ! મેં ઘણી કોશિષ કરી પણ ત્યાંથી જવાબ મળ્યો કે તમો જે કામ વાસ્તે આવ્યા છો તે કામ લગભગ એક વરસે થશે તેથી પાછો ચાલ્યો આવ્યો. આપે આ ઝબાની સાંભળી એહમદને ફપકો આપ્યો કે, એ ભાઈ ! તમોએ એવું કામ કર્યું કે એક નાદાન માણસ પણ તેવું ન કરે. તમોને પહેલેથી મેં કહેલ હતું કે તમો ત્યાંજ રહેજો. તમો પાછા આવવા પહેલાં અમોને કાગળ લખી જણાવજો તેમ પણ તમોએ કર્યું નહિ ને આટલા દુર સુધી જંગલોની માટી ઉઠાળી જેવા અહીંથી ગયા તેવાજ પાછા આવ્યા. નાહક વખત બરબાદ કર્યો. તમોને વખતની કંઈ કદર નથી. તમોને કહેલ હતું કે શાહને મળ્યા વગર પાછા આવશો નહિ છતાં તે પ્રમાણે અમલ કર્યો નહિ ને આમ વીલે મોઢે પાછા આવ્યા.

સૈયદના પીરખાને મજકુર એહમદને જહાંબાદ જવાનું ને ત્યાં શાહની મુલાકાત થાય ત્યાં સુધી રોકાઈ અગાઉ શાહ તરફથી મળેલ અમાનનામાના સંબંધી ખુલાસાવાર વાત કરવાને શાહનો કરી અમાનનો હુકમ મેળવ્યા બાદ અમદાવાદ પાછા ફરવા ફરમાવ્યું હતું. છતાં તે તેવી કોશિષ નહિ કરતાં ચુપચુપ પાછો ચાલી આવ્યો. તેમ કરવામાં વખતે તેની ખ્વાહેશ કંઇ જુદી હોય તો તે ખુદા જાણે, પરંતુ તે સૈયદનાના હુકમ વિરૂદ્ધ વર્તી પાછો આવ્યો છતાં આપે તેને તેના ગુનાહના પ્રમાણમા ફપકો આપ્યો નહિ.

આ પછી એહમદ સૈયદના પાસેથી રવાના થઈ ઘર તરફ ગયો અને પસ્તાવા લાગ્યો ને બે દિવસ સુધી બેચેન રહ્યો. એહમદની ઝબાની મુજબ સૈયદનાને છુટવાને એક વરસ લાગશે એવું જે તેણે જહાંબાદમાં કેટલાક અમલદારો મારફત સાંભલેલ તે પરથી સાબીત થયું. ને આપે સબર કરી હતી પણ એહમદના આવ્યા બાદ બે મહિને એટલે કે આઠ મહિના કેદખાનામાં ગુજર્યા બાદ અમદાવાદના સુબાએ સૈયદનાને છોડવાનો શાહી હુકમ સંભળાવ્યો ને આપને ઇજ્જત સાથે છોડી મુકયા. અગર જે મજકુર એહમદે જહાંબાદ રહી પૂરતી કોશિષ કરી હોત તો આટલો વખત વગર ઇનસાફે સૈયદનાને કેદખાનામાં રહેવું ન પડત પરંતુ ખુદાને જે મંજુર હોય તેજ થાય છે.

આપ સૈયદનાને કેદખાનામાંથી છુટા કરવામાં આવ્યા કે તરતજ આપ સીધા નદી તરફ ગયા. નદીમાં નહાઇ ધોઇ સાફસુફ થયા. મોમિનોને આ વાતની ખબર પડી કે તરતજ આપને શહેરમાં લાવવા માટે નદી પર એક રથ લાવવામાં આવ્યો, તેમાં આપને બેસાડયા ને મોલાઇ શમસખાનને ઘરે લઇ ગયા. આ ખુશાલીમાં મોલાઇ શમસખાને ચોખાની (શકરાનાની) જુમાત કરી હતી. તે બાદ આપ સૈયદનાએ મોલાઈ શમસખાનના દિકરાને પોતાનો કિમતી દુપટ્ટો ઓઢાડયો ને દુઆએ ખેરથી મુશરરફ થયા, અને શમસખાનના દિકરા મોલાઈ હસનજી કે જે સાહેબ આપ સૈયદના જ્યારે કેદખાનામાં હતા ત્યારે એક દિવસ કેદખાનામાં સૈયદનાની તહેનાતમાં રહેતા ને એક દિવસ પોતાના બાવાજી

પાસે ઘરે રહેતા, એક રાત સૈયદના પાસે સુતા ને એક રાત પોતાના બાવાજી પાસે ઘરે સુતા હતા. આ પ્રમાણે મોલાઈ શમસખાને તથા તેમના દિકરા હસનજીએ ખીદમત કરી દુઆએ ખેર લીધી. બાદ સૈયદના મોલાઇ શમસખાનના મકાનેથી રવાના થઇ પોતાના મકાન પર તશરીફ લઇ ગયા. બાદ સર્વે મોમિનો પોતપોતાને મકાને ગયા. બીજે દિવસે મકદમની મજલીસ થઇ તેમાં સર્વે નાના મોટા મોમિનીનોએ હાજરી આપી હતી, પરંતુ એહમદ ન આવ્યો કારણ એહમદે જે કામ કર્યું હતું તે ઈરાદાપુર્વકનું હતું એમ તેની તે પછીની વર્તણુંકપરથી જણાતું હતું.

જ્યારે એહમદ કેદખાનામાં સૈયદના પાસેથી રવાના થઇ વીલે મોઢે પાછો ફર્યો ને ઘર આગળ ગયો, ત્યાં તેણે પોતાના મળતીઆઓને બોલાવી એકઠા કર્યા અને એક કાગળ સૈયદનાની વિરૂદ્ધમાં લખ્યો, તેમાં તેના સાથીદારોએ સહી કરી, તેમજ તેઓએ ભેગા થઇને સૈયદનાના ખીલાફના લખાણો તૈયાર કરાવી એક બુક બનાવી. આ એહમદનાં કાવતરાંની ખબર સૈયદનાને થઇ તેથી સૈયદના નેહાયત ગમગીન થયા ને ફરમાવ્યું કે, "અલ્લાહો વહદહુ કાફી અબ્દહુ". યાને ખુદા એક છે અને તેના બંદાને તેજ ખુદા કીફાયત કરી આપનારો છે.

રિવાયતમાં છે કે કેટલાક દિવસ બાદ એહમદે યુસુફ બીન ચાંદજી તથા ચાંદમીયાં અબુજીને સૈયદના પીરખાન પાસે પોતાની શફારસ વાસ્તે મોકલ્યા. બન્નેએ સૈયદનાની હઝરતમાં આવી એહમદના ગુનાહની માફી તલબ કરી ને કહ્યું. મૌલા ! એહમદ મોટો આદમી છે તે સાથે ઘણો નમાઝી અને તહજ્જુદ ગુઝાર છે અને પોતાના ગુનાહથી બીહીને લાચાર અને આજીર્દા બન્યો છે. હુજુર તો ઇમામુઝ્ઝમાનના નાયબ છો. માફીના સાહેબ છો. માટે તેના ગુનાહને માફ કરો. ત્યારે સૈયદનાએ ફરમાવ્યું. " શું તમો જાણતા નથી કે, કોઇ પણ માણસ શરીયતના અમરમાં અમારા *આમીલની બેઅદબી કરે, ઝબાનથી ન બોલવાનું બોલે, દિલમાં ઇન્કારની સુરત રાખે, ને શરીયતના અમરમાં વલીએ અમરનો કુસુર જાહેર કરે તો તે શખ્સની નમાઝ, રોઝા, ઝકાત, હજ તેના વાસ્તે વબાલ સમાન છે. તો ભલા આમીલની બદબોઈ કરવી તો એક તરફ રહી પણ મારી શાનમાં પાંચ પાંચ મહિના થયાં ન બોલવાનું બોલે છે તેની શું આપને ખબર નથી ? પછી આપે તે બન્નેને કહ્યું. તમો તેના પાસે જાઓ ને કહો કે, " માકુન્તો મુતખેઝલમોદીલ્લીના અદોદા ". હું ગુમરાહોને મારા મદદગાર તરીકે લેનાર નથી. આ પછી મજકુર બંને ઇસમો સૈયદના પાસેથી ઘર તરફ ગયા ને એહમદને બનેલી હકીકત કહી સંભળાવી, જેથી એહમદ નાઉમેદ થયો.

*આમીલ તથા "મોમીન" ની સીરત સંબધીનો ખુલાસો ચમનના ત્રીજા દાઇ સૈયદના હાતીમ બીન ઇબ્રાહીમે પોતાના કીતાબ નામે તંબીહુ-લ-ગાફેલીનમાં આપેલ છે જે મુળ અરબી ભાષામાં છે તેનો ગુજરાતી તરજુમો છપાઇ બહાર પડેલ છે જે આસ મનન કરવા જોગ છે.

આ પછી એહમદે ફીતનત શરૂ કરી. તેણે કંઈક બોધાઓને પોતાના મુરીદો બનાવ્યા. સૈયદના પીરખાનને જ્યારે કેદખાનામાં લઇ જતા હતા ત્યારે આપે પોતાની કિતાબોનો બજાનો દુશમનોના હાથમાં ન જાય તેટલા માટે નુહ નામના શખ્સને ત્યાં અમાનત મુકયો હતો પણ પાછળથી મજકુર નુહ એહમદના દાયરામાં ભળી જઇ ગુમરાહ થયો ને સૈયદના પીરખાનના કિતાબો જે તેના પાસે અમાનત હતા તે સર્વે એહમદને સોંપી દીધા. તે પછી તે બન્ને સૈયદના પાસે શીકારસ લઈ જનારા યુસુફજી તથા મીયાંજી પણ એહમદના મુરીદ બન્યા ને દાઇએ હકના એબો નીકાલવા લાગ્યા, પરંતુ સૈયદના પીરખાન સૈયદના હિબ્તુલ્લાહનો કોલ પડી બામોશ રહેતા. તે કોલ નીચે પ્રમાણે છે.:—

" મુબાલેકુન અમારા એબની ઝીકર કરે છે પણ ખુદાતઆલાના ફઝલથી અમો એબથી બરી ને માઅસુમ છીએ. અમારા દુશમનો સઘળા એબથી ભરપુર છે તે સઘળા જોઈ શકે છે. શરબતની મીસલ, કે જે શરબત બિમારને કડવું લાગે છે કારણ ખુદ બીમારનું મોંહ કડવું છે, તેથી શરબત મીઠું હોવા છતાં તેને (બિમારને) કડવું લાગે છે". તેજ રીતે મુબાલેકુનને અમારી હિદાયત ને હકની વાત સાચી ને શરીઅત પ્રમાણેની હોવા છતાં તેઓને જહાલત અને મુબાલેકતના સમબ કડવી લાગે છે. " અલ્હક્કો મુરૂન " હક કડવો છે.

તે પછી આપ સૈયદનાએ એહમદ તરફ એક મુનઝીર (પાપના કામોથી રોકવા ને ખુદા તરફની તેની સજા યાદ દેવડાવનાર) ને યુસુફજી કે જે એહમદના મદદગાર બન્યા હતા તેની પાસે મોકલ્યા ને તે મુનઝીર યુસુફજી પાસે ગયા ને કહ્યું. " સૈયદના તમોને યાદ કરે છે ને પુછાવે છે કે, તમો ઘણા દિવસ થયાં હુજુરમાં પણ આવતા નથી તો શું ખબર છે ? તેના જવાબમાં યુસુફજી ઘણોજ બેમુરવ્વત બની દુશમનીના તોર પર ગંદી ઝબાનથી કહેવા લાગ્યો કે "અમો તો માજુન સાહેબ ઇસમાઇલ બદરૂદ્દીનને નાઇબે ઇમામ સમજીએ છીએ. એટલે મુનઝીરે કહ્યું. ત્યારે દાઇના કાયમ મુકામ તમે છો ? યુસુફજીએ કહ્યું. ના. કાયમ મુકામ તો નગરમાં મૌલાના ઇસમાઇલજી છે અને તેનેજ અમો માનીએ છીએ, તેજ અમારા રાહનુમા છે ને મૌલાના ઇસમાઇલજી પણ દાઇ પીરખાનથી બદલી અમારા સાથે થયા છે અને તેમના હાથનો કાગળ પણ અમારી પાસે મોજુદ છે જે અમારી માન્યતાને સાચી ઠરાવે છે. ત્યારે મુનઝીરે કહ્યું. તે કાગળ કયાં છે ? લાવો. મને મૌલાના ઇસમાઇલજીનો કાગળ બતાવો કે જેથી અમો પણ અમારા દિલના શકને દુર કરી તમારા સાથે થઇએ. યુસુફજીએ કહ્યું-હાલમાં મને ઘણું કામ છે ને કાગળ પેટીમાં મુકેલ છે, માટે કાલે આવજો તે કાગળ બતાવીશ. (જુઠો માણસ જે બોલવા માગે તે બોલી શકે છે, તેજ પ્રમાણે તેણે જુઠું બોલી સૈયદનાના હકમાં કેટલાંક બોહતાન સુદ્ધાં પણ મુકયાં તો પછી કાગળનું કહે તે કંઇ વધારે પડતું કહેવાય ?).

આ પછી મુનઝીર ત્યાંથી રવાના થઇ સૈયદનાની હજુરમાં આવ્યા ને ત્યાં થયેલી કુલ વાત આપ મૌલાનાને કહી સંભળાવી. બાદ સૈયદનાએ ફરમાવ્યું કે, " કાલે પણ ત્યાં

જજ્જે. બીજી સવારે મજકુર મુનઝીર ત્યાં ગયા એટલે આપને જોઈ યુસુફજી તેના મુકેલા કાગળો આમ તેમ ફેરવવા લાગી ગયો. બાદ કહ્યું, કાગળ કયાંક મુકાઇ ગયો છે મલતો નથી માટે કાલે આવજો. આ પ્રમાણે ઉપરા ઉપરી સાત દિવસ સુધી સૈયદનાના મુનઝીર તે યુસુફ પાસે ગયા. છેવટ એજ રીતે તેણે આજકાલના વાયદા કર્યા તેથી મુનઝીરે યુસુફજીને કહ્યું. એ યુસુફજી ! ઘણીજ આશ્ચર્યની વાત છે કે જે કાગળ તમારા દાવાની મુખ્તીનો હોય તે કાગળ કોઇ જગે મુકાઇ ગયો છે કે ગુમ થયો છે એવું બહાનું કાઢી શા માટે અખાડા કરો છો ? આવો જરૂરનો સાબીતીવાળો કાગળ તમો સંભાળી શકતા નથી ? ઘણીજ અફસોસની વાત છે વિગેરે. આ સાંભળી યુસુફ ઘણો શરમીંદો થયો ને તે ગુમરાહીમાંજ હમેશાં ભટકતો રહ્યો. ત્યાર બાદ યુસુફ અને તેના સાથીઓએ મળી એક કાગળ નગર મોલાના ઇસમાઇલજીને લખ્યો, તેમાં લખ્યું કે, " દાઇ પીરખાનમાં ઘણા ઐબો છે, તેવા દાઈ આ ઇમામી ગાદીના લાયક નથી ને અમો સગળા તમોને અમારા હાદી સમજીએ છીએ વિગેરે. અને આ કાગળ વાંચી આપ અમદાવાદના વાલી તરફે યુસુફજી ઉપર તકલીદ લખી રવાના કરજો કારણ યુસુફજી માલદાર હોઇ દરેક રીતે લાયક છે ". આ કાગળ મોલાના ઇસમાઇલજીને નગર પહોંચ્યો. આપ કાગળ વાંચી ખુબ હસ્યા ને જવાબ લખ્યો. તેમાં લખ્યું કે " એ અકલના ગુમ થએલાઓ ! એ ગુમરાહો ! ખુદા તમારી તરફ પોતાની રહેમત દુર કરે. મારા અને મોમીનીનના મોલા સૈયદના પીરખાન શુજાઉદ્દીનના હાથ પર ઇમામ અ. સ. ઝુહુર ફરમાવે. તેવા મૌલાનો હું એક ખિદમતગુઝાર. હું કયાં ! ને કયાં સૈયદના. મારી શું તાકત છે કે ખુદાના દાઇની શાનમાં એક શબ્દ બોલું ? ને જે દાઇ ખુદના વલીના નાયબ હોય તેના જેવો બનું. એ યુસુફ અને સાથીઓ ! તમો નથી જાણતા કે હકના દાઇ વિરૂદ્ધ કંઈ પણ કીલકાલ કરવી તે બદ તીનત (ખરાબ આદતવાળાઓ) ગણાય. તેવા માણસો કદી હકના દાઈની તાઅત નહિ કરે કારણ જેઓ તેમના પોતાના વર્તનથી શરીઅતના એહકામોથી વિરૂદ્ધ હોય તે શરીઅતના સાહેબોનું શું ઇમાન લાવે ?

ખુદાએ કુરઆને મજીદમાં ફરમાવ્યું કે, " યા કૌમના અજીબુ દાએયલ્લાહે વઆમેનુ બેહી યગફીરલકુમ મીન ઝુનુબેકુમ વયોજીરકુમ મીન અઝાબીન અલીમ ". (સુ. ૪૬. આ. ૩૧).

અર્થ:—હે અમારા લોકો ! ખુદા તરફ બોલાવનારને જવાબ આપો, અને તેના ઉપર ઇમાન લાવો કે જેથી ખુદા તમારા માટે તમારાં પાપ માફ કરે અને તમને દુઃખદાયક શિક્ષામાંથી બચાવે. હજી આયાત ૩૨ માં ફરમાવે છે કે:—

વ મન લાયોજીબ દાઇલ્લાહે ફલૈસા બે મોઅજેઝીન ફીલઅરદે વ લૈસા લહુ મીનદુનીહી અવલીયાઓ ઉલાએકા ફીદલાલીન મોબીન.

અર્થ:—અને જે કોઇ ખુદા તરફ બોલાવનારને જવાબ આપતો નથી તે, પૃથ્વીમાં શિક્ષા કરવામાં ખુદાને અશક્ત કરનાર નથી, અને તેને માટે ખુદા સિવાય બીજા કોઈ દોરતો નથી તે લોકો ચોખ્ખી ભુલમાં છે.

હવે દાઇયલ્લાહ એટલે *ખુદાના દાઇ, ખુદાના કાનુન મુજબ ને શરીઅતે ગરરાના એહકામ પ્રમાણે હરામ હલાલનો ખ્યાલ રાખી ચાલનાર, કોઈ પણ મનુષ્ય ઉપર સખ્તાઇ કર્યા વગર શરીઅત પ્રમાણે અમલ કરે તેજ ખુદાના દાઇ કહેવાય; અને દાઇમાં તત્વજ્ઞાનનું જ્ઞાન હોવું જોઇએ, દાઇમાં પરિક્ષકના ગુણ હોવાં જોઇએ, દાઈમાં સંસારીક, અાત્મીક અને ધાર્મિક જ્ઞાન અને એવાં બીજાં ઘણાં જ્ઞાન હોવાં જોઇએ વિગેરે.

હજી દાઇ વિષે સૈયદના ઇદરીસ ઇમાદુદ્દીન પોતાના કિતાબ આસેમતે નુપુરીલ મોહતદીનની ૧૭ મી ફસલમાં ફરમાવે છે કે: —

" ફ ઇન કીલા ફમા યુમેનોકુમ ? મીનહાઉલાઇદ દોઆતીલ મુકામીના વલૈસૂ બેમાઅસૂમીના અંયયકૂનૂકુમ બેમા લૈસા હોવા મીન દીનીલ્લાહે. કુલના અમ્મલ અમરૂઝઝાહેરૂલઝી હોવા અહદુલ કીરમૈને ફકદ વદઅત લના ઉસુલોહુ વલ અકસરો મીન ફોરૂએહી મીન વકતે અસહાબીઝ ઝુહુરે ફનાહનો નાબોઝો બેમાઝકરૂહો વલૈસા અહદુન મીન હાઉલાએ દોઆતીસ્સતરે યઝીદો ફીહે બેરાએહી વલા યનકોસો મીનહો ".

અર્થ:—પછી જો કહેવામાં આવે કે, આ સઘળાં મકામોના દાઇઓ (હીંદ, સીંધ, યમન વિગેરે) દાઇપણાની હાલતમાં અને તેઓ માઅસુમ નથી. જો તેઓ ખુદાના દીનમાં ન હોય તેવું વર્તન કરાવી તમો સઘળાને દીતનતમાં નાંખે તો તમારી દીનદારીની શું સલામતી ? તો અમો કહીએ કે, આ બાબતમાં યાને તેવા વખતમાં ઝાહેર બે અમરમાંના એક અમર કે જે કિતાબમાંના ઉસુલો અમારા માટે રચવામાં આવ્યા છે અને જે ઝુહુરના ઝમાનાની શાખા છે, તેઓએ જે રીતે બયાન કર્યું છે તે પ્રમાણે વર્તવું. અને આ સઘળા સતરના દાઇઓ પોતાની રાયેથી ખુદાના દીનના અમરમાં વધારો કે ઘટાડો કરી શકતા નથી.

આપ મૌલા ઇસમાઇલજી હજી યુસુફને લખે છે કે, એ યુસુફ ! તમને યાદ નથી ? રસુલુલ્લાહ સ. અ. એ ફરમાવ્યું છે કે, " મનસમેઆ દાઇયના એહલલબૈતે ફલમ યજીબહો અકબ્બહુલ્લાહો અલા મનખૈરેહે ફીનારે ".

અર્થ:—એ શેખ ! અમારા એહલલબૈતના દાઇને જવાબ ન આપે યાને તેને માને નહિ તો ખુદા તેને તેના બંને નસકોરાં ઉપર જહન્નમમાં ઉલટો નાખશે. તે કાગળમાં છેવટે આપ લખે છે કે:—

* દાઇયલ મુતલકના ગુણો વિષેનું બયાન—યમનના ત્રીજા દાઇ સૈયદના હાતીમ બીન ઇબ્રાહીમે લખેલા તોહફતુલ કુલુબ નામના રીસાલામાં બતાવેલ છે તે બધા ગુણો દાઇયુલ મુતલકમાં હોવાજ જોઇએ અને તેવા ગુણો હોય તોજ તે દાઇયુલ મુતલક કહેવાય. આ કીતાબ દરેક ભાઇએ વાંચી તેને સમજવાની ફરજ છે. આ કીતાબમાંથી દાઇયુલમુતલક વિષેનું થોડું બયાન ગુજરાતીમાં છપાઈ બહાર પડેલ છે.

" ઉફરીનલકુમ વલેમા તાઅબોદુના વસ્સલામો અલા મનીત્તબઅલ હોદા ".

અર્થઃ–તમો ને તમારા જેવાઓ કે જેઓની તમો તાઅત કરો છો તેઓ, ખુદાના દાઇની સેવાને બદલે તે બની બેઠેલા દાઇની સેવા કરે તો તેઓ માટે બેઝારી છે; અને જેઓ હિદાયતની રાહ પર છે તેઓ પર સલામ છે.

આ પ્રમાણે મોલા ઇસમાઇલજી સાહેબનો લખેલ કાગળ નગરથી યુસુફજી અને તેના સાથી ઉપર આવેલ તે કાગળ વાંચી તેઓ શરમમાં ગરક થયા. અને સૈયદના ઇસમાઇલજીનો જવાબ વાંચી શરમીંદગીને લીધે તેઓના હોંશ ઉડી ગયા. તે કાગળની લખાવટ વાંચી તઓના દિલો મુડદા બની ગયા. પરંતુ હસદ, અદાવત ને દુનિયાની લાલચે તેઓના દિલો પર ગલબો કર્યો ને તેમાં શયતાન શામીલ થયો. તરતજ તેઓએ નવી શરતનતો શરૂ કરી, બદી પર તૈયાર થયા, આપસમાં મીજવાનીઓ અને જુમાથો કરવા લાગ્યા, કોઇને લાંચ રૂશવત આપતા, કોઇને મોહટાઇ આપતા, કોઇને જમણો જમાડતા. આમ અનેક તરેહની લાલચોમાં લોકોને ફસાવી પોતાના કરી લીધા. રૂશવત આપતમાં રસુલુલ્લાહ સ. અ. નું ફરમાન છે કે "અર્રાશી વલ મુ-તશી પ્રીજાર". રૂશવત દેનાર ને લેનાર બંને જહન્નમમાં છે. છતાં તેઓ લોકોને રૂશવતો આપી પોતાના કરી લેતા.

આ રીતે શરીઅત વિરૂદ્ધ ન કરવાના કામો યુસુફજી તરફથી થવાં લાગ્યાં ને તે **ઓદાઓના** ઉપરી તરીકે કાયમ થયા ને પોતાની દાઅવત શરૂ કરી. તે બાદ તેના સંભાળનાર તરીકે ચાંદજી નીમાયા ને તે પછી અહમદ નીમાયા. આ પ્રમાણે એક પછી એક વારસ નીમીને તેઓએ થોડું ઘણું ઇલમ લઇ પોતાની નવી દાઅવત શરૂ કરી શરતનત જરી રાખી. કેટલાક કમસમજ લોકોને લાલચો, પૈસાઓ ને મોહટાઇ આપી પોતાની તરફ લીધા. પરંતુ જુઠું આગળ વધી શકતું નથી ને સત્ય કદી છુપતું નથી. સત્યનો છેવટ જય ને જુઠાનો ક્ષય થાય છે તેજ પ્રમાણે યુસુફજી પછી થોડો વખત તેમના માનનારાઓનું ઝોર ખુબ વધ્યું પણ પાછળથી શાંત પડી ગયા.

આ શરતનત વખતે સૈયદના પીરખાન સબર પર લાઝીમ રહ્યા ને રાત દિવસ ખુદાતઆલાની ઇબાદતમાં મશગુલ રહ્યા. જ્યાં આવા જુઠા દાવા કરનારા ને દુનિયા પર પડાપડી કરનારાઓનું ઝોર હોય ત્યાં હકપરસ્તો યાને ખુદાના વલીઓનું કોણ સાંભલે ? હકના લોકો પર ગમે તેવું દુઃખ પડે તોપણ તેઓ પોતાના જન પર દુઃખ સહન કરી લઈ હક પર લાઝીમ રહે છે. આપ સૈયદનાના વખતમાં **એહમદીયા ફીરકાને** મઝબુત કરનાર યુસુફજી મરણ પામ્યો. તે પછી તેની જગ્યાએ ચાંદજી કાયમ થયા, તે પણ થોડા વખતમાંજ મરણ પામ્યો. તે પછી તે એહમદી ફીરકાના મુળ સ્થાપક **એહમદ** ગુમરાહ લોકોને દોરવવા માટે કાયમ થયા ને તેણે પોતાની દાઅવત શરૂ કરી.

એક દિવસ સૈયદના પીરખાન સૈયદના કુતબુદ્દીનવાળી મસજીદમાં નમાઝ માટે પધાર્યા. એહમદ પણ મસજીદમાં હાજર હતા. આપ સૈયદનાએ ઇમામત નમાઝ પઢાવી,

જ્યારે એહમદે તેજ મસજીદમાં જમણી બાજુએ પોતાના સાથીઓના પેશ ઇમામ બનીને નમાઝ પઢાવી શરતનત કરી. આ પ્રમાણે એહમદની બેમુરવ્વતથી સૈયદનાને ઘણોજ સદમો પહોંચ્યો, પરંતુ આપ કંઇજ ન બોલ્યા ને નમાઝ પઢાવી ચાલી ગયા. તે બાદ એહમદ અનેક રીતે આપની અદાવત કરવા લાગ્યો.

હી૰ ૧૦૬૪ માં શાહજહાંનના દિકરા મુરાદબખ્શ અમદાવાદના સુબા તરીકે નીમાઇ આવ્યા. ત્યારે તેમની પાસે એહમદ ગયો અને સૈયદના વિરૂદ્ધ સુબાના કાન ભંભેરી તેના દિલમાં ખોટું ઠસાવી દીધું, તેથી સુબા સાહેબે સૈ. પીરખાનને બોલાવી કેદમાં નખાવ્યા એટલે આપ એહમદની અદાવતના સબબ બીજી વખત કેદમાં ગયા.*

આપ સૈયદના પીરખાનને કેદમાંથી છોડાવવા માટે મોમિનોએ કંઇક તરેહની તજવીજ કરી. બાદ મુરાદબખ્શે આપને કેદમાંથી છુટા કર્યા. તરતજ આપ મકાન પર તશરીફ લઇ ગયા.

આપ ઇલમના દરિયા હતા. ઇલમ લેવા માટે આપ હમેશાં લોકોને હિદાયત આપતા, આપે જેટલી કોશિષથી ઇલમ લીધું તેટલી કોશિષ કરી ઇલમ લેવા માટે લોકોને કહેતા. ઇલમની ઝીકર સિવાય આપનો બીજો કોઇ શુગલ નહોતો. આપ એક ઘડી પણ કીતાબની તીલાવત વગર ન બેસતા. કીતાબની તીલાવત આપની બાગની સહર હતી, આપને ઇલમની ઘણીજ લીઝ્ઝત હતી. તે સંબંધી બયાન છે કે જે વખતે આપની શાદી થઇ તે વખતે આપ સૈયદના શેખ આદમ પાસે ઇલમ પઢતા હતા. આપની શાદીનો પહેલો દિવસ હતો તોપણ આપ સબકમાં હાજર થયા ને શાદીના પહેલા દિવસની દરકાર કરી નહિ તેથી આપના ઉસ્તાદ સૈયદના શેખ આદમ સફીયુદ્દીનને કહેવું પડયું કે, " ભાઇ ! આજ રાત તો " લૈલતુલ બીજ " સંસાર માંડવાની પહેલી રાત છે. તે પાછી આવતી નથી ને સબક પઢવાની રાતો તો ઘણી છે. આજે ન આવ્યા હોત તો કાંઇ વાંધો નહોતો. ત્યારે આપે ફરમાવ્યું કે, આ ઇલ્મી લિઝ્ઝત કરતાં બીજી દરેક લિઝ્ઝતો તુચ્છ છે. આ હયાતીનો શું ભરોસો છે ? આપ અમારામાં બાકી રહો ને અમો ઇલમ હાંસિલ ન કરીએ ? આ ઝબાની સૈયદના શેખ આદમે સાભળી હાજર લોકોને કહ્યું કે, જરૂર ! આ પીરખાન મશરીક મગરીબમાં દાઅવતના હકને ઝુહુર કરશે.

* અગાઉ પાના ૨૧૨ માં શાહજહાંના વખતમાં જ્યારે આપ કેદમાં ગયા હતા તે વખતે તેજ એહમદને આપે શાહજહાંની દરબારમાં આપની હકીકત રજુ કરી રીહાઇનો પરવાનો લાવવા માટે જહાંબાદ મોકલેલ, પરંતુ તે વખતે તે ત્યાં કંઈ તજવીજ ન કરતાં પાછો આવ્યો ને સૈયદના પાસે કેદખાનામાં ગયો. સૈયદનાએ જે રીતે તેને ત્યાં વર્તવાનું કહેલ તે પ્રમાણે ન કરતાં એકદમ પાછો આવી ગયો તેથી તે બદલ સૈયદનાએ નારાજગી બતાવી. તે દિવસથી તે અદાવત પર કાયમ થયો ને એહમદીયા નામનો નવો ફીરકો ઉભો કરી પોતાની દાઅવત શરૂ કરી ને છેવટ તેજ એહમદે સૈયદના પીરખાનને બીજી વખત કેદખાનામાં મોકલાવ્યા.

બાદ આપે સૈયદી હસનપીર સાહેબની ઝીયારતનો ઇરાદો કર્યો ને અમદાવાદથી ઝીયારત માટે રવાના થવાની તૈયારી કીધી. આથી કેટલાક ફકીરોએ આપને અરજ કીધી કે સાહેબ ! ખુદા આપની સફરને મુબારક કરે. પણ આપ પછી આપના કાયમ મુકામ કોણ છે તે ફરમાવીએ. ત્યારે આપે આપની જબાને કુદરતથી એક કમાલ દરજ્જાનું બયાન ફરમાવ્યું કે " એ મુમેનુન હાજેરૂન ! તમો સઘળાને ખુદા નેક તોફીક આપજો. મારા પછી મારા કાયમ મુકામ મૌલા ઇસમાઇલજી મુલ્લા રાજ સતરના ઇમામના દાઈ છે. એમની તાબેદારી મારી તાબેદારી છે અને તેનો બદલો જન્નત છે ". તે પછી આપ અમદાવાદથી તા. ૪ જીલકાદ હી૦ ૧૦૬૫ ના ઝીયારત માટે રવાના થયા. એહમદપુરામાં આપની દિકરીના મકાનપર આપ ત્રણ દિવસ રહ્યા. બાદ તા. ૬ ઠીએ આપ રવાના થયા. મગરીબનો વખત નજીક થયો, દેનવાર તળાવમાં આપે વજુ કીધો ને નમાઝને અદા કીધી. બાદ આપને તરતજ પેટમાં દરદ થવા લાગ્યું. આપ મસલ્લા પર સુઇ ગયા ને ખુદાની રાહ પર આ દુનિયાથી કરામતના ઘર તરફ ઇન્તેકાલ કરી ગયા. એમ કહેવાય છે કે આપને ઝહેર પહોંચ્યું હતું. આપ આપના મુકીમ સૈ. કુતબુદ્દીનના જેમ ઝહેરથી શહીદ થયા. બાદ આપના જનાઝાને અમદાવાદ લાવ્યા. આપ તા. ૯ મી જીલકાદ હી૦ ૧૦૬૫ માં વફાત થયા. આપનું મઝાર બીબીપુરાના કબ્રસ્તાનમાં સૈયદના કુતબુદ્દીનની કબરની મગરીબ બાજુમાં છે. આપનું લકબ શુજાઉદ્દીન છે. આપના કુલ દિવસો મુસિબતો ને ઇમ્તેહાનમાં ગયા છે. આપનું સબર દુનિયામાં મશહુર છે. આપની દાબવત ૯ વરસ ૪ મહિના ૧૧ રહી. ક. ૩.

Aug 1655

હીકમતના કલેમા—

ઇન્સાન અને ખજુર વચ્ચે ઘણી રીતથી મળતાપણું છે. આ પ્રમાણે બીજા દરખ્તોમાં જોવામાં આવતું નથી, તે વાસ્તે રસુલુલ્લાહ ફરમાવે છે કે:—

તમારે ત્યાં ઉગેલ ખજુરીને માન આપજો. આદમ જણી જે માટીથી પેદા થયા છે તેના વધારામાંથી ખજુરી થઇ છે.

અમિરૂલ મુમેનીન ફરમાવે છે. જમીન ઉપર ઝાડોમાં પહેલું ઝાડ ખજુરી ઉગેલ છે. ખુદાતઆલાએ ઘણી જગાએ ખજુરીની વાત લખી છે.

લીલા તમરાનો ગુણ ઠંડો અને ખજુરી સુકીનો ગુણ ગરમ છે.

હકીમ લોક મછી ને એદા સાથે ખાવાનું મના કરે છે, તેમજ મછી ને દુધ સાથે ખાવાનું મના કરે છે અથવા મછી પછી મધ અને પાન પણ લેવાનું મના કરે છે.

૩૪. સૈયદના મોટા બાવા ઇસમાઇલજી બીન મુલ્લાં રાજ (૧૧ હિંદ-જામનગર) નો ટુંક એહવાલ.

સૈયદના પીરખાન શુજાઉદ્દીન ક. ૩. બાદ દાઅવતે હાદિઆહની મસનદ પર આપ જિરાજમાન થયા. આપના હાથ મુબારકમાં દાઅવતનો કારોબાર આવ્યો તે વખતે હકની દાઅવતના લોકો ઉપરની તકલીફો દુર થઇ હતી. મુશકિલ વખત દુર થયો હતો અને દરેક જગ્યા પર અમાન હતું. આપ બાનદાનીમાં દુનિયાના બાદશાહ હોવા સાથે દીનના પણ બાદશાહ થયા. આપ ગુજરાતના શાહ સિદ્ધરાજ જેસીંગના દિવાન ભારમલનાં કુટુંબમાંથી ઉતરી આવેલ છે, જેનો સિલસિલો નીચે પ્રમાણે છે:—

૧. મૌલાઈ યાકુબ બીન ભારમલ.
૨. ,, ઇસહાક બીન યાકુબ.
૩. ,, અલી બીન ઇસહાક.
૪. ,, દાઉદ બીન અલી.
૫. ,, રાજા બીન દાઉદ.
૬. ,, દાઉદ બીન રાજા.
૭. ,, આદમ બીન દાઉદ.
૮. ,, રાજ બીન આદમ.
૯. સૈયદના મોટા બાવા ઇસમાઇલજી બીન રાજ. જામનગર.

ઉપર બતાવેલ મોલાઈ યાકુબ અને ભારમલ મોલાઈ અબ્દુલ્લાહની નસથી પાટણ વિગેરે હિંદના જઝીરામાં વાલી તરીકે રહ્યા. (અહિંથી હિન્દની ઇમામી દાઅવતમાં નસની પદવી શરૂ થાય છે. ઇસ્વી ૧૦૯૩). મોલાઇ યાકુબની કોશિષથી હકના કલેમા ઉંચા થયા. આપે દુન્યવી રિયાસતને તલાક આપી દીનની રીયાસત અખ્તીયાર કીધી. આપના ફરઝંદોમાં એક બાદ એક દાઅવતે હાદીયાની બીદમતના સબબ મકસુહીયત મોટી મુલ્લાંગી રહી અને દાઈના તરફથી મોમિનુતના પેશવા તરીકે તેઓ કાયમ રહ્યા.

મુલ્લાંઓ.

આ મુલ્લાંઓ મુલ્લાંપણાની શરતમાં એક્કા હતા. હવે મુલ્લાંપણાની શરતોમાં મુખ્ય શરત—હિકમત ને માઅરેફત હોવાંજ જોઇએ. તે ઉપરાંત બીજી ત્રણ શરતો મુલ્લાંઓના રૂતબામાં હોવી જોઇએ કે જે દીનના મરતબામાં જાન વાસ્તે હમ્લે મતીન (મજબુત હાથો) છે. *મકસુહ (મુલ્લાંપણાનો) નો રૂતબો દાઅવતની ઇસ્તેલાહમાં એક રૂતબાનું નામ

* મકસુહનો લોગાતી અર્થ—આગલી દુન્યવી તસવ્વુર જગાડી દેવું—એટલે કે મુલ્લાં બન્યા પહેલાં જે જે દુન્યવી વિચારો ને તસવ્વુરો તેમાં હોય તેને બીલકુલ ભુલાવી નાખી મુલ્લાંપણાની ઉપલી શરતો અવશ્ય ખ્યાલમાં રાખી તે પ્રમાણે વર્તવું જોઇએ.

મુલ્લાં નક્કી કરવામાં આવેલ છે. તે દાઅવતના બાબ (દરવાજા) સમાન છે. યાને દાઅવતમાં આવનારને દાઅવતનું જ્ઞાન ઉપરાંત મુલ્લાંપણાનું ઇલ્મ મેળવી દરવાજા રૂપે દાખલ થઇ હમલે મતીનનું પકડવું છે. અને આ મુલ્લાં દાઅવતમાં મોમિનીન વાસ્તે ખુદાની રહેમત મેળવવા વાદળરૂપ છે. મકસુદ બનવા પહેલાં ત્રણ શરત હોવી જરૂરત છે તે નીચે પ્રમાણે છે.:

૧. **દર્સુલ ફીકેહ**–દિનના કુલ કાયદાનું જ્ઞાન મુલ્લાંમાં હોવું વાજીબ અને ફરઝ છે તેટલું ઇલ્મ હાંસીલ કીધું ન હોય તો તેવા શખ્સની ઇમામત જાયઝ નથી.

૨. **સલામતુલ કલ્બ**–યાને દીલની સલામતીવાલો. દુનિયાની હવા નફસીમાં ફસાયેલો શખ્સ ઇમામતનો વાલી ન બને, મુલ્લાં બની ન શકે.

૩. **હાફેઝુલ કુરઆન**–યાને કુરઆન મોંઢ પર કરવું. કુરઆને મજીદ મોંપર યાદ ન હોય તેવો શખ્સ પણ નમાઝ ન પડાવે. પણ જરૂરતમાં જરૂરત પુરતું યાદ હોય તો ઇમામત કરાવે, કારણ જરૂરત એક [1]આફત છે.

મુલ્લાંપણાની ઉપર બતાવેલી શરતો પ્રમાણે વર્તનાર અને દીનના કાયદા પ્રમાણે અમલ કરનાર મુલ્લાં ગણાય. આ કાયદામાં બતાવ્યા પ્રમાણે જો કોઇ મુલ્લાંમાં તેવી લ્યાકત ન હોય, તેને કલામુલ્લાહની અકસર સુરતો મોંપર યાદ ન હોય કે તેની ઝબાનથી અલફાઝ બરાબર સાફ ન પડી શકતો હોય, તેની સીરત અને અમલ શરીઅત પ્રમાણેના ન હોય તો તે કદી પણ મુલ્લાં બની શકતો નથી. આ ઉપરાંતઃ—

નીચેની નાની શરતો મુલ્લાંમાં જરૂર હોવીજ જોઇએ.

૧. આગલા (મુલ્લાંગી પહેલાંના) દુન્યવી જંજાળથી દુર રહેવું.
૨. ચાલચલણ સુધારી ઉંચ ભાવનાની આદત રાખી ચારિત્રવાન બનવું.
૩. લોકોથી ઘણું ઓછું મળવું.
૪. બજારમાં તેમજ બહાર જ્યાં ત્યાં ઓછું જવું.
૫. ઓછું ખાવું, ઓછું સુવું ને ઓછું બોલવું.
૬. ઇલ્મની તરફ હોંસ રાખવી.
૭. ઓલોમાઓની મજલીસોમાં જઈ બેસવું.
૮. શરીઅતના એહકામોની મોહાફેઝત (સંભાળ) કરવી

આ શરતો મુલ્લાં બનનારમાં હોવીજ જોઇએ ને તેઓજ કિયલાના મેહરાબમાં મુમેનુનના ઇમામતના લાયક છે.

૧ હવે આફત વખતે છુટ આપી છે તો તે એક રોગ છે. પણ તેમાં ઉપલી શરતોમાં કંઇ કચાસ હોય તો તે મુલ્લાંની પદવીને લાયક રહેતા નથી.

ઉપર બતાવેલી સઘળી અમલતોના સાહેબો લાયક ને ફઝલોના જથ્થા મોલાઈ યાકુબના ફરઝંદોમાં હતા ને તેના વંશો પણ એજ પ્રમાણે લાયક બની સરદારી ભોગવતા. આ પ્રમાણે મોલાઈ યાકુબની નસલથી તે મોલાઈ દાઉદ બીન અલી સુધી એક બાદ એક દાઅવતે હાદીઆની ખીદમત કરતા રહ્યા છે. જેનું થોડું વર્ણન યમનના ૧૮ મા દાઈ સૈયદના અલી બીન સૈયદના અબદુલ્લાહના બયાનમાં પાના પર થી ૬૪ સુધીમાં આવેલ છે. આ પછી મુલ્લા રાજ બીન મુલ્લા દાઉદ મોરબી મુકામે આવી રહ્યા છે, જેનું ટુંક બયાન વાંચીએ.

મોલાઇ રાજ બીન મોલાઇ દાઉદ.

૧૮ મા દાઇ સૈયદના અલી બીન અબદુલ્લાહના વખતમાં અમદાવાદમાં દાઅવતે હાદીઆના વાલી તરીકે સૈયદી હસનભાઈ હતા. તે વખત **જાફર**નું ઘણું જોર હતું, તે વખતે પાટણમાં રાજા તરીકે મુજફ્ફરશાહ હતો. જાફરની કોશિષથી ને બાદશાહના અમલદારોની મદદથી હક પસંદ ઘણા ઓલોમાઓને સહન કરવું પડયું ને કેટલાકો શહીદ પણ થયા છે. ચારે બાજુ બાદશાહી સરદારો તે મુનાફેકોના કહેવાથી હકના લોકોને સતાવવામાં કચાસ રાખી નથી. આવા અતિ ઝુલમના સમય કંઇક મોમિનો શહેર છોડી ચાલી ગયા. કેટલાકો ઘરથી બહાર નીકળીતાજ નહિ. આવા અંધાધુંધીના ઝમાનામાં જાફરની પ્રીતનત ઘણીજ જોરદાર હતી ને તે વખતે તે પોતાની દાઅવત ફેલાવવા માટે પાટણ ગયો હતો. પાટણમાં મોલાઈ રાજ બીન મોલાઇ દાઉદ વાલી તરીકે હતા. ઘણીજ બહેસ બાદ જાફરની અદાવતના સમય આપને પાટણ મુકી મોરબી તરફ આવવાની ફરજ પડી. એટલે આપ પોતાની બૈરોને લઇને મોરબી તશરીફ લઈ ગયા અને ત્યાંજ રહી આપે કુલ બસરી માટે વણાટ કામ કરવાનું શરૂ કર્યું. મોરબીમાં આપ શાંતિથી રહેવા લાગ્યા. ત્યાંના મોમિનોને આપ હમેશાં હિદાયત દેતા, શરીયત પર ચાલવા માટે તે નમાઝ વિગેરે દીનના ઓમુરો લઇ ઉઠવા માટે લોકોને સમજાવતા, કોઈ પણ મોમિનીનને તકલીફ ન પહોંચે તેનો આપ પુરો ખ્યાલ રાખતા, દરેકના ખુશી ગમીના વખતમાં આપ ભાગ લેતા ને તેમના દરેક કામોને સહેલ કરી આપતા.

આપ દીનના દરેક અમરનો બરાબર (શરીઅતના હુકમ પ્રમાણે) અમલ કરતા. આપ કોઈ વખત નમાઝ કઝા ન કરતા. એમ કહેવાય છે કે આપની નમાઝ કોઈ વખત કઝા થઇજ નથી. આપ રાતોમાં ખુદાતઆલાની તઝરરા સાથ ઇબાદત કરતા ને દિવસોમાં કલામુલ્લાહની તીલાવત કરતા. આ સાહેબનો એક અજીબ મોઅજીઝો થયો છે જેનું બયાન આ નીચે આપ્યું છેઃ—

રિવાયતમાં છે કે, એક વખત આપ વણવાનું કામ કરી રહ્યા હતા. મગરીબનો વખત કરીબ હતો, એટલામાં આપ જલદી કરી વઝુ માટે કુવા પર પાણી લેવા સારૂ પધાર્યા. ડોલ કુવામાં પાણી માટે નાખી, ખુદાની કુદરતથી (આપના ઇમ્તેહાન માટે)

ડોલમાં પાણીને બદલે અશરફી અને રૂપિયા ભરાઇને આવ્યા. આપે તેને પાછા કુવામાં ફેંકી દીધા, ફરી પાછી ડોલ પાણી માટે કુવામાં નાંખી, ત્યારે બીજી વખત ડોલમાં પાણીને બદલે મોતી અને જવાહીર નીકલ્યા. આપે આ મોતી અને જવાહીર પણ કુવામાં ફેંકી દીધાં અને ખુદાતઆલા પાસે દોઆ ગુજારી કાલાવાલા કર્યા કે, " એ પરવરદીગાર ! આ તારા ગુલામને બદીથી ભરેલી દુનિયાની મતલબ નથી, જર કે જવાહેરની ગરજ નથી. મને તો એ એલાહલ આલમીન ! પાણીની ગરજ છે. પાણી ઈનાયત કર કે જેથી મારૂં મગરીબ ફોત (કઝા) ન થાય ને વઝુ કરી તારી નમાઝને અદા કરૂં. તે પછી આપે ત્રીજી વખત ડોલને પાણી માટે કુવામાં નાંખી એટલે પાણી આવ્યું ને આપે વઝુ કરી નમાઝ અદા પડી.

ઇબરત લેવા જોગ બીના છે કે, ખુદાના વલીઓ પોતાનું દીન સાચવવાને કેટલા મુસ્તકીમ હોય છે. ખુદાએ તેને દોલત આપી, મોતી જવાહીર આપ્યા છતાં તેને તુચ્છ ગણી પાછાં ફેંકી દીધાં. તેઓ પાસે ખુદાની ઇબાદત કરતાં કોઇ ચીઝ વધીને નથી. આ દુનિયાના માલ અને દોલત કરતાં તે બારીતઆલાની ઇબાદત વધીને છે, તેની કિમત ઘણીજ મોટી છે. ખરેખર ખુદાના વલીઓના કામો આવાંજ હોય છે, તેઓ દુનિયાને ઠોકરે મારે છે, તુચ્છ ગણે છે, તેઓને ખુદાના શુગલ સિવાય બીજો શુગલજ નથી. ટુંકામાં આપ મુલ્લાં રાજસાહેબ ઇબાદત, તકવા, ફઝલ, ઇલમ, પરહેઝગારી અને ઇમાનદારીમાં એક્કા હતા.

રિવાયતમાં છે કે, મુલ્લાં રાજા ઇબ્નુલ મોલાઇ દાઉદ પોતાના ફરઝંદને લઇને અમદાવાદ પધાર્યા, ત્યાંના આમીલને આપે પોતાના ફરઝંદ મુલ્લા દાઉદને ઇલમ પડવા વાસ્તે સોંપ્યા. મુલ્લાં દાઉદે રાત દિવસની પરવાહ કર્યા વગર ઘણીજ કોશિશથી ઇલમ હાંસીલ કીધું ને અમદાવાદના આમીલે પણ મુલ્લાં દાઉદને પુરતી કોશિશથી ઇલમ આપી તૈયાર કીધા. આપ ઇલમ પડવામાં ઘણાજ ચાલાક હોવાથી પોતાના ઉસ્તાદની બરોબરીમાં ઇલ્મમાં કામીલ થયા. ત્યાર બાદ આપને અમદાવાદમાં મુલ્લાંનો રૂતબો આપવામાં આવ્યો. બાદ ત્યાંથી વિદા થઇ આપ પોતાના વતન મોરબી પધાર્યા, ત્યાં પોતાના બાવાજી પછી તરતીબમાં બેઠા. કેટલોક વખત પછી મુલ્લાં રાજ ઇબ્ને મૌલાઇ દાઉદ વફાત થયા. આપના વફાત બાદ મોરબીની અમાલત મુલ્લાં દાઉદને સોંપવામાં આવી. આપનું મઝાર મોરબીમાં છે.

મુલ્લાં દાઉદ બીન રાજા–મોરબી.

આપ આપના બાવાજીની માફક દાઅવતે હાદીઆનો કારોબાર ચલાવવા લાગ્યા. પોતાના વાલીદની રસમ મુજબ મોમિનોની ખબરદારી રાખતા, દીનના અહકામો શરીઅત પ્રમાણે બરાબર અદા કરતા, આપ દર જુમ્મારાતે અને જુમ્માના દિવસે પોતાના બાવાજીની ઝીયારત વાસ્તે પધારતા. આપની શાન ઘણીજ મોહટી હતી. આપના વખતમાં આપની બરાબરીના ત્યાં કોઇ આલીમ નહોતા. ખુદાતઆલાએ કલામેમજીદમાં મોમિન માટે જે બયાન કર્યું છે તે બયાન પ્રમાણે સીફતો આપનામાં હતી. "મોમિન" કોણ કહેવાય ? તે વિષે મૌલાના અલી અ. સ. એ જે બયાન કર્યું છે તે પ્રમાણે અમરને લઇ ઉઠનારા આપ ખાસ "મોમિન" હતા. " મોમિન " કોણ કહેવાય તે જાણવું અગત્યનું હોઇ આ નીચે બયાન આપ્યું છે:–

મોમિન કોણ કહેવાય ?

મશહુર રિવાયત છે કે, એક વખત હોમામ બીન શરાહે હઝરત અલી અ. સ. ને સવાલ પુછ્યો કે, એ મૌલા ! "મોમિન" કેવા હોય ? અને " મોમિન " ની શું સીરત ? ત્યારે આપે તે સવાલનો ખુલાસો કરતાં ફરમાવ્યું કે:—

એ હોમામ ! અમારા શીયા મુમેનુત ખુદાથી બીહનાર (ડરનાર) હોય છે. તેઓ કોઇ વખત જુઠું બોલતા નથી, થોડું બોલનાર હોય છે. કોઇ વખત ભુલ કરતા નથી, કપડાં ઘણાજ સાદા ને જરૂર પુરતાજ પહેરે છે ને વધારે પડતા લીબાસ પહેરતા નથી, તેમજ ભારી કિમતના કે બારીક કપડાં પહેરતા નથી. જ્યાં ઇલ્મની ચર્ચા થતી હોય ત્યાં શોખથી જાય છે. તેઓની નિગાહ (નઝર) હરામથી બંધ હોય છે. તેઓની ચાલચલણ નરમાશવાળી હોય છે. તેઓ ખુદાની ઇબાદતમાં હમેશાં મશગુલ રહે છે. મોતથી બીતા નથી. દુનિયાના અમલને આંખ સામે રાખે છે. જન્નતનો શોખ કરે છે. જહન્નમના ખોફથી ડરે છે, બદીથી દુર રહે છે, તેઓ મોતની ઘડીની ફીકર રાખે છે. હિસાબના સાચા હોય છે, તેઓનો પૈસો નેક હોય છે ને દુનિયાદારીની હોંશ કરતા નથી. તેઓ તરફથી કોઇને બદી પહોંચતી નથી, તેઓના જનો કોઇ વાર દુનિયાની મોજમજાહનો શોક કરતા નથી, તેઓ હરામથી દુર રહે છે, દુનિયામાં ખુદાને મળવાનો વેપાર કરે છે. દુનિયાને તલાક આપે છે, રાતોમાં કુરઆનની તિલાવત કરે છે, કુરઆનમાં જે જન્નતની આયાતો આવે છે તે પઢી ખુશી થાય છે અને જહન્નમની આયાતો પઢી ખુદાના અઝાબથી ડરે છે. રાતોમાં ઇબાદત કરવાના સબબ કમુમાં કમર વાંકી હોય છે, સુજુદમાં તેઓની પેશાની જમીન પર પડી હોય છે, આંખો ખુદાતઆલા તરફ ખેંચાએલી હોય છે, ખુદા પાસે પોતાની ગરદનની આઝાદગીના સાબલ હોય છે; અને તમો તેઓને મળો ત્યારે તેઓને તમો આલેમોની સુરતમાં જોશો, તેઓની શીકલ ખુદાની બીકથી બિમાર જેવી દેખાય છે. તેઓની કોઇ રીફત કરે તો કહે છે કે ખુદા અમારા ગુનાહને માફ કરે. અમે મદેહના લાયક નથી. ખુદા પોતાના કરમથી અમને પાક અને સાફ કરે.

તેઓ કુવ્વતને દિનદારીમાં વાપરે છે, ઇમાન પર પુરૂં યકિન રાખે છે, સ્વભાવના નરમ છે, વિચારોના મઝબૂત છે. ઇલ્મની લાલચ કરે છે, ઇલ્મથી તેઓ હલીમજેવા થઇને રહે છે. રાહેરાસ્ત તેઓની દોલત છે, નમ્રતા તેઓની ઇબાદત છે, તેઓ ફાકાકશીમાં મઝબુત છે, મુસિબતમાં સબર કરે છે, હિદાયત તરફ ઉમંગ રાખે છે, લાલચથી દુર રહે છે, અમલ સાલેહાતમાં પહેલો દરજ્જે ભોગવે છે, તેઓના કામો ખુદાનો શુકર અને ઝીકર છે. કુંધ લેવામાં ઘણા ઓજા હોય છે, જમણ જમવામાં કોતાહી કરે છે (ઓછું જમે છે) તેનું દીન રાહેરાસ્ત છે, તેઓની વાત રીસાએલાઓને મનાવી લેવાની હોય છે, ભુખ્યાને જમાડે છે, નાગાને કપડા પહેરાવે છે, પ્યાસાને પાણી આપે છે, અબોલાને સામે જઈ બોલાવે છે, ન આવનારને સામે જઇ બોલાવી આવે છે. કોઈ મખ્લુક તેની ફરીયાદ કરે

નહિ. તેઓ કોઇ ઝાલીમના ઝુલમ કે તેના કરેલા ગુનાહને યાદ કરે નહિ. કરેલ એહસાનને ગાઈ બતાવે નહિ, મીજાઝમાં કોઇ પણ જાતની હલકાઈ કે ગુસ્સો હોય નહિ, ગાળગલોચનું નામ નહિ ઝબાન પર ખુદાની લગામ, મુશકેલીમાં સબર, સારી વસ્તુ પર શુકર, બાતીલ વાત (નકામી વાત) માં જીદ નહિ, હક વાત સિવાય હદ બાહેર નહિ, નમનતાઇ સિવાઇ કોઇ પર ઉતરી પડવું નહિ, ગુરૂર ને તકબ્બુરીના ઘોડા પર સવાર નહિ, તેઓના દિલો મોમ જેવા નરમ હોય છે. આ મુજબ વર્તનારા અમારા **"મોમીન"** મારા શીયા છે.

હોમામે જ્યારે આ પ્રમાણે " મોમિન " ની સીફતો સાંભળી ત્યારે તે બેહોશ થઇ જમીન પર પડી ગયા ને તેજ વખત વફાત થયા. આ જોઇ મૌલા ના અલી અ સ. ને દિલમાં નેહાયત રંજ પેદા થયો. બાદ આપેજ હોમામને કફન દફન દઇ દફનાવ્યા. હ. અલીના હાથ પર ખુદાતઆલાએ હોમામને ઉંચો દરજ્જો બક્ષ્યો. આ પ્રમાણે " મોમિન " વિષેનું બયાન હઝરત અલી અ. સ. એ ફરમાવ્યું છે. તેથી એ ભાઇ ! તું પણ ઇબ્બત લે. અને એહલેબેતના બાસ "મોમીન" બનવાના પ્રયાસ કરી અમલી કામ લઇ ઉઠ. આ બાબત ઉપર એક શેર લખાઇ છે જે નીચે મુજબ છેઃ—

બાતેથે નાને ખુશ્ક જે દુનિયામેં ઓહદસે,
ઘીકે ચીરાગ જલતેં હૈં ઉનકી મઝાર પર.

ઉપર બતાવેલ બધી સીફતો મુલ્લાં દાઉદમાં હતી. આપ હમેશાં ગરીબોની બબર લેતા ને તેને રાહતના દરેક રસ્તા કરી આપતા. તે બાદ આપ મોરબીમાં વફાત થયા છે. આપના બાદ આપના ફરઝંદ મુલ્લાં આદમ વાલી મુલ્લાં તરીકે કાયમ મુકામ થયા છે.

મુલ્લાં આદમ ઇબ્ને મુલ્લાં દાઉદ.

આપ આપના બાવાજીની માફક ઇલમના દરીયા હતા ને સ્વભાવના ઘણાજ નરમ હતા. આપના વખતમાં મોમિનોને દરેક જાતની રાહત હતી. આપ દાઅવતે હાદીઆના દરેક અમરને લઇ ઉઠવામાં એકકા હતા, કોઈ વખત આપ શરીઅતથી બિલાફ થયા નથી. આપે આપના ફરઝંદ મુલ્લાં રાજને ઇલમ આપી તૈયાર કીધા. તે પછી તેમને અમદાવાદ વધુ ઇલમ માટે હઝરતે આલીયામાં મોકલ્યા. ત્યાં આપ ઇલમમાં એક્કા થયા. મુલ્લાં આદમ સાહેબને ખુદાતઆલાએ દીન અને દુનિયાની દોલત આપી હતી. તે પછી આપના ફરઝંદ મુલ્લાં રાજસાહેબ આપના બાવાજીની ઇજાજત લઇ ફરી હઝરતે આલીયામાં ઇલમ વાસ્તે ગયા ને ત્યાં ઓલેામાઓ અને દાઈની બિદમત કરી પુરતું ઇલ્મ હાંસિલ કર્યું.

મુલ્લાં રાજ ઇબ્ને મુલ્લાં આદમ.

આપે અમદાવાદમાં રહી ઇલમ હાંસીલ કીધું. તે બાદ આપ અમદાવાદથી મોરબી પધાર્યા ને પોતાના બાવાજી મુલ્લાં આદમ સાહેબની બિદમતમાં રહ્યા. ત્યાર બાદ મોરબી

પર અમદાવાદના બાદશાહ ચઢી આવ્યા એટલે આપે મોરબી મુકી નગર વસાવ્યું. નગરમાં આપનું ફઝલ દિવસે દિવસે વધતું ગયું. ત્યાર બાદ નગરથી આપ પાછા અમદાવાદ હીજરત કરી ગયા. આપે આપના સાથે આપના ફરઝંદ મોલાઇ ઇસમાઇલને પણ લીધા અને અમદાવાદમાં સૈયદના દાઉદ બીન કુતુબશાહની હજરતમાં આવ્યા. આપે આપની ઝકાત ખુમસ વિગેરે જે સાથે લીધું હતું તે આપે અમદાવાદ જઈ સૈયદના પાસે રજુ કર્યું ને શરીયતના અમરને અદા કર્યો. બાદ સૈ. દાઉદે ફરમાવ્યું. તમોને કેટલા ફરઝંદ છે ? આપે જવાબમાં કહ્યું આજીઝને પાંચ ફરઝંદ છે. આ સાંભળી સૈયદનાએ ફરમાવ્યું કે જેમ તમોએ માલની ઝકાત અદા કીધી તેમ તમારાપર અવલાદની પણ ઝકાત અદા કરવી વાજીબ છે ને તે પાંચ ફરઝંદોમાં લાગુ થાય છે તેથી તમારા આ સાથે લાવેલા ફરઝંદ ઇસમાઇલને તમો અમને સોંપો. આ ફરઝંદની પેશાનીમાં નુર છે. આ વખતે મૌલા ઇસમાઇલની ઉમર ૧૨ વર્ષની હતી, પણ જોવામાં બાલેગુલ ખુબ્બાન જેવા યાને પુખ્ત ઉમરે પહોંચેલા જવાન જેવા દેખાતા હતા આપ નાની ઉમરથીજ ઇલ્મ પઢવામાં રાત દિવસ મહેનત કરતા. આવા ચાલાક ફરઝંદને મુલ્લાં રાજે સૈયદનાને સોંપ્યા બાદ આપને યાને મુલ્લાં રાજને સૈયદનાએ કરામત આપી વિદા કર્યા.

મોલાઇ ઇસ્મામાઇલજી બદરૂદીન બીન મુલ્લાંરાજ-જામનગર

આપને આપના બાવાજી સૈયદનાના હુકમ પ્રમાણે અમદાવાદમાં હઝરતે આલીયામાં ઇલ્મ વાસ્તે મુકી ગયા. ત્યાર બાદ આપે દીની ઇલ્મ લેવા માટે અઝહદ જેહમત ઉઠાવી ઇલ્મ હાંસિલ કર્યું ને દાઅવતની બિદમત કરી છેવટ દાઇના ફતબામાં કાયમ થયા તે દરમ્યાનના વખત સુધીનું થોડું જાણવાજોગ વૃતાંત આ નીચે છે.:—

સૈયદી ઇસમાઇલને તેમના બાવાજી મુલ્લાં રાજ હઝરતે આલીયામાં અમદાવાદમાં મુકી ગયા બાદ આપ ત્યાં રહ્યા. આપ રાતોના ઉજાગરા કરીને સબક તૈયાર કરતા અને ફજરમાં વહેલા ઉઠી નમાઝમાં હાજર થતા. આપનો એક કાનુન હતો કે જ્યારે આપ એક કિતાબ પુરી કરી બીજી કિતાબ શરૂ કરતા ત્યારે આપ પોતાના ઉસ્તાદને નજરાણા યાને સલામે ફાખીર હદીઓ કરતા. આ રસમ આપે ચાલુ કરી જે હાલ સુધી દીનદાર ને ઇલમના કદરદાનોમાં ચાલુ છે ને પોતાના બચ્ચાંઓના પઢાવનારને કુરબાન બતમ થતાં ઉસ્તાદને સલામ કરાવે છે ને જેને આફરીનું નામ આપવામાં આવેલ છે. આપને આપના બાવાજી મુલ્લાં રાજ સાહેબ નગરથી જોઇતી દરેક હાજત પુરી પાડતા ને દરેક કાગળમાં ઇલ્મની તેહસીલ માટે તાકીદ ફરમાવતા. આપ ઇલમમાં કમાલીયતને પહોંચ્યા ને આપે પહેલી હિજરતમાંજ પોતાના ઉસ્તાદ જેટલું ઇલમ મેળવ્યું. બાદ આપ અમદાવાદથી નગર આવ્યા ને નગરમાં આપની શાદી થઈ. બાદ આપને ખુદાએ ફરઝંદ ઇનાયત કીધા. તે પછી આપ પાછા અમદાવાદ ઇલ્મ વાસ્તે આવ્યા. આપનો કાનુન હતો કે, આપ વરસના આઠ મહિના અમદાવાદ રહેતા અને ચાર મહિના નગર રહેતા. આ વખતે અમદાવાદથી જામનગર આવવાની ઘણીજ તકલીફ હતી, રસ્તામાં લુંટફાટનો ભય હતો છતાં ખુદાના

ફકરાથી આપ આસાની સાથે જતા ને આવતા. આટલી મુશ્કેલીઓ વેઠીને પણ આપે યાને મોલાઇ ઇસમાઇલજીએ ઇલ્મની દોલત પ્રાપ્ત કરી દીનનો શાહી રૂતબો મેળવ્યો.

રિવાયતમાં છે કે, એક દિવસે આપ સૈયદના ઇસમાઇલિજીએ આપના ફરઝંદ મોલાઈ અબ્દુલતૈયબ ઝકીયુદ્દીન સાહેબને નસીહતના તોર પર અને આપે આ દાર્શના રૂતબાને કેટલી તકલીફ બાદ મેળવ્યો તેનું બયાન કરી ફરમાવ્યું કે:—

" અય બુનૈયા મા બલગતો, હાઝેહીર રૂતબતલલતી તનહતો અન ઝુરવતેહસ્સોયુફો વલાતરકા નહવા, કુમ્મતે હતોયુરો ઇલ્લા બાઅદલ ખીદમતે, લે જમાઅતીન, મીન હોદુદીહીને વ સબઅતીન મીનવોલાતીલ ઓમુરે, વલમ કાનતીલ અમવાલો તનદ્દો બીલ ઇનફાકે લનફેદત્ અમવાલી વલમકાનતીલ અમ્સાલો તતઝાઅફો રીતહસીલીલ ઓલુમે વતકલીરીલ એમાદાતે વતાઆતે લકાનત તતઝાઅલો અમ્સાલી ".

અર્થ:—એ મારા પ્યારા ફરઝંદ ! આ રૂતબાની ઉચાઇ પર ન પાણીનો ઝરો રહી શકે, ન તેની ટોચ તરફ પક્ષિઓ ઉડી શકે. યાને તે ઉંચા રૂતબાના સાહેબો સાત દાઇઓ અને દીનના હુદુદોની મેં ખીદમત કરી દુઆએ ખેર લીધી ને આ રૂતબો મેળવ્યો; અને જો ખુદાની રાહમાં અને હકના દોઆતોની સેવા કરવામાં દોલત ખુટી જતી હોત તો મારી દોલત ખુટી ગઇ હોત, અને ઇલ્મ તેહસીલ કરવામાં ને ખુદાની તાઅત કરવામાં માણસ દુબલો થઈ જતો હોત તો હું પણ દુબલો થઈ ગયો હોત.

અગર ઉપરની બન્ને બાબતો ઇનસાન લઈ ઉઠે તો તેને કંઇજ નુકસાન થતું નથી. આપે ઉપર બતાવેલ બન્ને દાખલાઓનો અમલી ઉપયોગ કર્યો છે.

૧. આપ સૈયદી ઇસમાઇલજીએ પોતાની જાત મહેનતથી અમદાવાદમાં સૈયદના દાઉદ બીન કુતુબશાહથી સૈ. પીરમાન શુજાઉદ્દીનના વખત સુધી ખીદમત કીધી યાને સાત દાઇના વખત સુધી ઇલ્મના તેહસીલ માટે આપ જામનગરથી આવતા ને જતા. આ વખતે રસ્તામાં લુંટારૂઓનો ત્રાસ તેમજ મુશ્કેલ રસ્તાઓ હતા છતાં આપ તે દુઃખોની પરવા કર્યા વગર મુસિબતો સહન કરીને પણ ઇલ્મ તેહસીલ માટે જતા ને પાછા આવતા.
૨. આપના વાલીદ મુલ્લા રાજસાહેબ દાઅવતના કાનુન મુજબ ઝકાત અદા કરતા અને આપને કોઇ પણ ચીઝની હાજત થતી તે આપ અમદાવાદમાં પુરી પાડતા. આપ હિમ્મત ને ભરોસાના પુરા હતા, તે વિષેનો એક જાણવા જોગ બનાવ બન્યો છે તે એ છે કે:—

એક વખત નગરમાં અમદાવાદથી એક શરાફ સંઘ લઇ આવેલ, કેટલાક વખત બાદ તે શરાફ પાસે ખર્ચી ખુટી. રૂપિયા મેળવવા તેણે તજવીજ કરી, અજાણ્યા મુસાફરને અંગઉધાર પૈસા ધીરવાની કોઇએ હામ ભીડી નહિ, તેથી તે મુશ્કેલીમાં આવ્યો એટલામાં તે શરાફને કોઇએ ખબર કરી કે અહિં મુલ્લા રાજસાહેબ નામના વિશ્વાસુ મુલ્લા છે ત્યાં તમો જશો તો તમારૂં કામ થઈ જશે. બાદ મજકુર શરાફ આપ પાસે આવ્યો ને રૂા. ૮૦૦૦)

આઠ હજાર રૂપિયાની માગણી કરી. આપે તે શરાફના કોલ પર વિશ્વાસ રાખી તરતજ આઠ હજાર રૂપિયા કરજેહસના કાઢી આપ્યા અને તે શરાફ પોતાને વતન સંઘ લઈને રવાના થયો ત્યાં ગયા બાદ તે શરાફ મુદતસર આપને રૂપિયા મોકલી શકયો નહિ.

આ શરાફ મૂળ અમદાવાદનો રહીસ હતો. આ વખતે દાઅવતે હાદીઆના માલીક સૈયદના કાસમ ઝૈનુદ્દીન ક. રૂ. સાહેબ હતા. આ શરાફ સૈયદના પાસે રૂપિયા માંગતો હોવાથી દેવડી ઉપર પોતાના મહેતાજીને ઉઘરાણી માટે મોકલી સૈયદનાને તંગ કરતો હતો જ્યારે સૈયદી ઇસમાઇલિજી નગરથી અમદાવાદ ઇલ્મ માટે પોતાના કાયદા પ્રમાણે આવ્યા ત્યારે એક મહેતાજીને દેવડીના દરવાજા પર બેઠેલા જોઈ પુછયું. કે, તમો શા વાસ્તે અહીં બેઠા છો ? મહેતાજીએ જવાબમાં કહ્યું. તમારા મુલ્લાંજીની દેવડી પર આજ ત્રણ દિવસ થયાં બેઠેલો છું. તમારા કરતાં વધુ પૈસાવાલા આવે જાય છે, પણ કોઇ મુલ્લાંજીનું દેવું પટાવી મને ઉઠાડી શકતું નથી ને વળી આજ તમો પુછો છો કે શું કામ બેઠા છો ? જો તમને માઠું લાગતું હોય તો અમારા લેણા રૂપિયા આપી દો. હું નાણા લીધા વિના અહીંથી હરગીઝ જનાર નથી ત્યારે આપે પુછયું તારા શેઠનું શું નામ છે ? ને તે કયાં રહે છે ? મહેતાજીએ તે શરાફનું નામ બતાવ્યું. આ નામ આપના બાવાજી પાસેથી જે શરાફે જામનગરમાં રૂપિયા લીધા હતા તે હતું તેથી આપે તરત તેને ફરમાવ્યું કે, તે શેઠ તો અમારા આસામી છે, ચાલો બતાવો. તેઓ કયાં રહે છે ? તરતજ આપ મજકુર શરાફના મકાનપર ગયા ને મલ્યા. શરાફ આપને જોઇ ઘણોજ શરમાયો ને પોતે જે વાયદો કરી રૂપિયા મોકલવાનું કહેલ હતું તે પ્રમાણે ન વર્તી શકવાથી ઘણીજ આજીજી કરવા લાગ્યો ને કહેવા લાગ્યો કે, હું ઘણોજ બદકિસ્મત થઇ ગયો છું તેથી આપને રૂપિયા મોકલવા બિલકુલ ભુલી ગયો છું ને મારી ચાહું છું. તે બાદ તેણે આપના આવવાના ખબર અંતર પુછયા, વિવેક ભરી વાતો કરી, અને આજથી આપ અમારા મહેમાન છો, મારી મહેમાની કબુલ કરો વિગેરે ઘણી તરેહની આગતાસ્વાગતા કરવા લાગી ગયો. ત્યારે આપે ફરમાવ્યું હું ગઈ કાલે આવેલ છું ને તમારા મહેતાજી અમારા મુલ્લાંજી સાહેબના દરવાજે બેઠેલ હતા તેને પુછી વાકેફ થયો છું કે તમો અમારા સૈયદના પાસે રૂપિયા માગો છો ને તે વસુલ કરવા માટે દરવાજા પર એક મહેતાજીને બેસાડેલ છે તેથી અને તમારી આવી સખત ઉઘરાણી ને તકાજાથી મને ઘણોજ રંજ થયો છે તમારા લેણાં રૂપિયા વસુલ કરવા તમો આ પ્રમાણે અમારા મુલ્લાંજી સાહેબ કે જે દુનિયાના દુઃખભંજન છે તે ઉપર આવો સખત તકાદો કરો છો તો બેશક. અમારા રૂપિયા જે તમારા પાસે લેણા છે તે અમારા મુલ્લાંજી સાહેબના ખાતામાં જમા કરી અમારા ખાતે ઉધારી તેની પહોંચ કરી આપો અને બાકીના આવી જશો.

આ પ્રમાણે આપ તે શરાફ પાસેથી પહોંચની રસીદ લઇ સૈયદનાની હઝરતમાં આવ્યા ને સૈયદનાને સલામમાં શરાફ પાસેથા લીધેલી પોંચની રસીદ આપી. સૈયદના પોતા તરફથી ૮૦૦૦) આઠ હજાર રૂપિયા ભરેલી રસીદ જોઈ ઘણાજ ખુશ થયા ને આપે આપની ઓલાદ વાસ્તે ખુદાની જનાબમાં દુઆએ ખેર ફરમાવી. ત્યાર બાદ આપ સૈ. ઘણાજ ખુશીમાં રહેવા લાગ્યા. શરાફની સખતાઇ બંધ થવાથી આપની બ્યાધી દુર થઇ ને

આપ ઘણાજ ખુશ થયા. તે બાદ આપે સૈયદી ઇસમાઇલજીને કીતાબુલ મસાએલુસ્સબઉન શરૂ કરાવ્યો. આ કિતાબ પુરો થયા પછી આપને હદીસત માને શેખનો રૂતબો મળ્યો. આપે આ પ્રમાણે દાઅવતની ખીદમત કરી તેના બદલામાં છેવટ સૈ. શુજાઉદ્દીન પછી આપ દાઅવતે હાદીઆના તખ્તપર બિરાજ્યા. આપના વડવાઓ એક બાદ એક હક પર કાયમ રહી શરીઅતના દરેક અમરને લઈ ઉડતા તેના બદલામાં ખુદાતઆલાએ આપ સૈયદી ઇસમાઇલજીને દાઅવતે હાદીઆનો **દાઇ**પણાનો ઉંચો રૂતબો બક્ષ્યો.

આપ સૈયદના પીરખાન શુજાઉદ્દીન પછી દાઅવતે હાદીઆના તખ્ત પર બિરાજ્યા. આપે દાઅવતનો કારોબાર શરીઅત પ્રમાણે ચલાવવા માટે, મુમેનુનને રાહેરાસ્ત પર લાવવા અને શરીઅતે ગરરાના એહકામો મજબુત કરવા ગામેગામ કાગળો લખ્યા, કાસિદો મોકલ્યા ને દરેક જગ્યાના મોમિનીનને શરીઅત પ્રમાણે ચાલવાની તાકીદ દીધી. દાઅવતના રસ્તાને શરીઅત મુજબ જરી કરવા તાઈદ કીધી. આગળના વખતમાં જેમ મુનાકેકનનું જોર હતું ને દીની ઓમુરો પાળવામાં તકલીફો પડતી તેવું આપના વખતમાં નહોતું. કોઈ તરેહની બીક ન હોવાથી આપે દરેક જાતના ઇલમના દરવાજા ખુલ્લા મુકયા ને તાલેબુલ ઇલમ વાસ્તે જમણના સફરાની રસમ જરી કરી, જે સફરાની રસમ નગરમાં તેમજ સુરતમાં હમણાં સુધી ચાલુ છે. (આ વખતે એક એવી રસમ હતી કે મોમિન ભાઇઓ પોતાની ઉમેદ બર લાવવા મિન્નત માનતા ને આ પ્રમાણે કહેતા. " અગર મારી ઉમેદ બર આવશે તો હું પાંચ, સાત કે એકવીસ તાલેબુલ ઇલમને લિલ્લાહ જમાડીશ). આ પ્રમાણે આપે રસમને જરી કરી, તેમજ તાલેબુલ ઇલમને ઇલમ ઉપરાંત આપ માલી મદદ પણ કરતા. કહેવાય છે કે તે વખતે આપે તાલેબુલ ઇલમ માટે એક લાખ મહમુદી સિક્કા ખર્ચ્યા હતા અને ઇલમના ફેલાવવા માટે આપે ઘણીજ કોશિષ કરી દરેક જગ્યાએ મદ્રસાઓ ચાલુ કર્યા. લોકોને ઇલમ લેવાની પુરતી હોંશ બતાવતા ને ઇલમ લેનારાઓ માટ આપ દરેક સગવડ કરી આપતા.

હુજુમીયા ફીરકો—સૈયદના પીરખાન શુજાઉદ્દીનના વખતમાં યુસુફ નામના શખ્સે દાઇનો દાવો કરી હુજુમીયા નામનો નવો ફીરકો ઉભો કર્યો હતો, તે ફીરકાના ત્રાજા સંચાલક તરીકે અહમદ હતો. તે અમદાવાદમાં મોમિનોને ઘણુંજ દુઃખ દેતો હતો, તેથી તે વખતના અમદાવાદના વાલી મુલ્લાં, મુલ્લાં શમસખાને તે અહમદને હી૰ ૧૦૬૬ મા બોલાવી નસિહત ફરમાવી કે, એ એહમદ ! તું સમજ કે જાન એક બેમુલી જવહર છે, માટે તમારા જનને ઓળખો ને તેની સમજ ન પડતી હોય તો હકના ધણી પાસે જઈ ઓળખો. કારણ કે તેઓ અને હુદુદો માઅરેફતના સાહેબો છે. તમારૂં શરીર બાકી ઘોડો છે, એ ઘોડા પર બેસી તમારા બેમુલી જાનને બરાબ ન કરો ને ખુદાને ન ભુલો. કયાં જાન ને કયાં શરીર? કયાં પુલ ને કયાં ધૂળ ! દરેકને મોત આવનાર છે. તમારી હયાતીનો દીવો મંદ પડતો જાય છે અને તમે કંઇક મોમિનોને તારી બીદ્અતમાં ફસાવવાથી બાજ રહે. શયતાનની હવા નફસીમાંથી મોહને કાઢી ખુદા તરફ વળ. ભલા ! તમારો ખ્યાલ કયાં છે ? એવું કદી બન્યું છે ? કે શયતાનની તાબેદારી કરી

નાજી બની શકાય છે. શયતાને કંઇકને ગુમરાહ કરી નાંખ્યા છે, તે ગુમરાહીનો નતીજો જહન્નમ છે. ભલા ! તમોને બની ઇસરાઇલના વખતનો કિસ્સો યાદ છે ? શયતાને આબીદને કેવી રીતે છેતર્યો અને તે આબીદની ૨૦૦) બસો વરસની ઇબાદત એક ઘડીમાં પાણીમાં મેળવી દીધી. એ એહમદ જુઓ ! જે આબીદે ૨૦૦) વરસ ખુદાની ઇબાદત કરી, તે તેના મતલબને મેળવી શકે તે પહેલા એક ઘડીમાં શયતાને તેને ગુનેહગાર બનાવી દીધો. તે હિકાયત તને યાદ તો હશેજ. અગર તેં ન સાંભળી હોય તો તે તને સંભળાવું તેથી તું ઇબ્રત લે. તે નીચે મુજબ છેઃ—

એક વખત શયતાન આબીદના વેશમાં આબીદ બરસીસામને ત્યાં ગયો ને ત્રણ દિવસ સુધી વગર બોલાવીએ તે શયતાન તેને ત્યાં બેસી રહ્યો; અને બરસીસામને તો રોજ આવાનું જોઇતું હતું, ને આ શયતાન ખાતો નહિ તેથી બરસીસામને લાગ્યું કે મારા કરતાં આ આબીદની ઇબાદત વધુછે કે તેને બોલાવાની પણ દરકાર નથી. આ ઉપરથી બરસીસામ પેલા નવા આબીદના વેશમાં આવેલા શયતાનની લાલચમાં ફસાયો ને કહ્યું એ આબીદ ! મને તમારા જેવું બનવું છે ત્યારે શયતાને કહ્યું. અરે ! તે તો ઘણું સહેલ છે. આ બરસીસામ આબીદ ઇબાદતમાં એટલા આગળ વધેલા હતા કે તેના ૬૦૦૦૦) જેટલા ચેલાઓ ઇબાદતના સબબ પાણી ઉપર ચાલતા. તેવા ચેલાના ઉસ્તાદ પણ શયતાનના ફરેબમાં આવી ગયા. શયતાને આબીદ બરસીસામને કહ્યું. "પહેલાં આપ ખૂબ ગુનાહ કરો, તે પછી ખુદાને ડરી ઇબાદત કરો એટલે ખુદા જરૂર મારી આપશે". આ વાત બરસીસામ આબીદને ગમી તેથી શયતાનને પુછ્યું. પહેલાં કયો ગુનોહ કરૂં ? શયતાને કહ્યું. પહેલાં તમે શરાબ પીઓ. શયતાનની આ સલાહ માની બરસીસામે શરાબ પીધો. આથી તે આબીદને શરાબનો નશો ચડ્યો ને નશામાં તેણે ન કરવાનાં કામો કર્યાં ને ખુન પણ કર્યું. તેના સબબ તેમને ફાંસીની સજા થઇ. ફાંસીના માચડા પાસે લઈ જતી વખત શયતાને આબીદને કહ્યું. એ આબીદ ! ન ગભરાઓ. હું બેઠો છું, જ્યારે ફાંસીએ ચઢશો ત્યારે હું એક રીત બતાવીશ એટલે તમે છુટી જશો. તે બાદ ફાંસીનો વખત નજીક થયા ત્યારે શયતાન આવી કહેવા લાગ્યો કે જો મને **સજદો** કરો તો તમો હમણાં છુટી જશો. આથી આબીદે એવકુફી કરી ને ખુદા સિવાય કોઇને સિજદો કરવો હરામ છે તે કોલને ભુલી જઈ તેણે તે શયતાનને સજદો કર્યો. ત્યારે શયતાને કહ્યું. એ આબીદ ! હું આજ ૨૦૦) બસો વરસ થયાં તારા પર મારા પેચ લડાવતો હતો પણ મારૂં કામ પાર પડતું નહોતું. મહામહેનતે આજ તમે મારા સપાટામાં આવી ગયા. પહેલાં શરાબ પીધો, પછી ઝીના કરી કાજીર બન્યા ને છેલ્લે મને સજદો કરી કાફીર બન્યા ને મારા કાબુમાં આવ્યા. જા, હવે તું જાણ ને તારૂં કામ જાણે.

એ એહમદ ! આ વાત ઉપરથી ધડો લે આ પ્રમાણે તમો પથ્થરની કિશ્તી બનાવી તરવા માગો છો તો હરગીઝ નહિ તરી શકો. તમો તથા તમારા સાથે સવાર થનારા બધા ડુબશો. આ વિષે એક કવિએ નીચે મુજબ કહ્યું છેઃ—

લોભી ગુરૂ, લાલચુ ચેલા, દોનો ખેલે દાવ,
દોનો સાથમેં ડુબ મરે, પથ્થરકી કી નાવ.

ઉપર કહેલી શયતાન અને આબીદની હિકાયત સાંભળી એહમદે અરજ કરી કે, સૈ. મને શેખ બનાવી હદીયતનો રૂતબો બક્ષે તો હું તમારા કહેવા પ્રમાણે તમારા દાયરામાં શામીલ થાઉં. જો કે હું તે રૂતબાને લાયક નથી પણ ઇન્તેઝાર કરનારો છું. આપે કહ્યું. તમો દાઅવતુલ હક તરફ તમારા દિલને ઇખલાસથી રજુ કરો તે વાત ઘણીના હાથમાં છે. તે તેને સહેલી છે યાને તમો તમારા અઅમાલમાં કોશિષ કરો, દિનના કામમાં ઇખલાસી રાખો, ઇન્શાઅલ્લાહ ખુદા બહેતર કરશે. તે ખુદા પાસે હર ચીઝનું મીઝાન છે તે તમને બક્ષશે. હું કઇ રીતે મીઆદ કરૂં ? તે કંઇ મારા હાથમાં નથી. તમારા કામોથી મૌલાનાના દિલમાં તમારા તરફનું જે ખુલાસાનપણું છે તે ખુદા દુર કરે અને તમારી તાઅત ને મારી શીફારસ ને શફાઅત ખુદાનો ઇરાદો હશે તો કબુલ થશે. આ પછી એહમદે અરજ કરી કે આપ મારો જે ઇરાદો છે તે સૈયદનાની હજુરમાં પહોંચાવો ને સૈયદના શું જવાબ આપે છે તે મને કહેજો. આ વાતચીત પછી અમદાવાદના વાલી સૈયદી શમશખાને સૈયદના પર એહમદનો જે ઇરાદો હતો તે સંબંધી વીગતવાર કાગળ લખી કાસીદ સાથે જામનગર સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન ઉપર રવાના કર્યો. કાસિદે તે કાગળ જામનગર મોલાનાની હજુરમાં પેશ કર્યો, આપે તે કાગળ વાંચી વળતો જવાબ તેજ કાસિદ સાથે રવાના કર્યો. તેના જવાબમાં આપ મોલાએ ફરમાવ્યું કે:—

" એઅલમુ અન્ના દીનના હાઝા દીનુન્ મતીનુન્ લાયસલહો લહુ ઇલ્લા અહલો ઇખ્લાસીન્ વચકીનીન વહાઝેહીલ્લતી યતલે એોહા હેયા દરજતુલ મુત્તકીન્ વમનઝેલતુલ ઓલમાઇલિ મુરતકીન લસતો ફી અમરેહા લેઅહદીન મીનલખલ્કે એવાએદીન વદ્મીન. ફમન આમના વતકા ફઇનલ્લાહા લાયોદીઓ અજરલ મોહસેનીન્.

અર્થઃ—જાણો કે ચોક્કસ અમારૂં મજબુત દીન છે. જે ખાલીસ ને યકીનના લોકો માટે સગવડતા ભરેલું છે અને આ રૂતબો કે જે રૂતબાને એહમદ તલબ કરે છે તે રૂતબો તો માત્ર ખુદાથી બિનારા અને દરજે ચડનારા ઓલોમાઓ માટે છે. જે અમરમાં હું ખલકતમાંથી કોઇને પણ વાયદો કરી બંધાતો નથી. જે શખ્સ ખુદાનું ઇમાન લાવ્યો અને ડર્યો તે શખ્સને તેનો બદલો ખુદાતઆલા આપશેજ. એહસાનના કરનારનો બદલો ખુદાતઆલા કોઇ વખત જાએ કરશે નહિ.

એ ભાઇ ! તમો જાણો કે, અમારૂં દિન મજબુત દિન છે. આ દિનમાં યકીન અને ઇખલાસના લોકો સિવાયના લોકોને ગમશે નહિ. તમો એહમદના હદીયતના રૂતબા વિષે લખો છો તે તો ઇખલાસ તથા યકીનના લોકો કે જે મુત્તકી છે તેને માટે છે તેનો હદીયતનો રૂતબો ખુદ રફીક બનશે યાને હદીયતનો કે મકસુદીયતનો રૂતબો કંઇ પૈસાથી કે સિફારસથી નથી મળતો તેમ તે બેઇલમ લેભાગુને નથી મલી શકતો પણ ઇખલાસ, યકીન ને ખુદાની તકવાથીજ પ્રાપ્ત થાય છે. ખુદા ફરમાવે છે કે:—

" વયુઅતા કુલ્લા ઝી ફદ્લીન ફદ્લહુ ". યાને દરેકને પોતાના ફદ્લનું ફઝલ મળે છે. (દઆએમુલ ઇસ્લામ) હજી ખુદા ફરમાવે છે કે, " યરફઉલ્લાહુલલઝીના આમનુ મીનકુમ વલ્લઝીના ઉતુલ ઇલ્મા દરજાતુન. ફહાઝેહી દરજાતુલ ઇમાન ". યાને ખુદાતઆલા એવાઓને દરજ્જામાં ઉંચા કરે છે કે જેઓ ઇમાન લાવ્યા ને ઇલ્મને મેળવ્યું. પછી આજ બન્ને ઇમાનના દરજ્જા છે. નહિ કે, લેભાગુ, બેઇલમ, ઇમાનનો નાકીસ દરજ્જામાં ઉંચાઇનો દાવો કરે કે લાલચ રાખે. જેને ઝેર ઝબરનું ભાન નથી, તહારત કે હરામ હલાલનું જ્ઞાન નથી તેવાઓ બન્ને દરજ્જાને લાયક નથી અને જેઓને ઉપરની આયત મુજબનું જ્ઞાન છે તેઓને ખુદ ખુદાએ દરજ્જે આપી દીધો છે. પછી કોની મગદુર છે કે તે દરજ્જાને કોઈ છીનવી લે.

સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબ ફરમાવે છે કે, હદીયતના રૂતબા મરદે મુત્તકીના રફીક (દોસ્ત) છે. આલીમ મુત્તકી દરજ્જામાં ચઢના-ની એ જરૂર છે. એજ મિસલ ખુદા ને ખુદાના રસુલે મકબુલની સુન્નત છે કે, જે શખ્સ ઇમાન લાવે, તકવા ને તોબાના પાણીથી નહાય તો ખુદા મોહસેનુનના સવાબના ઝીમ્મેદાર છે. અમારા મીઆદની શું જરૂર છે ? પૈસાથી કે બોટી હાંજી હાં થા રૂતબા મળે નહિ પણ ઇલ્મ ને અમલે સાલેહાતથીજ તે મળી શકે છે.

હવે જ્યારે સૈયદના ખુદ રૂતબા આપવા માટે ખુદાની મદદની જરૂર જુએ ને ઇલ્મ પડી લાયક થએલા ને અમલી કામ કરનારાઓજ દાઅવતે હાદીઆના રૂતબા મેળવવાને લાયક થાય છે એવાં કલામ કહે તોપછી એ ભાઇ ! તમે સમજો કે, ખુશામત ને ભલામણથી મેળવેલ મહાનાઇના લોકો અને લાલચથી મેળવેલ મરતબાવાળાઓ ખુદાના દીનને મજબુત કરવાને બદલ દુનિયાની લાલચમાં ફસાઇ દીનની બરબાદી કરે છે ને નકરવાના કામો કરે છે, તેવા શખ્સોને હદિયતનો રૂતબો કેમ મળે ?

આ પ્રમાણે સૈયદનાનો કાગળ મોલાઈ શમશખાન ઉપર આવ્યો જે કાગળ આપે એહમદને બોલાવી વાંચી સંભળાવ્યો. આથી એહમદ રૂતબો મેળવવા માટે નાઉમેદ થયો. ત્યારે મોલાઈ શમશખાને ફરમાવ્યું કે તમો નાઉમેદ ન થાઓ. તમો ખુદ તૌબા કરો, અમલે સાલેહાત કરો ને ખુદાની તકવા રાખો તો ખુદબખુદ રૂતબો આવી જશે. તેમ હું પણ સીફારસ કરીશ. બાદ એહમદે જવાબ આપ્યો, સારૂં. તમો બરાબર કહો છો; પણ તમો મારા મિસાકના વાલી બનજો, હું આવતી કાલે મિસાક આપીશ. આજનો દિવસ સારો નથી, આવતી કાલે ફીદવી હાજર થઈશ ત્યારે આપ મારો મિસાક લઇ બાદમને મમનુન કરજો. આટલી વાતચીત બાદ એહમદ મો. શમશખાન પાસેથી રવાના થઇ પોતાના મકાન પર ગયો, ત્યાં આવી પોતાના લોકોને બોલાવ્યા ને મોલાઇ શમશખાન સાથે થએલ કુલ હકીકત તેમને કહી સંભળાવી ને કહ્યું કે, જો હું મોલાઇ શમશખાનના કહેવા પ્રમાણે ચાલું તો મારા જાન વાસ્તે નજાતી છે. ત્યારે તેના સાથીદારોએ તે વાતથી તેને દુર રહેવા કહ્યું. એટલે તેની વાત માની એહમદ નજાતીના રસ્તાથી દુર થયો ને આવેલી બાજી હાથથી ગુમાવી બેઠો. ત્યાર બાદ એહમદના બીજા સાથીદારોએ એહમદ બાદ તે હુજુમીઆ પીરકાના વાલી બનનાર નુરમોહમ્મદને ઘોલકાથી બોલાવ્યો ને તેને કહ્યું કે, " એહમદ તૌબા કરી મૌલાઇ શમશખાનના હાથ ઉપર નજાતીના દરવાજામાં દાખલ થાય છે ને હુજુમીઆ પીરકાની રિયાસત તમારા હાથથી જશે, વાસ્તે જો તમારે આ પીરકાના વાલી બનવું હોય તો આ હલવો કે જેમાં

ઝહેર મેળવેલું છે તે તેને ફાતેહાને બહાને ખવડાવી દીએા. આ વાત માની નુરમોહમ્મદે તે પ્રમાણે કર્યું ને એહમદ તે ઝહેરની અસરથી મરણ પામ્યેા અગર એહમદે ખૈરના કામમાં તાખીર ન કરી હેાત તેા જરૂર તે ઝહેરથી બચી હકના રૂતબાને પ્રાપ્ત કરી શકત. આ એહમદના મરણ બાદ નુરમોહમ્મદ કાયમ થયેા તે પણ ગાંડેા થઇ ગયેા ને થેાડાજ વખતમાં મરણ પામ્યેા. તે પછી તે હુજુમીઆ પીરકાના વાલી તરીકે ઇબ્ને દાઉદ કાયમ થયેા. આ દાઉદના વખતમાં હુજુમીઆ પીરકામાં ઝઘડા આવવા લાગી ને રફતે રફતે સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીનના વખતમાં સઘળા હુજુમીઆ પીરકાવાળાઓની જમાતવાળા દાઅવતે હાદીઆમાં આવી ગયા ને સૈયદનાની કેાશિષના સબબ હુજુમીઆ પીરકાનેા સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીનના વખતમાં અંત આવ્યેા.

રિવાયતમાં છે કે, હી૰ ૧૦૬૬ માં સૈયદના ઇસમાઇલજી સાહેબ બિમાર થયા, આપની બિમારી સખ્ત થઇ તેથી આપના ફાઝીલ હુદુદેાએ આપ પછી કાયમ મનસુસનેા સવાલ કીધેા આ સવાલ સાંભળી આપ ખામેાશ થઈ ગયા. ત્યાર બાદ એક રાત પસાર થઈ બીજી સવારે આપે સઘળા હુદુદેાને બેાલાવી રૂબરૂ હાજર કર્યા ને સઘળાના રૂબરૂ આપે ફરમાવ્યું કે તમેાએ ગઇ કાલે મારા મનસુસનેા જે સવાલ કર્યેા હતા તેની ફીકરમાં હું હતેા, પણ આજે રાત્રે ઈમામીઝમાન મારા ખ્વાબમાં આવ્યા અને ફરમાવ્યું કે, એ ઇસમાઇલ ! તમેા બેફીકર રહેા. તમારા પછી અમારા નાયબ તમારા ફરઝંદ ઝકીયુદ્દીન છે. આપે ફરમાવ્યું કે, મારા આકા ! મારા ફરઝંદ હાલમાં બાલક છે. તે દાઅવતે હાદીઆના બેાઝને ઉઠાવી નહિ શકે. ત્યારે ઇમામે ફરમાવ્યું, હા. જરૂર તેજ બેાઝના ઉપાડનાર થશે અને ખુદાની કુવ્વતથી જરૂર તેના હાથ પર દાઅવતે હકની ચડતી થશે. આ વખતે સૈયદી ઝકીયુદ્દીન સાહેબની ઉમર ૨૮ વર્ષની હતી ને ઉપલા બનાવ અને બિમારી પછી આપ ૧૯ વરસ જીવ્યા. બાદ આપે હી૰ ૧૦૭૬ માં સૈયદી ઝકીયુદ્દીનને ઉદેપુર વાજેબાત વાસ્તે મેાકલ્યા, તે સાથે આપના બીજા ફરઝંદ કલીમુદ્દીનને પણ મેાકલ્યા. આ વખતે કલીમુદ્દીન સાહેબની ઉમર ૧૮ વર્ષની હતી. આપના નાનાએ આપને હદીયતના રૂતબા બક્ષેલા હતા. સૈયદના ઝકીયુદ્દીન શહેરે શાબાનની તા. ૪ થીએ ઉજ્જેન પહેાંચ્યા. આપે ઉજ્જેનમાં વાજેબાતની રસમ જારી કરી. તે બાદ આપ દખણ પધાર્યા. પહેલાં બૈરગુન, બુરહાનપુર, હૈદરાબાદ, બીજાપુર, શાહગર, રાકસભેાન ને ઔરંગાબાદ થઇ પાછા બુરહાનપુર, હરદા, બેાખરા, સીરેાંજ, જહાંબાદ, નથનગર ગયા. અહીંથી બેાલાઇ હસનજી બ્બને બેાલાઈ શમશબ્બાનને ઉજ્જેન રવાના કર્યા ને આપ પાછા ઉદેપુર પધાર્યા. ત્યાંથી રામપુર આવ્યા. અહિં બેાલાઇ હસનને ઉજ્જેનથી બેાલાવ્યા ને ફરમાવ્યું કે, નગરથી મારા મૌલા હુજુર પુરનુરે મને યાદ કીધા છે તેથી મને જવું જરૂર છે. ત્યારે બેાલાઇ હસન સાહેબે કહ્યું કે, સાહેબ ! ઉજ્જેનના લેાકેા આપના ઇન્તેજારીમાં છે. આપે ફરમાવ્યું. હું લાચાર છું. મારા મૌલાનાના હુકમ મુજબ મને નગર જવું જરૂરી છે. શહેરૂલ્લાહ નજદીક આવ્યા છે વાસ્તે તમેા ઉજ્જેન જાઓ અને હું નગર જઇશ. તમેા શહેરૂલ્લાહ બાદ દખણની વાજેબાત લઇ નગર આવજો. તે બાદ બેાલાઇ હસનજી અમર મુજબ ઉજ્જેન ગયા ને દખણની વાજેબાત લઇ નગર આવ્યા. આપ જ્યારે નગર પધાર્યા ત્યારે આપના આવવાના ખબરથી સૈ.

ઘણાજ ખુશ થયા ને આપે આપની પાઘડી બેાલાઈ હસનજીને આપી ને ઝહરૂલમઆની નામનેા કિતાબ પડવાની રજા આપી અને બેાલાઇ હસનજીની તરતીબ આપના ફરઝંદના ફરઝંદ કલીમુદ્દીન પછી રાખી જેથી બેાલાઇ હસન સાહેબે અરજ કરી કે સાહેબ ! હું બેઇલમ છું. આજીજની શું હેસિયત કે આપના ફરઝંદેા પાસે બેસું.

આ પ્રમાણે સૈયદના આલીમેાની કદર કરતા ને પેાતાના જેવા સમજી ઈજ્જત કરતા ને લાયકેાને લીધાકત પ્રમાણે દાઅવતે હાદીઆના કાનુન મુજબ મરતબાઓ આપતા તેમાં કેાઇ વખત ફરક આવવા ન દેતા. મરતબાની બેદકેામાં લાયકેાને લાયક જગ્યાએ બેસાડવામાં ખાનદાનીની પરવા ન કરતા. તે બાદ બેાલાઇ હસને આપ સૈયદનાને કહ્યું કે, " મનદાનમ કે મન આનમ ". હું જાણું છું કે હું કેવેા છું. યાને કમાલને પહેાંચ્યેા નથી. આપ સૈયદના બેાલાઈ હસનની આ તકરીરથી ઘણાજ ખુશ થયા ને ફરમાવ્યું. " અાલેકા ફદલુલ્લાહે યુઅતીહે મંયયશાએા વલ્લાહેા ઝુલ્ફદલીલ અઝીમ ".

અર્થ:—તે ખુદાનું ફઝલ ખુદા જેને ચાહે તેને આપે છે અને ખુદા મેાટા ફઝલનેા સાહેબ છે.

હવે જ્યારે દરેક દરજ્જામાં ખુદા જેને ચાહે તેને ઉંચા કરે તેા પછી તમારી કરામત વાસ્તે આ મમલુક આલેમેાહમ્મદને લાયકને કરામત દેવી વાજબ છે. તમેા સાહેબે માઅરેફત છેા. આપે કિતાબ " રીસાલતુલ તજકેરા " બનાવ્યેા છે. આપે સૈયદના કુતબુદ્દીન શહીદ તા. ૨૭ મી હીજરી ને તા ૧૦–૮–૧૬૪૬ ઇસ્વીમાં શહીદ થયા તે તથા સૈ. પીરખાન તથા સૈ. ઇસમાઇલ બીન મુલ્લાં રાજ તથા તેમના બેટા સૈયદી ઝકીયુદ્દીન સાહેબની તવારીખ લખેલી છે. આ પછી આપ સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબે બેાલાઇ હસનજીને ઉજ્જેનની અમાલતની તકલીદ આપી વિદા કીધા.

રિવાયતમાં છે કે, આપ સૈયદનાનેા કાનુન હતેા કે, આપ નીસ્ફીલ્લૈલ વખતે દરરેાજ ઉઠતા, નીસ્ફીલ્લૈલ અદા પડતા તથા સલાતુલલૈલ પડી સુબહેસાદીક સુધી તસ્બીહ કરતા તે પછી ફજરની નમાઝ પડી તાલેઅુલ ઇલ્મ યાને તલબતેાને બપેાર સુધી ઇલ્મ પડાવતા. તે પછી ઝેાહેાર ને અસરની નમાઝ બાદ મગરીબની આઝાન સુધી તલબતેાને સબક દેતા. આ પ્રમાણે આપનેા હમેશનેા કાનુન હતેા. આપ પાસે કેાઈ પણ સાઇલ આવતેા તેા તે સાઇલને તેના સવાલનેા બરાબર જવાબ આપતા તથા જરૂરતને આઝુરદાન કરતા. આપની સખાવત મશહુર છે.

આપ સૈયદનાને તા. ૧૮ જમાદીલ અવ્વલના રેાજ પાંસળીમાં દરદ થવા લાગ્યું. ઘણા ઇલાજ કરાવ્યા પણ દરદ ન મટ્યું. આપ બિમાર હતા તે વખતે આપની બરદાસ્તમાં ખુદ સૈયદી ઝકીયુદ્દીન હાજર રહેતા. રાત દિવસના ઉજાગરા કરીને પણ આપે આપના બાવાજીની પુરી ખીદમત કરી છે. આપના ઘરવાલાઓ કરતાં આપને આપના બાવાજીનેા ઘણેાજ સદમેા હતેા બલકે આપની આંખમાંથી આંસુ ન સુકાતા. આપ સૈ.

ઇસમાઇલજી પોતાના ફરઝંદ સૈ. ઝકીયુદ્દીનને પોતા પાસે બેસાડી નસીહત ફરમાવતા કે, બેટા ! મોત હક્ક છે. મોમિન વાસ્તે મોત રહેમતનો દરવાજો છે ને જન્નતની સીડી છે; દરેક જનને ખુદા તરફ જવાનું છે. આ પ્રમાણે રોજ નસિહત ફરમાવતા. તે બાદ હજી આપ ફરમાવતા કે, " મોત મોમિન વાસ્તે ખુશણ છે ". આ અરસામાં મોલાઇ હસનજી ઉજ્જેનથી આવી પહોંચ્યા ને હુજુરે આલીમાં આવ્યા. આપના આવવાથી સૈયદના ઘણાજ ખુશ થયા ને ફરમાવ્યું કે, એ હસનજી ! હવે દુનિયાથી અમારૂં અન્તેકાલ નઝદીકમાં છે, વાસ્તે ભાઇ ઝકીયુદ્દીનની મદદમાં રહેજો. તે પછી આપે પોતાના ફરઝંદની તરફ જોઈ કહ્યું કે, બેટા ! શેખ હસનજીના આવવાથી મને ઘણી ખુશી થઈ છે તેમ તમો પણ એમની નઝર રાખજો અને તમારા દિલની વાત હોય તે શેખ હસનજીને કહેજો. તે પછી સૈયદનાએ મોલાઇ હસનજીને ઉજ્જેન જવાનો અમર ફરમાવ્યો ને વસિયત કરી કે, હાં. અમારી જુદાઇથી તમોને રોતું આવે છે મગર ખુદા તમને કોઇ દિવસ ન રૂલાવે. એ હસનજી ! તમોએ દાઅવતની ખીદમત કરી તેથી તમારા મૌલા તમારાથી ખુશ છે. હવે તમો ઉજ્જેન જઓ ને શરીઅતના એહકામ લઈ ઉઠો. દરેકને શરીઅતના એહકામ શીખવજો તથા હર અમરમાં સબર કરજો. તે પછી સૈયદના ઝકીયુદ્દીનના ઇશારાથી મોલાઇ હસનજીએ તરતીબનો સવાલ કીધો કે હવે પછી તરતીબ શી રીતે છે ? આપે ફરમાવ્યું કે, " મારા પછી દાઅવતે હકના ગાદીના વારસ મારા ફરઝંદ ઝકીયુદ્દીન છે. તે તરતીબમાં સઘળાના અકેઝલ છે. તે પછી તરતીબમાં અબ્દુલવાહીદ, તે પછી હસનખાન બીન અબ્દુરરહમાન, તે પછી ઇદરીસ (જે યમનમાં છે), તે પછી ખાનજી બીન પીર, તે પછી મારા ફરઝંદ ઝકીના ફરઝંદ કલીમુદ્દીન છે, તે પછી એ હસનજી ! તમો છો. તે પછી મીયાં તૈયબજી, તે પછી શેખજી બીન ચાંદજી, તે પછી મારા ફરઝંદના ફરઝંદ શેખ આદમ છે. આ પ્રમાણે તરતીબ છે અને તેમાં હેરફેર કરવાનો હક્ક મારા ઝકીનો મારા બાદ છે. આ પ્રમાણે તરતીબોનો ખુલાસો કર્યા બાદ સૈયદનાએ મોલાઈ હસનજીને ઉજ્જેન જવા વિદા કીધા ને આપની પીઠ પર હાથ મુકી બરકતવંતા કીધા. વિદા વાસ્તે સૈયદના ઝકીયુદ્દીન તથા કલીમુદ્દીન નદી સુધી ગયા હતા. ત્યાર બાદ આપ મોલાઇ હસનજી ઉજ્જેન જવા માટે રવાના થયા.

અગાઉ આપ સૈયદનાને પાંસળીની બિમારી થઇ હતી તે વખતે આપ સૈયદી ઝકીયુદ્દીન ઉપર નસ કરી ચુકયા હતા. તે બાદ ખુદાના ફઝલથી આપ ૧૯ વરસ સુધી મોમિનીનના મૌલા તરીકે કાયમ રહ્યા છે. આપની ઉમર ૯૫ વર્ષની થઇ છે. આપના અંગવાંઓમાં કોઇ જાતની ઝઇફી આવી નહોતી આપે ઝઇફીમાં પણ શરીઅત જાળવવા માટે જીસમ પર પુરો કાબુ જાળવેલો હતો. જ્યારે આપનો અન્તેકાલનો વખત નઝદીક થયો ત્યારે આપે સઘળા હુદુદોને બોલાવી સઘળાના રૂબરૂ ફરીથી નસ્સેજલી કીધી. તે બાદ આપ તા. ૨૩ મી જમાદીલ આખર હી૰ ૧૦૮૫ માં જમનગરમાં વફાત થયા. આપ દાઅવતે હાદીઆની ગાદી પર ૧૯ વરસ ૮ મહિના ને ૧૫ દિવસ રહ્યા. આપનું લકબ બદરૂદ્દીન છે. ક. ૩.

૩૫. સૈ. અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન બીન સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન (૧૨. હિન્દ-જામનગર) નો ટુંક એહવાલ.

સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન પછી દાઅવતે હાદીઆની મસનદ પર આપના ફરઝંદ સૈયદના ઝકીયુદ્દીન બિરાજમાન થયા. આપે દાઅવતને ઇલ્મ, અક્કલ, રહેમત, હીલ્મ ને સબરથી ઝીનતદાર કીધી. પહેલું કામ આપે લોકોને ઇલ્મ લેવા માટે ને બચ્ચાંઓને ઇલ્મ પઢાવવા માટેનું હાથ ધર્યું ને લોકોને ઇલ્મ લેવા માટેની તાકીદ કીધી. હુજુમીયા પીરકના વલીએ અહદ વલી બીન દાઉદનો સાથી ખાન બીન હસન કે જેણે પીરખાન ચુન્નઉદ્દીનને દુઃખ દેવામાં કચાસ નહોતી રાખી તેણે તોબા કરી ને તે આપના હાથ પર દાઅવતે હાદીઆના હરમમાં દાખલ થયો તેમજ તેના સાથવાલાઓ પણ તોબા કરી હકની દાઅવતના હરમમાં દાખલ થયા.

રિવાયતમાં છે કે, સૈયદના ઝકીયુદ્દીન નાનપણથીજ પોતાના જાતને મશક્કત (મહેનત) માં રાખવાની કોશિષમાં રહેતા. આપ નાનપણથીજ રાતોની નમાઝોમાં મશગુલ રહેતા. આપ દાઅવતે હાદીઆના દાઈના રૂતબામાં કાયમ મુકામ થયા ત્યાર પહેલાં આપ તાલેબુનને ઇલ્મ પઢાવતા ને રાત દિવસ મહેનત કરી તાલેબુનને વધુ ઇલ્મ આપવાની કોશિષ કરતા. આપને નાનપણમાં આપના બાવાજી સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબે પહેલવહેલાં માલવા જીલ્લાની ત્રાજેબાત લેવા વાસ્તે મોકલ્યા ત્યાંથી આપ ખાનદેશ ને ત્યાર બાદ દખણ જીલ્લા તરફ તશરીફ લઇ ગયા હતા.

આપ દાઅવતે હાદીઆની મસનદ પર બિરાજ્યા ત્યારે હિન્દમાં ચારે બાજુએ આપના નામથી બશારતનામા લખાયાં હતાં. ત્યાર બાદ અમદાવાદથી કેટલાક રહીશો આપને અમદાવાદ ને દારૂલ મુકામ બનાવવા માટે આમંત્રણ કરવા આવેલ હતા તેઓની અરજને કબુલ કરી આપ અમદાવાદ પધાર્યા. રસ્તામાં આપે સિદ્ધપુરમાં કેટલાક દિવસનો મુકામ કર્યો ને જામનગરમાં વાલી તરીકે આપે આપના ફરઝંદ કલીમુદ્દીનને રાખ્યા.

હી૰ ૧૦૮૫ જીલહજની તા. ૯ મીએ આપ દાઇ તરીકે પહેલવહેલા અમદાવાદ પધાર્યા ને અમદાવાદને પોતાનું દારૂલ હીજરત બનાવ્યું. આપે અહીં શાદી કીધી છે. આપે અમદાવાદમાં રહેવાનું મુકરર કરેલ હોવાથી ત્યાંના રહીશો ઘણાજ ખુશ થયા ને હક માટે શરીઅતના દરેક અમરને ઉઠાવવા લાગ્યા. પચીસ વર્ષ બાદ આપે અમદાવાદને **દારૂલ અમાન** બનાવ્યું. આ દારૂલ અમાનમાં જે કોઇ મોમિન દાદ વાસ્તે આવે તેને કોઇ પણ જાતનો ખોફ નહોતો, કે કોઇ જાતની તકલીફ ન પડતી, ગમે તે વખતે મોલાનાની મુલાકાત લઇ શકાતી, કોઈ પણ દાદનો ચાહનાર બેખોફ દાદ મેળવી શકતો. દરેકની અરજ પર પુરતું ધ્યાન અપાતું, કોઇ પણ જાતની ફરીઆદનો બંને પક્ષને સંતોષકારક રીતે ઇનસાફ મળતો ને દરેક જગ્યાએ અમાન હતું. યતિમો, બેવાહોની પુરતી સંભાળ થતી ને તેઓમાંથી દાદના ચાહનારને તેના દાદનો પુરો જવાબ મળતો. આ પ્રમાણે આપ

મૌલાએ અમાન (દરેક જાતનો આસરો) અમલમાં મુકી ખરેખર દાઉદ અમાનજ બનાવ્યું હતું. કોઇ પણ જાતનો ખોફ કે બીકનું નામ નીશાન નહોતું. કોઇ પણ મોમિન ગરીબ કે તવંગર દરેકને સરખી રીતે ઇનસાફ મળતો.

આપ સૈયદનાને પણ દરેક રીતે અહીં અમાન હતું ને આપના હિલમના સબબ દિવસે દિવસ દાઅવતની ચઢતી થતી ગઇ. આગળના દાેઆતોને જે દુઃખો ને તકલીફો અહીં ભોગવવી પડી હતી તેમાંનું તે વખતે કંઇજ નહોતું. દરેક જગ્યાએ અમાન હતું. આપે અહીં મદ્રસાઓ ચાલુ કર્યા તેમાં દીની તથા દુન્યવી તમામ જાતના ઇલ્મની પઢાઈ શરૂ કરી. આપ દર જુમેરાતે મજલીસ બેસતા. મુમેનીન ને મુમેનાતને દીની ઓલુમ સંભળાવી શરીઅતને મજબુત કરતા ને દરેકને જમણો જમાડી જમણની અદબો બતાવતા, યતિમો માટે કપડાનો બંદોબસ્ત કરી આપતા વિધવાઓના ગુજરાન (કુતબશરી) નો બંદોબસ્ત કરી આપતા. આપ કોઇ પણ હાજતમંદને નીરાશ ન કરતા. આપે આ પ્રમાણે દાઅવતનો કારોબાર ખુબી સાથે ચલાવ્યો ને દાઅવતને મજબુત કીધી.

હી૰ ૧૦૯૧ રબીઉલ અવ્વલની તા. ૧૫ મીએ આપે કુલ જમાઅતને બોલાવી મજલીસ ભરી ને સઘળાના દેખત આપે આપના ફરઝંદ મુસા કલીમુદ્દીન પર નસ કરી કલીમુદ્દીનનો લકબ આપ્યો ને આપના નાના ફરઝંદ શેખ આદમ સફીયુદ્દીનને મુકાસીર બનાવ્યા. આ પ્રમાણે નસની જાહેરાત દરેક શહેરોમાં મોકલવામાં આવી ને યમન પણ રીસાલત રવાના કીધી. આ વખતે શેખ આદમ સાહેબ ઉજ્જૈન હિદાયત આપવા તથા વાજેબાત (ઝકાત) લેવા વારતે ગએલા હતા ને ઉજ્જૈનના આગેલ મોલાઇ હસનજી ઉપર તે રીસાલત પહોંચી કે તરતજ મોલાઇ હસનજીએ મજલીસ ભરી સૈયદનાની રીસાલત સંભળાવી ને શેખ આદમને મુકાસીરના ફતબાની મુબારકબાદી આપી. ત્યાર બાદ શેખ આદમ સાહેબ ત્યાંથી રવાના થઇ દખણ તરફ પધાર્યા, ત્યાંથી આપ બેરગુન પધાર્યા સાથે દિવાન તરીકે મોલાઇ હસનજી સાહેબ હતા. ત્યાંથી બુરહાનપુર આવ્યા ને ત્યાંથી ઔરંગાબાદ ને એહમદનગર તશરીફ લઇ ગયા ત્યાંનું કામ બખલાસ કરી આપ પાછા ઔરંગાબાદ થઇ બુરહાનપુર આવ્યા. તે પછી આપ હરદા, સીરોંજ, બોખરા, સારંગપુર ને શાહજહાંપુર આવ્યા ને ત્યાંથી પાછા ઉજ્જૈન પધાર્યા. આપે ઉજ્જૈનમાં મદ્રસો સ્થાપ્યો ને ઇલ્મની નહેર જારી કરી. આપ મોમિનોને કેળવણી આપવા માટે તન મન ને ધનથી મદદ કરતા. ને લોકોને હિદાયત દેતા કે ભાઇઓ ! તમો પણ તમારા માલને તાલેબે ઇલ્મ વારતે ખરચો. આપને ઇલ્મ પઢાવવાનો બહુજ શોખ હતો. આપ હર વખત કુરઆને મજીદની દલીલોથીજ બહેસ કરતા અને ફરમાવતા કે, દુનિયાની દરેક હાલત ભુત, વર્તમાન ને ભવિષ્ય કાળની દરેક ખબર ને દરેક નેઅમતો ખુદાએ પોતાના કલામોમાં વર્ણવેલી છે.

એક વખત એક ભાઇએ સવાલ કીધો કે, સાહેબ ! બિમારોને બિમારીના સબબથી પરહેઝી કરવાનું ડાકટરો કહે છે ને હલાલ ચીજોને હરામ કરે છે, તેનું બયાન કુરઆન શરીફમાં છે ? આપે ફરમાવ્યું. હા. જુઓ ! પાણી હોય છતાં તૈયમમુમ કરવા ખુદાએ

હુકમ ફરમાવ્યો છે તે દલીલ ઉપલા બિમારને પણ લાગુ પડે છે. તે પછી આપ ઉજ્જેનથી રામપુર, ઉદેપુર, વાગડ, ગોધરા, વાલાસીનોર વિગેરે ગામોમાંથી વાજેબાત લઇને તા. ૨૭ મી જમાદીલઉલા હી૰ ૧૦૯૩ માં અમદાવાદ પધાર્યા, સાથે મોલાઇ હસનજી પણ હતા. આપના આવવાથી સૈયદના ઝકીયુદ્દીન ઘણા ખુશ થયા.

આ પ્રમાણે દાઅવતે હાદિઆનો કારોબાર શાંતીથી ચાલી રહેલ છે. દિનબદિન દાઅવતના બોલબાલા છે, તેવામાં વળી પાછા કોઈ ફસાદીએ અમદાવાદના હાકિમને પોતાની ઇઝ્ઝત વધારવાની લાલચે હાકીમ નઝદીક જઈ ચુગલી કરી કહ્યું કે, "કોમે બવાહીરના મુરશીદ ઘણા માલદાર છે અને તે પોતાની કોમમાં બાદશાહ જેટલી હકુમત ચલાવે છે" આ વાત સાંભળી હાકીમને પોતાની સત્તાનો ઘમંડ આવ્યો ને દિલમાં હસદની આગથી જલવા લાગ્યો અને સિપાઇઓને હુકમ કર્યો કે વોહરાઓના મોટાઓ અને તેમના મુરશીદને પકડી કેદ કરો. આ વાતની સૈયદનાને ખબર પડી કે તરતજ આપ નગર તશરીફ લઇ ગયા ને સહીસલામત નગર પહોંચી ગયા. આપે નગર જઈ ઘણી લાગવગ ચલાવી તથા મોમિનીન ભાઇઓને છોડાવવા કેટલોક માલ મોકલ્યો પણ કોઇ તદબીર કામ ન લાગી, પણ ઉલટો હાકીમ છેડાયો ને જે રઇસ ફેકોલાઓને કેદ કર્યા હતા તેમની સાથે સખ્તાઇથી વર્તવા લાગ્યો ને તેમના ગલામાં ઝંજીર પહેરાવી શાહ ઔરંગજેબ પાસે ઔરંગાબાદ સખ્ત પહેરા સાથે રવાના કર્યા.

આ વખતે દુશમનો તરેહ તરેહના મોમિનો પર ઇલઝામ લગાવતા, જુલમ કરતા ને હાકીમને ઉલટા સુલટું સમજાવી મોમિનોને કેદ કરી દુઃખ દેતા હતા તેવામાં વળી કોઈ બદમઆશે શાહ ઔરંગઝેબને અરજી કરી કે, અમદાવાદમાં "દાઉદી વોહરા કોમ" ના બે કુબ્બા છે ત્યાં તેમના મુરશીદોની ઝીયારત કરવા આવનારાઓ તેની ઝીયારતમાં મક્કા તથા મદિના જવા જેટલું સવાબ સમજે છે. આ ખબર વાંચી શાહ ઔરંગઝેબ એકદમ ગુસ્સે થયો ને તરતજ ઓર્ડર કર્યો કે, "તે બંને કુબ્બાઓ તોડાવી નંખાવો" આ શાહી હુકમથી અમદાવાદના હાકીમે બંને કુબ્બાઓને તોડાવી નાંખ્યા તેમજ કેટલાક ભાઇઓના ઘરોને કડીઓ લગાડી, કબરોની ઝીયારત બંધ કરાવી. અગાઉ જાફરના વખતમાં કમાલખાન એહદીએ જે પ્રમાણે મોમિનો પર જુલમ કર્યો હતો તેજ પ્રમાણે આપના વખતમાં મોમિનો પર જુલમ થવા લાગ્યો. દુશમનો મોમિનોને લાઅનત મલામત ને ગાળગલોચ કરવા લાગ્યા ને રમઝાન મુબારકના રોઝાઓ જબરદસ્તીથી છોડવાની ફરજ પાડતા, ઇદના દિવસે રોઝા કરાવતા કે જે બંને બાબતો શરીઅત પ્રમાણે હરામ છે તેવાં કામો કરાવવાની જબરદસ્તી વાપરતા. મસજીદોમાં પોતાના પેશઇમામોને ગોઠવ્યા અને જો કોઇ મસજીદમાં જમાતની નમાઝમાં હાજર ન થાય તો ચાબુકના માર મારતા તે પણ એવી સખ્ત રીતે મારતા કે તેના સબબ લોહી વહેતું. જનાઝાની નમાઝ પણ તેમનાજ પેશઇમામ પઢાવતા અને મોમિનો પાસે શરીઅત જે કામોની મનાઇ કરતું હોય તેવાં કામો કરાવવાની ફરજ પાડતા કે જે દીને મોહમ્મદીમાં ગેર જાયઝ છે. ઇમામ હુસેનની મજલીસો બંધ, હુસેનનું બયાન બંધ, મોહર્રમમાં ગમે હુસેન ઘરમાં કરવો પણ બંધ. આ

પ્રમાણેના હુકમો શાહ ઔરંગઝેબના વખતમાં અમદાવાદના હાકેમો તરફથી નીકળતા ને તેઓ મોમિનો પર સખ્તાઇ કરતા. હજારો રૂપિયા દંડ તરીકે વસુલ કરતા, શરીઅત વિરૂદ્ધના કામો જબરદસ્તીથી કરાવી દીનથી બેદીન પોતે બનતા ને મોમિનોને અનેક રીતે સતાવતા છતાં ભાઇઓ તે બધું પોતાના મઝહબ ઇસ્લામ ખાતર, હકની ખાતર સહન કરતા.

આ અરસામાં દુશ્મનોને ખબર પડી કે, વોહરાઓના મુરશીદ નગર રવાના થઈ ગયા છે, એટલે વેરની વસુલાત માટે કેટલાક મુશરેકુન નગર પહોંચ્યા ને સૈયદનાને પકડવાની કોશિષ કરી ને એકાએક તેઓ સૈયદનાના મકાન પર ત્રીક કરીને પહોંચ્યા, તેઓ દેવડીમાં ગયા ત્યાં સૈયદનાને જોઈ પુલાવા લાગ્યા ને કહેવા લાગ્યા કે, " અંતે આપણે કરેલી મહેનત સફળ થઈ ". હવે આપણી મુરાદ બર આવશે વિગેરે. પરંતુ જેનો ખુદા નીગેહબાન છે તેને દુશ્મનો હજ્જર તકલીફો આપે, ગમે તેટલા સતાવે કે દુઃખ આપવાની કોશિષ કરે છતાં તેને ઉની આંચ પણ આવતી નથી. તેજ પ્રમાણે સૈયદનાને પકડવા આવનારા દુશ્મનોએ પોતાની જાલસાઝીમાં થાપ ખાધી ને સૈયદનાને બદલે કોઇ બીજા ભલતા આમાણીને પકડી લીધો ને તેને પકડી ગયા. જ્યારે આપ સૈયદના તો ખુદાના અમાનમાંજ છે.

આ વખતે ઔરંગઝેબની શાહીને તોડવા માટે શીવાજી બહાર પડી ચુકયો હતો. હિન્દુસ્તાનમાં ચારે બાજુએ નાની મોટી લડાઇઓ ચાલુ હતી. બાદશાહ ઔરંગઝેબને પોતાના મુલકનું રક્ષણ કરવા માટે ચારે બાજુએ લશકરો મોકલવાં પડતાં હતાં, જેના ઘણા દાખલાઓ ઇતિહાસોમાં મોજુદ છે. છેવટમાં મરાઠાઓ મુગલ શાહીપર ચડી આવ્યા ને મુગલ લશકરની હાર થવા લાગી. કારણ મુગલ લશકરીઓ અંધાધુંધી ઉપર ઉતરી જઈ લોકોને સતાવતા ને જુલમ કરતા. ને એબોફ હતા. આ વખતનો લાભ લઈ મરાઠાઓ મોગલ લશકર પર ચડી આવ્યા ને કેટલીક જગ્યા પર પોતે ગુમાવેલો મુલક પાછો સર કર્યો.

એહદી કમાલખાનના કેટલાક માણસો કે જેઓ સૈયદનાને નગર પકડવા માટે ગએલ તે ભલતા માણસને પકડી અમદાવાદ લઈ આવેલ પાછળથી તેને ખબર પડી કે, આ માણસ વોહરાના મુરશીદ નથી પણ કોઇ ભલતોજ માણસ છે, જેથી તે ઘણોજ ગુસ્સે થયો ને મોમિનોને સખ્ત રીતે સતાવવા લાગ્યો અને અમદાવાદમાંથી ૭૦ મોટા રઇસો તથા હુદુહોને પોતાની સાથે ઔરંગાબાદ લઇ ગયા, ત્યાં બધાને કેદખાનામાં પુર્યા, તેમાંથી કેટલાક ભુખ્યા ને પ્યાસા કેદખાનામાંજ વફાત થયા. આ વખતે તેઓ પર અજબ તરેહની મુસિબતો પડી છે, જેઓએ કદી દુઃખ અનુભવ્યું નહોતું તેઓ પર આવી તરેહનું સહન ન થઇ શકે તેવું દુઃખ પડવાના સબબ બેહોંશ થઇ ગયા, કેટલાકો સબરને ધખ્તાર કરી ખુદાની ઇબાદત કરતા ને શુક્ર સિવાય પોતાની જબાન પર શીકવો ન કરતાં પોતાના દીન પર જનોને કુરબાન કીધા. આ લોકોની મુસિબત જાણે ઓછી હોય તેમ તે વરસ વરસાદ પણ ન થયો ને દુકાળ પડયો. એક બાજુ જુલમ, બીજી બાજુ સખ્ત દુકાળ, જંગલો વેરાન, કયાંએ ઘાસ ચારો કે અનાજનું નામ નીશાન નહિ, પાણીની તંગીના સબબ મોટાં મોટાં ઝાડો પણ સુકાવા લાગ્યાં અને હજારો માણસો ઠોરઢાંખર વિગેરે આ સખ્ત દુકાળના સબબ નાશ પામ્યા. એક બાજુ સખ્ત દુકાળ ને બીજી

બાજુ મરાઠાઓની જીતનાં સબબ બાદશાહ ઔરંગઝેબને ખોફ થયો કે રખેને ખુદાનો કોઈ અઝાબ મારા પર ઉતરે તેથી તથા દુકાળથી બચવા તેણે એક હુકમ બહાર પાડયો કે, "તમામ મુસલમાન ત્રણ દિવસ સુધી વરસાદ તલબ વાસ્તે જંગલમાં જાય ને ખુદા પાસે દુઆ માગે ". હુકમ પ્રમાણે બધા મુસલમાનો જંગલમાં ગયા ને દોઆ કરી પરંતુ વરસાદનું એક ટીપું સરખું એ આવ્યું નહિ. આથી એક શખ્સે બાદશાહને કહ્યું કે તમો કેવા બેઅક્કલ છો. એક તરફથી તમો લોકો ઉપર જુલમ કરી તેમને સતાવવામાં જરાએ રહેમ ન બતાવો ને બીજી તરફ વરસાદ માટે ખુદાની રહેમતના તલબગાર બનો. ભલા તે કદી બને ખરૂં ? તમારા કેદખાનામાં કેટલાક એવા કેદીઓ છે કે જેના પર જુલમ કરવામાં રહેમતનું નામ નથી, અને તમો ખુદાની રહેમત વાસ્તે જંગલોમાં જઇ રહેમતની ઉમેદ રાખો છો. તો એ બાદશાહ ! પહેલાં કેદીઓને છોડો તેમના પર રહેમ ખાઓ ને તેઓને આજેજી કરી કહો કે, ખુદા પાક આપણી ઝમીન પર કરમ કરે ને વરસાદ વરસાવવાની દોઆ કરે. ખુદાતઆલા તેવા મઝલુમોની દોઆનો જરૂર જવાબ આપશે.

આ વાત પરથી બાદશાહે કેદખાનાના મઝલુમ કેદીઓને છોડી મુકયા ને તેઓને પરવરદિગાર પાસે વરસાદ તલબની દોઆ કરવાનું કહ્યું. શાહી હુકમ મુજબ સર્વે મઝલુમ કેદીઓ જંગલ તરફ ગયા. " ઇસતીસ્કા " (વરસાદ તલબ) ની નમાજ પડી ખુદાતઆલા પાસે તઝરરાના સાથ દોઆ કરી કે, " એ પરવરદિગાર ! એ બારીતઆલા ! અમો તારા ગુનેહગાર બંદા છીએ, તું ગુનાહનો માફનો કરનાર છે. અમો મઝલુમ છીએ, તું રાહતનો કરી આપનાર છે. આ વરસે દુકાળ છે. લોકો પાણી વિના તલમલે છે, કઈક જનવરો ભુખ્યા ને પ્યાસા ગુજરે છે તો એ બારીતઆલા ! તું રહેમ કર અને આ ગરીબ મોહતાજ મઝલુમોની દોઆનો જવાબ દે ને વરસાદને વરસાવ વિગેરે ". ખુદાતઆલાએ મઝલુમ કેદીઓની દોઆનો જવાબ આપ્યો ને તે દોઆના સબબ એટલો વરસાદ થયો કે નદી નાળાં ભરાઈ ગયાં. એટલો વરસાદ નહિ આવવાના સબબ ઘણાજ તંગ થઈ ગયાં હતાં ને જેઓનાં બાલબચ્ચાં ઢોરઢાંખર વિગેરે ઘણાજ ખરાબ હાલતમાં આવી પડયાં હતાં તે બધાં આ ખુદાતઆલાની મહેરથી ખુશ થયાં, કઇક દુઃખીઆના દુઃખો દુર થયાં ને ખુદાતઆલાનો શુકર કરવા લાગ્યાં. બાદ બાદશાહે બીજા કેટલાક મોમિનો જેઓને કેદખાનામાં રાખેલ હતા તે સર્વેને કેદખાનામાંથી તરતજ મુકત કર્યા ને ચારે બાજુ અમાન પથરાયું બાદ શાહી ફરમાન નીકળ્યું કે, 'વોહરા કોમ તથા તેના મુરશીદ સૈયદના સાથે દરેક માન તવાઝાથી વર્તે". તે બાદ આપ સૈ. જમનગર પધાર્યા ને દાઉલમકીન જમનગરને નક્કી કર્યું.

આપ અમદાવાદથી જમનગર તશરીફ લાવ્યા તે વખતે આપે કાડીયાવાડમાં સફર કરી ને ખંભાણીઆમાં મુકામ રાખ્યો. આપે ત્યાં એક મકાન પણ બનાવ્યું. જે મકાનના દરવાજાના આરસાક પર નીચે મુજબ એક લેખ અરબીમાં આપે કોતરાવેલ છે જે મકાન તથા દરવાજા પરનો લેખ હાલ સુધી મોજુદ છે, તે લેખ અશ શેખ ઇબ્રાહીમજી સૈરીએ પોતાની આંખથી જોઈ લખી લીધો છે જે અરબીમાં નીચે મુજબ છેઃ—

ازدزوادلا بسم الله الرحمان الرحيم
نصرمن الله و فتح قريب
فالله خير حافظ وهو ارحم الراحمين.
كتب بنا طيب ابن إسماعيل بن راج بن آدم
بن داؤد بن راجا بن داؤد بن على
بن اسحاق بن يعقوب بن بهارمل
فى التاريخ ٢٠ خنبالم
من شهر رجب سنـــــ ١٠٩٢ ﷺ
૫ ૧૭૪૧ જઠ વદ ૫

કેટલાક વખત બાદ આપ નગરમાં બિમાર થયા, સર્વે હુદ્દાને બોલાવ્યા ને સધળાના રૂબરૂ આપે આપના ફરઝંદ મુસા કલીમુદ્દીનને નસ્સેજલીનો અમર સોંપી દાઅવતે હાદીઆની અમાનતને અદા કીધી. તે બાદ આપ તા. ૧૨ જીલ્કાદ હીજરી ૧૧૧૦ ના વફાત થયા. આપ દાઅવતના માલી તરીકે કુલ ૨૯ વરસ ૪ મહિના ને ૧૮ દિવસ રહ્યા. આપનું મઝાર નગરમાં છે. આપનું લકબ ઝકીયુદ્દીન છે. ક. ૩.

1699

૩૬. સૈ. મુસા કલીમુદ્દીન ઇબ્ને સૈ. ઝકીયુદ્દીન (૧૩. હિન્દ–જમનગર) ની ટુંક ઝીકર.

અબ્બાસમાં છે કે, સૈયદના અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન પછી આપના ફરઝંદ કલીમુદ્દીન સા. દાઅવતે હાદીઆની મસનદ પર બિરાજ્યા. આપે દાઅવતના કાનુનો શરીઅતે ગરરાના એહકામ પર જારી કર્યા. આપ દિલના ઘણાજ હલીમ હતા. લોકોની હાજતો પુરી કરવાની આપને હમેશાં જીજ્ઞાસા રહેતી ને જે કોઇ હાજતમંદ આપની પાસે આવતો તેને સંતોષી તેની હાજત પુરી કરી વિદા કરતા. આપના વખતમાં લોકોની તંગી દુર થઇ હતી. આપના યારીદ્દિન તરીકે આપના ભાઈ સૈયદી શેખ આદમ સફીયુદ્દીન સાથેજ રહેતા. આપ ઇલ્મ, હીકમત, મારેફત ને ઓલુમમા પુખ્તા હતા. આટલું ઇલ્મ હોવાના સાથ આપનામાં એટલી નમનતાઈ હતી કે કોઈ પણ તાલેબુલ ઇલ્મ, ઇલ્મની ઉમેદમાં મીઝાન અજનાસનો કિતાબ પડવા માગતા તોપણ આપ તેને દિલના સાથ પડાવતા. જ્યારે આજના આલેમોનું વલણ તેથી ઉલટું જોવામાં આવે છે. અગર કોઇ સાહેબનો ઇરાદો થાય કે હું કિતાબ શીખું ને તે વિષે તે આલીમની પાસે જઈ શીખવાની માગણી કરે તો તરતજ કહેવામાં આવશે કે મીઝાન, અજનાસ તથા બીજા કિતાબ પઢીને આવજો. અહિં કંઇ મફતબખાનું નથી. (મીઝાન કિતાબ અરબી શીખનાર માટે શરૂમાં જેમ અલીફ બે શીખવાય છે તેમ શીખવાની જરૂર રહે છે). પરંતુ સૈયદી શેખ આદમ જેવા મરતબાના સાહેબ સૈયદનાના યારીદ્દિનનો ઉંચો મરતબો ધરાવનાર સાહેબ શીખથી કોઇ પણ તાલેબે ઇલ્મ પોતા પાસે ઇલ્મની તલબ વાસ્તે આવતો તો આપ ખુશીથી તેને તેની મુરાદ બર આવે ત્યાં સુધી પડાવતા ને દરેક રીતનો બંદોબસ્ત કરી આપતા ને દરેકની હાજતરવાઇ કરતા. કોઇને એમ ન કહેતા કે તમો મીઝાન શીખીને આવો.

આપ આપના મકાનમાં એક હસીર (ચટાઇ) ને પાણીની મટકી સિવાય વધુ અસબાબ ન રાખતા. જો કે આપની પાસે લાખો રૂપિયાનો ખઝાનો હતો છતાં આપે કોઇ વખત દુનિયા પરસ્તી કીધી નથી. આપ દેખાવમાં ઘણાજ આનંદી ને નુરાની ચહેરાના હતા. બોલચાલમાં ઘણાજ નરમી રાખતા કે જેથી સામેવાળાને આપના કલામ સાંભળવાનો શોખ પેદા થતો. આપ દરેકને તેના સવાલોના જવાબ દાખલા દલીલ સાથે આપતા.

એક વખત એક તાલેબે ઇલ્મે આપને સવાલ કર્યો કે:—

સવાલ:–" ખુદાને મોમિન પાછળ શયતાનને શા વાસ્તે લાગુ કરવો પડયો ? કે જે શયતાન હર વખત મોમિનને બરાબામાં ઉતારી ગુનાહમાં નાંખે છે ".

જવાબ:–" ખુદા (માઅબુદ) ને અબ્દ (બંદા) વચ્ચેનો બંદગીનો જે રસ્તો છે તે મજબુત થવા વાસ્તે. જેમ શયતાન બંદાને બંદગીથી રૂકાવટ કરે છે તેમ બંદો ઇબ્બાદતમાં વધુ પરોવાય છે ".

દાખલા તરીકેઃ—મશહુર કિસ્સો છે કે, જે વખતે મજનુન લયલાના ઘર પાસે જતો તે વખતે લયલા પોતાના કુતરાને મજનુન તરફ દોડાવતી, છતાં તે સાચો આશક તે કુતરાની પરવા કર્યા વગર લયલાના ઘરમાં જવાના પ્રયત્ન કરતો ને નીરાશ થઈ પાછો જતો. પરંતુ જ્યારે મજનુન કોઇ વખત ન આવતો ત્યારે લયલા બેચેન થતી આ જોઈ કોઇએ તેને પુછયું, "ભલા, જ્યારે મજનુન તારા ઘર પાસે આવે છે ત્યારે તું તેના તરફ તારા કુતરાને દોડાવે છે ને જ્યારે તે નથી આવતો ત્યારે તું બેચેન બની આમ તેમ ઠેકીયાં કરી તેની રાહ જુવે છે તેનું શું કારણ ? ત્યારે લયલાએ જવાબ આપ્યો, તે મારો સાચો આશક છે કે નહિ તે સાબીત કરવા હું તેની પરિક્ષા કરૂં છું. હવે જે માણસ આટલી મુસિબત વેઠવા છતાં મારી મોહબ્બત ન મુકે તેવા મજનુન વાસ્તે હું બેચેન કેમ ન થાઉં ? ખોટા ઇસ્કથી જાહેરમાં ખુવારી છે પણ ગણરી ઇસ્ક (સાચો ઇશ્ક) માં ઇજ્જત છે. આ જવાબથી તે સવાલ કરનારને સંતોષ થયો ને પોતાના દિલનો વસવસો દુર થયો. પાક મોહબ્બત તે આનું નામ.

આપ સૈ. મુસા કલીમુદ્દીનના ફરઝંદ સૈયદી નુરૂદ્દીન સાહેબ જ્યારે બાલીગ થયા ત્યારે આપના ભાઇ સૈયદી શેખ આદમ સાહેબે હુજુરે આલીમાં આવી અરજ કીધી કે આપના સાહેબજાદા હવે ઇલમમાં કમાલને પહોંચ્યા છે તેમજ અમલમાં પણ એકતા છે તો આ ફીદવીની અરજ છે કે સાહેબજાદા મારાથી તરતીબમાં ફોક (ઉંચા) બેસે કે જેથી લોકોને સારા કામો કરવાનો શોખ પેદા થાય. આ અરજ સૈયદનાએ કબુલ કરી સૈયદી નુરૂદ્દીન સાહેબને પોતાના હકીકી બિરાદરના ફોક તરતીબમાં બેસાડયા ને દરેક ઠેકાણે તે વિષેના બશારતનામાં પણ લખવામાં આવ્યાં. આપના વખતમાં લોકો અમાનથી રહેતા ને પરવરદિગારે મોમીનીનને આપની દોઆના સબબ રાહત ને બરકત આપી માલદાર કીધા. આપના વખતમાં લોકોમાં જુના રીવાજો જે શરીયત વિરૂદ્ધના હતા તે આસ્તે આસ્તે છોડાવી તેને બદલે શીરીયત પ્રમાણે નવા બંધારણો દાખલ કર્યા આપના વખતમાં શાહ ઔરંગઝેબનો ઇન્તેકાલ થયો ને તે ગાદી પર તેના દિકરા બહાદુરશાહ આવ્યો જે શીયા મઝહબ પાળતો હતો જેથી મોમિનીનને અમાન થયું.

આપના વખતમાં અલ્લામુઝ્ઝમાન યાને ઇલમમાં એક્કા મોલાઇ ખાનજીભાઈ ખીન પીરભાઇ હતા. આપ દાઅવતના હર કામમાં આપને મદદ કરતા હતા. મોલાઈ ખાનજી સાહેબની ઇલ્મી મદદથી જુદા લોકોને બહેસમાં શીકસ્ત મળતી અને ફીતનતીઓની ફીતનત પણ આપની ઇલ્મીયત અને હિદાયતના સબબ નાબુદ થઇ. આ રીતે આપ મોમિનીનના ખેરખ્વાહીના કામો લઇ ઉઠતા ને સઘળે અમાન સ્થાપતા તેવામાં આપ મોલાઇ ખાનના ફરઝંદ અલીભાઈ વફાત થયા. આ વફાતથી આપને ઘણો રંજ થયો અને આપે અમદાવાદ છોડી દીધું ને નગર આવીને રહ્યા. બાદ નગરમાં આપ હજરતે આલીયામાં આવ્યા ને કેટલોક વખત રહ્યા. બાદ સૈયદનાએ આપને ઉદેપુરની અમાલત સોંપી તેથી આપ જામનગરથી વિદા થઇ ઉદેપુર જવા તૈયાર થયા ને ઉદેપુર રહ્યા ને ત્યાંજ આપ વફાત થયા છે. આ અરસા પહેલાં મોલાઈ હસન ઇબ્ને શમસખાન તથા સૈયદી શેખ આદમ સફીયુદ્દીન સાહેબ તા. ૮ મી શહરે રજબ હી૰ ૧૧૧૪ માં વફાત થયા છે.

આપ સૈ. કલીમુદ્દીન સાહેબે તલબતોને કાગળ તથા કલમ આપવાની રસમ ચાલુ કરી જે આજ સુધી ચાલુ છે અને મહેમાનોને જમણ આપવાની રસમ પણ આપે ચાલુ કીધી જે આજે પણ દરેક જગ્યાએ મોમિનોમાં ચાલુ છે. આપ મહેમાનની કરામત અને જમાડવા સંબંધી હમેશાં લોકોને હિદાયત આપતા ને તેમની ખીદમત કરવાની રગબત બતાવતા, આપની કોશિષથી જ્યાં જ્યાં મોમિનોનો માટે ઝીયારતની જગ્યાઓ છે ત્યાં ત્યાં રહેવા ને જમણના સાધનો મોજુદ છે. આપનું નામ મુસાભાઈ ને લકબ કલીમુદ્દીન છે. આપના વખતમાં ઉદેપુરના રહીશ ભાઇ આદમ બીન અબ્દુલ્લતીફ જે મશહુર લેખક હતા તેમણે એક કિતાબ નામે "અલકલીમીય્યાહ" લખી આપ સૈયદનાને અર્પણ કરેલ છે.

સૈયદના કલીમુદ્દીન સાહેબના વખતમાં દાઅવતનો સીતારો તેજ હતો. દીનના લોકોની જાહોજલાલી પુરબહારમાં હતી. આથી કેટલાક હસદખોર લોકોને આપની અદેખાઇ થઇ ને જામસાહેબ તરફની વગ મેળવી મોમિનોને દુઃખ દેવાની શરૂઆત કરી ને સૈયદી નુરૂદ્દીનને પકડી કેદ કીધા અને ત્રણ લાખ મહમુદી દંડના લઇને સૈયદી નુરૂદ્દીનને છોડયા. તે પછી સૈયદના અને મોમિનીન ઉપર વધુ જુલમ થવા લાગ્યો એટલે આપે સૈયદી નુરૂદ્દીનને દાઅવતે હાદીઆના રતબા નરસેજલીયા બાસ કરી લીધા. આપને યાને સૈયદી નુરૂદ્દીનને ઘણો વખત કેદમાં રહેવું પડયું તેથી સૈયદના કલીમુદ્દીનને ઘણોજ સદમો પહોંચતો. જેમ યુસુફ નબીની ફીરાકીથી યાકુબ નબીને ઘણું દુઃખ થયું હતું તેમ સૈયદના કલીમુદ્દીનને સૈયદના નુરૂદ્દીનની ફીરાકીમાં ઘણુંજ દુઃખ અને સદમો રહ્યો. સૈયદના નુરૂદ્દીન હી૰ ૧૧૨૨ માં રબીઉલ અવ્વલ તા. ૨૧ મીની ફજરે કેદથી છુટી મકાન તરફ આવ્યા તેજ દિવસે એટલે ૨૨ મીની રાત્રે સૈયદના કલીમુદ્દીન હી૰ ૧૧૨૨ ઇસ્વી ૧૭૧૦ માં વફાત થયા છે. સૈયદના નુરૂદ્દીન સાહેબ આપના બાવાજીની ખીદમતમાં ફક્ત એક દિવસજ રહ્યા છે અને સૈયદનાએ સૈ. નુરૂદ્દીનને દાઅવતની ગાદી સોંપી જન્નતની રાહ લીધી. આપ સૈયદના નુરૂદ્દીને આપના બાવાજીને સૈયદના ઝકીયુદ્દીન સાહેબના કુબ્બામાં દફન કીધા. આપને આપના બાવાજીના ગુજરવા બાદ ઘણોજ સદમો રહ્યો પણ આપ અહલે-બૈતની મુસીબતોને યાદ કરી હમેશાં સબરને લાઝીમ રહેતા.

May 1710

આપ સૈયદના હી. ૧૧૨૨ માહે રબીઉલ અવ્વલની તા. ૨૨મીના રોજ વફાત થયા છે આપની દાઅવત ૯ વરસ ૫ મહિના ને ૨૦ દિવસ રહી છે. આપનું લકબ કલીમુદ્દીન છે. આપનું મઝાર જામનગરમાં છે. ક. ૩.

૩૭. સૈ. નુરમોહમ્મદ નુરૂદ્દીન ઇબ્ને સૈ. મુસા કલીમુદ્દીન (૧૪. હિન્દ-જામનગર).

રિવાયત અને અખબારમાં છે કે, સૈયદના કલીમુદ્દીન પછી દાઅવતે હાદીઆની મસનદ પર આપ સૈયદના નુરમોહમ્મદ નુરૂદ્દીન બિરાજ્યા. આપ તાલેબે ઓલુમને સફરામાં જમાડવા ખુદ હાજર રહેતા ને જમણની દેખરેખ રાખતા અને દરેકને તેમના દરજ્જા પ્રમાણે આપ ખુદ ઇલ્મ પઢાવતા ને દરેકની પરિક્ષા લેતા. સવાલ જવાબના તોર પર દરેકની ઇલ્મીયત જોતા. આપે ખુદાના વલીઓના ઉરસોપર સદકકલ્લાહ ને જમણની રસમ ચાલુ કીધી જે હાલ સુધી ચાલુ છે. આપના મદદગાર શેખ કાસીમખાન ઇબ્ને હમઝાભાઇને આપે માજુનનો ઇતબો ઇનાયત કીધો

રિવાયતમાં છે કે જ્યારે સ. પીરખાન શુજાઉદ્દીન કેદખાનામાં હતા અને દુશ્મનો ભુખ, પ્યાસ વિગેરે અનેક તરેહથી આપને ઇજા દેતા હતા ત્યારે રાતમાં ત્રીજે હિસ્સો બાકી રહેતો તે વખત એક નુરાની શખ્સ જમણ ને પાણી લાવી સૈયદના પીરખાનને જમાડવા આવતા. આ પ્રમાણે દરરોજ રાતે જમણ આવતું. આપની પાસે તે વખત કેદખાનામાં સૈયદી હસન ઇબ્ને મોલાઈ શમશખાન રહેતા હતા. તે કહે છે કે, " આ પ્રમાણે દર રાત્રે તે નુરાની શખ્સ કોણ આવે છે તે જાણવાની મને જીજ્ઞાસા થઇ. તે બાદ મેં બાઅદબ આપ સૈ. પીરખાનને પુછ્યું કે " સાહેબ ! આટલી મોડી રાત્રે આપને જમાડી જાય છે તે કોન સાહેબ છે ? સૈયદનાએ જવાબ આપ્યો. આ ખુદાના ફરીશ્તા છે કે જે પ્રમાણે ખુદા કુરઆને મજીદમાં ફરમાવે છે કે, " ફતમસ્સલા લહા બશરન સવીય્યા " કે તેણી વાસ્તે ફરીશ્તાએ બશરનો કામો ઇખ્તીયાર કર્યો યાને બીબી મરયમ હ. ઇસા અ. સ. ની માતાને ખુશ ખબરી આપવા જીબરઇલ બશર બની આવ્યા તેજ પ્રમાણે આ ફરીશ્તા બશર બનીને આવ્યા છે. તે અમારા પછી ત્રણ દાઇના બાદ ચોથા દાઇ દુનિયાની રાહનુમાઇ વાસ્તે આવશે. તેનું નામ નુરમોહમ્મદ હશે. જે પ્રમાણે રસુલે ખુદા સ. અ. એ મૌલાના ઇમામ બાકીર વાસ્તે ફરમાવ્યું હતું કે, 'અમારા નવાસાથી ત્રીજા વંશમાં મોહમ્મદ થશે તે બાકીર ઇલમની નદી જારી કરશે તેને અમારો સલામ પહોંચાવજો'. તેજ પ્રમાણે એ હસનજી ! તમારી ઉમર પણ લાંબી છે ને તે નુરમોહમ્મદને તમો અમારા સલામ પહોંચાવજો. આ પછી અમુક વરસ બાદ સૈયદી હસન સાહેબ ઉજ્જૈનથી નજર તશરીફ લાવ્યા ને હુજુરમાં સલામ વાસ્તે ગયા. આ વખતે સૈયદના ઘણાજ ખુશ હતા ત્યારે મેં આપ સૈયદનાને અરજ કરી ને ખુશીનો સબબ પુછ્યો કે મૌલા ! આજે આપના ચહેરા ઉપર ઘણી ખુશી છે. ખુદા આપને સદા ખુશીમાં રાખે. ત્યારે સૈયદના કલીમુદ્દીને ફરમાવ્યું, " ખુદાતઆલાના લાખ લાખ શુકર કે આજે હકતઆલાએ આજીજને ફરઝંદ ઇનાયત કીધું છે. તેજ રાત્રે મેં ઉંઘમાં સાંભળ્યું ને મને કોઇ પુકારી કહે છે કે, "એ કલીમુદ્દીન ! તમારા ઘરમાં નુરમોહમ્મદ પેદા થયા, તમને મુબારક થાય. આ સાંભળી હું ઘણો ખુશ થયો છું. મોલાઇ હસનજીને સૈયદના પીરખાન શુજાઉદ્દીનની પેશનગુઈ

(ભવિષ્યવાણી) યાદ આવી અને તેની અમાનત (સલામ) પહોંચાડવાની ઉમેદથી તે બચ્ચાને મંગાવ્યા ને તેને સૈયદના શુજાઉદ્દીનના બશારાતના કલેમા સંભળાવ્યા.

સૈયદના નુરમોહમ્મદ નાનપણથીજ ઇલમની રગબત રાખતા, આપ ઇલમના મસાએલના ચાહક હતા. એક વખત આપ તથા બીજા તલબતો સૈયદી કમીલુદ્દીનના હલકામાં સબક પડતા હતા તે વખત સાંભળનારાઓમાંના એકે સવાલ પુછ્યો કે, " મૌલા ! ઇમામોમાં સાત સાતના દૌર શું કારણસર મુકરર કરવામાં આવે છે ને તેનો શું સબબ છે ? " આ સવાલ સાંભળી સૈયદી સરીયુદ્દીને તેનો જવાબ દેવા સૈયદી નુરમોહમ્મદને ફરમાવ્યું. જેથી સૈયદી નુરમોહમ્મદે સવાલ કરનારને ફરમાવ્યું કે, " સાતની ગણત્રી કાઝીલ છે તેનું કારણ એ છે કે, તેમાં કરદે કામીલ (એકી) તથા જોજે કામીલ (એકી) આ પ્રમાણે સાતમાં બન્ને સમાયું છે અને ૩. દરેક એકીનો (ફરદ) પહેલો છે અને ૪. એકીનો (ઝવજ) પહેલો છે. આ એકી ને એકીમાં સાતનો જથ્થો છે અને એકથી સાત સુધી ગણતાં ૧–૩–૫–૭ એકી ને ૨–૪–૬ એકીનો કુલ સરવાળો કરીએ તો અરબી ભાષાના કુલ મુળાક્ષર ૨૮ થાય છે. આ ગણત્રી બીજી ગણત્રીમાં નહિ નીકલે. એજ સાતના આંકડા ઉપર ખુદાએ દુનિયાની હસ્તિ રચી છે. તેમજ દુનિયામાં તૌહિદના દેનારાઓમાં પણ સાત **મુખ્ય નબી** ખુદાએ મુકરર કર્યા જેના નામો—૧. આદમ. ૨. નુહ. ૩. ઇબ્રાહીમ. ૪. મુસા. ૫. ઇસા. ૬. મોહમ્મદ. ૭. કાએમુલકીયામા.

હવે રસુલે ખુદા ફરમાવે છે કે:—

" અલમુમેનો અખુલ મુમિન લેઅબીહે વઉમ્મેહી અબુ હોમન્નુર વઉમ્મહોમર રહમત ".

અર્થ:—મોમિન મોમિનનો એક બાપ અને એક માનો સગો ભાઇ છે ને તે બંનેના બાવા નુર છે ને તે બંનેની મા રહેમત છે. મોહમ્મદ નુર ને રેહમત વસી અલી છે. હવે મોહમ્મદના નામના હરફ. મીમ, હે, મીમ ને દાલ ૪ ચાર હરફ છે ને અલીના ઐન, લામ, યે ૩ હરફ છે. કુલ સાત થયા. આ પ્રમાણે સાતનો અદદ કાઝીલ છે, તેજ પ્રમાણે દુનિયાની દરેક વસ્તુમાં સાત સાત મળશે, તેમ શરીયતના બંધારણ પણ સાત પરજ નીરમાણ કર્યા છે જે નીચેના કોઠાથી સાબીત થશે:—

શરીઅત.

૧. વલાયત. ૨. તહારત. ૩. નમાઝ. ૪. ઝકાત. ૫. રોઝા. ૬. હજ. ૭. જેહાદ.

નજાતીના અઅમાલો—(જન્નત તરફ જવાના).

૧. ઇમાન ખુદાપર. ૨. ઇમાન ફરીશ્તાપર. ૩. ઇમાન કિતાબોપર. ૪. ઇમાન નબીયોપર. ૫. ઇમાન કયામતપર. ૬. ઇમાન નેકી બદીનું. ૭. ઇમાન મોતપર.

જહન્નમ તરફ લઇ જનાર.

૧. શીરકત. ૨. જાદુ. ૩. મોમિનનું કતલ કરવું. ૪. વ્યાજખાવું. ૫. યતિમનો માલ ખાવો. ૬. જેહાદથી ભાગવું. ૭. તોહમતનું મુકવું.

ન પરણી શકાય તે; કરાબતના સબબ.

૧. બેન. ૨. દીકરી. ૩. ફઈ. ૪. માસી. ૫. ભત્રીજી. ૬. ભાણજી ૭. મા.

ન પરણી શકાય તે; કારણના સબબ

૧. ધાવ. ૨. દુધની બહેન. ૩. સાસુ. ૪. રબીબ દિકરી. ૫. મર્દવાલી બાઈ. ૬. બે બહેન એકી સાથે. ૭. (ધાવ) દાયની દિકરી.

આ પ્રમાણે જો બીજા સાતના આંકડા મેળવવા ધારીએ તો ઘણા છે પણ લંબાણ થવાના ભયથી અત્રે આપેલ નથી. આ પ્રમાણે સૈયદના નુરૂદ્દીને તે સવાલ પુછનારને મશગર જવાબો આપી દંગ કરી દીધા.

બાદ આપ સૈયદના ઇલ્મુલઅદમ ને ઇલ્મુલ ખતના ચાહક હતા. આપ સારા દસ્ત-ખતવાળાઓની કદર કરતા એટલુંજ નહિ પણ આપ દરેક ઈલિમ ધરાવનાર સાહેબને મદદ કરતા, આપના વખતમાં કેટલાકો જેઓ બેઅદબ હતા તેઓને અદબદાર બનાવ્યા.

બાદ આપ આપના બાવાજી સૈયદના કરીમુદ્દીનની હયાતીમાં છેવટ સુધી ઝાલીમોના ઝુલ્મથી કેદમાં રહ્યા ને જ્યારે આપના બાવાજીના વફાત બાદ આપ દાઅવતે હાદીઆની મસનદપર બીરાજ્યા કે તરતજ આપ નગરને મુકી ધ્રોલ તશરીફ લઈ ગયા. ધ્રોલમાં ખુદાતઆલાએ આપને ફરઝંદ ઈનાયત કીધા તેનું નામ આપે અબદુલકરીમ રાખ્યું. આપની સાથમાં તે વખતે સફરમાં મુલ્લાં મુસાભાઇ તથા સૈયદી વજીહુદ્દીન હતા. આપ ધ્રોલમાં થોડા દિવસ રહ્યા. બાદ આપ વાંકાનેર પધાર્યા, ત્યાંથી મોરબી પધાર્યા ને મોરબીને આપે દારૂલ હીજરત બનાવી ત્યાંજ રહ્યા. આપે ત્યાં મદ્રસો તથા મસજીદ તૈયાર કરવાનો હુકમ ફરમાવ્યો. ત્યાર બાદ જામનગરથી સૈયદી બદરૂદ્દીન ઇબ્ને સૈયદી સરીયુદ્દીન તથા માજુન શેખ કાસીમખાન તથા તેમના ફરઝંદો શેખ હમઝાભાઇએ મોરબી વસાવ્યું. કેટલાક દિવસ પછી ધ્રોલથી સૈયદના નુરૂદ્દીનના બૈરો ભાઇ અબદુલકરીમને લઈ મોરબી આવ્યા.

મોરબીથી આપ સૈયદનાએ શેખ કાસીમને અમદાવાદ તથા શેખ હસન અરબીને યમન ને સૈયદના વજીહુદ્દીન તથા શેખ લુકમાનજી હબીબુલ્લાહને તેમના વતન તરફ રવાના કીધા. ત્યાર બાદ કચ્છ મોમિનો બહાર ગામથી મોરબી આવી વસ્યા, અને શેખ હકીમુ-દ્દીન મુલ્લાં બાનજી ઉજ્જૈનથી મોરબી આવ્યા. (આપને સૈયદના કલીમુદ્દીન શેખનો રૂતબો ઇનાયત કરી ચુકયા હતા). અને સાથમાં આપના બે ભાઇ હૈદરભાઇ તથા આદમ-ભાઈ પણ હતા અને મુલ્લાં હબીબુલ્લાહ બીન બાબુજી પણ હતા.

તા. ૧૪ જીલહજ હીં૰ ૧૧૨૪ ની સાલમાં આપ સૈયદનાએ તરતીબ નીમી. માજુન મોલાઇ કાસીમખાનને નીમ્યા ને મુકાસીરનો રૂતબો મોલાઈ અબદુલકાદર હકીમુદ્દીનને આપ્યો ને રાસુલહોદુદનો રૂતબો સૈયદી બદરૂદ્દીન ઇબ્ને સૈયદી સરીયુદ્દીનને સોંપ્યો. તે પછી બીજા આઠ શખ્સોને તરતીબમાં બેસાડયા. આ અરસામાં નગરનો ઝાલીમ હાકીમ મરણ પામ્યો ને તેની જગ્યાએ તેનો દિકરો આવ્યો. તે પ્રમાણીક હોવાથી તેને પોતાના બાપની ભુલ જણાઇ

તેથી તેણે સૈયદના નુરૂદ્દીનને સંદેશો મોકલ્યો કે, "આપ પાછા આપના વતન નગરમાં આવો, આપને માટે સલામતી છે". આ હાકીમના સંદેશાને માન આપી આપ સૈ. નગર તશરીફ લઇ ગયા. આપ જ્યારે નગર પહોંચ્યા ત્યારે રાજા સાહેબ પોતે આપના ઇસ્તિકબાલ માટે સામે આવ્યા. રાજા અને સર્વે મોમિનો હસી ખુશીના સાથે નગરમાં પધાર્યા આ વખતે આપને રાજાએ ઘણું માન આપ્યું. બાદ આપ નગરમાં અમાન સાથે રહ્યા. તે પછી આપે નગરમાં મોટી મસજીદ બનાવી. આપની પાસે સૈયદી હકીમુદ્દીન સાહેબ નગરમાં રહ્યા. મસજીદ બની તૈયાર થઇ એટલે આપે તે મસજીદનું નામ **"મસજેદુન નુર"** રાખ્યું. ત્યાર બાદ આપે સૈયદી હકીમુદ્દીન સાહેબને તેમના વતન જવાની ઇજાઝત આપી.

આપે નાના બદરૂદ્દીન સાહેબ યાને ઇસિમાઇલ બદરૂદ્દીન ઇબ્ને સૈયદી શેખ આદમ સરીયુદ્દીન ઉપર લોકોના મજમામાં નસને ફરમાવી તથા માજુનનો રૂતબો ઇનાયત કીધો. આપ પણ શરીઅતે ગરરાના બારીકમાં બારીક બંધારણને ખુબ માન આપતા.

ઝીકરમાં છે કે, એક વખત આપ સૈયદના કુરઆન શરીફનો દોર બીજા શાગીરદો સાથે કરતા હતા તે વખતે આપના ઘરના રસોડામાંથી આપના બૈરો એકદમ ઉતાવળા દોડી સામેના ઓરડામાં ગયા તે બીના આપે જોઇ. આથી આપને મલાલ થયો. તરતજ મજલીસ બરખાસ્ત કરી આપે પોતાની બૈરોને મહેર તથા કેટલોક માલ આપી તલાકનામું લખી બૈરોને છુટા કીધા ને બીજા બૈરો સાથે શાદી કીધી.

બાદ આપ સૈયદના નગરમાં કેટલોક વખત રહ્યા. તે પછી માંડવી પધાર્યા ને માંડ-વીમાં રાહતથી રહેવા લાગ્યા. ત્યાંના લોકોની ખિદમત ઠીક જોવામાં આવી તેથી આપે માંડવીમાંજ રહેવાનું પસંદ કર્યું બાદ આપે લોકોને ખબર આપી કે, "આ નુરૂદ્દીન દુનિ-યામાં હવે વધુ રહેશે નહિ". તે બાદ આપ એક દિવસ ઝીયારત વાસ્તે કચ્છસ્તાન પધાર્યા ત્યાંની કેટલીક જમીન ખરીદ કરી. તે બાદ આપે સઘળા આલેમો, ફાજેલો, હુદુદોને જમા કીધા અને સૈયદના બદરૂદ્દીન ઇબ્ને સૈયદી સરીયુદ્દીન ઉપર નસ્સેજલી કીધી. તે પછી આપે લોકોને પોતાની રહેલત સંભળાવી. જે દિવસ આપને ઇન્તેકાલ કરવાનું હતું તે દિવસ આપ રોઝદાર હતા. આપ તા. ૪ થી રજબ હીં૰ ૧૧૩૦ ના દિવસે આ આલમે-ફાનીથી આલમેબકા તરફ કુચ કરી ગયા. આપનું વફાત સાંભળી આપના બૈરોને ઘણોજ સદમો પહોંચ્યો ને તેજ સદમાના સબબ આપ પણ વફાત થયા. આપને ખુદાતઆલાએ બે ફરઝંદ ઈનાયત કીધા હતા. ૧. અબદુલ કરીમભાઇ, ૨. શેખ આદમભાઈ. સૈયદી અબદુલ કરીમભાઇ આઠ વરસના હતા જ્યારે શેખ આદમભાઇ ત્રણ વરસના હતા. આપના બાદ હીં૰ ૧૧૩૨ સફરની તા. ૬ ઠીએ સૈયદી અબદુલકરીમભાઈ સાહેબ વફાત થયા છે. સૈયદના નુરૂદ્દીન સાહેબની દાઅવત કુલ ૮ વરસ. ૨ મહિના ને ૧૦ દિવસ રહી છે. આપનું લકબ નુરૂદ્દીન છે. આપનું મઝાર માંડવીમાં છે. ક. ૩. આપની નસલનો સજરો બાજુના પેજ પર છેઃ—

૩૭. સૈયદના નુરમોહમ્મદ નુરૂદ્દીન બીન સૈ. મુસા કલીમુદ્દીન બીન સૈ. ઝકીયુદ્દીન બીન સૈ. ઇસ્માઇલ્શ અદરૂદ્દીન બીન મુલ્લા રાજસાહેબનો શજરો.
સૈયદના નુરમોહમ્મદ નુરૂદ્દીન-માંડવી.
અબ્બાસજી ભાઇસાહેબ શેખ આદમ મકીયુદ્દીન
અબ્દુલકાસીફ મીરાબાબા માહેબ
(ઇ.સ. ૧૫૫૭-૧૫૮૦).

૩૮. સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન ઇબ્ને સૈયદી શેખ આદમ સફીયુદ્દીન (૧૫. હિન્દ-જામનગર).

સૈયદના નુરમોહમ્મદ નુરૂદ્દીન પછી દાઅવતે હાદીઆની મસનદ પર આપ કાયમ મુકામ થયા ને શરીયતના દઆઇમની મજબુતી પર કમર કસી. આપ દરજ્જના ઉંચા હતા તેમજ આપનું ખાનદાન પણ ઉંચું ને નેક હતું. આપનો જનમ તા. ૨૮ જીલહજ હી૰ ૧૦૪૮ માં ઉદેપુરમાં થયો હતો, આપ નાની ઉમરમાંજ તહારતમાં, ઇકૃત (હરામથી બાઝ રહેવું) માં ને સફાઇમાં મોટા થયા હતા આપની સુન્નતશાદી ઉદેપુરમાંજ આપના વાલીદ સાહેબે આજુબાજુના ગામના મોમિનોને બોલાવી કીધી હતી. તે સુન્નતશાદીમાં આપના બાવાજીએ ગરીબોને બોલાવી જમણ જમાડયા, જેને આજ સુધી ઉદેપુરવાસીઓ યાદ કરે છે. આપના બાવાજી શેખ આદમ સફીયુદ્દીન સાહેબ ઇલમ અને સખાવતમાં જેવા બેહદ હતા તેવાજ આપ પણ હતા. આપને ઇલમ ને સખાવતની વીરાસત સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન તરફથી (મોટા) મળેલી હતી, આપ નાની ઉમરમાં સૈયદના કલીમુદ્દીન અને સૈ. નુરૂદ્દીન સાહેબના હાથ નીચે પરવરીશ થયા હતા. અને આપ નાની ઉમરમાં હતા ત્યારથીજ દાઅવતપર કુરબાન થતા ને કોઇ વખત હકને ન મુકતા.

એક વખત ઇમ્તેહાન માટે સૈ. કલીમુદ્દીને આપને કસોટી પર લીધા ને આપને બોલાવી ફરમાવ્યું કે, "ભાઇ ! તમારા બાવાજીના કિતાબો જે તમારી પાસે છે તે દાઅવતમાં આપી દો". કારણ કે, તે કિતાબો સૈયદી સફીયુદ્દીને ઘણી મહેનતથી તેમજ ઘણો માલ ખર્ચી કિતાબોનો બંદોબસ્ત બનાવ્યો હતો. આપે તે કિતાબો સૈ. કલીમુદ્દીનના હુકમ પર તરતજ ગાડી ભરી દાઅવતે હાદિઆને આપી દીધા. કેમ ન હોય ! હકના દાઇનો હુકમ કોણ ન માને ? હકના લોકોને દુનિયા જોઇતી નથી, આતો જન્નતની દોલત હતી. અગર દુનિયા માંગી હોત તો પણ હકના દાઇને આપવામાં કોણ ઇનકાર કરે ? કારણ, હકના દાઇ કોઇ વખત કોઇ પાસે કદી દુનિયા માંગતાજ નથી. ગરજે દુનિયા તલબ કરે તો તે હકના લોકોમાં ખર્ચી ખુશજ થાય. કંઇ બક્ષાનો જમે ન કરે, પણ ગરીબો ને તલબતોને તેનો લાભ આપે. તેજ આધારે સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીને (નાના) બધા કિતાબો દાઅવતને અર્પણ કરી દીધા. આથી સૈ. કલીમુદ્દીન સાહેબ ઘણાજ ખુશ થયા. એજ પ્રમાણે આપ ખિદમતમાં પણ સાબીત કદમ રહ્યા ને છેવટ દાઅવતે હાદિઆના રબેવાળ બન્યા ને દાઅવતના કુલ બન્દાના મુખત્યાર બન્યા.

આપનો મિસાક સૈયદના કલીમુદ્દીને ૧૫ પંદરમે વરસે લઇ પોતાની દિકરી જીવણા બાઇસાહેબા સાથે શાદી કરી આપી હતી ને દાઅવતમાં રાસુલ મફસુહીન બનાવ્યા. સૈ. નુરૂદ્દીન સાહેબે આપને વઝીર બનાવ્યા હતા. આપને સૈ. નુરૂદ્દીન સાહેબ કઇક વખત મોમિનીનના ગામોમાં વાજેબાત (ઝકાત) વાસ્તે મોકલતા હતા. વાજેબાત વિષે કોઇ પણ તરેહના સવાલના જવાબ આપવાનું કામ ખુદ પોતેજ કરતા. આપ દરજ્જે-બ-દરજ્જે લ્યાકત મેળવ્યા પછીજ ચઢયા હતા. ઇમાનના રજહાનથી મફસુહ બન્યા યાને શરીઅતના પુરા ઇલ્મો લઇ મુલ્લાં બન્યા ને તેમાં વધારો કરી શેખ બન્યા ને આ પ્રમાણે એક મરતબા પછી બીજા મરતબામાં ચઢતા રહ્યા. છેવટે આ આલી રૂતબાને મેળવ્યો યાને **દાઇએ હક્ક**

ણન્યા. આપના માબાપ આપને નાની ઉમરનો મુકી વફાત થયા હતા. આપ યતીમ થયા પણ આપ ખુદાના ભરોસા ઉપર અને બે સૈયદનાના આશરા હેઠળ મોટા થયા. નાની ઉમર હોવા છતાં અકલ ને હુશીયારીમાં એક્કા હતા. નાનપણથીજ કેળવણી પ્રત્યે ઘણોજ ઉત્સાહ હતો ને રાત દિવસ પોતાનો અભ્યાસ કરવામાં મશગુલ રહેતા. રાતના જુજ વખત આપ નીંદ કરતા બાકી આખો વખત અભ્યાસમાં મશગુલ રહેતા. આપ વખતો વખત આ નીચે આપેલ અરબી બેત પઠતા.:—

બેત:—યા ખલીલયા અખબીર ઇન્ની બેસીદકીન, કૈફા તોઅમલ કરા ફ ઇન્ની નસીતો.

અર્થ:—એ મારા દોસ્ત ! મને ખબર કરો કે, ભલા ઉંઘનો કેવો સ્વાદ હોય છે ? હું તો ભુલી ગયો છું. યાને આપે ઉંઘને કોઈ વખત નોતરેલી નહોતી. ઇલમ પઠવા માટે રાતોમાં ઉજાગરા કરતા.

આપે આપના માજુન તરીકે સૈયદી કાસીમખાનને અને મુકાસીર તરીકે સૈયદી હકીમુદ્દીન સાહેબને કાયમ કર્યા હતા. આપની હજરતમાં શેખ સુલતાનભાઈ પોતાનું વતન મુકી નગર આવી આપની પાસે રહ્યા, આ શેખ સાહેબ માલદાર હતા ને દાઅવતને ઘણો માલ નઝરાણા તરીકે આપતા હતા. ખુદાતઆલાએ આ સાહેબને માલ સાથે ઇલમની દોલત પણ બક્ષિ હતી, અને ફીકેહના ઇલમમાં એક્કા હતા. સ્વભાવે ઘણાજ નરમ ને માયાળુ હતા. કોઈ પણ આપની પાસે મળવા આવતા તો તેની સાથે આપ નરમાઈથી વાત કરતા ને સંતોષકારક જવાબ આપી વિદા કરતા. ખુદાએ આપને માલ અને ઇલમની દોલત આપી હતી છતાં આપનામાં ગુરૂરનું નામ નીશાન નહોતું. આપનો મિલનસાર સ્વભાવ, ઇલ્મી લ્યાકત ને સખાવતના સબબ બહાર ગામથી ઘણા શૈખો આપની પાસે આવી રહેતા ને ઇલ્મની ચર્ચા કરતા. જે કોઈ સાહેબે ઇલમ આપની પાસે આવતો તો આપ તેની પુરી કદર કરતા. આપ આલીમોને ચાહતા, તેમની પરવરીશ કરતા ને હાજતમંદોની હાજત પુરી કરી વતન તરફ વિદા કરતા. આ ઉપરાંત આપ અનેક રીતે ગરીબોને મદદ કરતા.

ઇલમના લોકોને જમાડવાની રસમ.

આ રસમ મોટા થાવા ઈસમાઇલજી બદરૂદ્દીન સાહેબે ચાલુ કરી હતી, તે રસમને આપે મજબુત કરી, આપની સખાવત મશહુર છે. એમ કહેવાય છે કે તે ઝમાનાના સખાવત કરનારા સાહેબો કરતાં આપની સખાવત વધીને છે. આપની પાસે જે કોઇ તાલેબે ઇલમ આવતા તેને પુરતી કોશિષના સાથે ઇલમ પઠાવતા, એટલુંજ નહિ પણ તેમને માટે જમવા રહેવા તથા કપડા વિગેરે સર્વે જાતનો બંદોબસ્ત કરી આપતા. ઉપરાંત આપને ત્યાં જે તાલેબે ઇલમ પઠતા હતા તેઓને આપ પોતે ત્રણે વખત ઉભા રહીને જમાડતા, આપે મહેમાનોની મહેમાનીમાં તો રેકર્ડ કર્યો હતો અને મહેમાનોની જે મહેમાની કરવાની રસમ નગરમાં ચાલુ છે તે આપેજ ચાલુ કરી છે. આપની કોશિષના સબબ કાઠિયાવાડના દરેક ગામોમાં મહેમાનોની મહેમાનીની રસમ ચાલુ છે જે રસમમાં કાઠિયાવાડીઓ એક્કા ગણાય છે. એટલે કે, કાઠિયાવાડીઓ મહેમાનોની મહેમાની કરવામાં વખણાય છે, આવી મહેમાની કાઠીયાવાડ સિવાયના ગામોના લોકોમાં જુજ જોવામાં આવે છે.

સૈયદના નાના બદરૂદ્દીન સાહેબ મહેમાનોની મહેમાની કરવા વિષે ઘણી વખત વાયેઝોમાં ફરમાવતા, લોકોને હિદાયત આપતા ને મહેમાનોને કરામત અથવા રાહત આપવા માટે રગબત બતાવતા ને કહેતા કે એ લોકો ! તમો ભાઈ ભાઇની બબર લેજો, ગરીબોની બબર લેજો, મોમિનો પર મોમિનના જે હકો છે તે અદા કરજો, તમારાં બચ્ચાંઓને ઇલમ પઢાવજો, મદ્રસાઓ જરી કરજો, મહેમાનોની બબર લેજો. ખુદાતઆલા કલામેમજીદમાં ફરમાવે છે કે:—

વમન અહસનો દીનન્ મીમ્મન અસલમ વજ્હહુ લિલ્લાહે વહોવા મોહસેનુન વત્તબઅ મિલ્લતા ઇબરાહીમા હનીફા વત્તખઝલ્લાહો ઇબરાહીમા ખલીલા. (સુરતુન નેસાઅ. આયત ૧૨૫).

અર્થ:—અને તેના કરતાં દીનદારીમાં વધારે સારો કોણ છે કે જેણે પોતાની જાતને ખુદાને શરણ કરી છે અને સારા કૃત્ય કરનાર છે અને ઇબરાહીમના સત્ય (ચોખ્ખા) ધર્મ પ્રમાણે ચાલ્યો છે અને ખુદાએ ઇબરાહીમને પોતાનો દોસ્ત તરીકે લીધો છે.

રિવાયતમાં છે કે, હઝરત ઇબ્રાહીમના વખતમાં દુકાળ પડયો તે વખતે આપ મિસરમાં રહેતા હતા. આપે પોતાના મિત્રને ત્યાંથી દાણા મંગાવ્યા. ત્યારે તેના મિત્રે ના પાડી ને કહ્યું કે, હઝરત ઇબ્રાહીમને તેના પોતાના કુટુંબ માટે દાણા જોઇતા નથી પણ તેની હમેશની મહેમાનગતિની રીત પ્રમાણે પોતાના મહેમાનોમાં તથા ગરીબ લોકોમાં વહેંચવા માટે જોઇએ છીએ જેથી ના પાડી. જે માણસો સાથે હઝરત ઇબ્રાહીમે આ સંદેશો મોકલ્યો હતો તેઓ ખાલી હાથે પાછા આવતા શરમાયા તેથી અને ઘણા ગરીબ લોકો તેઓના આવવાની રાહ જુએ છે તેથી તેઓએ કોથળીમાં ઝીણી ઘોળી રેતી ભરી, તેઓ શહેરમાં આવ્યા. તેઓને તેમના કામમાં ફત્તેહ મળી નથી એવી હઝરત ઇબ્રાહીમને બબર પડવાથી તે નીરાશ થઇને મસજીદમાં નમાઝ માટે ગયા. આપની બૈરો "સારા" જે તે વખતે સુઇ ગયાં હતાં તે જાગી ગયાં ને જે બન્યું હતું તેની કંઈ બબર તેણીને ન હોવાથી તેણે એક કોથળો બોલ્યો તો તેમાં સારો લોટ માલુમ પડયો, તેથી તેણીએ તરતજ તેના રોટલા કર્યા. જ્યારે હઝરત ઇબ્રાહીમ મસજીદમાંથી ઘર તરફ પધાર્યા ત્યારે તેમને નવા રોટલાની વાસ આવી એટલે આપે આપની બૈરોને પુછ્યું, કે "તું લોટ કયાંથી લાવી ?" તેણીએ જવાબ આપ્યો, કે "મિસર દેશના તમારા દોસ્ત પાસેથી". ત્યારે હઝરત ઇબ્રાહીમે કહ્યું. નહિ. આ લોટ મારા દોસ્ત ખુદા પાસેથી આવ્યો છે. આ ઉપરથી હઝરત ઇબ્રાહીમ **"ખલીલુલ્લાહ"** એટલે, "ખુદાના દોસ્ત". એ નામથી ઓળખાય છે. એટલે કે, ખુદાવાસ્તે જમાડનારની ખુદા આ પ્રમાણે ઇજ્જત રાખે છે. ને તેને કોઈ વાર તંગી આવતીજ નથી. લિલ્લાહ જમાડનારને કોઇ જમાડવાની મના કરે તે કેવો કહેવાય ?

આપ સૈ. લોકોને ચેતવણી આપતા કે, ભાઈ ભાઇની અદાવતથી દુર રહેજો, ગીબતથી બચજો, બદીથી દુર રહેજો, તહોમતથી બાઝ રહેજો, જુઠું કરવા કે બોલવાથી બાઝ રહેજો.

હજી ખુદા ફરમાવે છે કે, "ફહલ અસૈતુમ ઇન તવલ્લૈતુમ અન તુફ્સેદુ ફીલઅરદે વ તોકત્તેઉ અરહામકુમ ઉલાએકલ્લઝીના લઅનહોમુલ્લાહો ફઅસ્મમ્હુમ વ આઅમા અબ્સારહુમ (સુ. મોહમ્મદ આ. ૨૨–૨૩).

અર્થ:—પછી શું તમારાથી એમ બનશે કે જો તમો વડીલ હો, હાકીમ હો તો ઝમીનમાં ફસાદ કરો ? અને તમારા સગાઓનો સંબંધ કાપી નાખો ? આવા લોકો તેઓજ છે જેઓને

ખુદાતઆલાએ લાઅનત કરી છે. (પોતાની રેહમતથી દુર કર્યા છે) તેઓને બેહરા અને આંધળા કર્યા છે.

હદિસશરીફમાં છે કે, "કાતેઉર રેહમે મલઉનુન" યાને કરાબતવાળાનું સગપણ તોડનારો મલઉન છે. પરંતુ:—

કરાબતના લોકોની ખબર રાખવા માટે ખુદાતઆલા ફરમાવે છે કે:—

"ઇન્નલ્લાહા યાઅમોરો બીલઅદલે વલ એહસાને વઇતાએ ઝીલકુરબા વયનહા અનીલફહશાએ વલ મુનકરેવલબગ્યે યએઝોકુમ લઅલ્લકુમ તઝક્કરૂન. (સુરતુન-નહલઆયત ૯૦).

અર્થ:—બરેબર ખુદા ન્યાય કરવાને અને ભલું કરવાને અને સગાંવ્હાલાંને બક્ષિશ આપવાનો હુકમ કરે છે અને પાપ અને દુષ્ટ કામ અને ઝુલમ કરવાની મના કરે છે. *તે તમને શિખામણ આપે છે કે કદાચ તમે શીખામણ લો.

ખુદાતઆલા ફરમાવે છે કે:—

વલલ્લઝીના યુજુનલ મુઅમેનીના વલ મુઅમેનાતે બે ગૈરે મકતસબુ ફકદેહતમલુ બોહતાનન્ વ ઇસિમન્ મોબીના, (સુરતુલ અહઝાબ આયાત ૫૮).

અર્થ:—જેઓ મોઅમિનીન અને મોઅમેનાતને બેગુનાહ સતાવે તો તેઓએ બરેબર બોહતાન તથા મોટો અઝાબ ઓઢી લીધો છે.[૧]

આપ સૈયદના હાજતમંદને કોઇ વાર પાછા ન કાઢતા, તેને પોતા પાસે બેસાડી તેની સઘળી હકીકતથી વાકેફ થતા ને તે બાદ તેની અરજ સાંભળી તેની કદર મુજબ તેને

* જેઓને ખુદાતઆલાએ મોટાઇ આપી છે ને આગેવાન થઇ ગરીબોને સતાવી તેઓની ખુશી ગમી વખતે ચુગલખોરોની મદદથી તેમના પર ખોટાં તહોમતો મુકી, ગેર-વ્યાજબી રીતે સતાવે છે. યાને તેઓ પાસેથી તેમના કારજને અટકાવી ગેરવ્યાજબી કરો વસુલ કરવા મદદ કરે છે તેઓએ બચીતજ મોટો અઝાબ ખરીદયો છે.

૧ નિતિના નિયમો પ્રમાણે મનુષ્ય ઉપર જે જે ફરજ થએલું છે અને જે જે મના થએલું છે તે સઘળાનો આ વાકયમાં સમાવેશ થએલો છે, અને કોઇ એવી જાતનું સુકૃત્ય નથી કે જે પહેલી ત્રણ બાબતમાં આવતું નહિ હોય. ત્રણ **ફરમાવેલી** બાબત એ છે કે, (૧.) નાસ્તિકપણા તરફ વલણ કર્યા વગર તેમજ એક કરતાં વધારે ખુદાને માન્યા વગર તે એકજ છે એમ માનવું. (૨.) ખુદાના હુકમને આધીન રહેવું. અને (૩.) દુઃખ અને સંકટમાં પડેલાં માણસો તરફ દયા રાખી ઉદારતા બતાવવી તે છે. હવે ત્રણ **મના** કરેલી બાબત. (૧.) જેમાં સઘળી નીચ ઇચ્છાઓ અને દુષ્ટ કૃત્યોનો સમાવેશ થએલો છે. (૨.) સઘળી અસત્ય (જુઠી) આસ્થાઓ (માન્યતાઓ) અને ધર્મ વિરૂદ્ધ વિચારો છે. (૩.) માણસ તરફ સઘળી જાતના અન્યાયનો સમાવેશ થએલો છે.

ઇનામ આપી હસી ખુશી સાથે વિદા કરતા. આપના ચહેરા પર હમેશાં ખુશી નજર આવતી. કોઇ વખત આપના ચહેરા મુબારક પર ઉદાસીનતા દેખાઇ નહોતી. આપ હમેશાં ખુદાતઆલાના શુક્ર પર રાજી રહેતા.

રિવાયતમાં છે કે, એક વરસ માંડવીમાં આપ બિમાર થયા ત્યારે આપે સૈયદી હકીમુદ્દીન પર નસ કીધી, તે પછી ખુદાતઆલાએ આપને તંદુરસ્તી બક્ષિ. બાદ આપ માંડવીથી જામનગર પધાર્યા ને એક મસજીદ બનાવી તૈયાર કરાવી ને આપના બાજુદાર શેખુલ ફાઝીલ શેખ સુલતાનભાઇ કે જે સાહેબની ઝીકર ઉપર આવી ગઈ છે તેમને તરતીબમાં બેસાડયા.

આ અરસામાં મોલાઈ કાસમખાનના હાથ પર હુજુમીયા પીરકાના દાઇ લતીફભાઇએ તૌબા કરી ને દાઅવતે હાદિઆમાં ફરી દાખલ થયા તે બાદ તેને પણ શેખનો રૂતબો આપવામાં આવ્યો. આ વખતે આપ મોલાઈ કાસીમખાન જે માઝુનના રૂતબામાં હતા તે વફાત થયા ને તે જગ્યા પર સૈયદી હકીમુદ્દીન સાહેબને નિમ્યા ને મુકાસીરનો રૂતબો મોલાઈ કાઝીખાનને આપ્યો. આ ખુશી દરમ્યાન બીજી ખુશીનો ઉમેરો થયો તે એ હતી કે આપે આપની દિકરી બાઇ ડોસીબાઇની શાદીનો ઇરાદો કર્યો. આ બાઇસાહેબાની આપે ભાઇ શેખ આદમ ઇબ્ને સૈયદના નુરૂદ્દીન સાથે શાદી કરી. આ શાદીમાં આપે સારી ધામધુમ કીધી કારણ, આપ સૈયદનાને આ એકના એકજ પુત્રી હતાં. આ સિવાય આપને કોઇ ફરઝંદ નહોતું. જો કે આપને બીજા ફરઝંદો ખુદાતઆલાએ ઇનાયત કર્યા હતાં છતાં આ બાઇ સિવાય બધાં આ ફાની દુનિયા નાનપણથીજ તજી ગયાં હતાં બાઇ ડોસીબાઈનાં મા—સાહેબા સૈયદના કલીમુદ્દીનના દિકરી જીવણબાઈ સાહેબા છે.

દુનિયાના રંગ અજબ છે. ઘડીકમાં ખુશી ને ઘડીકમાં ગમી. તેજ પ્રમાણે હજુ તો ખુશીના અચ્યામ પુરા થયા ન થયા ત્યાં વળી જામનગરના હાકીમ તરફથી આપને ઇઝા પહોંચવા લાગી, તેથી આપ નગર છોડી મુંદરા પધારી ગયા. ત્યાં આપે એક મદ્રસો બંધાવ્યો, આલીશાન દારૂલ એમારત બનાવ્યું ને તે સિવાય ઘણા મકાનો પણ બનાવ્યા. બાદ આપે અહીં તલબતોને બોલાવી લીધા ને અહીં ઇલ્મની નદી જારી કીધી.

એજ પ્રમાણે આપ જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં મસજીદો, મુસાફરખાતા અને તલબતો વાસ્તે દરસ બનાવતા. તે પછી આપ અંજાર પધાર્યા ત્યાં પણ એજ પ્રમાણે મકાનો બનાવ્યાં, તે પછી આપે બાઇસાહેબા બાઈ ફાતેમાબાઇથી નિકાહ કીધા. આ બાઇથી ખુદાતઆલાએ એક ફરઝંદ મુસા ઇનાયત કીધો તેથી આપ ઘણાજ ખુશ થયા ને ખુદાના શુકરનો સજદો કીધો. તે બાદ આપે કેટલાક ફોજોલાઓને હદિયતના રૂતબા ઇનાયત કીધા ને તરતીબમાં ગોઠવ્યા. ત્યાર બાદ આપે અજદેમુસાની બેતાનતની શાદી કીધી.

માઝુન સૈયદી હકીમુદ્દીન બીન બાવા મુહમ્મદ બાનસાહેબ.

આપનો જન્મ હી૰ ૧૦૭૭ જમાદીલ અવ્વલની તા. ૨૪ મીએ ઔરંગઝેબના વખ-તમાં રામપુરામાં થયો છે. આપના ઝમાનામાં બાદશાહો એક બાદ એક ચાને બહાદુર-શાહ પહેલો. ૧૧૨૫ સુધી છે, તે પછી સુલતાન મોઇઝઝુદ્દીન જહાંદારશાહ ૧૧૨૬ માં થયો ને તે પછી અબુલફતહ મહમદશાહ રોશન અખતર ૧૧૩૩ સુધી ને ત્યાર બાદ અબુન નસ્ર અહમદશાહ મોહામેદુદ્દીન ૧૧૬૮ સુધી બાદશાહ તરીકે કાયમ હતા. આ શાહના વખતમાં હી૰ ૧૧૪૨ માં આપ શવ્વાલની ૫ મીએ વફાત થયા ને આપની

April 12, 1930

વફાતની સાલ ઐલોમાઓ તરફથી شَيْخ كَبِير "શૈખુન્ કબીર" અબજદના હિસાબથી નક્કી કરેલી છે. અને ત્યાર બાદ સવ્વાસની ૨૮ મી તારીખે તે વખતના શાહ અમુન્ નસ્લની તરફની હરકતના સબબ આપની લાશ મુબારકને કબરમાંથી નીકાલી ફરી દફન કરવામાં આવ્યા છે જેનું વર્ણન નીચે છેઃ—

સૈયદી હકીમુદ્દીન સાહેબ બુરહાનપુરમાં વફાત થયા ને આપને દફન કર્યા બાદ બાવીસ દિવસ પછી દુશમનો લાશને ત્યાંથી બહાર કાઢવા માટે જમે થયા ને જે સહેનમાં આપને દફન કર્યા હતા તે સહેનની કબર ખોદી ને લાશ મુબારક નઝર આવી. ખુદાતઆલાની કુદરતથી જેવી દુશમનોએ આપના ચહેરા મુબારક પરથી ધુળ હઠાવી કે એક નુરનો શોલો નઝર આવ્યો અને આખા શરીરમાં ને ખાસ કરીને છાતી પર પરસેવો જોવામાં આવ્યો જાણે કે, આપના બદન મુબારકમાં હજુ જાન સલામત છે ને ગરમીના સબબ પસીનો થએલો છે. આ પ્રમાણે આપના ચહેરા મુબારક પર નુર તથા જીવતા જેવા મૈયતને જોઇ દુશમનો તેમજ દોસ્તો જેઓ ત્યાં હાજર હતા તે સર્વે આશ્ચર્ય પામ્યા ને તેઓએ આ નીચેની શેર સાંભળી.:—

અબસ દેતેહો મુઝકો તોહમતે મર્ગ, બહોત રાતેં જગા થા સો રહા હું.

અર્થઃ—એ લોકો ! તમો મને મોતનું નકામું તોહમત આપો છો. હું તો જીવતો છું, પણ મેં દુનિયામાં ઘણી રાતોના ઉજાગરા કર્યા છે તો હવે હું આરામથી સુતો છું.

આ બેતનો અવાજ સાંભળી સર્વે દુશ્મનો ખામોશ થઈ ગયા ને બેફામ બની ગયા, તે પછી આપની લાશ મુબારકને ત્યાંથી ઉપાડી મસજીદ પાસે લઈ ગયા ને ત્યાં આપને દફન કરવામાં આવ્યા. હાલ આ જગ્યા પર આપનો કુબ્બો છે. આપની કરામત બેશુમાર છે, હઝારો લોકો આપની મિન્નત માટે બુરહાનપુર જાય છે ને તે મોલાની દોઆ ને બરકતના સબબ દરેક મિન્નત માનનારાઓની મિન્નતોનો જવાબ પરવરદિગાર આપે છે.

આપ સૈયદનાના માજુન સૈયદી હકીમુદ્દીન સાહેબ બુરહાનપુરમાં વફાત થયા. આ વફાતથી આપને ઘણોજ સદમો થયો, બલકે આપની કમર ટુટી ગઇ. આપે જગે જગે ફાતેહા વાસ્તે અમર ફરમાવી જમણ કરાવ્યાં.

આપના બાવાજી મુલ્લાં ખાન સાહેબે દાઅવતે હાદિઆની જે ખિદમત કરી છે તેનું તેમજ આપના ફરઝંદ સૈયદી હકીમુદ્દીન સાહેબે તે વખતના સુલતાનો તરફથી અનેક તરેહની મુસિબતો વેઠીને જે ખિદમત કરી છે તેનું વધુ બ્યાન સૈયદના ઇસ્રાહીમના બ્યાનમાં કરવામાં આવ્યું છે. કારણ ખુદાતઆલાએ દાઅવતે હાદિઆના હકના દોઆતોની ખિદમત ને શરીઅતના દરેક અમરોનું પાલન અને આલે મોહમ્મદની મોહબ્બતના સબબ આપની નસલમાં ઇમામીઝુમાનના ન્યાબતથી નસિબવંતા થયા. યાને આપની નસલમાં ખુદાતઆલાએ સૈયદના ઇસ્રાહીમ વજીહુદ્દીનને દાઇના ફરઓ બક્ષ્યો ને આપ હિન્દના ૩૯ મા દાઅવતે હાદિઆના વાલી થયા. આપની નસલનો શજરો ૨૬૦ પેજ પછી આપેલ છે.

સૈયદી હકીમુદ્દીનના વફાત પછી માજુનનો ફરઓ શેખ કાઝીખાનને અને મુકાસીરનો ફરઓ શેખ શમસભાઇને આપ્યો. આ અરસામાં આપની દિકરી બાઈ ડોસીબાઈને ખુદાતઆલાએ ફરઝંદ ઇનાયત કરેલ તેની ખુશાલીની આપે મિજવાની કરી હતી. તે પછી હી૰

૧૧૪૭ રબીઉલ અવ્વલની તા. ૧૭ મીએ ખુદાતઆલાએ આપને બીજા ફરઝંદની દોલત અતા કીધી. આપને કુલ બે દિકરા ને એક દિકરી થયાં છે. આપ સૈયદના હમેશાં ખુદાની ઇબાદતમાં મશગુલ રહેતા અને આપ પોતાના ફરઝંદ તેમજ આપના કુટુંબની ફરઝંદો માટે ખુદાતઆલાની જનાબમાં હર વખત તઝરરા સાથે દોઆ કરતા ને "રબ્બેહબલી મિન લદુન્કા ઝુરરીયતન્ તૈયેબતન્" ની આયતની તરબી કરતા.

આ પછી આપે આપના નાના ફરઝંદ કે જે એક વરસ ને બે મહિનાની ઉમરના થયા હતા તેની બેતાનતની શાદી કીધી. આ શાદી વખતે કેટલાએ ગરીબ મોમિનીનના બચ્ચાંઓની આપે સુન્નત–શાદી કરાવી આપી ગરીબોની આશિષ લીધી છે.

આ હંગામ પર અમદાવાદથી કેટલાક રહિસો આપને અમદાવાદ મુકામ કરવા માટે આમંત્રણ કરવા આવેલા હતા તેઓએ આવી આપની હજુરમાં અરજ ગુજારી કે, મોલાના ! આપ અમદાવાદ પધારો ને આપના મુબારક કદમથી અમદાવાદને બાગે જન્નત બનાવો. આ અરજના જવાબમાં આપે ફરમાવ્યું કે, અમદાવાદમાં મોમિનોની વસ્તી વધારે છે, તેમાં ગરીબો અને તંગદસ્ત ભાઇઓ પણ છે ને માલદાર ભાઇઓ પણ છે. બન્ને તરેહના ભાઇઓ વસે છે, તેઓ બધા ભાઇઓની મારા વાસ્તે પુરેપુરી મોહબ્બત છે. હવે જો હું અમદાવાદ આવું છું તો મને ત્યાંના અઝીઝ ને માલદાર ભાઇઓની ઝીયાફત કબુલ કરવી પડે અને તેઓની પછવાડે કેટલાક સાધારણ ને ગરીબ વર્ગના ભાઇઓ દેખાદેખીથી ઝીયાફત આપે તો તેની દાઅવતને પણ મને કબુલ કરવી પડે ને તેવા ગરીબ ભાઇઓની દાઅવતનો જવાબ તેમના મકાન પર જઇ આપવો પડે ને તેમ કરતાં મારો કિમતી વખત જે તાલેબુનને ઇલમ પઢાવવામાં રોકવામાં આવે છે તેમાં ખલલ પડે તથા મારો વખત જાએ (નકામો) જાય તેથી મને માફ કરો. હું હાલતો અહિંજ રહીશ અને તમામ મોમેનુન વાસ્તે આદત પ્રમાણે દોઆ કરીશ. આ જવાબ આપ્યા બાદ આપે અમદાવાદના રહિસોને ઇજ્જત સાથે વિદા કીધા.

આ અરસામાં આપની તબિયત નરમ રહેતી હતી એટલે આપના બૈરોએ આપની પાસે આવી અરજ કરી કે, સાહેબ ! અબ્દેમુસાના નિકાહના અકદની મજલીસ આપના હાથ પર થાય તો દિલના અરમાન પુરા થાય. ત્યારે આપે ફરમાવ્યું કે, એ મારા હમીબા ! અબ્દેમુસાના નિકાહ મારા હાથ પર નહિ થાય; પણ ઇમામના નાયબ દાઇ વજીહુદ્દીનના હાથ પરજ થશે. હવે મારી સફર નઝદીક છે, હું દુનિયાનો થોડા દિવસનો મહેમાન છું. આ સાંભળી જીવણબાઈ ઘણાજ દિલગીર થયાં ને ચુપ રહ્યાં ને સબરને ઇખ્તીયાર કીધી. કેમ ન હોય ? પોતે ઉંચા ખાનદાનના, સૈયદના નુરૂદ્દીનના બહેન ને સૈયદના કલીમુદ્દીનના દિકરી થાય. તેમાં શું ખામી હોય ? એમ બયાન છે કે આ બાઇસાહેબ એક ફાઝેલાબાઈ હતા કે જેણે દુનિયામાં પોતાના ખાવિંદની સેવામાં તથા તલબતો ને ઇલમ પઢનારાઓ માટે પૂરી કોશિશ કરી હતી અને તેઓ ખિદમત ગુજારવામાં એક્કા હતા, સખાવતમાં પુરા હતા ને દિનદારીમાં એક્કા હતા.

રિવાયતમાં છે કે, જ્યારે સૈયદના બદરૂદ્દીન સાહેબ બિમાર થયા તેથી કેટલાક દીવસો સુધી કુરઆન શરીફનો દોર ન થયો, ત્યારે એક રાતે આપની બૈરો જીવણબાઈ સાહેબાએ ખ્વાબ જોયું તેમાં આપને ચાર નવજવાન ઘોડેસ્વાર નઝર આવ્યા, તેના ઉપરી

એક નવજવાન સવાર ઘણાજ ઉમદા પોશાકમાં આપના ઘરના દરવાજે આવી ખડા થયા, ત્યારે કોઈ પુકારનારે નીદા કીધી કે, " અમિરૂલ મોઅમેનીન " પધારે છે. આ અવાજ સાંભળી બાઇસાહેબાએ આપને વિવેક સાથે અરજ કીધી કે, મૌલા ! ઘરમાં તશરીફ લાવીએ; ત્યારે નવજવાન ઘોડેસવારે કહ્યું. અમો તમારા ઘર તરફ એટલા માટે આવ્યા છીએ કે. અમોએ જોયું છે કે, અમારા દાઈ બિમાર છે તેની બિમારીની તકલીફથી અમો અહિં આવ્યા છીએ, પણ અમો ઘરમાં નહિ આવીએ; કારણ તમારે ત્યાં થોડા દિવસો થયાં કુરઆને શરીફની તિલાવત બંધ થઈ છે, માટે એ દાઈના દિકરી ! તમો તમારા બાવિંદને કહેજો કે કુરઆને મજીદની તિલાવતમાં :તાકીદ રાખે ને અમારો સલામ પહોંચાડજો. આટલું કહી આવનાર સાહેબો વિદા થયા.

આ જવાબ પછી આપ બાઇસાહેબા હુશિયાર થયા ને ઉપલા સ્વપ્નાની દરેક બીના દાઇએ હક સૈયદના બદરૂદ્દીન સાહેબને કહી સંભળાવી. આ સાંભળી આપ સૈયદનાએ ઇમામના સલામના જવાબમાં વ અલા અમીરીલ મોઅમેનીન મીનસસલામો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ કહ્યું ને આપે દોરની મજલીસની ઘણીજ તાકીદ કીધી કે જે તાકીદ કયામતના દીન સુધી બાકી રહેશે. હાલમાં પણ આ દોરની રસમ ચાલુ છે.

આપ સૈયદનાએ દાઅવતમાં ૪ ચાર રસમની તાકીદ કીધી, જેથી દાઅવતમાં મજબુતી આવી જે રસમો નીચે મુજબ છે:—

૧. મુમિનીન વલીઉલ અમરની વગર રજાએ આખી જુમાથનું ખિઝન ન આપે, સબબ કે, કોઇ ગરીબ મોમિન લોક–દેખાઇનું કામ કરી પોતાની બધી પુંજી જુમાથ પાછળ ખરચી નાખે કે કરજ કરીને રીવાજના બહાને જુમાથ કરી જીંદગી બરબાદ કરે; તેથી વલીયુલ અમરને પુછે કે જેથી તે સાહેબ તે ભાઇની પૂરતી તપાસ કરી જુમાથના સાહેબોથી તલાશ કરી જો તેની તેમ કરવાની શક્તિ હોય તોજ તેને જુમાથ કરવાની રજા આપે.

૨. વશેકાની નમાઝ પઢવી.

૩. મોહર્રમની દશ વાએઝની મજલીસમાં ગમે–હુસેનમાં આવવું.

૪. હર ફજરની નમાઝ પછી કુરઆને મજીદનો એક સિપારો દોર કરવો. આ મુજબની ચાર રસમ આપે જારી કરી છે.

જો કે આપની બિમારી ચાલુ હતી, તે દિવસે દિવસે વધવા લાગી તે આપ એકદમ બિમાર થયા. ત્યારે આપને લાગ્યું કે, ખુદાની અમાનતને અદા કરે ને નસતા અમરને જાહેર કરે. જો કે આગળ આપે મુંદરા મુકામે સૈયદના ઇબ્રાહિમ વજીહુદ્દીન પર નસતા અમરને જાહેર કર્યો હતો છતાં આપે ફરીથી નસતા અમરને સર્વેના રૂબરૂ જાહેર કર્યો. તે પછી આપ મુંદરાથી માંડવી ને માંડવીથી નગર પધાર્યા. ત્યાર બાદ આપ નગરમાં ૧૩ દિવસ રહ્યા ને મોહર્રમની તા. ૭ મી હી૰ ૧૧૫૦ ને સોમવારે ખુદાતઆલાની જનાબમાં નકલ કરી ગયા. આપની દાઅવત કુલ ૧૮ વરસ, ૫ મહિના ને ૨૩ દિવસ રહી. આપનું લકબ બદરૂદ્દીન છે, આપનું મઝાર નગરમાં કુબ્બામાં છે. ક. ૩.

Sept 1698

એક નવજવાન સવાર ઘણુંજ ઉમદા
ત્યારે કોઈ પુકારનારે નીદા કીધી કે,
સાંભળી બાઈસાહેબાએ આપને વિસે
લાવીએ; ત્યારે નવજવાન બોલેનારે ક
છીએ કે. અમોએ જોયું છે કે, ચ
અમો અહિં આવ્યા છીએ, પણ અ
દિવસો થયાં કુરઆને શરીફની તિલાવ
તમારા બાવિંદને કહેજો કે કુરઆને મ
પહોંચાડજો. આટલું કહી આવતાર સા

આ બ્વાબ પછી આપ બાઈસા
દાદએ હક સૈયદના બદરૂદીન સાહેબને
ઇમામના સલામના જવાબમાં વ અલા
વ બરકાતોહુ કહ્યું ને આપે દોરતી મ
મતના દીન સુધી બાકી રહેશે. હાલમાં

આપ સૈયદનાએ દાઅવતમાં ૪
જુતી આવી જે રસમો નીચે મુજબ દ

૧. મુમિનીન વલીઉલ અમરની વગર
કે, કોઇ ગરીબ મોમિન લોઢ–દે
ખરચી નાખે કે કરજ કરીને રી
તેથી વલીયુલ અમરને પુછે કે
જુમાથના સાહેબોથી તલાશ કરે
જુમાથ કરવાની રજા આપે.

૨. વશેકોની નમાઝ પડવી.

૩. મોહર્રમની દશ વાએઝની મજલી

૪. હર ફજરની નમાઝ પછી કુરઆને
ચાર રસમ આપે જારી કરી છે.

જો કે આપની બિમારી ચાલુ હ
બિમાર થયા. ત્યારે આપને લાગ્યું કે,
જાહેર કરે. જો કે આગળ આપે મુંદરા
અમરને જાહેર કર્યો હતો છતાં આપે
તે પછી આપ મુંદરાથી માંડવી ને મ
૧૬ દિવસ રહ્યા ને મોહર્રમની તા. ૭
બમાં નકલ કરી ગયા. આપની દાઅવત
આપનું લકબ બદરૂદીન છે, આપનું મઝ

[illegible]—[illegible]

Sept 19
1698

એક ન
ત્યારે કે
સાંભળી
લાવીએ
છીએ
અમો
દિવસો
તમારા
પહોંચ્યા

દાઇએ
ઇમામન
વ બરક
મતના

મુતી ચ

૧.

૨.
૩. મે
૪.

બિમાર
જાહેર
અમરને
તે પછી
૧૩ દિ
બમાં ન
આપનું

૩૯. સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન ઇબ્ને સૈયદી હકીમુદ્દીન (૧૬. હિન્દ—ઉજ્જૈન) ની ટુંક ઝીકર.

રિવાયતમાં છે કે, સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન ઇબ્ને સૈયદના શેખ આદમ સરીયુદ્દીન સાહેબના વફાત પછી આપ દાઅવતે હાદીઆની મસનદ પર જલ્વતુમા થયા. આપનો જન્મ સૈ. મુસા કલીમુદ્દીનના વખતમાં હી૰ ૧૧૬૦ તા. ૨૨ મી રબીઉલ અવ્વલના રોજ થયો છે. Sept 19 1698

બયાનમાં છે કે, જે વખત સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબ બિમાર થયા ને તેમના અન્તેકાલનો વખત નજીક થયો તે અરસામાં યમનના સુલેમાની શીરકાના દાઇ કે જે સાહેબ નજુમના ઇલમમાં ઘણાજ કાબીલ હતા, ને તે ઇલમમાં એટલા પ્રવિણ હતા કે વાએઝમાં આખા વરસની આગાહી લોકોને કહી સંભળાવતા. તે વર્ષે તેણે વાયઝમાં બયાન કર્યું હતું કે, " નવા વરસના પહેલા હફતામાં હકના દાઇ વફાત થશે ". આ ઇશારો તેણે પોતાની મજલીસમાં કર્યો તેથી સુલેમાની શીરકાના ઘણા સમજદાર ભાઇઓ વિચારમાં પડી ગયા ને આપસમાં વાત કરવા લાગ્યા કે આપણા દાઇ પોતે તંદુરસ્ત છે ને આ શું કહે છે ? તેના અનુયાયીઓને તે ઇશારાની કયાંથી ખબર હોય ? પરંતુ તેના દાઇ ખુદ સમજતા હતા કે દાઅવતના હકદાર દાઇ તો હિન્દમાં છે અને જે અનાવ બનવાનો હતો તે સંબંધી અમરે ઇલાહીથી ભર મજલીસમાં તેની ઝબાનથી હક વાત નીકળી ગઈ.

તે એ હતી કે, આ વરસમાં હકના દાઇના વફાત થવાના છે તેવું તેણે મજલીસમાં કહેલ તેથી કેટલાક સમજદાર સુલેમાની સાહેબો વિચારમાં પડયા ને ચર્ચા કરવા લાગ્યા કે, આપણા દાઇએ જે હકના દાઇના વફાતનું કહ્યું તેની શું ગરજ છે ? પોતે તંદુરસ્ત છે ને આમ કેમ બોલે છે ? આમ ચર્ચા કરતા થોડો વખત પસાર થયો એટલામાં હિન્દમાંથી સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબના વફાતના તથા સૈ. ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબના તખ્તનશીનીના ખબર યમનમાં પહોંચ્યા. આ ખબર સાંભળી ત્યારે તેઓને ખબર પડી કે થોડા વખત અગાઉ આપણા દાઇએ જે વાત મજલીસમાં કહી હતી તે આ હતી ને જેને આપણે બિલાફ લોકો કહીએ છીએ તેઓના દાઇના ઇન્તેકાલના ખબર આપણા દાઇએ તેમના નજુમના ઇલમથી જે પ્રમાણે બયાન કર્યું હતું તેજ પ્રમાણે બરાબર મોહરરમના પહેલા અઠવાડીયામાં એટલે મોહરરમની તા. ૭ મીએ સૈયદના ઇસમાઇલજી વફાત થયા છે. ખુદાતઆલાએ યમનમાં સુલેમાની શીરકાના દાઇની ઝબાનથીજ હકના નુરને ઝાહેર કર્યું હતું જે ઉપરની બીનાથી સાબીત થાય છે.

આપના દાઇપણાના ફતવા સંબંધી યાને ઇમામીઝમાનના નાયબ થવાની બશારત ખુદાતઆલાએ આપની માસાહેબા મારફત પણ આપેલ તે બ્યાન નીચે પ્રમાણે છે:—

એક રાતે આપના માસાહેબાએ ખ્વાબ જોયું. આપને સાતમો મહિનો હતો. આપે ખ્વાબમાં જોયું કે, એક તારો આસમાનથી ઉતરી ઘરમાં આવ્યો ને તે તારાની રોશની

આખા મકાનમાં ફેલાઇ ગઈ. તે બાદ આપે ફજરમાં બ્વાજની ઝીકર સૈયદી હકીમુદ્દીન સાહેબને કહી ત્યારે આપ સૈયદી હકીમુદ્દીન સાહેબે ફરમાવ્યું કે, " તમે ઇમામીઝ્ઝમાનના દાઇથી હામેલા છો " એ બીબી ! તમો ઘણા ફાઝેલા છો.

સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબ નાનપણથીજ ખુદાના કલામના આશક હતા. આપ નાના બચ્ચા હતા ત્યારે માની ગોદમાં બહુજ રોતા તે વખત આપના માસાહેબા આપને પારણામાં નાખી સારા સારા ગીત ગાતા તો પણ આપ ચુપ ન રહેતા પણ જ્યારે કુરઆનેમજીદની આયાત ઇલ્હાનથી પડતા ત્યારે આપ તરતજ ચુપ રહી જતા ને જાણે કોઈ મોટો શખ્સ ગોર કરી સાંભળતા હોય તેમ સાંભળતા. આ રીતે આપ મોટા થયા. ત્યાર બાદ આપ હદમાં પહોંચ્યા ત્યારે આપના બાવાજી સાહેબે આપને જામનગર સૈયદના બદરૂદ્દીન સાહેબની જનાબમાં ઇલ્મ વાસ્તે મોકલ્યા. આપ અહીં અતિ કોશિષ કરી ઇલ્મમાં કમાલ દરજ્જે પહોંચ્યા ને હકીકી નેઅમત પણ મેળવી. બાદ આપે વતન તરફ જવા માટે સૈયદના પાસેથી રૂખસત ચાહી. સૈયદનાએ બાઇઝ્ઝત ઇનઆમ અકરામ સાથ વિદા કીધા. આપના નાના મુલ્લા ખાન સાહેબ પણ ઘણાજ નેક સીફત હતા. આપ ખુદાની ઇબાદત નમાઝને કોઈ વાર કઝા ન કરતા. હમેશાં સુરજ તરફ જોઈ નમાઝની ઇન્તેઝારીમાં રહેતા. ગરીબોની પરવરીમાં પોતાની જાતને તકલીફ દેતા, વિધવાઓ અને બેસહારાના સહારા હતા, મહેમાનોની મહેમાનીનાં આરઝુમંદ રહેતા, વટેમાર્ગુઓની રસ્તાની મુસાફરી માટે વાહન ઘોડો રાખતા, ગરીબ નવયુવાનને શાદી વખતે ઘર જોડાવી દેવાની રગબત રાખતા ને શાદી વખતે શાદી કરાવી આપતા, મોમિનોને જરૂરત વખત કરજે હસનાત આપતા તે પાછા માગતા નહિ બલકે લઈ જનાર ખુદ વખત પર કરજે લીધેલ નાણા પાછા આપી જતા.

આપ રામપુરા ઉર્ફે ઇસલામપુરાની જમાઅતના શેઠીયા પણ થયા હતા ને તે વખતના આમિલ આપની મસલેહત વાસ્તે હમેશાં તલબગાર રહેતા. હર વરસ આપ ઝકાતનો હિસાબ કરી બરાબર અદા કરતા. આપ સાહેબે ઓલાદ છે. ખુદાતઆલાએ આપને આઠ દિકરા ને એક દિકરી ઇનાયત કર્યા હતા. રામપુરાની જુમાથ આપનો દરેક હુકમ માથે ચડાવતી. આપ ખુદાની તકવા ને તવક્કલ પર આધાર રાખનાર ને સંતોષી હતા. આપના બાવાજી હકિમુદ્દીન બીન મુલ્લાં ખાન સાહેબની વફાત સૈયદના ઇસમાઇલિજી બદરૂદ્દીનના બયાન પાના ૨૫૭ માં આપેલ છે પરંતુ આપ સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન બાવાજી સૈયદી હકીમુદ્દીન સાહેબ તથા મોટા બાવાજી મુલ્લાં ખાનસાહેબનું કેટલુંક જાણવા જોગ બયાન અત્રે આપવાનું કારણ માત્ર એટલુંજ છે કે, આપના ખાનદાનમાંથી દાઅવતે હાદીઆની ખિદમતના સમય ખુદાતઆલાએ આપની નસલમાં દાઅવતે હાદીઆના નુરને ઝાહેર કર્યું છે જે પાછળ બતાવેલ શજરા ઉપરથી જોઇ શકાશે.

સૈયદી હકીમુદ્દીન ઇબ્ને મુલ્લાં ખાનસાહેબ—રામપુર.

રિવાયતમાં છે કે, રામપુરના રાજાએ ઇસ્લામ સ્વિકાર્યા બાદ તે શહેરનું નામ બદલી ઇસ્લામપુરા રાખ્યું ને તે રાજા સાહેબને કુરઆનેમજીદ શીખવવા વાસ્તે દિલ્હીના બાદશાહે એ કારી (કુરઆને શરીફ લહેન સાથ પડાવવાનું ઇલ્મ જાણનાર) ને ઇસ્લામપુરામાં મોકલ્યા. આ કારીમાંથી એક સાહેબ બાજારમાં ફરવા નીકલ્યા, ફરતા ફરતા મુલ્લા ખાનસાહેબની દુકાન પાસે આવ્યા ત્યાં તે સાહેબે જોયું તો દુકાનમાં ઘણાજ ખુશ ઇલ્હાન (અવાઝ) થી સૈયદી હકીમુદ્દીન સાહેબ કુરઆનશરીફ પડી રહ્યા હતા. આ કેરાત સાંભળી તે કારી સાહેબ સ્થંભી ગયા ને સૈયદી હકીમુદ્દીન સાહેબને જોઇ ઘણા ખુશ થયા ને કહેવા લાગ્યા કે, " રાજાના શહેરમાં આ પ્રમાણે કારી મોજુદ હોવા છતાં તે તેની પાસેથી ઇલ્મ નહિ લેતાં અમોને અમારા વતન દિલ્હી જે ઘણું દુર છે ત્યાંથી બોલાવી બેવતન કરી અમારી પાસેથી શીખે છે એ ઘણી અજબની વાત છે ". તે પછી આ કારી સાહેબે મકાન પર જઇ બીજા કારી પાસે સઘળી હકીકત કહી સંભળાવી. તે બાદ આ હકીકત ઇસ્લામપુરના રાજા પાસે રજુ કરી. બાદ રાજાએ સૈયદી હકીમુદ્દીન સાહેબને બોલાવી કુરઆનશરીફની કેરાઅત સાંભળી, જેથી રાજા ઘણા ખુશ થયા. તે પછી દિલ્હીથી આવેલા બંને કારીને વિદા કર્યા ને સૈયદી હકીમુદ્દીન સાહેબ પાસે કુરઆન શરીફ પડવાનું નક્કી કર્યું. જેથી સૈયદી હકીમુદ્દીન સાહેબ દરરોજ સવારે રાજાને પડાવવા જતા. રાજા પોતે આપના કામથી ખુશ થયા ને આપને ઇનામમાં દશ હજાર રૂપિયાની આવકવાળું એક ગામ આપ્યું. આપે તે ગામનું મહેસુલ વસુલ કીધું. બાદ એક વખત તે ગામના ખેડુતો સૈયદી હકીમુદ્દીન પાસે કેટલોક હદીઓ લઇને આવ્યા, આપે તે હદિઆને કબુલ કીધો અને પોતાના માતાજી બાઈ હવરાબાઇને લઇ લેવાનું કહ્યું

ખેડુતો ગાડાઓમાંથી માલ ઉતારી રહેલ હતા ને સાંજ પડી જવા આવી હતી એટલામાં સૈયદી હકીમુદ્દીનના બાવાજી મુલ્લાં ખાનસાહેબ બહાર ગામથી મકાન પર આવ્યા. આપે મકાનમાં હદયાઓના અનાજના ઢગલા જોયા તેથી પુછ્યું. આ કયાંથી આવ્યા ? સૈયદી હકીમુદ્દીનના માસાહેબાએ જે બીના બનેલ હતી તે કહી સંભળાવી. આ હકીકત સાંભળ્યા બાદ આપ ચુપચાપ મસજીદમાં ચાલી ગયા. નમાઝ બાદ બધા ફરઝંદો થાલ પર હાજર થયા ત્યારે આપે સૈયદી હકીમુદ્દીન પર નઝર કરી કહ્યું. હું એમ ચાહતો હતો કે તમો દાઇએ હક સૈયદના ઇસમાઇલિજીની ખિદમત કરો. પણ તેથી તમને શું મળે ? રાજાની ખિદમત કરો તો આ પ્રમાણે હદિઆ ને દુનિયા મળે. પછી શું કામ હિતના સરદારની ખિદમત કરો ? સૈયદી હકીમુદ્દીન સાહેબ પોતાના બાવાજીની ઝબાની સાંભળી તરત સમજી ગયા ને તેજ સવારે શહેરના રાજાની રજા લીધા વગર પોતાનું વતન છોડી ખુદાની રાહમાં હીજરત કરી જામનગર ગયા. થોડા વખત પછી સૈયદી મુલ્લાં ખાનસાહેબ પણ રામપુરથી રવાના થઇ પોતાના ફરઝંદને નગરમાં જઈ મળ્યા ને સૈયદના ઇસમાઇલિજી બદરૂદ્દીન સાહેબની જનાબમાં હાજર થઇ દીદારથી મુશરરફ થયા. બાદ આપે સૈયદી હકીમુદ્દીન સાહેબને હઝરતે આલીયામાં સોંપી આપ ઇસ્લામપુરા પાછા રવાના થયા.

જે પ્રમાણે અલી ઇબ્ને અબીતાલીબે દુનિયાને તૂલાક આપી દિનને ઇખ્તીયાર કર્યું હતું તેજ પ્રમાણે સૈયદી હકીમુદ્દીન સાહેબે અને આપના બાવાજી મુલ્લાં બાનસાહેબે દુનિયાને તલાક આપી દાનને ઇખ્તીયાર કીધું હતું તેનો બદલો ખુદાતઆલાથી મેળવ્યો. દિનના લોકોએ દુનિયાની પરવા ન કરી, બાદશાહોના માનઅકરામ પસંદ ના કર્યા, વાહ વાહ પોકરાવવાનો ધન્કાર કર્યો, કોઇના હદિયા લેવાની પણ નારાજગી બતાવી. હદિયા લેવા તે પણ અન્યાય લાગ્યો. તેવા હકના સાહેબ ખુદાને કેમ પસંદ ન હોય ? આપ સૈયદી હકીમુદ્દીન સાહેબ આપના બાવાજી સાહેબ જેવાજ સીરતમાં હતા તે સાથે ઇલ્મમાં કમાલિયતને પહોંચી દાઅવતે હાદિઆના માર્ગના રૂતબાને મેળવ્યો હતો.

1135/1723-4

હી૦ ૧૧૩૬ માં ઇસલામપુરામાં બહારવટીયાઓનો ઘણોજ ત્રાસ હતો, તેઓએ એક વખત આખું ગામ લુંટી લોકોને મુશકેલીમાં મુકી દીધા એટલુંજ નહિ પણ તેમના ઘરબાર તથા અસબાબને આગ લગાડી લોકોને તંગ હાલતમાં મુકી નાસી ગયા હતા. અહિંના મોમિન ભાઇઓ આ મુશકેલીમાં બિલકુલ તંગ થઈ ગયા ને ફક્ત પહેરેલાં લુગડાં સહિત જીવ બચાવી બાજુના ગામડાઓમાં ચાલી ગયા. આ બબર સૈયદી હકીમુદ્દીન સાહેબને પડવાથી તરતજ આપ આપના મોટા ભાઇ મોહમ્મદભાઇને ઉજ્જેનથી દરેક ચીજો, રોકડ, કપડાંલતાં વિગેરે બચાવી ઇસ્લામપુરા રવાના કર્યા ને કેટલાકોને આપે ઉજ્જેન બોલાવ્યા. આપના બોલાવવાથી જે મોમિનો ત્યાં હાજર થયા તેને આપે ઘણીજ શફકત સાથે રાખ્યા, ને જોઇતી હાજતો પુરી પાડી. એ રીતે ઘણા દિવસ ઉજ્જેનમાં રાખી હસી-ખુશી સાથે સૌ સૌને વતન રવાના કર્યા. બાદ આપે ફરી રામપુરા વસાવ્યું. આપની આ કોશિષ ને મહેનતના સબબ આપના તુફેલથી આ પ્રમાણે હુસેનીબાગ હરોભરો થયો. તેજ પ્રમાણે આપની નસલથી હુસેનીબાગ હરોભરો રાખવા આપના ફરઝંદો તૈયાર થયા ને દાઅવતની ખિદમત કરતા રહ્યા તેના બદલામાં ખુદાતઆલાએ આપના ફરઝંદ સૈયદી ઇબ્રાહીમ, સૈયદના નુરૂદ્દીનના મનસુબ બન્યા. " ઇન્નલ્લાહા લા યોદીઓ અજરલ મોહસેનીન. " ખુદા એહસાનના કરનારનો બદલો ઝાંખે કરતો નથી.

રિવાયતમાં છે કે સૈયદી હકીમુદ્દીન સાહેબ તંગ, ટુંકાં કપડાં પહેરવાની મના કરતા, દાઢ, જુગારથી દુર રહેવાની સખત તાકીદ કરતા ને મોમિનોને ખુદાના અઝાબથી ડરાવતા. આપને કોઇએ પુછ્યું કે, સાહેબ ! તમાકુ શું છે ? આપે ફરમાવ્યું કે તમાકુ દુરગંધી ને નાપાક વનસ્પતી છે, અને જહન્નમના બી-માંનું એક બી છે અને શેતાનની પેશાબથી ઉગેલી ભાજી છે, તેનો ધુમાડો તથા સુંઘણી હરામ છે. આ વનસ્પતી કામમાં લેનાર કોઇને ઇમામત ન કરાવે. તેનો દવામાં ઉપયોગ કરવો પણ ઇચ્છવા યોગ્ય નથી કારણ તે મગજને ખરાબ કરે છે ને ગાંડપણ લાવે છે. ખુદા આપણને આવી વનસ્પતિ લેવાથી બચાવે.

એક દિવસ સૈયદી હકીમુદ્દીન સાહેબ હલકામાં સબક પડાવી રહ્યા હતા, તેમાં-બૈરો તથા મરદના હક વિષેનો સબક આવ્યો, તેમાં એવો હુકમ હતો કે, બૈરોનો મરદ પર એવો હક્ક નથી. તે વખત આપના ફરઝંદ સૈયદી દાઉદભાઇએ સવાલ કર્યો કે, શું મરદ

પર બૈરોની પરદેનશીનીનો પણ હક્ક નથી ? ત્યારે સૈયદી હકીમુદ્દીન સાહેબે ફરમાવ્યું કે મરદ પર બૈરોના બાર હક્ક છે જે નીચે પ્રમાણે છેઃ—

૧. બૈરોને પરદે રાખે, બહાર જવાનો હુકમ ન કરે.

૨. બૈરોને શરીઅતની રીત બતાવે, ફીકેહના કુલ અમર, હેજ, સુવાવડની વીગત પણ બતાવે, ઇમાનના કામો બતાવે, તેના સાથે નરમીથી કામ લે ને જો તેમ કરતાં તે ન માને તો તેના બિસ્તરને મુકે, તેમ પણ ન માને તો મારે ને તેથી પણ જો ન માને તો તલાક આપે.

૩. હલાલની કમાઈ પોતાની શક્તિ મુજબ બવડાવે.

૪. જો બૈરો માફક ન આવતી હોય તો તેને છોડી દે. ટીંગાવી ન રાખે.

૫. તેના સુવા વાસ્તે રૂમ જુદો આપે.

૬. કોઈ માલદારની દિકરી માલ લઇને આવે તો તેના ઉપર તાનાઝની ન કરે તેમ તેના માલને તેની રજા સિવાય હાથ ન લગાડે.

૭. જો બે બૈરી હોય, તેમાં એક ગરીબની ને એક અમીરની છોકરી હોય તો તે બન્નેની બાતરદારી સરખી કરે.

૮. બૈરોને ગાળાગલોચ ન કરે.

૯. બૈરોના માબાપને પોતાના માબાપ સરખા ગણે.

૧૦. બૈરોને ખુદાની ઇબાદત તથા સારી બસલતોથી નસિહત કર્યા કરે.

૧૧. પોતે સફરપરથી આવે ત્યારે તેણી માટે કંઈ હદીયો લઇ આવે.

૧૨. બૈરોના માલને તેને પુછ્યા વગર ન લે.

આ પ્રમાણે બૈરોના બાર હક્ક મરદ પર છે, તે પ્રમાણે દરેકે મોમિનીનને વર્તવાની ફરઝ છે.

આપે આપની હયાતી દરમ્યાન પાંચ કિતાબો બનાવ્યા છે જેનાં નામ નીચે મુજબઃ—

૧. અલઉરજુઝા ફી બયાને માફી સુન્નતે મીન સોનનિસ્સલાત.

૨. દિવાન.

૩. કલીલા વ દીમના. આ કિતાબને કિતાબુલ બુરહાન પણ કહે છે.

૪. બલોહર વ બુજાસુફ.

૫. અતજકીરાત. આ કિતાબ જોકે કોઈ સુન્નત જમાતના આલીમે બનાવેલ છે પણ તેમાં આપે ઘટતો ફેરફાર કર્યો છે.

આપે માકુનના રૂતબામાં રહી એવી હસનાત જરી કાધી છે કે હાલના ઝમાનાના ઓલમાઓ આ ફેઝનો લાભ ઉઠાવે છે. આપ દરઅસલ દાઇના મનસુસ હતા પરંતુ આપને ઉમરે વફા ન કાધું.

એટલે આપે એક વસિયતનો કાગળ બનાવ્યો, તેમાં પોતાના કિતાબો, મિલ્કત, ઘરવખરી વિગેરે દાઅવતને અર્પણ કર્યાનું ફરમાવ્યું હતું. જે બાદ આપ હી૰ ૧૧૪૨ સવ્વાલ તા. ૫ મીના બુરહાનપુરમાં વફાત થયા છે ક. ૩. (વધુ માટે જુઓ પાનું ૨૫૭-૫૮).

ખુદાતઆલાએ આપની આ કુરબાનીના સબબ આપની નસલમાં પોતાના નુરને ઝાહેર કર્યું ને તેના બદલામાં આપના ફરઝંદ ઇબ્રાહીમ વજીહુદ્દીનને ખુદાના દાઇનો રૂતબો બક્ષ્યો.

આપ સૈયદનાએ આપના બાવાજીના વફાત બાદ વસિયતનામાનો કાગળ સૈયદના બદરૂદ્દીન સાહેબ પાસે રજુ કર્યો, ત્યારે આપ સૈયદનાએ તે કાગળને ઘણાજ માન સહીત લઈ ફરમાવ્યું કે, આ એવા શખ્સનું લખાણ છે કે જે દીન અને દુનિયાના અમીન હતા. એટલુંજ નહિ પણ તેના ફરઝંદ પણ તેનાથી કંઇ કમ નથી જરૂર તે અમાનતને અદા કરશે. આ પછી સૈયદના બદરૂદ્દીન સાહેબે સૈયદી વજીહુદ્દીન સાહેબ ઉપર તાઅઝીયતનો કાગળ લખ્યો તેમાં ખાસ ઉજ્જૈન ને તેની આજુબાજુના ગામોની વલાયત તથા દીની તથા દુન્યવી તમામ ઓમુરો, મદ્રસા, મકાનો ને મસજીદોના અમર સૈયદી વજીહુદ્દીન સાહેબ ઉપર લખી મોકલ્યા હતા. તે બાદ સૈયદના બદરૂદ્દીન સાહેબે આપની વફાત વખતે આપના ઉપર નસનો અમર ફરમાવ્યો ને આપ દાઅવતે હાદીઆના નીગેહબાન થયા. હી૰ ૧૧૫૦.

આપને દાઇનો રૂતબો મલ્યા અગાઉ એટલે હી૰ ૧૧૪૩ માં ઉજ્જૈનમાં દુકાળ પડ્યો. લોકો અનાજ-પાણી વગર મરવા લાગ્યા, તેથી દરેક કોમના લોકો તથા ધર્મગુરૂઓ વરસાદ માટે દોઆ કરવા જંગલમાં જતા હતા, પણ દરેક કોમ નાઉમેદ થઇ પાછી ફરતી. આ પ્રમાણે સાત દિવસ સુધી જંગલમાં ગયા પણ એક ટીપું વરસાદ પડ્યો નહિ તેથી લોકોમાં ચર્ચા થઇ કે શું વોહરા અને તેના મુરશીદને પાણીની જરૂરત નહિ હોય કે તેઓ સુકાળને ચાહતા નહિ હોય કે જેથી તેઓ વરસાદ માગવા માટે જંગલમાં નીકળતા નથી? આ ઉપરથી શહેરના હાકીમે સૈયદી વજીહુદ્દીન સાહેબને કહેવડાવ્યું કે, સાહેબ! વરસાદની અછતને લઇને આખી દુનિયામાં હલાકી ને હેરાનગતી છે, અનાજની અછત છે તેવા વખતમાં તમામ ગામ વેરાન થઇ રહ્યા છે ને આપ ચુપ કેમ છો? લોકોની મુશકેલી ને દુઃખો પર દયા કરી આપ જંગલમાં પધારો ને દુઆ કરો કે ખુદાતઆલા અમારા ગુનાહને માફ કરે ને પોતાના બંદાઓ ઉપર પોતાનું ફઝલ ને કરમ જરી કરે.

હાકિમના હુકમથી સૈયદી વજીહુદ્દીન સાહેબ સઘળા મોમિનીન સાથે જુમ્માના દિવસે જંગલમાં **ઇસ્તીસ્કા** (પાણી તલબ) વાસ્તે નીકળ્યા. આપે હાથમાં મોટી ડાંગ લીધી જામો પહેરી નદી પસાર કરી મેદાનમાં આવ્યા. મેદાનમાં આપે વજું કરી ને મસલ્લા સામે

ડાંગ ખોડી બે રકાત નમાઝ અદા કરી. તે બાદ ખુદા પાસે મુનાજાત-દુઆ કરવી શરૂ કરી. અસરના વખત સુધી દુઆ જરી રાખી. આ વખતે આપની સાથે મોમિનો ઉપરાંત મુખાલેફુનો પણ હતા તેઓ પાછળ આપની મશકરી ને ઠઠ્ઠાબાજી કરતા હતા, પરંતુ બસ ફઝલે ખુદા મુનાજાત ને દુઆની એ અસર થઇ કે આસમાનમાં એકાએક વાદળો જમે થઇ ગયા, ખૂબ જોરથી હવા શરૂ થઈ ને વાદળોનું જોર જામતું ગયું. આકાશ વાદળોથી ઘેરાઈ ગયું ને થોડી વાર ન થઈ ત્યાં જોરશોરથી ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસવો શરૂ થયો જાણે કે શ્રાવણ ને ભાદરવો વરસતો હોય તેમ ચારે બાજુએ વરસાદની રેલમછેલ થઇ. નદી નાળાઓ પુર જોશથી વહેવા લાગ્યાં. આથી મેદાનમાંથી મોમિનોને જવાની ઘણીજ તકલીફ થઇ ને ભાગવા લાગ્યા, તેથી આપે મોમિનોને ફરમાવ્યું કે ખુદાતઆલાની રહેમત છે. ધીમે ધીમે વકારથી ચાલો. આપના આ સખુન સાંભળી મોમિનો ખુદાનો શુકર ને સના (વખાણ) કરતા કરતા વરસાદથી ભીંજતા ઘર તરફ પાછા વળ્યા. આપની સાથે કેટલાક મુખાલેફુન તેમજ શહેરમાંના કેટલાક હસદખોર લોકો સામેલ થયા હતા તેઓનાં મોઢાં ફીક્કાં પડી ગયાં ને તેઓના કલેમા ખોટા થયા ને હકના સાથીદારોના દિલો રોશન થયા. હકના દાઇના તુફૈલથી દુનિયાની નેહસ્તી (મુશકેલી) દુર થઈ ને દુકાળ પછી સુકાળની ઘડીઓ દેખાવા લાગી. ખુદાના નજદીક હક વાત કબુલ થાય છે ને ખુદાના વલીઓની આકત પણ લોકોના ભલાનીજ હોય છે.

હી૰ ૧૧૪૯ માં સૈયદી વજીહુદ્દીન સાહેબ, સૈયદના બદરૂદ્દીન સાહેબના અમરથી સીરોંજ ને બીજા ગામની વાજેબાત માટે ગયા હતા. વાજેબાતથી ફારેગ થઇ પાછા સીરોંજ ગયા, ત્યાં જમનગરથી એક કાસિદે સૈયદના બદરૂદ્દીનના નાઅયે (અન્તેકાલ) ના ખબર આપ્યા ને સાથે સૈયદી વજીહુદ્દીન સાહેબને મરહુમ સૈયદના બદરૂદ્દીન સાહેબે મુકીમ બનાવ્યા છે તે પણ કહ્યું. આ સૈયદના બદરૂદ્દીન સાહેબનો કાગળ કે જે અરબીમાં છે તેમાં વિગતવાર એહવાલ છે, તે આખો કાગળ મોસમે બહાર જીલદ ૩ જી સફો ૪૪૨ થી આપેલ છે તે જુઓ.

આ કાગળ માંહેની વસિયત પ્રમાણે આપ ઉજ્જૈન પધાર્યા ને દાઅવતે હાદિયાના તખ્ત પર જલ્વાનુમા થયા. આપે બલમ અને અમલથી દાઅવતની કારવાઇ શરૂ કરી અને આલેમો પાસે ઇલ્મની નદી જરી કરાવી ને આપ પોતે પણ જાતી મહેનત લઈ લોકોને ઇલ્મ આપવા કોશિષ કરતા હતા. દરેક ગામોના મોમિન મુસાફરો હીજરત કરી આપની પાસે આવતા. આપ મુનાજાતમાં એટલા મશગુલ રહેતા કે જાણે તે વખતનો દેખાવ મક્કામદિનાના મલમના મથક જેવો લાગતો. આપ ખુદા પાસે શુકર ગુજારી સાથે દુઆ ગુજારતા કે:—

એ પરવરદિગાર! તું મોમિનોની તંગીને દુર કરજે, લાવલદ (ફરઝંદ વગરના) હોય તેને તું ફરઝંદ આપજે, જેઓ ફાકાકશીમાં હોય તેઓને તું સેરાબ કરજે, તેઓની કુલ હાજતને એ પરવરદિગાર તું પુરી કરજે. હજી આપ રાતોમાં પણ ખુદાતઆલા પાસે તઝરરા સાથે દોઆ કરતા તે સબબ આંખોમાંથી એટલા આંસુ નીકળતા કે આપની આંખોમાં મોજા ચઢી આવતા. આપ દિવસ કે રાતની એક ઘડી નકામી ન ગુજારતા.

મસ્જીદમાં દરરોજ તશરીફ લઇ જતા ને ખુદાતઆલાની ઇબાદતમાં મશગુલ રહેતા ને હમેશ મોમિનીનની હિફાજતનો ને મુદ્દાના ખોફનો વસવસો કરતા.

આ અરસામાં આપે આપના ફરઝંદ શેખ હિપતુલ્લાહને ઉજ્જેનથી ઇન્દોર તરફ વાજેબાત વાસ્તે મોકલ્યા. ત્યાં તેઓએ દાઅવતનું કામકાજ ખુબી સાથે પુરૂં કર્યું ને પાછા ઉજ્જેન પધાર્યા તેથી આપ સૈયદના વજીહુદ્દીન સાહેબ ઘણાજ ખુશ થયા. ત્યાર બાદ સૈયદી હિપતુલ્લાહભાઇએ વધુ ઇલમ તેહસીલ માટે કમર કસી અને પોતાની જાત પર ઇબાદતથી, ખીદમતથી, નફસે અમ્મારાથી જેહાદ કરી પોતાના નાના હકીમુદ્દીન સાહેબ તથા પોતાના બાવાજીના પગલે ચાલ્યા. બાદ આપની ફઝીલત ને કમાલિયત ઇમ્તેહાન લેતાં જણાઈ, તેથી સૈયદી વજીહુદ્દીન સાહેબ ઘણાજ ખુશ થયા ને આપને રાસુલ હોદુદ બનાવી પોતાના કાકા મોલાઈ દાઉદભાઇ ઉપર તરતીબમાં ચડાવ્યા અને બીજા કેટલાક હોદુદોને પણ તરતીબમાં લીધા. ત્યાર બાદ તા. ૧૪ મી સફર હી૰ ૧૧૫૩ માં સૈયદી હિપતુલ્લાહ મોઐયદ ઇસ્લામપુર આવ્યા ને આજુબાજુના ગામોમાં વાજેબાત વાસ્તે પધાર્યા. જ્યાં આપને ઘણીજ ઇઝ્ઝત ને કરામત મળી તેથી આપ સૈયદના ઘણા ખુશ થયા લોકોએ પોતાના માલની ઝકાત હકના ધણીને પુરી અદા કીધી. આપે ઝકાત અદા કરવા માટે લોકોને પોતાની ફસિહ ઝબાનથી એટલા સમજાવ્યા કે લોકોમાં તેની ઘણી અસર થઇ ને લોકોએ આપની આ હિદાયતના સબબ પોતાના માલની પુરી ઝકાત આપને અદા કીધી. જે કહેવાય છે કે તે વખતે ધારવા કરતાં ઘણીજ વધીને થઇ હતી.

આપ વાજેબાત વસુલ કરી ઉજ્જેન પધારે તે પહેલાં શહેરમાં એક ગમનાક બનાવ બન્યો ને તેના સબબ ત્યાં આપને રોકાઇ જવું પડ્યું. તે એ હતો કે, આપ રવાના થવાની તૈયારીમાં હતા ત્યાં રામપુરાના રાજાસાહેબના ઇન્તેકાલના ખબર સાંભળ્યા જેથી આપ રોકાઈ ગયા. ગામમાં હડતાલ પડી, દરેક કોમના લોકોમાં દિલગીરી ફેલાઈ તેજ રીતે મોમિનોમાં પણ દિલગીરી થઈ. રીવાજ પ્રમાણે દરેક કોમના રહિસો રાજાને ત્યાં દિલાસા (મોંએ જવા) માટે જવા લાગ્યા. તે સાથે મોમિનો પણ જવા માટે તૈયાર થયા ને આપ સૈયદી હિપતુલ્લાહભાઈ સાહેબ પાસે ગયા ને અરજ કરી કે, આપ મોલા પણ રાજાના કરાબતવાલાઓ પાસે દિલાસો આપવા માટે પધારો તો ઘણું સારૂં. જેથી રાજા સાહેબ આપણી કોમ પ્રત્યે ઘણી સારી લાગણી રાખશે. આપે મોમિનોની આ અરજ કબુલ કરી રાજાને ત્યાં પુરસા માટે પધાર્યા જેથી મોમિનો ઘણાજ ખુશ થયા ને આપને ઇઝ્ઝત સાથે શહેરમાં રાખ્યા.

અમુક વખત પછી કોઇ હસદખોર અમલદારે આપની પાસેથી કંઇક રૂપિયા કઢાવવાની બાજી રચી ને રાજાના કાન ભંભેરી કહ્યું કે, આ વોહરાના ધર્મગુરૂ ઘણા માલદાર છે, માટે તેમની પાસેથી અમુક રૂપિયા લેવા જોઇએ ને જો તે ન આપે તો તેમની કોમ પાસેથી તે વસુલ કરવા. બાદ તે અમલદારે રાજાના હુકમથી વોહરાઓ પાસેથી જોરજુલમથી રૂપિયા વસુલ કરવાની શરૂઆત કીધી. આ વખતે આપ સૈયદી હિપતુલ્લાહભાઈ સાહેબ

મુંબઈ રહેવા લાગ્યા, કારણ આપની પાસે દાઅવતનો ઘણો પૈસો હતો, અને આપની પાસેથી રૂપિયા વસુલ કરવાના ઇરાદાથી ઝાલેમો દિવસે દિવસ મોમિનો પર વધુ ઝુલમ કરવા લાગ્યા.

એક દિવસ આપ એક મકાનના નાના ગોખલામાંથી રસ્તા પર જોતા ઉભા છે તે વખતે એક પોલિસ એક મોમિનને એટલો સખ્ત માર મારી રહેલ હતો કે આપ તે ન જોઈ શક્યા તેથી આપ તરતજ ઝાહેર થયા ને મોમિનોને ભેગા કરી રાજાએ માંગેલી રકમ રાજ્યમાં ભરી દીધી ને મોમિનો પર થતો ઝુલમ અટકાવ્યો. પરંતુ જોર ઝુલમથી લીધેલા પૈસાનો કેવો બુરો અંજામ મળે છે તે નીચેના દાખલાથી જણાશેઃ—

બદીનો બદ અંજામ.

એક દિવસ તે રાજા શિકારે ગયો ને જંગલમાં ઘોડાપરથી પડી ગયો ત્યારે બીજો ઘોડો મંગાવ્યો. જો કે તે ઘોડેસ્વારીમાં એક્કો હતો છતાં આ બીજા ઘોડાપરથી પણ પડી ગયો, બાદ ત્રીજો ઘોડો મંગાવ્યો, તેના પર સવાર થવા જાય છે ત્યાં તે ઘોડો ઉછળ્યો ને તેને ઝમીન પર પછાડયો. તે બાદ ચોથો ઘોડો મંગાવ્યો તે ઘોડો ઘણો ગરીબ હતો, તે આવ્યો એટલે તેપર સવાર થયો ને ઘોડો આગળ ન ગયો એટલામાં આ ગરીબ ઘોડો તોફાન પર ચડયો જેથી તે રાજા ઘણાજ જોરથી જમીન પર પછડાયો ને બેહોશ થયો, શરીરમાંથી ખુન નીકળવા લાગ્યું ને બચવાની કોઈ આશા જણાઈ નહિ. આથી ગામમાં હોહાકાર મચી ગયો. દરબારીઓ તરેહ તરેહના ધર્માદા કરવા લાગી ગયા ને રાજાને બચાવવા માટે વૈદોની દોડધામ શરૂ થઇ. કેટલીક કોશિષ બાદ રાજા હોશમાં આવ્યા ત્યારે વઝીરને બોલાવી કાનમાં કહ્યું, "વજીર ! વોહરા કોમના મુરશીદ પાસેથી આપણે જે રકમ વગર કારણે લીધી છે તેનો આ બદલો હોય એમ મને લાગે છે". માટે એ વઝીર ! તમે તેને બોલાવો ને તેમની પાસેથી જે રકમ લીધી છે તે મંગાવો હું મારા હાથથી તે મુરશીદને પાછી આપી ને તેની માફી ચાહું. આ ઉપરથી વઝીરે સૈયદી હિપતુલ્લાહ મોઐયદને રાજાના હુકમ બોલાવ્યા એટલે આપ દરબારમાં હાજર થયા. રાજાએ આપને માન સાથે બોલાવી પાસે બેસાડ્યા, કેટલીક ગુફતગુ બાદ તેણે આપના પાસેથી લીધેલી રકમ પાછી આપી ઉપરાંત એક જગ્યા હદિયા તરીકે આપી ને પોતાથી બનેલ ભુલની માફી ચાહી. આથી આપ સૈયદી હિપતુલ્લાહ સાહેબ ખુશ થયા ને માફી દોઆ કરી. આપની દોઆના સબબ રાજા પણ તરતજ તંદુરસ્ત થયા. તે પછી તેણે કોઇ વખત આવી જાતની ભુલ કરી નહિ.

રાજાને આરામ થયા બાદ વોહરાઓને કોઇએ સતાવવા નહિ તેવું શાહી ફરમાન નીકળ્યું, બાદ મોમિનો અમાનથી રહેવા લાગ્યા, બાદ રાજા તરફથી હદિયામાં મળેલી જમીનમાં સૈયદી મોઐયદે લગભગ ૮૦ કુટુંબો રહી શકે એટલાં મકાન બનાવ્યાં. ઉપરાંત એક બાગ પણ બનાવ્યો ને ચાર મોહલ્લા વસાવ્યા. તે મોહલ્લા તથા બાગ આજે મવજુદ છે. તે પછી આપ રામપુરથી ઉજ્જેન પધાર્યા. ઉજ્જેનમાં પણ આપને હાફીમના ઝુલમની અસર પહોંચવા લાગી જેથી સૈયદી હિપતુલ્લાહની રાએથી

સૈયદના વજીહુદ્દીન સાહેબ ઉજ્જેનથી રવાના થઇ બુરહાનપુર તશરીફ લઈ ગયા. સાથે મુલ્લાં લાલાજી તથા મુલ્લાં ખાનજી તથા બીજા કેટલાક રહિસો પણ હતા. આપ બુરહાનપુર પધાર્યા ને સૈયદી હકીમુદ્દીન સાહેબ ક. ૩. ની ઝીયારતથી મુશરરફ થયા. બાદ આપ અહીં મુકામ કરી રહ્યા. અહીંના લોકોએ અને આપની સાથે ઉજ્જેનથી આવેલ ભાઇઓએ આપની પુરા તોરથી ખિદમત કરી.

અહીં બુરહાનપુરમાં આપ સૈયદના શાન્તિથી રહેવા લાગ્યા અને આપની હજરતમાં જામનગરથી સૈ. બદરૂદ્દીનના ફરઝંદ અબ્દેમુસા પણ આવ્યા ને ઉજ્જેનથી આપના ફરઝંદ સૈયદી હિપતુલ્લાહ મોઅૈયદ પણ આવ્યા. આ વખતે દાઅવતનો ઇન્તિઝામ પુર જોશમાં છે. હર ફજરે કુરઆનનો દોર ચાલુ છે. દોઆતિલમુતલકીનના દાઅવતના રસમ મુજબ કુલ રસમો જરી છે. બુરહાનપુરમાં આપ હર મસજીદમાં વાએઝ માટે બેસતા. આપની પાસે ગરીબ કે તવંગર બધા એકસરખા હતા. આ રીતે શાન્તિથી બુરહાનપુરમાં પાંચ વરસ રહ્યા ને તા. ૨૬ રજબ હી૰ ૧૧૫૬ ના રોજ આપે પાછો ઉજ્જેન જવાનો ઇરાદો કર્યો ને તે મુજબ આપ સર્વે કુટુંબીઓને લઇને ઉજ્જેન તરફ રવાના થયા ને ત્યાં સહીસલામત પહોંચી ગયા.

ઉજ્જેનમાં આવ્યા બાદ આપે આપના મુકીમ સૈયદના બદરૂદ્દીન સાહેબના બીજા ફરઝંદ અબ્દેમુસાની શાદીનો ઇરાદો કીધો. શાદીના આમંત્રણપત્રો યાને કંકોત્રીઓ દરેક ગામ તથા શહેરોમાં લખવામાં આવી, અને તે શાદીમાં ભાગ લેવા માટે નગરથી જીવણા આઇસિહેબા તે સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન ઇન્ને શેખ આદમના બૈરો અને ડોસીબાઇ આપની દિકરી તથા ફાતેમાઆઈ બિન્તે ઇબ્રાહીમ, સૈયદી અબ્દુલ્તૈયબ તથા સૈયદી શેખ આદમ ઇન્ને સૈયદના નુરૂદ્દીન સાહેબ. મતલબ કે સૈયદના બદરૂદ્દીન સાહેબના કુલ બાલબચ્ચાં ઉજ્જેન આવ્યા ને તા. ૧૮ મી મોહરરમ ૧૧૫૮ હીજરીથી શાદીની શરૂઆત કરી. આ શાદીમાં ગામેગામથી મોમિન ભાઇઓ પણ આવવા લાગ્યા ને આવનાર મહેમાનો માટે બાતર બરદાસ્તનો પુરતો બંદોબસ્ત કરવામાં આવેલ હતો. મવાલીઓની મહેમાનોની મહેમાનીની ફઝીલત વિષેના બયાનના સબબ મોમિનોના દિલોમાં મહેમાનોની મોહબ્બતનો જોશ ઘણોજ રહેતો ને તે પ્રમાણે બીદમત લઇ ઉઠતા તો પછી હકના દાઈ પોતાના મહેમાનોની ખિદમતમાં કંઈ કચાસ રાખે !

સૈયદના વજીહુદ્દીન સાહેબે ઔરંગાબાદ, હૈદ્રાબાદ અને એવીજ રીતે બીજા અનેક શહેર તથા ગામથી આવેલા મહેમાનોની ઘણીજ ખંતથી મહેમાની કરી તેઓને ખુશ કર્યા ને બરેબર મોમિનીનના સાચા માલિક તરીકેની પોતાની ફરઝ અદા કીધી.

મજકુર અખબાર જણ્યા પછી અનુમાન થાય છે કે આ ઝમાનામાં મોહરરમના દસ દિવસ સિવાય વધારે દિવસ સોગ પાળવાની રસમ નહોતી. જ્યારે હાલના ઝમાનામાં તે દિવસોએ નામનો સોગ પાળવામાં આવે છે. તે અરસામાં જોકે મોહરરમમાં ૧૦ દિવસજ સોગ પળાતો પણ તે દસે દિવસ ખાવા પીવામાં પણ સોગની રસમ હતી જ્યારે હાલમાં તેથી

ઉલટી રસમો જોવામાં આવે છે. યાને દરેક દરેક ગામમાં ગરીબ કે તવંગર બધા પાસેથી ઉઘરાણા કરી સવાબના બહાને સોગને બદલે ઇસરાફીમાં ઉતરી જઈ તરેહ તરેહના પકવાનો જમી-જમાડી સોગને બદલે શોખ કરે છે.

બહેન બુજીબાઇની શાદી.

આપની દિકરી બાઈ બુજીબાઈની શાદી સૈ. ઇસમાઇલજી બદરૂદ્દીનના શાહઝાદા ભાઈ અબ્દેમુસા સાથે અને સૈયદી અબ્દુલ્તૈયબના સાથે આપના ફરઝંદ સૈયદી હિપતુલ્લાહની દિકરી બાઇ બદીજબાઈની શાદી કીધી, અને આપના ફરઝંદોની શાદી પણ આપે પૂર દમામ સાથે કીધી. બાદ આવેલ મહેમાનો આ શાદીની ખુશીથી ફારેગ થયા ત્યારે આપે સર્વે મોમિનોને ઘણાજ માન સહિત પોતાના વતન તરફ વિદા કીધા ને આપ સૈયદના ઉજ્જેનમાં રહ્યા. ખુદાના વલીના તુફૈલથી તે શાદી વખતે કોઇનો બાલ ફરકયો નહિ કે કોઇને કંઈ તકલીફ થઇ નહિ.

આપ સૈ. એ આ શાદીની ખુશાલીમાં દરેક ગામના મિસ્કીનો તથા ગરીબો માટે કુત યાને તેઓની પરવરીશના ફરમાનો જરી કર્યાં. કેમ ન હોય ! આપને ગરીબોનો ખ્યાલ પહેલાં હતો. આપ સમજતા હતા કે જેઓ શકિતવાળા સાહેબો છે તેઓએ બહારથી આવી આ શાદીમાં ભાગ લીધો ને ખુશ થયા, પણ મારા ગરીબ ભાઇઓ કે જેઓ અહીં આવવાને અશક્ત છે ને જેઓને જવલ્લેજ સારાં જમણો મળે છે તેઓનો ખ્યાલ કરી આપે તેમને પણ જમાડવાનો બંદોબસ્ત કર્યો. કઇક ગરીબોને નવાજ્યા ને બેવાઓની બબર લીધી. કઇક અપંગો ને હાજતમંદોની હાજતોને આપે પુરી કરી.

આપની સખાવત મશહુર છે. આપ ગરીબોના બેલીએ ગામેગામ ગરીબો તથા યતિમો વાસ્તે મવાસાતના ફરમાનો જરી કર્યાં જેથી બહાર ગામના મોમિનોમાં આપનું ફઝલ ઘણુંજ ઉંચું થયું. ત્યાર બાદ આપ બિમાર થયા, આપની તબિયત એકદમ લથડી ગઈ, હકિમો ને તબિબો પણ નાઉમેદ થયા, તે વખતે આપ ત્રણ દિવસ સુધી બિસ્તર પર ગશની હાલતમાં રહ્યા તે અરસામાં આપે બાવું-પીવું તજી દીધું હતું, ને કંઈ પણ બોલતા નહતા. આવી હાલતમાં આપના બિસ્તર પાસે આપના બૈરો તથા જીવણાબાઇ તથા ફાતેમાબાઈ જેઓ નગરથી આવેલ હતા તેઓ તથા સર્વે મહેમાનો કુરઆનેમજીદની તિલાવત કરવા બેસેલા હતાં. ત્રણ દિવસ થયા છતાં શીફાની કંઇ સુરત નઝર ન આવી તેથી દરેકના દિલોમાંથી મોહબ્બતના આંસુ જરી થયા. આ હાલતમાં ત્રીજે દિવસે એકાએક આપ જરા હસ્યા ને જાણે આપ કોઇને સલામનો જવાબ આપતા હોય તેમ સર્વે જોનારાઓને લાગ્યું એટલે સૈયદના બદરૂદ્દીન સાહેબના બૈરો જીવણાબાઈ સાહેબા બોલી ઉઠ્યા કે જનાબ ! આપનું હસવું ઘણું ભેદ ભરેલું છે. બરેબર હકના સાહેબના આ ફએલ છે. સૈયદના ઇસમાઇલજીને પણ આ પ્રમાણે થયું હતું. બુદાના ભેદ બુદાજ જાણે છે. આપ સૈયદના બેહોશ સ્થિતિમાં હસ્યા ત્યારે આપના ચહેરા પર બિમારીની અસરનું નામ દેખાયું નહિ ને થોડા વખત બાદ આપ જાણે નીંદમાંથી હુશિયાર થયા હોય તે પ્રમાણે આપે

આંખો ખોલી સૌ તરફ નજર કરી જોયું. આ દેખાવ જોઇ સર્વે હાજેરીન ઘણાજ ખુશ થયા ને ખુદાતઆલાની કુદરતના સબબ આપ બેહોશીમાંથી હોશમાં આવ્યા તેથી શુકરીઓ અદા કીધો.

આપ સૈયદના હોશમાં આવ્યા ત્યાર બાદ થોડા વખત પછી આપના ભાઈ સૈયદી દાઉદભાઇએ આપને પુછ્યું કે, આપની ઉમરને ખુદા લાંબી કરજો. પણ ભાઇ ! આપ ત્રણ દિવસ થયાં કયાં હતા ? આપે ફરમાવ્યું. " **મમલુકે આલે-મોહમ્મદ ત્રણ દહાડા લાહુતના નુરના શોઆ (પ્રકાશ) ના નીચે હતો.** ને હમણાં અમિરૂલ મુઅમેનીન અ. સ. તથા સૈ. નુરૂદ્દીન તથા સૈ. બદરૂદ્દીન તથા સૈયદી અબ્દુલકાદર હકીમુદ્દીન સાહેબ અહીં સુધી મને પહોંચાવી ગયા ". મેં અરજ કીધી કે મોલાના ! નસ્તી અમાનત કોને આપવામાં આવે છે ? મોલાના નુરૂદ્દીન સાહેબના ફરઝંદને કે મમલુકે આલે-મોહમ્મદના ફરઝંદને. ત્યારે અમર થયો કે, મનસુસ તમારા ફરઝંદ છે અને સરીયુદ્દીન તમારાથી નઝદીકમાં રહેલત કરી અમને મળશે. તે પછી આપે તેજ ટેકાણે આપના ફરઝંદ સૈયદી હીપતુલ્લાહ મોઅૈયદ પર સઘળા કાગેલો તથા હોદુદો વચ્ચે નસ કરી દાઅવતની અમાનતને સોંપી.

ખુદાતઆલાએ આ બિમારીથી આપને થોડા વખતમાં શીફા બક્ષી બાદ આપે શીફાનું ગુસલ કીધું ને ખુશીની મજલસ કરી ત્યાં ખુદાના શુકરના ખુશ નામો વંચાયા. મસાકીનો, ગરીબો ને યતિમોને હુઝુરેઆલી તરફથી પરવરીશના હુકમ જારી થયા. થોડા વખત બાદ અમિરૂલમોઅમેનીનની પેશનગોઈના મુવાફીક સૈયદી શેખ આદમ ઇબ્ને સૈયદના નુરૂદ્દીન જીલ્કાદની તા.....હીજરી ૧૧૫૮ ના દિવસે વફાત થયા. આ વફાતથી સૈયદનાને નેહાયત ગમ થયો, બલ્કે સરીયુદ્દીન સાહેબના વફાતની ખબર સાંભળી આપના હોશ ઉડી ગયા ને ઘણોજ સદમો પહોંચ્યો ને આપને ગશ આવી ગયો. આપ હોશમાં આવ્યા ત્યારે આપે ફરમાવ્યું કે મોલાના નુરૂદ્દીનનો ચીરાગ બુઝાઇ ગયો. અજબ મારા દિલને પસ્તાવો છે. આ બનાવ પછી થોડા વખતમાં ઇદે ગદીરલખુમ આવી એટલે આપ તે દિવસે તમામ બાદ મજલિસ બેઠા ને આપે વાએઝ ફરમાવી. તમામ મોમિનોનો મિસાક લીધો ને મોમિનીન અને હોદુદોના ઇમરૂ આપે સૈયદના હિપતુલ્લાહ મોઅૈયદ પર નસ્સેજલી કીધી ને સૈયદના મોઅૈયદે શુકરનો સજદો કર્યો. આ ખુશ ખબરીથી લોકોના દિલ બાગ બાગ બની ગયા ને તરેહ તરેહની મદ્દેહ પડવા લાગ્યા ને ખુદાનો શુકર કીધો.

મજલીસ બરખાસ્ત થયા બાદ સૈયદના મોઅૈયદે આપના બાવાજીને સલામ કીધો, તમામ મોમિનીનના ગામોમાં આપની બરકત જારી થઈ ને આમ મજલીસમાં દરેકની તહેનીયતના કસિદા આવ્યા તે દરેકને વળતા જવાબમાં સલામના હદીયાઓ રવાના કરવામાં આવ્યા. બાદ સૈયદના વજીહુદ્દીને હોલીપુરની મસજીદ બનાવી ખુદાની ખુશી હાંસીલ કીધી. આપ નાની ઉમરથીજ નમાઝના આશીક હતા, મસજીદમાં નમાઝ પડવા માટે હમેશાં ઇન્તેઝાર રહેતા. ખુદાના ઘરની તાઅઝીમ વાસ્તે ઘણીજ બીક બતાવતા, મસજીદમાં બેસી વાતો કરનાર પર આપ ઘણાજ નારાજ રહેતા, બલ્કે ફરમાવતા કે, **જેની ઝબાન**

કાબુમાં ન રહે તેને મસજીદમાં બેસવું હરામ છે. જેના દિલમાં મસજીદની હુરમત નથી ને મસજીદમાં બેસી બેરકલામ બોલે તેનું ઇમાન નાકીસ (અધુરૂં) છે.

એ ભાઈ ઇબ્રત લે ! જરા સોચ. જ્યાં વાત કરવાની મનાઇ હોય બલ્કે હરામ હોય ને જેથી ઇમાન નાકીસ થતું હોય તેવાં કામો કરવાથી તું ખુદાનો ખોફ કર. જ્યારે આજ કાલ હકના દાઇના ફરમાન વિરૂદ્ધ ઘણી જગ્યા પર મસજીદમાં ઇમામ હુસેન અ. સ. ની ગમની મજલીસ વખતે અથવા બીજે વખતે ખુદાની ઇબાદત બદલ લાઅનત મલામત કે ગાળગ્લોચ પર કેટલાક સાહેબો ઉતરી પડે છે તેઓ ખરેખર ખુદાના ગુનેહગાર છે ને તેઓનું ઇમાન અધુરૂં છે. આવું ફરમાન છતાં જેઓ આવાં કામો કરે છે તેઓના શું હાલ ? તેઓના કામો સૈયદનાના ફરમાન મુજબ ખુદાના દુશ્મન તરીકેનાજ ગણાય. માટે એ ભાઈ ! ઇબ્રત લે ને સૈયદનાના અમરને માથે ચડાવી મસજીદમાં ખુદાની ઇબાદત કે ગમે હુસેનના બયાન સિવાયની કોઈ પણ વાત કરીશ નહિ.

રસુલેકરીમ ને ખુદાના કલામને દરેક મઝહબના લોકો બખુબી પાળે, વસિયતને માથે ચડાવે કે જે પ્રમાણે સૈયદના વજીહુદ્દીન સાહેબે ખુદાના હુકમને માથે ચડાવ્યો.

હજી મસજીદની હુરમત વિષે આપ સૈયદના પોતાની રીસાલતમાં ફરમાવે છે. તે દરેક મોમિન ભાઇ તથા બહેન વાંચી તે પ્રમાણે અમલ કરવું વાજીબ અને ફરઝ સમજે નહિ તો તેનું ઇમાન નાકીસ (અધુરૂં) છે. મસજીદની હુરમત વિષે આપ ફરમાવે છે કે:—

મસજીદની હુરમતઃ—

અનબનો હકીમુદ્દીન—

લૈસા મીન્ની મનીસતહાના બે મસજેદીન. ફયોહરરેકો લૈસા-નહુ બે કલામીન.

હું હકીમુદ્દીનનો ફરઝંદ છું.

જે શખ્સ મસજીદને હલકી સમજે અને પોતાની ઝબાનથી બીજાની બુરાઇ બોલી હરકત કરે એવા શખ્સો અને જે મસજીદમાં બામોશ ચુપચાપ બેઠે નહિ ને ખુદાની ઝીકર સિવાય બીજી વાતો કરે, જેમ તેમ બોલ્યા કરે ને આડીતેડી વાતો કરે તે મારી દાઅવ-તના લોકોમાંથી નથી.

વયુદ્ દોલો ફીહે બેલા સલા-મીન વયોહમેલો જવારેહહુ.

અને મસજીદમાં વગર સલામે આવી બેઠે તે, અને પોતાના હાથો ને અંગવાઓને સીધી રીતે ન રાખતાં જેમ તેમ વર્તન ચલાવે, યાને હાથ-પગને વાંકાચુકા કરે તે.

ફલા યાઅબોઝોહા બેસકીનતીન વ વકારીન વલા યુશએરો નફસહુ બે શૌકીન એલા જન્નતીન અવ બે ઔફીન મીન બારીન.	પછી પોતાના જાનમાં નમનતાઇ ન રાખે, પોતાના જાનને જન્નતનો શોક ન બતાવે, ખુદાનો ખૌફ દિલમાં ન રાખે, તેવા માણસ પણ મારી દાઅવતમાંથી નથી.
વ લૈસા મીન્ની મનીસ્તખફ્ફ બે મુમેનીન ફયાબા તહૈયતહુ વ યરૂદ્દો દઅવતોહુ.	અને હજી એવા માણસ મારી દાઅવતમાંથી નથી કે જે મોમિનને હલકો કરી લે. મોમિનની ઇઝ્ઝત દિલમાં ન રાખે, તેના સલામના જવાબનો ઇનકાર કરે, મોમિનના નોતરાને રદ કરે કે કરાવે.
વયુઝમેરો લહુ ગીલ્લન	અને મોમિન માટે પોતાના દિલમાં કીનો રાખે.
વલા યરબ્બા લહુ ઝીમ્મતન	અને મોમિન માટે પોતે હુરમત ન જાળવે.
વલા ઇલ્લા વઝીયુહે બેલેસાનેહી. અવયોહકકેરોહુ ફી શાનેહી.	અને તે મોમિન વાસ્તે પોતાની ઝબાનથી ઇઝા પહોંચાડયા કરે અને તેની ઇઝ્ઝત (શાન) ને હલકી કરી લે તેઓ મારી દાઅવતમાંથી નથી.

ઉપર પ્રમાણે આપે પોતાના રિસાલામાં મોમિનોને હિદાયત આપી તેમને તેવા ગુનાહોથી બચવા માટે ફરમાવ્યું છે ને તાકીદ કરી છે કે, મારો કોઇ પણ મોમિન બંદો કોઇને કદી દુઃખ કે ઇઝા પહોંચાડશે નહિ. મસજીદની બેહુરમતી કરશે નહી, અદાવત, હસદ, કીનો રાખશે નહિ. આપ સૈયદના હજી ફરમાવે છે કે જે કોઇ શખ્સમાં ઉપર બતાવેલ બદીઓ હશે તે મારી દાઅવતના લોકોમાંથી નથી બલ્કે તે દાઅવતનો કટ્ટો દુશમન છે.

આજ પ્રમાણે આપના વખતમાં એક શાએર શેખુલ ફાઝીલ મસજીદની હુરમત વાસ્તે નસિહત ફરમાવે છે, જેમાં લખે છે કે, મસજીદમાં ઇબાદત સિવાય કંઈ પણ બોલવાની મના કરેલી છે. ચાલુ ઝમાનામાં કેટલીક જગ્યા પર મસજીદને પોતાના દિલના કિનાઓ કાઢવા અને જેમ તેમ બોલવાનું મથક ગણી લીધું છે તેઓ ખુદાના દિનથી ને હકથી કેટલા દુર છે એવું સાબિત કરતી એક નસિહત લખી છે જે ઇબ્રત લેવા જોગ હોવાથી અત્રે આપેલ છે.

મસજીદની હુરમત વિષેની નસિહત.

બોલે નબી મસજીદ હે ઘર રબકા સદા આલી વકર.
વાજીબ હે ઇસ ઘરમેં તુજે, કરના દુઆ રબકી ઝીકર. ૧.

આવે અગર મસજીદમેં તો લાઝીમ હે તસબીહ કર દોઆ,
બાતાં ન કર દુનિયાકી કુછ સબ છોડ દે હીલા મકર. ૨.

દિલ જીવમેં ઇખલાસ રખ ફીર બૈઠ આ મસજીદમેં,
તુજપે ખુશી હોવે ખુદા બખ્શે સદા ફતહો ઝફર. ૩.

એક બાત દુનિયાકી જો કી મસજીદમેં સબ ઝાએ કીયે,
ચાલીસ બરસોંકે અમલ કર દેખ તું દિલમેં ફીકર. ૪.

મસજીદમેં બોલે નહિ દુનિયાકી બાતાંઓ સહીહ—
મોમિન હુવા કાફીર વોહી બક બક કરે મસજીદ ભીતર. ૫.

આવે જો કોઇ મસજીદમેં વાજીબ હે ચુપ રહેના ઉસે,
હુરમત હે ઇસ ઘરકી બડી કરબુજતે હૈં બખ્તવર. ૬.

એ જીવ જબ મસજીદમેં આવે ખુદાકુન કર દોઆ,
ફરઝંદ, દોલત, માલ, ધન બખ્શે લુત્ફકી કર દોઆ. ૭.

જો કે આ નસિહત મોટી છે પરંતુ તેમાંથી થોડી અહીં આપી છે, જે વાંચવાથી સમઝ પડશે કે મસજીદની હુરમત કેટલી મોટી છે ને તે રાખવી દરેક મુસ્લિમ મોમિનની ફરઝ છે.

મસજીદની અદબ વિષે રસુલેકરીમ સ. અ. વ. ભાર દઇને ફરમાવે છે કે " જે શખ્સ મસજીદની અદબ નહિ રાખે તે ઇમાનનો અધુરો છે–ચાને–તે શખ્સનું ઇમાન બીલ હકીકત પુરૂં નથી. જુઓ તરતીબુરસલાત સફે ૮.

ઉપર બતાવેલ મસજીદની હુરમત પ્રમાણે જો કોઇ ન વર્તે ને મસજીદની બેહુરમતી કરે તો તે મારી દાઅવતમાં નથી. આવું ખુલ્લુંફરમાન સૈ. વજીહુદ્દીનનું છે છતાં આજ કાલ કેટલીક જગ્યા પર તેવાંજ કૃત્યો થતાં જોવામાં આવે છે અને મસજીદની હુરમત જળવાતી હોય તેવું જોવામાં આવતું નથી, પરંતુ ખુદાના મકાનમાં કેટલાક કમસમજ લોકો તરફથી અનેક બદીઓ થતી જોવામાં આવે છે છતાં તેને કોઈ અટકાવતું પણ નથી. પરવરદિગાર મોમિનોને નેક હિદાયત આપે ને મવાલીયોના ફરમાનો માથે ચડાવી તેવી બદીઓથી બચે.

આપ સૈયદના ઇબ્રાહિમ હોલીપુરની મસજીદ બનાવી ફારેગ થયા કે આપે તા. ૧૪ મી જમાદિલ આખર હી૰ ૧૧૫૯ માં રામપુરામાં આપના નાનાની ઝિયારત કરવાનો ઇરાદો કર્યો ને ઉજ્જૈનથી આપ હસી ખુશી સાથે રામપુરા જવા માટે રવાના થયા ને ઉજ્જૈનના

વાલી સૈયદના મોઅૈયદને નીમ્યા. બાદ આપ રામપુરામાં રહ્યા ને ત્યાં ૬૦ મકાન બીજાં બનાવ્યાં ને મોમિનોને ત્યાં વસાવ્યા. આ મોહલ્લાનું નામ ઇબ્રાહિમપુરા રાખ્યું. ભાઇઓની રાહત માટે આ મોહલ્લામાં આપે એક મસજીદ બનાવી, તે બાદ આપ અહીં ઇઝ્ઝત સાથે રહેવા લાગ્યા. અહીં આપ લોકોને હર વખત નસિહત કરતા, દુનિયાદારી મુકવાની શિખામણ આપતા અને ફરમાવતા કે, " આ દુનિયામાંથી દરેકને સફર કરવું વાજીબ છે ને દુનિયામાં જેઓ નેકી કરી ગયા તેઓ જીત્યા ને જેઓએ બદ કામ કર્યા હસદ ને કીનો રાખી મર્યા તેઓ હલાક થયા, રખડી ગયા ". એમ નસિહત કરી ખુદાની બીક બતાવતા ને કબરો પાસે જઈ મોતને યાદ કરતા.

હી૰ ૧૧૬૦ માહે સફરની તા. ૧૪ મી આપ ઇસલામપુરાથી ઉજ્જૈન પધાર્યા ને કેટલાંક અગત્યનાં કામો કર્યાં.

૧. શેખ આદમ સરીયુદ્દીન ઇબ્ને સૈયદના નુરૂદ્દીનના બૈરો ને સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીનના દીકરી બાઇસાહેબા ડોસીબાઈ જેઓ વિધવા હતા તેના સાથે સૈયદના મોઅૈયદના નિકાહ કર્યા.

૨. આપના જમાઈ અબ્દેમુસા જામનગરથી ઉજ્જૈન આવ્યા કે તરતજ સૈયદનાએ સૈયદી મોઅૈયદને દાઅવત પર જવાનો અમર ફરમાવ્યો તેથી આપ ત્યાંના ગામોની વાજેબાત વસુલ કરી ઉજ્જૈનથી સુરહાનપુર ગયા ને ત્યાંથી રવાના થઇ તા. ૨૫ રબીઉલ અવ્વલ હી૰ ૧૧૬૦ ના દિવસે સુરત આવ્યા. અહીં આપ એક મહિનો રહ્યા. બાદ બીજે મહિને યાને રબીઉલ આખરમાં આપના બૈરો બાઇસાહેબા ડોસીબાઈ સાહેબ પોતાના ભાઇ અબ્દુતૈયબ ભાઇસાહેબ સાથે સુરત આવ્યા ને મુલ્લાં હમઝાભાઇના ઘરમાં ઉતારો રાખ્યો. આ આપનો પ્રથમ મેળાપ હતો. બીજી સવારે આપે તઆમુલ વલીમા યાને (વરોડી) નું જમણ કર્યું ને આપ અહીં રહ્યા.

આ વખતે સુરતમાં હાકીમ તરીકે નવાબ હતા, તેમની નઝર આપ પર પડી અને વોહરાઓના ધર્મગુરૂ માલદાર હોઇ પૈસાં કઢાવવાની નિય્યતથી આગળના ઝમાના માફક ઝુલમ કરવા લાગ્યો અને મસજીદોમાં પણ પોતા તરફથી પેશઇમામો મુકરર કર્યા ને ખોટી રીતે આપનો તથા મુમેનોના દંડ કરી કેટલાક રૂપિયા વસુલ કર્યા. દુનિયાદારો તરફથી આપને ચારે બાજુએથી સતાવણી શરૂ થઇ તેથી આપને આશરે પંદર દિવસ સુધી મખ્ફી રહેવું પડ્યું. તે બાદ આપ જાહેર થયા. આ અરસામાં એક વખત તે હાકીમ નવાબના પેટમાં એકાએક દરદ થયું તેથી તેને કોઈ રીતે ચેન નહોતું અને ફિકરમાં રહેતો હતો તે ફિકરના સબબ ખુદાના વલી પર ઝુલમ કરવો ભુલી ગયો અને મસજીદમાં જે તેણે પેશઇમામ તરીકે મોઅઝીનને રાખેલ હતા તેને પાછા બોલાવી લીધા ને પોતે કીધેલા ઝુલમનો તેને ખ્યાલ થયો તેથી પરતાવા લાગ્યો. તરતજ તેણે સૈયદી મોઅૈયદને તથા મોમિનીનને અમાનનો હુકમ કરી મોકલાવ્યો. રામપુરામાં ઝુલમના સબબ ત્યાંના રાજાનો જે હાલ થયો હતો તેવોજ હાલ સુરતમાં આ નવાબી હાકેમનો થયો. ખુદાતઆલા પોતાના વલીના હામી થયા ને આપ તથા મોમીનો અમાનથી રહેવા લાગ્યા.

હી૰ ૧૧૬૩ માહે રજબની તા. ૪ થીએ આપ સુરતથી બુરહાનપુર ગયા. બુરહાનપુરમાં ખુદાતઆલાએ બાઈ ડોસીબાઈના પેટથી આપને ફરઝંદની દોલત અતા કીધી. બાદ આપે બુરહાનપુરથી ઉજ્જૈન આવવાનો ઇરાદો કીધો. બાલબચ્ચાં એહલોઅયાલ સાથે આપ હઝરતે આલીયામાં આવી રહ્યા. આ અરસામાં સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબે આપના નાના ફરઝંદ ભાઇસાહેબ ઇસમાલભાઇ તથા આપના મુકીમ સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબના ફરઝંદ ભાઇસાહેબ અબ્દુતૈયબભાઇ સાહેબના બૈરો વફાત થવાથી બીજી વખત શાદી કીધી અને આપના ફરઝંદ ઇસમાઇલિભાઇના નિકાહ અરઇસુલમાજીદ અહમદજીની દિકરી સાથે તથા અબ્દુતૈયબ ભાઇસાહેબના નિકાહ આપના ફરઝંદ ખાનભાઇની દિકરી સાથે કરવામાં આવ્યા. આ શાદી વખતે પણ આપ તરફથી મોમિનીન ભાઇઓને કંકોત્રીઓ લખી જાહેર કરવામાં આવ્યું હતું ને આ શાદીના અય્યામ હસી ખુશી સાથે પુરા થયા હતા. આ શાદી પછી થોડા વખતમાંજ આપના કાકાજી આદમભાઇ ઇબ્ને મુલ્લાં ખાનજી તે સૈયદી હકીમુદ્દીન સાહેબના સગા ભાઈ થાય, તે આદમભાઇના ફરઝંદ મોલાઇ હબીબુલ્લાહ વફાત થયા. આ સાહેબ દાઅવતે હાદિઆના ખરા હામી હતા. આપ સૈયદના વજીહુદ્દીન સાહેબના કાકાના ફરઝંદ ભાઇ થાય, પણ આપ સગા ભાઈ કરતાં તેમને વધુ સમજતા. આપ ઇલ્મમાં એક્કા હતા. આપના વખતમાં યમનમાં એક શખ્સે ઇમામનો દાવો કર્યો હતો તેની સામે દલિલ વારતે સૈયદી હબીબુલ્લાહ સાહેબને હુકમ થયો. આ હુકમ મુજબ સૈયદી હબિબુલ્લાહ સાહેબ કે જે ઇલ્મના દરિયા હતા, દાઇએ હક્કના હુકમ બરદાર હતા. હક્કના આશના હક્કપરસ્ત હતા તેમણે તે ઇમામ સાથે બહેસ કરી તેના સવાલોના જડબાંતોડ જવાબ આપી તેના ઇમામપણાના દાવાના પુરચા ઉડાવી દીધા. ખુદાના વલીઓ હમેશાં મુદ્દઇઓ સાથે બહેસ કરી હક્કને ઉંચો કરે છે. હક્કપરસ્તની દિનદારીનો મદાર બે અમરપર છે.

૧. **તાહલીયત**–યાને–**એબાદત**–મહઝૂહ (ચોખ્ખી) અને તાઅત બાલેસાથી પોતાના જાતને આરાસ્તા રાખવું.

૨. **તખલીયત**–યાને–**શીરક** અને **ફસાદ**–ઝુલમથી પોતાની જાતને બરખાસ્ત (નીકાલી ફેંકવું) કરવું.

પહેલી બીના મેળવવા માટે શરીઅતમાં મશગુલ રહી અને બીજી બાબતોમાં મમનુઅ (મના થએલી) બીનાથી દુર રહીને દિનદારી કરવી તેનાજ વારતે જમ્લતેનઇમ છે. આ ઝમાનામાં હક્કની દાઅવતનો ઇકરાર કરનારાઓમાં ઉપર બતાવેલ શરીઅત પ્રમાણેની બન્ને બીનાની અછત જોવામાં આવે છે.

ઉપર બતાવેલી શાદીનો હંગામ બખલાસ થયા પછી આપ સૈયદનાએ કેટલાક આલેમોને ફરી નવાઝીશ કીધા, તેમાં આપના ફરઝંદ મોલાઈ ખાનભાઇ તથા અબ્દેમુસા ઇબ્ને સૈયદના બદરૂદ્દીન સાહેબ તથા બીજા ચાર ફાઝેલોને ફેંટા બક્ષવામાં આવ્યા. તે બાદ આપે હોદ્દેદોની નીમણુંક કરી તેમાં માઝુન આપના ફરઝંદ સૈયદના હિબતુલ્લાહ મોઅૈયદ તથા મુકાસીર આપના ભાઈ સૈયદી દાઉદભાઇ ઇબ્ને હકીમુદ્દીન સાહેબને નીમ્યા. તે બાદ શેખ લુકમાનજી

બીન દાઉદ, શેખ હમઝાભાઇ બીન કાસમખાન, આપના ફરઝંદ ખાનભાઈ, અબ્દેમુસા ઇગ્નિે સૈયદના બદરૂદ્દીન, શેખ લુકમાનજી મુલ્લાં હબિબુલ્લાહ ઉર્ફે જીવ અને બીજા સાત ફાઝીલ સાહેબોની એક બાદ એક નીમણુંક કીધી. આથે આપની હયાતિમાં નીચે મુજબ બે કિતાબ બનાવ્યા છે.:—

૧. કુતુબ વ રસાએલ. ૨. અલકરાસતુલ વજીયાહ.

રિવાયતમાં છે કે, ઉપર પાના ૨૭૧–૭૨ માં બતાવેલ બિમારી વખતે આપ આપના ફરઝંદ ઉપર નસ્સેજલી કરી ચુકયા હતા, પરંતુ તે બિમારીમાંથી ખુદાતઆલાએ આપને શીફા બક્ષિ ને આપ આ દાઅવતે હાદિઆના બાની તરીકે યાને મોમિનીનના વાલી તરીકે ૧૩ વરસ રહ્યા છે. પરંતુ અમરે ઇલાહી નજદીક થયો, આપના ઇન્તિકાલનો વખત નજીક થયો. આપ ફરી બિમાર પડયા મગજ પર અશાંતી જણાઇ તે અશાંતીમાં આપ ફરી ત્રણ દિવસ સુધી બેહોશીની હાલતમાં રહ્યા ને તા. ૧૭ મી મોહરરમ હી૦ ૧૧૬૮ ઇ. સ. ૧૭૫૪ ના રોજ આપ વફાત થયા. આપ સૈયદના બિમાર હોવાથી તે વરસ મોહરરમની વાએઝના વાલી તરીકે આપના ફરઝંદ સૈયદના મોઐયદ કાયમ થયા હતા. આપની દાઅવતના દિવસો કુલ ૧૮ વરસ ને ૧૦ દિવસ રહ્યા છે. આપની ઉમર ૬૭ વરસના કરીબની થઈ છે. આપનું મઝાર ઉજ્જેનમાં છે. આપનું લકબ વજીહુદ્દીન છે. ક. ૩.

Nov. 31, 1754

આપની નસલનો શજરો પાછળના પાના પર આપવામાં આવેલ છેઃ—

૩૯. સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન ૬૭મે સૈયદી હસનમુદ્દીન સાહેબની નસલનો શજરો.

સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબ—ઉજ્જૈન.

- ૪૦ મા દાઇ સૈયદના હીબતુલ્લાહ મોઐયદ.
  - સૈયદી ધરમાદિલજી વફાત સુરત મોગલપુરા
    - સૈયદી ખાનભાઈ.
    - સૈયદના અબ્દુલ્લાયમ બીજા (મા) મુલ્લાં તૈયબઅલી તે રમઝાનઆઠના બાવીસ. હીજરી ૧૨૯૦ ઈસ્વી ૧૮૭૩
      - સૈયદના રતનબાઈ (અબ્દુલ્લાયમ બીજાના બૈરો).
      - અબાસાહેબ મોઐયદ. (શેખ આદમ સરીફુદ્દીન અદનીના બૈરો, તે માજીન હિબતુલ્લાહભાઈ મા. જમા-વુદ્દીનના મામાહોઇ).
      - કમાલુદ્દીન બાપુસાહેબ. (ચમનબાદના વાલીદ)
      - શમ્સુદ્દીન. બાપુસાહેબ
      - અબાસાહેબ મોઐયદ.
      - સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબ.
      - સૈયદના હસનઅલી વાલીદ.
      - સૈયદના અબ્દુલ્લાયમ બીજા.
      - સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબ.

૪૦. સૈયદના હિપતુલ્લાહ મોઐયદ બીન સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબ (૧૭. હિન્દ ઉજ્જૈન) ની ટુંક ઝીકર.

સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબના વફાત પછી દાઅવતની ગાદી પર આપ જલ્વાનુમા થયા. આપ સૈયદનાએ આપના બાવાજીની હયાતીમાં નાનપણથીજ દાઅવતની ખિદમતમાં શામીલ રહી ઇલ્મ અને અમલથી આલા દરજ્જે પ્રાપ્ત કર્યો હતો. આપને ઇલ્મનો ઘણોજ શોખ હતો અને અમલી કામો પણ તેજ પ્રમાણેનાં હતાં. આપે હકની ગાદી પર આવી ખુદાતઆલાએ આપેલી અમાનતને જાળવી રાખવા પુરતી કાળજી રાખી. આપનો જન્મ હી૰ ૧૧૨૫ ના રબીઉલ અવ્વલની તા. ૧૬ મીએ છે. આપનું આ ફાની દુનિયામાં વજુદ થયું ત્યારથીજ આપના દિવસો ચડતીમાં શરૂ થયા છે. આપની હયાતિમાં આપને નાઉમેદી જેવું બન્યું નથી. આપ પર ખુદાતઆલાનું ફઝલ નાનપણથીજ ઉતરતું રહેલ છે, તે ફઝલનું છેવટ ખુદાની દાઅવતના રખેવાળ બન્યા ને ખુદાઇ ખિદમત પણ હાથ લાગી. આપની તબિયતમાં સખાવત, કરમ ને ઇલ્મી ખિદમત પડેલીજ હતી. આપને ઇલ્મ પર એટલો શોખ હતો કે આપે કોઈ વખત ઇલ્મના પઠનારને તે પઢાવવાનો ઇનકાર કર્યો નથી. આપ દર જુમ્માએ વાએઝ માટે બેસતા ને મોમિનીનોને જીકેહના એહકામો, હરામથી બચવા, હલાલની રોઝી મેળવવા તથા ભાઇભાઇમાં મોહબ્બતના વધારામાં ઇલાહી કલેમાત સંભળાવી ખુદાની બન્દગીમાં નઝર કરાવતા. આપ રોશન ચહેરાના હતા, ખુદાની તકવા આપના ચહેરા પર ટપકતી હતી ને હલીમાઇ (નરમાઈ) ઘણીજ હતી. આપ દરેકના કસુરને ભુલી જતા ને દિલમાં ન લાવતા. આપ ખુદાની તસ્બિહમાં મશગુલ રહેતા, હકની હિદાયત વાસ્તે દરેક વખત તૈયારજ રહેતા. આપની ઝબાનથી કોઈ વખત જુઠ કલામ નીકળ્યો જ નથી ને સચ્ચાઇ સિવાયની કોઇ વાત આપે કરીજ નથી.

સૈયદના કુતબુદ્દીન શહીદના વખતમાં ઇસ્લામી બાદશાહો તરફથી મોમિનોને તેમજ હકના દોઆતોને જે ઈઝા પહોંચી ને દુઃખો સહન કરવા પડ્યા હતા તે સર્વેનો આપના વખતમાં અંત આવ્યો હતો એટલુંજ નહિ પણ ઇસ્લામી સલ્તનત વખતના વહેવા સાથે મંદ પડતી ગઇ ને તેઓની સત્તા કમતી થવા લાગી. કહેવાની મતલબ કે ઝુલમીઓના મકામ હમેશાં ખાલી હોય છે. અલબત્ત તેઓના કર્મસંયોગે થોડો વખત તેઓ સત્તાના બળે સુખ, વૈભવ ને બાહોજલાલી ભોગવે છે, પરંતુ તે બધું "ચાર દીનકી ચાંદની ફીર અંધેરી રાત" જેવું છે. કઈક શાહોની શાહી ગુલ થઇ, કઇક માલદારો તંગ થયા, કઇક સત્તાધારીઓ રખડતી હાલતમાં આવી ગયા. જે બતાવી આપે છે કે આ દુનિયામાં જેઓએ સત્તાના બળે ગરીબો ઉપર પોતાની રાંક પ્રજા પર જુલમ કર્યો છે તેઓના અંજામો બહેતર થયાં નથી. આપના વખતમાં ઇસ્લામી શાહોની પડતી ને મરાઠાઓની ચડતી થવા લાગી અને તેઓએ કેટલીક જગ્યાઓ ઇસ્લામી લશકરને હરાવી કેટલોક મુલક કબજે કર્યો હતો.

આપે ઉજ્જૈનમાં એક બાઝાર બનાવી જેનાં ભાડાની આવકમાંથી દઆવતે હાદીઓને મદદ આપતા. તે બાદ આપે એક બગિચો અને મસજીદ બનાવી શરીઅતના એહકામ મજબુત કીધા ને મોમિનોને નમાઝની તાકીદ કીધી. ત્યાર બાદ આપ ઉજ્જૈનથી મંદસોર તશરીફ લઈ ગયા. અહીંના રઇસોએ આપની સારી તાઅઝીમ કીધી ને ત્યાંથી આપ ઉદેપુર પધાર્યા. આ વખતે અહીં અમાલત પર મુકાસીર સાહેબ સૈયદી લુકમાનજી ઇન્હે શેખ દાઉદભાઇ હતા, જેઓણ સાહેબે સૈયદનાની જનો માલથી ખિદમત કરી દોઆએ ખેર લીધી. આપ સૈયદી લુકમાનજી સાહેબે ઉદેપુરમાં રહી ત્યાંના રહીસોને ઇલ્મનું પાણી પાઈ આબદાર બનાવ્યા હતા જે સબબ લોકો આપસ આપસમાં સલાહ રાખતા, ખુદાના હકોને અદા કરતા ને શરીઅતના દરેક અમરને લઈ ઉઠતા. આપના તુફૈલ ને હિદાયતના સબબ સર્વે મોમિનો નેક સીરત મેળવવા નસિબવંતા થયા હતા. આ મીસલના દિનદાર મોમિનો જોઇ આપ સૈયદના ઘણાજ ખુશ થયા ને તેથી આપ દોઢ મહિનો અહીં રહ્યા. ત્યાર બાદ પ્રતાપગઢ પધાર્યા. અહીંના મોમિનોએ આપની ખિદમત કરવામાં, (લા યઅસુનલ્લાહા માઅમરહુમ વયફઅલુના માયુઅમરૂન. એટલે કે તેઓ ખુદાના અમરને આસી (બેફરમાન) થતા નથી અને તેઓને જે પ્રમાણે હુકમ કરવામાં આવે છે તે પ્રમાણે કામ કરે છે.) કચાસ રાખી નહિ, જાન માલથી ફીદા થઇ હકના દાઇની દુઆ લીધી. આપ સૈયદના પાંચે વખત મસજીદમાં હાજર થતા ને મોમિનોને શરીઅતે ગરરાના એહકામ મજબુત રીતે પાળવાનું ફરમાવતા. આપ એહસાનના પુરા હતા, કોઈનું પણ ભલું કરવા હમેશાં ઇન્તેઝાર રહેતા. આપ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં મોમિનીનની ફીકર રાખતા, અહીંઆ પણ આપે એક બાગ મોમિનીન વાસ્તે બનાવેલ છે જ્યાં મોમિન તથા મોમિનાત રાહત માટે આવતા, શું મોમિનીનો પ્રત્યે આપ મોલાનાની દિલસોઝી ! આવા હકપરસ્ત દાઇનો અમર ઉઠાવવા કોણ ઇન્કાર કરે ?

આપ અહીંથી રવાના થઈ રામપુરા પધાર્યા અને આપના પોતાના મકાનમાં ઉતારો કીધો. અહીં આપે લોકો પાસેથી બાએઅત લીધી તથા શરીઅતના એહકામ મજબુત રીતે પાળવા તાકીદ કીધી. બાદ આપ કોટા પધાર્યા. અહીંના ગામડાઓમાં આપે કેટલાક દિવસો પસાર કર્યા ને લોકોને હિદાયત તથા નસીહતો આપી પાછા વતન રામપુરા પધાર્યા. અહીં આવ્યા ત્યારે આપે આપની બહેનની બિમારીના સમાચાર કાસિદ મારફત સાંભળ્યા, જેથી આપ રાતોરાત ઉજ્જૈન તરફ રવાના થયા. આ બીમારીની ખબર આપે લોકોને આપી નહિ અને આપ જ્યારે ઉજ્જૈન તરફ રાતના રવાના થયા ત્યારે રસ્તામાં બહેનના વફાત થવાના ખબર સાંભળ્યા જેથી આપને ઘણો રંજ થયો ને ખુદાના અમર પર સબર કરી દિલને મજબુત કરી ઉજ્જૈન તશરીફ લઇ ગયા. આપના બહેન સાહેબ જે વફાત થયા તેમની ઉમર ફકત ૨૨ વરસની હતી ને હી૰ ૧૧૭૦ માં વફાત થયા છે. ઉજ્જૈનના મોમિન અને મોમિનાતને આ વફાતથી ઘણો ગમ રહ્યો, પણ આપ સૈયદના બધાને સબર બંધાવતા. આપ અહીં ૨૦ દિવસ રહ્યા. તે પછી અહીંથી લોકોને ખબર આપ્યા વગર ચુપચાપ ઇસ્લામપુર જવા માટે રવાના થયા. આપને આમ ચુપચાપ નીકળવાનું કારણ એ હતું કે ઉજ્જૈનમાં આપના ભાઇ સૈયદી બાનભાઇ સાહેબ તથા ઉજ્જૈનના

હાકીમ રામરાવ વચ્ચે કંઈક કડવાસ થઇ હતી તે સબબ મોમિનોએ હડતાલ પાડી દુકાનો બંધ રાખી હતી અને હાકીમ તરફથી મોમિનીનને ઇજા પહોંચતી હોવાથી આપ સૈયદના ઇદ્દે–અદ્દહાની મજલીસ છુપી રીતે એટા ને અહીંનો બગડેલો મામલો પોતાના ભાઇને સુપ્રત કરી રામપુર તરફ પધારી ગયા ને ૬ મહિના સુધી ત્યાં રહ્યા.

૭ મહિના બાદ હાકીમ રામરાવે મોમિનીનને કંઈક રાહત કરી સૈયદી ખાનભાઇ સાથે સુલેહ કરી. આ સુલેહ બાદ આપ સૈયદના ઉજ્જૈન પધાર્યા એટલે હાકીમ ખુદ સૈયદનાના ઇસ્તીકબાલ માટે સામે આવ્યા ને ઘણીજ ઇઝ્ઝત સાથે ગામમાં લાવ્યા. બાદ આપ અહીં થોડા દિવસ રહ્યા પાછા અહીંથી રવાના થઈ બુરહાનપુર તશરીફ લઈ ગયા. અહીંના મોમિનો પાસેથી વાજેબાત લઈ આપ ઔરંગાબાદ પધાર્યા. અહીં પણ મોમિનોએ આપની ખિદમત કીધી. બાદ આપ પુને આવ્યા. પુનામાં આપે શરીઅતના એહકામની પાબંદીની તાકીદ કીધી. બાદ અહીંથી સુરત જવા રવાના થયા. હી૰ ૧૧૭૨ માં આપ સુરત પધાર્યા. અહીં આવ્યા બાદ આપે આલેમોને બોલાવ્યા, ગામેગામથી તાલેબુનને બોલાવી ઇલમની નહેર જારી કીધી.

આ વખતે સુરતના લોકો ઘણી બિદઅત જેવી કે, તમાકુનું ખાવું, નીશાનું બસ્તેમાલ કરવું, દાઢી બોડાવવું, નાસ સુંઘવી, નીરો પીવો વિગેરે અનેક બદીમાં ફસેલા હતા તેઓને ઇલમ ને અમલની ખુબી સમજાવી રાહે રાસ્તપર લાવ્યા અને જેઓએ નમાઝને બિલકુલ તરક કરી હતી તેઓને નમાઝની આદત પડાવી નમાઝી બનાવ્યા. આપ હર વખત વાએઝ માટે મસજીદમાં પધારતા ને લોકોને હિદાયત આપીને મજલીસોમાં આવતા કીધા ને ઇસ્લાનુસ્સફા (સફાઇના ભાઇઓ) બનાવ્યા.

આપના વખતમાં દાઅવતના બાબ શેખ લુકમાનજી મુલ્લાં હબીબુલ્લાહ રામપુરામાં હતા. આપ પણ લોકોને ઇલમ પડાવતા અને શરીઅતના દરેક એહકામને માઅરેફત સાથે અમલ કરાવતા. સૈયદના મોઅૈયદ ફરમાવતા કે " અગર કોઇને અખલાક સુધારવા હોય ને ઇલમનો શોખ હોય તો શેખ લુકમાનજી પાસે રામપુરા જાઓ ".

હીજરી ૧૧૭૩ ના જમાદિલ અવ્વલની તા. ૯ મીએ દાઅવતે હકના માજુન સૈયદી શેખ દાઉદ સાહેબ ઇબ્ને સૈયદી હકિમુદ્દીન સાહેબ વફાત થયા આ વફાતને એક મહિનો ન થયો ત્યાં તો સૈયદી લુકમાનજી સાહેબ હીજરી ૧૧૭૩ જમાદિલ આખર તા. ૮ મીના રોજ મવસુફ સાહેબ જન્નત તરફ સિધાવ્યા. આ પ્રમાણે દાઅવતમાંથી ઇલમના ખઝાનાની બાબુ લુંટાઇ ગઇ, તેથી આપ સૈયદનાને ઘણોજ ગમ થયો ને આ ગમથી હજુ ફારેગ થયા નથી ત્યાં વળી બીજો ગમ જોવાનો વખત આવ્યો ને તે આપના સાત વરસની ઉમરના ફરઝંદ શેખ આદમભાઇ સાહેબ વફાત થયા. આવા ગમ પર ગમના વખતમાં પણ આપ સબરને લાઝીમ રહ્યા કારણ ખુદ સબરના દરિયા હતા. ખુદાતઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે;—" ઇન્નમા યુવફ્ફન સાબેરૂના અજરોહુમ બેગૈરે હીસાબ ". અર્થ:–સાબેરૂનને ખુદા હિસાબ વગર બદલો આપે છે.

થોડા દિવસ બાદ આપને ખુદાતઆલાએ ફરઝંદ ઇનાયત કીધા, જેનું નામ આપે શમસુદ્દીન ભાઇસાહેબ રાખ્યું ને ખુદાના દાઇએ ખુદાના શુકરનો સજદો કર્યો. આ ખુશાલીમાં આપે કેટલાક કાઝેલોને તરતીબમાં નીમ્યા. સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીનના ફરઝંદ અબ્દુલતૈયબ ભાઇસાહેબ ઝકીયુદ્દીન સાહેબ તથા શેખ ઉબ્રાહીમ તે મુલ્લાં ખાનસાહેબના નવાસા તથા અરબના શેખ યઅબોરી તથા શેખ રહેમતુલ્લા તથા [1]શેખ ઇસમાઇલ અબદુરરસુલ તથા શેખ દાઉદ તથા શેખ નુરમોહમ્મદ. આમ એક બાદ એક આપે મુકરર કીધા.

રિવાયતમાં છે કે, આ વખતે સુરતમાં કલેકટર તરીકે મી૰ પ્રીઝ હતા તે અને સૈયદના મોઅૈયદ વચ્ચે ઘણોજ સંબંધ હતો, જેથી દરેક કોમના ભલાઇના કામમાં એક બીજનો મશવેરો લેતા ને સલાહથીજ દરેક કામકાજ કરતા. બાદ મી૰ પ્રીઝની બદલી થઇ ને મી૰ જ્યોર્જ કલેકટર નીમાઇને સુરત આવ્યા. આ વખતે સુરતના નવાબ કુટુંબના કેટલાક સાહેબો જેઓ અસલથીજ દુશ્મનાવટ રાખતા હતા ને આલેમોહમ્મદની અદાવત પર કાયમ થયા હતા, તેઓએ મી૰ જ્યોર્જ કે જે સાહેબ તેમનાજ મતના હતા ને દુનિયા પસંદ હતા તેમને લાલચમાં નાખી વળી પાછી મોમિનો પર જુલમ કરવાની શરૂઆત કરી ને હાકિમે સૈયદના પર ઇલઝામ મુકી પકડવાનો હુકમ કાઢયો, તે હુકમ અનુસાર આપને ગીરફતાર કરી લઇ ગયા. બે દિવસ સુધી આપને નજરકેદી તરીકે રાખ્યા ને એક લાખ રૂપિયાના જામીન લઇ આપને છુટા કરવામાં આવ્યા.

આ છુટકારા બાદ આપ જાફરભાઇ ઇબ્ને મોહમ્મદભાઇના મકાન પર તશરીફ લઈ ગયા ને તેના મકાનમાં એક માસ સુધી રહ્યા. જાફરભાઇએ આપની અચ્છી તરેહ ખિદમત કીધી. આપની સાથે મુલ્લાં મુસાજી ઉમરેઠવાળા હતા. બન્ને સાહેબો હીજરી ૧૧૭૭ મોહરરમની તા. ૧૨ મીએ સુરતના હાકિમને ખબર ન પડે તેવી રીતે રવાના થઈ ગયા. થોડા વખત બાદ આપના સુરતથી ચાલી જવાના ખબર તે હાકિમને પડયા કે તરતજ આપને પકડવા માટે ઘોડેસ્વારો રવાના કરવામાં આવ્યા. પરંતુ હકના લોકોની ખુદાએ નીગેહબાની કરી ને તેથી પાછળ પડેલા સવારોને આપનો પત્તો લાગ્યો નહિ ને આપ સહીસલામત બીલીમોરા પહોંચી ગયા ને ત્યાં હાકિમના મકાન પર અમાન સાથે રહ્યા. તે બાદ આપે બીલીમોરાથી જવાનો ઇરાદો કર્યો એટલે ત્યાંના હાકિમને કંઈક હદીયો આપવાના ઇરાદાથી તોહફાના થાલો ભરી હાકિમને ત્યાં મોકલાવ્યા. આ હદિયો જોઈ બીલીમોરાના હાકીમ ઘણાજ ખુશ થયા ને બધા તોહફાના થાલો પાછા સૈયદના તરફ મોકલાવી અરજ કરી કે " આપનો હદિયો અમોએ કબુલ રાખ્યો પણ આપ દીનના શાહ ને ઇલાહી કરામતના ધણીના હદિયાની મને જરૂર નથી પણ હું આપની દોઆએ ખેરનો ઉમ્મેદવાર છું. આપની દોઆના સબબ ખુદા મારો બેડો પાર કરે ને આજીજના દુશ્મનો લાચાર

[1] આ શેખ ઇસમાઇલ ઇબ્ને અબ્દુલરરસુલ પાછળથી દાઇનો દાવો કરી મુદઈ થયો છે અને તેનો દિકરો હેબતું પણ તેની દાઅવતમાં શામીલ થઇ દુનિયામાં બરબાદ થયો છે.

બને ". આમ કહી તે હાકીમે સૈયદના મોઅૈયદને તે હદિયો વાપસ કર્યો ને આપે હાકિમના હુકમાં દોઆએ ખેર કીધી.

બીલીમોરાથી સફરની તા. ૨ જીના રોજ આપ રવાના થયા ને સોનગઢ આવ્યા. અહીં ઇદોરથી કેટલાક શેઠીયાઓ, કરીમભાઇ ઇબ્ને મુલ્લાં આનજીભાઈ રહસે આઅઝમ સાથે તથા જાવદના કેટલાક શેઠીયા આનજી ઇબ્ને જાફરજી સાથે આવ્યા અને હજુરમાં અરજ કરી કે " આપ અમારા સરદાર છો, ખુદાના દાઇ છો, આપ ચાહો તે અમર ફરમાવો અમો તે ઉઠાવવા તૈયાર છીએ. આપની ખિદમત કરી અમો સઘળા શરફબરદાર બનીયે. આપની ખિદમત જાન ને માલથી કરવા તૈયાર છીએ. આ સાંભળી આપે દોઆએ ખેર કીધી. જે પ્રમાણે બીલીમોરાના હાકિમને તેની ખિદમતના બદલામાં દોઆએ ખેર કરી હતી. આપની દોઆના સબબ તે હાકેમને ખુદાતઆલાએ કેવી રીતે બદલો આપ્યો તે જાણવા જેવું હોવાથી આ નીચે આપેલ છેઃ—

એમ બયાન છે કે, બીલીમોરાથી સૈયદના મોઅૈયદ રવાના થયા બાદ કેટલાક દિવસે વિલાયતથી આવતી એક સ્ટીમર બીલીમોરાના દરિયા કીનારે ડુબી ગઈ, જેમાં તેજ સુરતના કલેકટરનો માલ આવેલ હતો કે જેણે આપને સુરતમાં સતાવેલ હતા ને આપની પછવાડે ઘોડેસ્વારો મોકલ્યા હતા. જહાજ ડુબી ગયા બાદ બીલીમોરાના બારાના માલીકે તે જહાજ માંહેનો માલ કાઢવાની કોશિષ કરી, રાજના માણસો દરિયામાંથી માલના કાઢનારાઓ સાથે જ્યાં જહાજ ડુબેલું હતું ત્યાં ગયા ને ડુબકી મારનારાઓને તેમાંનો માલ કાઢવાનું કહ્યું. તારૂઓએ માલ કાઢવા માટે દરિયામાં ડુબકી મારી ને પહેલીજ વખતમાં તે તારૂઓને ત્રણ લાખ ગીની ભરેલી પેટીઓ હાથ લાગી, તે બાદ તેઓએ ઘણો માલ કાઢયો. ખુદાતઆલાએ પોતાના બંદાની દુઆને કબુલ કરી ને તેજ દોઆના સબબ બીલીમોરાના હાકિમને ખિદમતનો બદલો વાળી આપ્યો. ખુદા પોતાના બંદાઓની દોઆનો જરૂર જવાબ આપે છે ને જેઓ ખુદાના અમર પ્રમાણે ચાલી ખુદાના હુકમને ઉઠાવે છે ને તેના નેક બંદાઓની દોઆ લે છે તેને તેની દોઆનો જવાબ જરૂર મળે છે. આ બીલીમોરાના હાકિમ ખાલીસ દિલના ને નેક ચલણના ખુદા પર ઇમાન લાવનારા હતા. એમ પણ બયાન છે કે દુઆ કરવા કરતાં દુઆ લેવી ઘણીજ અફઝલ છે, તે હિસાબે આલીમ કે દોલતમંદ પોતાના ઇલ્મ કે દોલત ખરચી સામેવાળાની દુઆના તલબગાર રહે ને તેજ રસ્તે ચાલે કે જે રીતે દોઆ લઈ શકાય.

હદિયો લેવાની ના પાડી.

તે અરસામાં એટલે કે સુરતના હાકીમને રા. એક લાખ ભરપાઈ કરવા માટે જોઇતાં નાણા માટે મોમિનોએ તજવીજ કરી ને ફાળો કરી બે લાખ રૂપિયા ભેગા કરી આપની હજુરમાં પેશ કર્યા. આપે આ રૂપિયા સ્વિકારવાની ના પાડી તેમાંથી એક પાઇ પણ લીધી નહિ ને તે રૂપિયા લાવનાર મોમિન ભાઇઓને આપે ફરમાવ્યું કેઃ—

" એ મુમેનો ! આ રૂપિયા તમો વાપસ લઈ જાઓ. તમો અમારા ખઝાના છો, તમોને ખુદા સલામત રાખે ને આસમાન ને ઝમીનની બરકતથી તમારા ઘરોને ખુદા ભરપુર કરે, તમારા માલને ખુદા દિનપર દિન વધુ કરે, તમારી અવલાદ, બાલ-બચ્ચાંની ઉમરને ખુદાવંદકરીમ દરાઝ કરે અને તમો સઘળાને ખુદા ઇમામુઝઝમાનના તુફૈલથી નસીબવંતા ને નેઅમતથી સરફરાઝ કરે. હમણા મમલુકે આલેમોહમ્મદને આ રૂપિયાની જરૂરત નથી, તેમ બીલકુલ હાજત નથી. તમો સઘળા જુઓ છો કે, આલેમોહમ્મદના દોઆતોને દુનિયાની કોઇ પરવા નથી તેમ જીસ્માની શહેવતોમાં દુનિયાદારી રાજાઓના જેમ હાયવોય નથી; માટે રૂપિયા પાછા લઇ જાઓ. જરૂર પડશે ત્યારે તમારા પાસેથી મંગાવી લઇશ "

આ પ્રમાણે દાઇએ હકકે દુનિયાના માલને તજી દીધો ને મોમિનીનને હસીખુશી અને માન તવાજા સાથે વિદા કર્યા.

આપ સૈયદના સોનગઢમાં ૩ મહિના ને ૬૪ દિવસ રહ્યા. અહીં ખુદાએ આપને બીજા ફરઝંદ ઇનાયત કીધા જેનું નામ કમરૂદ્દીનભાઈ સાહેબ છે. તેની ખુશાલીમાં આપના સગા ભાઇ ઇસમાઇલજી ઇબ્ને વજીહુદ્દીન તથા આપના કાકાજીના ફરઝંદ ભાઇ યુસુફભાઇને શેખના રૂતબા ઇનાયત કીધા. બાદ અહીંથી રવાના થઇ આપ બુરહાનપુરના રસ્તે થઇ ઉજ્જૈન પધાર્યા. હી૰ ૧૧૭૭ માં શેખ લુકમાનજી ઇબ્ને શેખુલ કાઝીલ દાઉદભાઈ દાઅવતે હાદિઆના માઝુન સાહેબ વફાત થયા. આ શેખના ભાવા તથા દાદાએ દાઅવતની ખિદમત કરેલી તેનો બદલો ખુદાએ આપ્યો ને આપને ખુદાના નાયબ દાઇએ હકના માઝુનનો રૂતબો મળ્યો. આપના વડવાઓએ તથા આપે દાઅવતે હાદિઆની ઘણી ખિદમત કીધી છે તેમાંથી થોડું બયાન આ નીચે આપેલ છેઃ—

સૈયદી લુકમાનજી સાહેબ.

આ સાહેબ દાઅવતના નીશાન ને ફઝલના ચંદ્રમા હતા. દાઅવતમાં આવા નેક, તકવામાં એક્કા, ઇલ્મે હકીકતમાં બેમિસાલ, રીયાઝત ને માઅરેફતના ફનમાં પ્રવિણ કોઈ પણ સાહેબ ન રહ્યા જેના ઇન્તેકાલથી આપ સૈયદના ઘણા નારાજ રહેતા હતા.

બયાનમાં છે કે સૈયદી લુકમાનજી સાહેબના મોટા ભાવા મુલ્લા કાઝીખાન સૈ. પીરખાન શુજાઉદ્દીનના વખતમાં જ્યારે રામપુર પધાર્યા ને રામપુરથી પાછા અમદાવાદ તશરીફ લઇ જતા હતા તે વખત મુલ્લાં કાઝીખાન આપની સાથે સાથે ગાડીની પછવાડે ચાલતા ચાલતા કેટલાક ગાઉ સુધી ગયા. આ જોઇ આપ સૈયદનાએ મુલ્લાં કાઝીખાનને પુછ્યું, તમો તમારા વતન પાછા કેમ જતા નથી ? શું કંઇ હાજત છે ? મુલ્લાં કાઝીખાને અરજ કીધી, મૌલા ! આ કાઝીખાન આપનામાં મુલાઝીમ (નોકરી) રહેવા ઇરાદો રાખે છે, તે આપની ગાડીની સાથે સાથેજ ચાલશે. મમલુકને આપની ખિદમત કરવાનો શોખ છે, વતન તરફ પાછા જવાનો નથી. આપ પાસે રહી ઇલ્મ તહસીલ કરવાનો શોખ છે. આ સાંભળી સૈયદ-

નાએ મોહબ્બતના જોશમાં આવી માન સાથે કહ્યું. એર ! તમારો વિચાર ઇલમ પઢવાનો છે તો ગાડીમાં બેસી જાઓ ને અમારી સાથે થાઓ. પરંતુ મુલ્લાં કાઝીખાન ગાડીમાં ન બેસતાં અમદાવાદ સુધી ચાલીને આપ સૈયદનાની સાથે ફક્ત ઇલમ તેહસીલ માટેજ ગયા. તે બાદ તેમણે સૈયદનાની હજુરમાં રહી ઇલમ હાસિલ કીધું. તેમાં દઆએમુલ ઇસ્લામ બંને જીલદ મોં પર તૈયાર કીધી અને બીજા કિતાબો, રસાએલો ને એહકામોને પોતાના હાથ પર કીધા તથા દરેક ઇલ્મથી માહિતગાર થયા. બાદ હઝરતે આલિયાહથી રજા લઇ પોતાના વતન તરફ ગયા. આપ જોકે વેપારી હતા પણ ઇલ્મી જોહરના સબબ સૈયદનાએ આપને રામપુરાની અમાલતની તકલીદ આપી. તે બાદ આપે રામપુરાના આસપાસના ગામોમાંથી તલબતોને બોલાવી ઇલ્મની નહેર જરી કીધી ને સબળાઓને ઇલમ રૂપી પાણી પાઇ સેરાબ કીધા અને આપના ફરઝંદ મુલ્લાં હબીબુલ્લાહને પણ આપે દરેક અમરમાં માહીર કરી ઇલ્મમાં પુખ્તા બનાવ્યા. તે બાદ આપના ફરઝંદ મુલ્લાં હબીબુલ્લાહ આપના આવાજના વારીસ બન્યા ને હર બિદમતમાં બરાબર થયા અને આપના ફરઝંદ લુકમાનજી પણ પોતાના આવાજ મુલ્લાં હબીબુલ્લાહ તથા પોતાના દાદાના ઇલ્મી વારીસ બન્યા. આ મુલ્લાં લુકમાનજી સાહેબનું ઇલમ ઝમાના અનુસાર એટલું ઝાહેર પુરવાર થયું કે આપને સૈયદના મોઅૈયદે બાબુલ ઇલ્મનો લકબ ઇનાયત કીધો.

આપની ઇલમ આપવાની કોશિશના સબબ મસજીદ તથા મદ્રસાઓ જોરદાર બન્યા. અંધારી રાતમાં સબળા સુતા હોય તે વખતે આપ એવી તરેહથી ઇબાદત કરતા કે આપ જાણે ખુદાથી ઇલ્તેજા કરતા હોય ! ખાસ બાબત તો એ છે કે આપની પાસે કોઇ ઇલમનો સાઇલ (સવાલનો કરનાર) ૧૦૦ વખત સવાલ કરે તો પણ આપ તેને ૧૦૦ વખત જવાબ આપતા, કોઈ વખત ઇનકાર કરતા કે કંટાળો બતાવતા નહિ. આપની પાસે કોઈ પણ હાજરતમંદ આવતો તો આપ તેની હાજરતને પુરી કરી આપતા. આપને કોઈ મોમિન જમવાનું ઇજત અરજ કરે તો આપ તેને જવાબ દેતા. આપ જમણમાં કદી નુકતેચીની ન કરતા બલ્કે સાકરને બદલે નીમક હોય તો પણ આપ ન બોલતા. આપ જીભમને ટકાવી રાખવા તથા ખુદાની ઇબાદત થઈ શકે તેટલા પુરતુંજ જમતા યાને બહુજ થોડું જમતા. આપે ઝીયાફતોમાં જમવા જવાનો કે બીજી કોઈ તરેહનો મોજશોખ કરવાનો ઇરાદો કર્યો નહોતો. આપ હમેશાં સાદાઇને પસંદ કરતા.

એક વખત આપ એક ભાઇને ત્યાં જમવા ગયેલા, તે ભાઇને ત્યાં ભુલમાં સોદરણા (ચોખા) ની રકાબીમાં ખાંડને બદલે પીસેલું નમક નાંખી દીધેલું. આપ બાખુશી પુરૂ જમ્યા, એક શબ્દ ન બોલ્યા પણ પાછળથી જ્યારે ઘર ધણીને (જમાડનારને) ખબર પડી કે મારાથી ખાંડને બદલે નમક પડી ગએલ હતું તેથી તે ઘણા શરમીંદા થયા ને આપ પાસે આવી થયેલી ભુલનો પસ્તાવો કર્યો. ત્યારે આપે જવાબ આપ્યો કે, " એ ભાઈ ! અમો તમારા ઘરમાં સારી રીતે જમ્યા. અમો જમીએ છીએ તે ફક્ત દુનિયાની ઇબાદત વાસ્તે, જીવવા પુરતુંજ જમીએ છીએ. અમોને દુનિયાની કડવાસ અને મિઠાસનો હાલ સરખો છે. જ્યાં મોતના કડવા પ્યાલાના રોજબરોજ ધ્યાન હોય ત્યાં દુનિયાના સ્વાદોનો શું ખ્યાલ ?

દરેક કોમના લોકો, પછી તે ઇસ્લામી હોય કે હિન્દુ દરેક આપને માન આપતા ને આપ પાસે દોઆના તલબગાર રહેતા. લોકો આપની પાસે અમાનતો મુકી જતા. આપની પાસે કોઈ નઝરાણું કે હદિયો લઇને આવતું તો આપ તેના દિલને ખુશ કરતા. આપ ઝબાનના પાક હતા તેથી આપની ઝબાનમાં શીફા હતી. કોઇ પણ બિમારને દમ મારતા કે તરતજ પરવરદિગાર તે શખ્સને શીફા બક્ષતા ને તે તંદુરસ્ત બની જતા. આપ નમાઝના ઘણાજ પાબંદ હતા. રાતોમાં ખુદાતઆલાની ઇબાદત, કલામુલ્લાહની તિલાવત ને અકલે અવ્વલની દુઆ પઢતા. દરેક વખતની નમાઝ મસજીદમાં અદા કરતા ને બાકીના વખતોમાં દીની મસાએલોના ચુકાદામાં નઝર કરતા. આપ મસજીદની અદબના ઘણાજ પાબંદ હતા ને તે માટે હર વખત નીચેની હદિસ લોકોને સંભળાવી તે પ્રમાણે વર્તવા માટે તાકીદ કરતા તે આ પ્રમાણે છેઃ—

" ઇન્નિલ હદીસા ફીલ મસજીદે યાઅકોલુલ હસનાતે કમા તાઅકોલુલ બહીમતો હશીશલ અરદે ".

અર્થઃ—મસજીદમાં વાત કરનારની કુલ નેકીઓ ખવાય જાય છે જે પ્રમાણે જનવરો જમીનમાંથી સુકું ઘાસ ખાય જાય છે.

આ પ્રમાણે મસજીદની અદબ હોય, મસજીદમાં બેસી વાત કરવાની મનાઇ હોય ને તેની કરેલી નેકીઓ બરબાદ થતી હોય તો ભલા કોણ એવો નાદાન હશે કે જે મસજીદમાં બેસી નકામી કુથલીઓ કરે ને ખુદાતઆલાના અમર અને મવાલીતાહેરીનના ફરમાનોને ઠોકરે મારી મસજીદની બેહુરમતી કરી ગુનાહમાં શામીલ થાય ? શું કોઇ પણ મોમિન, બેહલેબૈતનો મોહિબ આ વાતને પસંદ કરશે ? હરગીઝ નહિ. પરવરદિગાર આવી બદીઓથી દરેકને બચાવે.

જેમ ઇમામ મુસતનસીર બિલ્લાહના કાળ સૈયદના નોઅમાન બીન મોહમ્મદ હતા તેમ સૈયદના ઇબ્રાહિમ વજીહુદ્દીન સાહેબના ઝમાનના નોઅમાન સૈયદી લુકમાનજી સાહેબ હતા. આપને મુલ્લાં વલીમોહમ્મદ નામના એક દિકરા થયા છે, તે શેખ વલીમોહમ્મદને શેખ હિપ્તુલ્લાહ નામે ફરઝંદ થયા. આ સાહેબે ઇલમ લઇ શેખતો ઇતબો પ્રાપ્ત કર્યો છે, ને તેના ફરઝંદ હિપ્તુલ્લાહ પણ ઇલ્મમાં એક્કા હતા ને મરતબાના બુલંદ હતા. આપ સૈયદી લુકમાનજી હીજરી ૧૧૭૭ માં વફાત થયા છે.

હીમિય્યા ફિરકો.

સૈયદી લુકમાનજી સાહેબના વફાત બાદ આપના શાગીરદોમાંના એક જેનું નામ શેખ ઇસમાઇલ બીન અબ્દુરરસુલ છે ત્યા તેના દિકરા હિપ્તુલ્લાહ બીન શેખ ઇસમાઇલે સાથે મળી આપ સૈયદનાના વખતમાં દાઇનો દાવ્વો કર્યો, એટલે કે ઇમામિઝ્ઝમાનથી તે બન્નેને ઇત્તેસાલ (જોડાણ)છે એમ કહી કઇક લોકોને ધોકો દીધો. આ શેખ ઇસમાઇલને સૈયદનાએ શેખતો ઇતબો આપી તરતીબમાં બેસાડેલ હતો પણ તેટલાથી સંતોષ નહિ પામતાં શુકરને બદલે

કબુર કરી એહસાન ફરામોશ થયો. હકને મુકી બાતિલ તરફ વળ્યો. બોટા રિસાલાઓ બનાવી લોકો તથા હકના દાઇ તરફ મોકલ્યા ને તે રિસાલતમાં લખ્યું કે, " ઇમામે દાઇ બલાગ અબ્દુલ્લાહ બીન હારીસને મોકલી મને દાઈ બનાવ્યો છે ". આ પ્રમાણે ચારે બાજુએ અફવાઓ ફેલાવવા લાગ્યો ને લોકોને બહેકાવવા લાગ્યો. આ બબર ખુદાના દાઇને થઈ ને લોકોમાં પણ જાણ થઈ, તેથી લોકોમાં બેદીલી ફેલાઈ ને મોમિનીનના દિલો દુઃખાયા. ત્યાર બાદ સૈયદનાએ ઇસમાઇલને બોલાવી ઘણો સમજાવ્યો ને હિદાયત આપી, જે સબબ તેણે પોતાની ભુલ કબુલ કરી તૌબા કરી પાછો મોમિન બન્યો.

થોડો વખત તે શાન્તિથી સૈયદના પાસે રહ્યો ને વળી પાછી દુનિયાની લાલચ થઈ તેથી રાતોરાત ત્યાંથી રવાના થઈ લુણાવાડા પહોંચ્યો. સાથે ચાર અનુયાઇઓ લીધા હતા. આ બબર ઉજ્જૈનના મોમિનોએ લુણાવાડાના મોમિનીનને આપી તેથી તેઓએ શહેરના હાકિમને અરજ કરી કે, ઉજ્જૈનથી અમારા ચોર ભાગી અત્રે અમારા મોહલ્લામાં ઉતરેલા છે. આ અરજ ઉપરથી ત્યાંના સિપાઇઓએ તેને પકડ્યા ને કેદ કીધા. આ બબર સાંભળી ઇસમાઇલના માઝુન લાલાભાઈ રાતોરાત ભાગી રામપુરા ગયો ને ત્યાંથી ચાંપાનેર ગયો. જે વખતે તે લુણાવાડાથી રવાના થયો તે વખતે ત્યાંના રહીશ અબ્દુન નબી નામના શબ્સને ભલામણ કરી ગએલ તે ઉપરથી તેણે કેટલીક કોશિષ કરી ને ઇસમાઈલને કેદમાંથી છોડાવ્યો. પરંતુ પાછળથી તે અબ્દુન નબીને કુદરતે સમજાવ્યું જેથી તે બાતિલને મુકી હકપર સાબિત રહ્યો ને પોતાના મકાનપર ઉતરેલ ઇસમાઇલ તથા તેના મળતીઆઓને પકડાવી ઉજ્જૈન લઇ ગયો ને દાઇએ હકની હજુરમાં પેશ કર્યા, અને પોતાથી બનેલ ભુલનો ઇકરાર કર્યો. બાદ સૈયદનાએ તેને હિદાયત આપી દીન પર સાબીત રહેવા સમજાવ્યો. તે પછી ઇસમાઇલે પણ પોતાથી બનેલ ભુલનો ઇકરાર કર્યો ને ઇમામીઝુમાનના દાઇએ આ બીજી વખતની તેની ગેરવર્તણુંકનો ખ્યાલ આપી મોટું દિલ બતાવી હક પર સાબિત રહેવા સમજાવ્યો. કેમ ન હોય ! હકના દાઇઓ ખુદા પર ભરોસો રાખી હમેશાં ગેરવર્તણુંક ચલાવનારાઓ તરફ પણ કરમની નજરથી જુએ છે તેઓ કદી પણ બદલો લેવાની ઇચ્છા રાખતા નથી.

એ ભાઈ ! આ ઉપરથી ઇબ્રત લે કે શેખ ઇસમાઇલ અને તેના દિકરા હિબતુલ્લાહ દાઇનો દાવો કરી મુદ્દઇ થયા હતા ને દાઅવતે હકના લોકોને બહેકાવી તેઓના એઅતેકાદમાં બલલ પાડી બાતીલ તરફ લોકોને ખેંચી જવાની કોશિષ કરી દાઅવતમાં બડબડાટ મચાવતા હતા, છતાં પણ આપ સૈયદનાએ તેઓને બબે વખત રહેમદીલી બતાવી ને નસિહતના તોર પર તેઓને સમજાવ્યા ને ખુદાના દીનની મઝબુતી માટે તેમની ભુલોનું ભાન કરાવી રાહેરાસ્ત પર લાવ્યા.

જોકે આપના ઝમાનમાં શેખ ઇસમાઇલ તથા તેના દિકરાએ દાઈપણાનો દાવો કરી નવો ફીરકો ઉભો કરી અને લોકોને હકના રાહપરથી ઉતારી બાતીલ તરફ દોરવાની કોશિષ કરી હતી, છતાં આપ સૈયદનાએ રહેમદીલી બતાવી તે બન્નેને અમાન આપ્યું. પરંતુ

આ ઝમાનમાં તેવું કયાંએ જોવામાં આવતું નથી, પણ તેથી ઉલટું કેટલેક ઠેકાણે આપસના ટંટા ફિસાદને લઈને દિનને નામે કેહવાતા વડવાઓની મદદથી કેટલાક બદબ્યાલ માણસો તરફથી સમજદારોને ઉતારી પાડવાની નીચ કોશિષ કરવામાં આવે છે જે કોઇ રીતે શરીઅતી ઉસુલ પ્રમાણે ઇચ્છવા યોગ્ય નથી. ચાલુ ઝમાનમાં લોકોને બહેકાવવાનો તેમજ દાઇ હોવાનો દાવો કોઇએ કર્યો નથી, છતાં ગમે તેને મુદઇના બલકાબ કેટલાક બેસમજ ભાઇઓ તરફથી આપવામાં આવે છે જે શરીઅતથી સરાસર ઉલટું ને બેહુદું થાય છે. શરીઅતના ફરમાન પ્રમાણે દાઅવતે હકના દાઈઓ તરફથી હમેશાં રહેમ ને હિદાયતની આશા રખાય છે. તેઓ કદી પણ શરીઅતથી બિલાફ જઈ કોઇ પર જુલમ કરતા નથી કે કોઇ પર જુઠા ઇલ્ઝામ લગાવતાજ નથી ને કદાચ કોઇએ ભુલ કીધી હોય તો પણ તેની ભુલનું કારણ સમજી તેને સંતોષી અમાન આપે છે. દાઇયુલ મુતલકનું કામ ફકત હદમાં રહીને તબલીગ (દાઅવતનો ફેલાવો) કરવાનું છે.

આ રીતે સૈયદના મોઅય્યદે શેખ ઇસમાઇલને બબે વખત રાહત આપીને મોમિનપણાની હાલતમાં રાખવાની કોશિષ કરી છતાં જે દિલોમાં નીફાકી હોય તે દિલોમાં હકની અસર કયાંથી રહે ? તેજ પ્રમાણે હજુ થોડો ટાઇમ થયો કે શેખ ઇસમાઇલને ફરી લાલચે ઘેર્યો ને તરતજ તેના દિલમાં બાતિલનો જોશ ઉભરાયો, શયતાન અને તેના સાથીદાર દુનિઆ ને હવાનફસીએ તેને ઘેર્યો ને દુનિયાની લાલચમાં ફસાઇ વળી પાછો દાઇનો દાવો કર્યો. આ વખતે મસ્તાહ રાજ્યની શરૂઆત હતી, આપ સૈયદના પાસે તે વખતે કેટલીક દિવાની હકુમત હતી તેથી લોકોએ તે શેખ ઇસમાઇલ તથા હિબ્તુલ્લાહને માર મારવાની પરવાનગી માગી, આપે તેજ વખત લોકોને તે વિષે એક શબ્દ પણ નહિ ઉચ્ચારવાની ને તેવા નાલાયક કામ કરવાની સખ્ત રીતે મના કીધી. જો કે, લોકો તે વખત ઘણાજ ઉશ્કેરાઇ ગયા હતા ને જોશમાં આવી જઈ તેમને ગાળગલોચ કરવા લાગી ગયા હતા (જે પ્રમાણે આ ઝમાનામાં થાય છે). તેથી આપ ઘણાજ કચવાયા ને આપે આવી વર્તણુંક નહિ રાખવા માટે લોકોને સખ્ત તાકીદ કરી, આપની તાકીદના સબબ બંને શેખ ઇસમાઇલ તથા હિબ્તુલ્લાહ લોકોના ઓફ તથા મારથી બચી ગયા.

આપ સૈયદના લોકોને હિદાયત કરી કહેતા કે, ખુદાતઆલા કલામેમજીદમાં ફરમાવે છે કે:—

અદ કાબોથી બચો ને ખુદા પર ભરોસો રાખો.

" વકુલ લેએબાદી યકુલુલ્લતી હેયા અહસનો ઇનસશૈતાના યનઝગો બૈનહુમ ઇનસશૈતાના કાના લીલઇન્સાને અદુવ્વંન મોબીના. રબ્બોકુમ અઅલમો બેકુમ ઇયશા યરહમ્ કુમ અવ ઇયશા યોઅઝઝીબકુમ વમા અરસલનાકા અલૈહીમ વકીલા. (સુ. બની ઇસરાઇલ. આ. ૫૩–૫૪) ".

અર્થઃ—અને તું મારા બંદાઓને કહે કે તેઓ (કાફેરો સાથે) એવા શબ્દો બોલે કે જે ઉત્તમ છે. બરેબર શૈતાન તેઓની વચ્ચે શત્રુતા ઉત્પન્ન કરે છે, બરેબર શૈતાન માણસો માટે એક ઉઘાડો દુશ્મન છે. તમારો પરવરદિગાર તમારી સ્થિતિ જાણે છે. જો તે ઇચ્છે તો તે તમારા ઉપર દયા કરશે અથવા જો તે ઇચ્છે તો તે તમને શિક્ષા કરશે અને અમે તને તેઓના ઉપર નીગેહબાન તરીકે મોકલ્યો નથી.

" વલાતદઓ મિનદુનીલ્લાહે માલાયનફઓકા વલા યદુરરોકા ફઇન ફઅલતા ફઇન્નિકા એઝન મિનઝઝાલેમીન. સુ. યુનુસ આ. ૧૦૬ ".

અર્થઃ—અને ખુદા સિવાય જે તને કંઈ ફાયદો કરતા નથી અને તેમજ તને કંઇ ઈજા કરતા નથી તેને બોલાવ નહિ. પછી જો તું તેમ કરે તો બરેબર તું ઝુલમગારોમાંનો છે.

" વઇય યમસસ્કલ્લાહો બેદુરરીન ફલાકાશેફાલહુ ઇલ્લાહોવા વ ઇંય યેરીદકા બેખૈરીન ફલા રાાદ્દા લેફઝલેહી યોસીબો બેહી મંયયશાઓ મીન એબાદેહી વહોવલ ગફુરૂરરહીમ. સુરતે યુનુસ આયત ૧૦૭ ".

અર્થઃ—અને જો ખુદા તને કંઇ દુઃખ પહોંચાડે તો તે દુર કરનાર તેના સિવાય બીજો કોઇ નથી અને જો તે તારે માટે કંઇ સારૂં ઇચ્છે તો તેની કૃપાને કોઇ અટકાવનાર નથી. ખુદા પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને તે કૃપા પહોંચાડે છે. અને તે માફી આપનાર (અને) દયાળુ છે.

આ રીતે આપ લોકોને નસિહતના તોર પર કોઇને પણ ગાળગલોચ કે મારામારીથી દુર રહેવા માટે તાકીદ કરતા ને કહેતા કે " મારા ખાસ મોમિન અને એહલેબૈતનો મોહિબ હશે તે કદી કોઇને અપશબ્દ કહેશે નહિ કે કોઇને ઇજા પહોંચાડશે નહિ ".

બાદ આપે તે બન્નેને તેઓના દુરાગ્રહપણાના દાવાને મુકી દેવા માટે ખુબ સમજાવ્યા પણ તેઓ માન્યા નહિ પણ તેઓ બંનેએ ત્યાંથી ભાગી જવાનો મશવેરો કરી લાગ જોઇ સૈયદનાને ખબર આપ્યા વગર ઘરથી બહાર નીકળી ગયા.

તેઓ બંનેને બહાર ભાગી જતા જોઇ કેટલાક લોકો તેમના પર તુટી પડયા ને ખુબ માર્યા. આ મારામારીમાંથી શેખ ઇસમાઇલ ભાગી છુટયો ને તેના દિકરો હીબ્તુ સપડાયો ને ઉશકેરાએલા લોકોમાંહેથી કોઇ બદમાશે તે હિબ્તુનું નાક કાપી લીધું.

આ હુલડની ખબર સૈયદનાને પડી કે તરતજ આપે લોકોને બોલાવ્યા, ખુબ ધમકાવ્યા ને નસિહત આપી પણ બદ લોકોએ ઇન્કાર કર્યો. બાદ આપે હિબ્તુ તથા તેના સાથવાળાઓને પોતા પાસે બોલાવ્યા ને પોતાનાજ મકાનમાં અમાન સાથે રાખ્યા, તેમના ઘાવો પીવાનો બંદોબસ્ત કરી આપ્યો ને હિબ્તુના નાકનો ઇલાજ કરવા માટે તબિબને બોલાવ્યા ને આરામ થાય ત્યાં સુધી ઇલાજ ચાલુ રાખી આપની પાસે રાખ્યા. થોડો આરામ થયો કે તરતજ એક દિવસ લાગ જોઇ સૈયદનાને પુછ્યા વગર તે ઉજ્જૈનથી રવાના થઈ મોહમ્મદપુર ભાગી ગયો. અહીં તેનો બાપ ઇસમાઇલ સાથે થયો ને એક હાકિમને ત્યાં આશરો લીધો, જેથી તે હાકિમે બંનેને બચાવ્યા ને મોહમ્મદપુરમાં તેઓ બંને તથા તેના સાથીદારો

શાન્તિથી રહેવા લાગ્યા. અહીં શેખ ઇસમાઇલે રિસાલતુલ વજીયાહ નામનો કિતાબ લખ્યો છે જે વાંચવાથી તેના દાવાનું બુતલાનપણું માલુમ પડે છે. મો. બ. જી. ૩ જી પા. ૪૬૬.

આ રીતે શેખ ઇસમાઇલે તથા તેના દિકરા હિબ્તુએ દાઅવત વિરૂદ્ધ ન કરવાના કામો કર્યા તેનું જો પુરૂં બયાન કરીએ તો આ કિતાબ ધારવા કરતાં ઘણોજ મોટો થાય તે મતલબથી અહીં આપેલ નથી, પરંતુ તેઓના કામો શરીઅત વિરૂદ્ધના હોવા સાથ શરમ ઉપજાવનારાં હતાં. જો કે દુનિયાની લાલચમાં ફસાએલા લોકો માંહેના કેટલાકો તેની દાઅવતમાં શામિલ થયા પણ ખુદા જેને હિદાયત દે છે તેને ખુદા બચાવી લે છે, તે પ્રમાણે આ બંનેથી કંઇક લોકો કંટાળી ગયા ને સૈયદના નઝદીક આવી તોબા કરી દાઅવતે હાદીઆના દાયરામાં ફરી શામીલ થયા.

શેખ ઇસમાઇલ તથા હિબ્તુ બોલવામાં ઘણાજ ચાલાક હોવાના સબબ તેના ફંદામાં સૈયદના મોઅૈયદના તરતીબમાં બેસનારા શેખ અલી બબ્બે સૈય્યદ યમની તથા શેખ હેબ્તુલ્લાહ બીન મુલ્લાં વલીમોહમ્મદ બીન સૈયદી લુકમાનજી સાહેબ પણ આવ્યા ને તેમણે આ બંને સાહેબ હિબ્તુ તથા તેના બાવા શેખ ઇસમાઇલની સિફતમાં તાઅરીફો લખી છે, જેમાં લખ્યું કે, " આ બંને સાહેબના બયાન પાસે આગલા દોઆતોનું બયાન ખાલી છીલટા સમાન છે. યાને બંને હિબ્તુ તથા તેના બાવા ઇસમાઇલના બયાન આગલા દોઆતો પાસે બીજ કે મગજ સમાન છે ". આ પ્રમાણે મુદઇઓની તારીફ ખુદ સૈયદના પાસે બેસનારા દાઅવતના મરતબાના સાહેબો કરતા હતા ત્યારે બીજા બબ્બે યાને કમસમજ લોકોનો શું દોષ ? આવા કટોકટીના વખતમાં સૈયદના મોઅૈયદના હકના રસ્તા પર કાયમ રહી સાબિત કદમ રહેવું એ શું આપની ઇસ્મત પર તથા હકપરસ્તી પર દલાલત નથી ? હક ને બાતિલમાં એજ ફરક છે. હકના લોકો કોઇના કહેવાથી કે ચુગલીથી કદી ગુસ્સે થતા નથી કે કોઇના કાવાદાવાના ભોગ બની ઝુલમ પર આમાદાહ થતા નથી. જ્યારે બાતીલના લોકોના તેથી ઉલટાંજ વર્તન હોય છે. તેઓ કદી કોઇને માફ કરતા નથી ને શરીઅતના બહાને જુઠું કરવામાં જરાએ અચકાતા નથી

આવા કટોકટીના વખતમાં સૈયદનાએ દાઅવતની કિસ્તિને બચાવી નાખોદાઇ કરી નજાતીના પહાડ તરફ નંગરાવ્યું. બલ્કે દાઅવતથી ફરી ગએલાઓ અને કંઇક ગુમરાહો હકના ઇકરાર પર સાબીત રહ્યા. અને કેટલાક તો આપ સૈયદનાની જીવતા મિન્નત માનવા લાગી ગયા. આ વખતે ખુદાના ફઝલથી કંઇક મોઅજીઝા ઝાહેર થયા છે અને ખુદાએ હકના નુરને આપનામાં ઝાહેર કર્યું. અગર જો ખુદાએ હકના નુરને આપનામાં ઝાહેર ન કર્યું હોત અને આપના મોઅજીઝા ઝાહેર ન થયા હોત તો જરૂર આ શેખ ઇસમાઇલ તથા હેબ્તુની પ્રીતનતના સબબ ત્રણે જઝીરાના લોકોમાં વસવસાઓ પેદા થયા હોત, અને તે બંનેના કલબે ચડાવેલ બયાનોથી કઇક લોકો ગુમરાહ થયા હોત અને તેના રિસાલા કિતાબુલ વજીયાહના બયાનથી કઇક આલેમો ભાન ભુલ્યા હોત. (આ રિસાલો અરબીમાં છે). તેણે એક બીજો રિસાલો પણ પોતાના દાવાની સાબિતી માટે લખ્યો છે જેમાં તેનું બાતીલપણું બતાવ્યું છે ને લાઅનતુલ્લાહે અલલ કાઝેબીનની કુરશી પર સવાર છે. પણ હકના લોકો વારતે "ઇન્ના નહનો નઝ્ઝલનઝ ઝીકરા વ ઇન્ના લહુ લહાફેઝુન" ની આયતની ઝમાનત બસ છે.

શયતાન, દુનિયા ને હવાનફ્સીથી બચવાનાં હાલ રૂપે કલામ.

શયતાન વાસ્તે કહેવામાં આવ્યું છે કે " વમન યઝ્હબો એલા મઝ્હબેહી ફહોવા મીન અહ્લીઝ્ઝુલ્મે વલ ઉદ્વાન ". અર્થઃ–જે શખ્સ શયતાનના મઝ્હબમાં જશે તે ઝાલીમ અને દુશ્મન કહેવાશે. વાસ્તે મોમિનીનને લાયક છે કે હર વખત " અઉઝો બિલ્લાહે મિનશ શયતા નીરરજીમ ". પઢતો રહે અને ખુદાના વલીયોના ઇલ્મોથી જબાનને મોડી રાખે.

ખુદાની નાફરમાનીના સબબ શૈયતાનને જ્યારે જન્નતમાંથી કાઢવામાં આવ્યો ત્યારે તે એક જંગલમાં જઇ ઉદાસ થઇ બેઠો હતો ત્યાં દુનિયા તથા હવાનફ્સી બંને તેની પાસે આવ્યા ને શયતાનને કહ્યું કે તું ઉદાસ કેમ બેઠો છો ? શું તું એમ સમજે છે કે તું એકલો છે ? ના. તેમ ન સમઝ. અમો બન્ને (દુનિયા અને હવાનફ્સી) તારી મદદમાં રહેશું ને આદમજાતને નુજ્જતીની રાહપરથી છટકાવવાના કામમાં તને હરેક વખતે મદદ કરશું.

આ પ્રમાણે મશવેરો કરી તે ત્રણે ખુદાના બંદાના દુશમનો શયતાન, દુનિયા ને હવા-નફ્સી છુટા પડયા ને ત્રણે પોતાના દાવ બજાવવા લાગ્યા.

(૧) **દુનિયા**—ખુબસુરત શૃંગાર સજીને હિરસ, હોંશ ને ગફ્લતનું લશકર લઈ ઇનસાનને તમઅ (લાલચ) બખીલાઇના હથીઆર વડે હલ્લો કરી શહેવત પર જીત મેળવવા તૈયાર થઇ. પણ ખુદાએ કલામેમજીદમાં ઇનસાનને તેનાથી બચવા હાલ રૂપે ફરમાવ્યું છે કે, " તે દુનિયા મારા નેક બંદાઓને છેતરી નહિ શકે ". તે એ છે કે, " ફલાતગુરન્નકોમુલ હયાતુદ્દુન્યા ". અર્થઃ–દુનિયા તથા તેમના સાથી તમને છેતરી શકશે નહિ.

(૨) **હવાનફ્સી**—પોતાનું લશકર હસદ, હમિય્યત, ગુસ્સો, લઝ્ઝત, રાહત ને માઅ-સીયતના હથીયાર વડે ઇનસાનને સતાવવા તૈયાર થઈ ત્યારે ખુદાએ તેથી ચેતવા પોતાના નેક બંદાને કહ્યું. "વલા તત્તબેઅલ હવા" હવાનફ્સી તથા તેના ઉપર બતાવેલ સાથીઓને તાબે ન થજે.

શયતાને જોયું કે મારા સાથીઓ મજબુત છે ને તેઓ પોતા પાસેના બંદાને ગુમરાહ બનાવવા લશકર રૂપી કાબર, કુફ્ર ને અદાવત રૂપી હથિયાર, શીરક, વહેમ ને ગુરૂરીના દમથી વીંધી ઇનસાનને ઝખમી કરશે, પણ ખુદાએ પોતાના નેક બંદાઓ વાસ્તે કહ્યું છે કે, " ઇન્નમા યેરીદુસશયતાનો અંયયુકેઆ બૈનકોમુલ અદાવતા વલ બગદાઆ ". અર્થઃ–શયતાન ચાહે છે કે, તમારા દરમ્યાન અદાવત કાનો નાખે, પણ તેથી નેક બંદો તેના સકનજ્જામાં હરગીઝ નહિ આવે, તે નેક બંદા પાસે ખુદાએ તલવાર રૂપે " વ ઇન્ના જુન્દના લહોમુલ ગાલેબુન ". કહેલું છે કે અમારૂં લશકર તે શયતાનના લશકર પર

ગાલીબજ આવશે ને બખ્તર રૂપે, " વ કાના હક્કન અલૈના નસરૂલ મુમેનીન ", યાને અમારા ઉપરનો હક ખરા મુમેનીનને ચારી દેવાનો છે, અને હાલ રૂપે " લાહૌવલા વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ " છે. તેનાથી સામનો કરી બરા મોમિનો શયતાન તથા તેના સાથી હવાનફ્સી ને દુનિયાને હરગીઝ ફાવવા નહિ દે.

ઉપર પ્રમાણે શયતાનના લશકરને ઇમાનના લશકરથી ખુદાની મદદ વડે જીત મેળવે તો તેઓ માટે, " ફરવહુન્ વરૈહાનુન્ જન્નતુન્ વ નઇમ " છે. યાને તેઓ માટે ખુશી, ખુશ્બુ અને નેઅમતદાર જન્નત છે, અને કુફ્રનું લશકર ગાલીબ થાય તો તે મોમિન માટે જહન્નમ છે. માટે મોમિનોને લાયક છે કે હમેશાં શયતાનથી પનાહ લે, અમલેસાલેહાત સાથે " અઉઝો બિલ્લાહે મીનરશયતાનીર રજીમ " પઢતા રહે. આ અમલ કરે તોજ સુમારગ મળે છે.

" અઉઝો " પઢવામાં બે શરતો છે ને તે હોય તોજ "અઉઝો" પઢવો ફાયદો કરે છે.

દુનિયાની થોડી હોંશ તથા નફ્સે અમ્મારા (હવા નફ્સીના જનત) થી જેહાદ કરે તોજ શયતાનથી જીત મેળવે ને તે શયતાનના લશકર સામે ઉપલી આયાત રૂપી હથિયારથી નીચે બતાવેલા ઇમાનના લશકરને સજ્જવાજ જોઇએ. તે એ છે કે, પહેલાં ઇલમ–સિપેહ સાલાર ને લશકર વફા, હીલમ, ઝોહદ, તકવા, શરઅ, યકીન, તવક્કલ, ઇસ્તેકામત, (સીધા રસ્તા). કનાઅત, સબ્ર, સખાવત, ખોફે ખુદા ને ઉમ્મેદી. આ ઇમાનનું લશકર છે. હવે જે મોમિનમાં આટલી સિફત હોય તો શયતાનની શું મગદુર છે કે તે બંદએખુદાને છેતરી શકે.

મતલબ કે શેખ ઇસમાઇલ તથા તેના દિકરા હિબ્તુએ શયતાનની જાળમાં ફસાઇ નફ્સે-અમ્મારા ને હવાનફ્સીના ઘોડા પર સવાર થઈ દાઅવતનો દાવો કર્યો. સૈયદના ઝોએબથી સૈયદના મોઅૈય્યદ સુધી ઇકરાર કરી પાછો મુનકીર થયો અને પોતાના દાવાઓના કાગળો તથા રિસાલાઓને ખોટી ગીલીટ ચડાવી ઝીનતદાર કર્યા. એજ પ્રમાણે અગાઉ જેઓએ દાઇપણાના દાવાઓ કર્યા છે તેઓએ શયતાની બસલતો રચી ફક્ત દુનિયા મેળવવા માટેજ આવાં નાલાયક કામો કર્યાં છે.

રિવાયતમાં છે કે શેખુલ ફાઝીલ મીયાસાહેબ હિબ્તુલ્લાહ મુલ્લાં વલીમોહમ્મદ જે હિબ્તુ તથા તેના બાવા ઇસમાઇલના રૂકન (બાહુદાર) થઈ બેઠેલા હતા, તે પાછળથી હકને સમજી ખુદાના દીન તરફ પાછા વળ્યા ને દાઅવતે હાદિઆના દાયરામાં શામીલ થયા ને હિબ્તુ તથા તેના બાવા ઇસમાઇલ તથા તેના સાથી ચાંદજીના રિસાલાના જવાબમાં રિસાલતુલ " મવસુમા બીસ્સૈફીલ્કાતેઅ " નામનો કિતાબ બનાવી તેમને જડબાંતોડ જવાબ આપ્યો. તેમાં લખ્યું કે, " શું તમો નથી જોઇ શકતા કે હિબ્તુએ પોતાના બાવાની ઝૈરીને ઝીનાનું હમલ રહેવાથી તલાક દેવડાવી ને પોતે તેની સાથે નિકાહ કરી મોઆવીઆ જેવા ફએલ કર્યા ? શું આવાં કામો કરનારા હકના ધણી થઈ શકે ખરા કે ?"

દરેક ઝમાનમાં દાઅવતે હાદિયાના ધણી હોય છે પણ જો તેઓ હકના દાવા સાથે બદ કામ કરનારા હોય તો હરગીઝ તેઓ હકના દાઇ કે હકના લોકમાં ગણાયજ નહિ કારણ અગર નાસેહકયે મનસુસને હક રીતથી શરીઅતની જોખમદારી સોંપી હોય ને તેની નિય્યતમાં ખ્યાનતપણું શામિલ થયું હોય તો તે શરીયતના હુકમ પ્રમાણે આપોઆપ દાઇપણાથી દુર થઇ જાય છે જે પ્રમાણે નબી તથા ઇમામોના ઝમાનામાં રીતસરના બનેલા દાઇઓ બગડી ગયા હતા ને તેથી તેઓ તમામ રદ થયા છે.

રિવાયતમાં છે કે, એક વખત નબીએકરીમ સ. અ. એ એક ટુકડી કોઇ ગામ તરફ મોકલી ને તેના સરદારને વલીયુલ અમર બનાવ્યા ને ટુકડીના માણસોને ફરમાવ્યું કે, " આ સરદારની બરાબર તાઅત કરજો ". એક વખત સરદાર કઇક કારણસર બધા પર ગુસ્સે થયો ને આવેશમાં આવી જઇ લોકોને બોલાવી કહ્યું કે, " તમોને રસુલે ખુદાએ મારી તાઅત કરવાનું કહ્યું છે કે નહિ ? સઘળાએ કહ્યું. હા. ત્યારે તેણે કહ્યું, તમો સઘળા જંગલમાં જઓ લાકડાં લઈ આવો ને સળગાવો. તે પ્રમાણે સઘળા લોકોએ કર્યું. લાકડાં સળગી અંગાર ખુબ તૈયાર થયો એટલે તે સરદારે લોકોને હુકમ કર્યો કે તમો સઘળા આ આગમાં કુદી પડો. આ હુકમ સાંભળી કેટલાક અણસજુઓ ને બેઇલમ હતા તેઓ તે સરદારનો હુકમ માથે ચડાવી બળતી આગમાં પડી ખાક થઈ ગયા. જ્યારે કેટલાક સમજદારોએ તે અન્યાયી હુકમ ઉઠાવવાની ના પાડી. બાદ તેઓ રસુલુલ્લાહ સ. અ. પાસે આવ્યા ને ઉપર બનેલી સર્વે હકીકત સંભળાવી ને કહ્યું. અમોએ આપના તે સરદારના અન્યાયી હુકમનો ઇનકાર કર્યો ને આગમાં ન પડયા. ત્યારે રસુલુલ્લાહ સ. અ. એ ફરમાવ્યું. એ લોકો ! જો તમો આગમાં પડયા હોત તો કયામત સુધી તેમાંથી ન નીકળત અને જેઓ વિચાર કર્યા વગર મારા સરદારનો શરીઅત વિરૂદ્ધનો અન્યાયી હુકમ માથે ચડાવી વગર સમજે આગમાં પડયા તેઓ જહન્નમી થયા. હજી આપે ફરમાવ્યું કે **તાઅત તો માઅરૂફમાંજ** છે નહિ કે **ખુદાની માઅસીયતમાં.**

આ વિષે મૌલાના અલી અ. સ. ફરમાવે છે કે, " લા તાઅતા લે મખ્લુકીન ફી માઅસીયતીલ ખાલીક ". યાને કોઈ પણ મખ્લુકે ઇનસાનની તાઅત (હુકમ, તાબેદારી) ખુદાની બેફરમાનીમાં કરવી જાએઝ નથી. (દઆએમુલ ઇસ્લામ).

એજ પ્રમાણે પહેલા સતરના ઇમામ મોહમ્મદુલ બાકીરના વખતમાં આપની નસથી થયેલ દાઈ (પ્રચારક) અબુ મુગીરા બીન સઇદે ઇમામની બેફરમાની કીધી હતી. જ્યારે ઇમામને તેની બેફરમાનીની ખબર પડી કે તરતજ તેના દાવાનો આપે અણગમો બતાવ્યો ને લોકોમાં જાહેર કર્યું કે, " મુગીરા સાથે ઇમામને કોઈ પણ જાતનો સંબંધ નથી. તથા મૌલાના જાફરસાદિકના વખતમાં આપના ખાસ દાઈ અબ્દુલખતાબને પણ મુગીરાના જેમ બરતરફ કર્યા હતા અને ગામેગામ આપના અનુયાયીઓને ખબર આપી દીધી કે, " અબ્દુલખતાબ સાથે ઇમામને કંઇ સંબંધ નથી તો પછી સતરના ઝમાનમાં કોઈ દાઈ દાઇપણાનો ખોટો દાવો (જેમ ઉપરના દાઇઓએ ઇમામોનો દાવો કર્યો હતો) કરે યા શરીઅતના અમરમાં ફેરફાર કરે તો તેવા દાઇને ઇમામ સાથે સંબંધ રહે ખરોકે ?

અથવા તેવા દાઇની તાઅત થાય ખરી ? ખાસ નસથી નીમાયેલા હોય તોપણ તેમની શરીઅત વિરૂદ્ધની વર્તણુંકના સબબ તેઓ રદ થતા હોય તો આ સતરના ઝમાનમાં બનાવટી દાઇઓની જેઓએ તાઅત કરી (જાફર , સુલેમાન, અલીયા, હીમિયા વિગેરે) તેઓના શું હાલ ? જેઓ બનાવટી દાઇઓના ફંદામાં ફસાયા છે તેઓને માટે હંમેશાં પસ્તાવોજ છે.

હવે **હીમ્મિયાહ** પીરકાના નાયબ હિબ્તુ કે જેણે દાઇનો દાવો કર્યો હતો તેની બસલત તપાસીએ. તે જુઠ્ઠાનો સરદાર ને ઝીનાખોર હતો તહારતનું નામ નહિ, બખાનત, ચોરી, જલ્લાદ માફક બેરહમ, સંગ દિલ, અદાવતનું પુતલું, બેહદે બલમના સાહેબને નીચ વૃતિથી જોનાર, પીરઓની બસલતવાળો, દુનિયાનો તલબગાર, લોકોની અમાનત બાવામાં ચુરોપુરો, માલદારોની મુલાકાત, તેની ચાહના, તાલેબે ઇલ્મની દુશ્મની અને તરતીબમાં પૈસાવાલાઓ અને જાહેલોને હુદુદો નીમવા, બેહદે અમવાલનીજ તાબરીફમાં કસિદા સાંભળવા, કિનાઓથી દીલ ભરેલું, જીદી, શરીઅત સાથે રમતબાઝી, પોતાનો હુકમ તે શરીઅતનો હુકમ ને શરીઅતના હુકમ પર પગ મુકવા વિગેરે, બસલતો તે બની બેઠેલા દાઇ હિબ્તુમાં હતી ને સવાર સાંજ તે પોતાના પેટની પરવરીશમાંજ મશગુલ રહેતો. તે સિવાય તેને બીજું કોઇ કામ નહોતું. ઉપર બતાવેલ બસલતો તથા કામો તે હિબ્તુમાં હતા તેથી લોકોમાં તેની બેરવર્તણુંકની તરતજ જાણ થઇ.

શેખ હિબ્તુલ્લાહ પોતાના રિસાલામાં હજી લખે છે કે, જ્યારે હિબ્તુનો મેં આ પ્રમાણે હાલ જોયો ને દરેકને તેના જુદા દાવાની જાણ થઇ અને ખાસ કરીને મારી બસિરતની આંખ બંધ થઈ હતી તેમાંથી ચોકી હુશિયાર થયો ત્યારે મને પસ્તાવાનો પાર રહ્યો નહિ. અને ગુમરાહની ચાકમાંથી જ્યારે હું હુશિયાર થયો ત્યારે મૌલાના **ઝકીયુદ્દીન** સાહેબના દરવાજા પર આવ્યો ને મારાથી થએલા કામોનો પસ્તાવો કરી હકના મુરશીદના તસદ્દુકથી પાછો ઇમાનના રાહ પર રહેમતના દરબારમાં આવ્યો ને આપ સૈયદનાએ મને રહેમતથી નવાજ્યો આપની પ્રમાણે શેખુલ ફાઝીલ અલી બીન સૈઇદ યમનીએ પણ તોબા કરી હકના રસ્તા તરફ વળ્યા ને " અત્તાએબો મીનઝનબેહી કમનલાઝનબાલહુ ". યાને ગુનાહથી તોબા કરનાર એવા શખ્સ જેવો છે કે તેના ગુનાહજ નથી. તેજ પ્રમાણે ઉપરના બન્ને સાહેબે તોબા કરી ને દઅવતે હાદિયાની બિદમત કરી અજરેઅઝીમ લીધું.

સૈયદી સઇદ યમાની યમનથી હિન્દ આવ્યા ને દાઅવતે હાદિયાની બિદમતમાં રહી ઇલ્મના નુરને ફેલાવ્યું. તે બાદ તેના ફરઝંદ અલી હીમ્મિયા ફિરકામાં થોડો વખત ગયા, ત્યાંના બેહવાલથી વાકેફ થયા ને બુતલાનથી મોંહને મોડી દાઅવતમાં દાખલ થયા. બાદ હિબ્તુના દાદાના દાવાના જવાબ રૂપે રિસાલાઓ બહાર પાડી દાઅવતને મઝબુત કીધી, તે સાહેબની નસલના **શજરા માટે જુઓ પાનું ૩૦૧-૩૦૨.**

રિવાયતમાં છે કે ૧૧૩૮ હીજરી સવ્વાલની તા. ૨૫ મીએ આપે ઉજ્જૈનથી નીકળી ઉદેપુરની સફર કીધી ને હિબ્તુની શીતનતના સબબ આપ ઇમામી તાઈદથી મુમેનિનના કુલ બેહવાલ પર દેખરેખ રાખતા રહ્યા ને ઉજ્જૈનથી રતલામ આવ્યા ને ત્યાંના મોમિનોને હિદાયત આપી. બાદ ત્યાંથી મંદસોર, પ્રતાપગઢ વિગેરે ગામોનાં લોકોમાં શરીઅતના અરકાનો મજબુત કરતા. બાદ ત્યાંથી ઉદેપુર આવ્યા. અહીં આપ સાત મહિના રહ્યા,

ત્યાર બાદ હીજરી ૧૧૭૬ ના રજબની તા. ૬ ઠીએ પાછા ઉજ્જૈન પધાર્યા અને આપના સગા બિરાદર દાઅવતના માઝુન અલ-અમિરૂલ-અજલ બાનભાઈ સાહેબને શાહજહાંપુર, સીરોંજ અને તે તરફના ગામડાંઓમાં મુમેનુનના એહવાલો સુધારવા તથા તેઓના શરીઅતના એહકામોની મજબુતી માટે મોકલ્યા. બાદ આપ સૈયદના મોઐયદ ઉજ્જૈનથી રામપુરા પોતાને વતન તારીખ ૨૭ મી સવ્વાલ હીજરી ૧૧૮૧ માં પહોંચ્યા. અહીં અલ-અમીરૂલ-અજલ સૈયદી અબ્દેમુસા કલીમુદ્દીન ઇબ્ને દાઇ ઇસમાઇલજી બદરૂદ્દીનના મૌતની ખબર આવી કે આપ હીજરી ૧૧૮૧ સવ્વાલની તા. ૨૫ મીએ વફાત થયા છે. આ વફાતના ખબરથી સૈયદનાને તેમજ મોમિનોને ઘણોજ ગમ થયો. આ પછી મવસુફ માઝુન સાહેબ હસલામપુર આવ્યા. આપના આવવાથી સૈયદના મોઐયદ ખુશી થયા ને આપના ફરઝંદ ભાઈ કમરૂદ્દીન ભાઇસાહેબની હસલામપુરમાં બતાનત કરાવી. આ સુન્નત શાદીમાં આપે ઠીક ધામધુમ-કરી હતી. તે બાદ હીજરી ૧૧૮૧ ના જીલહજની તા. ૧૪ મીએ આપે દક્ષિણ હૈદ્રાબાદ તરફ સફર કીધી ને ત્યાંથી મંદસોર પધાર્યા. અહિંથી રતલામ, બાંચરોડ, પેટલાદ, અમજરા, બૈરગુન થઈ બુરહાનપુર તા. ૯ મી સફરનો આવ્યા. અહીં આપ ૬ મહિના ૧૫ દિવસ રહ્યા ને લોકોએ આપની અચ્છી તરેહ ખિદમત કીધી. અહિં આપે થોડી જમીન ખરીદી મકાન, બાગ વિગેરે બનાવ્યા. અહિંયાં ખુદાતઆલાએ આપને ત્યાં એક ફરઝંદ દિકરીની નવાજેશ કીધી, જેનું નામ બાઇ અદારૂનીસાબ રાખ્યું. બાદ ઔરંગાબાદના રહીશ મુદ્દતાં વતનજી શેખ દાઉદભાઇ આપને બોલાવવા આવેલ હોવાથી આપ બાલબચ્ચાં સહીત ઔરંગાબાદ પધાર્યા. માહે રમઝાન નજીક હોવાથી આપે શહેરે રમઝાન ત્યાંજ રહેવાનો ઇરાદો કર્યો. આ ખબર આસપાસના ગામોમાં થવાથી ત્યાંના રહિશો પણ ઔરંગાબાદ આવ્યા ને આપની સાથે ખુદાની ઇબાદતમાં શામીલ થયા ને પોતાના જનને તસલ્લી આપી ખુશી થતા. આ વખતે લોકોના દિલોમાં એટલી ખુશી પેદા થઈ કે જાણે તેઓ મક્કા-એ-મોઅઝમામાં રમઝાન શરીફ કરતા હોય ! આ જમાનામાં ચાર જગ્યા અમુક રસમો માટે વખણાતી હતી તે એ છે કે;—

(૧) તરસુસની કબ્ર. (૨) બગદાદની જુમ્મોઆ. (૩) મક્કાનું શહેરે રમઝાન. (૪) અને મીસરનો જલસો. તેજ પ્રમાણે ઔરંગાબાદ પણ આ રમઝાન વારતે આપના કદમ મુબારકના સબબ વખણાયું.

ઔરંગાબાદના લોકોએ આપ સૈયદનાની પુરી ખિદમત કરી રમઝાનને મક્કાના રમઝાન જેવી ખુશી મનાવી. આ જનતની ખુશીઓ મોમિનો પોતાના માલિકના સાયા નીચે મનાવતા હતા તેથી કેટલાક હસદખોરોને થાને અવ્વામુઘાસના લોકોને કીનો પેદા થયો ને ત્યાંના હાકિમ સેહરાબજંગને લાલચમાં નાખી ઉલટું સમજાવ્યું, જેથી તેની નિય્યત બગડી ને આપ સૈયદના પાસેના માલ તથા દોલત લેવાની લાલચ થઇ જેથી તે મેળવવા તેણે આપને ઇજા દેવાનો વિચાર કર્યો. આ ખબર આપને થઇ કે આપ રાતોરાત ત્યાંથી નીકળી દોલતાબાદ આવ્યા ને ત્યાં મુકામ કર્યો. અહીંના હાકેમે આપને આશરો આપ્યો ને થોડી જમીન પણ આપી જેથી આપે અહીં દુકાનો તથા મકાનની તાઅમીર કીધી. બાદ કોઇએ ઔરંગાબાદના હાકેમને ખબર આપી કે વોહરાના મુરશીદે ઔરંગાબાદથી ભાગી જઇ દોલતાબાદ

વસાવ્યું છે. આ ઉપરથી તેણે તે હાકેમને લખી મોકલ્યું કે, "વોહરાના મુરશીદ રાફઝી મઝહબના છે માટે તેને તુરત ગીરફતાર કરો ને તેનો માલ જપ્ત કરો" તે માલ તમોનેજ મળશે.

આ કાગળ દોલતાબાદના હાકેમને મળ્યો તે વાંચ્યા બાદ તે કાગળની તેણે કંઈ પણ દરકાર કરી નહિ પરંતુ તેથી નારાજ થયા ને આપ સૈયદનાને વધુ ઇઝ્ઝત દેવા લાગ્યા. આ પ્રમાણે ખુદા પોતાના વલીની ઇઝ્ઝત સાંચવે છે.

ઔરંગાબાદના હાકિમે આ પ્રમાણે વગર ઇનસાફે આપના પર ઝુલમ આદરેલ તેના બદલામાં ખુદાની કુદરતથી તેનો એકનો એક ફરઝંદ બીમાર થયો ને તેની પીઠ પર પાકાંનું દરદ થયું આ દરદથી તે ફરઝંદ ઘણોજ પીડાવા લાગ્યો, ઘણા ઘણા હકિમોના ઇલાજને કીધા તથા દવાઓ લગાડી પણ શીફાની કોઇ ઉમેદ નજર ન આવી તેથી મકાનપર ચારે બાજુએ શોક ફેલાયો ને તેની મા તથા તેના કુટુંબીઓ ફીકરમાં પડયા ને રોવા લાગ્યા, કુદરતનો કાનુન છે કે દરેકને તેના કર્તવ્યનો બદલો ભોગવવા વગર છુટકોજ નથી તે પ્રમાણે ખુદાએ આપેલ તેના કર્તવ્યની સજાને કોણ હટાવી શકે ! આમ દુઃખી હાલતમાં કેટલાક દિવસો પસાર થયા. દરદ દિવસે દિવસ વધતું ગયું ને તેના મુશકેલ દિવસો પસાર થવાની અણીપર હતા તેથી એક રાતે તે છોકરાને સ્વપ્નું આવ્યું તેમાં તેણે જોયું તો સ્વપ્નામાં એક નેક ખુબસુરત શકલ નજર આવી અને તેણે કેટલીક સારી નસિહત પડી સંભળાવી. ત્યાર બાદ તેણે મને કહ્યું કે, એ નાદાન ! ગાફીલ !! શું ગફલતમાં છો ? તારા બાપે વોહરાના મુરશીદને બેગુનાહ દુઃખ આપ્યું, તે બદલ રાજ્ના ચાબુક તારી પીઠમાં આવી ઘર કર્યું છે. માટે તને જો હયાતિની ઉમેદ હોય તો તે મુરશીદની માફી ચાહો ને તેનાથી શીફાની ઉમેદ રાખો તેની બરકતના સબબ જરૂર ખુદા શીફા આપશે.

આ ખ્વાબ પછી તે શાહજાદો હુશિયાર થયો ને પોતાના બાપને સ્વપ્નાની બધી હકીકત કહી સંભળાવી. આ ઉપરથી હાકિમે સૈયદના મોઐયદને પોતાને ત્યાં બોલાવવા માટે તૈયારી કીધી, કેટલાક ઘોડેસ્વારોને લઇને હાકિમ ખુદ દોલતાબાદ આપને બોલાવવા ગયો. અહીં આવી સૈયદના મોઐયદની હજરતમાં હાજર થયો અને ઘણીજ આજેઝી સાથે અરજ કરી કે, મૌલા ! મારો દિકરો સખ્ત બિમારીની હાલતમાં છે, મારા તરફથી આપને જે કંઈ સતામણી થઇ છે અને આપને સતાવવા માટે મેં જે કંઇ અહીના હાકેમને લખ્યું છે તે મારી મોટી ભુલ થઈ છે, તે ભુલનું પરિણામ હું નજરો નજર જોઇ રહેલ છું, માટે એ મૌલા ! મને મારી ભુલ માફ કરો ને મારી અરજ કબુલ કરી મારા પર રહેમ લાવી અમારા વતન ઔરંગાબાદ પધારો. બાદ આપ સૈયદનાએ તે હાકેમ પાસેથી અમાનનું વચન લઈ શાહેદો રાખ્યા અને આપ જે પ્રમાણે ઔરંગાબાદથી રાતોરાત નીકળે લઇને નીકળી ગયા હતા તેથી ઉલટીજ રીતે એટલે કે તેજ હાકેમના રિસાલા સાથે આપ ઔરંગાબાદ આવ્યા ને હાકેમના મકાન પર તશરીફ લઇ ગયા. આપે તે હાકેમના બિમાર છોકરાને તપાસ્યો, બાદ પાણી મંગાવ્યું ને કલામેશરીફની આયત પડી દમ મારી તે પાણી શાહજાદાને પાયું. તે પાણી જેવું તેણે પીધું કે તરતજ ઠંડક થઈ ને ઘણા દિવસ દુઃખ ને વેદનાથી ઉંઘ નહોતી આવતી તે આ પાણી પીવાના સાથેજ ઉંઘ આવી ગઈ ને ઠંડક થઈ. તે બાદ આપે તેની પીઠ પરના ઝખમ પર પણ કલામેશરીફની આયત પડી દમ માર્યો

જેના સબબ ખુદાતઆલાની કુદરતથી દિવસે દિવસે આરામ થતો ગયો ને થોડા દિવસમાં તે જખમ સુકાઇ ગયો ને તદ્દન આરામ થઇ ગયો.

ઉજ્જેનના ઝઘડાને શાંત કર્યો.

આ બનાવ પછી તે હાકેમ આપ સૈયદનાને ઝમાનાના મસિહ કહીને બોલાવતા અને કોમ તથા બીજા અમલદારો આપની મોહબ્બતના કાઇલ થયા. આ વખતે ઉજ્જેનથી કાસિદ આવ્યો તેણે ખબર આપ્યા કે, "ઉજ્જેનમાં આપસમાં મોટો ફસાદ થયો છે, માટે આપ જલ્દી પધારો". આથી આપ સૈયદના ઉજ્જેન જવા માટે ઔરંગાબાદથી રવાના થયા ને હાકીમે આપને કરામત સાથે વિદા પણ કર્યા. રસ્તામાં દોનગામમાં મોલાઇ નુરૂદ્દીન સા. ની ઝીયારત કીધી. ત્યાર બાદ રાફસલુત આવ્યા, અહીંથી શાહગઢ ને ત્યાંથી જાલના ને બુરહાનપુર ૧૧૮૩ હી૰ મોહર્રમની તા. ૭ મીએ આવ્યા. બાદ બુરહાનપુરથી તેજ મહિનાની તા. ૨૨ મીના રવાના થઇ સફરની તા. ૨ જીએ સહિસલામત ઉજ્જેન પહોંચ્યા. આ વખતે ઉજ્જેનમાં આપસ આપસમાં ફિસાદ હતો, લોકો એકબીજાની અદાવતમાં મશગુલ રહેતા, એટલુંજ નહિ પણ ગાળ-ગલોચ ને તાનાઝની પર ઉતરી પડેલા હતા, તેવા વખતમાં આપ સૈયદના મોઅૈયદ સાહેબ પધાર્યા. આપે લોકોને હિદાયત આપી, કઇક તરેહથી સમજાવી લોકોના દિલોને સાફ કર્યાં, જેઓ બદીથી ભરપુર હતા તેમના દિલોના મેલને આપે હિદાયતના પાણીથી સાફ કીધા. જેઓના દિલોમાં મરઝે હસદે (ઇનાએ) ઘર કરેલું હતું તેઓના દિલોને આપે નસિહત રૂપી દવા પાઇ શાન્ત પાડયા. આ રીતે આપે લોકોને શાન્ત કરી આપસના અસંતોષને દુર કર્યો. આપની ઝબાન મુબારકમાં એવી તાસીર હતી કે ગમે તેવો સંગદિલ આપની પાસે આવતો તે આપની ઝબાની નરમાશ યાને મીઠી ઝબાનના સબબ બરફની માફક પીગળી જતો. ઝઘડામાં આપે ઉજ્જેનમાં ફસાદનું નામ મટાડી દરેક ઠેકાણે અમાન ને ઇખ્વાનુસ્સફાના ભાઇઓ બનાવી દીધા અને જે લોકો આપની નઝરમાં ગુનેહગાર જણાતા તેઓને બધુ આપે પોતા પાસે બોલાવી શીરીં ઝબાનથી "ઉદ્દઓઇલા રબ્બે સબીલેકા બીલહમવલ્મૌઝતીલ હસનતે યાને તમારા રબના રસ્તા તરફ બેહતર શીખામણો દઇ દઅવત કરો". ની આયાતની ઇબે સમજાવી એવા મોમ દિલ બનાવી દીધા કે જેથી તેઓને ફરીથી તેવાં કામ કરવાનો વખતજ આવ્યો નહિ. આપ સૈયદના મોમિનોની અરજ માટે એટલી કાળજી રાખતા કે તેની વિરૂદ્ધ કોઇને કંઇ ચર્ચા કરવાનો વખત આવ્યો નહોતો.

ઉજ્જેનમાં આપના હાથ મુબારક પર સુલેહ-શાન્તિ થઈ તે બાદ તા. ૬ ઠી રબીઉલ અવ્વલના દિવસે આપની સાલગીરેહ આવી તે દિવસે આપે મજલીસ ભરી ને કેટલાક સાહેબોને શેખના રૂતબા ઇનાયત કીધા અને તા. ૨૭ મી રજબના રોજ આપ વાએઝ બેઠા તે વખતે હુદુહુદોની તરતીબમાં નવા શેખોને પણ બેસાડયા. ત્યાર બાદ શવ્વાલ મહિનામાં આપના બેવે ફરઝંદ શમસુદ્દીન ભાઇસાહેબ તથા કમરૂદ્દીન ભાઇસાહેબની શાદીની તૈયારી કીધી. તેમાં શમસુદ્દીન ભાઇસાહેબની શાદી માઝુનલઅજલ ખાનભાઈ સાહેબની દીકરીની સાથે અને કમરૂદ્દીન ભાઇસાહેબની શાદી શેખ ચુસુફભાઇ સાહેબના દિકરી સાથે ઘણીજ ધામધુમ સાથે કરી. આ શાદીમાં દરેક શહેરના મોમિનોને આમંત્રણ મોકલવામાં આવ્યાં

હતાં. આ શાદીમાં ભાગ લેવા માટે ઘણા ગામોના રહીસો આવેલ હતા ને જામનગરથી મુકાસેરૂદ દાઅવતીલ હાદેયાહ ભાઇ અબ્દુલતૈયબ ભાઇસાહેબ પણ આવેલ હતા. શાદી બ્બલાસ થયા બાદ આપે મોમિનને વિદા કીધા ને આપના ભાઇ માઝુન સાહેબ સૈયદી બાનભાઇને ઇન્દોર તરફ મુમેનુનના શરીઅતના બેહકામો મજબુત કરવા તથા ત્યાંની હાલત સંભાળવા મોકલ્યા. આપ રમઝાનની તા. ૪ થીએ ઇન્દોરથી રવાના થયા હતા અને ત્યાં એક મહિનો ને આઠ દિવસ રહ્યા. અહીં એકાએક આપને લકવાની બિમારી લાગુ થઇ ને ઝબાન બંધ થઇ ગઇ જેથી આપને ઉજ્જેન લાવવામાં આવ્યા. ઉજ્જેન આવતાં શહેરથી ફકત ચાર ગાઉ દુર રસ્તામાં આપ વફાત થયા. આ વફાતથી સૈયદનાને ઘણોજ રંજ થયો ને આપની કમર તુટી ગઇ પણ આપ સબરને લાઝીમ રહ્યા.

સુરતનું આમંત્રણ.

આ અરસામાં સુરતના રહિશો તરફથી આપને બોલાવવા માટેની અરજી આવી. શરૂઆતમાં સુરતના હાકિમે સખ્તાઇ કરેલ તે વખતે આપને રાતોરાત સુરત છોડી બિલિમોરા વિગેરે ઠેકાણે થઇ ઉજ્જેન જવું પડયું હતું ત્યારથી આ અરજી આવી ત્યાં સુધીમાં આપ સુરત પધારેલ નહોતા. એટલે કે તે અરસાને ઘણો વખત થઇ ગયો હતો ને સુરતના લોકો આપની ઇતેજારીમાં રહેતા હતા તેથી તેઓએ આપને ફરી સુરત આવવા માટે અરજી કરેલી. આ વખતે સુરતના આમિલ તરીકે શેખુલ ફાઝીલ શાહમલક ઇબ્ને જીવાભાઇ હતા, તેમને આપે હુકમ ફરમાવ્યો કે તમો મુંબઇ જાઓ ને મુંબઈના ગવરનરને મળી તેમની પાસેથી સુરતના કમિશનર મી૰ પ્રીઝ પર શીફારસનામું લઇ આવો ને જો બને તો સુરતના શાહી કૌંસિલરના નામો સાથે હુજુરતું નામ પણ દાખલ કરાવજો.

આ હુકમ મુજબ મવસુફ આમિલ મુંબઇ ગયા ત્યાં ગવરનરને મળ્યા ને તેમના પાસેથી સૈયદનાના કહેવા મુજબનું એક શીફારસનામું મેળવ્યું ને તે સુરત આવી મે૰ કમિશનર સાહેબને આપ્યું. આ કાગળમાં સૈયદના તથા કુલ મુમેનુન વાસ્તે અમાનની બલામણ હતી, તેમજ વોહરા કોમ અંગ્રેજ સરકારની વફાદાર હોઇ તેઓએ મોગલ શાહી વખતે ઘણાં દુઃખો સહન કરેલાં છે, માટે હવે તેઓને કોઇ પણ જાતનું દુઃખ સહન કરવું ન પડે તેની કાળજી રાખવાનું ફરમાન હતું. આ શીફારસનામાથી સૈયદના મોઅૈયદે સુરત આવવાની તૈયારી કીધી ને આપ ઉજ્જેનથી તા. ૨૬ મી જીલહજના દિવસે રવાના થયા. બાદ ઇન્દોર આવ્યા, ઇન્દોરથી રવાના થઇ બુરહાનપુર તા. ૧૦ મી મોહર્રમ હી૰ ૧૧૮૬ માં પહોંચ્યા. બાદ અહીંથી કાસુદા, રતલા થઇને તા. ૧ લી રબીઉલ આખર હી૰ ૧૧૮૬ ના રોજ સુરત તશરીફ લાવ્યા. અહીં આપે મુકામ કર્યો. બાદ મુંબઇથી માઝુન સાહેબ બાનભાઇના દિકરા શમસુભાઈ સાહેબને બોલાવ્યા ને મુંબઇના લોકોથી વાકેફગાર થયા ને ત્યાંના એહવાલ તપાસ્યા. બાદ દાઅવતને કાયમ કરવા મુંબઇ રવાના કીધા ને તે સાહેબ મુંબઇમાં અમાનથી રહેવા લાગ્યા.

હી૰ ૧૧૮૭ તા. ૬ ઠી રબીઉલ અવ્વલના રોજ આપ સૈયદનાની સાલગીરાહ હતી, તે દિવસે આપ મજલીસ બેઠા ને તે ખુશીના હંગામ પર આપે ત્રણ સાહેબોને હદિય્યતના રૂતબા ઇનાયત કીધા, જેઓના નામો. (૧) શમસુદ્દીન ઇબ્નતુલ માઝુન બાનભાઇ સાહેબ.

(૨) કરમુલ્લાહ ઇબ્ને શેખ બાબુજી. (૩) નુરભાઇ ઇબ્ને મુસાજી. આ ત્રણે સાહેબો અગાઉ અલીયા શરીકાના તરતીબદાર હતા, પણ હક તરફે પાછા વળી ગયા હતા. બાદ આપ સૈયદનાએ તેને હિદાયત આપી પાછા દાઅવતના હરમમાં લીધા ને શેખનો રૂતબો આપી તરતિબમાં નિમ્યા. આ વખતે આપ સુરતમાં બે વરસ, આઠ મહિના ને પાંચ દિવસ રહ્યા.

હી૰ ૧૧૮૮ માહે શવ્વાલની તા. ૬ ઠીએ આપ સુરતથી રવાના થઈ ઘોઘાબંદર પધાર્યા, જ્યારે આપ સુરતથી રવાના થયા ત્યારે ત્યાંના રહિસોને ઘણુંજ ભારી લાગ્યું ને કેટલાક સાહેબોની આંખમાંથી મોહબ્બતના જોશમાં આંસુ આવી ગયા. ઘોઘાથી આપ ભાવનગર પધાર્યા ને ત્યાંથી રવાના થઈ અમદાવાદ તશરીફ લઈ ગયા. આ વખતે નગરથી અબ્દુલતૈયબ ભાઈસાહેબ રવાના થઇ અમદાવાદ આવ્યા. બાદ આપ તા. ૬ ઠી ઝીલહજ્જ અમદાવાદથી રવાના થઇ જામનગર પધાર્યા ને તા. ૭ મી ઝીલહજ્જે શહેરમાં દાખલ થયા. તે બાદ આપ ઝીલહજ્જની તા. ૨૫ મીએ રવાના થઇ મોરબી પધાર્યા અને મોરબીથી વાંકાનેર તથા આજુબાજુના ગામોમાં ફરી પાછા મોરબી પધાર્યા ને મોરબીથી ફરી જામનગર તશરીફ લઈ ગયા. આ વખતે આપ નગરમાં દા૰ સાડાછ મહિના રહ્યા. તે બાદ ત્યાંથી રવાના થઇ મુંદરા ને ત્યાંથી માંડવી પધાર્યા. અહીં સૈયદના નુરૂદ્દીન સાહેબજીની ઝીયારત કરી થોડા દિવસ રહ્યા. બાદ પાછા મુંદરા, અંજાર થઇ નગર તશરીફ લાવ્યા ને નગરથી ભાવનગર અને ઘોઘાબંદર થઈ ભરૂચ પધાર્યા ને ત્યાંથી દાહોદ ને નોલાઇ થઈ ઉજ્જૈન હી૰ ૧૧૯૦ મોહરરમની તા. ૨૭ મીએ પહોંચ્યા. અહીં આપના કદમ મુબારકની બરકતથી દરેક મોમિનીન ખુશ થયા ને પરવરદિગારનો શુકરીઓ અદા કીધો.

રિવાયતમાં છે કે, આપ ઝબાનના ફસિહ (ખુશ કલામ) હતા, બોલવામાં એકસરીખા હતા, એટલે કે કાફીયાબંદીમાં આપ શાયર (કવી) હતા. આપ કાવ્ય હિન્દી ઝબાનમાં કરતા, આપના હિન્દી ભાષામાં બનાવેલા ઘણા કસિદા મોજુદ છે અને આપના મુકાસીર સાહેબ શેખ સૈયદી લુકમાનજી ઇબ્ને શેખુલ ફાઝીલ દાઉદભાઇ પણ શાયર હતા. જે સાહેબની લખેલી નસિહતો ઘણી મનન કરવા યોગ્ય છે. આજે તે નસિહતો મોમિનો શોખથી વાંચી નસિહત લે છે. આપ સૈયદના ઘણાજ કમ બોલતા, આપને ઇમામીઝ્ઝમાનના ઝુહુરની ઇન્તેઝારીનો નીહાયત વલવલો રહેતો હતો. આ વખતે ઉજ્જૈનમાં હી૰ ૧૧૯૦ માં વળી પાછો ફસાદ બરપા થયો ને એક મોટી સાથે તકરાર થવાથી ઘણા દિવસો સુધી મોમિનોની દુકાનો તથા વેપાર રોજગાર સાવ બંધ થઇ ગયાં હતાં. છેવટ આ ફસાદનો ફેંસલો સૈયદના મોઅૈયદને સોંપવામાં આવ્યો. આપની કોશિષ અને હક ઇનસાફના સબબ આ ફસાદનો એકદમ અંત આવી ગયો ને સર્વે મોમિન તથા આમ લોકો શાન્તિથી રહેવા લાગ્યા. કોઇ જાતના ઝઘડાનું નામો નિશાન રહ્યું નહિ

હી૰ ૧૧૯૧ માં આપે ઉજ્જૈનમાં શાન્તિ ફેલાવી ત્યાંથી રવાના થઇ ખાચરોડ, ગંગરા, પ્રતાપગઢ થઇ રામપુરા આવ્યા ને અહીં મુકામ કર્યું, અને હી૰ ૧૧૯૨ ના રબીઉલ અવ્વલની તા. ૧૮ મીએ અબ્દુલકરીમ ઇબ્ને મુલ્લાં ખાનજીભાઇ પોતાના બે ફરઝંદની શાદી પર સૈયદનાને બોલાવવા માટે રામપુરા આવ્યા. આપે તે શાદીપર આવવાનો

અદાહદાની પાંચમી પેઢીએ થયેલ મુલ્લા દોસ્સલ્લાહ નામના સૈયદનો વંશ.

(૧૮૫૫ ની વસ્તી ગણતરી પ્રમાણે)

મુલ્લાં અબ્દુલકાદર
(પટેલ પાનોલી દત્તક)
શેખ મૈયબાભાઇ
(પટેલ પાનોલી દત્તક)
શેખ ભીખુભાઇ
સૈયદી ફેઝુલ્લાભાઇ
શેખ અબ્દુલઅલી
સૈયદી મહમદઅલી હમદાની
શેખ ઇસ્માઇલ
સૈયદી હીરૂભાઇ
શેખ અમતુલાભાઇ
શેખ ઇસ્માઇલ
શેખ જુકમાનજી
શેખ હુસેનભાઇ
શેખ અબ્દુલકાદર
શેખ ભીખુભાઇ
શેખ અબ્દુલ્લા
શેખ ઇસ્માઇલ
શેખ અબ્દુલ્લા
શેખ અબ્દુલ્લા
શેખ અબ્દુલ્લા

મિઆદ કીધો ને તા. ૨૬ મીએ ઉજ્જૈન પધાર્યા. બાદ ઉજ્જૈનથી આપ રવાના થઇ રસ્તામાં આગ્રા, સુનેલ વિગેરે ગામો થઇને બુરહાનપુર પધાર્યા. અહિં થોડા દિવસ રોકાઇ પાછા રામપુરા પધાર્યા ને ત્યાં મુકામ કર્યો.

એક દિવસ આપ રામપુરામાં મોમિનીન સાથે બગિચામાં ફરવા પધાર્યા. એકાએક આપને પેટમાં દરદ થયું જેથી આપને તરતજ મકાન પર લાવવામાં આવ્યા. આપનું દરદ વધવા લાગ્યું ને બેહોશ થયા. આ સ્થિતિમાં આપ ત્રણ દિવસ સુધી રહ્યા, તે બાદ ખુદાએ આપને શીફા બક્ષિ. શીફા બાદ આપે ખુદાતઆલાનો શુક્રીઓ અદા કીધો ને તે ખુશાલીમાં આપે કેટલાક સાહેબોને શેખના રૂતબા ઇનાયત કરી તરતીબમાં શામિલ કીધા. ત્યાર બાદ આપ અહીંથી રવાના થયા ને પરદા, ખૈરીથી નીમચ પધાર્યા. અહીંયાં જાવદના રહિસો આપને આમંત્રણ આપવા માટે આવ્યા પણ આપે દોઆએ ખેર ફરમાવી કહ્યું કે હાલ તો મમલુકે આલે મોહમ્મદને રામપુર જવાનો ઇરાદો છે, માટે આપ જાઓ, ઇન્શાઅલ્લાહ બીજે વખતે જોઇ લેવાશે. તે બાદ આપ નીમચથી રવાના થઇ ઇસલામપુર પધાર્યા ને ત્યાંથી એહલો-ઔલાદને સાથે લઇ જીલહજ્જ તા. ૧૪ મી ૧૧૬૨ માં ગનગર પહોંચ્યા ને ત્યાંથી ઉજ્જૈન તા. ૨૬ મીએ આવ્યા. અહીં સિરોંજના લોકો આપને બોલાવવા માટે આવ્યા જેથી તેઓની અરજને કબુલ કરી આપે સિરોંજ જવાની તૈયારી કીધી ને હી૦ ૧૧૬૩ ના મોહરરમની તા. ૨ જીએ ઉજ્જૈનથી નીકળ્યા ને જ્યાં દરવાજા બહાર નીકળ્યા કે આપને પેટનું દર્દ વળી પાછું ઉભલી આવ્યું. આપને તે દર્દના સબબ ગશ આવી ગયો એટલે આપને તરતજ પાછા મકાન પર લાવવામાં આવ્યા ને સફરને મોકુફ રાખી. આ વખતે આપ ૪ થી ૫ દિવસ સુધી ગશની હાલતમાં રહ્યા ને આપ જીંદગીથી નાઉમેદ થયા, એટલે આપે આપના સગા ભાઇ (૧) ઇસમાઇલ ભાઇસાહેબ. (૨) શેખુલ ફાઝીલ યુસુફભાઇ બીન ફૈઝુલ્લાહભાઇ આપના કાકાના ફરઝંદ ને (૩) શેખુલ ફાઝીલ રહેમતુલ્લાભાઇ બીન મુલ્લાં હસનજી. (૪) અસૈખુલ ફાઝીલ અબ્દુલકાદર ઇબ્ને આદમજી. આ બધા સાહેબોને આપની રૂબરૂ બોલાવ્યા ને સઘળાના રૂબરૂ મૌલાસઅજલ **અબ્દુતૈયબ** ભાઇસાહેબ ઇબ્ને સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબ પર નસ્સેજલી ફરમાવી ને દાઅવતે હાદિઆની લગામ આપને સોંપી. આપ સૈયદનાએ આ બિમારીમાં ખોરાકી લેવી બંધ કરી દીધી હતી ને ચાર પાંચ દિવસના ફાકાકસી બાદ આપે એક રાતે થોડું દુધ લીધું, જેથી આપને કંઇક રાહત જણાઇ ને ઉંઘ પણ આવી. જે બાદ આપને થોડો આરામ થયો. આ બિમારીમાં આપને ઘણીજ તકલીફ થઇ ને જીસમમાં ઘણીજ કમતાકાત આવી ગઇ હતી છતાં પણ આપે આપના ફરઝંદ ભાઇસાહેબ કમરૂદ્દીન અને દિકરી બાઇસાહેબા અલારખીબાઇની શાદીનો ઇરાદો કર્યો.

ભાઇસાહેબ શમસુદ્દીનના આગલા બૈરો વફાત થયા પછીની શાદી ભાઇસાહેબ અબ્દે-મુસા ઇબ્ને સૈયદના બદરૂદ્દીન સાહેબની દિકરી બાઇ સકીનાબાઇ સાથે સુરતમાં થઇ હતી, પરંતુ મજકુર બન્ને ફરઝંદોની શાદીનું દેન આપ પર બાકી હતું. આ શાદી વખતે તમામ ગામોમાં કંકોત્રીઓ લખાઇ ને નગર એક કાસિદ મોકલ્યો, ત્યાંથી અબ્દુતૈયબ ભાઇસાહેબ એહલોઅયાલને લઇને ઉજ્જૈન પધાર્યા. આ વખતે આપના હુદુદોમાંના શેખ રહેમતુલ્લાભાઇ સાહેબે હુજુરને અરજ કીધી કે, મૌલા ! આપ આ પ્રમાણે બિમાર છો ને શાદીનો અજમ આપને ખુદા મુબારક કરે, પણ મુમેનિન ફિકરમાં છે કે આપને કંઇ તકલીફ થાય. ત્યારે

આપે જવાબ આપ્યો. એ શેખ ! તમે બેફીકર રહો, શેખની દોઆથી આ વખત મમલુકે આલેમોહમ્મદને રાહત છે. બાકી આ કામ પછી તો મમલુકે આલેમોહમ્મદને દારેફાનીથી દારેબકાની તરફ ગુજર કરવું છે. આ પ્રમાણે ફરમાવી આપ જરા હસ્યા ને શાદીનું કામ શહેરે રબીઉસ્સાનીની તા. ૧૨ મીએ શરૂ કીધું અને ખુદાના ફઝલથી જમાદીઉલ અવ્વલની પહેલી તારીખ સુધીમાં આ શાદી ખતમ થઈ. આ અરસામાં આપની તબિયત ઘણીજ સારી રહી ને સઘળા મહેમાનો તથા મોમિનોને આપે વિદા કીધા તથા આમિલોને સર્વેના મોઅૈયેમાં કદર મુવારીક હદિયાઓ આપી વિદા કીધા અને સૈયદી અબ્દુતૈયબ ભાઇસાહેબને પોતાના પાસે રહેવાનો હુકમ ફરમાવ્યો.


આપની બિમારી વધતી ગઇ તેવા વખતમાં એક ભાઇએ પોતાને ત્યાં ફરઝંદની મતાનતની શાદીનું જમણ કરેલ તે વખતે આપ સૈયદનાને દઅવત આપેલ, પરંતુ આપ બિમાર હોવાના સબબ તે ભાઇને ત્યાંના ખુશીના જમણમાં જવાની નાઉમેદી બતાવી, આથી તે ભાઈ ઘણાજ દિલગીર થવા લાગ્યા, જેથી આપે આવી બિમારીની હાલતમાં પણ તે ભાઇને ખુશ રાખવાના ઇરાદાથી પાલખી મંગાવી જમવાના ટાઇમ પર આવવાનો મિઆદ ફરમાવ્યો ને તે પાલખીમાં બેસી દેવડીપરથી રવાના થયા. રસ્તામાં આપને પાછું પેટનું દર્દ શરૂ થયું તો પણ આપ પાલખીમાંજ બેસી રહ્યા. આગળ ચાલી આપ તે ભાઇના મકાન પાસે પહોંચ્યા, પણ આપને પાલખીમાંથી નીચે ઉતરવાની તકાત નહોતી ને દરદ વધતું જતું હતું તેથી આપે તે ભાઇને પોતાના મકાન પાસે પાલખીમાંજ બેઠક થાલ મંગાવ્યો ને બિસ્મિલ્લાહ બોલી તેમાંથી બેક નીવાલો લીધો ને ભાઈ અબ્દુતૈયબ ભાઇસાહેબને જમાડવાનો હુકમ ફરમાવી આપ પાછા ઘર તરફ જવા રવાના થયા, પણ રસ્તામાં આપને ગશ આવી ગયો. બાદ આપને મકાનમાં આહિસ્તે લાવવામાં આવ્યા ને પલંગપર આહિસ્તે સુવાડયા.

આ ખબર અબ્દુતૈયબ ભાઇસાહેબને પડી કે તરતજ આપ જમણથી ફારેગ થઇ આપની પાસે આવ્યા ને ઝારઝાર રોવા લાગ્યા. બાદ આપ સૈયદના ગશમાંથી હુશિયાર થયા ને સઘળા હુદુદોને બોલાવ્યા ને સઘળાના રૂબરૂ આપે ફરીથી નસ્સેજલી જનાબ ભાઇસાહેબ અબ્દુતૈયબ ભાઇસાહેબ પર કરીને ખુદાતઆલાની અમાનતને સોંપી. બાદ આપે તા. ૪ થી જમાદીલ આખર હી૰ ૧૧૯૩ ના દિવસે જનાબ અબ્દુતૈયબ ભાઇ-સાહેબને જામનગર જવા માટે રજા આપી, જેથી તે સાહેબ જામનગર જવા માટે રવાના થયા. બાદ આપની બિમારી દિવસે દિવસ વધવા લાગી ને આખર આપ આ દારેફાનીથી દારેબકાની તરફ શાબાનીલ કરીમની પહેલી રાત્રે હી૰ ૧૧૯૩ માં કુચ કરી ગયા. આપને કફન-દફન શેખ રહેમતુલ્લાહ ભાઇસાહેબે દીધું અને જનાઝાની નમાઝ શેખુલ ફાઝીલ યુસુફભાઇએ પઢાવી. આપનું લકબ અલમોઅૈયદોરીદીન છે. આપનું મઝાર ઉજ્જેનમાં છે. આપની દાઅવત કુલ ૨૫ વરસ, ૬ મહિના ને ૧૩ દિવસ રહી છે. આપની ઉમરશરીફ ૭૩ વરસ, ૪ મહિના ને ૧૫ દિવસની થઈ છે. ક. રૂ.

આપ સૈયદનાનું બહોળું કુટુંબ છે, આપને બે ફરઝંદ ભાઇસાહેબ કમરૂદ્દીન ભાઇ-સાહેબ તથા ભાઇસાહેબ શમસુદ્દીનભાઈ તથા એક દિકરી બાઇસાહેબ અલ્લારખીબાઈ સાહેબા છે, જેની નસલથી ઘણા સાહેબો દાઅવતે હાદિયાના બીદમતગુજાર થયા છે, જેની નસલનો શજરો આ નીચે આપેલ છે, અનેજેના વંશના ઘણા સાહેબો ઉજ્જેનમાં હાલ મૌજુદ છે.

૪૦. સૈયદના હિપ્તુલ્લાહ મોઅૈયદ ણીન સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબનો શજરો.—ઉજ્જૈન.

૪૦. સૈયદના હિબ્તુલ્લાહ મોઅૈયદ બીન સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન સાહેબનો શજરો.—ઉજ્જૈન.



પેજ ૩૦૫–૩૦૬.

૪૧. સૈયદના અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન બીન સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબ (૧૮ હિન્દ.–બુરહાનપુર).

સૈયદના હિબ્તુલ્લાહ મોઅૈયદના ઇન્તેકાલ બાદ દાઅવતે હાદિઆની મસનદ પર આપ સૈયદના હી૦ ૧૧૯૩ માં બિરાજ્યા. સૈયદના હિબ્તુલ્લાહ મોઅૈયદના ઇન્તેકાલ વખતે આપ હાજર નહોતા. આપ તે વખતે જમનગર તશરીફ રાખતા હતા. આપનો જનમ તા. ૧૭ રબીઉલ અવ્વલ હી૦ ૧૧૪૭ માં થયો છે. આપના બૈરોનું નામ બદ્રિજબાઇ સાહેબા બિન્તે સૈયદના મોઅૈયદ શીરાઝીનં છે. આપ સૈયદના ઇસમાઇલજીના બીજા ફરઝંદ છે. આપના મોટા ભાઇનું નામ અબ્દેમુસા છે અને આપની શાદી સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીનના દિકરી બાઇસાહેબા ખુજીબાઇ સાહેબા સાથે થઇ હતી. આપના બાવાજી સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબ (નાના) વફાત થયા ત્યારે આપ ચાર વરસના હતા. આપ નાનપણથીજ ઇલ્મ તરફ શોખ ધરાવતા હતા. આપ દસમે વરસે કુરઆને મજીદ, કાયદા-એ-ઇલ્મુલ કેરાત ખતમ કરી ચુકયા હતા. આપના અરબી દસ્તખત ઘણાજ ઉમદા હતા. આપ સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન પાસેજ રહેતા. આપ બાલેગ થયા ત્યારે આપે સઘળા ઇલ્મો પર પુરતો કાબુ મેળવ્યો હતો. આપની નઝર સખાવત તરફ બહુજ રહેતી. આપ આપના જનને રાહતથી દુર રાખતા અને ખુદાની ઇબાદત તરફ સદા મશગુલ રહેતા. આપ ખરેખર ખુદાઈ ખિદમતગુઝાર હતા. આપ નાનપણથીજ ફઝલોમાં એટલા આગળ વધતા ગયા કે ખુદ મરહુમ સૈયદના મોઅૈયદ આપના ફઝલના રાવી બન્યા હતા, અને સૈયદના મોઅૈયદ વફાત થયા તે પહેલાં મરહુમે પોતાના ભાઈ અલમાઝુન બાનભાઇ સાહેબને ફરમાવ્યું કે:—

"હું મારાં બાલબચ્ચાં કરતાં વધારે નઝદીક મારા જમાઇ ભાઇ અબ્દુલ્તૈયબને ગણું છું, અને દાઅવતની આબાદગી પણ તેનાથી છે અને ભાઇ અબ્દુલ્તૈયબના તકવા, ઇબાદત, સખાવત, ઝોહદ વિગેરે ફઝલોની વાતો સાંભળી મારૂં દિલ શાદ છે ને આંખને ઠંડક છે".

આપના મોટા ભાઇ સૈયદી અબ્દેમુસા જોકે આપથી ફઝલમાં વધીને હતા, છતાં સૈયદી અબ્દેમુસા પોતાના નાના ભાઇ દાઇ થતે અને આપ દાઇએ હકની ખિદમત કરી સઆદત મેળવે એવી ઇચ્છા રાખતા હતા અને વખતો વખત ભાઈ અબ્દેમુસા ફરમાવતા કે "ખુદા મારી ઉમર લાંબી કરે અને મારા ભાઇ અબ્દુલ્તૈયબનો મેં ખિદમત ગુઝારીમાં સાબીક બનું. શા વાસ્તે કે, મારા ભાઇ મારાથી નાના છે, પણ મારી મોહબ્બત તેનામાં ઘણી છે. તે ઇલ્મમાં, ફઝલમાં, તકવામાં ને દિનદારીમાં મારા કરતાં વધીને છે. ખુદા મારી ઉમેદને બર લાવે, અને આપ ખુદાના નઝદીક "રબ્બના ઇન્નના સમેઅના મોનાદીયન્ યોનાદી લીલ ઇમાન્ અન્ આમેનું બેરબ્બેકુમ ફઆમન્ના".

આ પ્રમાણે આપ હમેશાં દોઆ કરતા. ખુદાતઆલાએ આપની દોઆનો જવાબ આપ્યો ને આપના નાના ભાઇ દાઇએ હક થયા. જોકે સૈયદી અબ્દેમુસા ફઝલમાં, તકવામાં ને સખાવતમાં કંઈ કમ નહોતા.

અમાનત અદા કીધી.

રિવાયતમાં છે કે, આપે માંડવીમાં એક ઝમીન ખરીદી તે પર એક મકાન બાંધવાનો ઇરાદો કીધો, તે માટે મજુરો, કડીયા વિગેરેને બોલાવી જુનું મકાન પાડી નવાં મકાન માટે પાયો બોદ્યવાનું કામ શરૂ કર્યું. મકાનની જમીન બેતરાઉ હોવાના સબબ પાયો જરા ઉંડો ગયો એટલે થોડું આગળ બોદ્યું તો તેમાંથી કેટલોક ખજનો નીકળ્યો તે ખજનના સાથે એક તાંબાના પત્રાં પર લખેલ દસ્તાવેજ પણ હતો, જેમાં આ ખઝાનો દફન કરનારનું નામ તથા સાલ નોંધેલા હતા. તે લેખ તપાસતાં તે વખતે તે દટાએલા ખઝાનાને લગભગ ૪૦૦) ચારસો વરસ વિતિ ગયાં હતાં. તે પછી તે ખઝાનો બહાર કઢાવી આપે આપના કબજામાં લીધો ને ઘણીજ હીફાઝતના સાથ અમાનત તરીકે રાખ્યો. તે પછી આપે શહેરમાં તે કુટુંબમાંથી કોઈ હયાત છે કે કેમ તેની તપાસ શરૂ કરી ને એક બાદ એક કુટુંબીઓને બોલાવી તેની નસલના હાલ કોઇ હયાત છે કે કેમ તેની તપાસ શરૂ કરી, અને તે કુટુંબ સાથે સંબંધ રાખનારા કેટલાક સાહેબોને આપે બોલાવ્યા. અને કાલના જેનારાઓને પણ બોલાવ્યા. આખર ઘણી મહેનત ને કોશિષ બાદ તે ખઝાનો દફન કરનારના વંશનો પત્તો મળ્યો. જેવી આપને ખબર પડી કે તે ખઝાનાના ખરા હકદાર હાલ ચાંપાનેરની આજુબાજુના ગામમાં રહે છે ને ઘણીજ તંગ હાલતમાં છે એવાજ આપ સૈયદનાએ તેઓના પતા પર ખરચી મોકલી પોતા પાસે બોલાવ્યા ને તેઓના વડવાઓએ દાટેલ ખઝાનો જે ૮૫૦૦૦) પંચાસી હજ્જર અશરફી મળી હતી તે તથા તેની સાથે બીજી ૩૦૦) ત્રણસો ગીની ઉમેરી તેઓને (ખરા હકદારને) આપી દીધી.

જોકે આ ખઝાનો આપને જમીન વેચાતી લઈ મકાન બંધાવતી વખત મળેલ છતાં આપે આ દુનિયાના ખઝાનાને આકા અલી બબ્બે અબીતાલીબના જેમ નિગાહ સરખી પણ ન કરી, અને કુલ ખઝાનો તે ગરીબોને કે જેઓની નસલ બુઝાઇ ગયા જેવી થઇ ગઇ હતી, જેઓના બાપદાદાના હાડકાં પણ સડી ગયાં હતાં, તેવા ભુલાએલા માણસોને ગોતી ખરા હકદારને તેનો ખઝાનો સુપ્રત કર્યો. ખરેખર આ એક કસોટી હતી. ખુદાના લોકો દુનિયા કે દુનિયાના લોકોની મોહટાઇ પસંદ કરતા નથી, તેઓ ફક્ત ખુદાના દિનને વળગીનેજ ચાલનારા હોય છે. તેમને દુનિયાનો ગમે તેટલો ખઝાનો, દોલત કે ગમે તેટલી મોહટી સત્તા હાથ લાગે તો પણ તે ખુદાઈ ફરમાન પ્રમાણે ચાલે છે, અને ખુદાની બીદમત પાસે મળેલી મોહટાઇ. સત્તા કે ખઝાનાને તુચ્છ ગણે છે.

હકના લોકોની યાને ખુદાપરસ્તની આ કંઇ પહેલી કસોટી નહોતી. આ અગાઉ આપના દાદા મુલ્લાં રાજસાહેબને પણ મોરબીમાં પાણીને બદલે ડોલમાં મોતી–જવાહેરો ભરાઇને આવ્યાં હતાં, પરંતુ ખુદાના બંદાએ તે જવાહેરોની જરા પણ દરકાર કરી નહિ. તેને તો ખુદાતઆલાની ઇબાદત–નમાઝ માટે પાણીની દરકાર હતી. ખુદાતઆલા પાસે દોઆ કરી તે જવાહેરો આપે કુવામાં પાછા ફેંકી દઇ પાણી તલબ કીધું. ખુદાએ આપની દોઆનો જવાબ આપ્યો ને ડોલમાં પાણી ભરી આપ્યું. કેમ ન હોય ? ખુદા પોતાના બંદાઓના

હમેશાં નિગેહબાન છે, ત્યારે તેનીજ નસલના આ ખુદાના વલી દાઇએ હક થોડા ખઝાના માટે ખુદાને કેમ ભુલે ?

ઉપર બતાવેલ ૮૫૦૦૦) પંચાસી હજ્જર અશરફી આપ સૈયદનાએ તેના ખરા વારસદારને કેક ચાંપાનેરથી બોલાવી સુપ્રત કરી તે બબ્બર જ્યારે ત્યાંના રાવને પડી ત્યારે તેણે તે ખઝાનો જપ્ત કરવાનો વિચાર કર્યો ને તેના વઝીરને બોલાવી તે હકીકતથી વાકેફ કર્યો. વઝીર ઘણોજ હુશિયાર ને આકેલ હતો. બાદશાહની વાત સમજી ગયો, અને દાનેશમંદી વાપરી રાવને સમજાવી કહ્યું કે, " એ રાવ ! આ ખઝાનો ઝમીનમાંથી નીકળેલ છે તે આજથી ૪૦૦) વરસ ઉપરનો છે, તેના વંશજો હાલ ઘણાજ તંગ હાલતમાં છે અને તે ખઝાનો જોકે મુલ્લાંજીના હાથમાં આવેલ છતાં તેઓ પોતે તેમાંથી કંઇ લેતા નથી ને તેના ખરા વારસદારને જોકે તે બહારગામ છે છતાં તેને બોલાવી આપી દીધો છે, માટે હવે જપ્ત કરવો ઠીક નથી. મુલ્લાંજી જેવા સાધારણ માણસે આવું પગલું ભર્યું યાને ખરા હકદારને તેનો માલ સુપ્રત કરી દીધો. તો પછી આપ તો રાજા છો, આપ તે પાછો લ્યો તે ઘણીજ નાલાશી છે, અને લોકોમાં તમારે માટે ઘણુંજ બરાબ બોલાશે ને લોકો કહેશે કે " મુલ્લાંજી તો ગરીબને તેનો માલ આપે છે ને રાજ લુંટ ચલાવે છે ". માટે આ વિચારને આપ માંડીવાળો. વઝીરની આ સલાહ ધ્યાનમાં લઇ રાવે તે ખઝાનો જપ્ત કરવાનો ઇરાદો માંડી વાળ્યો.

સૈયદના ઝકીયુદ્દીન સાહેબ દાઅવતની મસનદ પર આવી લોકો ઇલમ લઇ સમજતા થાય તેવી કોશિષ કરવા લાગ્યા તથા દાઅવતના ઓમુરોને મજબુત કરવા પર કોશિષ કીધી. આપ ખાસ કરીને પાંચે વખત મસજીદમાં નમાઝને અદા કરતા. દર જુમેરાતે મુમેનુનને વાએઝ સંભળાવતા અને મોમિનીનમાં ભાઇચારો કેમ વધે તેની રાત દિવસ કોશિષ તે ફીકરમાં રહેતા. આપે વાએઝ અને નસિહતોથી લોકોના દિલના ફિસાદો ને ફિતનતની જડને મુળથી ઉખેડી નાંખી. સૈયદના મોઅૈયદના વખતમાં આપના કરમથી દરેક ગામના મુમેનુન રાહતમાં રહેવા લાગ્યા, તેજ પ્રમાણે આપ મુમેનુનની તરબિયતના વાલી બન્યા. ઇલ્મી ને અમલી બંને હાલત પર મુમેનુનની રાહતના આપ કમરબસ્તા થયા. આપ વારંવાર સૈયદના મોઅૈયદ દરેક મજલીસમાં આપના ફાઝીલપણાની ઝબાની દેતા તેજ પ્રમાણે આપ દાઈ મુમેનુન વાસ્તે મુશફેરીક બન્યા.

હી૰ ૧૧૮૯ માં સૈયદના હિબતુલ્લાહ મોઅૈયદ દરેક બલાકામાં મોમિનોની હાલત તપાસવા માટે નીકળ્યા હતા ને તે બાદ આપ પાછા તેજ વરસમાં તા. ૧૮ મી મોહરરમાં જામનગર પધાર્યા ત્યારે જામનગરમાં દરેક મુમેનુન વાસ્તે આપે એક બાગ બનાવ્યો તેની તામીલ ખુદ સૈયદના પોતે પોતાના હાથથી કરતા. આ વખતે સૈયદના મોઅૈયદ છ મહિના જામનગર રહ્યા, તે પછી આપ ઉજ્જૈન તશરીફ લઈ ગયા ને આ બગીચાનું કામકાજ આપે સૈયદના ઝકી સાહેબને સોંપ્યું. આપ આ બગીચાની વરસમાં જે આવક થાય તે ઉજ્જૈન પહોંચતી કરતા, ઉપરાંત હજારો રૂપિયા સૈયદના મોઅૈયદની જનાબમાં અરજ કરતા તથા ખુદાની તાબ્બત કરવામાં પોતાની જનને ફના કરતા. આપની કરામત વિષે

આગળ આવી ગયું છે. આપ મોલાઈ યાઅકુબ બીન ભારમલની નસલમાંથી છે. આ વિષેનું વિગતવાર બયાન સૈયદી લુકમાનજી સાહેબે પોતાના રિસાલા "**અલમવસુમા બે કજાહીલ મનાકીબ**"માં લખેલ છે, તેથી આ વિષે વધુ અહીં લખતા નથી. ટુંકામાં ભારમલ ઉર્ફે સિદ્ધરાજ જેસીંગની નસલ આપ સુધી છે, અને આપ તે રાજાની નસલના છેલ્લા નબીરા છે.

આપ દુનિયાની રીતથી બાદશાહી ખાનદાન ને ખુદાના દિનની કરાબતમાં કુલ મોમિનિનના સરદાર છે. આપે દાઅવતની નીગરાની પુરી સંભાળથી કરી હતી. કોઇની મકદુર નહોતી કે આપના ફએલમાં કે આપના કોઇ પણ કામકાજમાં એક કલામ કહી શકે કે નુકતેચીની કરી શકે કે ફલાણું કામ મુરવ્વત રાખી કરેલ છે કે ફલાણું કામ આપથી શરીયત વિરૂદ્ધનું થયું છે, અને તેથીજ **અલમજદુ** હેબતુલ્લાહ તથા તેના બાપ ઇસમાઇલે આપ પર એક અરબી કસિદો લખ્યો જેમાં આપની સીફત કરી છે અને લખે છે કે, "આપ હમારા અવલા છો અને મુમેનુનના મૌલા છો. હમને પુરી ઉમેદ છે કે આપ હમારી દાઅવતને જવાબ આપશો, અને હમારી દાઅવતની ખિદમત કરશો".

સૈ. મોઅૈયદ વિષે તેણે બરાબ કલામ લખ્યા હતા જેના જવાબમાં આપે એક હુજ્જત લખી મોકલી ને તે બંનેના જુઠા દાવાને ધુળમાં મિલાવી દીધા. આપ ઇમામીઝૂમાનના નાયબે ઈમામી સીફતના ઈમામના કામકાજને શાન્ત રીતે ચલાવ્યું. બાદ આપે નગરમાં નમાઝની તાકીદ કરી તથા શરીઅતના ઓમુરોપર ઘણોજ ભાર મુકયો તથા નમાઝ પછીની દોઆઓ જેવી કે "મુબ્હાના રબ્બેકા રબ્બીલ ઇઝ્ઝતે" ની દોઆ ને તેના જેવી બીજી દોઆઓ તથા તકરરૂબ્બની દોઆ પઢવાની રસમ જારી કરી અને લોકોમાં ઇમામી વઝીર, ઈમામના નાઇબ અમીન સાબિત થયા.

જે વખતે સૈયદના મોઅૈયદ વફાત થયા તે વખતે આપ કચ્છ મુંદ્રામાં હતાં. નસનો અમર સૈયદના મોઅૈયદ આપનાપર અગાઉથીજ ફરમાવી ચુકયા હતા. કાસિદ મારફત આપને સૈયદના મોઅૈયદના વફાતના ખબર મળ્યા ત્યારે આપ ઘણાજ બેચેન થયા. બાદ આપે દાઅવતે હાદિઆનો રતબો સંભાળ્યો ને આગળના માઝુન મુકાસીરના બાદ માઝુનનો રતબો આપના ફરઝંદ શેખ આદમ સફીયુદ્દીનને આપ્યો તથા મુકાસીરનો રતબો આપના ફરઝંદ સૈયદી યુસુફ નજમુદ્દીનને આપ્યો અને રાસુલહોદુદનો રતબો શેખુલ ફાઝીલ વલીભાઇ ઇબ્ને મુલ્લાં લુકમાનજી રામપુરીને આપ્યો. તે પછી આપ નગર તશરીફ લઇ ગયા ને સૈયદી યુસુફ નજમુદ્દીનની શાદી શેખ મીઠાભાઇની દિકરી સાથે તથા આપની દિકરી બાઈ ફાતેમાબાઇ સાહેબાની શાદી આપના ભાઈ સૈયદી અબ્દેમુસાના દીકરા ભાઈ ઇસમાઇલજી સાથે કરી. આ શાદીમાં હકના દાઈની મોહબ્બત જાહેર કરવા લોકોની મારી હાજરી થઈ હતી ને લોકોના દિલોમાં પુરી ખુશી હતી. આ શાદીથી પરવારી આપ હીજરી ૧૧૯૪-૯૫ માં સુરત તશરીફ લઈ ગયા. અહીં લોકોને ખિદમતગુજાર જોયા. આપે સઘળાને ઇલ્મી ખિદમતમાં હોંશ બતાવી ઈલ્મની તહેર જારી કરી, અને ફજરની નમાઝ બાદ યાસીન તથા ઇન્નલ્લાહ પઢવાની એક વધુ રસમ જારી કરી જેમાં જે સાહેબોને

તે મોંપર યાદ હોય તે પઢે ને બીજાઓ તે પઢાઈ રહે ત્યાં સુધી બેસીને સાંભળે. આ માફક આપે સુન્નત જારી કરી. ઉપરાંત આપ સુરતમાં હર જુમેરાતે વાએઝ બેસતા ને શરીઅતના બોહકામો બતાવતા ને હરામ હલાલની બાબ બાબત મુમેનુનને સમજાવતા.

સુરતમાં દારૂની બદી.

સુરતના ભાઇઓમાં આ ટાઇમમાં શરાબ પીવાની આદત પડેલી આપના જોવામાં આવી તેથી આપ ઘણાજ કચવાયા અને તેઓને નસિહતના તોર પર ઘણોજ ભાર દઈ ખુદા ને તેના વલીઓના કલામોથી સમજાવી તેવી બદિઓથી દુર રાખવા ઘણીજ કોશિષ કરી. આપ લોકોને કલામેમજીદના સાતમા સિપારાની બીજી રૂકુમાંની નીચેની આયાત પઢી સંભળાવી કહેતા કે:—

"યા અૈયોહલલઝીના આમનુ ઇન્નમલ ખમરો વલ મયસેરો વલ અનસાબો વલ અઝલામો રીજસુન મીન અમલીશશૈતાને ફજતનેબુહો લઅલ્લકુમ તુફલેહુન".

અર્થ:—એ ઇમાન લાવનારાઓ ! દારૂ, જુગાર, બુતપરસ્તી અને શેતરંજની રમત નાપાક છે, તેનું રમવું શયતાનનું કામ છે; માટે તેથી દુર રહો, શાયદ તમો નજાતી મેળવશો.

હદિસમાં છે કે, જે ચીજનું પાણી સડે ને તેમાં નશો ઉત્પન્ન થાય તે હરામ છે. જેનું ઘણું હરામ તેનું એક ટીપાં જેટલું પણ હરામ છે. રસુલેકરીમ સ. અ. વ. ફરમાવે છે કે, "મા અસકરા મીનહુલ ફરકા ફમલાઉલકફકે મીનહો હરામુન". યાને જે ફરક ભરીને એટલે ઘણું પીએ ને તેમાં નશો આવતો હોય તો તેનો નાનોસરખો ભાગ, એક ઘુંટ પણ હરામ છે.

હજી આપ ફરમાવતા કે, જેનું ઘણું હરામ તેનું થોડું પણ હરામ છે, એ વિષે બયાન છે કે:—

એક વખત રસુલે ખુદા સ. અ. વ. પાસે એક મરદ આવ્યો ને કહ્યું. સાહેબ ! મારા પાસે ચતિમનો માલ છે, તે માલમાંથી મેં શરાબ વેચાતો લીધો તેને માટે શું હુકમ છે ? આપે ફરમાવ્યું. તે શરાબને ફેંકી દો ને તે વાસણો તોડી નાંખો. ત્યારે પેલા મરદે અરજ કીધી. એ રસુલે ખુદા ! શરાબનો સરકો કરી નાંખુતો ? આપે ફરમાવ્યું. નહિ. શરાબી સરકો હરામ છે. ને કહ્યું. "કુલ્લો મુસ્કેરીન ખમરૂન વ કુલ્લો ખમરીન હરામુન". યાને દરેક બાક લાવનાર વસ્તુ ખમર કહેવાય ને દરેક ખમર હરામ છે. ખમર અક્કલનો બાસ દુશ્મન છે. ખમર પીવાથી અક્કલ ગુમ થાય છે ને તે બેહોશીમાં મરત બની બેબાન થાય છે, ઇનસાનીયત રહેતી નથી અને ઉંચ કુવ્વતને દબાવે છે.

ઉપરાંત હદિસ ને બયાનથી સાબિત થાય છે કે, અંગુર, ધઉં, જવ, મધ, મોવડાં, શેરડી, તાડ વિગેરે જે બાવાની ચીજો છે તેને સડાવી ને શરાબ બનાવે તો તે દરેક હરામ છે, કારણ તે ખમરના રૂપમાં ફેરવાઇ જાય છે. જેનું થોડું હરામ તેનું ઘણું હરામ. કેટલીક જગ્યોપર **ખમીર** લાવવા માટે તાડીનો ઉપયોગ થાય છે તથા તેવા ખમીરોનો સુરકો બનાવવામાં આવે છે, માટે તે બીજથી દુર રહેવું. તે લેવું દુરસ્ત થાય નહિ.

ખુદાતઆલા પોતાના કસમ ખાઇને ફરમાવે છે કે, "જે કોઇ એક ટીપું દારૂનું પીશે તેને હું જહન્નમમાં ગંદું પાણી (પીપ) પીવડાવીશ",

હજી રસુલેખુદા સ. અ. વ. ફરમાવે છે કે, દારૂ પીનારની ૪૦) ચાલીસ દિવસની નમાઝ કબુલ નહિ થાય કે જે નમાઝ કરતાં બીજા કોઈ આમાલ વધીને નથી. હજી આપ ફરમાવે છે કે, દારૂના પીનારને જો કોઈ એક નીવાલા જેટલું પણ જમાડશે તો તેને ખુદાતઆલા કબરમાં સાંપ, વીંછુ મોકલી ડંસાવશે. જે કોઈ દારૂના પીનારની હાજતને પુરી કરશે તો તે શખ્સ ખરેખર ઇસલામને બદ કહેવડાવવા તૈયાર થએલો ગણાશે. જે કોઈ દારૂ પીનાર (છાકટ હાલતમાં) ની પાસે બેસશે તો ખુદાતઆલા તેને કબરથી આંધળો ઉઠાડશે. ખુદા પાસે તેની કોઇ હુજ્જત કામ નહિ આવે મો. અ. જી. ૩ પ૬૫.

હજી રસુલુલ્લાહ સ, અ. વ. ફરમાવે છે કે, દારૂનો પીનાર અગર જો તે તોબા કરવા પહેલાં મરશે તો તે બુતપરસ્ત લોકો સાથે જશે. આપ ફરમાવે છે કે, ત્રણ જણા વાસ્તે ખુદાએ જન્નત હરામ કીધી છે (૧) દારૂ (એક ટીપું પણ) પીનાર, (૨) માબાપની બેફરમાની કરનાર, દુઃખ દેનાર. (૩) દય્યુસ–યાને જેની બૈરો બદચાલની હોય ને પોતાના ઘરમાં તેવી ચાલબાજી, હરામબાજી કરે ને તે બૈરીનો મરદ બેશરમ બનીને જોયા કરે તે.

ઉપર પ્રમાણે દારૂની બદી વિશેના બયાનો કરી સૈયદના અબ્દુલ્તૈયબ સાહેબે લોકોને ખૂબ સમજાવ્યા ને શરાબ તેમજ બીજી અનેક બદિઓથી લોકોને બચાવ્યા.

તમાકુ તથા ભાંગથી દુર રહેવા માટે આપ સૈયદના ફરમાવતા કે,:—

રસુલેખુદા સ. અ. વ. ફરમાવે છે કે, "ઇન્નલ ફૂહૈકા નબાતુન મુરરૂન બલકહુલ્લાહો મીનબૌલે ઇબલીસા ફમનશરેબા દુખાનહુ અવશમ્મહુ અવઅકલહુ દખલન્નારા કીબતનેહી વલા યનઝોરૂલ્લાહો ઇલૈહે યવમલ કીયામતે વ લૈસા હોવામીન ઉમ્મતી વઅનાબરીઉન મીનહો".

અર્થ:—ખરેખર તમાકુ એક કડવી વનસ્પતી છે, ખુદાતઆલાએ તેને શેતાનના પેશાબથી પેદા કીધી છે, કોઇ તેનો ધુંઓ (હુક્કો બીડી) પીશે યા સુંઘશે (નાસ) યા એના પાંદડાને (પાનમાં) ખાશે તો તે શખ્સે પોતાના પેટમાં આગને દાખલ કીધેલી કહેવાશે. ખુદા કિયામતના દહાડે તેની તરફ નિગાહ નહિ કરે અને તે મારી ઉમ્મતમાંથી નથી અને મેં તેનાથી બરી (દુર) છું.

ભાંગ વિષે.

બયાનમાં છે કે, એક દિવસ મુસા નબી જંગલમાં ફરવા નીકળ્યા ત્યારે તેણે જોયું કે એક ઘાસના જડમાંથી આગની ઝાળ નીકળતી હતી અને તેમાંથી અવાજ આવતો સાંભળ્યો કે જે શખ્સ મને વાવશે, ખાશે, પીશે કે પીવડાવશે તેના પર ખુદાની લાઅનત છે. ત્યારે મુસા અ. સ. એ સવાલ કર્યો કે, ભલા તું એવી કઇ વનસ્પતી છે કે તારાથી આટલું નુકશાન થાય છે ? ત્યારે પેલા ભાંગના છોડે જવાબ આપ્યો કે હું (ભાંગ) છું. હ. નુહના

વખતમાં શૈતાને મને વાવી છે ને મારા પીનાર પીવડાવનાર પર ખુદાએ લાઅનત કીધેલી છે ને તે શૈતાનના ટોળામાંનો છે.

આ પ્રમાણે સૈયદનાએ સુરતના રહીસોને ઘણા ઘણા દાખલા દલિલો આપી સમજાવ્યા ને ઉપરની બદીઓથી દુર કીધા ને નેક આલીમ મોમિન બનાવ્યા.

રિવાયતમાં છે કે, રસુલુલ્લાહ સ. અ. વ. ફરમાવે છે કે, ત્રણ જણ જન્નતમાં આવી નહિ શકે. (૧) દારૂનો પીનાર. (૨) કરાબતનો તોડનાર "કાતેઉરરેહમે મલઉનુન" યાને કરાબતનો તોડનાર મલઉન છે. (ખુદાની લાઅનત મોકલાએલો). ને (૩) બદુના હુન્નરને સાચું કરનાર.

એ ભાઈ ! સમજ. તમારા ને અમારા આકા, શરીઅતના બાની મોહમ્મદુલ મુસ્તફા સ. અ. વ. સગારત તોડનાર વાસ્તે આ પ્રમાણે ફરમાવે ત્યારે એવો કોણ બદ શખ્સ હશે કે જે લોકોને કહે કે તમો કલાણા કલાણાથી સંબંધ ન રાખો. કેટલીક જગ્યાપર ખાસ અતલગના સગા કે એકજ કુટુંબના ભાઇઓને પણ પોતાના સ્વાર્થને ખાતર ઉલટું સમજાવી કરાબત તોડવા માટે કહેવામાં આવે છે જે ખરેખર શરીઅતથી બિલાફ છે. આ ઝમાનામાં કેટલાક દિનના ઉમુલેાને સમજદાર સાહેબો પણ રસુલેખુદા સ. અ. વ. ના કોલને ડોકરે મારી લોકો પર દબાણો કરી તરેહ તરેહની બીક બતાવી કરાબત તોડાવવાના પ્રયાસો કરે છે.

વિચાર કરવાની વાત છે કે, જો કોઈ સાહેબ ખુદાઈ ફરમાન વિરૂદ્ધ યાને સગારત તોડવાનું કહે તો તે તોડી નાખવી તે બહેતર ગણાશે કે ખુદાઇ ફરમાન પ્રમાણે શરીઅતના દરેક અમરને લઇ ઉઠવા ને કરાબતવાળાઓથી મોહબ્બત રાખી પોતાના જનને પ્રીદા કરવામાં પુરી રીતે અમલ કરતો હશે તે બહેતર ગણાશે ?

નમાઝની તાકીદ કરી.

આપે લોકોને દારૂની બદીથી બચાવી નમાઝ બરાબર અદા કરવાની તાકીદ કીધી. નમાઝ માટે આપ ફરમાવતા કે:—

ખુદા ફરમાવે છે કે, જે કોઇ પાંચે વખતની નમાઝને વજુ કામિલ કરી, રૂકુ, સુજુદને પુરા તોરથી અદા કરી પડશે તો ખુદા તેની જન્નતના જામીન છે તથા તેના કુલ ગુનાહ માફ કરવા બંધાએલ છે. ખુદાએ આ પ્રમાણે પોતાના બંદાને કોલ આપ્યો છે. આટલું જાણ્યા પછી પણ જો કોઇ બંદો તેમ નહિ વર્તે તો ખુદા પોતાના એહદથી છુટા છે. ગુનાહ માફ કરવા કે નહિ તે તો તેની મરજીની વાત છે.

રસુલુલ્લાહ સ. અ. વ. અબાઝરરલ ગફારીને વસિયત કરી ફરમાવે છે કે, એ અબાઝર ! ખુદા સાથે કોઇને શરીક ન બનાવો, અગર તમારા ટુકડે ટુકડા કરી નાખવામાં આવે, તમોને આગમાં બાળી નાખવામાં આવે તો પણ ખુદામાં **શીરક** ન કરશો.

ખુદા સિવાય બીજાને સુજુદ ન દેશો તથા નમાઝને ન મુકજો. જે કોઇ માણસ નમાઝને જાણીજોઇને મુકશે તે ઇસ્લામના દાયરામાંથી નીકળી જશે. હજી આપ ફરમાવે છે કે, તમો તમારી અવલાદ, બાલબચ્ચાંઓને ૭ મે વરસે નમાઝની તાકીદ કરો અને દસમે વરસે સઘળાને જુદા જુદા સુવડાવો.

રિવાયતમાં છે કે અબ્દુલ્લાહ બીન મસઉદે રસુલુલ્લાહ સ. અ. વ. ને પુછ્યું કે, સાહેબ ખુદાને કયું કામ પ્યારૂં છે ? આપે ફરમાવ્યું કે, **પહેલા વખતમાં નમાઝને અદા કરવું.** ફરી પુછ્યું. સાહેબ ! નમાઝ પછીનું ખુદાને બીજું કયું કામ પ્યારૂં છે ? આપે ફરમાવ્યું. **માબાપની ફરમાબરદારી.** જે કોઈ શખ્સ નમાઝને દરરોજ અદા કર્યા કરશે તો ખુદા તેના કુલ ગુનાહ માફ કરશે. જે પ્રમાણે ઝાડના પાંદડા પાનખર ઋતુમાં ખરી પડે છે તેજ પ્રમાણે બંદાના ગુનાહ ખરી પડે છે.

આ પ્રમાણે નસિહત કરી આપ સૈયદના લોકોને નમાઝ માટે ઘણીજ તાકીદ કરતા, નમાઝ માટે આપ સૈયદના લોકોને ઘણી રીતોથી સમજાવતા, જે બયાન ઘણું લાંબુ છે તેથી અત્રે આપેલ નથી.

આપ સૈયદના ખાસ મુમેનુનને ફરમાવે છે કે, ખુદાના નઝદીક નીચેના ત્રણ સાહેબો મરતબાવાળા ગણાય છે ને તેનો મરતબો ઉંચો છે. (૧) પુકારીને સલામ બોલનાર. (૨) જમણના લાયકને જમાડનાર. (૩) રાતોમાં ઉઠીને તવજ્જહના સાથે નમાઝનો પઠનાર. હજી આપ સૈયદના ફરમાવે છે કે, જે માણસ નમાઝ પઢતાં આમ તેમ જુવે તેની નમાઝ કબુલ નથી બલ્કે વેહ છે, નમાઝ નાકીસ છે.

આ પ્રમાણે સયદના ઝકીયુદ્દીન સાહેબ દીન માટે કોશિષ કરી લોકોને હિદાયતના ફળોથી સેરાબ કરતા હતા તે ફળોના બી હાલના ઝમાના સુધી પુલાકાલા છે.

આપ સૈયદનાએ તરતીબમાં શમસુદ્દીન ભાઇસાહેબ ઇબ્ને માઝુન બાનભાઈ સાહેબ ને બીબાસાહેબ રહેમતુલ્લાહની ઉપર કીધી અને અમિરૂલઅબ્જલ ભાઇસાહેબ કમરૂદ્દીન બીન સૈયદનલ મોઅૈયદને ભાઇસાહેબ શમસુદ્દીનના પછી બેસાડ્યા ને હદિયત દીધી. તે બાદ ભાઇસાહેબ શમસુદ્દીન ભાઇસાહેબ ઇબ્નુલ માઝુનલ અબ્જલ બાનભાઇસાહેબને સુરતથી બુરહાનપુર વાજેબાત વાસ્તે રૂખસત કર્યા. આપ બુરહાનપુર પહોંચ્યા, વાજેબાતથી ફારેગ થયા તે બાદ આપ હીજરી ૧૧૯૬ તા. ૧૬ માહે મોહરરમના રોજ બુરહાનપુરમાં વફાત થયા. આપના વફાતથી સૈયદનાને ઘણોજ રંજ થયો, કારણ સૈ. ઝકીયુદ્દીન બાદ આપ દાયવતની ગાદીના લાયક હતા, ફઝલ ને મોહટાઇમાં કામિલ હતા. શમસુદ્દીન ભાઇસાહેબના વફાત પછી આપે શેખુલ ફાઝીલ હમીદુલ્લાહ બીન મુલ્લાં લુકમાનજીને બુરહાનપુર મોકલ્યા. તે સાહેબ ત્યાં રહ્યા બાદ તેમણે અહીં દારૂલ ઇમારત બનાવી. ત્યાર બાદ આપ સૈયદના બુરહાનપુર આવવાના ઇરાદાથી રવાના થયા, પરંતુ રસ્તામાં લુંટારાઓની બીકને લીધે ત્યાં ન જતાં આપ નગર તશરીફ લઇ ગયા.

આ ઉપરથી બુરહાનપુરના રહીશો મુલ્લાં બાનભાઇ તથા મુલ્લાં બનફરજી તથા મીઠાભાઇ વિગેરે સાહેબોએ સૈયદનાને બોલાવવા માટે નગર જવાનો ઇરાદો કર્યો ને ત્યાંથી રવાના થયા. રસ્તામાં રતલામથી મુલ્લાં તૈયબઅલી મુલ્લાં નુરબાન વિગેરે શામિલ થયા ને તેઓ સુરત પહોંચ્યા. સુરતથી મુલ્લાં મોહમ્મદઅલી શાહજહાંપુરી પણ સાથે થયા. સઘળા સાહેબો નગર પહોંચ્યા ને હઝરતે આલીયાહમાં હાજર થયા. આ વખતે ઉજ્જેનથી ભાઇસાહેબ શમસુદ્દીન ઇબ્ને સૈયદના મોઅય્યદ રસ્તાની મુશકેલીઓ માટે અમાનતો બંદોબસ્ત કરી અને હુઝુરની તાઅઝીમ વાસ્તે ઉજ્જેનના હાકિમનું ફરમાન લઈ નગર પહોંચ્યા, અને ઔરંગાબાદથી મીયાસાહેબ જીવણજી શેખ દાઉદભાઇ અને રઇસ મુલ્લાં નુરભાઇ ઇબ્ને નાથાભાઇ પુનાવાલા પણ પેશ્વા સરકારનું અમાનનામું લઈ નગર આવ્યા. સઘળા મહેમાનોની મોલાનાએ ઘણીજ ઇઝ્ઝત સાથ કરામતની તાકીદ કીધી.

આપ સૈયદનાએ સઘળા સાહેબોની અરજને કબુલ કરી ને રબીઉલ આખર હીજરી ૧૧૯૯ માં નગરથી રવાના થયા ને બુરહાનપુર પહોંચ્યા. આપે અહીં દોઆતોની રસમ મુજબ વાએઝોની મજલીસો કરી તથા દીની મશહદો આબાદ કરવાની કોશિષ કીધી, અને રમઝાનમાં આપે દરેકનો મિસાક લીધો, ઇદુલ **બદહાની** ઇદની ખુશી ખુદાએ દેખાડી, અને આપે તે ઇદની મજલીસમાં ખુશીની સાથે આપના ફરઝંદ મોહમ્મદ યુસુફ નજમુદ્દીન પર નસ્સેજલી કીધી, અને આપના ભત્રીજા ભાઇસાહેબ ઇસમાઇલ બીન અબ્દેમુસા કલીમુદ્દીનને શેખના હદીયતના ઋતબાની નેઅમત આપી. આપના વખતમાં નીચે મુજબ તરતીબ હતીઃ–

માઝુનલઅબ્જલ આપના ફરઝંદ ભાઇસાહેબ શેખ આદમ સફીયુદ્દીન, મુકાસીર–મોહમ્મદ યુસુફ નજમુદ્દીન સાહેબ. તે બાદ શેખ મીઠાભાઈ, ભાઇસાહેબ કમરૂદ્દીન ભાઇસાહેબ ઇબ્નુદાઈ મોલાનલ મોઅૈયદ. તે પછી એક બાદ એક એમ ૨૧ હુદુદો નીમ્યા તેમાં છેલ્લા શેખ ગુલામહુસેન હતા.

રિવાયતમાં છે કે, હીજરી ૧૨૦૦ ના મોહરમમાં આપે બુરહાનપુરમાં વાએઝ ફરમાવી તેમાં આપે કહ્યું કે, " મમલુકે આલેમોહમ્મદનું દુનિયાથી રહેલત નઝદીક છે તે વાસ્તે હું વસિયત કરૂં છું કે મને મોલાઇ હકીમુદ્દીન પાસે દફન ન કરજો કારણ હકીમુદ્દીન સાહેબનો મરતબો ખુદા પાસે ઘણો મોટો છે. મને મોલાઈ શમસુદ્દીનના પાસે દફન કરજો, તે જગ્યા મારા વાસ્તે બાગેજન્નત છે. તે સાથે મજલીસમાં આપે લોકોને ખુદાની તકવાની વસિયત કીધી અને ફરમાવ્યું કે, " ખુદાને બીનારો અમારા નજદીક છે ગરચે તે મસજીદ બહાર બેઠેલ હોય કે તે કરતાં પણ દુર હોય તો પણ શું થયું ? અને જે શખ્સ અમારા પડોશમાં અ.વી બેઠેલ હોય ને તેમાં ખુદાની તકવા ન હોય તો તે શખ્સ અમારાથી દુર છે. ભાઇઓમાંના જેઓ ખુદાની પુરી તકવા રાખે છે તેમાંના એક રામપુરી હાલ્રીજી મુલ્લાં મુસાજી કે જેઓ મસજીદ બહાર જ્યાં જુતા રખાય છે ત્યાં બેઠેલ છે તે મજલીસથી ઘણા દુર છે. પણ **આંખો ખોલો તે કયાં બેઠેલ છે ?** આ સાંભળી લોકો ગભરાયા ને આમતેમ જોવા લાગ્યા તો તેઓએ જોયું કે મજકુર ગરીબ શખ્સ

સૈયદનાની પડોશમાં તખ્તપર બેઠેલા છે. ફરી પાછું પછવાડે જોવા લાગ્યા તો ત્યાં પણ તે સાહેબ પોતાની જગ્યાપર બેઠેલા નઝર આવ્યા. આ પ્રમાણે મુતકી લોકોના દરજ્જા છે. તેઓ દુનિયાના ઝગડાથી દુર રહે છે. અગર તેઓ ચીથરે હાલ હોય તો પણ શું થયું ? તેના ફઝલના અંગે લોકો તેના વાસ્તે બુરી વાતો ફેલાવતા હોય તો પણ તેને કંઇ નુકશાન થતું નથી. ખુદાના નઝદીક તે તો અફઝલજ છે". આ પ્રમાણે ઇમામના નાએબે હક તે હક ને બાતીલ તે બાતીલ છે એવું બતાવી પોતે ઇમામના ખાસ નાએબ છે તે સાબીત કરી આપ્યું.

આ પછી આપે હી૰ ૧૨૦૦ ના સફરની તા. ૨ જીએ સૈયદી યુસુફ નજમુદ્દીન સાહેબપર નસના અમરને સબળા હુદુદોના ફરજ ફરમાવ્યા ને આપ જન્નત તરફ સિધાવ્યા. આપની દાઅવત ૬ વરસ, ૬ મહિના ને ૩ દિવસ રહી. આપનું નામ અબ્દુલ્તૈયબ છે. આપનું લકબ ઝકીયુદ્દીન છે. આપનું મઝાર બુરહાનપુરમાં સૈયદી શમસુદ્દીન ઇબ્ને માજુન સૈયદી ખાનભાઈ સાહેબ ઇબ્ને સૈયદના ઇબ્રાહિમ વજીહુદ્દીનના પડોશમાં છે. ક. ૩.

આપની તસલનો શજરો ૩૧૭ પેજ પર છે.

ઇબ્રત લેવા જોગ—શયતાનથી બચો.

શયતાનને આવવાના ૩ રસ્તા છે—૧. શેહવત. ૨. ગુસ્સો. ૩. હવાનફસી (આબરૂખત્યારી)

શેહવતથી ઇન્સાન પોતા પર ઝુલમ કરે છે.
ગુસ્સાથી ઇનસાન બીજા પર ઝુલમ કરે છે.
હવાનફસીથી ઇન્સાનનો ઝુલમ ખુદા તરફ પહોંચે છે.

રસુલુલ્લાહ સ. અ. વ. ફરમાવે છે કે, ઝુલમ ત્રણ જાતના છે:—

૧. ઝુલમ કરવાની મઆફી નહિ થાય.
૨. ઝુલમ છોડી દેવામાં નહિ આવે.
૩. ઝુલમની ખુદા ચાહે તો માફી મળે અથવા ન મળે.

પહેલો ઝુલમ—જેની માફી નથી તે શીરક છે. કે જે ખુદા ને તેના હોદ્દોમાં હેરફેર કરાવે.


બીજો ઝુલમ—જે છોડી મુકાય નહિ તે. બંદો, બંદાપર ઝુલમ કરે તે છે. ચાલુ વખતમાં તેવું બહુ જોવામાં આવે છે. શરીઅતના નામથી દુનિયા વાસ્તે અસહ્ય ઝુલમો બંદાઓ ઉપર થાય છે.

ત્રીજો ઝુલમ—જાતને બરાબ કરવાનો છે. ખુદા ચાહે તો માઆફી આપે, ચાહે તો સઝા કરે.

શેહવતનો અંજામ—કંજુસી ને લાલચ છે.
ગુસ્સાનો નતીજો—મોહટાઇ તથા હુંકરાઇ છે.
હવાનફસીનો નતીજો—ઘુર્રુ અને બીદઅત છે.
ઉપલી ત્રણે ચીઝથી હસદનું જન્મ છે.

૪૧. સૈયદના અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન ઇબ્ને સૈયદના ઇસમાઇલજી બદરૂદ્દીન (નાના) ની નસ્લનો શજરો.

સૈયદના અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન સાહેબ—બુરહાનપુર.


સૈ. ઇસ્માઇલ
સૈ. અબ્દુલ્કાદર જીવણજી
સૈ. ઇસ્માઇલ
સૈ. અબ્દુલ્હુસેન
સૈ. ઇસ્માઇલ
સૈ. અબ્દુલ્કાદર બદરૂદ્દીન
સૈ. ઇસ્માઇલ
સૈ. અબ્દુલ્હુસેન
સૈ. ઇસ્માઇલ
સૈ. અબ્દુલ્કાદર

૪૨. સૈ. મોહમ્મદ યુસુફ નજમુદ્દીન બીન સૈ. ઝકીયુદ્દીન (૧૯ હિન્દ-સુરત) નું ટુંક બયાન.

સૈયદના ઝકીયુદ્દીન સાહેબના ઇન્તેકાલ બાદ દાઅવતે હાદીઆની ગાદી પર આપ બિરાજ્યા. આપનો જનમ હી૰ ૧૧૭૭ ની ઝીલહજની તા. ૨૩ મીના રોજ થયો છે અને આપ દાઅવતે હાદિઆના વારીસ થયા ત્યારે આપની ઉમરશરીફ ફક્ત ૨૩ વરસની હતી. આપે આટલી નાની ઉમરમાં દરેક ઇલ્મ મેળવી લીધું હતું. પંજતનપાકને ઔલીયાઓમાં જે સીરત હતી તે દરેક સીરત ને સીફત આપનામાં હતી, જેનું બયાન કરવું એ વધારે પડતું ગણાય, પરંતુ તે સુરજની મિસલ રોશન છે અને તે કિતાબોમાં મોજુદ છે.

બાદ આપના બાવાજી સૈયદના અબ્દુલતૈયબ ઝકીયુદ્દીને સુરતના લોકોને તેમની બદ બસલતો જોઈ કે, તમાકુનું બાવું, તાડી પીવી, નાસ સુંઘવી વિગેરે ઘણી જાતની બદ બસલતો હતી, તે દરેક ને મવ્એઝતે હસનાહ (બેહતર શીખામણો) સંભળાવી તેમના પર તાકીદ કરી ફિરસ્તા બસેલત બનાવ્યા, તાકે દરેક ગામના મોમિનીન કરતાં સીફતમાં, બોલચાલમાં, મુઅમ્મલતમાં ગરીબોની મુવાસાત કરવામાં એક્કા બન્યા. આપની બદૌલત આજે પણ તેજ હાલત પર સુરતીની સુરત છે, પણ ઝમાનાના ઇનકીલાબે કે હિદાયતના અભાવે તે નેક સિરતોમ્માં કંઇક સુસ્તી આવી, પણ તદ્દન નાશ ન થઈ.

આ અરસામાં આપ સૈયદના યુસુફ નજમુદ્દીન સાહેબ નાની ઉમરમાં દાઅવતે હાદિઆની ગાદી પર આવ્યા એટલે કેટલાક હુદ્દેદો આપના બારામાં કહેવા લાગ્યા કે, "આ સાહેબ આટલી નાની ઉમરમાં દાઅવતની ગાદીનો કારોબાર કેમ ચલાવી શકશે ?" ત્યાર બાદ આ શબ્દો કહેનાર પોતે સુરત આવ્યા. અહીં સૈયદનાના હુકમની તાઅમીલ કઇ રીતે થાય છે તે તથા આપથી ઉમરમાં મોટા સાહેબો આપનો હુકમ કઇ રીતે બજાવી લાવે છે તે જોયું. તપાસમાં આપનો કારોબાર અને હુકમો શરીઅતે મોહમ્મદી પ્રમાણેના જણાયા અને આપની નજદીક ઉમરમાં મોટા હોય કે આપની બરોબરીના હોય તો પણ આપની હુકુમત પાસે, આપની કારવાઇ પાસે તેઓ તીફલે મકતબ (બચ્ચા) જણાયા. દરેક અઝીઝ કે હમઉમર આપની રાએના મોહતાજ, આપની ન્યાયી હુકમત પાસે દરેક શખ્સ પરેશાન, આપના કરેલ હુકમમ્માં કોઇની મગદુર નહિ કે કોઈ પણ શખ્સ ઇરાદ નીકાલી શકે ? કેમ ન હોય ! આલેમોહમ્મદના ઇલ્મ તથા ઇમામીઝુમાનની નઝરાતની અસર હતી આ જોઇ તે શખ્સ કે જેના દિલમાં વસવસો પેદા થયો હતો અને જે સુરત સુધી બાત્રો કરવા માટે આવેલ હતા તે ઝાંખા પડી ગયા.

આપના વખતમાં દાઅવતની ઘણી બોલબાલા થઇ, આપના નાના સૈયદના મોઅૈયદના વખતમાં જે તકલીફો હતી તે આપના વખતમાં નાબુદ થઇ ગઇ હતી.

હી૰ ૧૨૦૧ માં સુરતમાં દુકાળ પડ્યો તે વખતે આપે દરેક મોમિનીનની બબર લીધી ને કંઇક લોકોના જનો બચાવ્યા. તેમજ લોકોને નસિહતો આપી હુશિયાર કીધા. ખુદાના કલામોથી દરેકને ગફલતોથી બેદાર કરતા ને શયતાનીયતને દુર કરતા. આપ તે અરસામાં નગર પધાર્યા ને અહીં મુકામ કરી રહ્યા. તે બાદ આપની સાલગ્રેહ આવી તે દિવસે આપે ૯ હુદ્દેદોને નિમ્યા. (૧) શેખ આદમ બબ્બને શેખ સુલતાનભાઇ. (૨) શેખ કેજુલ્લાભાઇ પાથરીયા. (૩) શેખ હેબ્તુલ્લાહ. (૪) શેખ હેબ્તુલ્લાહ ઇબ્નને મુલ્લાં વલી-મોહમ્મદ ને બીજા પાંચ આસામી મળી કુલ નવ સાહેબોને શેખના હદ્દા બનાયત કીધા. ત્યાર બાદ આપ નગરથી અમદાવાદ પધાર્યા. અમદાવાદના લોકો ઘણાજ માન સાથે પેશ આવ્યા. અહીં આપે કબ્રસ્તાનની તાઅમીર (રીપેરીંગ) કરાવી તથા ફજરની નમાઝ પડી આપ દરરોજ કબ્રસ્તાન ઝીયારત વાસ્તે પધારતા તેમજ દરેક બાબતની આપ પોતેજ દેખરેખ રાખતા, તે બાદ આપ અમદાવાદથી સુરત પધાર્યા. અહીં આપ એક વરસ રહ્યા. આ વરસે સખ્ત દુકાળ હતો તેથી લોકો દરેક રીતે તંગ થઈ ગયા હતા, તેવા વખતમાં આપે કઇક ગરીબોને અનાજ, કપડાં તેમજ બીજી મદદો આપી દુકાળના સકંજામાંથી લોકોને બચાવ્યા ને વરસાદપાણી સારાં થયાં બાદ આપે મોમિનોને તેમના વતન બરચીઓ આપી રવાના કર્યા.

સર્વેને વિદા કર્યા બાદ આપ બુરહાનપુર પધાર્યા. અહીં બીજી કોમોના ઘણા આલેમો હતા તેઓ આપની પાસે કઇક તરેહના શરીઅતના સવાલો લઇને આવતા તેઓ સર્વેને આપ બાખુબી સંતોષકારક જવાબો આપતા ને તેઓના મુશકેલ સવાલોનો ઉકેલ કરી આપતા.

હી૰ ૧૨૦૨ માં આપના ભાઇ સૈયદના અબ્દેઅલીની શાદી મીયાસાહેબ જીવણજીની દિકરી બહેન અમતુલ્લાબાઇ સાથે કીધી તથા આપની બહેનો બાદસાહેબા ફુજબાઈ, વજીરાબાઈ સાહેબા અને બદીબ્બાઇ સાહેબાની શાદી કીધી. આ વખતે દરેક શહેર તથા ગામોના મોમિનોને કંકોત્રી લખી બબર આપી હતી, જે સબબ દરેક ગામોમાંથી ઘણા મહેમાનો આવેલ હતા. આ શાદીમાં બાસ કરીને સીંધીયા સરકાર પણ પોતાના રિસાલા સાથે આવેલ હતા, જે સબબ આ શાદીમાં બુરહાનપુરમાં દરેક જગ્યા પર ખુશાલીના દેખાવો નજર આવતા હતા જે ઇતિહાસમાં મોજુદ છે. આ વખતે આપ બુરહાનપુરમાં એક વરસ રહ્યા. અહીંથી આપે આપના ભાઇ સૈયદી અબ્દેઅલી સૈફુદ્દીનને માલવા તરફ મોકલ્યા ને ભાઇ હકીમુદ્દીન સાહેબને બુરહાનપુરની અમાલત સોંપી આપ રવાના થયા ને રાવેર ઇલાકામાં પધાર્યા. અહીં આપે છ સાહેબોને હદ્દિયતના રુતબા બનાયત કીધા અને આપના ભાઇ હકીમુદ્દીનને મુકાસીરનો રુતબો ઇનાયત કીધો. ત્યાર બાદ આપ રાવેરથી કાસોદા પધાર્યા. અહીં ઔરંગાબાદના શેઠીઆઓ આપને આમંત્રણ આપવા માટે આવ્યા, તેમના આમંત્રણને માન આપી આપ ઔરંગાબાદ પધાર્યા. બાદ અહીંથી રવાના થઈ દોન ગામમાં મોલાઈ નુરુદ્દીન સાહેબની ઝીયારતથી મુશરરફ થયા. બાદ ત્યાંથી રવાના થઇ આપ પુના પધાર્યા. આ વખતે પુનામાં પેશ્વાઇ રાજ હતું. પુનામાં આવી આપે એક બાગમાં ઉતારો કર્યો. આ બબર મોમિનોને થઈ કે તરતજ લોકો આપની તહેનાતમાં હાજર થયા અને આપને શહેરમાં માનઇકરામ સાથે લઇ ગયા. ત્યાર બાદ આપ પુનાથી રવાના થઇ સુરત પધાર્યા.

આપે સુરતમાં દાઅવતની ગાદીને દારૂલ હીજરત બનાવી મુકામ કીધો. બાદ આપે એક આલીશાન મસજીદ, દિવાનખાનું તથા બીજા રહેવાના મકાનો બનાવ્યા અને આપે મોમિનોને તેમજ આપના ખાસ માણસોને પણ કહ્યું કે દરેક પોતપોતાની ગુંજાએશ પ્રમાણે જમીન લઈ મકાનો બનાવે. તે બાદ આપે આપના નજદીકના રહેનારાઓમાંથી તેઓની ઇસ્તીયતપર હદિયતના રૂતબા પાંચ શખ્સોને આપ્યા. બાદ આપે આપના મનસુસની ઓળખ લોકોમાં જાહેર કરી ફરમાવ્યું કે " મારા પછી મારા મનસુસ મારા ભાઈ અબ્દેઅલી સૈફુદ્દીન છે કે જેને મેં દરેક ઇલમમાં, દરેક ફનમાં ને સીરતમાં તૈયાર કીધા છે, અઅમાલ ને ઇલમમાં અઝમાવ્યા છે અને તે પછીજ તેના હાથમાં દાઅવતે હાદિઆનો કારોબાર સોંપવા હકતઆલાના નાઇબ ઇમામીઝૂમાનની તાઇદથી હું અમાનતને અદા કરૂં છું. તે પછી આપે અમાનતને અદા કીધી. આપે આ વખતે તરતીબ નીચે મુજબ ગોઠવી:—

માઝુનલઅજલ શેખ આદમ સફીયુદ્દીન સાહેબ, મુકાસીર મૌલા અબ્દુલકાદર હકીમુદ્દીન સાહેબ, રાસુલહોદુદ મૌ. અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ, મોલાઇ કમરૂદ્દીન ભાઇસાહેબ બીન સૈયદના મોઅૈયદ. આ પ્રમાણે અઠાર હોદ્દેદા આપના ઝમાનામાં એક બાદ એક બેસતા.

હી૰ ૧૨૧૩ ની સાલમાં આપ ઘણાજ પરેશાન રહેતા અને મોતને હર વખત યાદ કરતા. આપની હયાતીમાં આપની આંખ સામે કફન, હનુત ને ઝમઝમના પાણીને તૈયાર રાખતા ને આપ ફરમાવતા કે મૌત હક છે. આ વિષે અને આપના મોતની બિમારી વિષેની ખબર સૈયદના સૈફુદ્દીન ઇબ્ને સૈયદના ઝકીયુદ્દીન સાહેબ પોતાના રિસાલામાં ફરમાવે છે જેમાંથી થોડો ઉતારો અહીં આપવામાં આવેલ છે.

" સૈયદના નજમુદ્દીન સાહેબ કરામતના સાહેબ છે, મોહતાઇના સાહેબ છે, મવસુફ સાહેબના હકની મોટી બૈયેનત મમલુકે આલેમોહમ્મદ પર નસનું કરવું છે. દાઅવતે હાદીઆની ઇતલાકની ખાતીમમાં (વીંટી) મમલુકે આલેમોહમ્મદના રૂહનું જડવું છે. તે બરેબર ઇમામુઝૂમાનની નઝરાતમાંથી છે. હાલમાં જો કે હું ગેરહાલીગ છું. હજી જરમાની ખુલુગીયતને પહોંચ્યો નથી છતાં મારા વાસ્તે મોલાનાની ઇનાયત હતી. આપ ખુદ મારા ઉસ્તાદ રહ્યા અને અમો નગરમાં હતા ત્યારે રાત દિવસ ઇલમ પઢવામાં ગુજરતા.

આ વખતે આપે એક ખાનગી નસનામું તૈયાર કરાવ્યું જેમાં પોતાના મનસુસનું નામ લખવાનું તે લખનારને ન કહ્યું અને તે જગ્યા ખાલી રખાવી તે જગ્યા પર આપે પોતાના હાથે મારૂં નામ લખ્યું. આ પછી આપ સૈયદના દાઅવતે હાદિઆના ગામો તરફ મુમેનુનની ખબર પુછવા તથા મુમેનુનને સંભાળવા વાસ્તે નગરથી રવાના થયા. મને પણ સાથે આવવાનો હુકમ થયો. અમો અહીંથી રવાના થયા બધે ફરતા છેવટ બુરહાનપુર આવ્યા. અહીં મોલાનાએ મારી શાદી કીધી. ત્યાર બાદ મને માલવા તરફ વાજેબાત વાસ્તે હુકમ થયો. જોકે આ વખતે હું ઉમરમાં નાનો હતો, તેમ દુનિયાના કારોબારથી

અનભણ હતો પણ ખુદાતઆલાના ફઝલ ને મોલાનાની દોઆના વસિલાથી દરેક જાતની મુશકેલી મારાથી દુર રહી ને માલવાના લોકોમાં મારી ઇજ્જત વધી. ત્યાર બાદ આપ સૈયદના યુસુફ નજમુદ્દીન સાહેબ બુરહાનપુરથી સુરત તશરીફ લઇ ગયા અને મને માલવાથી સુરત બોલાવ્યો. ત્યાર બાદ પાછો માલવા જવાનો હુકમ થયો.

આ વખતે આપ સૈયદનાની તબિયત સુરતમાં નરમ થવા લાગી એટલે આપે મને પાછો બોલાવવાનો હુકમ કર્યો. તે વખતે માલવામાં મારી તબિયત પણ બરાબર નહોતી, જેથી મને માલવાથી સુરત આવતાં વાર લાગી, તેથી આપને બિમારીના હાલતમાં સદમો રહેતો. કારણ આપની પાસે જે બિદમતમાં રહેનારાઓ હતા તે કરતાં આપ મને વધુ પસંદ કરતા હતા. મને માલવાથી આવતાં વાર લાગી તેથી આપને સદમો થયો ને આપને જ્યારે ખબર પડી કે મારૂં મોડા આવવાનું કારણ ફક્ત મારી બિમારીનો સબબ હતો, ત્યારે આપ લાચાર થયા ને નસના બીજા કાગળો તૈયાર કરાવ્યા, પણ ખુદાએ મને આરામ કરી દીધું ને હું સુરત આવ્યો. મારા આવવાથી મોલાનાનો ગમ દુર થયો. ત્યાર બાદ આપ આપના વફાતની તૈયારીઓ કરવા લાગ્યા ને ફરી ચોકી વાસ્તે કાતિબને લખવા અમર કીધો, તેમાં કુલ અમ્બીયા, ઇમામોના નામો દરજ કરવામાં આવ્યા, તેમ બીજી દરેક મોત વખતની તૈયારીઓ કરવામાં આવી. ઝમઝમથી ધોએલ કફનનું કપડું વિગેરે તૈયારીઓ કરી આપની નઝરની સામે રાખવામાં આવ્યું. ત્યાર બાદ આપે પોતાની કબર શેખુલ ફાઝીલ લુકમાનજી સાહેબની બાજુમાં કરવા હુકમ ફરમાવ્યો. મીસ્કિનો ને ફકિરો વાસ્તે દરેકને જમાડવાની વસિયત ફરમાવી તથા કરાબતના લોકોને તથા હાજતમંદોને આપે હજારો રૂપિયા આપ્યા, સદકાઓ કર્યા ને સવાબેદારેન લીધું.

દિવસે દિવસે આપની બિમારી વધતી ગઈ ને આપને બેચેની વધવા લાગી, તેથી અમારા દિલો પર અતિ રંજ થયો ને આંખમાંથી આંસુઓ નીકળવા લાગ્યાં, તે વખતે આપે આપના ઘરવાલાઓને તથા બીજા સાહેબોને રોવાની સખ્ત મના કીધી. ત્યાર બાદ આપ ઘરકે ખુનામાં બેહોશ રહ્યા ને લા ઇલાહાની તરબીહ વિરદે ઝબાન રાખી. છેવટ તા. ૧૨ મીએ અમો સઘળા નાઉમેદ થયા તે વખતે પણ આપે નસની તાઈદ મારા પર સર્વે હોદ્દેદોના રૂબરૂ કીધી અને ભાઇ હકીમુદ્દીન સાહેબ વાસ્તે વસિયત કીધી અને જમાદીલ આખરની તા. ૧૮ મી ૧૨૧૩ હી૰ ઇસ્વી ૧૭૯૮ ના દિવસે આપ ઇન્તિકાલ ફરમાવી ગયા. આપે આપની હયાતી દરમ્યાન બે કિતાબ બનાવ્યા છે.

(૧) અલમજમુઆ. (૨) અલમસાબેહુરસૈફીયા.

સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ ફરમાવે છે કે, આપના ઇન્તિકાલના બાદ મમલુકે આલેમોહમ્મદ ૪૦ દિવસ સુધી સિપારા વાસ્તે બેઠો, જેમાં અતમુલ કુરઆન રાત ને દિવસ પઢાતા તે ચેહલમ વખતે રોશની કીધી. તે વખતે તે વિષે કોઇ બેઇમાન બેહુદા કલામ મજલીસમાં બોલ્યો, ખુદાતઆલાની કુદરતથી તેજ દિવસે તે દુશમનના ઘરને આગ લાગી, આથી તે શખ્સને લાગ્યું કે આજે મજલીસમાં હું જે બેરકલામ બોલ્યો તેનો

આ નતીજે મને કુદરત તરફથી મલ્યો હોય તેમ લાગે છે તેથી તે પસ્તાયો ને તરતજ પોતાના અકીદાને ફેરવ્યો ને આલેમોહમ્મદની વલાયતનો ઇકરાર કર્યો ને મોહબ્બતમાં ગરક થયો.

આપ સૈયદના દાઅવતે હાદીઆની મસનદપર ૧૩ વરસ, ૪ મહિના ને ૩ દિવસ રહ્યા. આપનું નામ મોહમ્મદ યુસુફ છે, આપનું લકબ નજમુદ્દીન છે, આપનું મઝાર સુરતમાં કુબ્બામાં દાખલ થાતાં જમણી બાજુનાં કુબ્બામાં શેખુલ ફાઝીલ લુકમાનજી સાહેબની પડોશમાં છે. ક. ૩.

ઇબ્રત લેવા જોગ, ખુદાતઆલા ફરમાવે છે.

દોઝખી જીન્ન અને ઇન્સાન.

જેઓ કુરઆન અને શરીઅતને જાણેછે છતાં તે પ્રમાણે વર્તતા નથી તેઓ માટેઃ—

વલકદ્ઝરાઅના લેજહન્નમા કસીરન મીનલ જીન્ને વલ ઇન્સે લહુમ કુલુબુન લાયફકહુના બેહા વલહુમ અઅયોનુન લાયુબ્સેરૂના બેહા વલહુમ આઝાનુન લાયસમઊના બેહા ઉલાએકા કલઅનઆમે બલહુમ અદ્લો ઉલાએકા હુમુલગાફેલૂન (સુરતે અઅરાફ આયત ૧૭૮).

અર્થઃ—અને ખરેખર અમે દોઝખ માટે ઘણા બરા જીન્ન અને ઇનસાનો પેદા કર્યા છે. તેઓનાં એવાં અંતઃકરણ છે કે તે વડે તેઓ કંઈ સમજતા નથી, અને તેઓને એવી આંખો છેકે તે વડે તેઓ જોતા નથી, અને તેઓને એવા કાન છે કે તે વડે તેઓ સાંભળતા નથી. તેઓ ઢોર જેવાં છે બલ્કે તે કરતાં તેઓ વધારે ખોટે રસ્તે ગયેલા છે. તેઓ ગાફીલ માણસો છે.

સાચી શાક્ષી આપવા વિષે.

યા અૈયોહલ્લઝીના આમનુ કુનુ કવ્વામીના બીલકીસ્તે શોહદાઆ લીલ્લાહે વલવઅલા અનફોસેકુમ અનીલવાલેદયને વલઅકરબીના ઇંયયકુન ગનીયંન અવફકીરંન ફલ્લાહો અવલા બેહેમા ફલા તત્તબેઉલહવા અનતઅદેલુ વઇંનતલુ અવતુઅરેદુ ફઇંન્નલ્લાહા કાના બેમા તઅમલુના ખબીરા. (સુરતુન નેસાઅ આયત ૧૩૫).

અર્થઃ—હે મોમેનો ! તમે ન્યાયપુર્વક ઉભા રહી ખુદા વાસ્તે શાક્ષી પુરો, અગર જોકે તે તમારી પોતાની વિરૂદ્ધ અથવા માબાપ અને સગાવહાલાની વિરૂદ્ધ હોય, તેઓ જોઇએ તો તવંગર હોય કે ગરીબ હોય. કારણ કે ખુદા તેઓ બન્નેની મસ્લેહત જાણવાને વધારે યોગ્ય છે. માટે તમારી મનની ઇચ્છા પ્રમાણે ચાલો નહી કે જેથી તમે ન્યાયથી આડા જાઓ. અને જો તમો જીભ વાળી લ્યો (ખોટી શાક્ષી પુરો) અથવા મોંહ ફેરવો તો ખરેખર ખુદા જે તમે કરો છો તે જાણનાર છે.

૪૩. સૈ. અબ્દેઅલી સૈફુદ્દીન બીન સૈ. અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન (૨૦. હિન્દ–સુરત) સાહેબની ટુંક ઝીકર.

સૈ. મોહમ્મદ યુસુફ બીન સૈ. ઝકીયુદ્દીન બાદ હી૦ ૧૨૧૩ ના વરસમાં સૈ. અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ દાઅેવતે હાદિઆની મસનદ પર જલ્વનુમા થયા. આપ આ દાઅવતના માલી થયા ત્યારે આપની ઉમર માત્ર ૨૪ વર્ષની હતી. આપનો જન્મ હી૦ ૧૧૮૯ ના માહે સફરની તા. ૯ મીના રોજ થયો છે. આપે નાની ઉમરમાંજ કુલ ઇલમ પર કાબુ મેળવ્યો ને તે બાદ ઇસલામ ને ઇમાનના નીગેહબાન થયા. શરીઅતે ગરરાના હુકમ પર ચાલવા લોકોને ફરમાવતા અને આગળના કુલ દોઆતોની માફક દીનના કામકાજ માટે હમેશાં ખંત રાખતા. ખુદાના વલીઓની માફકના આપ વલી હતા, તેમજ ખાનદાનીમાં મોઅતબર હતા.

આપના ભાઇ સૈયદના યુસુફ પછી આપ સુરતથી રવાના થયા ને મોરબી પધાર્યા. મોરબીને આપે દારૂલ હીજરત બનાવ્યું ને અહીંજ મુકામ રાખ્યું. એટલે આજુબાજુના રહીસો દીની કામકાજ માટે તથા હાજરતમંદો મોરબી આવતા, તે પછી આપે મોરબીમાં ઇલમની નદી જરી કીધી યાને તાલેબુન માટે ઇલમનો બંદોબસ્ત કર્યો. આપના વખતમાં ઘણા ગામોમાં મોમિનો પર જુલમ થવા લાગ્યો અને હાકેમોના જુલમના સબબ સઘળા મોમિનો વેપાર સુદ્ધાં ભુલી ગયા હતા ને ઘણાજ તંગ આવી ગયા હતા તે ખબર આપ સૈયદનાને પડી જેથી આપ ઘણાજ કચવાયા ને દોઆએ ખેર કરી.

બયાનમાં છે કે, હી૦ ૧૨૧૪ માં ઔરંગાબાદમાં મેદપુરનો રહીશ ચાંદજી બારજી અને તેનો મદદગાર જીવાખાન ઇન્ને અબ્દુલરસુલ બંનેએ મળી મોમિનીનમાં ફસાદ ને દીતનતનો શોર મચાવ્યો. આ વખતે આપ સૈયદના મોરબીમાં હતા અને દક્ષિણ તરફ યાને ઔરંગાબાદ તરફ ચાંદજીની દીતનત ઘણીજ વધવા લાગી જેથી આપ ખુદાના નઝદીક મુમેનુનના જુલ્મની રીહાઈ વાસ્તે દોઆ કરતા હતા તથા રાતમાં ઇબ્દલ્લાહ તઝરેા કરતા હતા. આપ ખુદા પર કુલ્લી એઅતેમાદ રાખનારા હતા. આપ સાહેબુઝ્ઝમાનના નાયબ અકલથી તથા નસ્ર કલામથી સઘળા સાથે પેશ આવતા. આપનામાં ખાસ ખુબી તો એ હતી કે કોઈ પણ માણસ આપની પાસે આવતો તો તેને જોઇને આપ તેના મતલબને પારખી લેતા. આપ ઇન્સાફ કરવામાં એક્કા હતા, આપની યાદદાસ્ત ઘણી તેજ હતી ને આપ હમેશાં અક્કલથીજ કામ લેતા. આપે કોઈ વખત કોઈ પર જરાએ સખ્તાઇ કરી નથી.

મુફસીદ ચાંદજીના ફસાદની જ્યારે ખબર પડી ત્યારે આપને ઘણો રંજ થયો અને મુંબઇના આભીલ શેખ કુતુબભાઇ ઇબ્ને સુલેમાનજી તરફ રસુલને મોકલ્યો, તેમાં ફરમાવ્યું કે " તમે ઔરંગાબાદ જઇ ત્યાંના રહીસોને મદદ કરી મુફસીદના ફસાદને દુર કરજો ". ફરમાન અનુસાર શેખ સાહેબ ઔરંગાબાદ ગયા અને નવાબ મશીરૂલ મુલ્કની

શીકારસથી રઇસ નુરઅલી પુનાવાળાના હાથ પર ચાંદળીને તાબે કર્યો. બાદ તેને મોરબી હઝરતે આલીયાહમાં લાવવામાં આવ્યો. અહીં તે કેટલાક દિવસ રહ્યો ને મરી ગયો.

આ કામમાં શેખ હિબ્તુલ્લાહભાઇની પુરી તદબીર હોવાથી ખુદ સૈયદનાએ તેની શાનમાં બેતો ફરમાવી. ત્યાર બાદ હી૰ ૧૨૧૪ માં આપ મોરબીથી રમઝાન વાસ્તે જામનગર પધાર્યા. અહીં આપે ચાર સાહેબોને હદિયતના ફતવા આપ્યા ને આજ વરસમાં આયને ત્યાં ખુદાતઆલાએ ભાઈ તૈયબભાઇ નામના ફરઝંદની દોલત અતા કીધી. તે બાદ આપના બેરો અમ્તુલ્લાબાઇ શેખ જીવણજી વફાત થયા. ત્યાર બાદ આપે શેખ હેબ્તુલ્લાહ-ભાઈની દિકરી બાઇસાહેબા સકીનાબાઇ સાહેબા સાથે શાદી કીધી, અને તેજ અરસામાં આપના ફરઝંદ ભાઇસાહેબ અબ્દુતૈયબ વફાત થયા. ત્યાર બાદ આપ નગરથી સુરત પધાર્યા ને સુરતમાં બાઇસાહેબ સકીનાબાઇ મોહરરમની તા. ૨૬ મીએ વફાત થયા. ત્યાર બાદ આપના ભાઇ, આપના જન બરાબર, દાઅવતે હાદિયાના રબોપા સૈયદી અબ્દુલકાદર હકીમુદ્દીન સાહેબ તા. ૭ મી ઝીલકાદ હી૰ ૧૨૧૭ માં સુરતમાં વફાત થયા. આ વફાતથી આપને ઘણોજ સદમો થયો, બલ્કે કયામત આવી હોય તેવી મુસિબત થઈ. આપનો ભાઈ પુર જવાનીમાં વફાત થયા જેથી આપ સૈયદનાની કમર ટુટી ગઈ, દાઅવતે હાદિયાના કામકાજમાં મરહુમ મોકદ્દમભાઇના સબબ જે પુરી મદદ હતી તે આ વફાતથી દુર થઇ જેથી આપને ઘણોજ ગમ થયો બલ્કે દાઅવતના કામોથી આપ નાઉમીદ થયા પણ ઇમામીઝઝમાનના નાયબ સબરથી નાઉમેદ ન થયા, બલ્કે સબરને દાદ આપી ને એક શબ્દ પણ શીકાયતનો મોંહથી ન નિકલ્યો.

આમ મુસિબત પર મુસિબત, ગમ પર ગમ આવ્યો છતાં આપે ઝબાન મુબારકથી કદી શકવા કરી નહિ ને સબરને લાઝીમ રહ્યા. બરેબર ખુદાતઆલા તરફની આ એક કસોટી હતી, પરંતુ ખુદાના વલી ખુદાના ઇમ્તેહાનમાં પુરી રીતે પસાર થયા ને ખુદાના અમર પર હરએક વખતે સબરને ઇખ્તીયાર કરતા.

સંકટનો સમય.

બયાનમાં છે કે એક વખત રામપુરાના રહિશોપર અવામ લોકોએ મુસિબત પહોંચાડી ને હુલ્લડ મચાવ્યું, તેમજ મુંબઇમાં જબરદસ્ત આગ લાગી, નર્મદામાં આપના બિરાદરના રહિશ દુબી ગયા, રતનગઢ તથા ખેરીના રહિશોને બાજુરાવે કેદમાં નાખ્યા. આમ દરેક બાજુએથી મોમિનોપર દુઃખ પડવાના ખબર આવવા લાગ્યા, જેથી આપને ઘણોજ સદમો પહોંચ્યો, આપ ઘણાજ રંજુર થયા. દાઅવતના ફરઝંદોની મુસિબત તે આપની મુસિબત સમજતા ને આવા મુસિબતના વખતમાં સબર સિવાય કઇજ ન કરતા પણ ખુદાના નઝદીક મુસિબત દુર થવાની દુઆ ફરમાવતા.

દાઅવતનું ઇલમ.

દાઅવતનું ઇલમ હકના ઇમામો પાસેથી દાઇઓ પાસે કઇ રીતે આવ્યું તે તવારીખ દરેક મોમિનીનને જાણવાની જરૂરી છે તેવા વિચારથી અત્રે આપેલ છે.:—

સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ ફરમાવે છે કે:—

સૈયદના મોઅૈયદ શીરાઝી ઇમામ મુસ્તનસીર બિલ્લાહના બાબુલ અબવાબ હતા, તેમજ ઇલમને જાહેર કરવામાં દાઅવતના રૂકન હતા, તેથીજ ઇમામ અલૈહીસ્સલામે સૈયદના મોઅૈયદને અબુનમુશ્રીક એટલે કે શકકત કરનાર બાવા કહીને આપનું ઇલમ જાહેર કરવા હુકમ ફરમાવ્યો. આપે ઘણા કિતાબો બનાવ્યો છે. ખાસ કરીને **મેઅત** નામના કિતાબમાં આપે કુલ ઇલ્મોને જમે કીધું છે, અને કુલ ઇલમની વિરાસત સૈયદના લમક બીન માલિકે સૈયદના મોઅૈયદની જનાબમાં પાંચ વરસ રહી (દરેક ઇલમ) હાંસિલ કીધું. ને કુલ ઇલમમાં કમાલીયતને પહોંચ્યા. આ વાત ઇમામ મુસ્તનસીર બિલ્લાહની બિદમતમાં પહોંચી, જેથી આપ ખુશ થયા અને દાઅવતના ઇલમની વિરાસત આમ જાહેર થઇ, જેથી લેકિામાં સૈયદના લમકની શોહરત દરેક જગા પર થઇ. તે પછી સૈયદના લમક મિસરથી ઇલિમ લઇ યમન આવ્યા ને યમનમાં પોતાના ફરઝંદ યાલ્લાને તૈયાર કીધા ને પોતાના ઇલમના માલિક બનાવ્યા. તે પછી યાલ્લાએ સૈયદના ઝોએબ બીન મુસાને પોતાના ઇલમના વારીસ બનાવવા નિર્ણય કીધો ને પોતાનું કુલ ઇલમ સૈયદના ઝોએબને આપ્યું તાકે આ દાઅવતનું ઇલિમ એક પછી એક દાઇઓએ લઇ સૈયદના મોહમ્મદ ઇબ્ને સૈયદના હસન ઇબ્ને સૈયદના ઇદરીસ સુધી યમનમાં જરી રાખ્યું. હવે આપ સૈયદના મોહમ્મદે આ મુસ્તનસરી તથા મોઅૈયદી દાઅવતના ઇલમના વારીસ બનાવવા હિન્દના ચાર શખ્સોને બોલાવી તે ઇલિમ આપવા નક્કી કર્યું, જેમાંના (૧) સૈયદના યુસુફ બીન સુલેમાન. (૨) સૈયદના જલાલ ઇબ્ને હસન. (૩) સૈયદના દાઉદ ઇબ્ને અજબશાહ. (૪) અને સૈયદના દાઉદ ઇબ્ને કુતુબશાહ. મજકુર સાહેબો ઇલમના માલિક ને વારીસ બન્યા અને તેનો કુલ સરવાળો સૈયદના કુતબુદ્દીન શહીદમાં થયો. તે બાદ સૈયદના કુતબુદ્દીને પોતાના ઇલમની વીરાસત શેખુલ અજલ નઝમખાન ઇબ્ને દાઈ પીરખાન સુજાઉદ્દીનને સોંપી આપ શહીદ થયા, અને શેખ નઝમખાને પોતાના ઇલમના વારીસ શેખ ખાનજી ઇબ્ને પીરજીને બનાવ્યા. શેખ ખાનજીએ આ ઇલિમની બે નહેર જરી કીધી તેની તાઇદ બે સાહેબ તરફ જરી રહી. (૧) શેખુલ ફાઝીલ સફીયુદ્દીન ઇબ્ને દાઇ ઝકીયુદ્દીન. (૨) શેખ લુકમાનજી ઇબ્ને મુલ્લાં હબીબુલ્લાહ.

શેખુલઅજલ સફીયુદ્દીન સાહેબે (નગર) પોતાનું ઇલિમ સૈયદી અબ્દુલકાદર હકીમુદ્દીન બુરહાનપુરવાલા સાહેબને સોંપ્યું ને હકીમુદ્દીન સાહેબે પોતાના ઇલમના વારીસ પોતાના ભાઇના ફરઝંદ શેખુલ અજલ હબીબુલ્લાહ ઇબ્ને આદમ ઇબ્ને મુલ્લાં બાનસાહેબ રામપુરીને બનાવ્યા.

મોલાઇ હબીબુલ્લાહ સાહેબે પોતાનું ઇલમ શેખ રહેમતુલ્લાહ ઇબ્ને હસનજીને આપ્યું અને શેખ લુકમાનજીએ પોતાનું ઇલિમ કે જે ઇલમ શેખ બાનભાઇ પાસેથી લીધું હતું તે ઇલમના વારીસ શેખ હિબ્તુલ્લાહ ઇબ્ને મુલ્લાં વલીમોહમ્મદ ઇબ્ને શેખ લુકમાનજી થયા. આ બંને આલીમોએ પોતાનું ઇલિમ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબને સોંપ્યું, જે બંને સાહેબોની કબર સુરતમાં બે કુબ્બાના વચમાં છત્રીમાં છે.

અને મોલાઈ ખાનજી ઇબ્ને પીરજી તરફથી જે ઇલમની બે નહેર જારી થઇ હતી તે બંને નહેરના વારીસ પણ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ થયા.

આ પ્રમાણે આપ સૈયદના કુલ ઇલમો, હિકમતે ઇલાહીયત હકિકત ને તાવીલ વિગેરે ઇલ્મોના આપ વારીસ થયા યાને દરેક ઇલમનો જુમલો આપનામાં શામીલ થયો. તે બાદ આપે તાવીલના ઇલમ પર તકેદારી રાખી ને તેને લાયક સિવાય બીજાઓ માટે તે ઇલમ મોકુફ રાખ્યું ને જાહેરી ઇલમ પડાવવાની ઘણીજ તાકીદ કીધી, અને દરેકના ઇમ્તેહાન પછી ઉચા ઇલિમ લેવાની પરવાનગી આપતા.

આપના વખતમાં તાલેજુનના ઇમ્તેહાનનું કામ ભાઇસાહેબ કમરૂદ્દીન ભાઇસાહેબને સોંપાયું હતું અને દાઅવતની વઝારતનું કામકાજ શેખુલ ફાઝીલ શરફઅલી ઇબ્ને મુલ્લાં ઝૈનુદ્દીનને સોંપવામાં આવ્યું હતું.

આપના વખતમાં ફીકેહના ઇલમ માટે ઘણીજ તાકીદ કરવામાં આવી અને દરેક જાતનું ઇલિમ, હુનર વિગેરે ઇલિમનો બજાર ગરમ હતો, મજલીસો તથા કચેરીનું કામ ચાલુ હતું, **એકસોની બબરગીરી ને મઝલુમો વાસ્તે ન્યાય ચાલુ હતો.** આ રીતે કાનુન પ્રમાણે દાઅવતે હાદિઆનું કામકાજ ચાલુ કર્યું. તે બાદ મોહરરમની દસ મજલીસની રસ-મની તાકીદ કીધી, પરંતુ **માતમ-યાને સીનું (છાતી) કુટવાની સખ્ત મનાઈ કરી.** આપ દાઅવતે હાદિઆના કામકાજ ખંતના સાથ કરતા અને મોમિનોને હિદાયત આપવા તેમજ તેમને દરેક જાતની રાહત મળે તે માટે આપ સૈયદના દરેક ઇલાકાના આમિલોને કાગળો લખી તાકીદ ફરમાવતા. આ કાગળોપરથી માલુમ પડે છે કે આપ શરીઅતના કેટલા પાબંદ ને કેટલા માચાળુ હતા. આપે આમિલોને નસિહતના તોરપર કાગળો લખ્યા છે તેને દસ વિભાગમાં વેંચી નાખ્યા છે, જે નીચે પ્રમાણે છે.:—

આમિલોને લખાએલ કાગળો.

(૧) **આમિલને** લાયક છે કે, હર વખત પોતાના કામકાજમાં ફીકર રાખે, નરમી ને ગરમીમાં પસાર થાય તો એક હાલતમાં રહે, સિયાસતના હુકમને પોતાની આંખ તળે રાખે, ગરમીમાં નરમી વાપરે ને નરમીમાં જરા સખ્તાઈ વાપરે કે તે ભાગે. તેમ એટલી નરમી ન વાપરે કે તેથી લોક તમને હલકા સમજી લે. જમાઅતમાં કોઈ શરીઅતથી ઉલટો યા કોઈ એબમાં ધસડાતો હોય તો તેને એકાંતમાં બોલાવી નસિહત કરે. તેમ છતાં પણ જો તે કોઈ રીતે નજ સમજતો હોય ને શરીઅતના અમરમાં ખિલાફ કરતો હોય ને દરેક જાતની બદી જેવી કે શીર્ક, જુઠ, ચોરી, ઝીનાખોરી, જુગાર, દારૂનું પીવું વિગેરે જાતની બદીઓથી ઘેરાતો જતો હોય તો તેને નસિહતના તોર પર તેના બદ અખલાક સુધરે તેવી રીતે સમજાવવાની કોશિષ કરે. ગરચે તે ગરીબ હોય કે તવંગર સર્વે સાથે ન્યાય પ્રમાણે વર્તે, પણ આમિલ પોતે કોઇ વાતથી ગાફીલ ન રહે.

(૨) **આમિલને** લાયક છે કે, જમાઅતમાં આપસમાં સલાહના અમર સંભળાવે, દરેકના દિલોમાંથી મેલને સાફ કરાવે, ફસાદના સબબોને દુર કરે, બે જણ વચ્ચે લડાઇ હોય તો એક જણની વાત પર અમલ ન કરે, બંને શખ્સનું સાંભળે તે પછી ન્યાય તોલે અને બંને સાથે નરમી ને મોહબ્બતથી વર્તી એકબીજાને સલાહ કરાવે તથા બંનેને ખુશી કરાવે અગર બંનેને અસંતોષ થયો હોય તો બંનેને ઇમામના દાઇ તરફ મોકલાવે કે તે બંનેની તકરાર ખુદાના ઇલ્હામથી દફે થાય.

(૩) **આમિલને** લાયક છે કે, ખુદાતઆલાના હકો યાને ઝકાત અને તેના જેવા બીજા હકો મોમિનીન પાસેથી લે અને તે લેવામાં અવલીયા અલ્લાહના કલામો અને જે હોંશ બતાવવામાં આવી છે તે પડી સંભળાવે કે જેથી દરેક શખ્સ પોતાની કદર પ્રમાણે તેવા હકો અદા કરે, અને તાકાત ઉપરાંત કોઇનાથી તેવા હકો વસુલ ન કરે તાકે સઘળા ફરીઝતના હકોને બરાબર અદા કરે ને સાચા મોમિનુનના દરજ્જામાં ચડે.

(૪) **આમિલને** લાયક છે કે ખુદાતઆલા ને ખુદાના વલી સાહેબુઝ્ઝમાન અને તેના દાઇ ઉલ વકતના માલોને સંભાળીને રાખે ને ગેરવાજબી એક પૈસો પણ કોઇને આપે નહિ, અને જમાઅતના પૈસા, સબિલ વિગેરેની આવકને ચાર શખ્સના મસ-લેહતથી એક અમીન માણસને સોંપવામાં આવે. આમિલ પોતા પાસે રાખે નહિ અને અને ખરચ કરવાનો વખત આવે તો ચારે સાહેબોની રાએથીજ ખરચે. આમિલ પોતાની અક્કલથી કે પોતાની રાએથી ખર્ચી ન શકે. આમિલ પોતાનાજ માલને સંભાળે. ઇસરાફી ન કરે, માલને તબાહ ન કરે, કારણ કે માલથી દુનિયામાં ઇજ્જત છે અને એનું મોટામાં મોટું સબબ દુનિયામાં મોહતાજગી છે. તે મોહતાજગી દફે કરવા વાસ્તે માલને જાળવી રાખવું જરૂરનું છે.

(૫) **આમિલને** લાયક છે કે ફીકેહના મસાએલને યાદ રાખે. શરીઅતે ગરરાના દરેક એહ-કામોને પોતાના દિલથી લઇ ઉઠે. ખાસ કરીને નિકાહ ને તલાકના એહકામોને રાત દિવસ સોચા કરે, આમિલનું ખાસ કામ વગર કચાસે હરામ અને હલાલના મસઅલતોના જવાબો સહેલાઈથી આપે. દાએમુલ ઇસલામને ખુબ યાદ કરે અને ઇમામોના કલામોથી દરેક મસઅલતના ફતવા આપે, અગર કોઇ મસઅલત મુશકીલ દેખાય તો દાઇઉઝ-ઝમાનની તરફ તે મસઅલતને રજુ કરે ને તે મોલાનાના ઇરશાદ મુવાફીક અમલ કરે.

(૬) **આમિલને** લાયક છે કે, કાગળની લખાએલી શાક્ષિને કે કાગળને વાંચીને તે પર અમલ ન કરે. કાગળની શાક્ષિ સાથે રૂબરૂ ઝબાનીની શાહેદી માંગે, તે બાબતમાં એહલુલબૈતના કિતાબોમાં ઘણી તાકીદ આવી છે કારણ કે તેથી કેટલોક ગોટાળો થઈ જવા સંભવ રહે છે. આ વિષે ઇમામ જાફરૂસાદીકથી એક રિવાયત છે કે આપની પાસે એક શખ્સ આવ્યો ને અરજ કીધી કે મારો પાડોશી એક કાગળ લાવ્યો છે, તે કાગળમાં મારા ખાસ દસ્તખત છે ને મારી શાક્ષિ છે, પરંતુ તેવી ગવાહીથી

આ દુનીયા બિલકુલ અનજાણ છું તો આપ તે વિષે શું ફરમાવો છો ? ને ગવાહી કઈ રીતે અદા કરું ? આ સાંભળી ઇમામ જાફરસાદીક સાહેબે ફરમાવ્યું કે, એ શખ્સ ! તું જ્યારે જાણતો નથી તો તું શાહેદ નથી ગરચે તારા દસ્તખત છે પણ નકામા છે. ખતનો સાહેબ કંઇ ગવાહ થઇ શકતો નથી, માટે એ આમિલ ! તેવા કાગળોથી ખૂબ નિગાહ રાખજે. કાગળના સાથે ખતના લખનાર જો ઇકરાર કરે તોજ તે કબુલ રખાય.

(૭) આમિલને લાયક છે કે, પોતાના મોઅક્કેના (અમાલતનું મથક) લોકોને હમેશાં હિદાયત દેતા રહે અને શરીઅતના કામકાજને તેઓ ઉપર લાઝીમ કરતા રહે. ખાસ કરીને પાંચે વખતની નમાઝ કોઈ વખત કઝા ન કરે તેવી તાકીદ કરે, તેઓ સઘળા મસજીદમાં આવી નમાઝ અદા કરે અને જે શખ્સ ન આવે તો તેઓથી દંડ લે કે જેથી ઇમામતમાં હાજર રહે.

(૮) આમિલને લાયક છે કે, પોતાના દાઇ અને મુરશીદની તરફ હમેશાં કાગળ લખતા રહે ને પોતાના મોઅક્કેની ખબરો હમેશાં પેશ કરતા રહે. કાગળ લખવામાં આળસ ન કરે, કાગળ લખતી વખત બીજા કોઈ શુગલમાં ન રહે.

(૯) આમિલને લાયક છે કે તે ઇજ્જત સાથે રહે, લોકોમાં હલકો પડે તેવાં કામો ન કરે, સલામ વિગેરેનો સવાલ ન કરે, કનાઅત (સંતોષ) થી રહે, થોડી હોંશ કરે, મોમિન હદિયો કરે તો તે કબુલ કરે અને ન આપે તો મનમાં ન લાવે.

(૧૦) આમિલને લાયક છે કે, દરેક અમરમાં, દરેક એહવાલમાં ખુદાતઆલાની તરફવાપર ભરોસો રાખે, પોતાના અમરોની હેરફેરમાં ખુદાતઆલા પર ભરોસો રાખે.

આ પ્રમાણે આપ સૈયદનાએ આમિલો માટે દસ તરેહના આપ રજુ કર્યા છે, જેમાં તેમને શરીઅતના પાબંદ રહી લોકોને નસિહત રૂપે શિખામણો આપી શરીઅતે મોહમ્મદી પર ચાલવા માટે ફરમાવ્યું છે. આપ પોતે લોકો તરફ ઘણુજ માયાળુ તથા ન્યાયી હતા. આપના અદલ ન્યાયના સબબ લોકોમાં આપનું ઘણુંજ માન વધ્યું ને ખુદાના અમરને હક રીતે પાળી બુલંદ દરજ્જે પ્રાપ્ત કર્યો. આપે લોકોને તકવા વાસ્તે ઘણીજ તાકીદ કીધી ને ફરમાવ્યું કે, " મુત્તકી વાસ્તે જન્નત છે " અને દરેક આમિલોને ખુદાની તકવા રાખવા વખતો વખત ભલામણ કરતા કે જેથી લોકો પર જુલમ ન થાય તથા શરીઅતની પાબંદી સિવાય બીજી કોઇ જાતની મોહબ્બત નહોતી, કારણ આપ હાદી થઈ આવ્યા હતા ને હાદીની ફરજોની રીતે ફરજો બજાવવા સિવાય લોકો પાસેથી તે બદલનો કંઇ પણ બદલો લેવાનું પસંદ ન કરતા. કારણ લોકો પાસેથી બદલો લેવો એ આપ શરીઅત વિરૂદ્ધનો હક્ક ગણુતા.

રસુલેકરીમ સ. અ. વ. એ ફરમાવ્યું છે કે, એ લોકો ! હું હાદી થઇને આવ્યો છું ને તમોને હિદાયત આપી તેનો હું કંઈ પણ બદલો લેવા ચાહતો નથી. પરંતુ મારા ફરઝંદોની મોહબ્બત ચાહું છું.

હવે જ્યારે રસુલેખુદા આ પ્રમાણે ફરમાવતા હોય તો પછી તેને પગલે ચાલનારા તેના ખાસ હાદિયો તેનાથી ઉલટા વર્તન કેમ ચલાવે ? ખુદાતઆલાના અમર પર ચાલનારા ખાસ હાદિયો કોઇ પણ વખત લોકોને કચવાટ થાય તેવું કરતા નથી. તેઓ તો ફક્ત લોકોને હિદાયત આપે ને તેમાંજ તેનું સાર્થક સમજે, અને તેમના અનુયાયીઓ તેમના પગલે ચાલે, તેમના બતાવેલા સિધા માર્ગે ચાલે તેમાંજ તેની નજાતી છે એવું સમજે. અગર જો કોઇ હાદી પોતે ચારિત્રવાન ન હોય ને બીજાને ગમે તેવા હુકમ કરતા હોય તો તેના તેવા હુકમ ન માનવા બદલ તેના અનુયાયીને કંઈ નુકશાન થતું નથી કે તેના નેક આમાલ ઝાએ (નકામા) જતા નથી.

આ વિષે સૈયદના હાતિમ બીન ઇબ્રાહીમે પોતાના કિતાબ **તંબીહુ-લ-ગાફેલીન** માં ફરમાવ્યું છે કે, રસુલેકરીમ ફરમાવે છે કે, " એ બની હાશમ ! દરેક લોકો પોતાના આમાલ કયામતમાં લઇને આવે, અને તમો મારું ઘરાણું લઇને આવશો તો તેથી હું તમને કંઈ ફાયદો કરનાર નથી ". આ હદિસથી સાબિત થાય છે કે, હ. મોહમ્મદ સ. અ. વ. જેવા મહાન નબીના ઘરાણાની સગારત કામ લાગતી નથી તો પછી વગર અમલની વલાયત કે વગર સમજની તાબ્બત શું કામ લાગશે ?

સુરતમાં દરસ.

બાદ આપ સૈયદનાએ સુરતમાં એક મોટી મસજીદ બનાવી ને તે સાથે દરસની જગ્યા લઈ મદ્રસાનું મકાન બનાવ્યું, ઓલોમાઓ માટે રહેવાનાં મકાન બનાવ્યાં અને તલબતો આરામથી ઇલમ લઇ શકે તેવી જાતની દરેક સગવડ કરી. આ વખતે દરસમાં લગભગ ૨૦૦) કરતાં વધારે તલબતો ઇલમ તેહસિલ કરી રહેલ હતા, અને આપ સૈયદનાના ઇરાદા પ્રમાણેજ આ દરસનો તલબત જાણે કે એક કોલેજમાં અભ્યાસ કરી બહાર પડેલ હોય તેવો તૈયાર થતો. આ દરસની મુલાકાત લેનારાઓમાંના ઘણા સાહેબોએ આ દરસના વખાણ કર્યાં છે ને અરબી શિક્ષણ માટે આપની કારકીર્દીમાં આ દરસ સારામાં સારૂ સાધન છે તેવા અભિપ્રાયો આપ્યા છે.

સુરતમાં પાણી ને રેલ.

આ વરસે સુરતમાં તાપી નદિમાં મોટું પુર આવ્યું, જેના સબબ હજારો ઘર પુરમાં તણાઇ ગયા અને દરેક કોમના માણસો પર આફત આવી પડી. આ આફતઝદાઓને આપે બચાવ્યું, આ વખતે અઠવાડીયા સુધી પુરના પાણી ઉતર્યાં નહોતા ને આખું શહેર પાણીથી ફેલાએલ રહ્યું, જેથી દરેક કોમના આફતમાં સપડાએલા ભાઇઓને આપે ઘણી

રીતે મદદ કરી, તે પછી પુરનું પાણી ઉતરી ગયું ત્યારે આપે કઇક લોકોને પૈસા આપી ફરી વાર ઘરો બનાવી આપ્યા ને તેઓને માલની પણ મદદ કરી. આપે આ વખતે રાહે ખુદામાં હજારો માણસોને મદદ કીધી.

હી૰ ૧૨૨૦ માં આપના બૈરો સકીનાબાઇ વફાત થયા તે બાદ આપે જીવણાબાઈ બિન્તે ઠોસાજી નગરવાળાની દિકરી સાથે નિકાહ કીધા ને તેજ વરસના ઇદુલ અદહામાં ચાર શખ્સોને હદિયતથી મુશરરફ કીધા. તેમાં (૧) શેખ સુલતાનભાઈ. (૨) શેખ સાદેક-અલી ઇબ્ને મુલ્લાં સુલતાનભાઈ નસિહતના સાહેબ. (૩) શેખ અલાબખશ. (૪) શેખ હેબતુલ્લાહભાઈ. તે પછી આજ વરસમાં મજકુરા જીવણાબાઇ સાહેબા ગુજરી ગયા, જેથી આપને ઘણો સદમો થયો.

હી૰ ૧૨૨૩ માં ઇદે ગદીરમાં આપ સૈયદનાએ જનફરજી ઇબ્ને શેખ અબ્દુલહુસેનને હદિયતનો ઇતબો આપ્યો, તે પછી હી૰ ૧૨૨૫ માં રામપુરાવાળા મુલ્લાં યુસુફજીની દિકરી બાઈ વઝીરાબાઈ સાથે આપ સૈયદનાએ નિકાહ કીધા અને આ વઝીરાબાઈના પેટથી હી૰ ૧૨૨૬ માં રબીઉલ આખરની તા. ૨૭ મીના દિવસે સૈયદી મોહમ્મદ બદરૂદીન સાહેબનો જનમ થયો. આપના મકાનમાં ઇલાહી નુરનો દીવો ચમકયો. આપે આ ફરઝંદના તવલ્લુદના શુકીયામાં ૯ આસામીઓને શેખના ઇતબા આપ્યા. આ નવ સાહેબોમાં શેખ તૈયબ ઇબ્ને શેખ જીવણજી કે જે સાહેબ સૈયદના નજમુદીન સાહેબના બાવાજી થાય છે, તે પછી આપે આપની બહેન વઝીરાબાઈની દિકરી બાઈ હયાતીબાઈની તથા બીજા બહેન બદીજાબાઈની દિકરી સકીનાબાઈની શાદી કીધી. હયાતીબાઇને ભાઇસાહેબ હેબતુલ્લાહ ભાઇસાહેબ સાથે તથા બાઈ સકીનાબાઇની તેના કાકાજીના ફરઝંદ અબદુલઅલી સાથે શાદી કરી આપી. આ શાદી વખતે આપે કુલ મોમિનોને બોલાવ્યા હતા ને શાદી આપની શાન પ્રમાણે કરી હતી.

દુકાળ અને મદદ.

હી૰ ૧૨૨૮ માં નગર તથા હાલાર જીલ્લામાં દુકાળ પડયો. આ વખતે અનાજની ઘણી અછત હતી ને ઘાસ સુદ્ધાં મળવું મશકીલ થઈ પડયું. લોકો મદદ ! મદદની બુમો પાડવા લાગ્યા, કયાંએ આશરો મળવાની આશા જણાઈ નહિ. તેવા વખતમાં મોમિનો પણ ઘણાજ તંગ હાલતમાં આવી ગયા અને દરબદર ભટકવા લાગ્યા પણ કયાંએ આશરો મળતો નહોતો. તેવા વખતમાં મોમિનીનના મોલાએ દુકાળની મદદ માટે કોઠારને ખુલ્લો મુકયો, ને ગામેગામ લખી મોકલ્યું કે જેઓ તંગ હાલતમાં હોય તેઓ ખબર આપશે તો તેનો બંદોબસ્ત કરી આપવામાં આવશે. વિગેરે. દુષ્કાળના પંજામાં સપડાએલા મોમિનીન, મોમિનાત ૧૪૦૦૦) ચૌદ હજારના આશરે આ દુકાળના નીવારણ માટે સુરત આવ્યા ને સૈયદના અબ્દેઅલી સૈયુદ્દીનનો આશરો લીધો. આ વખતે આપે ૧૩ા દોઢ વરસ સુધી કુલ મોમિનીનની પરવરીશ કીધી, તેમજ તેઓ સર્વેને કપડાંલત્તાં પણ પુરાં પાડયાં અને વણકરો તેમજ વેપારીઓને પોતાની પાસેના પૈસાથી વેપાર કરાવ્યો. આ પ્રમાણે દોઢ

વરસ સુધી તેઓને આશરો આપ્યો ને જમાડયા. શું આ કંઇ કામ પર ઓછું એહસાન કહેવાય ? શું કોમના રાહબર ને મૌલા ! બરેબર જેના આવા મૌલા હોય તેને શું તકલીફ હોય ? તેના ગમે તેવા મુશકેલ વખતમાં ખુદા નિગેહબાન થાય છેજ.

આવા કટોકટીના વખતમાં આપ ખુદ મહેમાનોની ખબરગીરી રાખતા, તેમને સારી રીતે જમાડતા ને પુરતો સંતોષ આપતા. જ્યારે આપ સૈયદના પોતે તો કુતબશરી માટે (જીવવા પુરતું) ફક્ત ૧૮ નીવાલા પરજ સબર કરતા ને પોતે દુનિયાના લોકોની હમદર્દીમાં પોતાનું જીવન ગાળતા. કેવી ત્યાગવૃત્તિ ! કેટલો સબર !! આપ પોતે જમણ લેતા તે ફક્ત ખુદાતઆલાની ઇબાદત વાસ્તે ને જીસમ ટકાવી રાખવા પુરતુંજ લેતા હતા અને મકાનમાં એક કટોરો ને મટકી સિવાય બીજું કંઇ આપ નહોતા રાખતા. આપને શામ કે ઇસ્તમબોલી ગાલીચા નહોતા જોઇતા, તેમ બિછાના માટે દેશી ચટાઇ સિવાય આગ્રા કે અલ્હાબાદની ભારી ભારી નમુનેદાર શેત્રંજીઓ નહોતી જોઇતી. આપ તો ખુદાના વલી હજરત અલી અ. સ. ની માફક ધણાજ બીનીને ચાલનારા હતા કારણ શેઝેકયામત ખુદાતઆલા પાસે પોતાને હિસાબ આપવાનો છે તેનો ખોફ હતો. અને ખાનાદારી માટે આપ એકજ બૈરો રાખતા તે ફક્ત ઓલાદ ને સંસારની મદદ વાસ્તેજ. આપ ખુદાના વલીને દુનિયાની હોંશ, લઝ્ઝત કે ઐશો-અશરતની દરકાર નહોતી. આપનો શુગલ દિવસ ને રાત ઇલમનોજ હતો. ગાડી, ઘોડા કે વાજાગાજાં આપને બિલકુલ પસંદ નહોતા, એટલુંજ નહિ પણ તેનાથી અણગમો બતાવતા ને વાજાથી તો બિલકુલ નફરત કરતા.

આપ દરેક વખતે આખેરતનો ખ્યાલ રાખતા, વઝુ વગર એક લહેજો પણ ન રહેતા, નમાઝ કે તહજ્જુદ વગર કોઇ રાત ખાલી નહિ, વહેલી સવારે અંધારામાં ઉઠી બિણબતીનો દીવો કરતા, કુરઆને મજીદના દોર વગર કોઇ દિવસ ખાલી નહિ. સિરતમાં ઇનસાફથી ભરેલા, સખ્તાઇનું નામ નહિ, દુશમનીની વાતોથી પણ દુર, હમિય્યતથી કોસો દુર, દીની અમરમાં ખુદાના વલીયોના પગલે ચાલવું, બાલીક પાસેજ ઉમેદગી, મખ્લુક પાસે કોઈ ચીઝની આશા નહિ.

હવે જે મોમિનીનના મોલા આવા નેક સિરત ખુદાના વલી ને દાઇએ હક હોય તેના મોમિનીન પણ તેવા નેક સિરતદાર હોય તેમાં શું અજબ થવા જેવું છે ? જે દાઇએ હક પોતાની કુતબશરી માટે ફક્ત ૧૮ નીવાલાજ જમતા હોય તેને દુનિયાની લાલચ શાની હોય ? કે તેઓ દુનિયાના ખઝાનાને શા માટે એકઠો કરે ? તેઓ જે કંઇ વાજેબાત લેતા તે દાઅવતના કામ વાસ્તેજ લેતા ને પાછી દાઅવતનાજ કામ માટે ખરચી હકદારોને આપી સવાબેદારેન હાસિલ કરતા. તેઓ દાઅવતના પૈસામાંથી એક પાઇ પણ પોતાના ઉપયોગમાં લેતા નહોતા કે ખઝાનાને એકઠો કરતા નહોતા ને દુનિયાની દોલત, સોનું, રૂપું એકઠું કરનારાઓ માટે કલામુલ્લાહમાં ખુદાતઆલાએ જે સઝા ફરમાવી છે તેને પોતાની નજર સામે રાખી બોકે ખુદા એક પલ પણ ન વિસરતા. સોનું, રૂપું એકઠું નહી કરવા વિષેની આયત નીચે મુજબ છેઃ—

" યા અૈયોહલલઝીના આમનુ ઇન્ના કસિરંન મિનલ અહબારે વરરોહબાને લયા-અકોલુના અમવાલનનાસે બિલબાતેલે વયસુદ્દુના અન સબિલિલ્લાહે વલ લઝીના યકનેઝુન-ઝઝહબા વલફીદ્દતા વલાયુનફેકુનહા ફી સબિલિલ્લાહે ફબશશીરહુમ બે અઝાબીન અલીમ. યવમા યોહમા અલૈહા ફીનારે જહન્નમા ફ તુકવાબેહા જેબાહોહુમ વ જુનુબોહુમ વ ઝુહુરોહુમ. હાઝા મા કનઝતુમ લેઅનફેસેકુમ ફઝુકુ માકુનતુમ તકનેઝુન. (સુરતુત-તૌબા આયાત ૩૪-૩૫).

અર્થઃ—હે મોમેનો ! બરેબર ઘણા વિદ્વાન ધર્મગુરુઓ અને ઝાહેદો લોકોના માલને અન્યાયથી ખાય જાય છે, અને તેઓને ખુદાને રસ્તેથી અટકાવે છે; અને જેઓ સોનું અને રૂપું એકઠું કરે છે, અને ખુદાને રસ્તે વાપરતા નથી તેઓને દુઃખદાયક શિક્ષાના ખબર આપો. તે શિક્ષા તે દિવસે છે કે જે દિવસે તે સોનું અને રૂપું દોઝખની આગમાં તપાવવામાં આવશે, પછી તે વડે તેઓના કપાળ અને તેઓના પડખાં અને તેઓની પીઠને ડહામ દેવામાં આવશે અને કહેવામાં આવશે કે, તમારે માટે તમે જે એકઠું કર્યું હતું તે આ છે; માટે જે તમે એકઠું કરતા હતા તેનો સ્વાદ લ્યો.

તા. ૧ લી શાબ્બાન હી. ૧૨૨૭ ના વરસે આપના મુસાહેબ્બ રતનઆઈ સાહેબ્બા ઝવજતે ઝકીયુદ્દીન સાહેબ્બ વફાત થયા. આ વફાત પહેલાં આપના ભાઇ સૈયદી અબ્દુલ-કાદર હકીમુદ્દીન કે જે સાહેબ્બની કબર સુરતમાં મોટા કુબ્બામાં આપની કબરની પડોશમાં છે તે સાહેબ્બ વફાત થયા. આમ માસાહેબ્બા તથા ભાઇસાહેબ્બના વફાતથી આપને ઘણોજ સદમો પહોંચ્યો. આ વખતે આપે કાતેહાનું જમણ કરેલ હતું, જેમાં બહાર ગામથી તાઅઝીયત વાસ્તે મોમિનોની સંખ્યા વધી જવાના સબબ કાતેહાના જમણ તથા અનાજની તાણ જણાઈ, છતાં ખુદાના ફઝલથી તે કામ પાર પડી ગયું.

આ અરસામાં આપ બિમાર થયા તે વખતે આપની પાસે યારીદેન તરીકે ખુદા ને ખુદાના વલી બમામુઝ્ઝમાન સિવાય કોઇ નહોતું. આ હાલતમાં આપ આપની મિસલના દાઅ-વતના રખેવાળની તલાશમાં રહ્યા ને ખુદા ને ખુદાના રસુલની અમાનતને અદા કરવા સારૂ ફિકરમાં હતા. કેટલીક તપાસ બાદ છેવટ દરિયામાંથી મોતી કાઢનારા જે મિસલ કુબ્બકી મારી મોતી કાઢે છે તેજ મિસલ આપને તપાસમાં શેખ મોહમ્મદ ઇઝઝુદ્દીન નઝર આવ્યા ને તબારકલ્લાહો અહસનુલ ખાલેકીનના કોલ મુજબ સૈયદી મોહમ્મદ ઇઝઝુદ્દીનને જોયા.

હી૦ ૧૨૨૮ માં આપ બિમાર થયા, હકિમો તથા ડાકટરોને બોલાવ્યા પણ આપની શીફાની કોઇ સુરત ન જણાઈ. તે વખતે આપે ચાર સાહેબ્બોને પોતા પાસે બોલાવ્યા ને તેમને આપે કેટલાક નસિહતના કલામો કહ્યા અને સઘળાના રૂબરૂ સૈયદી મોહમ્મદ ઇઝ-ઝુદ્દીનપર **નસ** કીધી ને દાઅવતે હાદિઆની ગાદી સૈયદી મોહમ્મદ ઇઝઝુદ્દીનને સોંપી. તે બાદ આ અમર આપે છુપો રાખવાનો હુકમ ફરમાવ્યો. ત્યાર બાદ ખુદાએ આપને શીફા બક્ષિ. આ પછી આપ સૈયદનાએ મોહમ્મદ ઇઝઝુદ્દીનને દીનના કુલ અમરથી વાકીફ કીધા અને દિવસ બાદ દિવસ આપે સૈયદી મોહમ્મદ ઇઝઝુદ્દીનને હરજ્જતમાં ચડાવ્યા ને હી૦ ૧૨૩૨

માં શહેરે રજબની છેલ્લી તારીખોમાં આપ બિમાર થયા અને જીલકાદની ૭ મીએ આપ ઘણા બેકરાર થયા એટલે આપે હુદ્દોને બોલાવ્યા ને સઘળાના રૂબરૂ સૈયદી મોહમ્મદ ઇઝઝુદ્દીનપર નસ્સેજલી ફરમાવી, તે વખતની તરતીબ નીચે મુજબ હતી :—

(૧) **માઝુન**—સૈયદી શેખઆદમ સફીયુદ્દીન તે આપના ભાઇ. (૨) **મુકાસીર**—શેખ આદમભાઈ ઇબ્ને મીઠાભાઈ. (૩) **રાસુલહુદુદ**—શેખ આદમ ઇબ્ને શેખુલ ફાઝીલ સુલતાનભાઇ રામપુરી. તે પછી શેખુલ ફાઝીલ અલવઝીર અબ્દુલકૈયુમ ઇબ્ને શેખ શરફઅલી સુરતી. એમ એક બાદ એક કુલ ૨૦ હુદ્દોદો તરતીબમાં બેસતા. તેમાં આપના મનસુસ શેખુલ ફાઝીલ મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબ્બ તરતિબમાં ૧૫ માં હતા છતાં લાયકીમાં બેઇલ્હામીલ્લાહ મજકુર સાહેબ્બને મનસુસ નિમ્યા.

આ વખતે તરતિબમાં બેસનારાઓમાં આપના મોટા ભાઈ શેખ તૈયબભાઇ ૮ માં હતા, અને નસિહતના સાહેબ્બ શેખ સાદકઅલી ૧૨ માં હતા છતાં તરતિબમાં ૧૫ માં નંબરે બેસનાર સાહેબ્બને દાઅવતના લાયક ખુદાના ઇલ્હામથી ચુંટ્યા. તે વખતે આપના ભાઈ માઝુને હક. શેખ આદમ સાહેબ્બ ને બીજા તરતિબના કોક સાહેબોએ પણ આપના હુકમને માથે ચડાવી ખુદાના વલીના ફએલને મનઝુર રાખ્યો ને દાઇએ હકનો રૂતબો સૈયદી મોહ-મ્મદ ઇઝઝુદ્દીન સાહેબ્બને સોંપ્યો.

તે પછી આપ જીલકાદની તા. ૧૨ મી હી૦ ૧૨૩૨ ઇસ્વી ૧૮૧૭ માં સોમવારે Sept 23, 1817 અસર બાદ ખુદાતઆલાની રાહમાં ઇન્તિકાલ ફરમાવી ગયા.

આપે આપની હયાતિમાં ચાર કિતાબો બનાવ્યા છે. (૧) અલમુખ્લસ સીરતે લુકમાનજી (૨) રીસાલતુસ્સૈફીયાહ. (૩) નાઅથે સૈયદી શેખ આદમ સફીયુદ્દીન. (૪) અદ્દીવાન.

આપની દાઅવત ૧૯ વરસ, ૪ મહિના ને ૨૪ દિવસ રહી. આપની ઉમર ૪૩ વરસ ૯ મહિના ને ૩ દિવસની છે. આપના જનાઝાના વાલી સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબ્બ થયા. આપના જનાઝાની નમાઝ પણ આપેજ પઢાવી ને સુરતમાં લુસુરી કુબ્બામાં મોટા કુબ્બામાં આપના ભાઈ અબ્દુલકાદર હકીમુદ્દીન સાહેબ્બ પાસે દફન થયા છે. ક. ૩.

૪૪. સૈ. મોહમ્મદ ઇઝઝુદ્દીન બીન શેખ જીવણજી ઔરંગાબાદી (૨૧ હિન્દ–સુરત) ની ટુંક ઝીકર.

સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબના ઇન્તેકાલ બાદ દાઅવતે હાદિઆની મસનદ પર આપ સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબ હી૰ ૧૨૩૨ ના જીલકાદની તા. ૧૩ મી એ બિરાજ્યા ને દાઅવતે હાદિયાનો કારોબાર સંભાળી લીધો. આપનો જન્મ સફરની તા. ૧૧ મી ૧૨૦૩ હીજરીના રોજ થયો છે. આપની માસાહેબાનું નામ બુજીબાઇ બિન્તે આદમજી બીન ફેઝુલ્લાહભાઈ બીન મોલાઈ હકીમુદ્દીન (બુરહાનપુર) સાહેબ છે. આપના બાવાજી સાહેબનું નામ શેખ જીવણજી ઇબ્ને શેખુલ ફાઝીલ દાઉદભાઇ ઇબ્ને મુલ્લાં સાલેહભાઈ છે. આપે ત્રણ દાઇઓની ખિદમત કીધી હતી. આપને પહેલા બૈરોના પેટથી એક ફરઝંદ થયા હતા, જેનું નામ મુલ્લાં વલીભાઇ હતું. આપ ઘણાજ મુતકી હતા.

બયાનમાં છે કે સૈયદના મોઅૈયદના ફરમાને આલી મુજબ સૈયદી શેખ જીવણજી નગરના ગામોમાં વાજેબાત વાસ્તે ગયા હતા અને આપના ફરઝંદ મુલ્લાં વલીભાઇ ઔરંગાબાદમાં તેમની કંપનીવાલાઓ સાથે સાંજના મગરીબની નમાઝ વાસ્તે ગામ બહાર ગએલા. ત્યાંથી નમાઝ બાદ ઘર તરફ આવતાં કોઇ દુશમને આપને શહિદ કીધા. આ ખબર સૈયદી જીવણજીને પહોંચી. આપને આ એકજ ફરઝંદ હતા, તેની શહાદતથી આપને નેહાયત સદમો થયો, પણ આપ ઐયુબ ને યાઅકુબ નબીની માફક સબરને લાઝીમ રહ્યા. આપ લાવલદ થયા ત્યારે સૈયદનાએ શેખ જીવણજીને બીજી બૈરો સાથે નિકાહ કરવાનું ફરમાન કીધું, પણ આપ ઉમરમાં મોટા હોવાથી ઉઝર પેશ કીધો. મગર દાઇના ઇલ્હામી ફરમાન પાસે લાચાર થઇ તે હુકમને માથે ચડાવી મજકુરા બાઈ બુજીબાઈ સાથે નિકાહ કીધા. ખુદાતઆલાએ આપને તેના પેટથી બેફરઝંદ ઇનાયત કીધા, તે સાહેબના નામ— (૧) શેખ તૈયબજી. (૨) શેખ મોહમ્મદ. આપે દાઅવતની જે ખિદમત કીધી તેનો બદલો ખુદાએ આપ્યો, અને શેખ જીવણજીએ સૈયદના મોઅૈયદ પાસેથી જે રીતે ઇલમ મેળવ્યું તેજ પ્રમાણે સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબે સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન પાસેથી ઇલમ મેળવ્યું ને આપના મનસુસ થયા–યાને–દાઇએ હક થયા.

આપ ગાદીનશીન થયા ત્યારે આપના ઇકરાર વાસ્તે કોઇએ ઇરાદ કે ગુલુ ન કીધો, કારણ કે આપ હકના દાઇના હકના વારીસ થયા છે તેમ કુલ આલમ સમજી ગયું હતું. બાદ આપે પોતાના મુનઇમની વસિયત પ્રમાણે ઇલમની નદી પુર જોશમાં જારી રાખી તથા દીની ઉમુરોમાં જરા પણ કસુર ન કીધો. ખાસ કરીને આપે સૈયદના અબ્દેઅલીની ઝીકરમાં એક રિસાલો બનાવ્યો જે અરબીમાં છે તેમાં આપ નીચે મુજબ ફરમાવે છેઃ—

" સૈયદના સૈફુદ્દીનને દરેક મોમિન યાદ કરે છે, કારણ આપ ખુદાના ઇલમ રૂપે ને સખી રૂપે ઇલાહી હુકમ જારી કરવામાં દરયાએ કરમ હતા. આપ ઓલોમાઓમાં ઉસ્તાદે કામિલ હતા, મોમિનુનમાં ઇમામના નાઇબ હતા, દોઆતોમાં ફઝલના ખુલાસા હતા. હકના

કલેમાને બુલંદ કરવા લાખો રૂપિયા ખરચી ઓલોમાઓ તૈયાર કીધા, લાખો રૂપિયા ખરચી ઇલ્મી તેમજ દુન્યવી મોમિનુનને ગીઝા બક્ષિ, કપડાં વગરનાઓને કપડાં પહેરાવતા, ભુખ્યાઓને જમાડતા, કઇક હાજતમંદોને રોકડ આપી તેમની હાજત પુરી કરતા. આપ ખાનદાનના ઉચા હતા, આપ ઇન્સાફના એટલા આદીલ હતા કે આપના આપેલ ચુકાદામાં કોઇને ફરી અરજ કરવાનું કારણ રહેતું નહિ. આપે મમલુકે આલેમોહમ્મદને પોતાના મનસુસ કરવા આકે પહેાર કસોટી પર લેવાના અમરને જારી કીધા. વખતો વખત મમલુકને કામ બજાવવા અમર થાતો તે બજાવી લાવતો. તે સાથે મમલુકની શાદી થઇ, તે પછી તરતજ અમરે આલી થયો ને મુંબઈ જવાની તકલીદ અપાઈ ને હુકમ થયો કે " હાલમાંજ જે હાલમાં હો તે હાલમાં, જ્યાં હો ત્યાંથી તકલીદ મળતાં મોઝેપર જાઓ અને યહાં સુધી હુકમ થયો કે આ અમર કોઇને કહેવામાં ન આવે ". જેથી મમલુકે આલે મોહમ્મદ ઘર આગળ ખબર કર્યા વગર મુંબઈ આવ્યો. તે બાદ આપ બિમાર થયા એટલે મારા પર ફરી હુકમ થયો કે જલદી આવો. આથી મમલુકે આલે મોહમ્મદ તુરતજ હઝરતે આલીઆમાં હાજર થયો, જેથી મોલાના સૈફુદ્દીન સાહેબ ઘણાજ ખુશ થયા અને રીસાલતે વહિદાથી મને મુશરરફ કીધો. આ વખતે આપ સુરતમાં દરિયા મહેલપર હવા બદલ વાસ્તે પધારેલા હતા, તે પાછા મકાનપર તશરીફ લાવ્યા, અને જમાદીલ આખરની તા. ૧૭ મી હી૰ ૧૨૨૮ માં મમલુકે આલે મોહમ્મદપર ત્રણ ફોઝોલાના ફરફ નસ કીધી. સઘળાને શાહેદ રાખ્યા ને દાઅવતના કામકાજની મને ભલામણ કીધી અને આ અમરને છુપો રાખવાનો હુકમ થયો. છેવટ આપના રહેલતના દિવસ સુધી નસનો અમર છુપો રહ્યો. તે પછી મને યાદ ફરમાવી હર વખત દાઅવતના કારોબારનો અમર બતાવતા રહ્યા, તાકે એ વરસથી વધુ આપ તંદુરસ્ત રહ્યા. તે બાદ પાછા આપ બિમાર થયા તે વખતે આપ ઇદુલહર (બકરી ઇદ) ની મજલીસમાં હાજર ન થઇ શકયા તેથી લોકોમાં આપની બિમારીનો ગમ વધુ થયો. તેમજ મમલુકે આલે મોહમ્મદને કુરઆનીની ઝમેહનો વાલી બનાવ્યો અને આપની બિમારીના વખતના કાગળોમાં સહી કરવાનું કામ મમલુકે આલે મોહમ્મદને સોંપ્યું. છેલ્લે આપની મોહટી બુસાહેબાના ઓરસપર મજલીસમાં પધાર્યા ત્યારે આપે આપની મોતખબરી બે મહિના અગાઉ કહી સંભળાવી હતી અને આપના કહેવા મુજબ તેજ બિમારીમાં આપ વફાત થયા ".

સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબના વફાત બાદ આપ સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબ દાઅવતની મસનદપર બિરાજ્યા અને સૈયદના સૈફુદ્દીનની માફકજ આપે દાઅવતનો કારોબાર શરૂ કર્યો.

આપ સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબ માટે સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ ફરમાવતા કે;—

" ઇઝઝુદ્દીનને હોદુદોના દરમિયાનમાં વાહિદના મકામમાં કાયમ કીધા અને સઘળાના અવલા, અને અફઝલ દાઅવતે હાદિઆના તખ્તો તાજના વારીસને લાયક થયા. અબ્બારના લોકો કહે છે કે, મોલાના ઇઝઝુદ્દીન સાહેબ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીનના ઝમાન

પ્રમાણે હુબહુ સૈફી ઝમાન હતા. નાકેસુત (અધુરાઓ) વાસ્તે મોલાના ઈઝઝુદ્દીન ઇતાબના હાકીમ હતા, અને કામેલુન વાસ્તે અમાન હતા. આપે આપના મુકીમ સૈ. અ. સૈફુદ્દીન સાહેબની વસિયતથી પોતાના મોટા ભાઇ શેખ તૈયબ ઝૈનુદ્દીન સાહેબને મુકાસીરના ઇતબાથી ખાસ કીધા. તથા આપના પછી દાઅવતના રબેવાળ મનસુસ બનાવવા ઇશારો વસિયત મુજબ ફરમાવ્યો. જોકે મોલાના ઝૈનુદ્દીન સાહેબ આપથી ઉમરમાં મોટા છે પણ ફઝલમાં તે નાનાભાઇની બરાબર છે. બંને ભાઇઓ દાઅવતના એક ફાનુસના બે દિવા સમાન છે. સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબને બે ફરઝંદ હતા. (૧) ભાઈસાહેબ મોહમ્મદ બદરૂદ્દીન સાહેબ. (૨) ભાઇસાહેબ અબ્દુતૈયબ. આ બંને ભાઇઓને સૈયદના મોહમ્મદ ઈઝઝુદ્દીન સાહેબે પોતા પાસે રાખ્યા ને બંનેની તરબીયત કીધી. બંને શાહઝાદાને આપના જતન કરતાં અવલા ને આલા રાખ્યા. આપને ઉમેદ હતી કે બંને ભાઈ પોતાના બાવાજી સાહેબની જગામાં મરતબાદાર થાય અને પોતાના મુનઇમે કીધેલા એહસાનનો શુક્ર અદા કરે. સરકારે ઇઝઝીએ બંનેની કફાલત કરવામાં બૂબ કોશિષ કીધી. બાદ બંને ભાઇઓની બતાનત ધામ-ધુમથી કરાવી. આ વખતે બહાર ગામથી મોમિનો આવેલ હતા **ને મદ્રેસાઓને યાદ કરવામાં આવ્યા હતા.** આપે આ વખતે આવનાર સાહેબોને ઘણીજ ઇઝ્ઝત આપી સર્વેને ખુશીના સાથે હદિઆઓ આપી વિદા કીધા.

હી૰ ૧૨૩૪ ના માહે રબીઉલઅવ્વલની તા. ૨૮ મીના રોજ ભાઇ અબ્દુતૈયબ ભાઇસાહેબ વફાત થયા. આ વફાતથી આપને ઘણોજ સદમો પહોંચ્યો. કારણ કે આપના મુનઇમના બે ફરઝંદોમાંના એક ભાઇને ઝમાનાએ ઉંચકી લીધા યાને સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબના બે ગૌહરમાંથી એક ગૌહર ગુમ થયા. આ પછી આપ સૈયદના રાત દિવસ દાઅવતની નીગેહબાનીમાં ગુઝારતા ને દાઅવત કેમ આબાદ થાય, મોમિનો કેમ ફલાફુલા રહે, તેઓની તંગીઓ કેમ દુર થાય, તેઓ કેમ ઇલ્મ લેતા થાય ને ખુદાના દિનને સમજે એજ ફીકરમાં હમેશાં રહેતા. વખતો વખત મદ્રસાઓની મુલાકાત લેતા, તલબતોને હોંશ બતાવી ઇલ્મ લેવા માટે સમજાવતા ને તેમની દરેક હાજતોનો બંદોબસ્ત કરી આપતા.

આ અરસામાં અલમાઝુન નસિહતના સાહેબ સૈયદી લુકમાનજી સાહેબના ફરઝંદના શેખ ઇબ્રાહીમજી પણ વફાત થયા, જેથી પણ આપને ઘણોજ રંજ થયો કારણ આ શેખ આપના પુરા યારીદિન હતા.

આપ સૈયદનાનું જ્ઞાનદાન ઘણુંજ ઉચું છે, આપની માસાહેબાના માસાહેબાનું અસલ સૈયદી મૌલાઈ હસન ઇબ્ને મૌલાઇ શમસખાન છે. સૈ. ઝૈનુદ્દીન તથા સૈ. ઇઝઝુદ્દીન બંને સાહેબો જવાનીથીજ દાઅવતની ખિદમતનો શોખ ધરાવતા હતા ને દુનિયાને મુકી દિન પર કુરબાન થતા, તારેકુદ દુનિયા (દુનિયા ને મુકી દેનાર) હતા. આપ દુનિયાપર પડા-પડી ન કરતા તેમ દુનિયાને પોતાની બનાવવા કોઇ વાર કોશિષ ન કરતા ને કહેતા કે:—

" આ દુનિયામાં જેઓ લોકોને હિદાયત દેવા વાસ્તે આવેલ હોય તેઓને ભલા દુનિયાની શું ઝરૂરત પડે ? કે તેઓ દુનિયાની દોલત ભેગી કરે. " આપ હમેશાં લોકોને

દુનિયાના માલપર પડાપડી કરવાની મના કરતા ને અમલે સાલેહાત માટે રાત દિવસ હિદાયત આપતા.

હી૰ ૧૨૩૪ માં આપ સૈયદનાને પેટનું દરદ થયું. આ દરદ અગાઉ આપને થયું હતું તે પાછું ઉપડી આવ્યું. ત્યારે આપને મોતબબરી થઇ. તે પછી આપે એક હઝાર વાર જમીન ખરીદી અને મોહર્રમની મજલીસમાં આપના મોટા ભાઇ સૈયદી તૈયબ ઝૈનુદ્દીન સાહેબપર નસના અમરને ફરમાવ્યો. બાદ આપના પેટનું દરદ વધતું ગયું તેવા વખતમાં પણ આપે સબરજ ઇખ્તીયાર કીધી, કોઇ જાતની શકવા ન કરી. આપની બિલાકત ફકત ચાર વરસ રહી તેમાં બે વરસ તો પેટની બિમારીમાં ગયાં. આ દરદમાં આપ દિવસે દિવસ કમતાકાત થતા ગયા, અશક્તિ એકદમ આવી ગઈ ને ચાલવાની શક્તિ રહી નહિ જેથી આપે આપના મોટા ભાઇ સૈયદી તૈયબ ઝૈનુદ્દીન સાહેબને ઓલોમાઓની રૂબરૂ તા. ૧૫ શહેરે રમઝાનના રોજ નસ્સેજલી ફરમાવી અને મખ્ખી અમરોથી વાકેફ કીધા તથા સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબની વસિયતનું બયાન કહી સંભળાવ્યું. બાદ મોલાના અલી ઇબ્ને અબીતાલિબના શહાદતના દિવસે યાને શહેરે રમઝાનની તા. ૧૯ મી June 20, 1821 હી૰ ૧૨૩૬ ઇસ્વી ૧૮૩૧ ના રોજ આપ વફાત થયા. આપનો જનમ હી૰ ૧૨૦૩ માં થયો છે ને આપ દાઅવતે હાદિઆના નીગેહબાન તરીકે ગાદીનશીન હી૰ ૧૨૩૨ માં થયા છે. આપની ઉમર ૩૩ વરસ, ૭ મહિના ને ૮ દિવસની છે. આપની બિલાકત ૩ વરસ ૯ મહિના ને ૨૬ દિવસ રહી. આપે એક કિતાબ લખ્યો છે જે કિતાબ રિસાલાએ નાએબે મૌલાના અબ્દેઅલી સૈફુદ્દીન છે. આપનું મઝારે મુકદ્દસ સુરતમાં છે. ક. ૩.

યાદ રાખવા જોગ.

કબાઇર ૧૨ ગુનાહ છે જે હજ અને તૌબતનનસુહ વગર માફ થઇ શકતા નથી.

ઝબાનથી થતા ૪ ગુનાહ—(૧) શીર્ક. (૨) ખોટી શાહ્દી. (૩) જાદુનું શીખવું. (૪) નેક બૈરો પર તોહમત મુકવું.

હાથથી થતા ૨ ગુનાહ—(૧) કતલ કરવું. (૨) ચોરી કરવી.

પેટથી થતા ૩ ગુનાહ—(૧) વ્યાજનું ખાવું. (૨) યતીમનો માલ ખાવો. (૩) દારૂનું પીવું.

દ્રષ્ટીથી થતો ૧ ગુનોહ—ઝીનાહ (વ્યભીચાર).

પગથી થતો ૧ ગુનોહ—જેહાદથી ભાગવું. (હકની લડાઇ).

શરીરથી થતો ૧ ગુનોહ—માબાપની બેફરમાની.

ઇલ્મ ૫ બસલતોથીજ હાંસીલ થઈ શકે છે.

૧. ઘણી પુછપરછ. ૨. ચારિત્રવાન થવું. ૩. ઉસ્તાદની બીદમત. ૪, રાતમાં જાગવું. ૫. ખુદાથી મદદ ચાહવી.

૪૫. સૈ. તૈયબ ઝૈનુદ્દીન બીન શેખ જીવણજી ઔરંગાબાદી (૨૨ હિન્દ–સુરત) નું ટુંક બયાન.

સૈયદના મોહમ્મદ ઈઝઝુદ્દીન સાહેબના વફાત પછી આપના મોટા ભાઈ દાઅવતે હાદિઆની મસનદપર બિરાજ્યા. આપે દાઅવતની લગામ હાથમાં લીધા બાદ મોમિનોને ઇસલામના અરકાન મઝબુત કરવા તાકીદ કીધી તથા શરીઅત ને તરીકતના ઇલમોનો ફેલાવો કીધો. આપના વખતમાં વરસાદની મિસલ ઇલ્મની ચરચા માઅરેફતના લોકોમાં વધી. તલબતો ખેતી રૂપે તરોતાજા થયા ને બેઇલ્મો તેમજ દુશ્મને હક સાંભળી ગાયબ થયા, અને આલેમો જેવા કે શેખ અબ્દુલઅલી શેખ ઇસાભાઈ દાહોદવાળા, શેખ વલીભાઈ રામપુરી વિગેરેનો સહારો થયો. દરેક પોતાના ઇલ્મ રૂપે વરસ્યા ને કેટલાકો પોતાના ઇલ્મની લીયાકતના સબબ રૂતબામાં ચઢયા.

આપ સૈયદના ઘણાજ હિલમ, તકવા ને કરમના સાહેબ હતા, જેથી આપને ચાહનારાઓ ઘણા થયા, તેમજ આપની શાનમાં કસિદાઓ પણ લખાયા, જેમાંનો એક કસિદો શેખ વલીભાઈ ઇબને શેખ હબીબુલ્લાહે લખ્યો છે જે આખો વાંચવા જેવો છે. જેમાંનો થોડી કડીનો સાર આ પ્રમાણે છેઃ—

(૧) કોઇ પણ ઝીકરના પહેલાં મોહમ્મદના ફરઝંદોની ઝીકર કરીએ તે વધારે બંધબેસતું છે તેઓ વાસ્તે ખુદાએ કુરઆન ઉતારેલું છે.

(૨) તેઓની મુઝુર્ગી અર્શપર નુરથી લખવામાં આવી છે, કાગળપર શાહીથી લખવાનું નથી. કારણ તેઓ તો મુઝુર્ગીનાજ લોકો છે.

(૩) અને ખાસ કરીને તે ઝીકરને લાયક ઇમામ અબીલ કાસમ ખુદાના ખુશ કરી લીધેલા છે. આપનું નામ પણ તૈયબ (પાક) છે, તેમ ઝીકર પણ પાક છે.

(૪) કે તે ઇમામે અમો સઘળાના મગફેરત વાસ્તે આં તૈયબ ઝૈનુદ્દીન સાહેબને બાબ (દરવાજા) કાયમ કીધા, અને તેજ સાહેબ તરફ છુપી રીતે પોતાના ફેઝ જારી કીધા.

આ કસિદો ઘણો મોટો છે તેથી અત્રે આપેલ નથી, પરંતુ આપની શાનમાં તે કસિદાના સાહેબે ઘણું સરસ બયાન આપ્યું છે,

સુરતમાં પાણીની રેલ.

હી૰ ૧૨૩૭ માં સુરતમાં તાપી નદીમાં પાણીની રેલ આવી તેના સબબ ગામમાં અનેક ઘરોમાં પાણી ભરાયા ને હજારો માણસો ઘરબાર વગરના થઈ ગયા. આ વખતે ખુદ સૈયદના પોતે હોડીમાં બેસી દરેક જનદારોને બચાવ્યા તેમજ તેમના ખાવા પીવા તથા રહેવાનો બંદોબસ્ત કરી આપ્યો હતો, આપની આ સખાવત જગમશહુર છે. ત્યાર બાદ

હી૰ ૧૨૩૯ માં માલવાના લોકો આપને આમંત્રણ કરવા આવેલ તેની અરજને કબુલ કરી આપે બાલણપ્યાં તથા દુહુદોના સાથે સફરપર જવાની તૈયારી કરી ને સુરતથી ખંભાત પધાર્યા ત્યાંથી અમદાવાદ આવ્યા ને ઝીયારતથી મુશરરફ થઇ કપડવંજ પધાર્યા. આપે અહીં રમઝાન ઇદ કીધી ને ગરીબોને કપડાંની નવાઝેશ કીધી. આ વરસે વરસાદના દિવસ હતા ને અતિ વરસાદના સબબ તે દિવસો આપે કપડવંજમાંજ પસાર કીધા, અને હી૰ ૧૨૪૦ ના મોહરરમની તા. ૨૮ મીએ કપડવંજથી રવાના થઈ માલવા તરફ સફરને લંબાવી. પહેલાં આપ દાહોદ પધાર્યા. દાહોદથી રતલામ અને રતલામથી મંદસોર તા. ૨૫-૪-૧૨૪૦ હીજરીના રોજ પધાર્યા. Dec 17, 1824

મંદસોરમાં હુલડ.

આપ મંદસોર પધાર્યા ત્યારે મોમીનીનોએ આપનો અચ્છી તરેહ સતકાર કર્યો પણ અહીં એહલેબૈતની અદાવત કરનારા) ઘણા હતા, જેઓમાં બદીએ ઘર કર્યું હતું, જેમાં તંબાકુ, દારૂ, હુક્કો, અફિણ વિગેરે અનેક જાતની બદિઓ મુખ્ય હતી ને અદાવતમાંતો હદ વગરના હતા. તેવા વખતમાં મૌલાના ઝૈનુદ્દીન સાહેબનું ત્યાં આવવું થયું. આપની પાસે અમીર ને ગરીબ બધા સરખા હતા. આપ ગરીબોના પરવર હતા આપની દિનદારી ને હિલમના સબબ દુશમનો પણ દોસ્ત બની જતા. આવા ખુદાના વલી, ઇમામુઝઝમાનના નાઇબના દીદાર વાસ્તે આસપાસના ગામોમાંથી ઘણા માણસો મંદસોરમાં જમા થયા. આ પ્રમાણે દાઇએ ઝમાનની શાન ને મોમિનીનનું જમા થવું મુખાલેફુનથી જોવાયું નહિ તેથી તેમના દિલોમાં બુગઝની આગ ભડકી ને આસપાસના મોમિનીનને ઈઝા દેવા લાગ્યા.

Jan. 19, 1825

હી૰ ૧૨૪૦ જમાદિલ અવ્વલની તા. ૨૯ મીએ અહીં શીતનતની આગ સળગી તે વિષે બયાનમાં છે કે, મોલવી રમઝાનઅલી નામનો એક મોલવી આલે મોહમ્મદનો વિરોધિ હિન્દુસ્તાનથી ત્યાં આવ્યા, તેને ઘણી ધામધુમ સાથે લોકો શહેરમાં લાવ્યા, ઘણા હદિયાઓ આપી તે મોલવી સાહેબને નવાજ્યા, મોલવી સાહેબની ઘણીજ ખાતરદારી કીધી, તેનો ઉતારો મંદસોરમાં મોમિનીનના મોહલ્લા પાસેના મકાનની એક મસજીદમાં રાખ્યો, અને તેમની પાસે તેના લોકોની આવક જાવક ઘણીજ રહેતી હતી તેથી દરવાજાપર ચોકી પહેરો રાખ્યો હતો. આ વખતે ત્યાંથી એક મોમિન બાઈનું નીકળવાનું થયું જેથી તેઓ તે મોમિનને ગાળો દેવા લાગ્યા, અને એક રખેવાળે તો મિયાનમાંથી તલવાર કાઢી પેલા મોમિન બાઇને કાપી નાંખ્યો. આ ખબર મોહલ્લામાં બીજા બાઇઓને પડી જેથી તેઓ ઘાયલ થએલ મોમિનોને બચાવવા આવી પહોંચ્યા તે વખતે મોટું હુલડ થયું. આ હુલડમાં કઈક મોમિનો શહિદ થયા. આ હુલડની ખબર કેટલાક વફાદાર અરબોને પડી કે તરતજ તેઓ પોતાની બંદુકો લઈ મુમેનુનની હિમાયત વાસ્તે આવ્યા ને સામસામા લડવા લાગ્યા આ મારામારી ને ખુનરેજીમાં કોઈની બંદુકની ગોળી ખુદ મોલવી રમઝાન-અલીને લાગવાથી તે મોલવી વફાત થયા. આથી મુખાલેફુન વધારે ઉશકેરાયા ને કીનો

લેવા તૈયાર થયા. આ હુલડની સૈયદનાને બિલકુલ ખબર નહોતી કારણ આપ તો ખુદાની ઝીકરમાં મશગુલ હતા પણ કીનાખોરો આપ સૈયદનાના મકાનપર દોડી ગયા ને તે મકાનને અદમાશોએ ઘેરી લીધું.

હવે જ્યારે હુલડખોરોએ આપ સૈયદનાના મકાનને ઘેરી લીધું ત્યારેજ આપને ખબર પડી કે શહેરમાં મોમિનો તથા મુખાલેફુનો વચ્ચે જબરજસ્ત હુલડ થયું છે, અને ઘણા સાહેબો ઘાયલ થયા છે. આ વખતે આપ સૈયદના રહીશ મુલ્લાં હેબતુલ્લાહના મકાનપર ઉપરના ભાગમાં હતા. બળવાખોરોમાંહેના ઘણા લોકો હથિઆર સહિત સૈયદનાના મુકામ પર જ્યાં ઉતારો હતો ત્યાં ચડી આવ્યા હતા તેમાંથી કેટલાકે બંદુકની ગોળીઓ છોડી. તેમાંથી એક ગોળી આપ સૈયદનાના રૂમમાં આવી મગર ખુદાએ પોતાના વલીની હિફાઝત કીધી તે આપ બચી ગયા. આ હુલડમાં કેટલાક મુમેનુન શહીદ થયા ને કેટલાક સખ્ત રીતે ઘાયલ થયા. તે બાદ મુલ્લાં વલીભાઇ હુલડખોરોના હાથમાં સપડાયા ને તે પણ શહીદ થયા.

આ હુલડ અને આમલોકોના ઝુલમની ખબર નીમચની છાવણીમાં ગોરા અમલદારોને પડી કે તરતજ તેઓ એક હથીયારબંધ ટુકડી સહિત આવી પહોંચ્યા ને મુમેનુનની રખેવાણી કીધી. આ વખતે સૈયદી મોહમ્મદ બદરૂદ્દીન સા. તથા સૈયદી નજમુદ્દીન સા. તથા બીજા ઘણા હુદુદ્દો સાથે હતા. સત્રા ઇમામુઝ્ઝમાનની નઝરાત ને યારીના સબબ બચી ગયા ને ઇમામી-ઝ્ઝમાનની કરામત જાહેર થઇ. તે બાદ ૩૦ હથીયારબંદ પોલિસો આપની રખેવાણી માટે રાખવામાં આવ્યા, આથી દુશમનોમાં ઘણી જાતની ધારણાઓ ફેલાઈ ને તરેહ તરેહની વાતો કરવા લાગ્યા. કોઇ કહેતા કે, " મુલ્લાંજી જોકે વગર સાધનના છે ને દુશમનોના હજારો માણસો છે છતાં પણ મુલ્લાંજીનો બાલસરખો વાંકો કરી શકયા નહિ ". એવું તેમને થકિન થયું, અને ખરેખર આ જાદુ છે કે મોઅજ્જેઝો છે એવી વાતો કરવા લાગ્યા.

આ વખતે દુશમનો તરફના ઘણા માણસો હતા, તેઓનો વિચાર મોમિનોને રંજાડવાનોજ હતો, આ વખતે આપ સૈયદના પાસે જોકે ઘણાજ થોડાં માણસો હતાં છતાં મુખાલેફુનને બે કુદરતીલ્લાહ ઘણા માણસો નઝર આવ્યા તેથી તેઓ નાઉમેદ થઇને પાછા ફર્યા. બાદ તેઓના મોવાઓએ મોલવી રમઝાનઅલીના ખુનનો બદલો લેવાનો ફતવો આપી દીધો હતો, અને કહ્યું કે "વોહરાઓનું ખુન કરવું જાયેઝ છે," આ ઉપરથી દરેક મુખાલેફુનના દિલોમાં વેરની આગ સળગી, પણ જમાદિલ આખરની તા. ૧ લી હી૰ ૧૨૪૦ માં નીમચની છાવણીમાંથી ૩૦૦) ત્રણસો સવારો આવી પહોંચ્યા ને તેઓએ હુજુરે પુરનુરની તથા હુદુદ્દોની તીગેહબાની કરી એટલે મુખાલેફુન ત્યાંથી ભાગી છુટ્યા. તે બાદ શહેરમાં અમાન થયું. તે પછી આપ સૈયદના મંદસોરમાં રજબની તા. ૧૩ મી હી૰ ૧૨૪૦ સુધી રહ્યા.

આ અરસામાં દુશમનોએ ફરીથી વેર લેવાનો ઇરાદો કર્યો અને આપની હવેલીની આજુબાજુ લાકડાં ગોઠવી સળગાવવાની તૈયારી કીધી. મગર ઇમામુઝ્ઝમાનના નાઇબ હકની હજરતને ખુદાએ બચાવ્યા, જેમ નીમરૂદે ઇબ્રાહીમ નબીને આગમાં નાખી સળગાવ્યા હતા પણ

ખુદાએ તે આગને બુઝાવી બાગેજન્નત બનાવ્યો, તેજ પ્રમાણે આ દુશમનોએ આપની હવેલી પાસે લાકડાં નાંખી આગ જલાવી પરંતુ અમરે ઇલાહી આ આગને જલાવનાર પોતે તેજ આગમાં બળી ખાક થઈ ગયો ને મુખાલેફુને જે ધાર્યું હતું તેથી ઉલટું કુદરતે ઇલાહીના સબબ બન્યું. કેમ ન હોય ! ખુદા હર વખત પોતાના વલીઓની નિગેહબાની કરે છે તેજ પ્રમાણે આપ સૈયદનાની ને ખુદાના વલીની ખુદાએ નિગેહબાની કરી ને તે મુશકેલીમાંથી બચાવી લીધા. આવી મુસિબતોના, તેમજ તે મુસિબતોમાંથી ખુદાએ પોતાના વલીયોને બચાવી લેવાના અનેક દાખલાઓ કીતાબોમાં મોજુદ છે તેમાંનો એક દાખલો અગાઉ આપણે સૈયદના પીરબાન શુજાઉદ્દીનના બયાનમાં વાંચી ગયા છીએ.

ઉજ્જેનમાં પધરામણી ને હુલડ.

હી૰ ૧૩૪૦ તા. ૧૩ મી રજબ બાદ આપ મંદસોરથી રવાના થયા ને ઇન્દોર તશરીફ લઇ ગયા. ઇન્દોરમાં શહેરના વઝીરે આઅઝમ ખુદ આપના દસ્તીકબાલ માટે આવ્યા હતા. આ વખતે બહાર ગામથી ઘણા મોમિનો ત્યાં પધારેલ હતા. મંદસોરથી રવાના થયા ત્યારે રસ્તામાં આચરોડના મુખાલેફુનોએ ફિતનતનો ઇરાદો કર્યો હતો, પણ આપના સાથે સરકારી રિસાલો હોવાથી તેઓ ગડબડ કરી શકયા નહિ ને રિસાલાના ઉપરી અમલદારે આપ સૈયદનાની પુરી હિફાઝત કરી દોઆએ ખેર લીધી. તે બાદ ઇન્દોરમાં ઉજ્જેનના રહીસો આપને બોલાવવા વાસ્તે આવ્યા. તેઓની અરજને કબુલ કરી ઇન્દોરથી ઉજ્જેન આપ તા. ૨૧ સવ્વાલ હી૰ ૧૨૪૦ના રોજ બાલબચ્ચાં સહીત તશરીફ લઈ ગયા. અહીં આપે સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન અને સૈયદના મોઅૈયદ તથા બાઇસાહેબ કમરૂદ્દીન ભાઇસાહેબની ઝીયારત કીધી. આપના પધારવાથી અહીંના લોકો ઘણાજ ખુશ થયા, પરંતુ અહિં મોલવી મઝહરઅલી નામનો એક રહીસ મંદસોરના મોલવી રમઝાન-અલીના ખુનનો કિસાસ લેવા ઉભો થયો, અને લોકોને ઉશકેરવા લાગ્યો ને કહેવા લાગ્યો કે " મોલવી રમઝાનઅલી કબરમાં બેચેન છે, વાસ્તે જ્યાં સુધી મોલવીના ખુનનો કિસાસ ન લેવાય ત્યાં સુધી કોઇ મુસ્લિમ ચેનથી ન બેસે, અને દરેક મુસલમાનને લાયક છે કે તેઓ ખુનનો બદલો લેવા તૈયાર થાય ".

આ મોલવી સાહેબે મજલીસમાં આપેલા ફતવાથી કુસંપના બી રોપાયા અને કેટલાક અણસમજુઓ ઉશકેરાઇ બદલો લેવા તૈયાર થયા, પણ તેમાં ૧૦-૧૨ મારેફતના સાહેબો હતા, તેઓ બોલી ઉઠ્યા કે, " મોલવી મઝહરઅલી ! તમો બરોબર ખબર છે કે મોલવી રમઝાનઅલીને કોઇ વોહરાઓએ માર્યો નથી, બલકે વોહરાઓના કેટલાક માણસોને મોલવી રમઝાનઅલીના માણસોએ ઝખમી અને શહીદ કર્યા છે, તેમજ બેકસુર કઇક વોહરાઓને મોલવી સાહેબ તેમજ તેમના માણસોએ ઘણાજ સતા-વ્યા છે, આમ છતાંએ તેમના મુરશીદેકામિલે ઇસલામની રખેવાળી કરી છે ". આ રીતે તેમની સભામાંથી કેટલાક સમજદાર સાહેબોએ વાંધો લઈ સત્ય જાહેરમાં મુકયું જેથી મોલવી મઝહરઅલીને તે વાત પસંદ પડી નહિ તેથી તે સત્ય કહેનારાઓને સંબોધીને

કહેવા લાગ્યા કે, "તમો વોહરાઓની ફેવરમાં બેંચો છો, તમારી વાત અમોને મનજુર નથી". આ ઉપરથી તે ૧૦-૧૨ સમજદાર ભાઇઓ કે જેઓએ પ્રોટેસ્ટ ઉઠાવ્યો હતો તેઓ ચુપ રહ્યા ને છેવટમાં એટલુંજ કહ્યું કે " આ નાહકના ફસાદનો અંજામ બહેતર નથી ".

બીજીજ સવારે બદમાશો મોમેનુતના મોહલ્લાઓપર ધાડ લઈ આવ્યા, મોહલ્લાને ઘેરી લીધો ને શહેરના હાકીમને શહેરના લુંટફાટની હિકાઅત દુરવાર જણાઇ, તેથી ઉજ્જેનના હાકીમે નીમચની ઝાવણીપર મદદની માગણી કરી. આપરથી નીમચથી ગોરૂં લશકર રવાના થયું, લશકર આવી પહોંચે તે દરમિયાન લોકોમાં નાસભાગ શરૂ થઇ, ચારે બાજુએ લોકો ગભરાએલા ને મોતના ઓકથી છુપાએલા રહેતા હતા, તે સાથે મુમેનુન તેમજ સૈયદના ઝૈનુદ્દીન સાહેબ તથા કુલ રિસાલો પોતપોતાના મથકમાં પુરાએલા રહ્યા. છેવટ ગોરૂં લશકર આવી પહોંચ્યું, દંગો ફીસાદ કરનારાઓ, લુચ્ચાઓ તેમજ ગુન્ડાઓ વિગેરેની ધરપકડ કરી અને મજકુર મોલવી મઝહરઅલી સાહેબને પણ હાથપગમાં બેડી નાખી પકડી ગયા. ને હુલ્લડ બંધ થયું ને લોકોમાં શાંતી થઇ ને ઈમાન તથા હકના સાહેબોની ખુદાએ મદદ કીધી.

હીજરી ૧૨૪૧ ના સફરની તારીખ પહેલીએ હિન્દુઓના પન્જેસણનો તહેવાર આવ્યો, તે દિવસોમાં ફરી પાછી રીતનત શરૂ થઇ ને તકરારની શરૂઆત થઇ. નજીવી વાતપરથી તકરાર વધી તેનો સબબ એ હતો કે, તે દિવસોમાં કોઈ ભાઇએ હુઝુરને ઝીયાફત દીધેલી અને કુલ મોમિનીનને પણ દાઅવત આપેલ. પન્જેસણના દિવસોમાં મહાજન તરફથી શહેરના હાકેમોની મદદથી કેટલેક ઠેકાણે મુસલમાનોને જોઇતી તરકારી માટે કસાઇઓને બકરાઓ ઝબેહ કરવાની રાજ તરફથી મનાઈ કરવામાં આવે છે. તેવુંજ કારણ તે વખતે ઉજ્જેનમાં હતું, યાને ગોસ્તની બંધી હતી. આમ ગોસ્તની દુકાનો બંધ હોવાના સબબ ઝીયાફત તથા જુમાથ માટે જોઇતી તરકારી તે ઝીયાફત આપનાર ભાઇએ પોતાના ઘરમાંજ તૈયાર કરવાનો બંદોબસ્ત કર્યો. જોકે આ વખતે. આપ સૈયદના ઝૈનુદ્દીન સાહેબે ચોખ્ખી મના કરેલી હતી છતાં ઝીયાફત કરનાર ભાઇને તે ગમ્યું નહિ ને તરકારી વગરનું લુખું જમણ નજર થાય અથવા એબ લાગે કે તેની મોહટાઇમાં વાંધો આવી જાય તેવા ભયથી અથવા તો મોલાના નામપર કુરબાન થવાના ઇરાદાથી ગમે તે ભોગે તરકારી થરીજ જોઇએ તેવા ઇરાદાથી તેઓએ તે ક્રમ તેમના પોતાના મકાનમાંજ કરી લીધું એટલે કે તરકારી પોતાના મકાનમાંજ તૈયાર કરાવી જમણ પકાવવાની તૈયારી થઇ.

આ વાતની હિન્દુભાઇઓને ખબર પડી તેથી તેઓ તેમના ધર્મના દિવસોમાં તેઓની માન્યતા પ્રમાણે આવું અધર્મ થાય તે સહન ન કરી શકયા અને એકદમ ઉશ્કેરાઈ ગયા. આ વાત ગામમાં ફેલાણી, બીજા ધર્મવાળા સામેલ થયા ને ધર્મને નામે ઉશ્કેરાએલા લોકો કકકે તરેહની ગડબડ કરવા લાગી ગયા, તેમાંથી કેટલાક બદમાશ આ સહન નહિ કરી શકવાથી જે મકાનમાં જમણ પાકી રહેલ હતું ત્યાં દોડી ગયા ને બબરચીખાનામાં જઇ જે દેગોમાં તરકારી પાકી રહી હતી તે દેગો ઉપાડી ગયા ને તે માંહેની તરકારી

ફેંકી દીધી, તેમજ બીજાં પકવાનોને પણ ધુળમાં મિલાવી-દીધા. આ રીતે તેઓએ દંગો કરી તે ભાઇનું સેંકડો રૂપિયાનું નુકશાન કર્યું, અને તે ઉપરાંત હાકેમ પાસે જઈ ખોટી ફર્યાદ પણ કરી. આ વખતે હિન્દુઓનું બહુ જોર હતું ને તેઓની લાગવગ પણ ઘણી હતી, તેના સબબ તે કેસમાં હિન્દુઓની જીત થઇ ને હુઝુરે પુરનુરનો રૂા. ૫૦૦) નો દંડ થયો તેમજ મોમિનીનને ઘણાજ તંગ કર્યા.

આ કેસની અપીલ ગવાલીયર સરકાર પાસે નોંધાવવામાં આવી તે વખતે કેસનું કામકાજ શેખ અબદુલકાદરને સોંપાયું. આ કેસ તે વખતે એક વરસ લંબાયો. છેવટ આ કેસનો ચુકાદો મુમેનુતના ફેવરમાં આવ્યો ને જે રૂા. ૫૦૦) નો દંડ થયો હતો તે માફ થયો. એટલુંજ નહિ પણ કેટલાક બદમાશો કે જેઓએ તે ભાઈના ઘરમાં ઘુસી જઈ પકાવેલ જમણ બરબાદ કરી નાખેલ અને વાસણો ઉપાડી ગએલ તે બધાં વાસણો પાછા આપી દેવાનો હુકમ કર્યો. આ ઉપરાંત રાજ તરફથી એક એવો હુકમ બહાર પડયો કે ધર્મની બાબતમાં કોઇએ કોઇના ધર્મમાં દખલગીરી કરવી નહિ. દરેકને પોતાના ધર્મ પ્રમાણે ચાલવાની છુટ છે. પછી પન્જેસણ હોય કે અમાસ હોય ગમે તેવો તહેવાર હોય સર્વને સર્વના ધર્મ પ્રમાણે ચાલવાની છુટ છે અને પન્જેસણ હોય તો પણ જેઓને તેના ઘરમાં જમણ કરવું હોય તો તે કરી શકે. આ હુકમ પછી સર્વે ઠેકાણે શાન્તિ ફેલાઇ.

આ શાન્તિ પછી સૈયદના ઉજ્જેનમાં ૭ મહિના રહ્યા ને હીં. ૧૨૪૧ ના રમઝાનની તા. ૭ મીએ રામપુર પધારવાનો ઇરાદો કર્યો. બાદ આપ શાન્તિ ને માનઇકરામ સાથે રામપુર પધાર્યા. આ વખતે આજુબાજુના ગામડાઓના મોમિનો આપના દિદાર માટે રામપુર આવેલ હતા. રામપુર તથા કપડવંજના રઇસો બીજા કરતાં જ્યાદા ખિદમતગુઝાર હતા, જેથી તેમનાપર મોલાનાની દિલસોઝી હતી. બાદ આપ રામપુરથી રતલામ પધાર્યા. અહીં થોડા દિવસ રહ્યા. બાદ સુરત જવા માટે રવાના થયા. આ વખત ચોમાસાનો હતો તેથી વરસાદની તકલીફથી બચવા દરેક જાતનો બંદોબસ્ત કર્યો હતો. રતલામથી રવાના થઇ સુરતમાં હીં. ૧૨૪૧ જીલહજ્જની તા. ૬૧ મીએ પહોંચ્યા. સુરતમાં રહી આપે ઇલમની તદરીસ (ઇલ્મ પઢાવવું) શરૂ કીધી, તાલેબુલ્મને ઇલ્મના દરજ્જા બાદ દરજ્જા બક્ષ્યા. તે બાદ આપે તલબતો વાસ્તે ખાવા પીવા ઉપરાંત કાગજ, કલમ તેમજ તેની દરેક હાજતોનો પુરો બંદોબસ્ત કર્યો, તેથી કોઇ પણ તાલેબુલ્મને જરાએ ફીકર ન રહેતી ને કોઇને કંઇ પણ ફરિયાદ કરવાનું ન રહેતું કે મારી પાસે કાગળ, કલમ કે સ્યાહી નથી. આપ સૈયદનાની પુરતી દેખરેખના સબબજ ઝૈની તલબતો મશહુર છે.

આ અરસામાં આપે સૈયદી મોહમ્મદ બદરૂદીનની શાદીનો ઇરાદો કર્યો અને આપની દીકરી **(સૈયદી નજમુદ્દીન સાહેબના બ્હેન)** અમતુલ્લાબાઇની શાદી સૈયદી મોહમ્મદ બદરૂદ્દીન સાથે અને સૈયદી નજમુદ્દીન તથા સૈયદી હુસામુદ્દીન તથા બાઇસાહેબા ફાતેમાબાઇ સાહેબાની શાદી પણ આ શાદી સાથે કરી. આ શાદી વખતે દરેક ગામોમાં કંકોત્રીઓ લખાઈ હતી ને મોમિનો પણ સારી સંખ્યામાં આ શાદીમાં ભાગ લેવા માટે આવ્યા હતા, અને માંડવો દરસમાં નાખવામાં આવ્યો હતો. આ શાદી આપના મોભા પ્રમાણે સાદાઈ સાથે કરવામાં આવી હતી.

આ વખતે ગવર્નમેન્ટ રાજ જોશમાં હતું ને હુન્નરો પણ ઘણાજ વધી ગયા હતા. અને સુરતમાં નવાં નવાં વાજાંઓની શરૂઆત થઈ હતી, પરંતુ હકના દાઇએ આવાં રાગરાગણીવાળા વાજાંઓ વગાડવા જાએજ ન રાખતાં ઢોલત્રાંસાથીજ કામ ચલાવ્યું હતું ને શાદીનો પ્રસંગ શાંતી સાથે પુરો કર્યો. જોકે આ વખતે મોમિનોમાં ઘણોજ મોજશોખ વધ્યો હતો, પૈસાની પણ રેલો ઉડતી હતી ને કેટલાક માલદારો પુર બહારમાં હતા, એટલે કે ગમે તે ખરચ થાય તે તેઓ ઉઠાવવા તૈયાર હતા છતાં દાઇએ હકએ આ શાદી વખતે પોતાથી જરાએ ઇશરાફી ન થઈ જાય તેનો પાકો ખ્યાલ રાખ્યો ને ખુદાના ખોફથી બીનીને ચાલ્યા. જો તેઓ ધારત તો જાત જાતનાં વાજાંઓ લાવી શકત કે ગમે તેટલો શણગાર કરી શકત છતાં તેની દરકાર કરી નહિ ને ઇશરાફીનો ખોફ કરી ખુદાઇ ફરમાનને માથે ચડાવી શાદી બિલકુલ સાદાઇથી પુરી કરી. ખરેખર આ એક ઇમ્તેહાન હતું ને ખુદાના વલી તેવા વખતમાં ખુદાના ઇમ્તેહાનમાં પુરા કામયાબ થયા. કેમ ન હોય ! હક તે હક જ છે.

આ શાદીની બાદ ખુશાલીમાં તે વખતના **તલબતોના આપે ઇમતેહાન લીધાં ને તેમની કલ્મી લ્યાકતના પ્રમાણમાં તેમને દરજાત આપ્યા** ને ઇનઆમો પણ આપ્યા. ઉપરાંત સાત સાહેબોને હદિયતના રૂતબા બક્ષ્યા ને ખુદા પાસેથી અજરે અઝીમ લીધું. આ વખતે બહાર ગામથી આવેલ મહેમાનોની ખાવા પીવાની દરેક જાતની તજવીજ કરવામાં આવી હતી કે જેથી કોઇને શકવા કરવાનું રહ્યું નહોતું.

આ શાદી બાદ આપે ઇલમના પઠનાર તથા પઢાવનારપર ઘણીજ તાકીદ કરી અને આપ પોતે ઇલમી ખિદમત કરતા, ખુદાના ઇલ્મના હલકા પઢાવતા, આપનો રાત દિવસનો શુગલ ફક્ત ઇલ્મ પઢાવવાનોજ હતો. આપને કોઈ પણ જાતની ગડબડ પસંદ નહોતી, આપ શાંતિને ચાહનારા હતા. તે પછી આપે સફરનો ઇરાદો કર્યો ને હી૰ ૧૨૪૭ ના મોહરરમમાં સફરની તૈયારી શરૂ કરી. બાદ તા. ૨૬ મીએ આપ સુરતથી રવાના થયા. સૈ. મોહમ્મદ બદરૂદ્દીન સાહેબને સાથે રાખ્યા તથા સુરતની અમાલત સૈ. નજમુદ્દીન સાહેબને આપી આપ સુરતથી રવાના થઈ કપડવંજ પધાર્યા. અહીં શહેરે રમઝાન પુરા કર્યા ને જીલકાદ સુધી આપે અહીંજ મુકામ કર્યો. બાદ આપ કપડવંજથી રવાના થઇ અમદાવાદ તશરીફ લઇ ગયા ને દોઆતે અકરમીનની ઝીયારત કીધી, તે બાદ આપ અહીંથી રવાના થઇ સિદ્ધપુર પધાર્યા ને સૈયદી કાઝીખાનના મઝારમાં ઝીયારત કીધી. આ વખતે સિદ્ધપુરમાં આપે વધારે વખત રહેવાનો ઇરાદો રાખ્યો કારણ અહીંની આબોહવા આપની તબીયતને માફક આવી ગઈ હતી ને હી૰ ૧૨૪૮ ના મોહરરમની વ્રાએજ પણ આપે અહીંજ ફરમાવી મુમેનુનને દિનદાર બનાવ્યા. તે પછી તા. ૧૫ મીએ રવાના થઇ નગર તશરીફ લઈ ગયા ને દોઆતે અકરમીનની ઝીયારતથી મુશરરફ થયા, અને સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીનની વસિયત મુજબ આપ નગરમાં રહ્યા. તે બાદ આપ માંડવી પધાર્યા અહીં સૈયદના નુરમોહમ્મદ નુરૂદ્દીન સાહેબની ઝીયારતથી બેહરવર થયા.

માંડવીમાં ફસાદ.

આપ માંડવીમાં પધાર્યા તે વખતે અહીં મંદસોરની માફક હિન્દુ મુસલમાનનો ઝઘડો ચાલુ હતો. આ ઝઘડાને લઇને હિન્દુઓએ આપ સૈયદનાને શહેરમાં આવતા અટકાવ્યા,

એટલે આપે સૈયદના નુરમોહમ્મદના બાગમાં પોતાનો ઉતારો રાખ્યો. આપે તે ફજીઆને શાન્ત કરવાની કોશિષ કીધી. તે વખત ભાઇઓ ઘણા ઉશકેરાઈ ગયા હતા અને હિન્દુ-ઓની તે અટકાયતને કોકરે મારી મોલાનાને શહેરમાં લાવવા માટે તૈયાર હતા. અને તે વખતે આપ સૈયદના ધારત તો જરૂર શહેરમાં દાખલ પણ થાત કારણ હિન્દુઓ સામે ત્યાંના ભાઈ બરાબરીમાં ઉતરવા તૈયાર હતા છતાં આપ મોલાનાએ તે ભાઇઓને નરમી સાથે સમ-જાવ્યા ને દરેકને સમજાવી નરમીથી કામ લીધું. બંને બાજુના ઉશકેરાએલા લોકોને સમજાવી તે આપસની કચવાટનો અંત આણ્યો ને આપે તે બાગમાંજ ઉતારો રાખ્યો. ત્યાં આપના દિદાર માટે બહાર ગામથી ઘણા મોમિનો આવેલ હતા, તેમની મહેમાની માંડવીના લોકોએ સારી રીતે કરી ને દાઇએ હકના હુકમને માથે ચડાવી સાચા દિનદાર બન્યા. આપ સૈયદના ફસાદને બિલકુલ પસંદ નહોતા કરતા ને કોઇ પણ જગ્યાએ આપને તેવો કચવાટ જોવામાં આવતો તો આપ કોશિષ કરી હિદાયત આપી ખુદાના દિન વાસ્તે ને મોમિનીનના રાહત માટે તે કંકાસને દુર કરાવતા ને ઇખ્વાનુસસફાના સાહેબો બનાવતા. જ્યારે હકના દાઈ ખુદ ફજીઆ, કંકાસ, બદાવત, જુઠ, તોહમત વિગેરે બદ કામોને ધિક્કારનારા હોય તો પછી તેના ખાસ મોમિન એહલેબૈતની વલાયત ને આલેમોહમ્મદ ને અવલીયા અલ્લાહની મોહબ્બતના રાખનારાઓ તેનાથી જુદે ચીલે કેમ ચાલે ? અગર જો કોઇ તે ફરમાન વિરૂદ્ધ વર્તન રાખનારા હોય તો તેના ફએલના માલિક ખુદા છે. પણ ખરા મોમિનને લાયક નથી કે તે કોઇને સતાવે કે દુઃખ દે.

આપ સૈયદના લોકોને હિદાયત કરી ફરમાવતા કે, એ ભાઇઓ ! આજ કાલ આપસમાં ઘણી બદાવત જોવામાં આવે છે, એક બીજાથી કીનાઓ લેવા વાસ્તે કાવા-દાવાઓ કરવામાં આવે છે. શીર્ક, જુઠ, બદાવત વિગેરે અનેક બદીઓ લોકોમાં પેવસ થતા જાય છે તે જોઇ મને ઘણોજ પસ્તાવો થાય છે. માટે ભાઇઓ ! તમો ખુદાનો ખોફ કરીને ચાલો, આ હવસથી ભરેલી દુનિયામાંથી તમારે સાથે શું લઇ જવાનું છે ? આ થોડી જીંદગી માટે શા માટે આટલો ઉન્માદ કરો છો ? યાદ રાખો ! હક રસ્તે ચાલનારાઓ માટેજ જન્નત છે, પછી તે ગમે તે હોય; ગરીબ હોય કે તવંગર, નોકર હોય કે શેઠ, નાનો અમલદાર હોય કે મોટો અધિકારી, અમિર કે ફકીર ગમે તે હોય પણ તે કુરઆનેમજીદ વિરૂદ્ધ, હદિસ વિરૂદ્ધ કે હક વિરૂદ્ધ ચાલી કદી જન્નત મેળવી શકતો નથી.

રસુલેકરીમ સ. અ. વ. પોતે પોતાના કુટુમ્બીઓને ફરમાવે છે કે, " કયામતના દિવસે લોકો પોતાના અઅમાલ લઇને આવે અને તમો મારૂં હસબ નસબ–યાને–ઘરાણું લઇને આવો તેથી (નેક અઅમાલ વગર) તમો મારી કરાબતના સબબ જન્નતમાં દાખલ નહિ થઇ શકો. આટલું જાણ્યા પછી કોણ એમ કહેશે કે, અમો ઘરાણાદાર છીએ, અમારા મોલા આ છે માટે અમો બીલા હિસાબ જન્નતમાં જશું. કેવી બેહુદાઈ. રસુલેકરીમ સ. અ. વ. ખુદ ઘરાણા પર ફખર ન બાવાની ને અમલે સાલેહાત વગર કાંઇ કામ આવવાનું નથી એવું સાફ સાફ કહે છે. માટે એ ભાઈ સમજ ! અમલે સાલેહાત માટે કુરઆન અને હદિસ પ્રમાણે ચાલી આલે મોહમ્મદની વલાયત રાખી નેક કામો કરી ખુદાની ખુશી મેળવવાનો હમેશાં મોહતાજ બન. તે ખુદા નિગેહબાન છે, ગુનાહનો માફદો કરનાર છે.

આ રીતે આપ સૈયદનાએ ઘણી રીતે લોકોને હિદાયત આપી શરીઅતે મોહમ્મદીપર ચાલતારા નેક સીરતના મોમિનો બનાવ્યા ને માંડવીમાં ઘણો વખત રહ્યા ને મોમિનોએ આપની સારી ખિદમત કીધી. આપ શાન્તિને ચાહનારા હતા ને માંડવીના કસાદને આપે દરેક ભાઇને સમજાવી શાન્ત પાડયો, તેથી હિન્દુભાઇઓ પણ આપના આ કામથી ઘણાજ ખુશ થયા ને તેઓ પણ આપ સૈયદના સાથે માનતવાઝાથી વર્તવા લાગ્યા.

રિવાયતમાં છે કે તે અરસામાં હિન્દુના વડા ધર્મગુરૂ પણ માંડવી પધાર્યા, તેને ગામમાં લાવવા માટે તકરારની શરૂઆત થઇ, કેટલાક સમજદારો કહેવા લાગ્યા થોડા વખત પહેલાં વોહરાઓના ધર્મગુરૂ આવેલ તેને તમોએ શહેરમાં આવવાની મના કરેલી અને તમારા ધર્મગુરૂને તમો લાવવા માંગો છો તે સરાસર ઇન્સાફથી ઉલટું છે. એટલુંજ નહિ પણ ઝુલમ છે, તેથી આપસમાં તકરાર થઈ અને અંદર અંદર લડવા લાગ્યા, મારામારી થઇ, કેટલાક લોકો ઘાયલ થયા ને તેના ધર્મગુરૂ પણ ઘણીજ મુશકેલીમાં આવી પડયા. આ ખબર શહેરના રાવને પડી તેથી રાજ તરફથી હુલડખોરોને પકડવામાં આવ્યા ને તોફાનીઓને સખ્ત સજા કરવામાં આવી. એમ પણ કહેવાય છે કે આ મારામારીમાં તે હિન્દુ ધર્મગુરૂનું મરણ નીપજ્યું હતું.

આ બનાવ પછી આમ લોકો તથા મુશરેકુનો પણ ખુદાના વલીનો ઇકરાર કરવા લાગ્યા ને આપસમાં કહેવા લાગ્યા કે ખરેખર આ એક મોઅજીઝો છે. ખુદાના વલીને નાહક સતાવનારાઓને ખુદા તેના કામોના પ્રમાણમાં બદલો આપે છે જે ઉપરની બીનાથી સાબિત થયું.

પાછી માંડવીના લોકોમાં શાન્તિ પથરાઈ, તે બાદ આપ સૈયદનાએ માંડવીથી રવાના થવાનો ઈરાદો કર્યો ને ત્યાંથી સુરત જવા માટે રવાના થયા ને હી૰ ૧૨૪૯ જમાદીલ આખરની તા. ૧૪ મીએ સુરત પહોંચ્યા. આ વખતે કેટલાક હિપ્તુને માનનારાઓ ખુદાના દિનને કબુલ કરી હક તરફ વળ્યા ને આપની દાઅવતને કબુલ કરી, તેમજ મોહમ્મદપુરના લોકો પણ દાઅવતમાં જોડાયા ને તૌબા કીધી.

આ વખતે સૈયદના ઝૈનુદ્દીન સાહેબે સૈ. મોહમ્મદ બદરૂદ્દીનપર સઘળા ઓલોમાઓના ફરમાન નસ્સેજલી ફરમાવી ખુદાની અમાનત અદા કીધી તે બાદ આપે સૈ. મોહમ્મદ બદરૂદ્દીનને ઝલમ વારતે સૈયદી ઐમાદુદ્દીન સાહેબને સોંપ્યા હતા ને આપ તે સાહેબ પાસેથી ઝલિમ લઇ મરતબા બાદ મરતબામાં ચઢતા ગયા. આ વખતે આપ સૈયદના ઝૈનુદ્દીન સાહેબના માઝુન સાહેબ સૈયદી શેખ આદમ સફીયુદ્દીન ઇબ્ને સૈયદના અબ્દુલ્તૈયબ ઝકીયુદ્દીન હતા. આ સાહેબ પાંચ દાઈના માઝુન તરીકે રહ્યા છે તે આપના વખતમાં વફાત થયા. બાદ આપની જગ્યાપર આપના ફરઝંદ સૈયદી હિબ્તુલ્લાહ જમાલુદ્દીનને માઝુનનો રૂતબો ઇનાયત કીધો, અને મુકાસીરનો રૂતબો સૈયદી મોહમ્મદ બદરૂદ્દીન સાહેબને બક્ષ્યો. આ રૂતબા પહેલાં આપ રાસુલ હુદુદના રૂતબામાં હતા. ત્યાર બાદ હી૰ ૧૨૫૨ ના જીલકાદમાં આપ સૈયદના ઝૈનુદ્દીન સાહેબ બિમાર થયા. આ બિમારી ૧૦ દિવસ રહી, તે બાદ તેજ બિમારીમાં આપ હી૰ ૧૨૫૨ ના તા. ૧૫ મી માહે જીલકાદના રોજ આ ફાની દુનિયા તજી દારેબકાની તરફ તશરીફ લઇ ગયા. આપે આપની હયાતિમાં એક કિતાબ અલ મસાએલુઝ–ઝૈનીયાહ લખ્યો છે. આપની બિલાકત ૬૬ વરસ ને અમુક દિવસ છે. આપનું લકબ ઝૈનુદ્દીન છે. આપનું મઝાર સુરતમાં ઇઝઝી કુબ્બામાં છે. ક. રૂ.

૪૬. સૈ. મોહમ્મદ બદરૂદ્દીન બીન સૈ. અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ (૨૩ હિન્દ–સુરત) નું ટુંક બ્યાન.

સૈયદના તૈયબ ઝૈનુદ્દીન સાહેબના ઇન્તેકાલ બાદ આપ દાઅવતે હાદિઆની મસનદ પર બિરાજ્યા. આપનો જનમ તા. ૨૭ રબીઉલ આખર હી૰ ૧૨૨૬ ના રોજ છે અને આપ દાઅવતે હાદિઆની મસનદ પર હી૰ ૧૨૫૨ જીલકાદની તા. ૧૬ મીના રોજ જલ્વેનુમા થયા છે. આપ સાત વરસના હતા ત્યારે આપના બાવાજી સૈયદના અબ્દેઅલી વફાત થયા હતા, તે વખતે આપની પરવરીશ સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબે કીધી, તે વખતે સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સાહેબને એમ પણ ઉમેદ હતી કે, મારા પાસેની અમાનતને મારા મુનાઈમના ફરઝંદને આપી તે હકને અદા કરૂં પણ ઉમરની બેવફાઇએ તેમ કરવા દીધું નહિ ને આપ સૈયદના મોહમ્મદ ઇઝઝુદ્દીન સા. વફાત થયા તે બાદ આપે આપના મોટા ભાઇ સૈયદના તૈયબ ઝૈનુદ્દીનને દાઅવતે હાદિઆની અમાનતને સોંપી અને આપને યાને–સૈયદી મોહમ્મદ બદરૂદ્દીનને દાઅવતે હાદિઆના દરેક ઇલમમાં તૈયાર કરવાની વસિયત ફરમાની તે પ્રમાણે સૈયદના તૈયબ ઝૈનુદ્દીન સાહેબે આપને દાઅવતના દરેક ઇલમમાં તૈયાર કીધા તે બાદ આપે સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબને તેમના બાવાજીની અમાનત સોંપી જોકે તે વખતે **સૈયદના ઝૈનુદ્દીન સાહેબના ફરઝંદ સૈયદી નજમુદ્દીન સાહેબ લાયક હતા છતાં દાઅવતની અમાનત તેમને ન સોંપતાં સૈયદી મોહમ્મદ બદરૂદ્દીન સાહેબ પુરા લાયક જણાયા તેથી દાઅવતની અમાનત તેમને સોંપી અને તેમને પોતાના જમાઈ પણ બનાવ્યા.**

આપને ઇલમ પઢાવવા વાસ્તે સૈયદી ઐમાદુદ્દીનને સોંપવામાં આવ્યા હતા ને દિવસે દિવસ આપ દરજ્જે ચઢતા ગયા, તાકે આપ રાસુલહોદુદના રૂતબાથી મુશરરફ થયા. તે બાદ માઝુન સૈયદી શેખ આદમ સાહેબ વફાત થયા ત્યારે સૈયદી હેબ્તુલ્લાહ જમાલુદ્દીન સાહેબ માઝુન થયા ને મુકાસીરના રૂતબામાં આપને નીમવામાં આવ્યા. તે પછી સૈયદના ઝૈનુદ્દીન સાહેબ બિમાર થયા ત્યારે કાયદા પ્રમાણે ઓલોમાઓના ફરમાન મોલાના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબ પર નસ્સેજલી ફરમાવી.

હવે જ્યારે આપે આ દાઅવતે હાદિઆની ગાદીની રખેવાળી આપના હાથ મુબારકમાં લીધી ત્યારે આપના માઝુન તરીકે સૈયદી હિબ્તુલ્લાહ જમાલુદ્દીન સાહેબ હતા ને મુકાસીરનો રૂતબો સૈયદી નજમુદ્દીન સાહેબને ઇનાયત કરવામાં આવ્યો.

સુરતમાં મોટી આગ અને પાણીની રેલ.

આપ ગાદીપર આવ્યા તે અરસામાં એટલે કે મોહરરમની તા. ૧૯ મીએ સુરતમાં મોટી આગ લાગી, જેથી ઘણા મકાનો બળી ખાખ થઇ ગયા ને મોમિન ભાઇઓના મોહલ્લા પણ તારાજ થઇ ગયા. આ વખતે દેવડીમાં પણ આગ લાગી હતી, તે આગના સબબ દાઅવતનો

કેટલોક બ્રાહ્મનો, કિતાબો વિગેરે બળીને ખાખ થઈ ગયું હતું. આ આગને કાબુમાં લેવા માટે લોકોએ ઘણી કોશિષ કીધી અને સૈયદી નજમુદીન સાહેબેતો તનતોડ મહેનત કરી. છેવટ મહામહેનતે આગ કાબુમાં આવી. આ આગમાં જન માલનું ઘણું મોટું નુકશાન થયું, તેમજ કઈક જનો પણ બરબાદ થયા, તેમ કેટલાક ઘરબાર ને અન્ન-વસ્ત્ર વગરના થઇ ગયા તેઓને સૈયદનાના અમરથી સૈયદી નજમુદીન સાહેબે કોશિષ કરી અનેક રીતે મદદ કરી સર્વેને રાહત કરી આપી, તેમજ દેવડીપરના સરદારો તેમજ બૈરાંઓને સહી-સલામત ત્યાંથી બ્હસેડી દરિયા મહેલપરના મકાનમાં લઇ ગયા.

આ આગ લાગી તે વખતે સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબ તાપી નદીના કિનારા પર ઝેની બંગલામાં હતા, તે વખતે આપ ખુદાની ઝીકર કરી રહેલ હતા. સૈયદી નજમુદીન સાહેબ ફરમાવે છે કે, " આ આગના બબર સાંભળી સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબની હિમ્મતમાં જરા પણ ફરક આવ્યો નહોતો ને ખુદાના હમ્દ ને શુકરમાં મશગુલ હતા ".

આ આગમાં લગભગ ૧૦૦૦૦) દસ હજાર મકાનો બળી ને ખાખ થઇ ગયાં હતાં, અને કેટલીક જગ્યાએ તો મકાનની નીશાની પણ નહોતી જણાતી. તે પછી તા. ૨૬ મીએ આગ ઠંડી થઇ, શહેર ઉજ્જડ વેરાન જંગલ જેવું દેખાવા લાગ્યું, લોકો ચારે બાજુએ આહના નારા પુકારી રહેલ હતા. તેવખતે કેટલાક માલદાર સાહેબોએ આફતઝદાઓને પોતાથી બનતી દરેક મદદો કરી રાહત કરી આપી. આ વખતે આપ સૈયદના બદરૂદ્દીન સાહેબ તથા સૈયદી નજમુદીન સાહેબને મોટું નુકશાન થયું હતું, તેમજ મોમિનીન ભાઇઓને ઘણું મોટું નુકશાન થયું હતું, છતાં આપે પોતાની જબાનપર એક પણ શીકાયતનો કલેમો નહોતો ઉચ્ચાર્યો, બલકે ખુદાના હમ્દ સિવાય કોઇ વાત નહિ. પણ નિચેની આયાત પઢી સબર કરતા કે:—

" વલનબ્લ લોવન્નકુમ બેશયઇન મિનલ ખૌફે વલજુએ વનકરીન મીનલ અમવાલે વલ અનફેસે વસ્સમરાતે ".

અર્થ:—" ખુદા ફરમાવે છે, અને અમો તમને બિકોથી અને ભુખથી અને માલના નુકશાનથી અને જનોથી અને ફલો-યાને ફરઝંદોથી ઇમ્તેહાન કરશું ".

હવે જે શખ્સ આટલાપર સબરને લાઝીમ રહેશે તો તેઓ વાસ્તે બજરેઅઝીમ છે.

અગાઉ જ્યારે મક્કામાં બે વખત આગ લાગી હતી ત્યારે તે આગે એટલું મોટું જોર કર્યું હતું કે લગભગ ગામમાં થોડા મકાનો સિવાય બધાં મકાનો ખાખ થયાં હતાં, તે આગમાં મસજીદુલહરામ પણ આવી ગઈ હતી. તે આગ એટલી મોટી હતી કે મસજીદ માંહેના આલા દરજ્જના નકશીસ કુરઆનો પણ બળી ખાખ થઇ ગયાં હતાં. તેજ પ્રમાણે મદિનામાં પણ મોટી આગ લાગી હતી ત્યારે પણ ઘણું મોટું નુકશાન થયું હતું. મગર ખુદાતઆલાએ કઇક જનોને બચાવ્યા. આ દરેક બીના શું છે ?

માત્ર ખુદા તરફની પરિક્ષા, બીજું કંઈ નહિ. અને તેથી સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબ ફરમાવતા કે, ખુદાનો શુક્ર કે ઇમ્તેહાન પછી હમારા જનો, બાલબચ્ચાંઓ બચી ગયાં અને ખુદાના ઇમ્તેહાનપર હમ્દ કીધો. આ વખતે આપ સૈયદનાએ સઘળા આફત-ઝદાઓને પોતાના મકાન પર બોલાવી લીધા ને કેટલાકો મકાનો ભાડે લઇ રહેવા લાગ્યા. કેટલાકોએ બેતુલમાલમાંથી રૂપિયા લઇ મકાન બનાવ્યા. આ વખતે આપે બેતુલમાલને હાજતમંદો માટે ખુલ્લો મુકી દીધો હતો અને ઝેની મહેલમાં દલમની તદરીસ જારી કરી દીધી તથા ઉલુમો વાસ્તે તલબતોને પુરી તજવીજ સાથે સબકો ચાલુ કીધા.

હજુ આપ સૈયદના આ સુરતની આગથી પુરા ફારેગ થયા નહોતા ત્યાં વળી તાપી નદીમાં મોટું પુર આવ્યું જેના સબબ આખા શહેરમાં પાણી ફરી વળ્યા કઇક લોકોના માલ તણાઈ ગયા ને લોકો તંગ થઇ ગયા ત્યારે પણ સૈયદના તરફથી દરેક કોમના લોકો માટે કોઈ પણ જાતના ભેદભાવ વગર ખાવા તથા રહેવાનો બંદોબસ્ત કરી આપવામાં આવ્યો હતો. આપની આ પ્રમાણે દુખીઆ પર જાંફેસાનીના બબર ગામોગામ ફેલાયા. જ્યારે શહેરોના માલદારોને બબર પડી કે ખુદ મોલાના ગરીબોને આફતના વખતમાં મદદ કરી રહેલ છે ને બીજાને મદદ કરવા કંઈ કહેતા નથી, ત્યારે કેટલાક માલદાર મોમી-નોને પણ લાગી આવ્યું ને વગર માગ્યે લાખો રૂપિયા ગરીબોને મદદ કરવા વાસ્તે મોકલી આપ્યા ને મોલાનાએ તે રૂપિયાઓ ગરીબોને તેમજ હાજતમંદોને વહેંચી આપ્યા.

હી૰ ૧૨૫૩ ના શાબાનની તા. ૯ મીએ આપ સૈયદના સુરતથી પુના રવાના થયા અને સૈયદના ઝૈનુદ્દીન સાહેબના ત્રણ ફરઝંદો સૈયદી નજમુદ્દીન સાહેબ, સૈયદી હુસામુદ્દીન સાહેબ ને સૈયદી ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબ તથા બીજા સરદારો તથા તલબતોને સાથે લીધા બધા ભાઈઓએ પુના તરફ સફર કીધી ને આપ સર્વે સાહેબો સાથે તા. પહેલી રમઝાન પર પુના આવી પહોંચ્યા. આ વખતે આપના ઇસ્તીકબાલ માટે પુનાના સર્વે રહીશો ગામ બહાર સુધી સામે લેવા માટે આવેલ હતા. સાથે સરકારી સરંજામની ગોઠવણ પણ કરવામાં આવી હતી ને આપને માન તવાઝા સાથે શહેરમાં લાવવામાં આવ્યા હતા. આ વખતે પુનામાં મીયાં સાહેબ વલીભાઇ ઇજ્ને શેખ હબીબુલ્લાહના હાથ પર એક મકાન બાંધવામાં આવ્યું હતું તે મકાનમાં હુઝુરનો ઉતારો રાખવામાં આ-વ્યો હતો. તે વખતમાં પાણીની તંગી હતી છતાં આપે ઘણી કોશીશ કરી પાણીની રાહત કરી આપી હતી. બાદ આપ સૈયદનાની તબીયતને અહીંની આબો હવા માફક આવવાના સબબ થોડા દિવસ વધારે રહેવાનો ફરિદો કરી મુકામ કર્યો. તે બાદ મોમીનોમાં દલમનો ફેલાવો કરવા માટેની તજવીજ કરી. મદ્રેસાને સારા પાયાપર લાવવા માટે સર્વે ભાઈઓને મદદ કરવા કહ્યું. આપના કહેવાની અસર લોકોમાં થઇ ને મદ્રસાને બનતી કોશીશે મોટા પાયાપર લઇ જવાની કોશીશ શરૂ કીધી. અહીં આપ સૈયદના તેમજ સૈયદી અબ્દુલકાદર નજમુદ્દીન સાહેબ પણ રાત દિવસ તલબતોને સબક વાસ્તે ખુદ તકલીફ ઉઠાવતા ને ઇલ્મ લેનારાઓને ઇલ્મનો શોખ બતાવતા જેના સબબ દુર દુરના તાલેબુન હીજરત કરી પુના આવ્યા. આ પ્રમાણે આપ સૈયદના દાયવતના કામો ખુબી સાથે ઓલાદોઓની મદદથી ચલાવી રહ્યા હતા.

આ અરસામાં સુરતના લોકો ઘણાજ બેબસ થયા હતા. એક તરફથી પાણીનાં પુર ને બીજી તરફ આગ લાગવાનાં સબબ શહેર ખંડેર જેવું થઇ ગયું હતું ને તેવા વખતમાં અધુરામાં પુરૂં હુઝુરે પુરનુર સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબ તથા સાદાતોની ગેર હાજરીના સબબ સુરતની સુરત બગડી ગઇ હતી. જેથી સુરતવાસીઓએ એક મીટીંગ ભરી જેમાં મોટા રહીસો પણ હતા, અને સૈયદી નજમુદ્દીન સાહેબની મદદના સાથ એક અરજી લખી જેમાં તેઓએ લખ્યું કે, " મૌલાના આપ પાછા સુરત પધારીયે ને હમ ગુનેહગારો પર કરમ ફરમાવીયે. " અગર આપ તશરીફ નહી ફરમાવો તો હમો સઘળા તબાહ થઈ જશું. સુરતના રહીશો ઉપર પ્રમાણે મજમુન સાથેની લંબાણ અરજી લઈ પુના આવ્યા ને સૈયદી નજમુદ્દીન સાહેબ મારફત તે અરજી હુઝુરમાં પેશ કરી. જવાબમાં હુઝુરે સુરત આવવાનો વિચાર ઘણોજ કમ છે તેવું ઝાહેર કીધું. જેથી સુરતીઓએ સૈયદી નજમુદ્દીન સાહેબને સુરત વાસ્તે શફાઅત કરવા આજેજી કીધી કારણ કે સુરતના રહીશો પર સૈયદી નજમુદ્દીન સાહેબની ઘણીજ મહેરબાની હતી. જેથી આપે સુરત પધારવા વાસ્તે સૈયદના પાસે સુરત-વાસીઓ તરફથી શીફારસ કીધી ને હુઝુરને અરજ કરી કે, " મૌલા ! સુરતીઓની અરજીનો સાર એજ છે કે, સુરતમાં ચાર દાઇ છે. તેમ ત્યાંની મસ્જીદ સૈરી પણ આપના બાવાજીની બનાવેલી છે તેમજ દરસનું મકાન પણ આલીશાન છે ને સુરતને આબાદ કરવું જોઇએ. તે સર્વે બાબે ન જાય માટે ત્યાં જવું જરૂરી છે. આ ઉપરથી સૈયદના બદરૂદ્દીન સાહેબે સૈયદી નજમુદ્દીન સાહેબની વાત કબુલ કરી પુનાથી સુરત જવાનું ઝાહેર કીધું. તેબાદ આપ પુનાથી રવાના થયા. પહેલાં આપે મુંબઇ જવાનો ઇરાદો કીધો કારણ મુંબઇના રહીસો આપને આમંત્રણ આપવા આવેલ હતા.

પુનામાં જ્યારે સુરતના રહિશો આપ સૈયદનાને આમંત્રણ આપવા આવેલ તે વખતે સૈયદી નજમુદ્દીન સાહેબે સૈયદનાને પુનાથી સુરત પધારવા માટે સમજાવી હા પડાવી એ સુરતીઓ પર આપનું એક મોટું એહસાન હતું, તે વખતે સૈ. મોહમ્મદ બદરૂદ્દીન સાહેબે આવનાર સાહેબોને સુરતમાં દેવડી તેમજ આજુબાજુના મકાનો અને મસ્જીદ તથા દરસ વિગેરે જે આગ લાગવાના સબબ ખરાબ હાલતમાં થઇ ગયાં હતાં તેને રીપેર કરાવવાનો હુકમ કર્યો ને તે તૈયાર થયા બાદ ત્યાં આવવા માટેનો મીઆદ કર્યો, તે પછી સુરતના રહિશો પુનાથી વિદા થયા ને સૈયદનાના હુકમને માથે ચડાવી દરસ મસ્જીદ તથા દેવડી વિગેરેની મરામત કરાવી તૈયાર કીધા. આ પ્રમાણે સૈયદનાના પધારવાના ખબર તેમજ તે માટે મકાન રીપેર થતા હોવાના સબબ મોમિનોના દિલો બાગ બાગ થયા ને તેઓને યકીન થયું કે હવે મોલાના જરૂર નજદીકમાં સુરત પધારશે ને સુરતને કાયમ મુકામ કરશે.

પુનાથી રવાના થઇ હી૰ ૧૨૫૪ ના સવ્વાલની તા. ૧૯ મીએ આપ મુંબઇ પધાર્યા. મુંબઇના ભાઇઓએ આપની પુરા તોરથી ખિદમત કરી તેમજ સરકારી અમલદારો પણ આપની મુલાકાતે પધારેલ હતા. આ વખતે આપ મોલાના મુંબઇમાં એક વરસ રહ્યા, અને મુંબઇથી સૈયદી નજમુદ્દીન સાહેબને ગુજરાતમાં વાજેબાત વાસ્તે અમર થયો. અમર મુવારીક સૈયદી નજમુદ્દીન સાહેબ આપથી રૂખસત થઇ કપડવંજ, અમદાવાદ, સિદ્ધપુર

અને પાસેના ગામોની વાજેબાત વાસ્તે પધાર્યા, અને સૈયદના પોતે મોહરરમની તા. ૧૫ મી હી૰ ૧૨૫૫ ના રોજ મુંબઇથી રવાના થયા, અને તા. ૨૮ મી મોહરરમના રોજ સુરત પધાર્યા. આ વખતે મુંબઇથી સુરત આવતાં ૧૩ દિવસ થતા.

આપ સૈયદના સુરતમાં પધાર્યા તે વખતે લોકોએ આપનો સારી રીતે આદર સત્કાર કર્યો. બાદ આપ પોતે પોતાના મકાન તરફ તશરીફ લઇ ગયા ને જે મકાન મોટી આગમાં બળીને ખાખ થઈ ગયું હતું તે મકાન મોમિનોએ રીપેર કરાવેલ હતું તેમાં ઉતારો કર્યો. આ અરસામાં સૈયદી નજમુદ્દીન સાહેબ પણ ગુજરાતની વાજેબાત વસુલ કરીને સુરત પધાર્યા ને મૌલાનાને મલ્યા.

આ વખતે શેખુલ ફાઝીલ ઇસાભાઇ બંનેને મુકલાં મોહમ્મદઅલી વફાત થયા, જે સાહેબ ઘણાજ આલીમ હતા. તે પછી આપ સૈયદનાના બૈરો અમતુલ્લાઆઈ સાહેબા બિન્તે સૈયદના તૈયબ ઝેનુદ્દીન તે સૈયદી નજમુદ્દીન સાહેબના બહેન થાય તેપણ વફાત થયા.

ત્યાર બાદ આપે બદીજબાઇ સાહેબા બિન્તે શેખ કમરૂદ્દીન સુરતીની દીકરી સાથે નીકાહ કીધા, અને તે બાદ રતનબાઇ સાહેબા બિન્તે શેખ સાલેહભાઇ સીરોંજના સાથે નીકાહ કીધા, તે પછી ૧૨૫૫ હીજરીમાં સૈયદના તૈયબ ઝેનુદ્દીનની વસિયત મુજબ સૈયદી ઈસમાઇલજી બદરૂદ્દીન ઇબ્ને સૈયદના તૈયબ ઝેનુદ્દીન સાહેબની શાદીનો વિચાર કીધો. આપ દાવતે હાદીયાના માલીક થયા ત્યાર પછીથી આ વખત દરમિયાન ઝમાનાની ગીરદીશો ચાલુ હતી જેવી કે આગની મુસીબત તેમાં સપડાએલાઓને લાખો રૂપિયાની મદદ કરી, તે પછી તાપી નદિમાં મોટું પુર આવેલ જેમાં હજારો ઘરો તણાઇ ગયાં તે વખતે દેવડીપર એક પણ મકાન સલામત ન રહ્યું, તે વખતે પણ લાખો રૂપિયા મદદોમાં ખરચાયા. બાદ આપ પુના પધાર્યા હતા, ત્યાં જવા આવવાના ખરચો વીગેરે ઇલાહી મદદના સાથે પાર પાડ્યાં હતાં. તે બાદ આપે ઈસમાઇલજી ભાઇસાહેબની શાદીમાં પણ ઠીક ખર્ચ કર્યું, જેથી સુરતના રહિશો અજબ થવા લાગ્યા ને આપસમાં વાતો કરતા હતા કે મોલાના પાસે કેટલુંક ધન હશે કે આ પ્રમાણે મોટાં મોટાં ખરચો કરી રહેલ છે.

ભાઇસાહેબ ઈસમાઇલજી ભાઇસાહેબની શાદી વખતે દુર દુરથી મહેમાનો આવેલ હતાં, સુરતની રસમ મુજબ માંડવાને સારી રીતે શણગારવામાં આવ્યો હતો, અને મહેમાનોને ઘણાજ માન સહિત રાખવામાં આવ્યા હતા. આ શાદી ખુશાલી સાથે પસાર કીધા બાદ સર્વે મોમિનોને વિદા કીધા અને ઓલાદોઓને તેમના વતન, આમિલોને તેઓના મોઅજે (અમાલતના સ્થળે) તકલીદ આપી રવાના કરવામાં આવ્યા.

મોસમે બહારના મોસન્નીફ સાહેબ જલદ ત્રીજા પાના ૭૧૬ માં લખે છે કે, હી૰ ૧૨૫૬ ના મોહરરમમાં આપે મોહરરમની વાએઝ ફરમાવી ને લોકોને હિદાયત દીધી અને તા. ૯ મીએ આપે સૈયદી નજમુદ્દીન સાહેબની ઝીકર ફરમાવી, તેમાં સૈયદી નજમુદ્દીન સાહેબ માટે ઘણા ફઝલ બયાન કીધા અને નસના મનસુસની જે પ્રમાણે ઝીકર થાય છે

તે પ્રમાણે લોકોને કહી સંભળાવી. તે પછી આપ દાઅવતના કામકાજમાં હમેશાં મશગુલ રહેતા, દાઅવતના કામકાજમાં આપે કોઈ વાર આળસ કે ગફલતી રાખી નહોતી, તેમજ આપનું ફેઝ હમેશ મુવાફીક ચાલુ હતું. આપ દર વખત હાજતમંદોની હાજતો પુરી કરવામાં હાતિમતાઈ જેવા હતા.

આપ સૈયદના ઝોએબથી ૪૬ માં છે, અને હિન્દના દોઆતોમાં ૨૩ માં છે. આપ મહેમાનોની મહેમાની કરવામાં એક્કા હતા, આપના દરબારમાંથી કોઈ નાઉમેદ પાછું ફર્યું નથી. આપ ઈમામુઝ્ઝમાનના નુર હતા. આપ ત્રણ દાઇ સૈયદના સૈફુદ્દીન સાહેબ, સૈયદના મોહમ્મદ બરહાનુદ્દીન સાહેબ અને સૈયદના તૈયબ ઝૈનુદ્દીન સાહેબના નાઝના (પાલા) હતા.

આ અરસામાં આપને બવાસિર (હરસ) ની બિમારીએ જોર પકડયું ત્યારે આપે ધારદો કીધો કે "શહેરે રજબની પહેલી તારીખે જુમ્માનો દિવસ છે તેથી આપ પોતે કુલ લોકોના ફખર સૈયદી નજમુદ્દીન સાહેબપર નસના અમરને ફરમાવે ને કેટલાક સાહેબોને શેખના ફતવા બક્ષે એવો વિચાર કર્યો, પણ કઝાનો અમર ફરી ગયો ને તા. ૨૯ મી જમાદિલ આખર હી૰ ૧૨૫૬ ના દિને આપ **અચાનક** વફાત થયા.

રિવાયતમાં છે કે, એક દિવસ સૈયદી અબ્દેઅલી એમાદુદ્દીન સાહેબ આપની કબર પર ઝીયારત વાસ્તે ગએલા ને કબર પાસે માથું ઝુકાવી ઇન્દલ્લાહ તઝરરો કરતા હતા. એવા હાલમાં આપને ગશ આવી ગયો. (હકના નુરની અછતથી આપને નેહાયત સદમો રહેતો). આપ ગશમાંથી હુશિયાર થયા તે વખતે કેટલાક લોકો ઝીયારત કરી રહેલા હતા તેઓને સંબોધીને આપે કહ્યું કે, "ખુદાના કસમ આ એવા નસિબવાલા સાહેબ છે કે, મશરીક ને મગરીબ (પુર્વ ને પશ્ચિમ) માં તેના જેવું કોઈ નથી કે તેની કોઈ મદદ ન કરતું હોય ! હું નથી ધારતો કે તે સાહેબ કબરમાં ગાયબ થયા છે, છતાં તેની હથેલીમાંની સખાવત જરીજ છે, ગરચે એ દાઇએ હક ! તમારી બેહેતર ઝીકર મરસ્યા રૂપે કરીએ તે પહેલાં તમારી બેહેતર મદદો પણ તેવીજ છે. એ લોકો ! કોઇ પણ આ કબરના સાહેબ યાને મૌલાના બદરૂદ્દીન સાહેબની હુરમત અને વસિલાથી ખુદા પાસે પોતાની હાજતનો સવાલ નહિ કરે, મગર ખુદા જરૂર તેની હાજતને પુરી કરે છે, મોહતાજો આ સાહેબના વસિલાથી ગતી થાય છે, કારણ કે આ સાહેબ આપણામાં હાજરજ છે. ગાયબ નથી. (જે પ્રમાણે ઇમામ હાજર છે, ગાયબ નથી). કોઈ સાઇલ આપની હયાતિમાં કોઇ વાર નાઉમેદ પાછા ફરેલ નથી, તેજ પ્રમાણે આપના વફાત બાદ કોઇ પણ હાજતમંદ નાઉમેદ પાછો વળ્યો નથી ને વળશે પણ નહિ.

આ વફાતના બબરમાં મોસમે બહારના પાના ૭૬૭ માં લખે છે કે, "એમબી બયાન છે કે અલમાસ (ઝેર) ના આટા (પાવડર) ની શિકાયતે બવાસીરના શરીક રહ્યા. આપના વફાતનો કોઇને ખ્યાલ રહ્યો નહિ ને **અચાનક** આપ સુ-એ ફીરદોસ ગયા". ખુદાતઆલાના સલામ આપ પર. આપની ઉમરશરીફ ૩૦ વરસ, ૨ મહિના ને ૨ દિવસની છે. આપની દાઅવતના દિવસો ૩ વરસ, ૭ મહિના ને ૧૦ દિવસ રહ્યા. **આપે મોહરીક-તુલઅકબાદ** નામનો કિતાબ બનાવેલ છે. આપની કબર **સુરત** ઇઝઝી કુબ્બામાં છે. ક. ૩.

૪૭. સૈયદના અબ્દુલકાદર નજમુદ્દીન બીન સૈયદના તૈયબ ઝૈનુદ્દીન સાહેબ (ઉજ્જૈન) નું ટુંક બયાન.

રિવાયતમાં છે કે, મોલાના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબે ઇરાદો કીધોથો કે શહેરે રજબની પહેલી તારીખ જુમ્માનો દીન છે, તે દીન મોલાના નજમુદ્દીનપર નસના અમરને તાકીદ કરે અને ચંદ (કેટલાક) અશખાસને હદિચ્યતરસી (શેણો) મુશરરફ કરે અને સબ તરાહ બરસરેમલા (ઝાહેરમાં) મોલાના નજમુદ્દીન સાહેબને તાયદ કરે. અમ્મા કઝાનો અમર હાઇલ (મના કરનાર) થયો. તા. ૨૯ મી માહ મઝકુરને મોત નાઝીલ થયું. એમબી મશહુર છે કે, ઇલ્માસના આટાબી શિકાયતે બવાસિરના શરીક રહ્યા. આપના વફાતનો કોઇને ખ્યાલ નહિ. **અચાનક** આપ સુએ-ફીરદોસ ગયા. આપના ગીયાબતી આલમપર ઝુલમતના હુજુમ થયા. આપ સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબના ઇન્તેકાલ બાદ હી૰ ૧૨૫૬ ના સાલ શહેરે રજબની તા. ૧ લી જુમ્માના દીન હુઝુર પુરનુર હાકીમે અયવાને રિયાસત, નાઝીમે અકલીમે સીયાસત મૌલાના અબીમોહમ્મદ અબ્દુલકાદર નજમુદ્દીન સાહેબ ઝીનતે બક્ષ મસ્નદે દાઅવત કાયમ થયા.

સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબના ઇન્તેકાલ વખતે આપના માઝુન સૈયદી હિબ્તુલ્લાહ જમાલુદ્દીન સાહેબ જામનગરમાં તશરીફ રાખતા હતા. આપ સૈયદનાના વફાત બાદ તરતજ આપ સુરત પધાર્યા તે વખતે આપની જનાબમાં ઓલેમાઓ (૧) શેખુલ ફાઝીલ અબ્દુલઅલી. (૨) શેખુલ ફાઝીલ વલીભાઇ. (૩) શેખુલ ફાઝીલ અબ્દુલ્લાભાઈ અને સર્વેથી ફોક (૪) શેખુલ ફાઝીલ અબ્દેઅલી ઈમામુદ્દીન સાહેબ ભેગા થયા, અને દાઅવતે હાદિઆની મસનદપર આપ સૈયદના અબ્દુલકાદર નજમુદ્દીન સાહેબ ઓલેમાઓ મોસુપ્રુતની રાએથી બિરાજ્યા તે વખત આપે નીચે મુજબ ફલામો ફરમાવ્યા. જે. મો. બ. પાને ૭૫૦ માં છે.

અરબી ઇબ્બારત.

"વકદ કાના મોલાનલ મુકદ્દસ નાવિયન અંયયુઝ હેરા અમરન નસ્સે મઆમન કાના અરાદહુ વ અઝમરહુ યવમલ અબ્વલે મિન રજબિન અલામાજરર રસમો મિનદ દોઆતિસ સાલેરીના અઅલલ્લાહો કુદ્દસોહુમ વલાકિનનલ મહતુમાં મિનલ અબ્વલે સબકહુ વમાં અમ હલા વજલ લતિલ મુસીબતો વ અઝોમતિર રઝીમતો વ તશકકુતિલ જુયુબો વ તબલ બલતિલ કુલુબો કહી નઅેઝિન તસબ્બરલ ઓલેમાઉલ કોઝોલાઉલ મોહકકે, કુનલ લઝીના કાનૂ યત્તકુન, વલે મરાસીમિમ સાલેરીના યકતદુન લા સઇયમાં અઅલમોહુમ વ અફઝલો હુમ વ અકદમોહુમ અઅલલ્લાહો કુદ્દસહૂમ અબ્બલ લઝી સબકા મિન મોલાના હોવનનસ્સો વ ધન લમ યુઝહર મા નવાહો મઆ લાઉજુદા મન યદદર્ઇ અબ્બહૂ મનસુસુન અલયહે અવ મુશારૂન ઇલયહે (એટલા આબેરીહી.)

તરજુમો.

"મોલાનલ મુકદ્દસએ પોતાની નિય્યતમાં ધાર્યું હતું કે, નસના અમરને દોઆતે કેરામ ક. ૩. ની રસમ મુજબ રજબ મહિનાની પહેલી તારીખે ઝાહેર કરે, લેકિન કઝા-

કદરએ આપને મોહલત ના આપી અને તે અગાઉ આપ વફાત થયા. આ બનાવ બનવાથી મુસિબત હમારાપર ઘણી મોટી થઇ, અકલો હમારી પરેશાન થઇ, તે વક્ત ઓલેામાએ મોહકેકુન (મેાસુફુન) બાસતન તેઓ સઘળાના વધારે આલા અને ફાઝિલ ઈમાદુદ્દીન સાહેબે એમ તસવ્વુર કીધી કે, મોલાનાનો જે નસનો બરાદો સાબિક થયો તેજ ગોચા નસ છે. ગરચે આપે એ બરાદાને ઝાહેર ના કીધો, તે છતાં કોઈપર નસ હોવાનો યા કોઈ તરફ બશારો કરવામાં આવેલો હોય તેનો કોઈ પણ દુઅવાદાર નથી ".

આપ દાઅવતે હાદિઆની મસનદપર બિરાજ્યા તે બાદ આપે સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબની નિચ્યતપર ૪૦ દિવસ સુધી સિપારા પડયા, અને ફાતેહાખ્વાની ચાલુ રાખી. આ વખત દરમ્યાન આપ દાઅવતના કામકાજમાં દખલગીરી કરતા નહોતા ને ૪૦ દિવસ બાદ આપે દાઅવતના અમરોમાં દેખરેખ શરૂ કીધી, અને માઝુન હેબતુલ્લાહ ભાઈસાહેબ જમાલુદ્દીન સાહેબ માઝુનના રૂતબામાં કાયમ રહ્યા, અને અબ્દેઅલી ભાઇ-સાહેબને મુકાસીરનેા રૂતબેા ઇનાયત કીધો અને તરતિબમાં ઓલેામાએકેરામ અને શેખોને બેસાડયા. આપની રીયાસતની ઢબ લોકોને એવી પસંદ પડી કે દરેકનાં દિલોના વહેમો ને શંકા દુર થયા, અને આપની હાજતરવાઈ એટલી મશહુર થઇ કે તેના પાસે હાતિમની સખાવત ઝાંખી પડી ગઇ. આપની જેટલી સિફત કરીએ તેટલી ઓછી છે. આપનું હીલમ લોકોને અજબ કરાવનારૂં નીવડયું. આપના વખતમાં વિકટોરીઆ રાણી લંડનથી આવ્યા ને દિલ્હીના તખ્તપર બેઠા હતા.

આપની ઝમાનમાં એટલી મિકાસ હતી કે પથ્થર જેવા દિલના લોકો પણ મોમ જેવા બની જતા. તેમજ આપની હદ ઉપરાંતની સખાવતના સબબ આપ દેનદાર થઇ ગયા હતા. આપ બલમના એટલા શોખીન હતા કે કોઇ પણ તાલેબે બલમ આપની પાસેથી નાઉમીદ ન થતો.

આપનો જનમ થયો ત્યારે આપના બાવાજી સૈયદના તૈયબ ઝૈનુદ્દીન સાહેબ નાએબે ઇમામે ઝમાન સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબ પાસે લઈ આવ્યા ને અરજ કીધી કે, " ગુલામને ત્યાં ખુદાવંદે આલમે દિકરા ઇનાયત કીધા વાસ્તે ઉમર દરાઝની દોઆ કરીએ અને આપની બરકતવાળી ઝબાન બચ્ચાના મોંમાં આપીએ ". આથી મોલાના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબે બચ્ચાને ગોદમાં લીધા, બૂબ પ્યાર કીધો અને બચ્ચાનું નામ પુછયું. ત્યારે આપે અરજ કીધી કે, નામ 'યુસુફ' છે. ત્યારે સૈયદના અબ્દેઅલી સાહેબે ફરમાવ્યું કે આ બચ્ચાનું નામ અબ્દુલકાદર રાખો. કારણ આ બચ્ચા ઘણા કુદરતવાલા છે, આ બચ્ચાની શાન ઘણી મોટી છે.

આ રીતે સૈયદના અબ્દેઅલી સાહેબની આગાહી પ્રમાણે આપની શાન મોટી બની, આપનો લુત્ફોકરમ લોકોમાં જાહેર થયો. સૈયદના મોહમ્મદ બદરૂદ્દીનના વફાતના ૪૦) દિવસ બાદ આપે તખ્તનશીનીની મજલીસ કરી તેમાં શેખ અબ્દેઅલીને ઇમાદુદ્દીનનો લકબ ને મુકાસીરનો રૂતબો આપી શેખ અબ્દુલકયુમના ઉપર બેસાડયા. તે બાદ હબિ-

બુલ્લાહ ઇબ્ને શેખ અબ્દુલકયુમ, અને સૈ. અબ્દુલહુસેનને હુસામુદ્દીનનો બેતાજ આપ્યો, અને અબ્દુલહુસેન હુસામુદ્દીનને રાસુલહુદુદ કાયમ કરી શેખ અબ્દુલકયુમના ઉપર બેસાડયા.

આપ સૈયદના ગાદીનશીન થયા બાદ આપની દરબારમાં કોઇ પણ મોમિન પોતાની ફરીયાદ માટે બીલાતકલીફ હાજર થઇ શકતો અને આપ પોતેજ તે ભાઇની ફરીયાદ સાંભળી દાઅ-વતે હાદિઆના કાનુન મુજબ ઇનસાફ આપતા ને ઇનસાફના ચાહનારને ખુશહાલમાં વિદા કરતા

સૈયદના મેહમદ બદરૂદ્દીન સાહેબના ઝમાનમાં ઘણા ઓલેામાઓ હતા. આપના વફાત બાદ જે ઓલેામાઓ મોજુદ હતા, તેઓએ સૈયદના નજમુદ્દીન સાહેબના વખતમાં આપની વફાતના દિલપઝીર મરસીઆ અને નુહાના (વલાપ) રીસાલા લખેલા છે, જેમાં ખાસ કરીને સૈયદી અબ્દેઅલી ઇમાદુદ્દીન સાહેબે એક રિસાલો નામે " **અલબ્બતશતુલ કુબ્રા** " યાને મોટો કહેર રાખવામાં આવેલ છે તે લખ્યો છે. તેમાં આપ બેહદ અફસોસ કરી જણાવે છે કેઃ—

" અફસોસ ! અફસોસ ! ! આપ કયાં ચાલ્યા ગયા ? આ શું થઇ ગયું ? આજે અમારી આશાઓના બધા દરવાજા બંધ થઇ ગયા. ગમ અને ચિન્તાના પડો છવાઈ ગયા. અરે ! આજે મારા જેવા ઉપર ગમનો મોટો પહાડ તુટી પડયો છે, અને હું કહી રહ્યો છું કે આ કેવી બલા ઉતરી છે. આ હત્યારી મુસિબત કયાંથી આવી પડી છે. આ આકાશના સીતારાઓ કેમ તુટી જતા નથી. અરે ! સુરજને ગ્રહણ કેમ લાગતું નથી. પૃથ્વીમાં ધરતીકંપ કેમ થતો નથી. કયામતની ઘડી પાસે આવી ગઇ. ચંદ્ર તુટી પડયો. ભયાનક સ્થિતિ ઉત્પન્ન થઈ છે, બિગુલ ફુંકાય છે, કબરોના મુરદાઓ ઉઠયા છે. આ શું બન્યું ? સંપૂર્ણ શ્રેષ્ઠાના ચંદ્ર છુપાઇ ગયા છે, હિદાયતનો ચિરાગ બુઝી ગયો છે, સખા-વતનો સમુદ્ર સુકાઇ ગયો છે, આપના મરવાથી આખો સંસાર મરી ગયો છે. ખુદાના કસમ આ મુસિબત એટલી મોટી છે કે, એને માટે અફસોસ કરતાં કરતાં માણસ મરી જાય તો વધારે પડતું ન ગણાય. ખુદાના કસમ જે કારમી આફત અમારી ઉપર આવી પડી છે તેને લીધે અમો એટલે સુધી શુદ્ધિ વગરના થઈ ગયા છીએ કે અમને એ પણ ખબર નથી કે અમે જમીનના કયા ભાગમાં છીએ. આપનું મરવું અમારે માટે અંધારી રાત સમાન બન્યું છે. જે સીયાહ રાતના અંધકારે વહાણને ડુબાવી દીધું છે. આ ટુટેલું કોઇ પણ રીતે જોડી શકાશે નહિ, અને આ ઘા કદી પણ રૂઝાશે નહિ ".

હી૰ ૧૨૫૬ માં આપ સૈયદનાને ત્યાં ખુદાતઆલાએ ફરઝંદ નામે મોહમ્મદની દોલત 1840
સકીનાઆઈ સાહેબાના પેટથી અતા કીધી. આ આઇસાહેબાથી આપને ઘણીજ મોહબ્બત હતી. આ સકીનાઆઈ સાહેબના માસાહેબાનું નામ ચમનઆઈ સાહેબા બિન્તે શેખ અબ્દુલકાદર છે અને શેખ અબ્દુલઅલી વલીસાહેબની બહેન સાહેબા છે. આ ચમનઆઇ સાહેબાનું દેવડીમાં ઘણું મોટું ચલણ હતું અને દેવડીના દરેક કામકાજ ચમનઆઈ સાહે-બાની સલાહથીજ થતા. સૈયદના નજમુદ્દીન સાહેબને આપના બેરો સકીનાબાઇપર એટલી મોહબ્બત હતી કે આપ કોઈ વખત તેનાથી જુદા પડયાજ નથી, તેમ તેમની હયાતી સુધીમાં આપ સૈયદનાએ બીજી બેરો પણ કરી નહોતી. આ સકીનાઆઇ સાહેબના પેટથી

ખુદાતઆલાએ આપને ચાર ફરઝંદ અતા ફર્માવ્યા છે, તેમાં ૩ દિકરી–અમતુલ્લાબાઇ, ઝૈનબબાઇ ને ફાતેમાબાઈ તથા એક ફરઝંદ મોહમ્મદભાઇ સાહેબ બુરહાનુદ્દીન. તે બાદ આ સફીનાઆઇ સાહેબા હી૰ ૧૨૫૮ માં વફાત થયા.

સફીનાઆઇ સાહેબના ઈન્તેકાલ બાદ ૪૬ મા દાઇ સૈયદના મોહમ્મદ બદરૂદ્દીન સાહેબના બેવે બૈરો રતનબાઇ સાહેબા તથા બદિબ્બાબાઈ સાહેબાને આપ સૈયદનાએ નિકાહમાં લીધા. તેમાં રતનબાઈના પેટથી ૩ ફરઝંદ થયાં તેમાં બે દિકરા તૈયબભાઈ સાહેબ તથા તાહેરભાઇ સાહેબ ને એક દિકરી ઝૈનબબાઇ અને બીજા બૈરો બદિબ્બાઈના પેટથી ૩ ફરઝંદ થયાં તેમાં બે દીકરા હુસેનભાઇ સા. તથા ઈબ્રાહિમભાઇ સાહેબ તથા એક દિકરી મરયમબાઈ થયા. તે બાદ આપે ચોથા બૈરો મરયમબાઈ કે જેને તેના મરદે તલાક આપી હતી તેને નિકાહમાં લીધા જેના પેટથી ત્રણ ફરઝંદ થયા બે દિકરી બદિબ્બાઇ તથા સફીનાબાઇ ને એક દિકરા હસનભાઈ સાહેબ ઝકીયુદ્દીન થયા.

આ પછી આપ સૈયદનાએ ઝૈનબબાઇ નામનાં એક વિધવા બાઇને નિકાહમાં લીધા, જેના પેટથી એક ફરઝંદ અબ્દુલ્લાહ ભાઇસાહેબ હકિમુદ્દીન થયા. તે બાદ બીજા બૈરો ઝૈનબબાઈ નામના નિકાહમાં લીધા. ત્યાર બાદ અસમાબાઇ તથા તે પછી ઘોલકાવાલા બાઇસાહેબા સાથે નિકાહ ફર્મા જેનું નામ હયાતીબાઇ છે.

છેલ્લા અસમાબાઇ તથા ઘોલકાવાલા હયાતીબાઇ સિવાયના બધાં બૈરો આપની હયાતીમાં એક બાદ એક વફાત થયાં હતાં, અને મજકુર બંને બાઇસાહેબા આપના ઈન્તેકાલ પછી ઘણી મુદત બાદ વફાત થયા ને ઘોલકાવાલા બાઈસાહેબા તો સૈયદના અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબના વખતમાં ગુજર્યા છે.

આપ સૈયદનાએ બચ્ચાંઓની ખતાનત વખતે પણ સારી ધામધુમ ફર્માવી હતી એમ પણ કહેવાય છે આ વખતે સુન્નત શાદીમાં જે રોનક અને ખુશી થઇ છે તેવી મુરતમાં કોઈ વખત આ અગાઉ થયેલી જોવામાં આવી નહોતી. આ ખુશીમાં આપે મોમિન ભાઇઓના બચ્ચાંઓની ખતાનાત કરાવી આપી હતી એટલુંજ નહિ પણ તે બચ્ચાંઓના વાલીઓને દરેક ખતાનત દીઠ રૂપિયા ૧૦) આપ્યા હતા. આ વખતે લગભગ ૭૦૦ બચ્ચાંઓની ખતાનત કરાવી અજરેઅઝીમ લીધું હતું. આ ખુશીના હંગામપર ઇંગ્રેજ સરકાર તરફથી મુબારકબાદી તેમજ ૧૯ તોપોથી શબગસને સલામી આપવામાં આવી હતી, તેવું એક અરજી કચીની એતપરથી માલુમ પડે છે.

હીજરી ૧૨૫૯ માં સૈયદના મોહમ્મદ ઈઝઝુદ્દીન સાહેબના નીશાની આપના દિકરી બાઇ ફાતેમાબાઇ તેથા તેના બાવિંદ શેખ ઇબ્રાહીમજી વફાત થયા, તે પછી વઝીરબાઈ સાહેબા તે સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન સાહેબના બૈરો વફાત થયા. અહીં સૈફી અને બદરી કુટુંબનો બાતેમો થયો. તે પછી આજ અરસામાં મોટા મોટા બોલોમાઓ વફાત થયા જેથી સૈયદના નજમુદ્દીન સાહેબને ઘણોજ સદમો થયો ને ૧૨૫૮–૫૯ માં રમઝાનની

તા. ૧૬ મીએ માઝુને હક સૈયદી હિબ્તુલ્લાહ જમાલુદ્દીન સાહેબ વફાત થયા. તેના બારામાં મોસમે બહારના કર્તા લખે છે કે,—" બકીયતુદ્દોઆતીલ અકરમીન સકવતે અરબાબુલ હકકે વલ યકીન ".

યાનેઃ – માનવંતા દોઆતોના બાકી રહેલા યકીન અને હકના ધણીઓના ખુલાસા ભાઇસાહેબ હિબ્તુલ્લાહ ભાઇસાહેબ જમાલુદ્દીન સાહેબ દાઅવતે હાદિઆના માઝુન સાહેબની વફાત થયા.

આ વફાત બાદ ટુંક વખતમાં સૈયદી અબ્દેઅલી બેમાદુદ્દીન સૈફી સાહેબ પણ વફાત થયા. આપને હકતઆલાએ ઈલ્મની દોલત ઇનાયત ફર્માવી હતી, અને આપે નીચે પ્રમાણે ત્રણ કિતાબો લખ્યા છે.

(૧) લુબ્બુલલોબાબ. (૨) દિવાન. (૩) તોહફતુલ ઈખ્વાન. જેમાં ઇખ્વાનુસ્સફાના ચાર રિસાલાઓની શરેહ છે. અને આ ઝમાનામાં શેખ એહમદઅલી હમીદુદ્દીન સાહેબ પણ એક પ્રખર આલીમ ગણાતા. તે સાહેબે ત્રણ કિતાબો લખ્યા છે. (૧) લોમેઆત. (૨) લોમેઆત કિતાબની શરેહ. (૩) દામેગુલઇફકે વલ બોહતાન. એજ પ્રમાણે શેખ શરફઅલી સિદ્ધપુરના આલીમે બે કિતાબો લખ્યા છે. (૧) રીયાઝુલઝનાન. ઇસ્વી ૧૨૬૦ માં તે મુંબઇ લીથો પ્રેસમાં છપાયો છે. (૨) બોધુલ મઆરીફ. (આ કિતાબ છપાયો છે પણ કેટલીક હુજ્જતોના વાંધાના સબબ તે જપ્ત થયો છે.) અને શેખ વલીભાઈ નામના આલીમે અતનજમુસ્સાકીબ નામનો કિતાબ લખ્યો છે જેમાં નસનું બયાન છે.

અલમાઝુન સૈયદી હિબ્તુલ્લાહ જમાલુદ્દીન સાહેબના બાદ આપ સૈયદનાએ આ રૂતબો આપના ભાઇ સૈયદી અબ્દુલહુસેન હુસામુદ્દીન સા. ને આપ્યો ને મુકાસીરનો રૂતબો સૈયદી ઈસમાઇલજી બદરૂદ્દીન સા. ને આપ્યો. આ પ્રમાણે દાઅવતનો કારોબાર ત્રણ સાહેબોની મસલેહતથી ચાલવા લાગ્યો. આ વખતે ગવર્નમેન્ટનો હિન્દુસ્તાનપર પુરતો કાબુ થઇ ગયો હતો. એટલુંજ નહિ પણ આખા હિન્દુસ્તાનમાં વિકટોરીઆ રાણીની આણ ફેલાઈ હતી જેથી દરેક ઠેકાણે અમાન હતું અને દરેક શહેરોમાં નવા નવા હુન્નરો પણ ચાલુ થયા હતા. તાર, રેલ્વે, ટેલીગ્રાફ સરવીસ વિગેરે અનેક જાતના હુન્નરો દાખલ થયાં હતાં.

આપના વખતમાં હીજરી ૧૨૬૪ માં પાંચ ઇમામી કાગળો આવેલ છે, જેમાં કેટલીક સુચનાઓ આપેલ હતી. આ કાગળ સંબંધી આપે સૈયદી ઇમાદુદ્દીન સાહેબ કે જેઓ આલેમુલઅલ્લામા હતા તેઓને તે કાગળો વંચાવી મસલેહત લીધી હતી.

આ ઇમામી કાગળો વિષે મોસમે બહારના કર્તા શેખ મોહમદઅલી મદ્રાસી જીલદ ત્રીજાને પાને ૭૪૯ માં લખે છે કે:—

" મૌલાના નજમુદ્દીન સાહેબના એહદે રીયાસતમાં ઇમામના કાગળો આવ્યા હતા તે કાગળોના મુતાલેઆસી હરેક મરદે આરીફનું દીલ મહબે દુરૂદ થયું. અમ્મા ગુનાહના સબબ

નતીજા હાત ન આયા, વખતના ફેરત બાદ મતલબને કામયે હુવાં મગર ન પાયા. અને ૧૨૯૭ હીજરીના વરસે સુરતમાં એક અન્જુમન મુકરર થઇ કે તે હીલપ્રુલ ફઝાઇલથી મશહુર છે. હરકીસો નાકીસોની ઝબાનપર તે અન્જુમનના અરાકાનોનો મજકુર છે. તે સબળાનો ઇરાદો એમ હતો કે દાઅવતનું કામકાજ પારલામેન્ટરી રીતે થાય અને સૈયદના નજમુદ્દીન સા. ઇબ્તદાથી અન્જુમનની રજા વગર કંઈ કામકાજ નાહી યા આમીર ન થાય". મો. ય. જી. ૩ જી પા. ૭૪૯.

હીલપ્રુલ ફઝાએલવાળા સાહેબોની હીલચાલના સબબ આ વખતે બીજા ઓલોમાઓમાં કીલકાલ થઇ ને તે સબબ લોકોમાં પણ એ મત થયા. ખુદાતઆલા સર્વેને નેક તોફીક અતા કરે ને હકને ઓળખી સમજીને ચાલે.

આપ સૈયદનાના વખતમાં એક બાદ એક સબળા ઓલોમાઓ વફાત થયા ને કોઈ આલેમુલઅલ્લામા બાકી ન રહ્યા, જેથી મોસમે બહારના સાહેબ લખે છે કે, " હુઝુર એકલા છે, એહલે માઅરેફતને બિલકુલ ઝમાનની હવા ગેર મુવાફીક પણ અણસમજીઓને દુધ કેળાં છે. દરસની સબકોથી સૌએ હાથ ઉઠાવી લીધો છે. હવાના ઘોડાપર સવાર થયા ને દુનિયા પર પડાપડી કીધી. અને સૈયદના નજમુદ્દીન સાહેબના કામોપર સોની નઝર ગઇ, લોકો દુનિયાના તલબ વાસ્તે માલ જમા કરવા લાગી ગયા, કિતાબો અભેરાઈપર ખડકાયા કે ઉધઇને સ્વાધીન થયા. ઇલ્મોના ચીરાગ બુઝાઈ ગયા. દરેકનું શુગલ ખાવાપીવામાં ગયું. હદીયતના રતબાઓ સહેલથી હરકોઇને આપવામાં આવતા હતા. આ હદીયતના રતબાઓ કોને આપવા તે વિષે સૈયદના ઝૈનુદ્દીન સાહેબે એક રિસાલો બહાર પાડયો છે જે વાંચવાથી સમજાશે. મો. ય. જી. ૩. પા. ૭૩૯.

આપ સૈયદનાને હીજરી ૧૨૮૩ ઇસ્વી ૧૮૬૬ માં હીઝ એકસેલન્સી સર બર્ટલે ફ્રીયર, તે મુંબઇના ગવર્નર સાહેબ તરફથી **પહેલા વર્ગના સરદાર** તરીકેનો માનવંતો હેદો આપવામાં આવ્યો હતો જે આપ નામદારે ઉપકાર સહીત કબુલ કર્યો હતો.

અગાઉ પહેલા વર્ગના સરદારનો ઇલકાબ મી૰ બીનીંગ ગવર્નર તરફથી સૈયદના ઇઝઝુદ્દીન બીજા, તે ૪૪ મા દાઇ, અને સૈયદના ઝેનુદ્દીન બીજા, તે ૪૫ મા દાઇને તે હોદો આપવાનું કહેવામાં આવ્યું હતું પણ આ બન્ને દાઇઓએ તે સ્વીકારવાની આભાર સાથે ના પાડી ને માન સાથે કહ્યું કે, અમોને દુન્યવી માનના ઇલકાબની દરકાર નથી પણ ગવર્નમેન્ટ અમારા ભાઇઓની તરફ માયા રાખે એવી ખાહેશ છે.

બાદ આપના વખતમાં "દાઉદી બાગ" રહીશ ઇબ્રાહીમ અબ્દુલકયુમે બાંધી આપ્યો ને મુંબઇની જુમાથને લેવજહીલ્લાહ વકફ કર્યો, અને શેઠ ભાઇજીભાઇ તંબુવાલાએ મુંબઇમાં વોરાવાડ ભીંડી બજારમાં મસજીદ બનાવી વકફ કીધી તથા ઇબ્રાહીમ નુરૂદ્દીનના ફરઝંદ અબ્દુલતૈયબે માટુંગની મોટી મસજીદ બનાવી વકફ કીધી. આ પ્રમાણે અનેક મોટા મોટા મકાનો આપના વખતમાં તૈયાર થયા છે, તેમજ તે સિવાય હુઝુરની ઇચ્છા બીજાં કોમ ઉપયોગી કામો તરફ ઘણીજ રહેતી ને વગર દખલે બેરના કામો થાહોમ થતા જતા હતા.

સર આદમજી પીરભાઈની બીદમત ને સૈયદનાની દોઆ.

આપણા મૌલા અને સરદાર સૈયદના નજમુદ્દીન સાહેબ દરેક વખતે સર આદમજી પીરભાઇને " મારા નેક દિકરા " કહીને બોલાવતા એટલુંજ નહિ પણ સરને બેરના કામ પર રીદા થતા જોઈ હર વખત મુબારકબાદી આપતા. હી૰ સ૰ ૧૨૯૭ની સાલમાં સર આદમજી પીરભાઇએ આપ સૈયદનાની ઘણીજ વખાણવા જોગ બીદમત કરી છે તે આ તકે ભાઇઓની જાણ માટે જરૂરી ધારી અત્રે આપેલ છે, તે વાંચ્યા પછી વાંચનાર સાહેબ સરના માટે દોઆ કર્યા વગર રહેશે નહિ.

આપ સૈયદનાની બીમારી.

આપ સૈયદના નજમુદ્દીન સાહેબને આખા શરીર પર ગુમડાની બીમારી થઇ હતી. જેથી આપ ઘણાજ બેચેન રહેતા હતા. ઘણા ઘણા ઇલાજો કર્યા છતાં કોઈ રીતે આરામ થતો નહોતો, જેથી આપે આપના ફરઝંદ દિકરા સર આદમજીને યાદ કીધા. તરતજ આદમજી શેઠ હાજર થયા ને પોતાના આકાને વાલકેશ્વરના બંગલામાં રાખી ઘણીજ તારીફલાયક માવજત અને બરદાસ્ત કરી જેનું વર્ણન કરવું અશકય છે મોટા મોટા ડોકટરોના બીલો પોતે ચુકવ્યાં ને પોતાના આકાના ઉપર હજારો રૂપિયા નીસાર કરી નાખ્યા હતા. આવું મોટું ખરચ એક કાઠીયાવાડીએ પોતા ઉપર ઉપાડી લીધું તેથી આપણા આકા અને સરદાર નજમુદ્દીન સાહેબ બહુ ખુશ થયા હતા અને આપ સૈયદનાને પુરો આરામ થયો ત્યાર બાદ આપને વિદા કર્યા હતા.

ચોત્રીસો દુકાળ.

આપના વખતમાં હિન્દુસ્થાનમાં સંવત ૧૯૩૪ નો ભયંકર દુકાળ પડયો હતો, જે દુકાળનું બયાન અત્યારે જે કોઇ પણ ઇનસાનના કાન પર આવે તો તેને કમકમાટી છુટયા વગર રહે નહિ ને તે વાત સાંભળી દરેકના રૂંવાડાં ઉભાં થઈ જાય.

આ દુકાળની જ્યારે શરૂઆત થઈ ને આપણા આકા અને સરદાર સૈયદના નજમુદ્દીન સાહેબને ખબર પડી ને કેટલાક ભાઇઓ ભુખમરાથી દુઃખી થાય છે એવી ખબર મલી કે, તુરતજ પોતાના કરી લીધેલા બેટાને બોલાવી કહ્યું " મારા નેક બેટા આદમજી " તૈયાર થા, તારા ભાઇઓની ખબર લે અને અનાજ પહોંચાડ. ઘણા કુટુંબો દુકાળમાં ભુખે મરે છે. જા જલદી તૈયાર થા. આ વખતે પણ રઈઉદ્દીન આદમજીએ પોતાના માલેકના બોલો તુરત માથા ઉપર ચડાવી લીધા ને મોમિનો ઉપરાંત નાત જાતના તફાવત વગર દરેકને રૂપિયા અને અનાજ મદદ તરીકે આપ્યા જે વાત જગ જાહેર છે.

આપ સૈયદના ઘણાજ રહેમ દિલ હતા ને સબાવત તરફ હમેશાં ખ્યાલ રાખતા, તેના સબબ મોમિનોના દિલો પણ નરમ થયા ને તેઓ પણ આપના પગલે ચાલી કોમ ઉપયોગી બાતાઓ બોલવા લાગ્યાં, યથા રાજા તથા પ્રજાવાળી કહેવત સાચી પડી. આપના અગાઉના ઝમાન પહેલાં સુરતમાં જુમાતખાનું નહોતું, તેથી બહાર રસ્તાપર મોમિનો

જમવા બેસતા. એક વખત આપની નઝરપર તે વાત ગુજરી ને જમણવાળી ખરાબી તથા મોમિનની બેહુરમતીનો આપને ખ્યાલ થયો, તરતજ મોલાનાઓ કોશિશ કરી અને એક જુમાથખાનું બનાવરાવ્યું. તે બાદ તેની નકલ બીજા શહેરોમાં થઇ ને આજે તો શહેરે શહેર જુમાથખાનાઓ નજરે પડે છે. જે આપ સૈયદના નજમુદ્દીન સાહેબની જ બદોલત છે. અને જુમાથખાનામાં તરેહ તરેહના પકવાનો જમી મોમિનોને સેરાબ થાય છે.

આપના વખતમાં કરાંચીના મોમિનો માંહેનાં કેટલાક તે વખતે દેખવે ગામડીયા જેવા લાગતા હતા, તેમજ અદબ કે તમીઝ પણ પુરી નહોતા જાણતા તેમના અખલાક સુધારવા માટે આપે વિચાર કર્યો, તેમજ કરાંચી જેવા મોટા શહેરમાં એવું મકાન નોહતું કે જ્યાં વાએઝ બેસી શકે. આ સઘળાનો ખ્યાલ કરી આપે મુલ્લાં જીવાભાઇ ઉમ્મને અબ્દુલકાદરને પહેલવહેલા કરાંચી તરફ આમિલ તરીકે મોકલ્યા, તે વખતે વહાણમાં સફર થતી હતી એટલે તે આમિલ સાહેબ વહાણમાં બેસી ૨૮ દિવસ બાદ કરાંચી મુકામે આવ્યા. અહીં આવી આમિલ સાહેબે લોકોને નસિહતના તોર પર ખૂબ સમજાવ્યા ને કરાંચીને આબાદ કર્યું. મોમિનોના ભલા માટે જોઇતી દરેક ચીજોનો આપે બંદોબસ્ત કર્યો ને મોમિનોના ખ્યાલાત સુધારી હકપરસ્ત બનાવ્યા, અને કરાંચી આજે જે ઉન્નતની ટોચે પહોંચ્યું છે તે આ આમિલ સાહેબની નેક ને ભલી કોશિષના સબબજ છે. કરાંચીનું અનુકરણ બીજા શહેરોમાં પણ થયું ને ધીરે ધીરે લગભગ બધા મોટા શહેરોમાં તેનો ફેલાવો થયો યાને લોકોમાં દિનદારીનો જોશ ઉભરાયો ને હક પર ચાલી દિનદારીમાં આગળ વધતા ગયા.

આપ સૈયદના નજમુદ્દીન સાહેબ આ વખતે ઝઇફ થયા હતા. આપને લાગ્યું કે મારી રહેલતનો વખત નજીક થયો છે તેથી ઇરાદો કર્યો કે, "હું મારા ફરઝંદ હુસેનભાઇ સાહેબને મારા જનસીન બનાવું. આ વખતે આપના ભાઇ હુસામુદ્દીન સાહેબ માઝુન હતા, તે બાદ આપે જાહેર કર્યું કે, "મને ખ્વાબ થયો છે તેમાં એમ હુકમ થયો છે કે હું મારા ફરઝંદ હુસેનભાઇ પર નસ કરું". તે બાદ આપે એક રિસાલત નામે અરિસાલતુલ વઝીયાહ ફી ઇઝાહીલ નસ્સે વલ વસિયાહ બનાવી જેનો ટુંક મજમુન આ પ્રમાણે છે.

નસની રિસાલતના મઝમુનનો ટુંક સાર.

"મારી ઝઇફી થવાસી મેં હમેશાં તલાશમાં રહેતો કે મારા મનસબમાં કોઇને કાયમ કરું એક વક્ત રાતે ખ્વાબમાં મેં કહેનારને સુનું કે, બેશક તમારી અરજ કરીબ થઇ છે. ખુદાનો અમર તમારાસી નઝદીક થવા આવ્યો છે. તમે વસિયતને મુકદમ કરો અને અમાનતને અદા કરો. મેં નીંદસી હુશિઆર થયો, ખોફ અને હયબતસી મારા જીસમમાં પસીનો થઈ ગયો. મેં ઉઠીને વજુ કીધી અને નમાઝ પહડી, ખુદાના નઝદીક દરતબદ્દોઆ થયો અને અરઝ કીધી કે, અએ રબ્બ ! કોને અમર સોંપું ? તે શબ્દને જાહેર કરી આપ. ઇતનામાં મને ઝોંકો આયો તે વખતે કહેનાર કહે છે, ઉઠો ! તમે હદીબતની અમાનતને એહના એહેલની તરફ અદા કરો. મેં મારી નીંદસી કાંપીને ઉઠો, ખુદાના નઝદીક તઝરરો કીધો, ખુદાના ઓલ્યાનો વસિલો લીધો અને ઇલ્તેજાસી અરઝ કીધી કે,

કોના ઉપર નસ કરું ? ઇરશાદ ફરમાવીયો. ઇતનામાં મને નીંદનો ઝોંકો આયો ને ખ્વાબમાં સુનું કે, અમાનતના એહલસી. મુરાદકે, તે શબ્સ તમારા અબયાનમાંસી છે, એહની તરફ અમરને પહોંચાવો અને ખોફ ના કરો. બેશક તમારા વારતે ઇસમત ને તમારા રબની મદદ છે. ખુદાના અમરમાં ખુદાનેજ ડરો અને તમારા ઇમામની તાબત કરો, તમારા ભાઈ અને તમારા ફરઝંદોના દરમ્યાનમાંસી અલહુસેન ઇઝઝુદ્દીનને કાયમ કરો. પછી મેં નીંદથી હુશ્યાર થયો. ખુદાતઆલાનો શુકર અબ્જાબ્યો અને આ બશારતના મુવાફીક મેં અમલ કીધું".

આ ઉપરથી એમ માલુમ પડે છે કે આપના તાબેદનમાં હુસેનભાઇ સાહેબ જેવા કોઇ મુતબી અને પરહેઝગાર નોહતા અને આપના કોલના મુવાફીક ખુદાતઆલાએ પણ ફરઝંદ મોસુફને કાયમ કરવાનો હુકમ કીધો અને ઇસમતનો જામીન થયો.

આપ સૈયદના નજમુદ્દીન સાહેબ દિલના ઘણા મોટા હતા તેથી છુટે હાથે મદદ કરતા. આપની પાસે કોઇ પણ હાજતમંદ આવતો તેની હાજતને આપ પુરી કરી આપતા અને શેખ અબદેઅલી ઇમાદુદ્દીન સાહેબને જરાસી વાતપર એક લાખ રૂપિયા આપી દીધા, જે વાત આમ મશહુર છે, તેમજ આપના ફરઝંદોની શાદીઓમાં મોટું ખર્ચ કીધું, રૂપિયા કાંકરાની મિસલ ખરચાયા, પૈસાને આપ હકીર સમજતા. આપને આ શાદી વખતે તેમજ બીજી રીતે હદ ઉપરાંત ખરચ કરવું પડયું તેથી આપને શાહુકારો પાસેથી કરજે રૂપિયા લેવા પડયા ને તે કરજ દિનપર દિન વધતું ગયું. મતલબ કે આપ તે કરજાના સબબ ઘણાજ તંગ આવી ગયા ને લેણીયાતો સખત તગાદો કરવા લાગ્યા જેથી આપે તેમને ધીરજ આપી મન મનાવ્યા પણ તે કરજ આપના ઝમાનમાં ભરપાઇ થયું નહિ.

આપ સૈયદના નજમુદ્દીન સાહેબ મોટા દિલના હતા તે સબબ આપનું ખર્ચ પણ ઘણુંજ મોટું હતું તેજ વીરાસત આપના ફરઝંદોમાં આવી ને તેઓ પણ યાહોમ ખરચ કરતા હતા, જે વિષે મોસમે બહારમાં બયાન છે કે:—

"વાલીદના તરહ મુરબ્બત અને કરમમાહે આપની ઓલાદ કસરતે સખાસી અગરચે મદચુન થયા, મગર કોઈ સાહિબ દરેદોલતસી માયુસ ન ગયા, જાહતા તાલીબને જાહ, માલના સાહબને માલ, ઘણા ઘણા સખી દુનિયામાં થયા અને થાશે મગર કહાં આ હોંસલા અને કહાં આ કમાલ ?" મો. બ. જી. ૩ પાનું ૭૨૨.

દરસના ખરચમાં ઘટાડો.

આપ સૈયદનાના વખતમાં ખર્ચ વધી જવાના સબબ તેમજ બલાકાઓ પોતાના ફરઝંદોને વહેંચી અપાયા જેથી તે બલાકાઓની દાબવતની આમદ ઓછી થઇ જવાના સબબ પૈસાની તંગી જણાવા લાગી ને કરજ વધતું ગયું તેથી ખર્ચ ઓછું કરવાની ફરજ પડી અને સુરતના દરસના ખરચમાં ઘટાડો કરવો પડયો એટલે દરસમાં પડતા તલબતો પર અંકુશ મુકાયો ને સખતાઈ શરૂ થઇ જેથી તેઓ ઘણા મુંઝાયા. બાદ કોઇ પોતાને વતન ચાલી ગયા ને કેટલાક કામે લાગી ગયા. એ વિષે મોસમે બહારમાં નીચે પ્રમાણે છે:—

" મદ્રેસા મસજીદોના માફક ખાલી અને વીરાન છે. ઇલમના તાલેબુન અને રૂશ્દ (સુમાર્ગ) ના રાગેબુન કહાં બનય ? અંધારી રાતમાં રસ્તો ભુલેલાની માફક સર્વે હયરાન છે, પેટની પુજાને માટે મસજીદને બદલે બાઝારો આબાદ છે, નફસને જીસમની રાહતો તરફ્કી માટે દુકાનો અને ઇસ્કુલો મઆબદો મશાહેદ છે, તોહીદો તદરીસના બાબ ઝમાનના લોકો પર બંદ છે. હુંપણાની બેંચની બિમારીમાં માબ્લુમ નથી કોન હદ અને કોન મહદુદ છે ? "

આપના ઝમાનમાં હદ્દિયતના મરતબાઓ ઘણીજ સહેલાઇથી આપવામાં આવતા હતા, જેથી તેવા મરતબાના સાહેબો ઘણા જોવામાં આવતા હતા.

આપના હુદુદોમાં માઝુન પહેલા સૈયદી હિબ્તુલ્લાહ જમાલુદીન સાહેબ હતા, તે પછી હુસામુદીન સાહેબ, અને મુકાસીરોમાં પહેલા ઇમાદુદીન સાહેબ, બીજા હુસામુદીન સાહેબ ને ત્રીજા ઇસમાઇલજી ભાઇસાહેબ હતા. આપના ઇન્તેકાલ વખત હુદુદની તરતીબ નીચે મુજબ હતી.:—

૧. માઝુન હુસામુદીન સાહેબ, ૨. મુકાસીર ઇસમાઇલજી બદરૂદીન સાહેબ, ૩. રાસુલહુદુદ બુરહાનુદીન સાહેબ, ૪. હસનભાઇ સાહેબ, ૫. હુસેનભાઇ સાહેબ, ૬. તૈયબભાઇ સાહેબ, ૭. તાહેરભાઇ સાહેબ, ૮. ઇબ્રાહીમભાઇ સાહેબ, ૯. અબ્દુલ્લાહભાઇ સાહેબ, (આ સાતે આપના ફરઝંદો બાદ હુસામુદીન સાહેબના ફરઝંદોની તરતીબ હતી). ૧૦. અબ્દેઅલીભાઇ સાહેબ, ૧૧, અબ્દુલ્લાહભાઇ સાહેબ, ૧૨. શેખ આદમભાઇ સાહેબ, ૧૩. હિબ્તુલ્લાહભાઇ સાહેબ. આ ચાર હુસામુદીન સાહેબના ફરઝંદો બાદ ૧૪. દાઉદભાઇ સાહેબ હતા, જે ઇસમાઇલજી બદરૂદીન સાહેબના ફરઝંદ હતા. આ સાહેબોની તરતીબ બાદ આપના દામાદોની તરતીબ હતી જે બાદ બીજા સાહેબો બેસતા. આ રીતે એક બાદ એક એમ તરતીબ ગોઠવવામાં આવેલ હતી.

સૈયદના તૈયબ ઝૈનુદીન સાહેબને ત્રણ ફરઝંદો હતા. (૧) નજમુદીન સાહેબ, (૨) હુસામુદીન સાહેબ, (૩) ઇસમાઇલજી બદરૂદીન સાહેબ. મોલાના મોહમ્મદ બદરૂદીન સાહેબે આ ત્રણે ભાઇઓ માટે એક એક મકાન બનાવી આપ્યું અને સૈફી દરસની બાજુમાં મોલાના બદરૂદીન સાહેબ પોતા માટે ખાસ મકાન બનાવી રહેતા હતા. સૈ. મ. બદરૂદીન સાહેબના વફાત બાદ તે મકાન આપ સૈયદના નજમુદીન સાહેબ હસ્તક આવ્યું અને આપના વફાત બાદ તે મકાન પોતાના બચ્ચાંઓમાં વીરાસતના હિસાબે તકસીમ થયું, જે મકાનમાં હાલ તૈયબભાઇ સાહેબ તથા તાહેરભાઇ સાહેબની ઓલાદ રહે છે.

આપના વખતમાં અલ માઝુન સૈયદી હેબ્તુલ્લાહ જમાલુદીન સાહેબના દિકરી નામે અમતુલ્લાબાઇ સાહેબા શેખ મોહમ્મદભાઇ બીન શેખ અબ્દુલઅલી વલીસાહેબના ઘરમાં હતા, પાછળથી મવસુફા બાઇને તલાક અપાઇ અને તે બાઇના સૈ. હુસામુદીન સાહેબ સાથે નીકાહ કરી આપવામાં આવ્યા.

આપના વખતમાં નીચે મુજબ આલેમુલઅલ્લામાં હતા.૧. શેખ અબ્દેઅલી ઇમાદુદીન. ૨. શેખ વલીભાઇ બીન શેખ હબીબુલ્લાહ, ૩. શેખ અબ્દુલ્લાહભાઇ બીન શેખ

અબ્દુલકાદર, ૪. શેખ મહમદઅલી હમદાની, ૫. શેખ યુસુફભાઇ શરફુદીન વલી, ૬. શેખ યુસુફભાઇ વલી, ૭. શેખ મહમદભાઇ વલી, ૮. શેખ દાઉદભાઇ બીન રાજભાઇ તબ્બા, ૯. શેખ એહમદઅલી હમીદુદીન જનાબ, ૧૦. શેખ ઇબ્રાહીમ સરીબ્બુદીન બીન સૈયદી અબ્દેઅલી ઇમાદુદીન, ૧૧. જનાબ સૈયદી એહમદઅલી હમીદુદીન સાહેબ. ઉપરાંત ઘણા સાહેબો આલેમુલઅલ્લામા તરીકે આપના ઝમાનમાં હતા.

૧૨૯૩ હીજરીમાં હીંદથી અરબસ્તાન તરફ **ઇમામની તલાશ માટે** પાંચ સાહેબો (૧) સૈયદી મોહમ્મદઅલી હમદાની. (૨) સૈયદી યુસુફભાઇ વલીબુલ્લાહ. (૩) શેખ મોહમ્મદ આરીફ ફેઝી જેવણ જીંદગી સુધી અદનના આમીલ હતા, (૪) મુલ્લાં સુલતાનઅલી મુતવ્વીફ અને (૫) મુલ્લાં મુસાજી નગરવાળા આ સાહેબો અરબસ્તાન તરફ ગયા હતા તેઓએ પોતાનું મુળ મથક મક્કા બનાવી ત્યાંથી બધી જગ્યાએ ફર્યા હતા. જદ્દાથી રવાના થતી વખતે તુર્કી રીયાસત તરફથી તેઓને હિન્દી જાસુસ માની લઇ પકડવામાં આવ્યા હતા અને ત્યાંથી કોઇ પણ જગ્યાએ જવાની અટકાયત કરવામાં આવી હતી, અને સુરતના કલેકટરના રીપોર્ટથી તેઓને છોડી મુકવામાં આવ્યા હતા તેઓએ હીજરત કીધી તે વખતે સૈયદી મોહમ્મદઅલી સાહેબે એક રીસાલત લખી છે જેનું નામ "રીસાલતુલ હિજરત" છે. મજકુર કિતાબ સૈયદી યુસુફભાઇ સાહેબના હાથની લખેલી છે.

આ ઉપરાંત હીજરી ૧૨૯૬ માં સૈયદી યુસુફભાઇ બીન મોલાઇ અબ્દેઅલી વલીસાહેબે એક રિસાલો લખેલ છે. આ સાહેબ આલેમુલઅલ્લામા હતા, પરહેઝગાર હતા, ઇમામની તલાશમાં અરબસ્તાન તરફ ગયા હતા અને ઇમામના ઝુહુરની ઉમેદમાં રાત દિવસ **સૈયદના મોઐયદની દુઆ પડી** ખુદા પાસે તઝરરાના સાથે ઇલ્તેજા કરતા કે:—

ઓ પરવરદીગાર ! હમારૂં દીન પુરાનું થઇ ગયું છે એના દિબાચાને નવો કર ! ઓ સારા રબ ! હમારા પડદાઓ બરબાદીને હાથે ફાટી ગયા છે એને સાંધા આપ. હમે જે આશાઓની વાડીના ફળો ખાતા હતા તે વાડી ઉજડી ગઇ છે, એની સ્થિતીને તું સુધારી લે. ઓ પરવરદિગાર ! સવારના પ્રકાશ પછી રાતના અંધકારમાં હમો ખાડામાં જઇ પડયા છે, અને આકાશ પ્રકાશિત હતું તે પછી અંધકાર હમારી ઉપર છવાયો છે માટે તું જો તારી કૃપાથી હમને બચાવી નહિ લે તો અગાઉના ઝમાનામાં ચાલીસ વરસો સુધી ઇનકિતાબના અંધકારમાં બધા ભટકતા રહ્યા તેવીજ સ્થિતિ હમારી પણ રહેશે, અને આંધળાપણાના પાટા હમારી આંખો પર બંધાએલા રહેશે અને હયરતનો બુરખો હમારી ઉપર પડેલો રહેશે.

હજી આપ ફરમાવે છે કે:—" આપણામાં દરેક બુરૂં કામ જાહેર થયું છે. દરેક હરામને મુબાહ કરી લીધું છે. દરેક ભુંડુ કામ જેને શરીઅત મના કરે છે અને અકલથી પણ વિરૂદ્ધ છે તેવાં કામને જાણે સારૂં સમજીને આપણે કરીએ છીએ. આપણે ઇમામના ફરમાનથી પણ ઇબ્રત લેતા નથી **ઇમામે ફરમાવ્યું** છે કે:—

"ઝિલ્લતને તમારા માથે ચઢાવો એટલે નમનતાઈ રાખો. અહંકારને તમારા પગની નીચે દબાવો, તકબ્બુરના ફાંસાને તમારી ગરદનમાંથી કાઢી નાંખો, કોઇ પણ સદ્‌ગુણ વગર પોતાના ભાઇ ઉપર તકબ્બુર ના કરો, એમાં લાભ થવાને બદલે ઉલટી ઇર્ષા અને અદાવત વધશે, અને હમિય્યતની આગ દિલમાં ભડકવાથી ગુસ્સો ઉત્પન્ન થશે અને શયતાન તેના નાકમાં અહંકારની હવા ફુંકશે. જો ખુદા પોતાના કોઇ પણ બંદાને અહંકાર કરવાની રૂખસત આપતો તો તે પોતાના નબીઓ અને વલીઓનેજ આપતો, પણ તેઓ માટે ખુદાએ તકબ્બુર કરવાનું નાપસંદ કીધું છે અને નમનતાઇ પસંદ કીધી છે. ખુદાએ પોતાના વલીઓનું મુખથી ઇમ્તેહાન કીધું છે અને તેઓને મહેનતમાં મુબતલા કીધા છે, માટે તમે અજ્ઞાનતાથી એમ ન સમજી લો કે, "ખુદાએ તમને જે દોલત અને ફરઝંદો આપ્યા છે તે ખુદાની ખુશીની નીશાની છે, અને જેને દોલત અને ફરઝંદો નથી આપ્યા તેના ઉપર ખુદા ગુસ્સે થયા છે." કેમ કે **ખુદા ફરમાવે છે કે:**—"હમે તેઓને દોલત અને ફરઝંદો આપીએ છીએ તેથી શું તેઓ એમ ધારે છે કે, હમે તેઓનું ભલુંજ ચાહીએ છીએ, નહિ. તેઓ સમજતા નથી." ઓ અમારા ભાઇઓ ! હમે મોટી મોટી હવેલીઓ બનાવીને, રંગરોગાન કરાવીને, કીમતી ફરનીચરો ગોઠવીને, રમત ગમતની વસ્તુઓ વસાવીને, સારાં પકવાનો જમીને અને દુનિયાની અણમોલ વસ્તુઓ ખરીદીને શાની આશા રાખીએ છે ? શું આ આપણું નેક અમલ છે કે જેને ઇમામુઝ્ઝમાન (અ. સ) પસંદ કરે છે ? અફસોસ એ ઘણું દુર છે, અને આપણો સીતારો નહેસ છે. વળી તે સાથે આપણા દિલોમાં કિનાની આગ ભડકે છે, આપણા વિચારો જુદા જુદા છે, આપણે એકબીજાથી સંબંધ તોડીએ છીએ, એકબીજાની આબરૂ લઇએ છીએ, ઝંગારો કરીને અને ફાની દુનિઆની કિમતી વસ્તુઓ વસાવીને એકબીજાપર ફખર કરીએ છીએ, આપણા જીસ્મને જાહેરમાં ચોખ્ખું, સારૂં, સુથરૂં રાખવાનીજ ચીંતામાં મશગુલ રહીએ છીએ, અને અંદરથી આપણો જાન મેલાશમાં ભરેલો છે. દુનિયા મેળવવા માટે દીનને જાળ બનાવી છે. ખુદાના છુપા ઇલ્મોને આમ લોકોને અહેકાવવા માટે દુર કીધું છે, દીન ભુંસાઇ ગયું છે, શક પેદા થયો છે, યકીન ચાલ્યું ગયું છે, પાયો ધસી પડયો છે. લોકોની જબાનો છુટી થઈ ગઇ છે, ગમે તેમ બોલે છે, દીલોના અકીદાઓ કમજોર થઇ ગયા છે, અકલો બિમાર થઇ ગઇ છે, સીધા રસ્તા સાંકડા થઇ ગયા છે. કરજનો એબ લાગુ પડયો છે એ મ્હોટામાં મોટો એબ છે, કરજમાંથી અનેક બગાડો અને અનેક ભુંડાઇઓ ઉત્પન્ન થઈ છે, અને મ્હોટામાં મ્હોટી નેહસીયત જેનાથી દીલે માં વસવસાઓ ઘણા પેદા થયા છે અને એના નીશામાંથી માણસ બેદાર થતોજ નથી તે **વ્યાજ છે.** એ વ્યાજનું લેણદેણ તમામ મામલાઓમાં ચાલુ થઇ ગયું છે. જાણે આપણે વ્યાજને તદ્દન મબાહ અને હલાલ સમજી લીધું છે. વ્યાજથી આપણે દોલતને અનેકગણી કરીએ છીએ, અને ખુદા અથવા બંદાની કોઇની પણ આપણે પરવા રાખતા નથી અને આપણા તુટેલાને સાંધવા માટે બનાવટી વાતો કરીએ છીએ. હમારામાંથી કોઇ પણ બુરા કામોનો ઇનકાર કરવા માટે ઉભું થતું નથી અથવા કોઇને પણ ખુદાનો ડર નથી કે તે બગડેલાને સુધારવાની કોશિષ કરે.

આ ઉપરાંત ઘણા ઓલેમાઓએ આપના વખતમાં જુદા જુદા રિસાલાઓ બહાર પાડેલા છે જે વાંચી મનન કરવા યોગ્ય છે. પરંતુ તે સ્થળ સંકોચને લઇને અત્રે આપેલ

નથી, તેમજ આપ સૈયદનાના વખતમાં હીજરી ૧૩૦૦ ની સાલમાં મીઆસાહેબ મોહમ્મદ-અલી મુલ્લા જીવાભાઇ ઉર્ફે મદ્રાસી-રામપુરીએ કોમ ઉપયોગી ઘણોજ અગત્યનો કિતાબ નામે **મોસમે બહાર જીલદ ૩ જી** લખ્યો છે જે મુંબઇમાં મીયાસાહેબ નુરુદ્દીન જીવાખાને છાપી બહાર પાડયો છે. આ કિતાબમાં યમનના પહેલા દાઇ સૈયદના ઝોએબથી તે સૈયદના નજમુદ્દીન સાહેબની હયાતી સુધીની ઘણીખરી અગત્યની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કિતાબ દાઅવતે હાદીઆના વાલીઓની અગત્યની બીનાઓ પુરી પાડે છે, તેની ભાષા અરબી મીક્ષર ઉરદુ ગુજરાતી છે. કોમી તવારીખ જાણવા ઇચ્છનાર ભાઇઓ માટે બરેબર એક સાચો ભોમીયો છે.

સૈયદી જમાલુદ્દીન સાહેબના વફાત બાદ માઝુનના રૂતબામાં સૈયદી હુસામુદ્દીન સાહેબને ચડાવ્યા ને મુકાસીરનો રૂતબો સૈયદી ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબને આપ્યો.

આપ સૈયદનાને સાત ફરઝંદો તેમજ દિકરીઓ હતા. ફરઝંદોના નામ—(૧) સૈયદના મહમદ બુરહાનુદ્દીન, (૨) સૈયદી હસનભાઇ ઇઝઝુદ્દીન, (૩) સૈયદી હુસેનભાઇ ઝકીયુદ્દીન, (૪) સૈયદી અબ્દુલ્લાહ કલીમુદ્દીન, (૫) સૈયદો તૈયબ ઝૈનુદ્દીન, (૬) સૈયદી તાહેરભાઇ સૈફુદ્દીન, (૭) સૈયદી ઇબ્રાહીમ વજીહુદ્દીન. આ બધા સાહેબોને આપ સૈયદનાએ ઇલાકાઓ અમાલત તરીકે સોંપ્યા હતા, જેની આવકમાંથી તેઓએ ઘણા લાંબા ટાઇમ સુધી ગુજરાન ચલાવ્યું પરંતુ હાલ તે બંધ થયું છે.

તે બાદ આપ સૈયદનાને ઉજ્જૈનમાં કોલેરાની બિમારી લાગુ પડી. કુદરતે ઇલાહી મોતનો વખત કરીબ થયો. જોકે આપ સૈયદના અગાઉ આપના ફરઝંદ હુસેનભાઇ પર નસ કરી ચુકયા હતા, પણ આપ તે અમરને અમલમાં મુકે તે પહેલાં આપને સખ્ત રીતે કોલેરાની બિમારી લાગુ પડી ને તા. ૨૬ મી રજબ હીજરી ૧૩૦૨ માં ઉજ્જૈનમાં આપના ભાઈ સૈયદી અબ્દુલહુસેન હુસામુદ્દીન સાહેબને દાઅવતનો કારોબાર સોંપી વફાત થયા. આપની કબર ઉજ્જૈનમાં અદાઇબુલઅજલ મોલાના ઇબ્રાહીમ વજીહુદ્દીન અ. કુ. ની બાજુમાં છે. આપની રીયાસતના દિવસો કુલ ૪૬-વરસ-ને-૨૬-દિવસ છે. ક. ૩.

૪૮. સૈયદના અબ્દુલહુસેન હુસામુદ્દીન ઇબ્ને સૈયદના તૈયબ ઝૈનુદ્દીન સાહેબ (હિન્દ–અમદાવાદ) નો ટુંક એહવાલ.

સૈયદના અબ્દુલકાદર નજમુદ્દીન સાહેબના વફાત બાદ આપના ભાઈ સૈયદના હુસામુદ્દીન સાહેબ દાઅવતે હાદીઆની મસનદપર બિરાજ્યા ને દાઅવતનો કારોબાર આપના હાથમાં લીધો. શરૂઆતમાં આપે હુદુદોની તરતીબ ગોઠવી ને તખ્તનશીનીની મજલીસમાં આપે નીચે પ્રમાણે રૂતબા બક્ષ્યા. સૈયદી બસમાઅલજી બદરૂદ્દીન સાહેબને મુકાસીરના રૂતબામાંથી માઝુનના રૂતબામાં ચડાવ્યા અને મુકાસીરનો રૂતબો સૈયદી મોહમ્મદ બુરહાનુદ્દીનને બક્ષ્યો તથા રાસુલ હુદુદનો રૂતબો સૈયદી હુસેનભાઇને બક્ષ્યો.

સૈયદના નજમુદ્દીન સાહેબના વફાત બાદ તરતજ આપ સૈયદના ગાદીનશીન થયા. આ વખતે સૈયદના નજમુદ્દીન સાહેબના ફરઝંદોમાં પોતાના બાવાજીના બન્તેકાલનો ઘણોજ ગમ અને સદમો હતો, પણ આપ સૈયદનાએ તેઓને સબર બંધાવી ચોહાશીયા દુપટ્ટાઓ ઓઢાવી તેમનો ગમ દુર કર્યો. તે બાદ મવસુફેએ ગાદીનશીનીની મજલીસમાં ભાગ લીધો અને આપ સૈયદના હુસામુદ્દીન સાહેબ પુર દમામ સાથે દાઅવતે હાદીઆના તખ્ત પર બિરાજ્યા ને દાઅવતનો કારોબાર પોતાના હાથમાં લીધો.

આપના વખતમાં દાઅવતની આમદ ઘણીજ કમ થઈ ગઇ હતી કારણ હિન્દના ઘણાખરા ઇલાકાઓ સૈયદના નજમુદ્દીન સાહેબના ફરઝંદોમાં તકસીમ થઈ ચુકેલા હતા અને તે ઇલાકાઓની દાઅવતની આમદ વસુલ કરી તેઓ પોતાના ઉપયોગમાં લેતા હતા. તે ઉપરાંત શાદી વિગેરે બીજા ખરચોના સબબ સૈયદના નજમુદ્દીન સાહેબના વખતનું ઘણું મોટી રકમનું કરજ હતું, જેથી આપ સૈયદના હુસામુદ્દીન સાહેબે દરેક જાતના ખરચ પર પૂરતી દેખરેખ રાખી, સાદાઇ ઇખ્તીયાર કીધી ને ખર્ચને કમી કર્યું.

આપ સૈયદના નજમુદ્દીનના વખતમાં જ્યારે માઝુનના રૂતબામાં હતા ત્યારે કાઠીયાવાડની સફર પર પધાર્યા હતા, તે વખતે કાઠીયાવાડના ભાઇઓએ આપની ઘણીજ ખિદમત કીધી હતી અને કેટલીક જગ્યા પર તો આપે બબે ત્રણ ત્રણ મહિના મુકામ કર્યો હતો, તેમાં એક વખત રાજકોટમાં આપ લગભગ ત્રણ મહિના સુધી રહ્યા હતા. ત્યારે તે વખતના રઈશ શેઠ ખાનભાઇ અસમાલજીએ આપની પૂરતી ખિદમત કરી હતી. ત્યાર બાદ આપ દાઅવતે હાદીઆના તખ્ત પર બિરાજ્યા, તે પછી પણ આપ કાઠીયાવાડની સફર પર પધાર્યા અને મોમિનોના દિલોને ખુશ કીધા, આ વખતે મોમિનોના દિલોમાં ઇમાનનો પૂરો જોશ હતો અને દિલોજાનથી આપ મોલાનાની ખિદમત કરી હતી. દરેક શહેરના રહીશો આપના દિદારથી ખુશ થતા ને પોતાના જાનને તસલ્લી દેતા. આપ સૈયદના પણ મોમિનોના હકમાં દોઆ કરતા ને હિદાયતના નુરથી સેરાબ કરતા.

આપ સૈયદના બીજી વખત કાઠીયાવાડમાં પધાર્યા ત્યારે આપ મોમિનીન ભાઇઓના દિલોને ખુશ કરવા કેટલાક ગામોમાં આપ કસ્બસ્તાન ઝીયારત માટે પધાર્યા અને ત્યાં

સુતેલા ખુદાના વલીઓની કબરો બતાવી તેમના પર ઘુમટ બનાવરાવી ઝીયારત ચાલુ કરાવી મોમિનોના દિલોને ખુશ કીધા. તે ઉપરાંત તેવા દરેક સ્થળોએ બહાર ગામથી જે મોમિનભાઇ ઝીયારત માટે આવે તેઓ માટે ઉતારાઓ અને જમણનો બંદોબસ્ત કરવા માટે રઇસોને ફરમાવતા. તે મોલાનાની કોશીશના સબબ આજે ઘણી જગ્યાઓ પર મવાલીઓની તુરબતો તેમજ મોમિન ભાઇઓ માટે આલીશાન ઉતારાઓ નજરે પડે છે ઉપરાંત તેવા દરેક સ્થળોએ એક બે દિવસના જમણનો પણ બંદોબસ્ત થયેલો અત્યારે જોવામાં આવે છે જે આ મોલાનાની દીલી મોહબ્બત ને બરકતનોજ સબબ છે અને જ્યાં જ્યાં ખુદના વલીઓની દરગાહો અને ઉતારાઓ છે ત્યાં ત્યાં દર વરસે હજારો મોમિનો તે વલીઓની દરગાહ પર ઉરસ ટાંકણે કે મિન્નત માટે આવે જાય છે, અને કેટલીક જગ્યા-પર તો ધામધુમ સાથે ઉરસો ઉજવાય છે.

આપના વખતમાં ભુત, ડાકણ અને જીનનો વહેમ હિન્દુ રસમ પ્રમાણે લોકોમાં ઘણોજ પેસી ગયો હતો અને જે વહેમના સબબ કેટલાક ભાઇઓ હેરાન પરેશાન રહેતા હતા તેવા ભાઇઓને આપે સમજાવી વહેમોથી દુર કર્યા હતા ને અનેક રીતે સમજાવી તેમના મનનું સમાધાન કરી આપી ખુશ કરતા. આપ કાઠીયાવાડના લગભગ બધા શહેરોમાં ફર્યા છે. આપ દરેક ઠેકાણે મોમિનોના રાહત માટે પુરતો બંદોબસ્ત કરી આપવા લોકોને સમજાવતા. આ ઉપરાંત આપ જ્યાં જતા ત્યાંના મોમિનોનો પુરતો ખ્યાલ રાખતા ને ગરીબો, યતિમો, બેવાહો તથા અપંગોના ગુજરાનનો દાઅવતના પૈસામાંથી બંદોબસ્ત કરી આપતા.

આપ જ્યાં જતા ત્યાં તે ઇલાકાના આમિલોને સખ્ત તાકીદ કરતા ને મોમિનીનને કોઇ પણ જાતની તકલીફ ન પહોંચે તેની ખાસ સંભાળ રાખવાનું ફરમાવતા. આપ દિલના ઘણાજ મોટા હતા તેથી ગરીબોને પૂરતી રીતે નવાજતા જેથી આપનાથી ગરીબો ઘણાજ ખુશ રહેતા. આપ હર વખત ભાઇઓને ખુદાના દિન પર ચાલવા માટે તાકીદ કરતા અને નમાઝ, રોઝા, ઝકાત, હજ વિગેરે ફરીઝત અમરો લઇ ઉઠવા માટેનીજ હિદાયત આપતા.

રિવાયત છે કે એક વખત આપ કાઠિયાવાડના એક ગામમાં પધાર્યા. ત્યાંના મોમિનોએ આપની ખાતર બરદાસ્ત કરી. જ્યારે આપ ગામમાં દાખલ થયા ત્યારે ગામના લોકો આપને જોઈ ખુશ થયા, આપના દિદાર માટે દરબારને શોખ થયો જેથી તેણે આપને આમંત્રણ આપ્યું. આપ બાબુરા તેને ત્યાં પધાર્યા ને દરબારના હકમાં દુઆએ ખેર કીધી. આથી દરબાર પણ ખુશ થયા ને પોતાના તબેલામાંથી એક સારામાં સારો ઘોડો મંગાવી આપને ભેટ કર્યો આપને તે ઘોડો ઘણોજ પસંદ પડયો તેથી તે ભેટ સ્વીકારી વળતો હદીયો દરબારને ત્યાં મોકલાવ્યો પરંતુ તેણે તેમાંથી કંઈ પણ ન રાખતાં દોઆએ ખેરની ઇચ્છા બતાવી. આથી આપ ઘણાજ ખુશ થયા ને દોઆ કીધી બાદ આપ સૈયદના સુરત પધાર્યા ત્યાંથી દરબાર માટે અનેક જાતની ભેટો મોકલી આ બનાવ પછી તે ગામના દરબાર મોમિન ભાઇઓ માટે ઘણોજ પ્રેમ રાખતા ને દરેક તરેહની રાહત કરી આપતા.

આપ સૈયદના ગાદી પર આવ્યા બાદ આપે મુંબઈ જવાનો ઇરાદો કર્યો. આ વખતે મુંબઈ ઇલાકો સૈયદી બુરહાનુદ્દીન બીન સૈ. નજમુદ્દીન સાહેબના હસ્તક હતો. (મુંબઇ

ઇલાકાના વાલી હતા). હીજરી ૧૩૦૩ માં આપ મુંબઇ પધાર્યા ત્યાં ભાઇઓએ આપને સારી રીતે માન આપ્યું. બાદ આપે સૈયદી મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબને કહ્યું કે, "ભાઈ દાઅવત પર હાલ ઘણુંજ કરજ છે, અગર આપ કરઝ ભરપાઇ કરવામાં જો મદદ કરશો તો તેનો ફાયદો તમનેજ છે વિગેરે.....". પણ અહીં આપને મદદની કોઈ આશા જણાઈ નહીં જેથી આપ નારાજ થઈ પુના પધારી ગયા. આ વખતે આપના દીલ પર ઘણોજ રંજ થયો હતો.

આપનો સૈયદના નજમુદ્દીન સાહેબની માફક મરહુમ સર આદમજી પીરભાઈ પર ઘણોજ પ્રેમ હતો, બલ્કે તેવણ સાહેબ ત્યાં સુધી સમજતા કે "**આદમજી મારા ફરઝંદ છે**" અને ફરઝંદ મીસલ તેમને માન આપતા.

હીજરી ૧૩૦૪ ની સાલમાં વોહરા તવારીખમાં એક નોંધવા લાયક બનાવ બન્યો તે એ છે કે **સર આદમજી પીરભાઈએ પોતાના** સરદારને મહિનાઓ સુધી પોતાના સેનેટોરીયમમાં બોલાવી રાખ્યા હતા અને પોતાથી બની શકે તેવી રીતે મહેમાની કીધી હતી. આથી આપ સૈયદના હમેશાં સર આદમજીને દોઆ આપતા અને કહેતા કે, "આદમજી તારી દોલતમાં વધારો થાય". ઉપરાંત સર આદમજી પીરભાઈને દરેક કામમાં ભલી ને ઉપયોગી સલાહ આપતા. એટલુંજ નહિ પણ સર આદમજી તરફથી ચાલતો મદ્રસો પોતા તરફથી ચાલે છે એવી હમેશાં કાળજી રાખી દેખરેખ રાખતા ને વારંવાર પોતે મદ્રસાની મુલાકાત લેતા ને જાતે ઇમ્તેહાન લેતા ને હર વખત તલબતોને ઇમ્તેહાન બાદ મુલ્લાંગીરી આપતા, વખતો વખત આપ સર આદમજીને શાબાશી આપતા ને તેના હકમાં દોઆ માગતા.

આ પછી આપ ઉજ્જેન તશરીફ લઈ ગયા અને સુરત તરફ જતાં ધુલીયા તથા માલેગામવાળા ભાઇઓ ખાસ ઈઝત આપી આપને ત્યાં લઇ ગયા. તે વખતે માલેગામના ભાઇઓએ આપને શહેરમાં જુલુસ સાથે લાવવાનો ઇરાદો કર્યો અને શહેરના મુસલમાનોને જુલુસમાં લેવાનો ઇરાદો કરી મુસલમાનોને સાથે થવા કહ્યું પરંતુ મુસલમાનોએ દરકાર કરી નહિ, પણ જ્યારે તેઓને એમ કહેવામાં આવ્યું કે, "આતો સર આદમજી પીરભાઇના મુલ્લાંજી સાહેબ પધારે છે". ત્યારે તેઓ દિલોજાનથી જુલુસમાં શામીલ થયા એટલુંજ નહિ પણ તેઓએ તે **સર**ના મોલાના આવકાર માટે એટલો બધો દીલીજોશ બતાવ્યો કે કેટલાકોએ તો આપ સૈયદનાની ગાંડી ખેંચી હતી. આ બનાવથી આપ ઘણાજ ખુશ થયા ને સર્વે ભાઇઓને ખુશી સાથે વિદા કીધા.

આ સફર પુરી કર્યા બાદ આપ પાછા મુંબઈ પધાર્યા તે વખતે આપે સર આદમજીને બોલાવી પોતા પાસે બેસાડયા ને ફરમાવ્યું "**તારી માના પેટે તું ભલે જણાયો બુદ્ધા તને તારા કામમાં ફતેહ આપે અને તારા દુશ્મનોનાં મોં કાલાં કરે**". અને તું જે કામ કરે છે તે ચાલુજ રાખજે વિગેરે ઘણું કહ્યું ને દોઆ કીધી.

હીજરી ૧૩૦૫ માં આપ સૈયદના પુનાથી મદ્રાસ તશરીફ લઈ ગયા, ત્યાંના રહીસોએ આપનો સારી રીતે ઇસ્તીકબાલ કીધો એટલુંજ નહિ પણ તે વખતે ગવર્નમેન્ટ તરફથી પણ સારો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. બાદ આપ ત્યાંથી પાછા મુંબઇ પધાર્યા ને મુંબઈથી

સુરત પધાર્યા ને સુરતથી ખંભાત, કપડવંજ, ગવાલીયર વિગેરે જલ્લાઓમાં તશરીફ લઈ ગયા. તે દરેક જગ્યાએ આપને ભાઇઓ તરફથી સારી રીતે માન આપવામાં આવ્યું. આપ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાંના દરેક ભાઇઓની ખબર પુછતા ને ગરીબો વિગેરે માટે ખાસ કાળજી રાખી દાઅવતના પૈસાથી વઝીફા બાંધી આપતા.

હીજરી ૧૩૦૬ માં આપ ફરી કાઠીયાવાડમાં પધાર્યા હતા. આ વખતે કાઠીયાવાડી ભાઇઓમાં અજબ્ય તરેહનો જોશ હતો. દરેક શહેર અને ગામના લોકો મોલાનાના દિદાર માટે જ્યાં જ્યાં મોલાનાનો મુકામ થતો ત્યાં ત્યાં આજુબાજુના ગામડાઓમાંથી આવી પહોંચતા ને શહેર મોમિનીનોથી ઉભરાઇ રહેતા. આપ જ્યારે જામનગર પધાર્યા ત્યારે ત્યાંના ભાઇઓએ આપની બસરોચરમ ખિદમત કીધી ને મોલાના પણ ખુશ થયા. મવાલીઓની ઝીયારત કીધી. બાદ આજુબાજુના ગામના રહીસો આપને આમંત્રણ કરવા લાગ્યા જેમાં જોડીઆવાળા ભાઇઓનો અતિ આગ્રહ હતો, તેઓ માલદાર હતા, એકજ કુટુંબના હોઇ મોટો જથ્થો હતો, એટલુંજ નહિ પણ આપસ આપસમાં દીકરીઓની લેવડ દેવડ થતી હોવ આ શહેર એકજ કુટુંબનું બહોળી વસ્તીવાળું દેખાતું હતું. દીનદારીમાં તેમજ મહેમાનોની ખિદમતમાં પુરા હતા; તેવા વખતમાં તેઓએ આપસ આપસમાં શાદી જોડવી ને તે ધામધુમમાં શામીલ થવા મોલાનાને જામનગર જઈ આમંત્રણ આપ્યું. આ ઝમાનામાં આજની માફક મોટર નહોતી તે વખત તો માત્રેલી ને સીગરા મસિવાય બીજું કોઇ વાહન નહોતા, જેથી જોડીયા વાસીઓએ શહેરમાંથી સારા સારા બળદની જોડીવાળા સિગરામો તૈયાર કરાવ્યા ને સૈયદનાને જોડીયા મુકામે લાવ્યા, ગામ તથા પરગામથી જનો આવેલ હતી તેમાં એક જાન રાજકોટની રઈશ આદમજી નુરભાઇના દીકરા મહમદભાઈની હતી આ શાદી વખતે ઘણીજ ધામધુમ થઇ હતી. એમ પણ કહેવાય છે આવી શાદી જોડીયામાં કોઈ વખત થઈજ નથી આ શાદીમાં નીકાનો ખુતબો આપે પઢયો ને મોમીનોના દીલોને ખુશ કરી દોઆએ બેર કીધી તે બાદ આપ ક્રોલ થઇ પાછા જામનગર રાજકોટ વીગેરે ઠેકાણે થઇ સુરત તશરીફ લઇ ગયા આ વખતે આપે દરેક શહેરના ગરીબ ભાઇઓની મબલગ ખબર પુછાવતા ને હાજતમંદોની હાજત પુરી કરી આપતા ને મોમીનોના દીલોને ખુશ કરતા.

આપના વખતમાં હીજરી ૧૩૦૭ જીલહજની તા. ૨૩ મીએ આલેમુલએઝલામા સૈયદી યુસુફભાઈ સાહેબ વફાત થયા તેમને ચર્ની રોડના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા છે. તેમની કબર પર ગલેફ ઓઢાડવામાં આવ્યો હતો તથા સૈયદી હિબ્તુલ્લાહભાઇ હમદાની સાહેબ તા. ૨૨ જમાદીલ આખર હીજરી ૧૩૦૭ ના વફાત થયા છે.

હીજરી ૧૩૦૭ ની સાલમાં આપ મુંબઇ તશરીફ લઈ ગયા મુંબઈના ભાઇઓએ આપનો સારી રીતે સત્કાર કર્યો આ વખતે આપે મજલીસમાં ઇશારો કર્યો કે, "ભાઇઓ ! મુંબઈની આ મારી છેલ્લી મુલાકાત છે." તે બાદ આપ પાછા મુંબઇથી વસઇ, પાલગઢ, ધનવ, દમન, પારડી, વલસાડ, નવસારીથી ભરૂચ પધાર્યા. અહીના રહીસોમાં આપની પધરામણીથી ઘણોજ આનંદ થયો. તે બાદ આપ અહીં મજલીસ બેઠા તેમાં વાએઝમાં આપે "આ મારી છેલ્લી મુલાકાત છે" એવું કહ્યું. બાદ અહીં આપની તબિયત જરા નરમ જણાઇ ને આંખમાં દરદ થયું. આપે તેના ઇલાજો શરૂ કર્યા પણ આપની તબિયતને કોફત આવવા લાગી જેથી ભરૂચના રહીસોએ આપને આરામ થાય ત્યાં સુધી ત્યાંજ

રહેવા માટે અરજ કરી પણ આપ સૈયદનાએ સિદ્ધપુરના રહીસોને મીઆદ કરેલો હોવાથી ભરૂચવાસીઓને ત્યાં વધુ રોકાવાની અશક્તિ જાહેર કરી ને સફરની તૈયારી કરી ત્યાંથી રવાના થઈ બરોડા આવ્યા, ત્યાંથી બોરસદ ને બોરસદથી પાછા બરોડા પધાર્યા. અહીં આપે ઇંદુલ-અ-દહાના ઐયામ પસાર કર્યા. બાદ અહીંથી જીલહજ્જ તા. ૧૪ હીજરી ૧૩૦૮ માં આપ અમદાવાદ પધાર્યા.

આ વખતે અમદાવાદના રહીસોએ આપને ઘણી ઝીયાફતો આપી માન તવાઝા સાથે રાખ્યા તે સાથે આપે પણ ગરીબ કે તવંગર બધાને એકસરખો જવાબ આપ્યો ને સર્વે મોમિનીનના દિલો ખુશ કીધા. અહીં આપે ઘણા ગરીબોને નવાજ્યા, કેટલીક વિધવાઓને વઝીફા બાંધી આપ્યો, મદ્રસાઓની ખબર લીધી, મદ્રસાના બચ્ચાંઓને ખુશ કીધા ને તલબતોને ઈલમનો હોંશ બતાવી વધુ ને વધુ ઈલમ લેવા માટે તાકીદ ફરમાવતા. એટલુંજ નહિ પણ મોઅલ્લીમોને ચાલાક તલબતો પર ધ્યાન આપી તેમને દીની ઇલમ આપી તૈયાર કરવાની તાકીદ ફરમાવતા.

આપ સૈયદનાએ છ સાહેબોને હદિયતના રૂતબા બક્ષ્યા.—(૧) સાલેહભાઇ સાહેબ ઇબ્ને હસનભાઇ સાહેબ. (૨) નોઅમાનભાઈ સાહેબ ઇબ્ને હસનભાઇ સાહેબ. (૩) મોહમ્મદભાઈ બીન શેખ અબ્દુલકયુમ. (૪) મહમદભાઇ બીન શેખ હબીબુલ્લાહ (૫) શેખ તૈયબઅલી બીન શેખ કબરૂદ્દીન. (૬) શેખ ઇબ્રાહીમ કરાંચીવાળા.

આપને ચાર ફરઝંદો હતા.—(૧) સૈ. શેખ આદમભાઇ સાહેબ. (૨) સૈ. શેખ હિબ્તુલ્લાહભાઇ સાહેબ (૩) સૈ. શેખ અબ્દેઅલી મોહીયુદ્દીન સાહેબ. ૪) સૈ. શેખ અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબ.

અમદાવાદમાં આપનો મુકામ હતો અહીં આપની તબીયતમાં દિવસે દિવસે ઝોફત આવવા લાગી ને જીલહજની તા. ૧૬ મીના રોજ આપને તબિયત વધારે નરમ જણાઇ. **લકવો** શરૂ થયો. આ બિમારીમાં પણ આપે તા. ૧૮ મીએ ગદીરૂલ ખુમનું રોઝું કીધું તે દિવસે આપ ફજરમાં નમાઝ માટે મસજીદમાં પધાર્યા ને વાએઝ ફરમાવી મીસાક પણ લીધો. મજલીસમાં આપની તબિયત વધારે નરમ જણાવા લાગી જેથી આપ તરતજ મકાન પર તશરીફ લઇ ગયા. આ બેચેની આપને ઝોહોરના વખત સુધી રહી. બાદ આપને જરા આરામ જણાવા લાગ્યો એટલે આપે ઝોહોર અને મગરીબની નમાઝની રજા આપી, પાછી આપની તબિયત વધારે બગડવા લાગી. તરતજ હકીમોને બોલાવવામાં આવ્યા. હકીમે રોઝું ઇફતાર કરવાનું કહ્યું મગર આપે રોઝું છોડયું નહિ. તે બાદ તા. ૧૯ મીના આપને વધારે દરદ જણાયું જેથી આપ નાઉમેદ થયા તરતજ આપે ફરઝંદો તથા ભાઇઓને બોલાવ્યા ને કહ્યું. " હવે મારી રહેલત દુનિયાથી નજીકમાં છે જેથી હું બદરૂદ્દીન સાહેબને મારી જગ્યાપર કાયમ કરૂં છું ". આ વસિયતના બબર બારે બાજુએ કરવામાં આવ્યા. તે બાદ આપની તબિયત વધારે બગડવા લાગી એટલે આપને તા. ૧૯ થી ૨૬ સુધી ઘણીજ બેચેની રહી અને તેજ બિમારીમાં હીજરી ૧૩૦૮ જીલહજ્જ તા. ૨૭ મી ને રવીવારના રોજ સવારે આપ વફાત થયા આપનું મઝાર અમદાવાદમાં અદાઇચ્યુલઅજલ સૈયદના મૌલાના કાસમ ઝૈનુદ્દીન ક. રૂ. ની બાજુમાં છે. આપનું લકબ હુસામુદ્દીન છે. આપની દાઅવતના ઐયામ ૬ વરસ, ૫ મહિના ને એક દિવસ છે. ક. રૂ.

૪૯. સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન બીન સૈયદના અબ્દુલકાદર નજમુદ્દીન સાહેબ (સુરત) નો ટુંક ઝીકર.

આપ સૈયદના અબ્દુલહુસેન હુસામુદ્દીન પછી દાઅવતે હાદિઆના નીગેહબાન થયા ને દાઅવતનો કારોબાર આપના હાથમાં લીધો. આપ સ્વભાવે ઘણાજ મીલનસાર હતા. આપ દાઅવતે હાદીયાના તખ્તપર બીરાજ્યા તે વખતે ભાઇઓમાં ઘણીજ ખુશી જોવામાં આવતી હતી. બાદ આપે ઇરાદો કીધો કે નાનાભાઈ અબ્દુલ્લાહ **હકીમુદ્દીન** સાહેબને પોતાના મદદગાર બનાવે કે જેવણ સાહેબ સૈયદના નજમુદ્દીન સાહેબના વખતથી દાઅવતના કારોબારમાં મોટો ભાગ લેતા હતા અને જેવણ સાહેબ જનાબ શેખ મોહમ્મદઅલી હમદાની સાહેબના મસીયાઇ ભાઈ તથા દામાદ પણ હતા અને ઇલ્મી લીયાકતમાં એક્કા હતા તેથી તે સાહેબને આપ સૈયદનાએ (આપના નાના ભાઇ અબ્દુલ્લાહ હકીમુદ્દીનને) પોતાના વઝીર બનાવવાનો ઈરાદો કર્યો કે જેથી દાઅવતના કામકાજમાં પુરતો સહારો મળે ને તે સાથે શેખ મહમદઅલી હમદાની સાહેબનો ઇલ્મી સહારો પણ મળે. આવા ખ્યાલથી આપે તે વાત ભાઇને કહી પણ જનાબ સૈયદી હકીમુદ્દીન સાહેબે તે વાતનો ઇનકાર કર્યો. ત્યાર બાદ આપે ભાઇને અનેક રીતે સમજાવ્યા અને મોહબ્બત અને યકીનના સાથે ખાત્રી કરી આપી મનાવી લીધા. ત્યાર બાદ સૈયદી અબ્દુલ્લાહ હકીમુદ્દીન સાહેબ આપ સૈયદનાને દરેક વખતે દાઅવતે હાદિઆના કામકાજમાં મદદગાર તરીકે કાયમ રહ્યા.

આપે કોમી તાઅલીમ ખાતામાં ઘણા સુધારાઓ કર્યા તેમજ કોમની સંસારી હાલત સુધારવા ઘણીજ કોશિષ કરી હતી. આપે મોમિનોની રાહત માટે ફંડો ઉઘરાવવાની રસમને જારી કીધી ને કોમની રાહત ને ભલાઇના કામો માટે અનેક તરેહના ફંડો જારી કરી કોમની દરેક હાજતો પુરી કરી આપવામાં ખુબ કાળજી રાખતા હતા તેમજ અમદાવાદમાં સૈયદના કુતબુદ્દીન શહીદની તથા દાઆતોની ઝીયારત કરવા આવનારને દરેકજાતની રાહત મળે તે માટે **કુતબી** કંપની ઉભી કરી મહેમાનોને જમાડવાની રસમ ચાલુ કરી હતી. આપ દરેક અગત્યના કામો કોમના સમજદાર ને આગેવાનોની સલાહ લઈ કરતા અને દરેક વર્ગને સંતોષ મળે તેની પુરતી કાળજી રાખતા હતા.

દસ્તુરૂલ—અમલ.

આપના વખતમાં કાઠીયાવાડના મોમિનો ઘણીજ ગરીબી હાલતમાં હતા. દુકાળ, કન્યાવિક્રય અને મરણ પાછળના તેમજ શાદી વખતના ગેરવ્યાજબી રીવાજોએ તેમને ઘણીજ તંગ હાલતમાં લાવી મુકયા હતા તેવા વખતમાં આપના નેક બેટા સર આદમજીએ કાઠીયાવાડી ગરીબ ભાઇઓની દાઝ હૈયે ધરી આપ મૌલા પાસે તેઓના ભલા માટે કેટલાક સુધારાઓ દાખલ કરવાની ઇચ્છા બતાવી, તરતજ આપ મોલાએ તેમાં યારી આપી અને ભાઇસાહેબ અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબને તે કામમાં મદદ આપવા સાથે મોકલ્યા.

સર આદમજીની નેક કોશિષના સબબ અને જનાબ ભાઇસાહેબ અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબની મદદના સાથે શેઠ આદમજી કાઠીયાવાડીઓની મદદે આવ્યા ને પોતાના

વતન ધોરાજી મુકામે એક મેલાવડો ગોઠવ્યો, જેમાં કાઠીયાવાડના દરેક શહેર તથા ગામડાના શેઠીયાઓને તથા તેમના આમિલોને સાથે બોલાવવામાં આવ્યા. મેલાવડો તા. ૨૬ માહે સવ્વાલ ૧૩૧૬ ને બુધવારના રોજ થયો હતો.

આ મેલાવડામાં સુરતથી જનાબ ભાઈસાહેબ અબ્દુલ્લાહ હકીમુદ્દીન બીન સૈયદના અબ્દુલકાદર નજમુદ્દીન તથા જનાબ ભાઇસાહેબ અબ્દેઅલી મોહીયુદ્દીન બીન સૈયદના હુસામુદ્દીન, કરીમભાઇ આદમજી પીરભાઇ, મહમદઅલી શેખ અલીભાઇ વણીક તથા જામનગરથી ભાઇસાહેબ શેખ આદમભાઇ સાહેબ તથા જનાબ હિબ્તુલ્લાહ ભાઈસાહેબ પણ આ મેલાવડામાં ધોરાજી પધાર્યા હતા.

સઘળા સાહેબો તથા શેઠીયાઓએ દરેક વાંધાઓનો સમજુતીથી નીકાલ કર્યો તેમજ કેટલાક ખરાબ રીવાજને સદંતર બંધ કરી છેવટના કાયદા કાનુન યાને ધારાધોરણ તૈયાર કરી સર્વાનુમતે પાસ કર્યા હતા. આ ધારાઓની ટુંક નોંધ નીચે પ્રમાણે છેઃ—

સગાઇની બાબત—ગોળ વહેંચવાનો રીવાજ બંધ કરી તેને બદલે શરબત પાઇ વિદા કરવા, ચુંદડીનો રીવાજ બંધ કર્યો ને રૂપિયાની લેવડ દેવડ બંધ કરવાની સખ્ત તાકીદ કરી.

ઘરેણાની બાબત—સગાઇ થયા પછી દાગીના છ મહિના અંદર ચડાવવા, દાગીનાની વિગત ૧૦૦) તોલા ચાંદીનો દાગીનો અને સોનાનો દાગીનો ૫) પાંચ તોલાની અંદર કરે તેમાં ઝરમર ને કટેશરી, કાનની વાળી તથા નાકની વાળી.

કપડાંની વિગત—રેશમી કપડાં જોડી ૧ તથા સુતરાઉ કપડાં જોડી ૨. આ વખતે કલીચા ખોળા વિગેરે જે રીવાજ હતો તે બંધ કર્યો તેને બદલે ફક્ત શરબત આપે. શાદી વખતે નીકા તેજ તારીખે પડાવવી, જનમાં ૨૫) કરતાં વધારે માણસ ન લાવવાં, માંડવાનો રીવાજ બંધ કર્યો, વડાં-પાપડ બંધ કર્યા વિગેરે ઘણા પરચુરણ રીવાજો કાઢી નાખ્યા.

નીકા—મુકરર થયેલ તારીખે ગામના આમીલને પહેલાં ખબર આપી તેજ તારીખે નીકા થાય તેવી ગોઠવણ આમીલ સાહેબ કરીને નીકા પડે અથવા રબ્બ આપે, નીકાહમાં ગેર મુનાસબ હરકત થાય તો સરકારે આલી તેમાં પુરતી નજર ફરમાવશે.

પરણવાના તથા ગરગણાના નીકાહની લાગત તથા નીકાહનો હક્ક—મહેરના રૂા. ૪૦) ની સુન્નત છે તે પ્રમાણે લે. સરકારના રૂા. ૫). જમાતના રૂા. ૫). નીકાહ પડનાર આમીલનો રૂા. ૧. રા-રીતના રૂા. ૧૪. સાસુ-સસરાને સલામ રૂા. ૨) કરે તે સિવાયની બીજી પરચુરણ લેવડદેવડ બંધ કરવી અને બહારની કે ગામની જનને ફક્ત ચાર વખત જમાડી તરત વીદા કરે એ સિવાયના બીજા બધા કુરીવાજો બંધ કર્યા.

સગાઈ તોડવા બાબત—કોઈ પણ નજીવા કારણસર સગાઈ તોડી શકાય નહિ પણ જુમાથને તથા આમીલને ખાતરી થાય કે મરદ બરાબર મરદ નથી તોજ જુમાથ તથા આમીલ વચ્ચે પડી પુરી તપાસ કરી સરકારેઆલીમાં લખી ખબર આપે ને ફેંસલો કરે. અને છોકરાનો બાપ સગપણ તોડે તો રૂા. ૨૦૦) દંડ આપે વિગેરે.

ખતનાની વિગત—સગાઓમાં સલામ કરાવવાનો રીવાજ બંધ કર્યો, મોસાળુ ફક્ત જુજ કરે. ખતાનત સાત વરસની અંદર કરાવી લેવી વિગેરે.

અઘરણી—સોંદરણાનો રીવાજ બંધ કર્યો તેમજ જમણ ફક્ત કરાબતવાલાનેજ જમાડે, વધુ કરે નહિ તેમ બીજી બદી દુર કરી.

મૈયતના ફાતેહા—ત્રીયારત (ત્રીજીયા) નું જમણ બંધ કર્યું. બહુજ ઇચ્છા હોયતો ને મોટું મરણ હોયતો ત્રીયારતનું ૨૫ માણસનું જમણ કરે અને ચાલીસમાના ફાતેહાનું જમણ શક્તિ પ્રમાણે ચોખા, દાળ તથા ખીરનું કરે. બહાર ગામ કાગળો લખી મેમાન બોલાવવાનો રીવાજ બંધ કર્યો. મરનારના હકના રૂપિયા નાતના ધારા પ્રમાણેજ લેવાય

દાવત—સરકારી દાવત બલાકાના જુદા જુદા ભાગો પર જ્યાં આમીલનું મથક છે. જેવાં કે-જામનગર, રાજકોટ, ધોરાજી વિગેરે, તેવા દરેક મથકના આમીલે પોતાના હાથ નીચેના સર્વે ગામોની દાવત વસુલ કરીને સરકારેઆલીને પહોંચાડે અને દસ વરસના દરમ્યાનમાં અગર કોઇ વખતે સાહેબે દાવત પોતાના બલાકામાં દાવત વાસ્તે આવે તો આમીલવાળા મથકો ઉપરજ તે સાહેબનું મુકામ રહે અને ત્યાંથી આજુબાજુના ગામોની દાવત વસુલ કરી લે અને જે મથક ઉપર રહેવું થાય તેનું ખરચ જે કંઇ થાય તેનું અરધ ખરચ જમાત આપે અને અરધ ખરચ સરકારેઆલી આપે.

મુલ્લાંને રબ્બ બાબત—જે ગામમાં ખુશીનું કે ગમીનું જમણ થાય ને ગામમાં આમીલ હોય તો તે કામ ઉકલાવી આપે અને કદાચ પોતાના ગામની હદમાં બીજું કોઇ નાનું ગામ હોય તો તે ગામમાં કોઈ જાતના કારજસર આમીલનું કામ પડે તો તે મોટા ગામના આમીલ પોતાના હાથ નીચેના મુલ્લાંને નાના ગામમાં મોકલીને કારજ ઉકલાવે અથવા તે ગામના હાજર મુલ્લાંને રબ્બ મોકલાવી કામ ઉકલાવી લેવડાવે.

જમણ—વખતે જુમાત તથા આમીલ સફાઇથી કામ લે કોઈ પણ જાતની ગેરવાજબી અટકાવ કરે નહિ તેમ જમવા ન જવા બાબત ગેરવાજબી વલણ ઇખ્તીયાર ન કરે બદલે સહેલાઇથી કામ ઉકેલી આપે. (આ સિવાય ઘણા બદ રીવાજો કાઢી નાખેલ છે જે અત્રે આપેલ નથી).

આ ધારાઓ એક બુકલેટના આકારમાં છપાવી બહાર પાડવામાં આવ્યા હતા અને દરેક શહેર તથા ગામડાના શેઠીયાઓ તથા લોકોને છુટે હાથે પુરા પાડવામાં

આવ્યા હતા. તે કિતાબનું નામ **દસ્તુરૂલ અમલ** રાખ્યું, જેમાં છેલ્લે આપ સૈયદનાના હુકમ મુજબ જનાબ સૈયદી અબ્દુલ્લાહ હકીમુદ્દીન સાહેબ, અબ્દેઅલી ભાઈસાહેબ, અલ અકલ્લ શેખ આદમ સાહેબ, જનાબ સૈયદી હિબ્તુલ્લાહ ભાઈ જમાલુદ્દીન સાહેબ, આદમજી પીરભાઈ, અબ્દેમૌલાના અબીતૈયબ મહમદ બુરહાનુદ્દીન હસનઅલી મુલ્લા અબ્દેઅલી, અબ્દેમૌલાના અબીતૈયબ મહમદ બુરહાનુદ્દીન અબ્દુલકરીમ મુલ્લા ઇસમાઇલજી, અલીભાઇ જીવાજી, ઇબ્રામજી જાફરજી, અમરભાઇ ખાનભાઇ, લતીફજી લુકમાનજીએ સહીઓ કરી છે. તે પછી જામનગર, કાલાવડ, રાજકોટ, ધારી, જુનાગઢ, વનથલી, મહુવા, પોરબંદર, જસદણ, સરધાર, ગોંડલ, અમરેલી, રાજપરા, ભાયાવદર, ઉપલેટા, ખોખરી, મોરબી, આટકોટ, રાણપુર, કુતીયાણા, પાલીતાણા, કોટડા, જેતપુર વિગેરે કાઠીયાવાડના દરેક નાના મોટા શહેરોના રહીસોની સહીઓ લેવામાં આવી હતી ને છેવટ અબ્દેહાઈલ્લાહીલ **અજીન** અબ્દેઅલી ઇબ્ને સૈયદના વ મૌલાના અબ્દુલહુસેન હુસામુદ્દીન સાહેબની સહી છે.

સદરહુ ધારાઓનો બરાબર અમલ કરવા આપ સૈયદનાએ કાઠીયાવાડના સર્વે મોમિન ભાઈઓને બબર આપતો એક કાગળ લખી આપેલ જેનો સાર નીચે મુજબ છેઃ—

બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ.

× × એલલ ઇબ્વાનીન નોજેબાઇલ ફેહોમાઇલ અદોબાએ મીન એહલે વલાએ કાઠીયાવાડ હ. × × × × ×

ઇલિમ થાય કે—યવમેસાની મીન શહરે ઝીલકાદહ મીન સને ૧૩૨૬ ફી બલદે ધોરાજી સગલાનો જે ઇન્તેમાઅ્ થયો અને × × બે મશહદે × × ભાઈસાહેબ અબ્દુલ્લાહભાઇ હકીમુદ્દીન વ ભાઇસાહેબ અબ્દેઅલી મોહીયુદ્દીન તાલાઉમર-હોમા વ તજલ્લલા અમરહોમા મજલીસ મુન્અકીદ થઈ અને જે જે કાએદા સાફ થઈ છાઇને મુકરરાહ થઇ પાસ થયા યેહ કવાએદને મમલુકે આલે મોહમ્મદ પસંદ રાખી **અમર** કરૂં છું કે તમે સઘલા યેહ કવાએદ મુવાફીક બરાબર ચાલજો. અગર કોઇ શખ્સ તોરસે તો અલૈહે મીન સરકાર તાકીદ અકયહ થાસે વસ્સલામ. તોહરરહુ ફીલ યૌમીસ ખામીસ વલ ઇશરીન મીન શહરે ઝીલકાઅદીસહરામ સને ૧૩૧૬ મીલલ હીજરતીત તાહેરતીલ મુસ્તફવીયાહ.

عبد آل محمد المعتصم بحبلهم المتين محمد برهان الدين بن الداعي الاجل عبدا لقادر نجم الدين	દના વ મૌલાના બુરહાનુદ્દીન સાહેબની મોહર છાપની નકલ.

થોડો વખત આ ધારાઓનો બરાબર અમલ થયો પણ પાછળથી કેટલાક વિઘ્ન-સંતોષીઓને તે રૂચ્યો નહિ ને જ્યારથી જમણના બહાના હેઠળ તે ધારાઓનો વિરોધ કર્યો ને તે મૌલાનાની **રજાથી થએલ** બંધારણને તોડી પાડયું.

આ ઉપરાંત આપના વખતમાં ફેજે હુસેની અને ફેજે અલવી નામના ફંડો કરાંચીમાં ખોલવામાં આવ્યાં હતાં, તેમાં આપે બનતી દરેક મદદ આપી અને ઇસવી ૧૯૦૭ માં ચાંદાભાઇ ગલ્લા ત્રસ્ટને "ચાંદાભાઈ ચેરીટઝ ફંડ" નામ આપી શેખ શરફઅલી મામુજીને તેના ત્રસ્ટી તરીકે કેટલાક દસ્તાવેજો કરી આપ્યા. ઉપરાંત મુંબઇમાં દાઉદી વોહરા ફંડ નામનું ત્રસ્ટ ફંડ ઉભું થયું હતું, જેમાં કોર્ટને એફીડેવીટ કરી આપે જણાવ્યું હતું કે, "દાઇનો કે ગાદીનો દાઉદી વોહરા ફંડોમાં, તેના કારોબારમાં કે વહીવટમાં કાંઈ પણ અવાજ નથી તેમજ દાઇને કે ગાદીને આ ફંડમાં લાગતું વળગતું નથી. એ ફંડો તેમની કમિટીઓની સદંતર મુનસરી હેઠળ છે અને ફંડના ત્રસ્ટીઓ ફક્ત ત્રસ્ટીઓની કમિટીની સુચના પ્રમાણેજ તેનો વહીવટ કરવા બંધાયેલા છે".

આપ સૈયદનાના વખતમાં દાઅવત પર કરજ હતું, તે કરજમાંના એક લેણદાર શેખ સાહેબે આપના પર દાવો કરેલ ને આપની કેટલીક જાગીરો પર તે લેણદાર જપ્તિ લાવેલ હતા તે વખતે આપે તે જપ્તિના જવાબરૂપે કોર્ટમાં ઇકરાર કીધો કે, "આ મારો માલ નથી પણ દાઅવતનો છે". એવો સાફ જવાબ રજુ કર્યો હતો. ખુબી તો એ છે કે એ ભાઇએ આટલી હદ સુધી મોલાનાને તંગ કીધા કોર્ટમાં બોલાવ્યા, જપ્તિ લીધી ને બજાવણી કરી છતાં પણ આપ મોલાનાએ તે શેખ પર જરાએ અણગમો ન બતાવ્યો કે તે શેખ સાહેબ પ્રત્યે આપે કોઇ પણ જાતની (ઇતાબ) સીયાસત ન કીધી, બલ્કે તે શેખ સાહેબ પ્રત્યે પોતાનો હુસ્ન ખુલ્ક બતાવી તેનો વકીફો ચાલુજ રાખ્યો તેમજ તેઓનાં વંશજો સાથે કોઇ જાતની ઇન્તેકામની ઉમેદ રાખી નહિ કારણ આપ હરવકત ખાકસારીનો ખ્યાલ રાખતા, બદના કે આલા સગલાને એકસરખા સમજતા બલ્કે આપે આપના ભાઇને પણ કહેલું કે "મારો દાવો દાઅવતની નાનામાં નાની હદ (મુલ્કો) કરતાં વધીને નથી". આ માટે આપ હમેશાં નીચેની રીવાયત પોતાની નજર સામે રાખતા તે એ છે કે,:—

એક વખત હ. મુસા અ. સ. ને ખાલેકુલ ઇઝઝતે વલ જબરૂતનો હુકમ થયો કે, હવે પછીની મુલાકાત વખતે તમારા કરતાં ઉતરતા કોઇ પણ માણસને સાથે લેતા આવજો. હ. મુસા અ. સ. એ પોતાના ભાઈ હારૂનને સાથે લઈ જવા વિચાર કર્યો. પાછો વિચાર થયો કે, હારૂનના કોઈ અમલ મારા કરતાં ખુદાના નજદીક વધારે મુઝુર્ગ હોય તો પછી તેને લઈ જવું બહેતર નથી. બાદ એક સાધારણ દરવેશને સાથે લીધા. પાછો વિચાર થયો કે, હું નથી ધારતો કે આ દરવેશ કરતાં હું અફઝલ છું. બાદ એક કુતરો (કે જેના માથામાં તાલ હતી) તેને ગલામાં રસી નાખી ચાલતા થયા. પાછો કંઇ વિચાર થયો. તરતજ તેને પણ મુકી દીધો. બાદ તનહા રવાના થયા. ઇરશાદ થયો કે, મુસા ! તમે ને જે લાવવા કહ્યું હતું તે કયાં છે ? મુસાએ અરજ કરી કે, એ પરવરદીગાર ! તું આલેમુલગૈબ છે. મેં જે જે ફેલ કરેલ છે તે તને રોશન છે. એક અવાજ આવી કે, એ મુસા ! અગર તમો એ કુતરાને પણ પોતાના કરતાં હકીર સમજી સાથે લાવતે તો તમારૂં નામ નબુવ્વતના સહીફામાંથી ખારીજ થઇ જતે.

આપ કાઠીયાવાડમાં પધાર્યા તે વખત **રાજકોટમાં** મરહુમ શેઠ નુરભાઇ જીવાજી તરફથી બનેલી આલીશાન મસજીદ આપના હાથ પર લેવજહીલ્લાહ ખુલ્લી મુકાઈ જેનું

નામ આપે **નુરમસજીદ** રાખ્યું અને એક આરસની વકફ નામાની તખ્તી પણ ચોટાડવામાં આવી હતી. (હાલ તે નથી) આ વખતે આપ સૈયદનાના માનમાં મોટા પાયા પર ધામધુમ થઈ હતી. તે વખતના શેઠીયાઓમાં સલમાનજી ખાનભાઈ, કરીમભાઈ મામુજી, હસનભાઇ કરીમજી, મુસાજી કરીમજી માસ્તર, જીવાજી ઈસાજી, આદમજી જીવાજી, પીરભાઈ તૈયબજી વિગેરે શેઠીયાઓએ જુમાથના દરેક કામકાજમાં સારો ભાગ લીધો હતો અને તે સાહેબોની કોશિષ અને મહેનતના સબબ આજે રાજકોટનું નામ દાઅવતના દાયરામાં બિરાજમાન ગુજ્જર તરીકે મશહુરો માઅરૂફ છે ને તેજ સબબ દાઅવતે હાદીઆના સાહેબો હર વખત રાજકોટને યાદ કરે છે. આ પછી આપ સૈયદનાએ જામનગર ઝીયારત માટે જવાનો ઇરાદો કર્યો. આપનાપર જામનગરનું કરજ હતું તે ભરપાઇ કરવાની ઇન્તેજારીમાં હતા ને કોશિષ પણ કરી પણ વખત તંગ હોવાના સબબ કરજ ભરપાઇ થવાની કોઈ આશા જણાઈ નહિ જેથી આપ મખફી રીતે જામનગર પધારી ઝીયારતથી મુશરરફ થઇ રાજકોટ પાછા પધાર્યા હતા. અહિંથી બીજા શહેરોની મુલાકાત લીધી હતી અને દરેક શહેરના મોમિનોના દિલોને ખુશ કીધા હતા.

ચરનીરોડ સેનેટોરીયમ અને મદ્રેસા.

સૈયદના નજમુદ્દીન સાહેબના વખતમાં સર આદમજી પીરભાઇએ તૈયાર કરેલ ચરની રોડવાળું સેનેટોરીયમ ખુલ્લું મુકાયું હતું તેજ મકાનમાં આપ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબની ઇચ્છાને અનુસરીને સર આદમજી પીરભાઇએ તે ચરનીરોડવાળા આલીશાન મકાનમાં **મદ્રેસો** (બોર્ડિંગ સ્કુલ) ખોલ્યો અને ગામેગામથી તલબતો બોલાવવા માણસો મોકલ્યા, તેમાં યમન અને કાઠીયાવાડ તેમજ ગુજરાત તથા વાગડ જીલ્લાના ઘણા તલબતો આવ્યા ને મદ્રેસો તલબતોથી ભરપુર થયો. ખુદાના ફઝલથી મદ્રેસો દિનપર દીન તરક્કી પર આવ્યો અને દીની ઇલમની નહેરો જારી થઈને તુલબાઓ આ નહેરોથી સેરાબ થયા. કાઠીયાવાડ વિગેરે જુદા જુદા શહેરો અને ગામડાઓમાં જે કંઈ ઇલમી લિયાકાત ધરાવનારા મુલ્લાંઓ જોવામાં આવે છે તે આપ સૈયદના અને સર આદમજીના મદ્રેસાના પ્રતાપેજ.

આ ઉપરાંત સર આદમજીની મદદથી આપ સૈયદનાએ કોકાપીશાના ઘણાખરા ગામડાઓમાં પણ મદ્રસાઓ ખોલ્યા કે જ્યાંના ભાઈઓ દીનથી બીલકુલ બેખબર હતા એટલુંજ નહિ પણ તેઓમાંના કેટલાકતો હોક્કા તમાકુ વિગેરે ઇસ્તેમાલ કરતા હતા અને જેઓને નમાઝની પુરી ખબર નહોતી તેઓના અખલાક સુધારવા આપે કેટલાક ઉસ્તાદોને રવાના કર્યા અને આ ઉસ્તાદોપર દેખરેખ રાખવા એક એક ઉપરી નિમ્યા, તેમાં કોકાપીશાના ઉપરી તરીકે મુલ્લાં લુકમાનજી સમીવાલા ઉર્ફે સમન્દર તથા કાઠીયાવાડમાં શેખ ફઝલેહુસેન બારભાયાને નિમ્યા. મદ્રસામાં બચ્ચાંઓના કુરઆન શરીફ પુરાં થતાં ઘોરાજી ખાતેના મદ્રસામાં અથવા સરના પાસે મુંબઈ રવાના કરતા. આપે જુદે જુદે ઠેકાણે મદ્રસાઓ ચાલુ કર્યા અને ત્યાંથી કેટલાક ગરીબ માબાપના બચ્ચાંઓને ઘોરાજી લાવી મદ્રસામાં દાખલ કીધા તેમના પર દેખરેખ રાખી દીનનું ઉંચું ઇલમ આપ્યું. (આજે સર આદમજી પીરભાઇના મદ્રસામાં પડી તૈયાર થએલા મુલ્લાઓ ઘણી જગ્યાપર નજરે પડે છે). તે પછી આ મદ્રસો મુંબઈ બસેડવામાં આવ્યો. આ વખતે લગભગ ૪૦૦ બચ્ચાંની સંખ્યા છેવટે થઇ હતી.

સાં. ૧૯૫૬ નો ભયંકર દુકાળ.

1316-7 / 1899

આપના વખતમાં પણ કાઠીયાવાડ તેમજ હિન્દુસ્તાનમાં: ભયંકર દુકાળ પડ્યો હતો, જે વખતે બધી કોમના માણસો પાણી અને અનાજ વગરના તંગ આવી ગયા હતા. ઘાસચારાનું નામોનીશાન નહોતું. આ દુકાળમાં કાઠીયાવાડના મોમિન ભાઇઓ જેઓનો મોટો ભાગ એકુત વર્ગ હતો અને ઢોરઢાંખરપર ગુજરાન ચલાવતો હતો તેઓ બિચારા ઘણાજ મુશ્કેલ સ્થિતીમાં આવી પડ્યા અને અન્ન પાણી વગરના દુઃખી હાલતમાં મુંઝાવા લાગ્યા તેઓ તથા તેમના બચ્ચાંઓ તથા તેમનાં ઢોરઢાંખરની બચવાની કોઇ આશા નહોતી તેવા ભયંકર દુકાળના વખતમાં આપ સૈયદનાને ઘણુંજ લાગી આવ્યું ને મોમિનોની આવી દુઃખી હાલત જોઇ આપ પણ ઘણાજ રંજીદા થયા ને ખુદાતઆલા પાસે દોઆ કીધી તે બાદ આપની નજર સર આદમજીપર પડી. સર આદમજીતો તૈયારજ હતા. તે નામવરેતો જ્યારથી દુકાળની શરૂઆત થઇ ત્યારથીજ મખફી રીતે પોતાનું કામ શરૂ કરી દીધું હતું. દિવસે દિવસે દુકાળની ચિન્તા વધવા લાગી ને ઘણા માણસો અન્ન વસ્ત્ર વગરના ભટકવા લાગ્યા ને બેહિસાબ લોકો અન્ન વગરના ભુખ્યા ને પ્યાસા આમતેમ ભટકી મરવા લાગ્યા તેવા વખતમાં સર આદમજી ઘોરાજી મુકામે પધાર્યા ને અનાજ, કપડાં વિગેરે છુટે હાથે આપવા લાગ્યા એટલુંજ નહિ પણ જેઓને કોઈ પણ જાતનો આશરો કે સાધન નહોતા તેઓને બે વખત તૈયાર જમણ પકાવીને જમાડતા. આ સર આદમજીનો સાં. ૧૯૫૬ ના દુકાળની સખાવત જગ મશહુર છે. આપ સૈયદના આ સર આદમજીના કામથી ખુશ થયા ને દોઆ કીધી.

હીજરી ૧૩૨૧ માં આપે સર આદમજી પીરભાઇને તેના નેક કામોના બદલામાં દીની મરતબો આપવાનો વિચાર કીધો ને કહ્યું કે આ આદમજી મારા કાઠીયાવાડી નેક બેટાએ મારા નેક વાલીદના વખતની અને અનજુમનના વખતથી ખીદમત ને સખાવતના જે જે કામો કરેલાં છે તે માટે મારા તરફથી તેને કંઇ આપવું જોઇએ તેવો વિચાર કરી આપ સૈયદનાએ સર આદમજી પીરભાઇને "**રફીઉદ્દીન**" નો માનવંતો ખિતાબ આપી નવાજ્યા હતા ને દાઅવતે હાદિઆના મોભાદાર ને વખણાએલા શેઠ બનાવ્યા.

આપના વખતમાં ઘણા સાહેબોને હદિયતના શેખના રૂતબા ઇનાયત થયા હતા જેમાંના થોડા સાહેબોના નામો આ નીચે આપવામાં આવેલ છેઃ—

(૧) શેખ ઇસમાઇલજી બીન મુસાજી રામપુરી. (૨) શેખ નજરઅલી રતલામવાળા. (૩) શેખ જાફરજી પુનાવાળા નવા પુરાની મસજીદના બાદિમના સસરા. (૪) શેખ અબ્દુલ્લાહ (મામાની) રામપુરાવાળા. (૫) શેખ અબ્દુલકયુમ ઘીયા બીન હબિબુલ્લાહ હલવા. (૬) શેખ કોકાભાઇ બાકરના. (૭) શેખ કાસમઅલી હૈદ્રાબાદવાલા (૮) રીદાઅલી ઔરંગાબાદવાલા. (૯) વલીજી ગીબત કરાંચીવાલા. આ ઉપરાંત આપે રહીસોમાંથી નીચેના સાહેબોને શેખના રૂતબા આપેલ હતાઃ—(૧) શેખ અબ્દુલકાદર ઇસાભાઇ મોટાભાઇવાલા. (૨) શેખ મોટાભાઈ. (૩) શેખ અબ્દુલકયુમ. (૪) મીઆસાહેબ અકબરઅલી બીન લાલમીયાં. વિગેરે ઘણા સાહેબો છે.

આપ દિલના ઘણા ચોખ્ખા હતા એટલે દરેક વાત સાફ સાફ કહી દેતા અને સ્વભાવે ઘણા નરમ હતા. આપની માફક આપના નાના ભાઇ **સૈયદી અબ્દુલ્લાહ હકીમુદ્દીન** સાહેબ પણ ઇલમમાં ઘણાજ આગળ વધેલા હતા અને અમલમાં ઘણા નેક હતા એટલુંજ નહિ પણ શરીઅતના અમરમાં પુરા પાબંદ હતા. સત્ય વાતને કોઇની પણ રીઆર્ય વગર બહાર લાવતા હતા. પુરાના દસ્તાવેજો અને કિતાબોનો સંગ્રહ કરવાનો આપને ઘણોજ શોખ હતો. આ નેક સીરતોના સબબ આપ સૈયદનાનો આપના નાના ભાઇ પર ઘણોજ પ્રેમ હતો, હમેશાં આપ તેને પોતા પાસેજ રાખતા ને કોઇ વખત નાના ભાઇ નારાજ ન થઈ જાય તેનો ખાસ ખ્યાલ રાખતા. એક વખત આપ સૈયદનાએ ભાઇને જરા નારાજ જોયા કે તરતજ આપે ભાઇને બોલાવી તેનો સબબ પુછ્યો. બાદ તે નારાજગી દુર કરવા માટે એક કાગળ લખી આપ્યો ને નાના ભાઇ અબ્દુલ્લાહ હકીમુદ્દીન સાહેબને ખાત્રી કરી આપી. આ પછી આપ પણ ખુશ થયા ને હકીમુદ્દીન સાહેબ હમેશાં આપ સૈયદનાની બાજુમાં બાજુદાર તરીકે સાથે રહેતા હતા. એમ પણ કહેવાતું હતું કે, આપ સૈયદનાનો ભાઈ પર ઘણોજ પ્રેમ હતો જેના સબબ આપ સૈયદી હકીમુદ્દીન સાહેબને ખુશ રાખતા ને કોઈ વખત નારાજ થવા ન દેતા.

નાગપુર મેંહદીબાગવાળા.

આપના ઝમાનામાં મુંબઇમાં અબ્દુલહુસેન નામના એક કપડવંજીએ દાવો કર્યો કે, "**હું ઇમામથી મુત્તસિલ છું**". તે બાદ તે મુંબઇથી નાગપુર ગયો ને ત્યાં જઇ દાવો કર્યો કે, "હું હુજ્જત છું". મારો દરજ્જો દાઇથી ઉંચો છે. આ અબ્દુલહુસેન બોલવામાં ઘણોજ વાચાળ હતો એટલુંજ નહિ પણ તે ખરેખર એક અદ્‌ભુત બુદ્ધિવાળો જવાન હતો ને કહેતો કે "ઇમામ તૈયબના હકદાર વારસો સાથે હું સીધો પત્રવહેવાર ચલાવું છું" વિગેરે. આ દાવાથી કેટલાક એહલે ઇમાનના દીલોમાં વસવસા પેદા થયા ને ઘણા લોકો તેના દાયરામાં શામીલ થયા, તેમાં કેટલાક મશાએખો પણ જોડાયા તે સાથે થોડાક દોલતમંદ વેપારીઓ શામીલ થયા ને નાગપુરમાં **મેંહદીબાગ** નામની સંસ્થા ચાલુ કરી. ટુંક વખતમાં આ પંથવાળાઓને વિદ્વાન મશાએખોએ દેખાડી આપ્યું કે, અબ્દુલહુસેન બોટો દાવો કરનાર અને બહુ થોડા ઇલમવાળો માણસ હતો. તેનો મુળ હેતુ દુનિયાના નફા માટે દાવો કરી સભા સ્થાપવાનો હતો. તે વખતે નાગપુરમાં જનાબ શેખ એહમદઅલી હમીદુદ્દીન સાહેબની સાયેઅ ને કોશિષથી મેંહદીબાગના મશાએખોને હિદાયત હાંસિલ થઈ હકને સમજ્યા અને ૭૦ માણસો મજકુર **મુદ્દઈ અબ્દુલહુસેનના** ફંદામાંથી છુટા થયા. ત્યાર પછી તે **મુદ્દઈની** શીકસ્ત શરૂ થઇ અને આપની કોશિષના સબબ તે મંડળની યોજના ખરેખર દુન્યવી સાબીત થઈ. ફક્ત જુજ ગરીબ અને જાહેલ માણસો આ મંડળીને વળગી રહ્યા, તેઓના મઠમાં માનસિક કે છુપું ઇલ્મ શીખડાવવામાં આવતું નથી. આ અબ્દુલહુસેન **મુદ્દઈના** મરણ પછી તેના વારસ તરીકે ગુલામહુસેન ખાન બહાદુર એચ. એમ. મલક નીમાયા. તે વખતે તે મંડળમાં આશરે ૧૦૦) વોહરાઓ હતા. આજે પણ તે "**મેંહદીબાગ**" વાળાની સંસ્થા ડગુ ડગુ ચાલી રહી છે.

આપના વખતમાં સૈયદી ઇબ્રાહીમજી ભાઇસાહેબ સફીયુદ્દીન સાહેબ કે જેણે ઘણી ઉમદા નસિહતો લખી છે તે હીજરી ૧૩૧૫ ના જમાદીલ આખરની તા. ૨૭ મીએ સુરતમાં વફાત થયા અને મીયાસાહેબ મહમદઅલી હમદાની સાહેબ હી. ૧૩૧૫ તા. ૯ શાબાનના વફાત થયા છે, તેમજ સૈયદી મોહમ્મદભાઇ વલીયુલ્લાહ સાહેબ તા. ૧ લી જીલહજ હીજરી ૧૩૨૧ માં વફાત થયા અને સૈયદી જાફરભાઈ સાહેબ તા. ૧૮ મી શાબાન હીજરી ૧૩૨૩ ના સુરતમાં વફાત થયા છે, તેમની કબર બેગમવાડીના કબ્રસ્તાનમાં બીજા આલીમોની કબરોની પડોશમાં છે જ્યાં આલીમોના કુટુમ્બીઓએ કુબ્બો બનાવેલો છે,

આગળ પાને ૩૭૬ માં જણાવ્યા પ્રમાણે આપ કાઠીયાવાડમાં પધારેલ તે વખતે જામનગરના કરઝના વાકેઆથી આપ નામદારના દીલ પર ઘણોજ રંજ હતો ને તે અદા કરવાની ફીકરમાં હતા. બાદ આપ કરાંચી પધાર્યા ત્યાંના રઇસો (માલદારો) ને મોલાનાએ આ બાજરાથી વાકેફ કર્યા. તરતજ દાઅવતપરનું કરઝ અદા કરવા રઇસોએ મોટી રકમ આપને સુપ્રત કરી જેથી ઘણું કરજ અદા થયું અને બાકીનું થોડું કરઝ જે જામનગર તરફનું હતું તે પણ આપ મોલાનાની કોશિષ અને રઇસોની મદદથી અદા થઇ ગયું. આ રિતે દાઅવત-પરનું કુલ કરઝ અદા થયા પછી આપ સૈયદનાએ હજપર જવાનો ઈરાદો કર્યો તે વખતે આપે દાઅવતના કુલ અમરને સૈયદી ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબને સોંપ્યો ને પોતાના મનસુબ તરીકેનો ઇશારો કર્યો. બાદ આપ હજ પર તશરીફ લઈ ગયા. હજમાં આપે કેટલાક ઓલોમાઓને પણ સાથે લીધા હતા.

આપ સૈયદના બુરહાનુદ્દીન સાહેબ જ્યારે હજથી પાછા ફર્યા ત્યારે નસના અમરને ફરીથી સૈયદી અબ્દેઅલી મોહીયુદ્દીન સાહેબપર ફરમાવ્યો ને નસનામું લખ્યું. તે બાદ આપ બિમાર થયા ને કુમસ તશરીફ લઇ ગયા ત્યાં આપની તબિયત વધારે ખરાબ જણાઈ એટલે આપ તા. ૧૧ મીના સવ્વાલના પાછા સુરત પધાર્યા.

આ બિમારીમાંથી આપને બચવાની કોઇ આશા જણાઇ નહિ ત્યારે આપે આપના ફરઝંદ સૈયદી તાહેર સૈફુદ્દીન સાહેબને જનાબ સૈયદી અબ્દેઅલી મોહીયુદ્દીન સાહેબ પાસે મોકલ્યા ને કહેવડાવ્યું કે, "બાવાજીએ પહેલા ઇસમાઇલજી બદરૂદ્દીન સાહેબપર નસ કરેલ તે રદ કરીને આપ પર નસ કરે છે". આ સાંભળતાં સાથેજ અબ્દેઅલી ભાઇસાહેબ સૈયદના બુરહાનુ-દ્દીન પાસે ગયા ને કહ્યું "હું એ બોજને ઉપાડી શકીશ નહિ માટે મને છુટો કરો". આથી સૈયદના બુરહાનુદ્દીન સાહેબ ઘણા નારાજ થયા ત્યારે આપે કહ્યું કે મારા ભાઈ અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબ આ માટે લાયક છે. તે પછી અબ્દેઅલી ભાઇસાહેબ પોતાના ભાઇને સમજાવી લઇ આવ્યા અને બુરહાનુદ્દીન સાહેબે તેમને દાઅવતનો કારોબાર સોંપ્યો. આ પછી દિવસે દિવસ આપ વધુ ને વધુ બિમાર થતા ગયા ને તેજ બિમારીમાં ૧૭ દિવસ બાદ એટલે હીજરી ૧૩૨૩ ના જીલહજની તા ૨૭ મીએ આપ વફાત થયા. આપનું મઝાર સુરતમાં છે. આપનું લકબ બુરહાનુદ્દીન છે. ક. ૩.

આપના બાવાજી સૈયદના અબ્દુલકાદર નજમુદ્દીન સાહેબનો વફાતનો દિવસ છે તેજ દિવસ આપની વફાતનો છે એટલે કે ૨૧ વરસ બાદ પણ આપ સૈયદના તેજ મહિને ને તેજ દિવસે વફાત થયા છે.

૫૦. સૈયદના અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબ બીન સૈયદના અબ્દુલહુસેન હુસામુદ્દીન સાહેબ (વ. સુરત) નું ટુંક બ્યાન.

આપ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબના વફાત બાદ તરતજ દાઅવતે હાદીઆની મસનદપર બીરાજ્યા. આપની વીલાદત હીજરી ૧૨૬૬ ના રજબની તા. ૧૮ મીના રોજ છે. આપના મોટા ભાઇ અબ્દેઅલી મોહયુદ્દીન સાહેબ અને આપની ઉમર વચ્ચે ફક્ત ૬ જ મહિનાનો ફરક હતો. જનાબ અબ્દેઅલી ભાઇસાહેબ ને આપની મા જુદાં હતાં. જનાબ અબ્દેઅલી ભાઇસાહેબ સિદ્ધપુરવાળાં આઇસાહેબાના પેટથી હતા અને આપ જનાબ સુરતવાળા અલ્લામાં મીયાસાહેબ વલીભાઇના દિકરી અને અલ્લામાં મીયાસાહેબ જનાબ હમીદુદ્દીન સાહેબનાં બહેન સાહેબા આઇ ખદીજાઆઇ સાહેબાના પેટથી હતા. આપ બચપણથીજ એકાંતવાસ, એકમાર્ગીપણું અને નેક અખલાકમાં મશહુર હતા. આપને ઇલમ તરફ ઘણો શોખ હતો. આપે આપના મામાજી સાહેબ મીયાસાહેબ એહમદઅલી હમીદુદ્દીન તથા મીયાસાહેબ લુકમાનજી શાએર તથા આપના વાલીદ સૈયદના હુસામુદ્દીન સાહેબ પાસેથી ઇલમ તહેસીલ કીધું હતું. આપ તમામ વખત કિતાબોનો મુતાલો કરવામાં (વાંચન કરવામાં) અને કિતાબો સહીહ કરવામાં પસાર કરતા હતા.

હુસામી ઝમાનમાં દાઅવતના તમામ કામકાજનો અધાર આપ નામદારપરજ હતો અને જનાબ મોહીયુદ્દીન સાહેબ ઘણુંખરૂં સુરત રહેતા હતા. આપ સૈયદના હુસામુદ્દીન સાહેબ સાથે રહી દાઅવતનો તમામ કારોબાર ચલાવતા અને બુરહાની ઝમાનમાં પણ પહેલેથી છેલ્લે સુધી દાઅવતનું તમામ કરજ આપની કોશીશથીજ ભરપાઇ થયું, દાઉદી ફંડનો તમામ એહતેમામ પણ આપ હુજુરેજ કીધો હતો.

આપને દુનિયાની કોઇ ચીઝ પર શોખ નહોતો. દુનિયામાં આપની જે વહાલામાં વહાલી કોઈ ચીજ હતી તો તે કિતાબોજ હતી. આપને ઇલમ તરફ એટલો શોખ હતો કે આપ પોતાની તમામ આવકમાંથી જે બચતું તે કિતાબો પર ખર્ચી નાંખતા. સૈયદના બુરહાનુદ્દીન સાહેબના ઇન્તેકાલનો વખત આવી લાગ્યો ત્યારે મજકુર જનાબેઆલીનો ખ્યાલ જનાબ ભાઇસાહેબ અબ્દેઅલી ભાઇસાહેબપર હતો, પણ તે જનાબે કબુલ ન કર્યું તેથી તે બાદ સૈયદનાને આખી દાઅવતમાં જે કોઇ લાયક જણાયા હોય તો તે આપ જનાબ હતા તેથી જનાબ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબે તા. ૧૧ જીલહજ હી૰ ૧૩૨૩ ના દીવસે આપ પર નસ કીધી ને આપ સૈયદના તા. ૨૭ મીએ વફાત થયા, તેજ વકત કોમના સરતાજ અને સરદાર તરીકે આપ ઝાહેર થયા. તે બાદ તા. ૧૯ મી સફર હીજરી ૧૩૨૪ ના રોજ તખ્તનશીન થયા. જશન ઘણીજ ધામધુમ સાથે થયું હતું. આપ તખ્તપર બિરાજ્યા પછી દાઅવતમાં ઘણા સુધારા થયા. બાદ આપ ના. સફરપર પધાર્યા. આપ જે જે શહેરોમાં તશરીફ લઇ જતા તે તે શહેરોમાંના રીસાદ અને કજીઆઓ બંને પક્ષને સમજાવી ખુશીના સાથે પતાવટ કરતા. સુરતના સૈરી દરસની મરામત આપે આપની પોતાની ખાસ આમદમાંથી રૂા. ૬૦) સાઠ હજારની ગંજાવર રકમ ખરચી કરાવી આપનું આ કામ તવારોખમાં સોનેરી અક્ષરે લખાયેલું છે.

સુરતના રોઝાની મરામત આપના ઝમાનામાં થઇ; અને આપે આ કામ કીધું તે પહેલાં એવા સવાલ પેશ કરવામાં આવતા હતા કે અમદાવાદ, ખંભાત, જામનગર વિગેરે ઠેકાણેના રોઝાઓની મરામત થયા કરે છે અને સારા રાખવામાં આવે છે ત્યારે સુરત કે જે પાયતખ્ત છે ત્યાં એવું કેમ નહિ ? આપની કોશિષથી તે સવાલ પણ દુર થયો.

આપના વખતમાં આમિલોપર અંકુશ મુકાયો અને લોકોપરની તેઓની જાહોજલાલી અને જોહુકમીમાં ઘણોજ સુધારો થયો. સારા આમિલો જેઓ મુમિનીન વાસ્તે જાન દેવા તૈયાર હતા અને જેઓને રાતદીન મુમિનીનની ખિદમતનો વલવલો હતો તેઓને કેટલાક દુનિયાપરસ્તોની શરારતને લઇ સહન કરવું પડતું તે દુઃખ દુર થયું અને દુનિયાની લાલચ અને ખુદગરઝીમાં અવળું સવળું કરનાર આમિલો વાસ્તે આપ જનાબની હુજુરમાં જો કોઇ ફરયાદ પેશ થતી તો આપ જરૂર તેનો બંદોબસ્ત કરતા અને વખતો વખત નસિહત પણ કરતા. એટલે કે જે આમિલો છુટાપણું અખત્યાર કરી બેઠા હતા તેના પર આપના ઝમાનમાં ઠીક બંદોબસ્ત થયો. બ્રિટીશ ઇન્ડિઆ આફ્રિકામાં આવેલા જંગબાર અને કેમ્બા ચાકેચાકેના રહીશો અને આમિલો વચ્ચે ખટપટ થઇ હતી તેમાં આપ નામદારે તપાસ કરી જે ઇન્સાફ આપ્યો તે મશહુર વાત છે. આપ સૈયદના તલબતો, ગરીબો અને હાજતમંદોની હાજતરવાઇપર પૂરતું ધ્યાન આપતા. જો કોઇને આમિલોની બેપરવાઇના સબબ શીકાયત કરવાનું કારણ મળતું ને આપના કાન પર જો તે વાત આવતી તો આપ તે બાબતની પૂરતી તપાસ કરી બરાબર ઇન્સાફ આપતા.

આપ દાઅવતની ગાદી પર બિરાજ્યા બાદ દાઅવતના કામકાજમાં સખત મહેનત લેતા અને ફજરમાં દરરોજ દરેક ગામોના કાગળો વાંચી તેના જવાબો માટે હુકમો આપતા. તે બાદ આપ મરહુમ સૈયદના બુરહાનુદ્દીન સાહેબના બેવે શાહજાદાઓ જનાબ ભાઇસાહેબ તૈયબભાઇ સાહેબ ઝૈનુદ્દીન મુકારીર સાહેબ અને જનાબ ભાઇસાહેબ તાહેરભાઇ સાહેબ સૈફુદ્દીન સાહેબ તથા આપના ફરઝંદ જનાબ ભાઇસાહેબ ફઝલભાઇ સાહેબ કુતબુદ્દીન સાહેબને બે કલાક સબક આપતા. તે બાદ જમણ લેતા ને કિતાબો તપાસતા. આપ બપોરના બિલકુલ આરામ લેતા નહોતા. નમાઝથી ફારેગ થઇ દાઅવતના કામકાજમાં મશગુલ થતા, લખાએલા કાગળો વાંચી તેપર અલામત કરતા, બીજા કાગળોમાં નજર કરતા તે એટલી હદ સુધી કે કેટલીક વખત તો મગરીબનો વખત થઇ જતો. ફકત પાંચ મિનીટ હોય અને આપ ઉઠી વુઝુ કરતા, રાતે જમણ બાદ ૧૧ થી ૧૨ વાગ્યા સુધી કિતાબોનો મુતાલો કરતા અને રાતોમાં ખુદાની ઇબાદતમાં મશગુલ રહેતા. આરામ તો નામનોજ કરતા.

આપના વખતમાં કોમમાં અનેક જાતના સુધારાઓ થયા છે, જે તે બધું લખીએ તો આ કિતાબ ઘણો મોટો થાય, જેથી અત્રે આપેલ નથી પણ એક જરૂરી અને બેહદ વખાણવાલાયક સુધારો **હુદૈય્યતના મરતબા** વિષેનો થયો. આ હદિય્યતનો રૂતબો પાછલા ૪૦ વર્ષ થયાં જે માગ્યા મુજબ મલતો હતો ને હરકોઇ જાહેલ (થોડું જાણનાર) સહેલાઇથી લઈ શકતો હતો તે પર મોલાના બદરૂદ્દીન સાહેબે પૂરતો અંકુશ રાખ્યો. કેટલાક તવંગરોએ હજારો રૂપિયાથી આપની ખીજમત કરી, કેટલાક વગવાળાઓએ મોટી

સીફારસો. ઉપયોગમાં લઈ મજકુર મરતબા મેળવવા કોશિષ કીધી પણ તે સર્વે લાયકાત વગરના નાઉમેદજ રહ્યા એટલુંજ નહિ પણ આપ સૈયદનાએ તેવી સીફારસ કે દોલતની જરાપણ દરકાર કરી નહિ ને લાયકનેજ દીની મરતબો આપવાનું વધારે પસંદ કર્યું. સૈયદના બુરહાનુદ્દીન સાહેબની ૧૫ વરસની શાહી દરમ્યાન ઘણા મશાએખો થયા હતા પણ આપ સૈયદનાના નવ વરસના અમલ દરમ્યાન જુજ લીયાકત ધરાવનારાને હદીયતના રૂતબા આપવામાં આવ્યા. તે સાહેબોમાંના એક આપના ભત્રિજા જનાબ **ભાઈસાહેબ અબ્દુલકય્યુમ બીન જનાબ ભાઈસાહેબ શેખ આદમ ઝીયાઉદ્દીન** સાહેબ પણ છે. આપ મોલાએ તે સાહેબને દીની એહકામમાં નીકાહ સંબંધીનો કારોબાર સુપ્રત કીધો હતો. આપના વખતમાં નીકાહમાં ચોકસાઇ વાસ્તે ફારમો છપાયાં અને તેમાં સુધારો થયો, તે પણ મજકુર સાહેબની બાહોશીના સબબેજ. આ સાહેબની દુરઅંદેશી ને ચાલાકીના સબબ કેટલાક નાના મોટા ઝઘડાઓના ફેંસલાઓ થયા હતા. સૈયદના બુરહાનુદ્દીન સાહેબના ઝમાનમાં હદિયતના રૂતબા ઘણા છુટથી અપાતા હતા તે મોલાના બદરૂદ્દીન સાહેબને પસંદ નહોતું, પણ વખતને ગનીમત જાણી તે વખત આપ ચુપ રહેતા. પરંતુ આપના હાથમાં દાઅવતની લગામ આવ્યા બાદ જે મરતબાઓ છુટથી અપાતા હતા તે સદંતર બંધ થયા તેમ આપની જનાબમાં તેવી બાબતોમાં કોઈની લાગવગ કે ચાપલુસી કામ આવી નહિ.

આપ સૈયદનાએ હિન્દુસ્તાનના જુદા જુદા ભાગોમાં સફર કરી મોમિનીનને આપના દીદારથી સેરાબ કીધા તા. ૮ મી એપ્રીલ ૧૯૦૬ ના રોજ આપ મુંબઇ તશરીફ લઇ ગયા ત્યાં આપ નામદારને ભારે આવકાર આપવામાં આવ્યો હતો. સને ૧૯૦૭ ના ફેબ્રુઆરીમાં આપ કપડવંજ, વાડાસીનોર અને ઉમરેઠ તરફ થઈ કાઠીયાવાડ તરફ તશરીફ લઇ ગયા હતા અને ધ્રાંગધ્રા, હળવદ, કચ્છ–માંડવી, જામનગર, રાજકોટ, મોરબી, અમદાવાદ વિગેરે ઠેકાણે થઇ આપ તા ૩૦ મી જુલાઇએ પાછા સુરત પધાર્યા હતા. મજકુર સફર દરમ્યાન રાજકોટમાં મુકામ હતો ત્યારે આપને ત્યાંની હવા ઘણી માફક આવી હતી તે સબબ બે દિવસ વધારે રોકાયા હતા. કાઠીયાવાડની સ્થિતીને આપ બરાબર જાણતા હતા. બાદ ૧૯૦૮ માં આપ દાહોદ પધાર્યા ને તે બાદ ત્યાંથી ૧૯૦૮ ના માર્ચ મહિનામાં વઢવાણ, ધોરાજી ને ભાવનગર થઇ તા. ૧ લી એપ્રીલના દિવસે આપ સુરત પધાર્યા. મજકુર સાલના સપટેમ્બર માસમાં સુરતમાં નવાબ સાહેબે આપ જનાબને એક દબદબા ભરેલો મેળાવડો કરી પૂરતા માન સાથે ઝીયાફત આપી હતી. તા ૧ લી સપટેમ્બર ૧૯૦૮ ના રોજ આપે સુરતમાં **"મસ્કતી ડીસ્પેન્સરી"** ના મકાન અને દવાખાનાનો પાયો નાખવાની ક્રીયા કીધી હતી.

હીજરી ૧૩૨૮ ના સફર મહિનામાં આપને ટાઇફોડ નામનો તાવ લાગુ પડ્યો હતો તેથી આપને ઘણીજ અશકિત આવી ગઇ તે વખતે આપને નાઉમેદી જણાઈ પણ ખુદા-તઆલાએ આપને તે બિમારી દુર કરી ને સેહત (તંદુરસ્તી) આપી. તે બાદ શાબાન મહિનામાં કુટુંબમાં બચ્ચાંઓનો શાદીનો ખરાદો કરી પરણાવી આપ્યાં.

આપે દીવાન તરીકે શેખ અલીમહમદને કાયમ કર્યા હતા. આ સાહેબ ઘણાજ ભલા ને માયાળુ હતા. આપ મોલાના પાસે કોઈ ભાઇ દાદ કે ઇન્સાફ માટે આવતા તો

પહેલાં દીવાનજીજ સલાહ લેતા અને મજકુર સાહેબ પણ નેક નિય્યતથી દરેકના કામોને સહેલ કરી આપતા, અને આપના ફરઝંદ ફઝલ ભાઈસાહેબ જે પહેલાં ફઝલભાઇ હકીમુદ્દીનના નીચે બેસતા તેમને રાસુલહુદુદ બનાવ્યા. અને આપે વજીફાઓનો પુરતો બંદોબસ્ત કર્યો.

જોકે આપ ઝઇફ ઉમરના હતા પણ તજરૂબાકાર હતા અને દરેકથી એવી રીતે કામ લેતા કે જાહેરમાં કોઇ વખત ફસાદ ન થયો. આ કામમાં આપને સૈયદી અબ્દેઅલી મોહિયુદ્દીન સાહેબનો પૂરતો સાથ હતો, આ સાહેબ પણ સુલેહ પસંદ હતા.

આપ સૈયદનાની બાજુ સૈયદી મોહિયુદ્દીન સાહેબના વફાત બાદ આપસમાં કેટલોક અંટસ જોવામાં આવતો હતો, પણ આપ સૈયદના પુખ્ત ઉમરના ને તજરૂબાકાર હોવાના સબબ બધું નીભાવી લેતા ને અસંતોષને દબાવી દેતા.

મદ્રસાઓને મદદ ને છુટ.

આપ ઇલમના પુરા ચાહક હતા તેથી ઇલમ લેનારાઓને પુરતી હોંશ બતાવતા અને ઇલ્મ આપવા માટે દરેક જગ્યા પર મદ્રસાઓ ખોલવાની તાકીદ કરતા તેમજ મદ્રસાઓ ચલાવવા માટે દરેક શહેરના રહીસોને કહેવામાં આવ્યું હતું અને મોટા શહેરોમાં ત્યાંના સમજદાર ભાઇઓની કમિટી નીમી તેનો કારોબાર તેઓને સુપ્રત કરવામાં આવ્યો હતો. જે સબબ ઘણા શહેરોના મદ્રસાઓ સારી પાયરીપર ચાલવા લાગ્યા હતા, અને આપ સૈયદના તો ઉપરની દેખરેખ રાખતા. મદ્રસાનો નિભાવ, આવક જાવક તેમજ મદ્રસા ચલાવવાની દરેક સત્તા ત્યાંના રહીશો પાસેજ રહેતી, જે સબબ તે વખતમાં ઘણા મદ્રસાઓ સારી તાઅલીમ આપતા થયા હતા.

ઇસવી ૧૯૦૯ માં આપે મોહર્રમ ગોધરામાં ગુજર્યા. બાદ આપ લુણાવાડા પધાર્યા ત્યાંથી મંદસોર પધાર્યા, મંદસોરમાં આપે મદ્રસાના આલીશાન મકાનનો પાયો નાખ્યો ને બુરહાનપુરમાં મદ્રેસા ફેરીને મદદ માટે ફંડ એકઠું કરવાની સુચના કરી અને આપની કોશિષના સબબ સુરતવાળા મુછાળા શેઠ તરફથી **બુરહાનપુરના મદ્રસા હકીમીયાને** રૂા. ૫૧,૦૦૦) એકાવન હજારની નાદીર રકમની ભેટ આપવામાં આવી.

બુરહાનપુરનો મદ્રેસા હકીમીયા સારી રીતે ચાલુ હતો, તેને આપે પણ ઘણી સારી મદદ કરી, તે વખતે વાઇસ પ્રેસિડેન્ટ તરીકે કયુમ ભાઈસાહેબ ઝીયાઉદ્દીન સાહેબ નીમાયા હતા, કેટલાક વખત પછી આ મદ્રસા હકીમીયાની કારોબારી કમિટીમાં મતભેદ થયો જેથી તે વખતની કમિટીમાંથી અમુક સાહેબોએ રાજીનામા આપી દીધા અને કેટલાક સાહેબોના સહકારથી આ મદ્રસો હાલ મક્કમતાથી સારી રીતે કામ કરી રહેલ છે.

૧૯૦૯ ના ફેબ્રુઆરીમાં આપ લુણાવાડા પધાર્યા હતા અને ત્યાંથી સુંથરામપુર થઈ ગલીયાકોટ પધાર્યા હતા અને ત્યાંથી તા. ૧૨–૩–૧૯૦૯ ના રોજ આપ પાછા સુરત પધાર્યા હતા. ૧૯૦૯ ના મે મહિનામાં આપ દાહોદ, મંદસોર અને રતલામ ખાતે તશરીફ લઈ ગયા હતા, તે વખતે જુદા જુદા ખાતાઓ અને મદ્રસાઓની સ્થાપના થઈ હતી, તે વખતેજ મંદસોરમાં મદ્રસ–એ–મોહમ્મદીયાહની સ્થાપના થઈ હતી કે જે મદ્રેસો સારી

તરફથી પહોંચ્યો હતો. ત્યાંથી આપ નીમચ, રામપુરા વિગેરે ઠેકાણે થઇ સુરત પધાર્યા હતા, ૧૯૦૯ ના અકટોબર માસમાં આપ દેવલાલી ગયા હતા અને ત્યાંથી નાસક પધારી ત્યાંના જાણીતા કુટુંબમાંનો ફીસાદ મટાડી સંપ કરાવ્યો હતો.

૧૯૧૦ માં આપ ખાનસાહેબ શેઠ નઝરઅલી કમરૂદ્દીન મુનીરૂદ્દીન કે જે સાહેબની સખાવત મશહુર છે અને માળવા જીલ્લામાં કઈક ગરીબ ભાઇઓની ખબર મવસુફ શેઠ લેતા, તેમ પોતાની મીલની નોકરીમાં પણ ખાસ પોતાની કોમના માણસોની પસંદગી રહેતી તે સાહેબ તથા તેના ભાઇઓ ફતેહઅલી તથા અબ્દુલકરીમભાઇને ત્યાં શાદીના હંગામપર પધાર્યા હતા. ત્યાંથી આપે ઇન્દોર થઇ ડીસેમ્બર માસમાં સર આદમજી પીરભાઇએ પોતાની રેલવેમાં કદમ કરાવી પોતાના માથારેનના બંગલામાં ખાસ ઉતારો આપ્યો હતો. સર આદમજી પીરભાઇએ તે વખતે પોતાના મહેમાનોની બની શકે તેટલી ખિદમત કીધી હતી અને ૧૯૧૧ ના એપ્રિલ માસમાં આપ કરાંચી, રાવલપીંડી, શાહજહાંપુર, દિલ્હી, જયપુર તથા કોટા તરફ પધાર્યા હતા તે બાજુના મોમિનોએ આપનો સારી રીતે આદર સત્કાર કર્યો હતો. તે બાદ અકટોમ્બરમાં નવસારી પાસે માયસાળ પધાર્યા હતા ત્યાંથી ૧૯૧૨ માં ખંભાત પધાર્યા ને ત્યાંથી આપ મુંબઇ પધાર્યા.

મુંબઇમાં બદરી મહેલ ખુલ્લો મુકાયો.

ઇસ્વી તા. ૧૫-૨-૧૯૧૩ માં આપ મુંબઇ પધાર્યા. કોમે આપનો સારો સત્કાર કર્યો ને કોટમાં બદરી મહેલ જે રૂા. પાંચ લાખના ખર્ચે રઈસુલઆજમ એમ. એમ. ઇસાભાઇ તથા મેસર્સ ઇસુફઅલી મહમદઅલી બંદુકવાલાની પેઢીએ મોટી રકમ આપી બંધાવી આપેલ તે ખુલ્લો મુકવાની ક્રીયા આપ નામદારના હાથપર થઇ. આ વખતે મુંબઇમાં આમીલ તરીકે નોમાન ભાઇસાહેબ હતા, જે સાહેબે આ બદરી મહેલના ખર્ચ માટે તુટતા રૂપિયાના ફાળા માટે સારી મહેનત કરી હતી.

તે બાદ ઇસ્વી ૧૯૧૩ ના આખરમાં આપ સિદ્ધપુર પધાર્યા, ત્યાં આપને સૈયદી માજુન ભાઇસાહેબ દાઉદભાઇ સાહેબની બિમારીના ખબર મળ્યા કે તરતજ આપ સુરત પધાર્યા અને ત્યાંથી પાછા ફરતાં અમદાવાદ ખાતેનું જુનું મુસાફરખાનું તોડી તેની જગ્યાપર નવું થયેલું મુસાફરખાનું ખુલ્લું મુકયું ને ફેબ્રુઆરી ૧૯૧૪ માં આપ કપડવંજ પધાર્યા. કપડવંજમાં કેંટાના ઝઘડાએ કોમમાં મોટો ખડભડાટ મચાવી મુકયો હતો, તેને અંગે કોર્ટમાં કેસ પણ થયો હતો તેમજ કપડવંજના આમીલપર બે ચાર કેસો પણ થયા હતા. એ બનાવથી મોલાનાને ઘણો રંજ હતો પણ પાછળથી આપના વખતમાંજ તે ઝઘડાનું સમાધાન થઈ ગયું હતું. તે પછી આપ કપડવંજથી સુરત તશરીફ લઈ ગયા.

"સરદાર" નો ઇલ્કાબ.

નામદાર ઇંગ્રેજ સરકાર તરફથી આપને દખણના પહેલા વર્ગના "સરદાર" નો ખેતાબ આપવામાં આવ્યો હતો અને આપને દીવાની કોર્ટમાં હાજરી આપવામાંથી મુકત કીધા હતા. જે સબબ અંગ્રેજ સલ્તનત તરફ વફાદાર રહેવા અને તેમના હકમાં દોઆ

કરવા આપ વખતો વખત ફરમાવતા. આપના વખતમાં યમન (અરબસ્તાન) ના મુમેનોપર બે આફત આવી હતી. દુકાળ અને ઝેદી ઇમામ તરફનો ઝુલમ. તેઓને દાઅવતના ખઝાનામાંથી અનાજ તેમજ બીજી જરૂરી મદદ પહોંચાડવાની કોશિષ કરી હતી. મરહુમ સર આદમજી પીરભાઇની મદદના સાથે મુંબઇના તાજીયાના ફસાદની જડને કાપનાર પણ આપની હિમ્મત ને દુરઅંદેશીનો સબબજ હતો, તે ઝઘડામાં ઘણા મોટા મોટાઓએ અનેક રીતે વિઘ્નમાં વધારો કરવાની કોશિષ કરી હતી, પણ આપની સઆદતના સબબ કુદરતે તે સર્વેની ચાલબાજીને ઉંધી વાળી દીધી હતી. આપના ઝમાનમાં મોટા મોટા સરદારો અને હુદુદોના ઇન્તેકાલથી દાઅવતમાં મોટી ખોટ પડી હતી. અને આપના મોટા ભાઈ જનાબ ભાઇસાહેબ અબ્દેઅલી મોહીયુદ્દીન સાહેબ વફાત થયા તેથી આપને દુનિયા કડવી થઈ ગઈ.

સર આદમજી પીરભાઈની વફાત.

August 13, 1913

આપના વખતમાં હીજરી ૧૩૩૧ માહે રમઝાનની તા. ૧૦ મીએ આપના નેક બેટા "રઈયુદ્દીન" "હિન્દના હીરા" સર આદમજી પીરભાઈ વફાત થયા. આ વફાતથી આપ સૈયદનાને ઘણોજ ગમ થયો. તુરતજ આપ સર આદમજી પીરભાઈના વાલકેશ્વરના બંગલે પધાર્યા ને આપે પોતે પાસે રહી કફન-દફનની ક્રીયા કરાવી. સર આદમજી પીરભાઈની પાયદસ્તમાં હજારો લોકોએ ભાગ લીધો હતો એટલુંજ નહિ પણ આપ સૈયદના બદરૂદ્દીન સાહેબ પણ પધાર્યા હતા ને તેમને પોતાની સેનેટોરીયમની મસજીદના સેહનમાં દફન કરવામાં આવ્યા. આપ સૈયદનાએ મરહુમની કબર પાસે ઉભા રહી તથા ખુદનો દુપટો ઇનાયત કરી સર્વ ક્રીયા આપની હાજરીમાં કરાવી. તે બાદ આપ મરહુમના ચાલીસમા સુધી મુંબઇમાં રહ્યા અને આપેજ તેમના વાલીઓને મરહુમની કબરપર છતર બનાવવાનું ફરમાવ્યું, જે મુજબ સરના બેટાઓએ તે કબર મુબારકપર છતર બનાવી.

આપ સૈયદનાની ઝબરી વધવા લાગી, જેથી આપે ચાહ્યું કે, તૈયબભાઇ સાહેબને પોતાના જનશીન બનાવે પણ ભાઇસાહેબ તૈયબભાઇ સાહેબે ઉઝર પેશ કર્યો અને કહ્યું કે, "મારી તબિયત કાકાજી સાહેબ અબ્દેઅલી મોહિયુદ્દીન જેવીજ છે, જેથી આપ મારા નાહના ભાઇને મુનતખબ કરીએ" જ્યારે નાના ભાઇએ આ ખબર સાંભળી ત્યારે તેઓ ખુશ થયા ને કેટલાકોને બક્ષિસો પણ આપી.

આપ સૈયદનાની તબિયત નરમ રહ્યાજ કરતી હતી તથા સૈયદી દાઉદભાઇ સાહેબની તબિયત પણ નરમ રહેતી હતી તેથી તે વર્ષના મોહર્રમની વાએઝ માટે સૈયદી તૈયબભાઇ સાહેબને અમર થયો, તેમની વાએઝ લોકોને ઘણીજ પસંદ પડી, તે ખબર આપ સૈયદનાને કાને આવી તેથી આપ ઘણાજ ખુશ થયા. તે બાદ આપે આપના મનસુબ તરીકે મુકાસીર સૈયદી તૈયબભાઈ સાહેબ બીન સૈયદના મહમદ બુરહાનુદ્દીનને કાયમ કીધા.

મુકાસીર સૈયદી તૈયબભાઈ સાહેબની વફાત.

મુકાસીર સૈયદી તૈયબભાઈ સાહેબ, શેખ અબ્દુલકાદર ઇબ્ને ઇસાભાઇ મોટાભાઇના જનાઝાની નમાઝ પઢાવવા નવાપુરાની મસજીદમાં પધાર્યા. ઘરથી નીકળતી વખત આપે ફક્ત દુધનો પ્યાલો લીધો હતો. નમાઝથી ફારેગ થઈ મસજીદના દરવાજાપર આવ્યા ત્યાં આપને

એક જોરદાર ઉલટી થઇ. તે બાદ આપ ઘર તરફ પધાર્યા. બીજી ઉલટી થઈ, ડાકટર તૈયબભાઇ આવ્યા દવા મંગાવી. દવા આવે તે પહેલાં આપ તા. ૧૦ મી સફર હીજરી ૧૩૩૩ ના રોજ અચાનક ઇન્તેકાલ કરી ગયા.

ભોપાલનો કજીઓ.

આપના વખતમાં ભોપાલમાં મસ્જીદની ખટપટ સબબ શીયા અને સુન્નીઓ વચ્ચે કજીઓ થયો હતો તે સંબંધી અદાલતમાં કામ ચાલતું હતું. પાછળથી આ કજીઆએ બહુ મોટું રૂપ પકડ્યું ને મારામારી થઈ તેમાં ઘણું નુકશાન થયું. આ મારામારીમાં આપણા ભાઇઓને ઘણું નુકશાન થયું, ઉપરાંત કેટલાક ભાઇઓને શક બદલ હેરાન કર્યા. આ વખતે ભોપાલના બેગમ સાહેબ મુંબઇમાં હતા, તે કજીઆની ખબર બેગમ સાહેબને પડી કે તરતજ તે ભોપાલ ગયા. મોમિન ભાઇઓ ઘણાજ દુઃખી હાલતમાં હતા, ખુદા સિવાય બીજી કોઈ મદદની આશા નહોતી, તેવા વખતમાં આપે ભાઇઓને સંતોષ રાખવાનું કહ્યું, પણ અપણા ભાઇઓથી મુસિબત સહન ન થવાથી તથા રાજ્યની સતામણીથી વતન મુકી બેવતન થયા અને પુરતો ન્યાય ને બદલો મળે ત્યારેજ વતન પાછા ફરવાનો નિશ્ચય કર્યો. ન્યાય માટે તેઓની નજર ઘણી દરાજ થઇ, કોઇ શેકને કે વાલીને કંઈ સુઝ ન પડી, તેવા વખતમાં સર આદમજી પીરભાઇના સાહેબઝાદાઓ મુમેનીનને ન્યાય અપાવવા મેદાને પડયા. તેઓએ આ કેસમાં ખૂબ જહેમત ઉઠાવી તેમાં અદાલત મારફત થયેલ ખર્ચ અને પુરતા બદલા સહિત ઈનસાફ મળ્યો સરના સાહેબઝાદાઓને આ રીતે જશ મળ્યો તેથી કેટલાક ધર્માંધોરોને તે ન ગમ્યું તેથી તેઓએ સરના બેટાઓને પાછા પાડવાના ઇરાદાથી તેમની વિરૂદ્ધતા શરૂ કરી. (આ કેસનો ફેંસલ સૈયદના વ. મોલાના તાહેર સૈફુદ્દીન સાહેબના ઝમાનમાં થયો, તેમાં ન્યાયખાતા તરફથી મોમિન ભાઇઓને થયેલ નુકસાની ભરપાઈ થવાનો હુકમ થયો હતો, પણ પાછળથી રાજ્ય મારફત મોલાનાને સમજાવવામાં આવ્યા ને કોર્ટે અપાવેલ નુકસાની જતી કરી મોમિન ભાઇઓને પોતાના વતન જવા માટે ફરમાવ્યું). વધુ વિગત જાણવા માટે જુઓ ભોપાલ કેસની બુક.

આપ સૈયદનાની તબિયત નરમ રહ્યા કરતી હતી. જનાબ અબ્દેઅલી મોહિયુદ્દીન સાહેબના વફાત બાદ સફર મહિનાની તા. ૧૦ મીના જનાબ મુકાસીર સાહેબ ભાઇસાહેબ તૈયબભાઈ સાહેબ ઝૈનુદ્દીન સાહેબ ભર જવાન વયે એકાએક વફાત થવાથી આપ સૈયદનાને એવો તો રંજ થયો કે તે બાદ આપ કોઈ વખત હસતે ચહેરે જોવામાં આવ્યા નહોતા. આપ જીંદગીથી નાઉમેદ થઈ ગયા હતા અને હાર્ટ (જીગર)નું દરદ લાગુ પડી ગયું હતું. તે સાથે બેચેની વધવા લાગી એટલે આપ સૈયદનાએ દાઅવતનો કારોબાર સૈયદના વ મોલાના બુરહાનુદ્દીન સાહેબના બીજા શાહજાદા જનાબ ભાઇસાહેબ તાહેરભાઈ સૈફુદ્દીન સાહેબને તા. ૨૮ મી સફરના રોજ સોંપ્યો. આ બિમારી અને નાતવાનીમાં પણ આપને ભોપાલના મોમિનીનની આફતનો રંજ દિલપર બેહદ હતો. હમેશાં દિવસમાં બે ત્રણ વખત ભોપાલની બાબદ પુછપરછ કરતા હતા એક મહિના બાદ એટલે હી૰ ૧૩૩૩ તા. ૧૦ મી રબીઉલ અવ્વલના રોજ ફજરમાં ૪ વાગે તેજ ગમમાં આપ આ જહાનેફાનીથી આલમે બકાની તરફ કુચ કરી ગયા. આપનું મઝાર સુરતમાં છે. આપનો લકબ બદરૂદ્દીન છે. ક. ૩.

૫૧. સૈયદના વ મૌલાના અબુ મોહમ્મદ તાહેર સૈફુદ્દીન બીન સૈયદના વ મૌલાના મહમદ બુરહાનુદ્દીન સાહેબ ત. ઉ.

સૈયદના અબ્દુલ્લાહ બદરૂદ્દીન સાહેબના વફાત બાદ દાઅવતે હાદીયાહની મસનદપર આપ સૈયદના તા. ૪ થી જમાદીઉલ અવ્વલ હી. ૧૩૩૩ ના રોજ બિરાજ્યા અને ઇમામીઝમાનની સાલગ્રેહના મુબારક દિવસે આપે શાનદાર મજલીસ ભરી. તેમાં ફલોલ, અતર, ગુલાબ, પાન વિગેરે છુટથી આપવામાં આવ્યા હતા.

આ ખુશાલીની મજલીસ વખતે બેન્ડ વિગેરે હાજર રાખવામાં આવ્યું હતું તથા મુંબઇના ભાઇઓ સેંકડોની સંખ્યા આ જશનમાં ભાગ લેવા તથા શાબેરો—સમંદર, સીકંદર, જવહર કેસર, ગદનફર વગેરે આપની મદદે લશ્ક હાજર થયા હતા અને જશનની મેહફીલમાં પુર અવાજથી મદેહો પઢાઇ હતી તેમજ સુરતમાંના કુલ તલબતોએ પણ પોતાની હેસીયત મુજબ અરબીમાં મુબારકબાદીના કસીદા પઢયા હતા. આ જશનની ખુશીમાં આપ મૌલાએ કુલ ભાઇસાહેબો તથા તલબતો તથા જાણીતા રહીશોને એક દસ્તરખા ભરેલી મીજવાની દુમસ ખાતે આપી હતી અને લગભગ ૩–૪ દીવસની મહેલ કરાવી દરેકને આવવા જવા માટે પુરતો બંદોબસ્ત કર્યો હતો.

આપ નામદારના હાથ મુબારકપર દાઅવતનો કારોબાર આવ્યો ત્યારથી એટલે તા. ૪ જમાદીઉલ અવ્વલ હી. ૧૩૩૩ થી ૧૩૫૬ સુધીના તેવીસ વર્ષ દરમ્યાન ઘણા જાણવા જોગ અગત્યના બનાવો બનેલા છે. આ બધા ઇતિહાસીક બનાવો મોમિનીન ભાઇઓને ખાસ જાણવા જેવા છે તે બયાનોનું અમો અત્રે થોડું થોડું વર્ણન કરીએ તોપણ આ પુસ્તક ઘણુંજ મોટું થાય છે જેથી તે બયાન અત્રે આપ્યું નથી પરંતુ આપ મોલાનાના વખતમાં બનેલા બયાનોના વિગતવાર એહવાલની નજદીકમાં જુદી બુક છપાઈ બહાર પડે એવી પાક પરવરદીગાર પાસે દોઆ છે.

આપ સૈયદના શેખ જીવણજી બીન શેખ દાઉદ સાહેબ જેવણ બુરહાનપુરમાં સુતેલા છે અને જે સાહેબે દાઅવતની અઝહદ ખીદમત કરી છે તેના બદલામાં ખુદાતઆલાએ તેમની નસલમાં હદીયતનું નુર જારી કીધું. આપ સૈયદના પણ તેજ નસલના છે. જે સાહેબનો શજરો છેલ્લે આપવામાં આવેલ છે.:—

આ અખબારૂદ-દોઆતિલ અકરમીન. ખુદાતઆલાની મદદ, કોશીશ ને પુરી તાકાત સાથે મોઅતેબર કીતાબોમાંથી ચુંટી કાઢેલ છે. આ કિતાબ છાપવા બદલ ખુદાતઆલા પાસે સવાબ ને જન્નતી નજાતીનો સવાલ કરૂં છું. અને કયામતના દીવસે અઝાબના છુટકારા માટે ખુદાતઆલાના અવલીયાઓની શફાઅતનો સવાલ કરૂં છું.

આ કિતાબના ઉતારામાં કોઈ ભુલ, વધારો, ઘટારો કે રીવાયતની હેરફેર હોય તો તે બદલ ખુદા પાસે તેવી ભુલોની કે ઇરિયાત (બેફરમાની) ની માફીની ઉમેદ રાખું છું. અને તે પાક પરવરદીગારનો હમ્દ (વખાણ) કરૂં છું કે જે ખુદા દરેક જગ્યા પર જાહેર છે, મોજુદ છે, અને શહાદત દઉ છું કે તે ખુદા સિવાય બીજો કોઈ ખુદા નથી. તેજ શહાદતથી દુન્યામાં ને આખેરતમાં તેની જીત છે. તેજ નજાતી ને અમાનનો સાહેબ છે, અને તે બાદ ખુદાના છેલ્લા નબી મોહમ્મદુલ મુસ્તફા અને તેના વસી અલી બંન્ને ઉપર તાલીમ તથા તે બન્નેની પાક ઇતરતપર સલવાત અને સલામ પઢું છું કે જેઓ ખુદાતઆલાના ખાલીસ બંદાઓ છે, અને તે ખુદાની ઝમીનનાં પાક બંદાઓ છે તેઓ ઉપર જ્યાં સુધી દીવસ રોશનીદાર થાય ત્યાં સુધી સલવાત ચાલુ રહે. વસ્સલામ.

શેખ જીવણજી (વકાત જીજદી ૧૨૦૬ મુરશાનપુર) બીન શેખ દાઉદ ક. કે. ની નસલનો ગાજરો.

મખ્યાઝ્દ-દોઆતિલ અકરમીન. ખુદાતઆલાની મદદ, ાકાત સાથે મોઅતેબર કીતાબોમાંથી ચુંટી કાઢેલ છે. આ લ ખુદાતઆલા પાસે સવાબ ને જન્નની નજાતીનો સવાલ મતના દીવસે અઝાબના છુટકારા માટે ખુદાતઆલાના ાઅતનો સવાલ કરૂં છું.

તારામાં કોઈ ભુલ, ચઢાશે, ઘટાડો કે રીવાયતની અદલ ખુદા પાસે તેવી ભુલોની કે ઇસ્યાન (બેકરમાની) ાંખું છું. અને તે પાક પરવરદીગારનો હમ્દ (વખાણ) દરેક જગ્યા પર જાહેર છે, મોજુદ છે, અને શહાદત સવાય બીજો કોઈ ખુદા નથી. તેજ શહાદતથી દુન્યામાં ને ત છે. તેજ નજાતી ને અમાનનો સાહેબ છે, અને તે બાદ મોહમ્મદલ મુસ્તફા અને તેના વસી અલી બન્ને બાબી ની પાક ઇતરતપર સલવાત અને સલામ પઢું છું કે આલીસ બંદાઓ છે, અને તે ખુદાની ઝમીનનાં પાક ર જ્યાં સુધી દીવસ રોશનીદાર થાય ત્યાં સુધી સલ્લામ.

શેખ જીવણજી (વફાત હીજરી ૧૨૦૬ મુરઘાનપુર) બીન શેખ દાઉદ ક. ૩. ની નસ્લનો શજરો.

- સૈ. તૈયબ ઝૈનુદ્દીન, (૪૫ મા દાઈ) (૧૨૩૬–૧૨૫૬.)
  - સૈયદી ધમ્માધજ્જ, મા (૪૮–૪૯મા દાઇના માઝુન)
    - સૈયદના હુમામુદ્દીન મા. (૪૮ મા દાઈ) (૧૩૦૨-૧૩૦૮.)
      - સૈ. અબ્દુલ્લાહ નજમુદ્દીન મા. (૪૭ મા દાઇ) (૧૨૫૬–૧૩૦૨.)
        - સૈયદી દાઉદભાઇ સાહેબ, શહાબુદ્દીન (૪૯–૫૦-૫૧ મા દાઇના માઝુન)
        - સૈયદી મરહાકલાભાઇ સાહેબ, (૫૧ મા દાઇના મુકાસીર)
        - સૈ. અબ્દુલ્લાહ સાહેબ, મોહીયુદ્દીન. (૫૦ મા દાઈ ૧૩૨૮–૧૩૩૩.)
          - સૈ. મહમદ બુરહાનુદ્દીન મા. (૪૯મા દાઇ ૧૩૦૮-૧૩૨૩)
            - હુસેનભાઈ ઝકરીયુદ્દીન.
              - અકબરભાઇ, વઝીહુદ્દીન
              - નોબ્બમાનભાઈ આદેહભાઇ અબ્દુલ્લાહ ઝકરીયુદ્દીન
            - હસનભાઈ ઝકરીયુદ્દીન.
          - સૈયદી ફઝલભાઇ સાહેબ, (૫૧ મા દાઇના માઝુન.)
            - અબ્દુલ્લાહ હકરીમુદ્દીન.
            - તૈયબ ઝૈનુદ્દીન.
              - તાહેરભાઈ સૈફુદ્દીન.
                - હાજીભાઈ બદ્રુદ્દીન
                - વઝીહુદ્દીન
              - હુસેનભાઈ. તૈયબભાઇ. અબ્દુલ્લાહસેના.
            - કયુમભાઇ મા. કાદરભાઇ મા.
        - શેખ આદમભાઇ મા. (૫૩ મા દાઇ) શીયાઉદ્દીન. જમાલુદ્દીન.
          - સૈ. તૈયબભાઇ સૈફુદ્દીન.
            - હાજીભાઈ બદ્રુદ્દીન
            - વઝીહુદ્દીન
          - અલીભાઇ. (સૈ. તા. સૈ.ના ભેરૂ.)
          - શમશુદ્દીનભાઈ
            - ૧ મોહમ્મદભાઈ શુ. મનસુખ
            - ૨ અસમાભાઇ સાહેબ
            - ૩ હુસૈનભાઇ સાહેબ (હુસેનભાઇ બીનતે બીબીસાહેબ સુફીયાનીના ગોદથી)
          - ૪ તૈયબભાઇ સાહેબ
            - ૫ દમિમાહિબાઈ સાહેબ (વઝીહા બાઇ બીનતે હબીબીભાઇ સાહેબ વજીહુદ્દીના ગોદથી)
          - ૬ કાતેમાભાઇ સા. ૭ શમ્બીરભાઇ સા. ૮ ઝોહરાબાઈ સા. (અમીના બીનતે અબ્દુલ્લાહ સાહેબ સુફરીના ગોદથી)
          - ૧૨ યુસુફ ભાઇસા. ૧૩ અલીબાગર ૧૪ કાસીમભાઇ સા. ૧૫ મરયમ બા. ૧૬ ઝૈનબા ૧૭ સકીનાબાઈ સાહેબ વફાત થયા (ફાતમબાઇ હમદાનીના ગોદથી)

:—સૈયદી શેખ જીવણજીના કુટુંબમાંથી સાત દાઇઓ થયા, જે ઉપરના કોઠા ઉપરથી જણાશે.

NOT TO BE ISSUED

2-3-82

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

NOT TO BE ISSUED

SHML
G9299

G. 9299.
M.H.V.

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

7BP
195
.I8A5

G. 9299